॥ ચરમતીર્થંકર શ્રી મહાવીરસ્વામીને નમઃ ॥

॥ શ્રી ભદ્ર-વિલાસ-ૐકાર-અરવિંદ-યશોવિજય-જિનચન્દ્ર સદ્ગુરુભ્યો નમોઃ ॥

આચાર્ય શ્રીૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ મૌક્તિક : ૨૯

# જૈન
# સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ
## ભાગ-૩

### (ખંડ-૩)
દાર્શનિક સાહિત્ય


–: પ્રણેતા :–

**હીરાલાલ રસિકદાસ કાપડિયા**

•

–: સંપાદક :–

**આચાર્ય શ્રી વિજય મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. સા.**


•


–: પ્રકાશક :–

**આચાર્ય શ્રી ૐકારસૂરિજ્ઞાનમંદિર**

**ગોપીપુરા, સૂરત.**

**JAIN SANSKRIT SAHITYANO ITIHAS**
**VOLUME II**
**Author :**
**KAPADIA HIRALAL RASIKLAL**

**Editor :**
**Munichandrasuri M. S.**

–: પ્રકાશક :–
**આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર**
સુભાષચોક, ગોપીપુરા, સૂરત-૩૯૫૦૦૧
ફોન : ૨૪૨૬૫૩૧, ૨૪૦૧૪૬૮
E-Mail : omkarsuri@rediffmail.com

**પ્રાપ્તિસ્થાન**

| | |
|---|---|
| **ૐકાર સાહિત્યનિધિ**<br>**વિજયભદ્રચેરીટેબલ ટ્રસ્ટ**<br>હાઈવે, મુ. ભીલડીયાજી (જિ. બનાસકાંઠા)<br>ફોન : (૦૨૭૪૪) ૨૩૩૧૨૯ | **આચાર્યશ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર**<br>સુભાષચોક, ગોપીપુરા, સૂરત-૩૯૫૦૦૧<br>ફોન : ૨૪૨૬૫૩૧, ૨૪૦૧૪૬૮<br>E-Mail : omkarsuri@rediffmail.com |
| **સરસ્વતી પુસ્તક ભંડાર**<br>હાથીખાના, રતનપોળ અમદાવાદ-૧<br>ફોન : ૨૫૩૫૬૬૯૨ | **સાન્તાક્રુઝ જૈન તપગચ્છ સંઘ**<br>જૈન દેરાસર માર્ગ, સાન્તાક્રુઝ (વેસ્ટ)<br>મુંબઈ-૪૦૦૦૫૪. ફોન : ૨૬૪૯૪૨૩૪ |

કિંમત
રૂ. ૨૫૦-૦૦

પ્રકાશન વર્ષ
વીર સંવત-૨૫૩૦
વિક્રમ સંવત ૨૦૬૦
ઈસ્વીસન ૨૦૦૪

: કમ્પોઝ-પ્રિન્ટીંગ-બાઈન્ડીંગ :
ભરત ગ્રાફીક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ,
રિલીફ રોડ, અમદાવાદ-૧,
ફોન : ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩

AC Shree Omkarsuri Gyan Mandir Granthavali-29

# A HISTORY OF THE JAINA SANSKRIT LITERATURE

**VOLUME III**

Religious Literature work on Philosophy etc.

By

**Hiralal Rasikdas Kapadia** [M. A.]

Formely Lecturer in Mathematics and subsequently Professor of Ardhamagadhi and University Teacher For Ph. D. in Ardhamagadhi

Editor by :

**Ac Vijay Munichandrasuri**

Published by :

***Acharya Omkarsuri Gyan Mandir - Surat.***

# પ્રકાશકીય

"જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ" ભાગ– ૧,૨,૩ ડૉ. **હીરાલાલ કાપડિયાએ** તૈયાર કર્યા હતા.

આ ત્રણ ભાગોનું પ્રકાશન પૂ. આ. ભ. શ્રી **વિજયપ્રતાપસૂરીશ્વરજી** મ. સા., પૂ. આ. ભ. શ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મ. સા., મુનિપ્રવરશ્રી **યશોવિજયજી** મ. સા. (હાલ પૂ. આ. ભ. શ્રી યશોદેવસૂરિ મ. સા.) ની પ્રેરણા અને માર્ગદર્શન પ્રમાણે **"શ્રી મુક્તિકમલ જૈન મોહનમાલા"** વડોદરા દ્વારા ઈ. સ. ૧૯૫૬, ઈ. સ. ૧૯૬૭ અને ઈ. સ. ૧૯૭૦માં થયું હતું.

ઘણાં વર્ષોથી દુર્લભ બનેલા આ ગ્રંથોનું પુનઃપ્રકાશન કરતાં અમને ઘણો હર્ષ થાય છે.

પૂ. આચાર્ય ભગવંત **શ્રી અરવિન્દસૂરિ મ. સા.**, પૂ. આચાર્ય ભગવંત **શ્રી યશોવિજયસૂરિ મ. સા.** આદિના માર્ગદર્શન મુજબ અમારી ગ્રન્થમાલામાં વિવિધ ગ્રન્થો પ્રગટ થતાં રહે છે.

પ્રસ્તુત ગ્રન્થનું સંપાદન પૂ. આ. ભ. **શ્રી વિજયમુનિચન્દ્રસૂરિ મ. સા.** એ કર્યું છે. તેઓશ્રીએ શ્રી કાપડિયાના લખાણને એ જ પ્રમાણે રહેવા દીધું છે. જ્યાં નવી વિગતો, હકીકતફેર કે સુધારો જરૂરી જણાયો ત્યાં તેઓશ્રીએ ચોરસ કૌંસ [ ] માં સુધારા, ઉમેરા વગેરે મુક્યા છે.

આ પ્રકાશનથી જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ જાણવામાં ઘણી સહાય થશે. અભ્યાસીઓ આ ગ્રંથનો વધુને વધુ ઉપયોગ કરે એ જ અભિલાષા...

આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલિ
આ. ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષચોક, ગોપીપુરા, સૂરત.

**લી.**
**ટ્રસ્ટીગણ**

શ્રી કુન્થુનાથસ્વામિને નમઃ

જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ

ભાગ ૧,૨,૩ના

પ્રકાશનનો સંપૂર્ણ લાભ

**શ્રી શાન્તાક્રુઝ જૈન તપગચ્છ સંઘ**

**જૈન દહેરાસર માર્ગ, શાન્તાક્રુઝ (વેસ્ટ),**

**મુંબઇ-૪૦૦ ૦૫૪. ફોન : ૨૬૪૯૪૨૩૪**

(જ્ઞાનદ્રવ્યમાંથી) લીધો છે.

ધન્યવાદ !

લી. પ્રકાશક.



ડ્ઢ

# સંપાદકીય નિવેદન

'જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ' ભાગ-૩ અનેક વિધ વિગતો જોડવા પૂર્વક પુનઃપ્રકાશિત થઈ રહ્યો છે ત્યારે ઘણો હર્ષ થાય છે.

આ ભાગમાં દર્શન, ન્યાય, યોગ, ચરણકરણ, અનુષ્ઠાન અને મન્ત્ર-તન્ત્ર વિષયક સાહિત્યનો પરિચય આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત ખંડન-મંડન વિષયક ચર્ચા-સાહિત્ય, પ્રાકૃતકૃતિ ઉપરની સંસ્કૃતટીકા, અજૈનગ્રંથો પરના જૈનવિવરણો, ઉત્કીર્ણલેખ વિષયક સાહિત્યનો પણ પરિચય અપાયો છે.

પ્રસ્તુત ભાગમાં પણ અનુલેખ, શુદ્ધિવૃદ્ધિપત્રકની વિગતો યથાયોગ્ય સ્થલે જોડી દીધી છે. શુદ્ધિપત્રક, પરિમાર્જન વગેરે પ્રમાણે સુધારા કરી દીધા છે.

**પૃષ્ઠાંકો વિષે :** જુની આવૃત્તિના પૃષ્ઠાંકો દરેક પેજમાં જે પંક્તિમાં જે પેજ શરૂ થતું હોય તે ક્રમાંક P લખવાપૂર્વક આપ્યો છે. એકી પેજના મથાળે પણ **પ્ર. આ.** પૂર્વક આપ્યા છે.

નવી આવૃત્તિના પૃષ્ઠાંકો માટે સર્વત્ર અંગ્રેજીમાં પ્રચલિત અંકો 1,2,3, વગેરેનો કર્યો છે.

**ઉપોદ્ઘાત વિષે :** પ્રસ્તુત ઇતિહાસના ભાગ-૧ અને ભાગ-૨ની જેમ ભાગ-૩નો ઉપોદ્ઘાત, વિષય પ્રદર્શન અને સંકેત સૂચી પણ શ્રી કાપડિયાએ તૈયાર કર્યા હતા, પણ એ ૪ ફર્મા ભાગ ૩ના બાઈન્ડીંગમાં બાંધવા રહી ગયેલા અને પાછળથી એનું અલગ નાની પુસ્તિકા રૂપે 'શ્રી મુક્તિ-કમલ જૈન મોહનમાલા' દ્વારા પ્રકાશન થયું હતું. આ પુસ્તિકા અમને મોડે મોડે પણ લા. દ. વિદ્યામંદિરમાંથી પ્રાપ્ત થઇ. આથી પ્રસ્તુત વિભાગમાં ઉપોદ્ઘાત અને સંકેત સૂચી આપવામાં આવી છે.

આ પૂર્વે અમે વિસ્તૃત વિષયાનુક્રમ તૈયાર કરી દીધો હતો અને પરિશિષ્ટમાંથી ઉપોદ્ઘાતગત શબ્દોના અંકો હટાવી દીધા હતા.

**પરિશિષ્ટો :** આ ભાગમાં પણ પૂર્વના ભાગોની જેમ અકારાદિ શબ્દસૂચી ત્રણ ભાગમાં આપી છે.

**સંપાદકીય ઉમેરણ :** પ્રસ્તુત આવૃત્તિ માત્ર પુનર્મુદ્રણ નથી પરંતુ અનેકવિધ માહિતી આમાં જોડીને વધુ વિગત-સભર બનાવવા પ્રયાસ કર્યો છે. જે કાંઈ ઉમેરા કર્યા છે તે [ ] ચોરસ કૌંસમાં મુક્યા છે. આવા ઉમેરાની ટુંક-વિગત આ પ્રમાણે છે. [અંગ્રેજી અંકો પૃષ્ઠાંક સૂચવે છે.]

A તે ગ્રન્થ પ્રકાશિત થયાની માહિતીઃ પૃષ્ઠ 1 ટિ. ૧

B તે ગ્રન્થના વિશિષ્ટ સંસ્કરણની વિગતઃ 28 ટિ. ૨, 85, 120, 153, ટિ. ૧, 189

C તે ગ્રન્થની ટીકા, અવચૂરી વગેરે પ્રગટ થયાની વિગતઃ પૃષ્ઠ 1, ટિ. ૧, 4 ટિ. ૧. 53 ટિ. ૩, 54 ટિ. ૮, 83

૪, 27 ટિ. ૨, 36 ટિ. ૨, 52 ટિ. ૩, 73 ટિ. ૪, 77, 84, 92 ટિ. ૬, 105 ટિ. ૩, 185 આદિ.

E તે ગ્રન્થના પુનર્મુદ્રણ, પુનઃપ્રકાશન વિષે વિગતઃ 5, ટિ. ૩, 11 ટિ. ૪, 34 ટિ. ૩, 148, ટિ. ૨.

F તે ગ્રન્થ ઉપર નૂતન ટીકા આદિની રચના વિષેઃ 22, 29, 35 ટિ. ૩, 71 ટિ. ૫, 72, 77, 94 ટિ. ૨, 118, 185 ટિ. ૯, ટિ. ૧૦, 189.

G અપ્રગટ ગ્રન્થ પ્રથમવાર પ્રગટ થયાની વિગતઃ પૃષ્ઠ 29, 59, 60, 108, 193 ટિ. ૪.

H તે ગ્રન્થનું સંપાદન-સંશોધન ચાલુ હોય તેની વિગતઃ 49, 69 ટિ. ૪, 98 ટિ. ૧.

I તે ગ્રન્થનો પરિચય આપતાં પુસ્તક, નિબંધ, લેખની વિગતઃ પૃષ્ઠ 6, 12 ટિ. ૧, પૃ. 17, 19 ટિ. ૩, 27, 65, 74 75, 172 ટિ. ૫.

J તે ગ્રન્થના સમાન નામવાળા અન્ય ગ્રંથ વિષેઃ 17)) આદિ.

K અન્ય અપ્રગટ ગ્રન્થોની વિગતઃ 3, 4, 24, 38, 72, 140.

L વિશિષ્ટ ગ્રન્થો, નિબંધો, લેખોની નોંધઃ 38, 84, 140, 195, 201.

M પ્રગટ થયેલ વિશિષ્ટ ગ્રન્થની વિગતઃ 60, 90, 120, 133, 152, 181.

N કાપડિયાએ ન આપ્યા હોય તેવા પ્રગટગ્રન્થની વિગતઃ 68, 107, 140 વગેરે.

**ઋણ સ્વીકાર :** પરમ કૃપાળુ પરમાત્માની અને ઉપકારી ગુરુદેવો પૂ. આ. ભ. શ્રી **ભદ્રસૂરીશ્વરજી** મ. સા., પૂ. આ. ભ. શ્રી **ૐકારસૂરીશ્વરજી** મ. સા. આદિની અસીમ કૃપાથી અને પૂ. આ. ભ. શ્રી **અરવિંદસૂરીશ્વરજી** મ. સા. પૂ. આ. ભ. શ્રી **યશોવિજયસૂરીશ્વરજી** મ. સા. પૂજ્ય ગુરુદેવશ્રી **જિનચન્દ્રવિજયજી મ. સા.**ના મંગલ-આશીષના પ્રભાવે જ આ સંપાદન-કાર્ય શક્ય બન્યું છે. ઉપકારી દેવ-ગુરુના ચરણે અનંત અનંત વંદના.

વિદ્યાવારિધિ પૂ. આ. ભ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ. સા.એ આ ઇતિહાસના પ્રકાશનમાં રસ લઇ ઉપયોગી સૂચનો કર્યા છે. તેમજ શ્રી હીરાલાલ ર. કાપડિયા વિષે સુંદર લખાણ આત્મીયભાવે લખી આપેલ છે. પૂજ્યશ્રીને અનેકશઃ વંદના.

સંપાદનના આ શ્રમસાધ્ય કામમાં શ્રુતભક્તિથી પ્રેરાઈને પ્રુફ જોવાના, પરિશિષ્ટો તૈયાર કરવા વગેરે કાર્યમાં સહાય કરનાર મુનિરાજો, સાધ્વીજીઓ અને શ્રાવક-શ્રાવિકાઓની શ્રુતભક્તિની અનુમોદના !

આ ઇતિહાસગ્રંથનું વાંચન કરી અભ્યાસીઓ મહામૂલા શ્રુતધનથી માહિતગાર બને. ગ્રંથોનું પરિશીલન કરી સ્વ-પરની મુક્તિને નજીક લાવે એ જ અભિલાષા.

પોષ સુદ-૫ વિ. સં. ૨૦૬૦
તા.૨૭-૧૨-૨૦૦૩
જૈન ઉપાશ્રય પિંડવાડા
જિ. સિરોહી (રાજ.)

લી.
યુગમહર્ષિ પૂ. આ. ભ. ભદ્રસૂરીશ્વરજી મ. સા.ના
શિષ્યરત્ન **પૂજ્ય મુનિરાજશ્રી જિનચન્દ્રવિજય મ. સા.** ના
વિનેય **આ. વિજયમુનિચન્દ્રસૂરિ**

# વિષય પ્રદર્શન


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રકાશકીય | ૪ |
| સંપાદકીય નિવેદન | 6-7 |
| વિષય પ્રદર્શન | 8-10 |
| સંકેત સૂચી | 11-12 |
| શ્રી કાપડિયા વિષે થોડુંક | 13 |
| ઉપોદ્ઘાત | 15-27 |
| एक महत्त्वपूर्ण प्रयत्न | 28 |
| **ખંડ : ૨ ધાર્મિકસાહિત્ય** | |
| उपखण्ड २ : दार्शनिकसाहित्य | ૧-૧૧૨ |
| **પ્રકરણ ૩૬ દર્શનમીમાંસા** | ૧-૨૪ |
| ઉત્થાનિકા | ૧ |
| ષડ્દર્શન સમુચ્ચય (હરિભદ્રીય) અને તેની ટીકાઓ, અનુવાદો. | ૧-૨ |
| સર્વસિદ્ધાંતપ્રવેશક | ૨ |
| ષડ્દર્શનસમુચ્ચય (રાજશેખરસૂરિ) | ૨-૩ |
| ષડ્દર્શનસમુચ્ચય (મેરુતુંગસૂરિ) | ૩ |
| લઘુ ષડ્દર્શનસમુ. (અજ્ઞાત) | ૩ |
| છ દર્શનસંબંધી ૭ રચનાઓ | ૩ |
| શાસ્ત્રવાર્તા સમુચ્ચય, એની ટીકાઓ. | ૪ |
| પંચદર્શનસ્વરૂપ | ૪-૫ |
| પંચદર્શનખંડ | ૫ |
| દર્શનચતુષ્ટયસ્વરૂપ | ૫ |
| **તત્ત્વાર્થાધિગમસૂત્ર** | ૫-૨૨ |
| તત્ત્વાર્થસૂત્ર, સંપ્રદાય, સૂત્રપાઠ, વિષય, સમન્વય, સંગ્રહ વગેરે | ૫-૮ |
| તત્ત્વાર્થત્રિસૂત્રીપ્રકાશિકા, વિવરણો, ભાષ્ય, ગણિત, ભાષ્યાનુવાદ વગેરે | ૮-૧૨ |
| સિદ્ધસેનીયટીકા વગેરે તત્ત્વાર્થની ટીકાઓ | ૧૨-૨૨ |
| સર્વાર્થસિદ્ધિ, રાજવાર્તિક, શ્લોકવાર્તિક વગેરે | ૧૭-૨૧ |
| તત્ત્વન્યાયવિભાકર તેની ટીકા, અનુવાદ | ૨૨-૨૩ |
| જૈનસિદ્ધાન્તદીપિકા, દશસૂત્ર વગેરે | ૨૩ |
| તત્ત્વાર્થસાર, લઘુતત્ત્વસ્ફોટ | ૨૪ |
| **પ્રકરણ ૩૭ : દર્શનમીમાંસા (ચાલુ)** | **૨૫-૩૮** |
| પુરુષાર્થસિદ્ધ્યુપાય, પ્રશમરતિ, ક્ષેત્રસમાસ | ૨૫-૨૬ |
| જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિસંગ્રહ, ક્ષેત્રલોક, ત્રૈલાક્યદીપક | ૨૬-૨૭ |
| લોકતત્ત્વનિર્ણય, સર્વજ્ઞસિદ્ધિ વગેરે | ૨૭-૨૮ |
| ધર્મબિન્દુ, ધર્મસાર, દ્રવ્યાલંકાર | ૨૮-૨૯ |
| સ્યાદ્વાદમંજરી, કર્મગ્રંથ, લોકવિભાગ વગેરે | ૨૯-૩૦ |
| લોકપ્રકાશ-વિષય, સાક્ષી, અનુવાદો | ૩૦-૩૩ |
| જ્ઞાનાર્ણવ, જ્ઞાનબિન્દુ, ટીકાઓ વગેરે | ૩૩-૩૫ |
| ન્યાયાલોક, અસ્પૃશદ્ગતિવાદ | ૩૫-૩૭ |
| નિશાભક્તદુષ્ટત્વવિચાર, મણિપરીક્ષા | ૩૭ |
| દ્રવ્યસપ્તતિકા, દ્રવ્યાનુયોગતર્કણા | ૩૭ |
| જૈનદાર્શનિકપ્રકરણ સંગ્રહ કેટલાક ગ્રંથો | ૩૭-૩૮ |
| **પ્રકરણ ૩૮ : ન્યાય** | **૩૯-૬૦** |
| ન્યાયાવતાર, ટીકાઓ, અનુવાદોવ | ૩૯ |
| ત્રિલક્ષણકદર્થન, જલ્પનિર્ણય,વાદન્યાય આદિ | ૪૦ |
| સિદ્ધિવિનિશ્ચય, વિષય, ટીકાઓ વગેરે | ૪૦-૪૪ |
| લઘીયસ્ત્રય, ન્યાયકુમુદચન્દ્ર | ૪૪-૪૬ |
| ન્યાયવિનિશ્ચય, પ્રમાણસંગ્રહ | ૪૬-૪૮ |
| પ્રમાણપરીક્ષા, પત્રપરીક્ષા વગેરે | ૪૮-૪૯ |
| પરીક્ષામુખસૂત્ર, પ્રમેયકમલ-માર્તંડ વ. ટીકાઓ | ૫૦-૫૧ |
| પ્રમાણપ્રકાશ, પ્રમાણનયતત્ત્વાલોક, ટીકાઓ | ૫૨ |
| સ્યાદ્વાદરત્નાકર, રત્નાકરાવતારિકા આદિ | ૫૩-૫૪ |
| પ્રમાણમીમાંસા, પ્રમાણપ્રકાશ આદિ | ૫૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ન્યાયદીપિકા, લઘુમહાવિદ્યાવડંબન આદિ | ૫૫-૫૭ |
| જલ્પકલ્પલતા, જૈનતર્કભાષા | ૫૭-૫૯ |
| ન્યાયસિન્ધુ, પ્રમેયમાલા, અન્યગ્રંથો | ૫૯-૬૦ |
| **પ્રકરણ ૩૯ : ન્યાય (ચાલુ)** | **૬૧-૭૨** |
| નયપ્રભૃત, નયાવતાર, સપ્તશતારનયચક્ર | ૬૧ |
| દ્વાદશારનયચક્ર, ભાષ્ય, ટીકા લેખો વગેરે | ૬૧-૬૫ |
| સપ્તભંગીતરંગિણી વગેરે | ૬૫-૬૬ |
| નયરહસ્ય, નયોપદેશ, નયકર્ણિકા આદિ | ૬૬-૬૭ |
| અનેકાન્તજયપતાકા, અનેકાન્તવાદ પ્રવેશ આદિ | ૬૮ |
| અનેકાન્તજયપતાકા, અનેકાન્તવાદ પ્રવેશ આદિ | ૬૮-૭૧ |
| ઉત્પાદાદિસિદ્ધિપ્રકરણ, અનેકાન્તવ્યવસ્થા | ૬૮-૭૧ |
| અનેકાન્તવિંશિકા, સ્યાદ્વાદરહસ્ય, વાદમાલા | ૭૧-૭૨ |
| પ્રગટ-અપ્રગટ ગ્રંથો | ૭૨ |
| **પ્રકરણ ૪૦ : યોગ** | **૭૩-૯૦** |
| યોગનિર્ણય આદિ, યોગગ્રંથો | ૭૩ |
| યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ | ૭૩-૭૬ |
| ષોડશક, બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય | ૭૬-૭૭ |
| યોગશાસ્ત્ર, વિષય, ટીકાઓ વગેરે | ૭૭-૮૫ |
| ટીકામાં આવતી કથાઓ, અવતરણો | ૮૧-૮૩ |
| જ્ઞાનાર્ણવ, ધ્યાનદીપિકા, યોગસાર | ૮૫-૮૮ |
| યોગપ્રદીપઆદિ યોગગ્રંથો | ૮૮-૯૦ |
| **પ્રકરણ ૪૧ : યોગમાર્ગની પાંચભૂમિકાઓ** | **૯૧-૧૧૨** |
| અધ્યાત્મરહસ્ય, અધ્યાત્મકલ્પદ્રુમ આદિ | ૯૧-૯૩ |
| અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્ | ૯૩-૯૬ |
| જ્ઞાનસાર, અધ્યાત્મકમલમાર્તંડ આદિ | ૯૬-૯૮ |
| અધ્યાત્મબિન્દુ આદિ ગ્રંથો | ૯૯ |
| ભાવના-અનુપ્રેક્ષાવિષયકગ્રંથો | ૧૦૦-૧૦૧ |
| દ્વાદશભાવના, શાન્તસુધારસ | ૧૦૦-૧૦૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ધ્યાનવિષયક ગ્રંથો | ૧૦૧-૧૦૫ |
| ધ્યાનવિચાર, ધ્યાનદીપિકા આદિ | ૧૦૨-૧૦૫ |
| સમતા-વિષયક ગ્રંથો | ૧૦૫-૧૦૯ |
| સમભાવશતક, સમાધિશતક આદિ | ૧૦૫-૧૦૭ |
| વૈરાગ્યકલ્પલતા આદિ | ૧૦૭-૧૦૮ |
| આત્માનુશાસન આદિ | ૧૦૮-૧૦૯ |
| ગુણસ્થાનક્રમારોહ આદિ | ૧૦૯-૧૧૧ |
| ઉપશમશ્રેણિ-ક્ષપકશ્રેણિસ્વરૂપ | ૧૧૧ |
| ખવગસેઢી, પરમાત્મપંચવિંશતિકા વ. | ૧૧૧-૧૧૨ |
| **उपखण्ड ३ अनुष्ठानात्मक साहित्य** | **૧૧૩-૧૬૪** |
| **પ્રકરણ ૪૨ : ચરણકરણાનુયોગ** | **૧૧૩-૧૨૦** |
| રત્નકરંડકશ્રાવકાચાર, ઉપાસકાધ્યયન વ. | ૧૧૩-૧૧૫ |
| ત્રિવર્ણાચારપ્રરૂપણઆદિ | ૧૧૫ |
| ધર્મામૃત, માર્ગપરિશુદ્ધિ | ૧૧૫-૧૧૮ |
| વર્ધમાનદેશના, ધર્મસંગ્રહ | ૧૧૮-૧૨૦ |
| ધર્મરત્નકરંડક વગેરે ગ્રંથો | ૧૨૦ |
| **પ્રકરણ ૪૩:મન્ત્રશાસ્ત્રો અને કલ્પો** | **૧૨૧-૧૩૨** |
| અનુભવસિદ્ધમન્ત્રદ્વાત્રિંશિકા, વિદ્યાનુશાસન | ૧૨૧-૧૨૨ |
| શાશ્વતકલ્પપુસ્તકો, નવનિધિ | ૧૨૨ |
| જ્વાલામાલિનીકલ્પ આદિ | ૧૨૩-૧૨૪ |
| ભૈરવપદ્માવતીકલ્પ આદિ | ૧૨૪-૧૨૬ |
| મન્ત્રાધિરાજકલ્પ | ૧૨૬-૧૨૮ |
| મન્ત્રરાજરહસ્ય આદિ | ૧૨૮-૧૨૯ |
| સરસ્વતીકલ્પ, વર્ધમાનવિદ્યાકલ્પ વ. | ૧૨૯-૧૩૨ |
| સૂરિમન્ત્ર આદિ, હ્રીંકારકલ્પ વ. | ૧૩૨ |
| સરસ્વતીપ્રસાદ, સરસ્વતીસિન્ધુ | ૧૩૨ |
| **પ્રકરણ ૪૪ : યન્ત્રવિમર્શ** | **૧૩૩-૧૪૦** |
| વિંશતિયન્ત્રવિધિ, યંત્રો | ૧૩૩-૧૩૯ |
| યન્ત્રમન્ત્રકલ્પસંગ્રહ આદિ | ૧૪૦ |
| પ્રકરણ ૪૫ : અનુષ્ઠાનવિધિ | ૧૪૧-૧૫૨ |
| નિર્વાણકલિકા | ૧૪૧-૧૪૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રતિષ્ઠાસારસંગ્રહ આદિ | ૧૪૩-૧૪૬ |
| આચારદિનકર | ૧૪૬-૧૪૮ |
| અર્હદ્અભિષેકવિધિ આદિ | ૧૪૮-૧૫૧ |
| ઋષભતર્પણ, અંજનશલાકાવિધિ | ૧૫૨ |
| **પ્રકરણ ૪૬ : સ્વમતસમર્થન** | |
| **કિંવા ખંડન-મંડન** | **૧૫૩-૧૬૪** |
| સ્ત્રીનિર્વાણ-કેવલિભુક્તિ પ્રકરણ | ૧૫૩-૧૫૪ |
| તપોમતકુટ્ટન, ઉત્સૂત્રકન્દકુદ્દાલ | ૧૫૪-૧૫૬ |
| ગુરુતત્ત્વવ્યવસ્થાપનવાદસ્થલ આદિ | ૧૫૬ |
| અંચલમતદલન, તત્ત્વબોધ પ્ર. આદિ | ૧૫૬-૧૫૭ |
| ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા આદિ | ૧૫૭-૧૫૮ |
| કુમતાહિવિષજાંગુલીમન્ત્ર વગેરે | ૧૫૭ |
| ષટ્ત્રિંશન્મતખંડન આદિ | ૧૫૭-૧૫૮ |
| પ્રતિમાશતક આદિ | ૧૫૮-૧૬૧ |
| આધ્યાત્મિકમતખંડન, દેવધર્મપરીક્ષા વ. | ૧૬૧-૧૬૩ |
| બે ચાર્ચિક ગ્રંથો, ધર્મમંજૂષા વ. | ૧૬૩-૧૬૪ |
| ઉપખંડ ૪ અવશિષ્ટ સાહિત્ય | ૧૬૫ |
| **પ્રકરણ ૪૭ : પ્રકીર્ણક વિષયો** | **૧૬૫-૧૮૧** |
| પાંચ ભક્તિ, ઉપ્ટોપદેશ આદિ | ૧૬૫-૧૬૭ |
| અષ્ટકપ્રકરણ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા | ૧૬૭-૧૬૮ |
| પ્રશ્નશત, સંઘપટ્ટક આદિ | ૧૬૮-૧૬૯ |
| ધર્મશિક્ષાપ્રકરણ, શૃંગાર-વૈરાગ્યતરં | ૧૬૯-૧૭૦ |
| વિવેકવિલાસ, યુગપ્રધાનગુર્વાવલી | ૧૭૦-૧૭૨ |
| ખરતરગચ્છપટ્ટાવલી વગેરે | ૧૭૨ |
| વિવિધતીર્થકલ્પ, ત્રૈવિદ્યગોષ્ઠી | ૧૭૨-૧૭૫ |
| હીરપ્રશ્ન, સેનપ્રશ્ન વગેરે | ૧૭૫-૧૭૮ |
| તાત્ત્વિકપ્રશ્નોત્તર, વિચારરત્નાકર | ૧૭૮-૧૮૦ |
| વસ્તુવિજ્ઞાનરત્નકોષ આદિ | ૧૮૦ |
| મધ્યાહ્નવ્યાખ્યાનપદ્ધતિ | ૧૮૦ |
| દીક્ષાપ્રતિષ્ઠાશુદ્ધિ આદિ | ૧૮૧ |
| **પ્રકરણ ૪૮ : જૈન પાઇઅ** | |
| **કૃતિઓના સંસ્કૃત વિવરણો** | **૧૮૨-૧૮૯** |
| આગમ વગેરેની ટીકાઓ | ૧૮૨-૧૮૪ |
| ન્યાયાચાર્યની ટીકાઓ | ૧૮૫ |
| સન્મતિપ્રકરણની ટીકાઓ | ૧૮૫-૧૮૭ |
| કવિદર્પણ, ઋષિમંડલ પ્ર. વગેરે | ૧૮૭-૧૮૮ |
| સિદ્ધાન્તસાર, દાનાદિકુલક વ. | ૧૮૮-૧૮૯ |
| ખવગસેઢી વગેરે કર્મસાહિત્ય | ૧૮૯ |
| **પ્રકરણ ૪૯ : અજૈન દાર્શનિક** | |
| **કૃતિઓનાં સંસ્કૃત વિવરણો** | **૧૯૦-૧૯૫** |
| સાંખ્ય, યોગ, વૈશેષિક દર્શન | ૧૯૦-૧૯૪ |
| ન્યાયકન્દલી, મહાવિદ્યાવિડંબન | |
| આદિ | ૧૯૧-૧૯૩ |
| ન્યાયદર્શન-તર્કભાષા વગેરે | ૧૯૩-૧૯૪ |
| બૌદ્ધદર્શન-ન્યાયપ્રવેશ વગેરે | ૧૯૪-૧૯૫ |
| પ્રકરણ ૫૦ : ઉત્કીર્ણ લેખો ઈત્યાદિ | ૧૯૬ |
| જૈન લેખસંગ્રહ આદિ | ૧૯૬-૧૯૮ |
| જૈન ધાતુપ્રતિમા લેખસંગ્રહ | ૧૯૮-૧૯૯ |
| પ્રાચીન લેખ-સંગ્રહ | ૧૯૯-૨૦૦ |
| અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ | ૨૦૦ |
| જૈન ધાતુપ્રતિમા લેખ, | |
| જૈનશિલાલેખસંગ્રહ | ૨૦૦-૨૦૧ |
| માઈક્રોફીલ્મ, ઝેરોક્ષ ગ્રંથો. પાટણ | |
| જૈનધાતુપ્રતિમા લેખસંગ્રહ | ૨૦૧ |
| **પરિશિષ્ટ ૧: ગ્રન્થકારોની સૂચી** | **૨૦૨-૨૧૫** |
| શ્વેતામ્બર-યાપનીય | ૨૦૨-૨૦૯ |
| દિગમ્બર ગ્રંથકારો | ૨૧૦-૨૧૩ |
| અજૈન ગ્રંથકારો | ૨૧૩-૨૧૫ |
| **પરિશિષ્ટ ૨ :** | |
| **ગ્રન્થો અને લેખોની સૂચી** | **૨૧૬-૨૨૫૮** |
| શ્વેતામ્બર-યાપનીય ગ્રન્થો | ૨૧૬-૨૪૬ |
| દિગમ્બર ગ્રંથો | ૨૪૬-૨૫૫ |
| અજૈન ગ્રંથકારો | ૨૫૫-૨૫૮ |
| **પરિશિષ્ટ ૩ :** | |
| **પ્રકીર્ણક વિશેષનામો** | **૨૫૯-૨૭૯** |
| સંકેત સૂચી | ૨૮૦ |

# સંકેતસૂચી

અ૦ ક૦ = અધ્યાત્મકલ્પદ્રુમ
અ૦ જ૦ પ૦ = અનેકાન્તજયપતાકા
અભિ. ચિં. અભિધાનચિંતામણિ
અ૦ વિ૦ = અર્હદભિષેકવિધિ
અષ્ટા૦ = અષ્ટાધ્યાયી
આ૦ દ૦ દી૦ = આર્હત દર્શન દીપિકા
આ૦ સમિતિ = આગમોદય સમિતિ
ઉ૦ = ઉત્તર સીમા
ઉપમિતિ૦ = ઉપમિતિભવપ્રપંચાકથા
ઋ૦ કે૦ શ્વે૦ સં૦ = ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા
ક૦ વિ૦ = કલ્પલતાવિવેક, કલિ. = કલિકાલસર્વજ્ઞ, ખ૦ = ખરતર
કુમતાહિ૦તરણિ = કુમતાહિવિષજાંગુલીમન્ત્રતિમિરતરણિ
ગા૦ પૌ૦ ગ્રં૦ = ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાલા
જંબૂ૦ = જંબૂવિજયજી
જિ૦ ર૦ કો૦ = જિનરત્નકોશ
જૈ૦ ગ્રં૦ = જૈન ગ્રન્થાવલી
જૈ૦ ધ૦ પ્ર૦ = જૈન ધર્મ પ્રકાશ
જૈ૦ ધ૦ પ્ર૦ સ૦ = જૈન ધર્મ પ્રસારક સભા
જૈ૦ સં૦ સા૦ ઇ૦ = જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ
જૈ૦ સ૦ પ્ર૦ = જૈન સત્ય પ્રકાશ
જૈ૦ સા૦ વિ૦ મં૦ = જૈન સાહિત્ય વિકાસ મંડળ
ત૦ ર૦ દી૦ = તર્કરહસ્યદીપિકા
ત૦ વા૦ તત્ત્વાર્થવાર્તિક
ત૦ શ્લો૦ વા૦ = તત્ત્વાર્થશ્લોકવાર્તિક
ત૦ સૂ૦ = તત્ત્વાર્થસૂત્ર
દે૦ લા૦ જૈ૦ પુ૦ સં૦ = દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ સંસ્થા
દ્વા૦ ન૦ = દ્વાદશારં નયચક્રમ્
પત્તન૦સૂચી = પત્તનસ્થજૈનભાંડાગારીયગ્રન્થસૂચી
પા૦ ભા૦ સા૦ = પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય
પૂ૦ = પૂર્વ સીમા
પ્ર૦ ન૦ ત૦ = પ્રમાણનયતત્ત્વાલોક, બૃ૦ ટિ૦ = બૃહટ્ટિપનિકા
ભાં૦ પ્રા૦ સં૦ મં૦ = ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર
ભૈ૦ પ૦ ક૦ = ભૈરવપદ્માવતીકલ્પ
મહા૦ નવ૦ = મહાપ્રભાવિક નવસ્મરણ
મા૦ દિ૦ ગ્રં૦ = માણેકચંદ દિગંબર ગ્રન્થમાલા

મુ૦ ક૦ જૈ૦ મો૦
મુ૦ ક૦ જૈ૦ મો૦ મા૦ } = મુક્તિ-કમલ-જૈન-મોહન-માલા

યા૦ = યાપનીય

યો૦ દ૦ સ૦ = યોગદૃષ્ટિસમુચ્ચય

ર૦ તા૦ = રત્નાકરાવતારિકા

રા૦ જૈ૦ શા૦ = રાજચન્દ્ર જૈન શાસ્ત્રમાલા

લા૦ દ૦ વિદ્યામન્દિર = લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર

લાલભાઈ દ. વિદ્યામન્દિર = લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર

વિસેસા૦ = વિસેસાવસ્સયભાસ

સ૦ કૃ૦ કુ૦ = સમયસુન્દરકૃતિકુસુમાંજલિ

સ૦ જૈ૦ ગ્રં૦ = સનાતન જૈન ગ્રન્થમાલા

સિ૦ જૈ૦ ગ્રં૦ =સિંઘી જૈન ગ્રન્થમાલા

સિ૦ હે૦ = સિદ્ધહેમ

ABORI = Annals of the Bhandarkar Oriental Research Institute

G S A I = Giornale della Societa Asiatica Italiana

S B J = Sacred Books of the Jainas, The

# શ્રી કાપડિયા વિષે થોડુંક

-આ. પ્રદ્યુમ્નસૂરિ.

વિદ્યાના ક્ષેત્રમાં પણ એક કાળે ગુજરાતનું નામ હતું. ગુજરાતમાં પણ જૈન ગૃહસ્થ વિદ્વાનોની એક આદર્શપરંપરા હતી તે આનંદ અને ગૌરવનો વિષય છે. એ બધાં ભિન્નભિન્ન વિષયના નિષ્ણાત હતા. એ બધાની નામાવલિ બનાવીએ તો સી. ડૌ. દલાલનું નામ પહેલુ લેવું પડે. પછી તો મોહનલાલ દલીચંદ દેસાઈ, કુંવરજી આણંદજી, મોહનલાલ ચોક્સી, પં. સુખલાલજી, પં. બેચરદાસ, ભગવાનદાસ હરખચંદ, પાઈયસદમહણ્ણવોવાળા હરગોવિન્દ ત્રિકમલાલ, સુશીલ આ યાદી હજી લંબાવી શકાય તેમ છે પણ આપણે તો વાત કરવી છે હીરાલાલ રસિકદાસ કાપડિયાની. એમનું નામ પણ એજ વિદ્વાનોની હરોળમાં શોભે તેવું છે.

એક જમાનો હતો તમે જૈન ધર્મ પ્રકાશ, જૈન આત્માનંદ પ્રકાશ, જૈન સત્ય પ્રકાશ, જૈનયુગના કોઈ પણ અંકની અનુક્રમણિકા ઉપર નજર નાંખો તો એક અને ક્યારેક તો બે લેખના લેખક હી. ર. કાપડિયા હોય જ.

મારે હી. ર. કાપડીયાનો સંપર્ક ઘણી વહેલી વયે શરૂ થયો હતો. વાત છે વિ. સં. ૨૦૧૬ની. સુરતમાં જ ચોમાસુ હતા. પૂજ્ય ઉપા. શ્રી મેરુવિજયજી મહારાજ, પૂજ્ય પં. શ્રી દેવવિજયજી મહારાજ અને મારા ગુરુ મહારાજ મુનિરાજશ્રી હેમચન્દ્રવિજયજી મહારાજ આદિ ઠાણા સાત હતા. લગભગ રોજ બપોરે હી. ર. કાપડિયા આવે. મારા ગુરુ મહારાજ પાસે બેસે. મારી વય ૧૩ની. સંસારીપણામાં હતો. ઝાઝી ખબર ન પડે પણ વાતોમાં રસ પડે.

પછી વિ. સં. ૨૦૨૨માં ગોપીપુરા-સુરત ચોમાસુ થયું ત્યારે તો તેઓ નિયમિત ચાર વાગે પૂજ્ય ધર્મધુરન્ધરસૂરીશ્વરજી મહારાજ પાસે આવે. દિવસ દરમ્યાન જે વાંચ્યું લખ્યું હોય તેમાં જે જિજ્ઞાસા જાગી હોય પ્રશ્નો જાગ્યા હોય તે નોંધીને લાવ્યા હોય તેની ચર્ચા ચાલે. ત્યારે મને બરાબર સમજાતું હતું. મહારાજ સાહેબ ત્યારે ૩ થી ૪ શ્રી ભગવતીસૂત્રની વાચના આપતા હતા તેમાં આવતાં શબ્દોને તેઓ ઝીલતાં તેના મૂળ સુધી પહોંચવાની મથામણ કરતાં. એક વાર મૂળ ભગવતીજીમાં મોભ શબ્દ આવ્યો. અને કાપડિયાનાં કાન ચમક્યાં. તેઓએ એક કલાકની મહેનત કરીને વળતે દિવસે એક પાનુ ભરીને 'મોભના સગા વહાલાં' એવાં જ કોઈ મથાળાથી એક નાનો લેખ લખી દીધો અને જૈન આત્માનંદ સભા ઉપર મોકલી આપ્યો અને જૈન આત્માનંદ પ્રકાશમાં તે પ્રસિદ્ધ પણ થઈ ગયો. એ અંક લઈને આવ્યા વળી બતાવ્યો એટલી ચીવટ કાળજી રાખે.

મૂળે એ ગણિતના પ્રોફેસર. પણ વિદ્યાના જેટલાં પ્રવાહો છે તે બધામાં જ ખૂબ રસ ભરી જિજ્ઞાસા હતી. તેથી જ એક વાર તેઓ કહેતા હતા કે પ્રોફેસર હતો ત્યારે રોજ ચા પીવાના સમયે

જુદાજુદા વિષયના પ્રોફેસરો મળતાં ત્યારે તે તે વિષયના પ્રશ્નો તે તે પ્રોફેસરને પૂછું. ઉત્તરો મેળવું, મારે એટલી મહેનત બચે. આમ ભિન્નભિન્ન વિષયની જિજ્ઞાસા સંતોષાય અને તે તે વિષયનો લેખ લખી શકાય. તેમને પોતાના પુસ્તકો, લેખો, સંપાદનોની એક ખાસ્સી ચોપડી ભરીને યાદી પ્રકાશિત કરી છે. તેના ઉપરથી તેમને લખેલા લેખોના વિષયોનું વૈવિધ્ય અને વૈપુલ્ય જાણી શકાય છે.

મારે પ્રત્યક્ષ મળવાનું તેમનો ઉત્તર કાળ ચાલુ હતો ત્યારે થયેલું. કહોને કે તેઓનો સ્વર્ગવાસ થયો તે પહેલાંના ૩ મહિના પહેલાં. તે વારે તેમના મનમાં ખૂબ ફિકર હતી કે "મારા લખેલા સેંકડો લેખોના કાગળ પણ પીળાં પડી ગયા છે જો કોઈ છપાવવાની હામ ભીડે અને ઉદારતા દર્શાવે તો લેખો પ્રકાશિત થઇ જાય અન્યથા મારા ગયા પછી આ બધી પસ્તી બની જશે."

આ લેખો પ્રકાશિત થાય તે માટે તેઓને જે કાંઇ કરવું પડે તે બધું જ કરવા તૈયાર અને તત્પર હતા. પણ છેલ્લે ભવિતવ્યતા વશ કાંઇ થઇ શક્યું નહીં અને એ બધા માહિતીના ભંડાર જેવા લેખો એમ આકાશમાર્ગે ધૂમ્રસેર સ્વરૂપ ધારણ કરનારા બની ગયા ! આવી જ્ઞાન ક્ષેત્રની ઉદાસીનતાની વાત તે નવી વાત નથી.

હવે થોડી વાત આ પ્રસ્તુત પ્રકાશન અંગે. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' એ શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇના ભગીરથ પુરુષાર્થની છડી પોકારતો અદ્‌ભુત ગ્રંથ ! અનેક વિદ્વાનો દિવસમાં અનેકવાર શબ્દકોશની જેમ એને ઉપયોગમાં લેતા. એ જોઈને શ્રી કાપડિયાએ એજ દિશામાં એવું જ એક નક્કર પ્રદાન કહેવાય તેવું કામ હાથ ધર્યું. ખૂબ જ મોટું ગંજાવર કામ હતું કદાચ તેઓજ કરી શકે તેવું કામ હતું. **"જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ"** ભાગ-૧-૨-૩ અને તેનો ઉપોદ્‌ઘાત આ કામ જોઈ વિદ્વાનોનાં માથા ડોલી ઉઠે છે. એ બધા વિષયો એક સાથે સુલભ બને તે હેતુથી **આચાર્યશ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજે** પણ ભારે જહેમત લઈને આનું પુનઃ સંકલન કર્યું. ઠીકઠીક પુરુષાર્થ કરવો પડે છે આવા ઇતિહાસના જટિલ કામોમાં. સંવત અને નામોના જંગલમાં ફરીને તથ્યને બહાર લાવવાનું કામ અઘરું છે પણ ઉપયોગી ઘણું છે.

જૈન ગૃહસ્થ વિદ્વાનોનો આજે દુકાળ પ્રવર્તે છે ત્યારે એ દિશામાં ચોક્કસ કોઈકે ડગ ભરવા જોઇએ. મહેસાણાના અધ્યાપકો અધ્યાપન કાર્ય માટે બરાબર છે પણ જૈન સાહિત્યની દર્શનશાસ્ત્ર, કાવ્ય શાસ્ત્ર, વ્યાકરણ શાસ્ત્ર આવી વિવિધ શાખામાં રસ ધરાવે તેવા યુવાનો આવા ક્ષેત્રમાં પદાર્પણ કરે તેવું વાતાવરણ સર્જવું પડે એને પ્રોત્સાહન આપવું પડે પ્રતિષ્ઠા આપવી પડે તો નીકળે પણ ખરા ! સાવ નિરાશ થવા જેવું નથી. અન્યથા આવા ગ્રન્થો માત્ર જ્ઞાનભંડારમાં કબાટોની શોભા બનીને રહી જશે. સંગ્રહણીય બને તેટલાથી સંતોષ ન ધરીએ પણ ગ્રાહ્ય બને તેવું કાંઇક કરીએ તો શ્રી હી. ર. કાપડિયાને યોગ્ય અંજલિ આપી ગણાશે અને **આચાર્યશ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજ**નો શ્રમ લેખે લાગશે. આપણે શ્રી સંઘની બધી શાખા જો સહીયારો પુરુષાર્થ કરીએ તો જરૂર સફળતા મેળવી શકીશું.

*વિ. સં. ૨૦૬૦ પ્રથમ શ્રાવણ સુ. ૩.*
નવકાર ઉપાશ્રય-વાસણા-અમ-૭

***શ્રીનેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રસૂરિ શિષ્ય***
***પ્રદ્યુમ્નસૂરિ.***

# ઉપોદ્ઘાત[1]

ભાગ-૩

– લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા

**ભારતીય દર્શનો–** 'દર્શન' એટલે 'તત્ત્વજ્ઞાન સંબંધી વિશિષ્ટવિચારસરણી'. આને અંગ્રેજીમાં 'System of Philosophy' કહે છે. એની સંખ્યા વર્ગીકરણના દૃષ્ટિબિન્દુ ઉપર અવલંબે છે. દર્શનોના જે ભારતીય અને અભારતીય એવા બે વર્ગો પડી શકે તેમાં ભારતીય દર્શનો તરીકે મોટે ભાગે છની સંખ્યા દર્શાવાય છે. વૈદિક હિન્દુઓ-ગ્રન્થકારો વગેરે સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાન્ત એમ [2]છ દર્શનો ગણાવે છે અને એને જ 'આસ્તિક દર્શન' ગણે છે, જ્યારે નાસ્તિક દર્શનો તરીકે એઓ ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શનનો ઉલ્લેખ કરે છે. મહત્તરા યાકિનીના ધર્મપુત્ર તરીકે સુવિખ્યાત હરિભદ્રસૂરિએ **ષડ્દર્શનસમુચ્ચય**ના બીજા પદ્યમાં નીચે મુજબ છ દર્શનો ગણાવ્યાં છે :–

(૧) બૌદ્ધ. (૨) નૈયાયિક, (૩) સાંખ્ય, (૪) જૈન, (૫) વૈશેષિક અને (૬) જૈમિનીય.

એમણે ૭૯મા પદ્યમાં કહ્યું છે કે જેઓ નૈયાયિક અને વૈશેષિકને અભિન્ન ગણે છે તેઓ છ દર્શન ગણાવતી વેળા 'લોકાયત' મતનો અર્થાત્ 'ચાર્વાક' દર્શનનો ઉલ્લેખ કરે છે.

જૈન ગ્રંથકારોમાં સ્વમતના નિરૂપણ ઉપરાંત પરમતનું વ્યવસ્થિત સ્વરૂપ પ્રતિપાદન કરવાની પહેલ કરનાર સિદ્ધસેન દિવાકર છે. એ પ્રતિભામૂર્તિને પગલે ચાલીને-એમની રચેલી **દ્વાત્રિંશિકાઓ** લક્ષમાં રાખીને આ. હરિભદ્રસૂરિએ **ષડ્દર્શનસમુચ્ચય**માં તેમજ **શાસ્ત્રવાર્તા સમુચ્ચય**માં છ યે દર્શનોનું નિરૂપણ કર્યું છે. આ ઉપરથી અન્ય જૈન મુનિવરો પણ વિવિધ દર્શનોનું નિરૂપણ કરવા પ્રેરાયા છે અને **માધવાચાર્યે** તો એથી પણ આગળ વધીને સર્વ દર્શનોના સમૂહરૂપ **સર્વદર્શનસંગ્રહ** નામની કૃતિ રચી છે.

"જૈ૦ સ૦ પ્ર૦" (વ. ૧૬, અં. ૨)માં **સર્વસિદ્ધાન્તપ્રવેશક** એ નામનો મુનિશ્રી જંબૂવિજયજીનો લેખ છપાયો છે. એમાં એમણે **સર્વસિદ્ધાન્તસંગ્રહ**નો ઉલ્લેખ કર્યો છે. વિશેષમાં એમણે અજ્ઞાતકર્તૃક પરંતુ જૈન કૃતિ નામે **સર્વસિદ્ધાન્તપ્રવેશક**નો નૈયાયિક દર્શન પૂરતો વિભાગ અહીં રજૂ કર્યો છે. બાકીના વિભાગ આ પછીના અંકોમાં છપાયા છે. કાલાંતરે આ લખાણ ગ્રન્થસ્થ કરાયું છે.[3]

---

૧. આનો મોટો ભાગ તા. ૧૫-૪-૫૯ને રોજ મેં તૈયાર કર્યો હતો.

૨. કેટલાક પૂર્વ-મીમાંસા, સેશ્વર-સાંખ્ય અને નિરીશ્વર-સાંખ્ય તેમ જ સોળ પદાર્થ જણાવનાર ન્યાય અને સાત પદાર્થ જણાવનાર ન્યાય (વૈશેષિક) એમ છ દર્શન ગણાવે છે. વળી કેટલાક સૌત્રાન્તિક, વૈભાષિક, યોગાચાર અને માધ્યમિક એમ બૌદ્ધ દર્શનના ચાર પ્રકારોમાં જૈન અને લોકાયતિક દર્શન ઉમેરી છ દર્શનો ગણાવે છે. કેટલાક આ બંને પ્રકારે છ છ દર્શન ગણાવી દર્શનોની સંખ્યા બારની દર્શાવે છે. આ ઉપરાંતની કેટલીક બાબતો મેં "જૈન સત્ય પ્રકાશ" (વ. ૯, અં. ૩)માં પ્રસિદ્ધ થયેલા મારા લેખ નામે "દર્શનોની ગણના અને ઘટના"માં આપી છે.

૩. જુઓ પૃ. ૩

**દર્શનોના ઉપભેદો**–લાવણ્યસમયે વિ. સં. ૧૫૬૮માં જે **વિમલ-પ્રબન્ધ** રચ્યો છે એના દ્વિતીય ખંડની ૮૬મી કડીમાં એમણે બૌદ્ધ, સાંખ્ય, નૈયાયિક, જૈન, વૈશેષિક અને જૈમિનીય એમ છ દર્શનો ગણાવ્યા છે અને ૮૭મી કડીમાં આ દરેક દર્શનના સોળ સોળ ભેદ હોવાનું કહ્યું છે પણ એમણે એ ૯૬ ભેદોનાં નામ આપ્યાં નથી. વિક્રમની સોળમી-સત્તરમી સદીમાં લખાયેલા મનાતા એક કાગળમાં જૈન, નૈયાયિક સાંખ્ય, બૌદ્ધ, વૈશેષિક અને ચાર્વાક એ છ દર્શન ગણાવી પ્રત્યેકના સત્તર સત્તર ભેદોની [1]નામાવલિ અપાઈ છે પણ એ વિશ્વસનીય જણાતી નથી.

મેં પ્રારંભમાં હરિભદ્રસૂરિકૃત ષડ્દર્શનસમુચ્ચયનો પરિચય આપી દર્શનોની સંખ્યાનુસાર એનો વિચાર કર્યો છે. આ લક્ષમાં લેતાં સાત દર્શનોના નિરૂપણરૂપ બે કૃતિઓ છે. એવી રીતે છ માટે [2]૧, પાંચ માટે ૨ અને ચાર માટે ૧ છે. આ ઉપરાંત અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકાની [3]**સ્યાદ્વાદમંજરી** નામની ટીકા તેમજ ન્યાયાચાર્યકૃત [3]ન્યાયખંડખાદ્ય તરીકે ઓળખાવાતી કૃતિ પણ ભારતીય દર્શનોના અભ્યાસ માટેનાં મહત્ત્વનાં સાધનો છે.

જૈન દર્શનને કેન્દ્રમાં રાખીને જે વિવિધ કૃતિઓ રચાઈ છે તેમાં **તત્ત્વાર્થાધિગમસૂત્ર** એ સૂત્રાત્મક હોવાથી તેમ જ અનેક વિશિષ્ટ વિવરણાદિથી વિભૂષિત હોવાથી મહત્તાની દૃષ્ટિએ મૂર્ધન્ય છે. જીવાદિ તત્ત્વો વગેરેનો બોધ કરાવનારી બીજી બે કૃતિઓ છે. એકના કર્તા આચાર્ય **તુલસી** છે તો બીજાના બૃહત્-પ્રભાચન્દ્ર. આ વિષયની પદ્યાત્મક કૃતિ તરીકે **તત્ત્વાર્થસાર** ગણાવી શકાય. કેવળ દાર્શનિક વિષયો ઉપરાંતના જૈન શ્રમણાદિનાં આચારને લક્ષીને બે કૃતિઓ રચાઈ છે : **પુરુષાર્થસિદ્ધ્યુપાય** અને **પ્રશમરતિ.**

વિશ્વરચના અંગે કેટલીક મનનીય કૃતિઓ રચાઈ છે. તેમાં **ક્ષેત્રસમાસ** અગ્ર સ્થાન ભોગવે છે. **નૃતત્ત્વનિગમ**માં દેવ અને વિશ્વ પરત્વેનાં જૈન તેમ જ અજૈન મંતવ્યો રજૂ કરાયાં છે, આ જાતની આ લગભગ પહેલી કૃતિ છે.

સર્વજ્ઞતાની સિદ્ધિરૂપ વિષયને વ્યક્ત કરતી પણ કેટલીક કૃતિઓ છે. એ સૌમાં હારિભદ્રીય **સર્વજ્ઞસિદ્ધિ** મોખરે છે.

જીવાદિ છ દ્રવ્યોનું સ્વરૂપ **દ્રવ્યાલંકાર** પૂરું પાડે છે.

## કર્મમીમાંસા

ભારતીય તત્ત્વજ્ઞાનમાં જૈન તત્ત્વજ્ઞાનનું સ્થાન જેવું તેવું નથી એમ એમાં વ્યાપક અને તલસ્પર્શી સ્વરૂપે જે કેટલીક વિશિષ્ટ બાબતો આલેખાયેલી છે એ જોતાં સહેજે જણાઈ આવે છે. આ વિશિષ્ટ

૧. આ માટે જુઓ "જૈ. સ. પ્ર." (વ. ૧૮, અં. ૮)માં છપાયેલો લેખ નામે "षट्दर्शनियोंके १०२ नाम".

૨. આનો અંગ્રેજી અનુવાદ એફ. ડબલ્યુ. થોમસે કર્યો છે. એ "Akademic-Verlag"માં બર્લિનથી ઈ.સ. ૧૯૬૦માં પ્રસિદ્ધ કરાયો છે.

૩. આ કૃતિમાં મુખ્યતયા બૌદ્ધ મંતવ્યોની આલોચના કરાઈ છે. એ શ્રી બદરીનાથ શુક્લની વિમર્શ નામની હિન્દી વ્યાખ્યા સહિત "કાશી સંસ્કૃત ગ્રન્થમાલા"માં ગ્રન્થાંક ૧૭૦ તરીકે ઈ. સ. ૧૯૬૬માં પ્રકાશિત કરાઈ છે. આ પ્રકાશનનું નામ "જૈનન્યાયખંડખાદ્યમ્" રખાયું છે.

બાબતોમાંથી એક તે કર્મનો સિદ્ધાન્ત છે. એના નિરૂપણાર્થે જૈન ગ્રંથકારોએ પુષ્કળ અને પ્રશંસનીય પ્રયાસ કર્યાં છે. એ સાહિત્યનું સર્જન ચરમ તીર્થંકર મહાવીરસ્વામીના સમયથી તો હાથ ધરાયું છે જ અને આજે પણ એ એક રીતે ચાલુ છે. આને લઈને આપણને આ વિષયને અંગે નાના મોટા સ્વતંત્ર ગ્રંથો મળે છે પરંતુ પાઇય ભાષામાં જેવા મહત્ત્વના અને મનનીય ગ્રંથો યોજાયા છે તેના પ્રમાણમાં [1]સંસ્કૃતમાં એવું સ્વતંત્ર કાર્ય બહુ જ ઓછા પ્રમાણમાં થયેલું જોવાય છે. બાકી વિવરણાત્મક સાહિત્ય તો સંસ્કૃતમાં પુષ્કળ પ્રમાણમાં રચાયું છે અને એ ઉપલબ્ધ પણ છે.

**તત્ત્વાર્થાધિગમસૂત્ર** (અ. ૮)માં કર્મના સિદ્ધાન્તને અંગે કેટલાંક સૂત્રો છે. એ આ દિશામાં પ્રયાસ કરવા માટેની ભૂમિકા પૂરી પાડે છે તેમ છતાં સંસ્કૃત સૂત્રરૂપે કોઈ પ્રાચીન કૃતિ રચાયેલી જણાતી નથી. આગમોદ્ધારકે એક નાનકડી કૃતિ યોજી છે પણ તે પણ અપ્રસિદ્ધ છે. ઉપલબ્ધ પદ્યાત્મક સંસ્કૃત લખાણ તરીકે કર્મના સિદ્ધાન્તનું નિરૂપણ પૂરું પાડનારી ચાર સંસ્કૃત કર્મગ્રંથો તરીકે ઓળખાવાતી કૃતિનો નિર્દેશ થઈ શકે તેમ છે.

અહીં હું એ વાત ઉમેરીશ કે **ત. સૂ.**ની ભાષ્યાનુસારિણી સિદ્ધસેનીય ટીકામાંનાં આર્યામાં કર્મવિષયક અવતરણો જોતાં જણાય છે કે મોડામાં મોડી સાતમા-આઠમા સૈકામાં કર્મ સંબંધી કોઈ કૃતિ સંસ્કૃતમાં રચાઈ હશે. જો તેમ જ હોય તો પણ એ અત્યારે તો અપ્રાપ્ય છે.

**લોકપ્રકાશ** ચારે અનુયોગોની ન્યૂનાધિક માહિતી પૂરો પાડનારો એક રીતે અનન્ય ગણાતો જૈન વિશ્વકોશ છે.

જ્ઞાનને લક્ષીને સંસ્કૃતમાં રચાયેલી સ્વતંત્ર કૃતિ તરીકે ન્યાયાચાર્ય યશોવિજયગણિની કૃતિઓ જણાય છે.

આ પ્રમાણે દર્શનમીમાંસાનું વિહંગાવલોકન પૂર્ણ કરી હવે હું જૈન ન્યાયવિષયક કૃતિઓ વિષે થોડુંક કહીશ. જૈન ન્યાયમાં પ્રમાણ ઉપરાંત નય અને અનેકાન્તવાદનો ઉલ્લેખ જોવાય છે. આ વિષયના શ્રીગણેશ **સિદ્ધસેન** દિવાકરકૃત **ન્યાયાવતાર**ની રચનાથી મંડાયા છે. અકલંકે તેમજ વાદી દેવસૂરિએ આ વિષયનું વિસ્તૃત નિરૂપણ કર્યું છે. નવ્ય ન્યાયને હર્ષનન્દને અને વિશેષતઃ ન્યાયાચાર્યે પોતપોતાની કૃતિમાં સ્થાન આપ્યું છે.

નયોને અંગેની **નયપ્રાભૃત**, **નયાવતાર**, **સપ્તશતારનયચક્ર** અને **શતારનયચક્રાધ્યયન** નામના ગ્રન્થો તેમજ "વિધિનિયમ" થી શરૂ થતી ગાથાનું ભાષ્ય અદ્યાપિ મળી આવેલ નથી. આથી આ વિષયનો ઉપલબ્ધ અને મનનીય ગ્રન્થ તે **સિંહસૂરવાદિગણિ** ક્ષમાશ્રમણની ઉપર્યુક્ત ભાષ્ય ઉપરની મહાકાય ટીકા

૧. ગુજરાતી ભાષામાં પણ કર્મના સિદ્ધાન્તનો ઊંડો અને વ્યાપક બોધ તુલનાત્મક દૃષ્ટિએ કરાવે એવો એકે ગ્રંથ સ્વતંત્ર સ્વરૂપે રચાયેલો જણાતો નથી. આથી હું વર્ષો થયાં એ કાર્ય હાથ ધરવાની ભાવના સેવું છું અને એને મૂર્ત સ્વરૂપ મળે એથી તો મે એની એક યોજના ઘડી એ જૈન જગત્ સમક્ષ "કર્મમીમાંસાનું આયોજન" નામના લેખરૂપે રજૂ કરી છે. આ લેખ "જૈન ધર્મ પ્રકાશ" (પુ. ૬૭, અં. ૧)માં છપાયો છે.

છે. એ બાર નયોનું નિરૂપણ પૂરું પાડે છે એટલું જ નહિ પણ ભારતીય દર્શનોના અભ્યાસ માટેનું ઘણા મહત્ત્વનું સાધન છે. ન્યાયાચાર્યે નયોને લક્ષીને મનનીય કૃતિઓ રચી છે. જુઓ પૃ. **૬૫-૬૭.**

**અનેકાન્તજયપતાકા** એ અનેકાન્તવાદનાં સ્પષ્ટીકરણોમાં અને બૌદ્ધોના આક્ષેપોના પ્રતિકારમાં અગ્ર સ્થાન ભોગવે છે. એ વિષયનો અંતિમ પરંતુ મનનીય ગ્રન્થ તે ન્યાયાચાર્યકૃત **અનેકાન્તવ્યવસ્થા** છે. એ નવ્ય ન્યાયની ઝલકથી શોભતો ગ્રન્થ ભારતીય દર્શનો ઉપર પણ પુષ્કળ પ્રકાશ પાડે છે.

## યોગવિમર્શ

**''યોગ' શબ્દની નિષ્પત્તિ અને એના અર્થ**– સંસ્કૃત ભાષામાં બે युज् ધાતુ છે એ પૈકી એક ચોથા ગણનો છે અને બીજો સાતમા ગણનો છે. युज् ધાતુને 'घञ्' પ્રત્યય લગાડતાં 'યોગ' શબ્દ બને છે. પહેલાનો અર્થ 'સમાધિ' અર્થાત્ 'મનની સ્થિરતા' અને બીજાનો 'જોડવું' એમ થાય છે.[૨] યોગના ઉપર્યુક્ત બે અર્થ ઉપરાંત એના અન્ય અનેક અર્થો પ્રસંગ અને પ્રકરણ અનુસાર કરાય છે[૩] પરંતુ અહીં તો ઉપર્યુક્ત બે જ અર્થ પ્રસ્તુત છે. પંતજલિએ **યોગદર્શન** (પા. ૧)ના નિમ્નલિખિત બીજા સૂત્રમાં યોગનું લક્ષણ નીચે મુજબ આપ્યું છે.

**''योगश्चित्तवृत्तिनिरोधः''**

આમ આ મહર્ષિએ ચિત્તની વૃત્તિના નિરોધને 'યોગ' કહ્યો છે. આથી ચિત્તની ભવોત્પાદક અને ભવાભિમુખ વૃત્તિઓ ઉપર કાબુ મેળવવો તે 'યોગ' છે એમ ફલિત થાય છે. આથી મુક્તિ મેળવવામાં સહાયક ક્રિયા-ધાર્મિક પ્રવૃત્તિ તે 'યોગ' છે એમ કહી શકાય. જે પ્રવૃત્તિ સંસારી આત્માને મોક્ષ સાથે જોડી આપે તે યોગ છે. એ આનો મથિતાર્થ થયો. આ હકીકત હરિભદ્રસૂરિએ **યોગબિન્દુ**ના નિમ્નલિખિત પદ્યમાં કહી **યોગદર્શન**ગત યોગનાં લક્ષણો સાથે એકવાક્યતા સાધી છે.

**''अध्यात्मं भावना ध्यानं समता वृत्तिसंक्षयः ।**
**मोक्षेण योजनाद् योग एष श्रेष्ठो यथोत्तरम् ॥''**

આનો અર્થ એ છે કે અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિઓનો ક્ષય એ મોક્ષ સાથે જોડનાર છે એટલે એ બધાં યોગ છે પરંતુ ઉત્તરોત્તર એકેકથી ચડે છે.

આ હકીકત એમણે **જોગવીસિયા**ના આદ્ય પદ્યમાં નીચે મુજબ દર્શાવી છે.

**''मुक्खेण जोयणाओ जोगो सव्वो वि धम्मवावारो ।**
**परिसुद्धो विन्नेओ ठाणाइगणो विसेसेणं ॥१॥''**

---

૧. યોગને લગતી વૈદિક વગેરે કૃતિઓની વિસ્તૃત સૂચી થિઆડોરે આઉફ્રેક્ટ (Aufrecht) કૃત કેટેલોગસ કેટેલોગોરમ (Catalogus Catalogorum)ના Vol. I, pp. 477-481માં આપી છે. આ 'લાઈપ્સિગ'થી ઈ.સ. ૧૮૯૧માં છપાયેલ છે.

૨. સરખાવો હૈમ ધાતુપાઠ : ''युजिच् समाधौ અને 'युजूंपी योगे.'

૩. જુઓ 'લોકમાન્ય' તિલકકૃત **ગીતારહસ્ય** (પૃ. ૫૫-૬૦)

કહેવાની મતલબ એ છે કે મોક્ષ સાથેના જોડાણમાં સર્વ પ્રકારના શુદ્ધ ધાર્મિક વ્યાપાર 'યોગ' છે તો પણ અહીં વિશેષતઃ સ્થાન ઈત્યાદિ સંબંધી ધર્મવ્યાપારને જ 'યોગ' જાણવો.

આ. હરિભદ્રસૂરિએ મુક્તિ સાથે જોડનાર ધાર્મિક વ્યાપાર તે 'યોગ' એમ જે વ્યાખ્યા કરી છે તેને એમના પછીના જૈન ગ્રંથકારો અનુસર્યા છે.[1]

આત્માની સ્વાભાવિક સર્વ શક્તિઓનો પૂર્ણ વિકાસ જે ક્રિયા દ્વારા થાય તે જ્યારે 'યોગ' કહેવાય છે તો આત્માની ઉન્નતિ સાથે સંબંધ ધરાવનાર 'અધ્યાત્મ' એ એક રીતે યોગનો પર્યાય ગણાય.

**યોગને અંગેનું સાહિત્ય**– ભારતીય સાહિત્યની કોઈ પણ શાખાનું ધ્યેય મોક્ષની પ્રાપ્તિ હોવાથી અને પ્રાચીન સમયથી લોકોની યોગ તરફ અભિરુચિ હોવાથી 'ભારત' વર્ષમાં જેટલી આધ્યાત્મિક વ્યક્તિઓ-જેટલા [2]યોગીઓ થયા છે એનાથી બહુ જ અલ્પ સંખ્યામાં અન્યત્ર યોગીઓ થયા છે એટલે યોગનું ક્ષેત્ર જેટુલં ઊડું અને વ્યાપક સ્વરૂપે પરાપૂર્વ કાળથી અહીં ખેડાયું છે તેટલું અને તેવું અન્યત્ર ખેડાયું નથી. આત્માનું અસ્તિત્વ સ્વીકારનાર એકાત્મવાદી કે અનેકાત્મવાદી હોઈ શકે છે અને એ રીતે યોગના નિરૂપણ માટે બે માર્ગ પડે છે. **બ્રહ્મવિદ્યા** ઈત્યાદિ કેટલાંક ઉપનિષદો, [3]**યોગવાસિષ્ઠ**, **હઠયોગપ્રદીપિકા** વગેરે એકાત્મવાદને લક્ષીને રચાયા છે જ્યારે મહાભારતનું [4]યોગ-પ્રકરણ, પતંજલિનું **યોગદર્શન** તેમ જ જૈનોનું અને બૌદ્ધોનું યોગવિષયક સાહિત્ય અનેકાત્મવાદને અનુલક્ષીને રચાયું છે.

તત્ત્વજ્ઞાન જ્યાં સુધી ક્રિયાત્મક બને નહિ ત્યાં સુધી એ કોરી તત્ત્વવિચારણા શા કામની ? સમ્યક્ચારિત્ર વિના એ શોભે નહિ. આ ચારિત્ર એ યોગનું અને એક રીતે યોગાંગોનું સંક્ષિપ્ત નામ છે. આથી પૂર્વમીમાંસા સિવાયનાં વિવિધ દર્શનોનાં સૂત્રોમાં સાધનરૂપે યોગની ઉપયોગિતા દર્શાવાઇ છે. જેમકે

---

૧. દા.ત. ન્યાયાચાર્ય યશોવિજયગણિએ **જોગવીસિયા** (ગા. ૧)ના વિવરણમાં નીચે મુજબ અવતરણ આપ્યું છે.

''प्रणिधानादिभावेन परिशुद्धः सर्वोऽपि धर्मव्यापारः सानुबन्धत्वाद् योग.''

આનો અર્થ એ છે કે પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્ન-જય, સિદ્ધિ અને વિનિયોગ એ પાંચ ભાવોથી પરિશુદ્ધ એવો સર્વ જાતનો પણ ધર્મવ્યાપાર અનુબંધને લઈને ''યોગ'' છે. પાતંજલ યોગદર્શન (૧-૨)ની વ્યાખ્યામાં યશોવિજયગણિએ યોગનું લક્ષણ નીચે મુજબ આપ્યું છે.

''समितिगुप्तिसाधारणधर्मव्यापारत्वमेव योगत्वम्''

આનો અર્થ એ છે કે જે ધર્મવ્યાપારને એટલે કે સ્વભાવને યાને ચેતનાને અભિમુખ સમિતિ અને ગુપ્તિરૂપ ક્રિયા છે તે 'યોગ' છે.

૨. જે કોઈ આધ્યાત્મિક વિકાસ સાધે તે યોગી બને. આ વિકાસ સાધવામાં કોઈ દેશ, કાળ, જાતિ કે ધર્મ આડે આવે તેમ નથી.

૩. આનાં વૈરાગ્ય, મુમુક્ષુ-વ્યવહાર, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ અને નિર્વાણ એ છ પ્રકરણો યોગવિષયક પુષ્કળ સામગ્રી પૂરી પાડે છે. યોગદર્શનમાં જે બાબતો સંક્ષેપમાં છે તેનો અહીં ખૂબ જ વિસ્તાર છે અને એ દૃષ્ટિએ **યોગવાસિષ્ઠ** યોગનો ગ્રંથરાજ ગણાય.

૪. જુઓ ***શાન્તિપર્વ*** અને ***અનુશાસનપર્વ***.

મહર્ષિ ગૌતમે [1]ન્યાયસૂત્રમાં, કણાદે [2]વૈશેષિકદર્શનમાં, બાદરાયણે [3]બ્રહ્મસૂત્રમાં અને પતંજલિએ [4]યોગદર્શનમાં તેમ કર્યું છે. સાંખ્ય-સૂત્રમાં પણ યોગની પ્રક્રિયાનું વર્ણન નજરે પડે છે. [5]ભગવદ્-ગીતા (અ. ૬ અને ૧૩) યોગને અંગે અનેકવિધ માહિતી પૂરી પાડે છે. ભાગવત (સ્કંધ ૧૧)ના અધ્યાય ૧૫, ૧૯, ૨૦ ઈત્યાદિમાં યોગનું મનોરમ અને મધુર પદ્યોમાં વર્ણન છે. [6]ષટ્ચક્રનિરૂપણ, [7]મહાનિર્વાણતન્ત્ર ઈત્યાદિ તાંત્રિક સાહિત્યમાં પણ યોગની ચર્ચા છે[8] અને એ યોગ સંબંધી લોકરુચિનું પરિણામ હશે એમ લાગે છે.

મહર્ષિ બાદરાયણકૃત **બ્રહ્મસૂત્ર** (૨-૧-૩) ઉપરના શંકરાચાર્યકૃત **શારીરકભાષ્ય**માં નીચે મુજબ યોગનું લક્ષણ જોવાય છે.

**"अथ तत्त्वदर्शनोपायो योगः ।"**

પાતંજલ યોગદર્શનમાં **શારીરકભાષ્યગત** સૂત્ર નથી એથી શંકરાચાર્યની સામે કોઈ અન્ય યોગવિષયક શાસ્ત્ર હોવું જોઈએ એમ લાગે છે. આ કૃતિ હજી સુધી તો મળી આવી નથી.

પં. સુખલાલે તો "अथ सम्यग्दर्शनाभ्युपायो योगः" એવો પાઠ આને બદલે પ્રસ્તાવના (પૃ. ૩૮)માં આપ્યો છે. આનો અર્થ એ છે કે યોગ એ તાત્ત્વિક દર્શનનો ઉપાય છે-યથાર્થ જ્ઞાનનું સાધન છે.

યોગને અંગેની મહત્ત્વની ઉપલબ્ધ કૃતિઓ હરિભદ્રસૂરિએ રચી છે. ગૃહસ્થોને યોગની નિસરણીએ ચડાવનારી કૃતિઓ તે 'કલિકાલસર્વજ્ઞ' **હેમચન્દ્રસૂરિ**કૃત **યોગશાસ્ત્ર** અને એની સ્વોપજ્ઞ વૃત્તિ છે જ્યારે **શુભચન્દ્રાચાર્ય**કૃત **જ્ઞાનાર્ણવ** આ વિષયની પૂર્તિની તેમ જ વિશેષતઃ સન્તુલન માટેની સામગ્રી પૂરી પાડે છે.

## યોગમાર્ગની ભૂમિકાઓ

'[9]અધ્યાત્મ' એ સામાસિક પદ છે. 'આત્મન્' અને 'અધિ' ઉપસર્ગ મળીને 'અધ્યાત્મ' એવો 'અવ્યયીભાવ' સમાસ થયેલો છે. "आत्मनीत्यध्यात्म" આમ આનો વિગ્રહ કરાય છે. આથી 'અધ્યાત્મ'નો અર્થ 'આત્માને વિષે-ઉદ્દેશીને' થાય છે. 'આત્મા અને પરમાત્મા સંબંધી' એવો અર્થ ગુજરાતીમાં 'અધ્યાત્મ'

૧. જુઓ ૪-૨નાં સૂત્રો ૩૮, ૪૨ અને ૪૬.
૨. જુઓ ૬-૨-૨ અને ૬-૨-૮.
૩. જુઓ 'સાધન' નામનો ત્રીજો અધ્યાય કે જેમાં આસન, ધ્યાન ઈત્યાદિ યોગાંગોનું વર્ણન છે તેમ જ અ. ૪, પા. ૧ નાં સૂત્રો ૭-૧૧.
૪. જુઓ ત્રીજા પાદનાં સૂત્રો ૩૦-૩૪.
૫. આના ૧૮ અધ્યાયો પૈકી પહેલા છમાં કર્મયોગની, પછીના છમાં ભક્તિયોગની અને છેલ્લા છમાં જ્ઞાનયોગની મુખ્યતા જોવાય છે.
૬-૭. આમાંના ઉલ્લેખો માટે જુઓ યોગદર્શન તથા યોગવિંશિકાની પ્રસ્તાવના (પૃ. ૨૬)
૮. ભગવદ્-**ગીતા**ની **જ્ઞાનદેવ**કૃત જ્ઞાનેશ્વરી (અ. ૬ અને કબીરનો બીજકગ્રન્થ એ પ્રાદેશિક ભાષામાં યોગનું સ્વરૂપ રજુ કરે છે.
૯. આ શીર્ષકપૂર્વક પચાસ કૃતિઓ **'જૈન ગ્રન્થાવલી'** (પૃ. ૧૦૯-૧૧૩)માં નોંધાયેલી છે.

એ વિશેષણનો થાય છે. નામ તરીકે આ શબ્દનો અર્થ 'આત્મજ્ઞાન' યાને 'બ્રહ્મજ્ઞાન' કરાય છે. આ અર્થમાં 'અધ્યાત્મજ્ઞાન' એવો પણ પ્રયોગ કરાય છે. ગુજરાતીમાં અધ્યાત્મ-યોગ, અધ્યાત્મ-વિદ્યા અને અધ્યાત્મ-શાસ્ત્ર એવા પ્રયોગો પણ નજરે પડે છે.

આત્માના અસલી સ્વરૂપને-શુદ્ધ લક્ષમાં રાખી તે પ્રમાણે વર્તન કરવું અર્થાત્ એ શુદ્ધ સ્વરૂપને પ્રકાશમાં લાવવા પ્રયાસ કરવો તે 'અધ્યાત્મ' છે. આમ આત્મવિકાસની-આત્મરમણતાની કલ્યાણકારી દિશામાં યથેષ્ટ વિહાર એ 'અધ્યાત્મ' છે. આ અર્થમાં પાઈયમાં 'અજ્ઝત્થ' અને [1]'અજ્ઝપ્પ' શબ્દ છે. અંગ્રેજીમાં એને 'સ્પિરિચ્યુઅલિઝમ' (Spiritualism) કહે છે.

'અધ્યાત્મ' એ અર્થમાં 'યોગ' શબ્દ પણ વપરાય છે. 'જોડવું' એ અર્થવાળા યુજ્ ધાતુ ઉપરથી 'યોગ' શબ્દ બનેલો છે. મોક્ષનાં સાધનોને જોડી આપે તે 'યોગ' કહેવાય છે. અધ્યાત્મનો અર્થ પણ મુક્તિના માર્ગે સંચરવું એમ થાય છે એટલે આમ 'યોગ' એ અધ્યાત્મનો પર્યાય છે.

ન્યાયાચાર્ય યશોવિજયગણિએ અધ્યાત્મસાર (અધિ૦ ૨)માં નીચે મુજબ 'અધ્યાત્મ'નું લક્ષણ દર્શાવ્યું છે.

**"गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या ।**
**प्रवर्तते क्रिया शुद्धा तदध्यात्मं जगुर्जिनाः ॥२॥"**[2]

અર્થાત્ મોહના અધિકારમાંથી મુક્ત બનેલાઓની આત્માને ઉદ્દેશીને જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે છે તેને જિનેશ્વરો 'અધ્યાત્મ' કહે છે. આનંદઘનજી એ શ્રેયાંસનાથ ભ. ના સ્તવનમાં અધ્યાત્મનું ચાર નિક્ષેપપૂર્વક વિવેચન કર્યું છે.

'મોહ' એ આત્માનો કટ્ટર શત્રુ છે. એ મોહને વશ બનેલા પ્રાણી દેહને જ 'આત્મા' સમજે છે. એ મૂઢ દૃષ્ટિવાળો જીવ 'બહિરાત્મા કહેવાય છે. એની આંતરિક દૃષ્ટિ ખીલતાં એ 'અંતરાત્મા' અને એના મોહનાં પડળ સર્વથા દૂર થતાં-એનો સંપૂર્ણ વિકાસ સધાતાં એ 'પરમાત્મા બને છે. આ આત્મવિકાસની ગુણસ્થાનોની હકીકતો અધ્યાત્મના ગ્રંથોમાં નજરે પડે છે. એ આત્માની સંપૂર્ણ અને સાચી ઉન્નતિ સાધવાનો માર્ગ દર્શાવે છે. એ પરમાત્માના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડે છે.

યોગમાર્ગની અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય એમ જે પાંચ ભૂમિકાઓ ગણાવાય છે તે પૈકી અધ્યાત્મને અનુલક્ષીને નાની મોટી અનેક કૃતિઓ રચાઈ છે. એ પૈકી 'અધ્યાત્મ' પદથી શરૂ થતી નિમ્નલિખિત નામવાળી કૃતિઓ જિ૦ ર૦ કો૦ (ખંડ ૧, પૃ. ૫-૬)માં નોંધાયેલી છે.

---

૧. પણ્હાવાગરણ (૨, ૧)માં અજ્ઝપ્પસુઈ (સં. અધ્યાત્મશ્રુતિ) એવો પ્રયોગ આ અર્થમાં જોવાય છે.
૨. આ હકીકત અધ્યાત્મતત્ત્વાલોક (પ્ર. ૧, શ્લો. ૧૬)માં જોવાય છે.

**અધ્યાત્મકભેદ**, **અધ્યાત્મકમલમાર્તંડ**, **અધ્યાત્મકલિકા**, **અધ્યાત્મગીતા**, [1]**અધ્યાત્મતરંગિણી**, [2]**અધ્યાત્મપરીક્ષા**, **અધ્યાત્મપ્રદીપ**, **અધ્યાત્મપ્રબોધ**, **અધ્યાત્મબિંદુ** દ્વાત્રિંશિકા, **અધ્યાત્મલિંગ**, [3]**અધ્યાત્મવિદ્યોપનિષદ્**, **અધ્યાત્મસાર**, **અધ્યાત્મસારોદ્ધાર**, **અધ્યાત્માષ્ટક** અને **અધ્યાત્મોપનિષદ્**.

આમાં હું બે આધુનિક કૃતિઓ ઉમેરું છું : (૧) **અધ્યાત્મતત્ત્વાલોક** અને (૨) **અજ્ઝત્તતત્તાલોય**. બીજી કૃતિ મુખ્યત્વે કરીને પ્રથમ કૃતિની છાયારૂપ છે. બંને કૃતિના કર્તા ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિશ્રી **ન્યાયવિજયજી** છે.

અધ્યાત્મવિષયક પ્રાચીન કૃતિઓ પૈકી [4]**અધ્યાત્મગીતા** ગુજરાતીમાં છે અને **અધ્યાત્મમતપરીક્ષા** જ. મ. માં છે એટલે એ બે વિષે અહીં વિચાર કરવાનો રહેતો નથી. બાકીની બીજી કૃતિઓમાં **અધ્યાત્મકલ્પદ્રુમ** વિશેષતઃ સુપ્રસિદ્ધ તેમ જ અધ્યાત્મવિદ્યોપનિષદ્ એ સૌથી પ્રાચીન છે.

યોગમાર્ગની દ્વિતીય ભૂમિકા તે 'ભાવના' છે. એને લગતી અન્યાન્ય કૃતિઓમાં ગેયતાની દૃષ્ટિએ તો **શાન્તસુધારસ** અનુપમ છે. ભાવના પછી ધ્યાનને ઉદ્દેશીને મેં જે કેટલીક કૃતિઓનો નિર્દેશ કર્યો છે. તેમાં ધ્યાનના માર્ગના ૨૪ પ્રકારો વિષેની યથેષ્ટ માહિતી **ધ્યાનવિચાર** નામની અજ્ઞાતકર્તૃક કૃતિ પૂરી પાડે છે. સમતા માટે બે જ કૃતિ મારા જોવામાં આવી છે. સમાધિને અંગેની કૃતિઓમાં પૂજ્યપાદકૃત **સમાધિશતક** મોખરે છે. **વૈરાગ્યકલ્પલતા** વૈરાગ્ય ઉપરાંત સમાધિનું સ્વરૂપ પણ રજૂ કરે છે. **આત્માનુશાસન** નામની દિ. ગુણભદ્રની રચના નોંધપાત્ર છે. આત્મોન્નતિના ક્રમ ઉપર **રત્નશેખરસૂરિકૃત ગુણસ્થાનક્રમારોહ** મહત્ત્વનો પ્રકાશ પાડે છે. "ज्ञानस्य फलं विरति" અર્થાત્ જ્ઞાનનું ફળ વિરતિ છે એમ વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ **પ્રશમરતિ** (શ્લો. ૭૨)માં જે કહ્યું તે. જૈન મંતવ્ય સચ્ચારિત્ર ઉપર કોરા જ્ઞાન કરતાં વિશેષ ભાર મૂકે છે એમ દર્શાવે છે. મોક્ષ મેળવવા માટે સૌથી પ્રથમ તો માર્ગાનુસારી બનવું જોઈએ. એના પાંત્રીસ ગુણો કેળવવા જોઈએ. આ બાબત **ધર્મબિન્દુ**માં પ્રારંભમાં દર્શાવાઈ છે. શ્રાવકોના આચાર અંગે રત્નકરંડક વગેરે કૃતિઓ વિચારવી ઘટે.

મન્ત્રશાસ્ત્રના અભ્યાસ માટે પ્રાચીનતાની દૃષ્ટિએ **અનુભવસિદ્ધ-મન્ત્રદ્વાત્રિંશિકા**નો અને અનેક મન્ત્રશાસ્ત્રના સંગ્રહ જાણવાની ઈચ્છાની પૂર્તિ કરનાર તરીકે **વિદ્યાનુશાસન**નો ઉલ્લેખ થઈ શકે તેમ છે.

શાશ્વત કલ્પપુસ્તકો અંગે કોઈ સ્વતંત્ર કૃતિ સંસ્કૃતમાં હોય એમ જણાતું નથી.

---

૧. આ નામની બે કૃતિ છે.

૨. આ નામની એક કૃતિ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ રચી છે.

૩. આનું બીજું નામ અધ્યાત્મઉપનિષદ્ છે. પ્રચલિત નામ 'યોગશાસ્ત્ર' છે. અને એના કર્તા 'કલિ૦' હેમચન્દ્રસૂરિ છે.

૪. આ કૃતિ ખરતર દીપચંદના ભક્ત (શિષ્ય) દેવચન્દ્રે ૪૯ પદ્યોમાં રચી છે અને એને **આત્મગીતા** પણ કહે છે. નવ પદ્યની **અધ્યાત્મગીતા** નામની એક કૃતિ કમલકીર્તિએ રચી છે. જુઓ D C G C M (VOl. XVIII, pt. I, p. 86) આ સૂચીપત્ર (પૃ. ૧૫૯-૧૬૧)માં મેં **અધ્યાત્મબાવની** નામની ગુજરાતી કૃતિ તેમ જ **અધ્યાત્મફાગ** નામની હિન્દી કૃતિ વિષે અને પૃ. ૧૭૦માં **નેમિદાસે** ગુજરાતી પદ્યમાં રચેલી **અધ્યાત્મમાલા** યાને **અધ્યાત્મસારમાલા** વિષે નોંધ કરી છે.

## કલ્પ-સાહિત્ય

**ઉદ્ભવ**–જૈન ધર્મ નિવૃત્તિપ્રધાન છે અને એના અનુયાયીઓ વીતરાગ પરમાત્માના ઉપાસક છે. આથી કેટલાક વિદ્વાનો એવી કલ્પના કરે છે કે બૌદ્ધો તરફથી તાંત્રિક સાહિત્ય રચાતાં વૈદિક હિંદુઓએ પણ એવું સાહિત્ય રચ્યું અને આગળ જતાં એ બંનેના સહવાસમાં આવનારા રહેનારા જૈનોએ પણ એ પ્રકારનું સાહિત્ય રચ્યું. તેમાં પણ પ્રથમ તો જૈનોએ મન્ત્રો અને યન્ત્રોને લગતા સાહિત્યનું સર્જન કર્યું અને ત્યાર બાદ 'કલ્પ' રચવાનું કાર્ય એમણે હાથ ધર્યું.[1] આ પ્રકારના મંતવ્યો સાથે સંમત થતાં હું અચકાઉં છું કેમકે જૈન પરંપરા પ્રમાણે ભ. ઋષભદેવના સમકાલીન અને એમના અનન્ય ભક્ત નમિ અને વિનમિ એ બંને અનેક વિદ્યાઓના જાણકાર બન્યા હતા. આ વાત બાજુએ રાખીએ તો પણ **દિટ્ઠિવાય**ના એક પુવ્વમાં વિદ્યા, મન્ત્ર વગેરેને સ્થાન અપાયું હતું. એવા ઉલ્લેખો મળે છે અને એ પુવ્વની રચના તો મહાવીરસ્વામી સર્વજ્ઞ બન્યા પછી તરત જ થયેલી છે તેનું કેમ ?

**નામાવલી**–જૈન મુનિવરોએ જાતજાતના કલ્પ રચ્યા છે. એ પૈકી કેટલાકનાં નામ હું અહીં ગણાવું છું.

| | |
|---|---|
| ચિન્તામણિ-કલ્પ | રક્ત-પદ્માવતી-કલ્પ |
| જ્વાલામાલિની-કલ્પ | વર્ધમાન-વિદ્યા-કલ્પ |
| નમસ્કાર-કલ્પ | શક્રસ્તવ-કલ્પ |
| 'નમિઊણ'સ્તોત્ર-કલ્પ | સરસ્વતી-કલ્પ |
| ભૈરવ-પદ્માવતી-કલ્પ | સૂરિ-મંત્ર-કલ્પ |

**આમ્નાય–મહાપ્રભાવિક નવસ્મરણ**માં નીચે મુજબના પાંચ આમ્નાય અપાયા છે.

નવકાર-મંત્રામ્નાય, સન્તિકર-સ્તવામ્નાય, તિજયપહુત્ત-સ્તોત્રામ્નાય, ભક્તામર-સ્તોત્ર-મન્ત્રતન્ત્રામ્નાય અને કલ્યાણમન્દિર-સ્તોત્ર-મન્ત્રામ્નાય.

વિંશતિયન્ત્રવિધિ નામની મેઘવિજયગણિની કૃતિમાં જાત-જાતના યન્ત્રોનું આલેખન છે. આ વિષયને લગતી આથી પ્રાચીન કોઈ કૃતિ હોય તો તે મારા જાણવામાં નથી.

અનુષ્ઠાનો જાતજાતનાં છે. આ વિષય **નિર્વાણકલિકા** અને **આચારદિનકર**માં સારી રીતે નિરૂપાયો છે. જિનપ્રતિમાની પ્રતિષ્ઠાની વિધિ અંગે પુષ્કળ કૃતિઓ રચાઈ છે.

જૈન મંતવ્ય મુજબ પ્રત્યેક તીર્થંકરના જીવનમાં પાંચ વિશિષ્ટ પ્રસંગો ઉદ્ભવે છે. દરેકને 'કલ્યાણક' કહે છે. પાંચ કલ્યાણકો પૈકી જન્મ-કલ્યાણક વખતે 'મેરુ' પર્વત ઉપર ઈન્દ્રો તરતના જન્મેલા તીર્થંકરનો અભિષેક કરે છે. ભ. ઋષભદેવનો તો રાજ્યાભિષેક પણ ઉજવાયો હતો. જન્માભિષેકને લક્ષીને જાતજાતની કૃતિઓ રચાઇ છે. જેમકે જીવદેવસૂરિકૃત **જિણન્હવણવિહિ**, વાદિવેતાલકૃત **અર્હદભિષેકવિધિ**, અજ્ઞાતકર્તૃક [2]જમ્માભિસેય, **આશાધરાદિકૃત મહાભિષેક**, નન્નગકૃત મહાવીરકલસ અને વિવિધ

૧. જુઓ "જૈનાચાર્ય" શ્રીઆત્માનંદ જન્મશતાબ્દિ સ્મારક ગ્રન્થ પૃ.૯.

૨. આ અપભ્રંશમાં છે.

સ્નાત્રપંચાશિકાઓ ઈત્યાદિ. આ પૈકી સંસ્કૃત કૃતિઓની નોંધ લેતી વેળા મેં **જિણન્હવણવિહિની** તેમજ અજ્ઞાતકર્તૃક **જમ્માભિસેયની** નોંધ લીધી છે. એથી અહીં તો નન્નગે તેમ જ અન્ય કોઈએ રચેલા **મહાવીરકલસ** તથા જયમંગલકૃત **મહાવીરવૃદ્ધકલશનો** ઉલ્લેખ કરવો બસ થશે કેમકે **સ્નાત્રપંચાશિકા** નામની ચાર કૃતિઓ વિષે તો મેં **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૨, ઉપખંડ ૧, પૃ. ૨૬૩)માં સંક્ષેપમાં નિર્દેશ કર્યો છે. બેસતે મહિને તેમ જ અન્ય કેટલાક પ્રસંગોએ જિનાલયોમાં સ્નાત્ર ભણાવાય છે. કેટલીક વાર શાન્તિ-સ્નાત્ર અને કોઈ કોઈ વાર અષ્ટોત્તરી સ્નાત્ર માટે પણ તેમ કરાય છે. તીર્થંકરના અભિષેકને ઉદ્દેશીને રચાયેલી **અર્હદભિષેકવિધિ** મહત્ત્વપૂર્ણ છે.

## **સ્વમતસમર્થક** કિંવા **ખંડનમંડનાત્મક ગ્રન્થો**

જૈન દૃષ્ટિ પ્રમાણે જગત્ અનાદિ અનંત છે. આથી એમ કહી શકાય કે સત્ય અને અસત્ય એ બંને જગજૂનાં છે-શાશ્વત છે. વળી આ બંને એક બીજાના કટ્ટર દુશ્મન છે. આથી તો એકનો સ્વીકાર કરનાર અન્યને સાથ આપી શકે નહિ એ દેખીતી વાત છે. જે પદાર્થ જેવો હોય તેવો તેને રજૂ કરવો એ સત્ય હકીકત છે. આમ કરવા માટે બે રીત કામમાં લઈ શકાય તેમ છે : (૧) મંડનાત્મક અને (૨) ખંડનાત્મક. પ્રથમ રીતે ગ્રહણ કરનાર પોતાનું મંતવ્ય સીધે સીધું રજૂ કરે છે અને તેમ કરતી વેળા એની ઈચ્છા હોય તો તેના સમર્થનાર્થે પ્રમાણો પણ પૂરાં પાડે છે પરંતુ એ કંઈ વિરુદ્ધ મંતવ્યના દોષો રજૂ કરતો નથી. ખંડનાત્મક રીત પસંદ કરનાર પોતાના પક્ષનું સ્થાપના કરે છે અને તેમ કરતી વેળા વિરુદ્ધ પક્ષની ખબર પણ લે છે. અને એમાં પ્રચ્છન્ન કે પ્રગટ સ્વરૂપે રહેલા દોષો એ દર્શાવે છે અને એની સાબિતી પણ આપે છે. મંડનાત્મક ગ્રન્થોમાં ખંડન ગર્ભિત રીતે હોય છે એટલે કડવાશનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી. આથી તો એવા ગ્રન્થ વાંચનારને પોતાના મતથી વિરુદ્ધ વાતો વાંચતાં પણ ગુસ્સો ચડતો નથી બલ્કે પોતાના મંતવ્યને કસી જોવાનો લાભ મળે છે. ખંડનાત્મક ગ્રન્થોની વાત જુદી છે. એ સામા પક્ષનાં મંતવ્યો ઉપર પ્રહાર કરે છે એટલે એ એટલે અંશે અરુચિકર બને છે. તેમાં પણ જો એ ગ્રન્થ દ્વારા ખોટી વસ્તુને વખોડવાને બદલે એના પ્રરૂપકને ઉધડે હાથે લેવાનું-વિરુદ્ધ મત ધરાવનાર તરફ દ્વેષ દર્શાવવાનું કે એનો ઉપહાસ કરવાનું પગલું ભરાયું હોય તો તે વધારે પ્રમાણમાં અરુચિકર બને છે અને કેટલીક વાર તો અદાવત કેળવવામાં સહાયક બને છે. આવી પરિસ્થિતિ હોવા છતાં કેટલીક વાર ખંડનાત્મક ગ્રન્થો યોજાયા છે અને યોજાય છે. દાર્શનિક કૃતિઓમાં સામાન્ય રીતે ઈતર દર્શનનાં મંતવ્યોનું ખંડન હોય છે. **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** જેવી કૃતિ કેવળ ખંડનાત્મક નથી પરંતુ એનું લક્ષ્ય સમન્વય સાધવાનું પણ છે એટલે એ તો અપવાદરૂપ ગણાય. આથી આ ઈતિહાસમાં જે દાર્શનિક કૃતિઓની નોંધ લેવાઈ છે તે એક પ્રકારની ખંડનાત્મક કૃતિઓ છે. આ ઉપરાંતની અન્ય પ્રકારની પણ ખંડનાત્મક કૃતિઓ જૈનોને હાથે રચાઈ છે અને તેમાં એક સંપ્રદાયે અન્ય સંપ્રદાયની ઝાટકણી કાઢી છે. દા. ત. શ્વેતાંબરોએ દિગંબરોની અને દિગંબરોએ શ્વેતાંબરોની માન્યતાઓનું જોરશોરથી નિરસન કર્યું છે. આ તો બે ભિન્ન ભિન્ન સંપ્રદાયની વાત થઈ. એક જ સંપ્રદાયની વ્યક્તિઓમાં પણ મુખ્યતયા ક્રિયાકાંડને અંગે વિરોધ ઉદ્ભવતાં ખંડનાત્મક કૃતિઓ રચાઈ છે અને રચાય છે. 'તપા' ગચ્છના કેટલાક મુનિવરોએ સ્વતંત્ર રીતે કે ઈતર ગચ્છાનુગામીઓના આક્ષેપોના ઉત્તરરૂપે તે તે ગચ્છના મંતવ્યોનું નિરસન કર્યું છે. એવી રીતે 'ખરતર' વગેરે ગચ્છના મુનિવરોએ સ્વતંત્ર રીતે કે આક્ષેપોના જવાબરૂપે કૃતિઓ યોજી છે. વળી કેટલીક વાર એક જ ગચ્છના

મુનિવરોએ પણ એકબીજાનાં ખોટાં જણાતાં મંતવ્યોના નિરસનાર્થે કૃતિઓ યોજી છે. આ ઉપરાંત મૂર્તિપૂજક શ્વેતાંબર પંથના મુનિવરોએ સ્થાનકવાસી-લુંપકોને ઉદ્દેશીને ગ્રંથો રચ્યા છે. આમ જે બીજા પ્રકારની ખંડનાત્મક કૃતિઓ છે તે પૈકી કેટલીકની મેં નોંધ પૃ. **૧૫૯** વગેરેમાં લીધી છે. આવી કૃતિઓ નોંધીને મારે કોઠીમાંનો કાદવ કાઢવા જેવી અધમ વૃત્તિને પોષવી ન હતી પરંતુ સાંપ્રદાયિક ઇતિહાસની ભૂમિકા પૂરી પાડવા માટે અને વેરવિરોધના પ્રસંગો સમભાવથી ઉકેલવા માટે વિચારવા લાયક મુદ્દાઓ દર્શાવવા માટે મેં આ પ્રકરણ યોજ્યું છે.

'પ્રકીર્ણક વિષયો' નામક પ્રકરણમાં નિર્દેશાયેલી કૃતિઓમાં **અષ્ટકપ્રકરણ** અને **દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા** તેમ જ **વિવેકવિલાસ** એમાં નિરૂપાયેલા વિવિધ વિષયોને લઈને નોંધપાત્ર છે. શ્રમણોને આત્મોન્નતિ સાધવામાં માર્ગદર્શક થઈ પડે એવી બે કૃતિ **જિનવલ્લભગણિ**એ રચી છે અને એ પૈકી **સંઘપટ્ટક** તો ઉત્કીર્ણ પણ છે. આ પ્રકરણમાં કેટલીક પટ્ટાવલીઓને સ્થાન અપાયું છે તે એક જાતની ઐતિહાસિક સામગ્રી પૂરી પાડે છે. **હીરપ્રશ્ન**, **સેનપ્રશ્ન**, **તાત્ત્વિકપ્રશ્નોત્તર** અને **વિચારરત્નાકર** જિજ્ઞાસુઓની શંકાઓના સમાધાન માટે ઉપયોગી છે.

**શૃંગારવૈરાગ્યતરંગિણી** એ શબ્દોની જાતજાતની રમતોના ઉત્તમ નિદર્શનની ગરજ સારે છે. મૂળ શબ્દમાં અક્ષરની વૃદ્ધિ, મૂળ શબ્દગત કોઇ અક્ષરનો લોપ, કોઇ શબ્દમાં અક્ષરની વૃદ્ધિ અને સાથે સાથે કોઈ અક્ષરનો લોપ, અનેકાર્થિકતા, પદચ્છેદની ભિન્નતા તેમ જ અક્ષરોમાં પરિવર્તન રમતોની વિવિધતામાં કારણરૂપ છે. આ બાબત હું નીચે મુજબ દર્શાવું છું.

**વૃદ્ધિ**

| | | |
|---|---|---|
| અલિક | (¹૫) | અલીક |
| આનન | (૮) | કાનન |
| કર | (૨૪) | કરક |
| કેશ | (૨) | ક્લેશ |
| ગલ | (૧૫) | અર્ગલ |
| ભુજ | (૧૯) | ભુજગ |
| મુખ | (૯) | આમુખ |
| વક્કચ | (૩) | નવક્કચ |
| વાલ | (૧) | વ્યાલ |
| સ્ત્રી | (૩૧) | શસ્ત્રી |
| હાર | (૨૫) | નીહાર |

**લોપ**

| | | |
|---|---|---|
| અધર | (૧૨) | ધર |
| કુન્તલભાર | (૪) | કુન્તભાર |
| જઘન | (૨૮) | ઘન |
| દૃષ્ટિપાત | (૭) | ઋષ્ટિપાત |
| નિતંબ | (૨૯) | નિંબ |
| નૂપુર | (૩૦) | પુર |
| ભ્રૂ | (૬) | ભૂ |
| વદન | (૧૧) | વન |
| વધૂ | (૩૨) | ધૂ |
| વલયભર | (૨૩) | બલભર |
| વિષય | (૩૪) | વિષ |
| સ્પર્શ | (૧૬) | સ્પશ |

**વૃદ્ધિ તથા લોપ**

| | | |
|---|---|---|
| કુણ્ડલયુગ | (૧૩) | કુણ્ડયુગલ |
| સ્તન | (૧૭) | અસ્ત |

**દ્વયર્થક**

| | |
|---|---|
| અલીક | (૫) |
| દોષાવગૂઢ | (૨૧) |

૧. "દીવા નથી દરબારમાં થયું અંધારું ઘોર" એ જાણીતી પંક્તિ છે.

**પદચ્છેદ**

અંગના+ઉદર (૨૬) અંગ + નો + દર

અનલસ + દૃશો (૩૩) અનલ + સદૃશો

તાડંકં (૧૪) તાડં+કં

નર + કાન્તમ્ (૩૫)

નરક + અન્તમ્

નાભીમય (૨૭) ન + અભીમય

નીરાગ (૩૭) નીર + અગ

પરમ્ + અંગદં (૨૨) પરમં ગદં

સર્વદા + આસ્ય (૧૦) સર્વ + દાસ્ય

**પરિવર્તન**

કામિની (૪૦) યામિની

ભામા (૪૧) ભીમાટવી

'વૃદ્ધિ' માટે ગુજરાતી ઉદાહરણ તરીકે હું આગેવાનનું 'આગેહેવાન' રૂપાંતર રજૂ કરું છું. એવી રીતે 'લોપ' માટે કુન્તલનું 'કુન્ત' રૂપાંતર સૂચવું છું. પદચ્છેદ માટે "દીવા નથી' અને 'દીવાનથી'નો નિર્દેશ કરું છું.

વસ્તુવિજ્ઞાનરત્નકોશ તેમ જ **વૃદ્ધપ્રસ્તાવોક્તિરત્નાકર** વિષે તો એટલું જ કહીશ કે એ બંને કૃતિઓ સત્વર પ્રકાશિત થવી ઘટે કે જેથી એના અર્થીઓ એનો યથેષ્ટ લાભ લઈ શકે.

૪૮મા પ્રકરણમાં મેં આગમાદિકના વિવિધ અને બહુશ્રુત વિવરણકારોની કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે તે તો દિશામાત્ર છે. એમાં કયા કયા વિશિષ્ટ પ્રણેતાનો નામનિર્દેશ પણ કરવો રહી ગયો છે તેની તપાસ કરવી બાકી રહે છે.

જૈન આગમોના ઉપર વૃત્તિ રચનારા મુનિવરોનાં જે નામ પ્ર. ૪૮માં અપાયાં છે તે અકારાદિ ક્રમે દર્શાવું છું.

**કોટ્યાર્યવાદિગણિ, કોટ્યાચાર્ય, ગન્ધહસ્તી, જિનભટસૂરિ, જિનભદ્રગણિ, મલયગિરિસૂરિ, વાહરિગણિ, શીલાંકસૂરિ, હરિભદ્રસૂરિ** અને **હેમચન્દ્રસૂરિ.**

જે અનાગમિક કૃતિઓ પાઈયમાં રચાઈ છે તેના વૃત્તિકારોનાં જે નામો પ્ર. ૪૮માં મેં નોંધ્યાં છે તે નીચે પ્રમાણે છે.

**અભયદેવસૂરિ તર્કપંચાનન, કીર્તિરત્ન, જગચ્ચન્દ્રવિજયજી, જયશેખરવિજયજી, જિનચન્દ્રસૂરિ (દિ૦), જિનસાગરસૂરિ, જિનેશ્વરસૂરિ, જ્ઞાનભૂષણ (દિ૦), દેવવિજયગણિ, ન્યાયાચાર્ય, પદ્મમન્દિરગણિ, ભુવનતુંગસૂરિ, મલ્લવાદી, લક્ષ્મીસૂરિ, શીલરત્ન, શુભવર્ધનગણિ, સિદ્ધસેન દિવાકર, સુમતિ (દિ૦)** અને **હર્ષનન્દન.**

## ઉત્કીર્ણ સાહિત્ય

શ્વેતાંબરો તેમ જ દિગંબરો એમ જૈનોના બંને સંપ્રદાયોનો ઉત્કીર્ણ સાહિત્યના સર્જનમાં ફાળો છે. પશ્ચિમ ભારત અને રજપૂતાનામાંથી ઉપલબ્ધ થતા જૈન ઉત્કીર્ણ લેખો મોટે ભાગે શ્વેતાંબર સંપ્રદાય સાથે સંબંધ ધરાવે છે જ્યારે દક્ષિણ ભારતના જૈન લેખો મોટે ભાગે દિગંબર સંપ્રદાયના જણાય છે. આ બંને સંપ્રદાયમાં જેઓ અમૂર્તિપૂજક છે તેમને તો પાષાણની કે ધાતુની જૈન પ્રતિમાઓ સાથે સંબંધ નહિ હોવાથી એમની તરફથી આવી પ્રતિમાઓ ઉપર કશું લખાણ કોતરાવાયેલું મળતું નથી.

૧. "દીવા નથી દરબારમાં થયું અંધારુ ઘોર" એ જાણીતી પંક્તિ છે.

શિલાલેખો કરતાં ધાતુ ઉપરના લેખો વધારે સમય સુધી સચવાઈ રહે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ [1]તામ્રપત્રોનું મૂલ્ય શિલાલેખો અને પ્રતિમા ઉપરના લેખો કરતાં વિશેષ ગણાય છે કેમકે એ ધાર્મિક બાબતો ઉપરાંત સામાજીક અને રાજકીય હકીકતો ઉપર પણ પ્રકાશ પાડે છે પરંતુ કોણ જાણે કેમ એ પુષ્કળ પ્રમાણમાં હજી સુધી તો મળી આવ્યાં નથી. જૈન તામ્રપત્રોનો મોટો ભાગ દક્ષિણ ભારત સાથે એટલે કે દિગંબર સંપ્રદાય સાથે સંબંધ ધરાવે છે જ્યારે શ્વેતાંબર સંપ્રદાય સાથે સંબંધ ધરાવનારાં તામ્રપત્રો તો હજી સુધી બહુ જ થોડાં મળ્યાં છે.

ધાતુની પ્રતિમા ઉપરના લેખો મોટે ભાગે એની પાછળના ભાગમાં કોતરાયેલા જોવાય છે અને એની સંખ્યા સેંકડોની છે. આ લેખો સંક્ષિપ્ત હોઈ એમાં થોડી જ વિગતો અપાયેલી હોય છે અને એથી કરીને તો એમાં શિલાલેખોની જેમ વૈવિધ્ય જણાતું નથી. પ્રતિમાના લેખોમાં સાધારણ રીતે જે તીર્થંકરની પ્રતિમા હોય તેમનું નામ, પ્રતિષ્ઠા કરાવનારનું નામ, પ્રતિમા કરાવનારનું નામ અને સાથે સાથે એનાં જ્ઞાતિ, ગોત્ર અને પુત્રાદિનાં નામ, નગરનું (અને ગામ હોય તો તેનું) નામ અને પ્રતિષ્ઠાનું વર્ષ એ વિગતો હોય છે. આ લેખો સાર્વજનિક ઈતિહાસ માટે વિશેષતઃ ઉપયોગી ન ગણાય એ સ્વાભાવિક છે પરંતુ એ પ્રાચીન સમયના જૈન મુનિવરો અને કુટુંબોની નામાવલી અને એમના સમય ઉપર પ્રકાશ પાડે છે એટલે જૈન ઈતિહાસ માટે તો મહત્ત્વના છે જ. આથી એનું પ્રકાશન આવશ્યક અને આવકારદાયક છે પરંતુ એ ગમે તેવી રીતે પ્રકાશિત થાય-પૂરી કાળજી અને આવડત વિના પ્રકાશિત થાય તો એથી જૈન ઈતિહાસને હાનિ પહોંચે-એ વિના કારણ વિકૃત બને.

**પુરવણી**—અંતમાં જે પુરવણી મેં આપી છે તે તો પ્રસ્તુત પુસ્તકનું કલેવર ઘણું વધી ગયું હોવાથી નામમાત્રની આપી છે. બાકી ખરી પુરવણી આપવી હોય તો સૌથી પ્રથમ તો જે મહત્ત્વના સંસ્કૃત ગ્રન્થો-મુદ્રિત તેમ જ અમુદ્રિત વિષે સંક્ષિપ્ત પરિચય પણ આ ત્રણ વિભાગમાંથી એકેમાં અપાયો નહિ હોય તે આપવો જોઈએ, જો કે તેમ કરવા માટે સમૃદ્ધ પુસ્તકાલયની તેમ જ તંદુરસ્ત તબિયતની અપેક્ષા રહે છે. આ કાર્ય ઉપરાંતનું કાર્ય તે આ ત્રણ વિભાગમાં જે જે ગ્રન્થો વિષેની માહિતીમાં મહત્ત્વની જે બીનાઓ ઉમેરવી રહી ગઈ હોય તેને સ્થાન આપવાનું છે. આ ન્યૂનતાઓ દૂર કરવા માટે તેમ જ મારા લખાણમાં જે ક્ષતિઓ જણાતી હોય તે સૂચવવા સહૃદય સાક્ષરો જો વહેલામોડા પણ કટિબદ્ધ થશે તો જૈન સાહિત્યની એ ઉત્તમ સેવા કાર્યના યશના તેઓ ભાગી બનશે અને જૈન સંસ્કૃત સાહિત્યના ગૌરવમાં-જયજયકારમાં વિશિષ્ટ વૃદ્ધિ થશે.

કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા, સુરત-૨.
તા. ૧૮-૫-'૬૯

**હીરાલાલ ર. કાપડિયા**

૧. આગમોદ્ધારક **આનંદસાગરસૂરિજીએ** ૪૫ આગમોને સુરતમાં આગમમંદિરમાં તામ્રપત્રારૂઢ કરાવ્યાં છે. એમણે એ પૂર્વે એ આગમોને તેમ જ તત્ત્વાર્થસૂત્ર વગેરેને સિદ્ધાચલ ક્ષેત્રમાં શિલારૂઢ કરાવ્યાં હતાં.

# जैन संस्कृत साहित्य का इतिहास : एक महत्त्वपूर्ण प्रयत्न

**लेखक : अगरचन्द नाहटा, बीकानेर.**

जैन साहित्य बहुत ही विशाल और वैविध्यपूर्ण है । भारतकी प्राय: सभी भाषाएं और सभी उपयोगी विषयों में वह रचा गया है । भगवान महावीर ने तत्कालीन जनभाषा अर्धमागधी में उपदेश दिया था जिसे उनके प्रधान शिष्य गणधर ने मूलरूप में संकलित किया । वह लगभग एक हजार वर्ष मौखिक रूपसे (गणधरो के संकलित आगमों के रूप में) चलता रहा । परवर्तित प्राकृत साहित्य श्वेताम्बर सम्प्रदाय का माहाराष्ट्री और दिगम्बर सम्प्रदाय का शौरसेनी में रचा गया है । आगे चलकर जब संस्कृत का भी प्रभाव बहुत अधिक बढ़ा तब पहली-दूसरी शताब्दी से संस्कृत में भी जैन ग्रन्थ रचे जाने लगे । उपलब्ध ग्रन्थों में सब से पहला उल्लेखनीय जैन संस्कृत ग्रन्थ तत्त्वार्थसूत्र है । फिर आचार्य सिद्धसेन समन्तभद्र आदि अनेक विशिष्ट विद्वानोंने प्रौढ़ संस्कृत रचनाऐं की जिसका प्रवाह और प्रभाव बढ़ता ही गया । मध्यकालमें जैन विद्वानों ने संस्कृत में भी महाकाव्य, चरितकाव्य, नाटक, कथा और व्याकरण, कोश, छन्द, अलंकार, ज्योतिष, वैद्यक आदि सभी विषयो में प्रचुर साहित्य निर्माण किया । इधर प्राकृत, अपभ्रंश और लोकभाषाओं में भी जैन साहित्य बराबर रचा जाता रहा ।

जैन संस्कृत साहित्य का वैसे तो कई विद्वानोंने अपने ग्रन्थों में संक्षिप्त परिचय दिया है । संस्कृत साहित्य के इतिहास ग्रन्थों में भी जैन संस्कृत साहित्य का कुछ विवरण प्रकाशित होता रहा है । पर समूचे जैन संस्कृत साहित्य का कोई भी स्वतन्त्र इतिहास नहीं लिखा गया था । हर्ष की बात है कि इस अभाव की पूर्ति जैन साहित्य के विशिष्ट ज्ञाता **प्रो.हीरालाल रसिकलाल कापडिया** ने कर दी है । उन्होनें गुजराती में "**जैन संस्कृत साहित्यनो इतिहास**" नामक ग्रन्थ तैयार करके प्रकाशित करवा दिया है । खेद है कि अभी तक इस की विशिष्ट जानकारी जैन विद्वानों को भी प्राय: नहीं है । इसलिए प्रस्तुत लेख में उसका संक्षिप्त परिचय दिया जा रहा है ।

प्रोफेसर कापडिया ने श्वेताम्बर दिगम्बर दोनो सम्प्रदायों की ज्ञात संस्कृत रचनाओं का विषय वर्गीकरण करके जो विवरण अपने ग्रन्थ में दिया है वह काफी परिश्रम-साध्य और उपयोगी है । उन का यह ग्रन्थ ५० प्रकरणों में विभक्त है । अत: ग्रन्थ काफी बड़ा हो जाने से तीन जिल्दों में छपवाना पड़ा । प्रथम खण्ड में १७ प्रकरण हैं जिन में से पहला प्रस्ताविक, दूसरा सामान्य व्याकरण, हैम पंचांग व्याकरण फिर क्रमश: कोष, छन्द, अलंकार, नाट्य, संगीत, कामशास्त्र, स्थापत्य और मुद्राशास्त्र, गणित निमित्त (ज्योतिष), वैद्यक, पाकशास्त्र, विज्ञान, नीतिशास्त्र (सुभाषित) और इस के बाद व्याकरणादि आठ विषयों के अजैन ग्रन्थों की जैन टीकाओं का विवरण दिया गया है । इस भाग में सर्वजनोपयोगी साहित्य का विवरण देनेसे इस प्रथम खण्ड का नाम "सार्वजनीन साहित्य" रखा गया है । ७२ पृष्ठों का विस्तृत उपोद्घात और अन्त में विशेषनामसूची आदि को लेकर यह ५५० पृष्ठों से भी बड़ा हो गया है । 'श्री मुक्ति कमल जैन मोहनमाला', बडौदा से सन १९५६में यह प्रथम भाग प्रकाशित हुआ । इसका मूल्य ६ रू.है ।

प्रस्तुत ग्रन्थ का द्वितीय खण्ड बहुत बड़ा होने से दो जिल्दों में निकाला जा रहा है । पहली जिल्द के १८ प्रकरण (१८ से पैतीस तक में) ललित साहित्य का विवरण दिया गया है । इस में जिनचरित्र, पुराण, प्रकीर्ण चरित्र, प्रबन्ध, द्वयाश्रय आदि, अनेकसंधानकाव्य, चंपू, गद्यात्मक ग्रन्थ, लघु-पद्यात्मक कृतियां, स्तुति-स्तोत्र, पादपूर्तिकाव्य, विज्ञप्तिपत्र, दृश्यकाव्य-नाटक आदि, और अन्त में जैनेतर ललित साहित्य की जैन टीकाएँ

एवं लघुपद्यात्मक कृतियों का विवरण दिया गया है । इस जिल्द मूल ग्रन्थ के ५७६ पृष्ठ हो गये हैं । भूमिका परिशिष्ट आदि को लेकर यह काफी बड़ा ग्रन्थ हो गया है । कुल ९६० पृष्ठों की इस जिल्द का मूल्य १२ रू. रखा गया है । सन १९६८ में इस का प्रकाशन हुआ है ।

तीसरी जिल्द में १५ प्रकरण (३६ से ५० तक) खण्ड का अंश है । इस खण्ड का नाम 'धार्मिक व दार्शनिक' साहित्य रखा गया है । इस में दर्शनमीमांसा, न्याय, योग, अनुष्ठानात्मक साहित्य, मंत्रकल्पादि, खण्डनमण्डन पट्टावली, प्रश्नोत्तर, प्राकृत ग्रन्थों की संस्कृत टीकाएँ, अजैन दार्शनिक ग्रन्थों की दार्शनिक टीकाएँ, उत्कीर्ण लेखसंग्रह आदि का विवरण दिया गया है । यह मूल ग्रन्थ ३७० पृष्ठों का है । परिशिष्ट शुद्धिपत्र आदि लेकर ६०० पृष्ठों से भी बड़ा हो गया है ।

इस तरह जैन संस्कृत साहित्य के सभी अंगो का यथाज्ञात विवरण देकर श्री कापडियाजी ने जैन संस्कृत साहित्य की बहुत अच्छी जानकारी अपने इस बृहत् ग्रन्थ में प्रस्तुत कर दी है । शोधार्थियों और जिज्ञासुओं के लिए यह बहुत ही महत्त्वपूर्ण एवं उपयोगी जानकारी देनेवाले संदर्भ ग्रन्थरत्न है ।

कापडियाजीने प्राकृत जैन साहित्य और आगमो आदि ग्रन्थों के सम्बन्ध में भी अंग्रेजी और गुजराती में बडे परिश्रम से ग्रन्थ तैयार करके प्रकाशित करवा दिये है । जैन कर्म सम्बन्धी साहित्य पर भी आपका ग्रन्थ छप चूका है । गुजराती जैन साहित्य का इतिहास लिखने की भी उनकी बड़ी इच्छा थी जो अधूरी रह गयी ।

अनेक पत्र और पत्रिकाओं में आप के सैंकड़ो महत्त्वपूर्ण लेख प्रकाशित हो चूके है । और बहुत से ग्रन्थों का आपने सुसम्पादन किया है । इसकी एक सूची 'हीरक-साहित्य विहार' के नाम से सन ६० में प्रकाशित हुई थी । उसके बाद तो आपने और बहुतसे लेख लिखे हैं । और 'जैन धर्म प्रकाश,' 'आत्मानन्द प्रकाश,' 'जैन' आदि पत्र पत्रिकाओं में उनके लेख छपते ही रहते हैं । शतावधानी पं. धीरजलाल शाह से आयोजित मानतुंग सारस्वत समारोह में आपको अन्य जैन विद्वानों के साथ गत मार्च में सम्मानित किया गया जिसके आप वास्तविक अधिकारी हैं ही ।

**श्रीमोहनलाल दलीचंद देशाईने** जो वर्षोतक जैन साहित्य की खोज की थी और **'जैन साहित्यनो संक्षिप्त इतिहास'** और **'जैन गूर्जर कवियों'** तीन भाग द्वारा जैन साहित्य का विवरण साहित्य जगत् के समक्ष उपस्थित किया था उसके बाद गुजराती भाषा में जैन साहित्य सम्बन्धी इतनी जानकारी प्रकाश में लाने का श्रेय आपको ही है । यद्यपि आप के लेख अनेक पत्र पत्रिकाओं में छप चूके हैं पर जहां तक उन लेखों का कोई संग्रह ग्रन्थ प्रकाशित नही हो जाय वहां तक उनका ठीक से उपयोग नहीं हो सकता। इस लिए आप के महत्त्वपूर्ण लेखों का संशोधित संग्रह-ग्रन्थ अवश्य ही प्रकाशित करना चाहिये ।

प्रस्तुत 'जैन संस्कृत साहित्य का इतिहास' जैन साहित्य व कलामर्मज्ञ विद्वान् मुनिश्री यशोविजयजी के विशेष प्रयत्न से प्रकाशित हो रहा है । अन्यथा ऐसे ग्रन्थों का प्रकाशन होना भी बड़ा कठिन है । अतः इस सत् प्रयत्न के लिए पूज्य मुनिवर्य श्री यशोविजयजी भी अनेकानेक साधुवाद के पात्र है । जैन साहित्यप्रेमी *इन ग्रन्थों को पढ़कर और खरीदकर लाभ उठावें । हिन्दी और अंग्रेजी में भी इस महान ग्रन्थ का अनुवाद* प्रकाशित हो । दिगंबर विद्वान भी ऐसे ग्रन्थों को तैयार कर दिगम्बर साहित्य की आवश्यक जानकारी शीघ्र ही प्रकाश में लावें, यही शुभकामना है ।

---

### પૂ. આ. ભ. શ્રી ૐકારસૂરીશ્વરજી મ. સા. દ્વારા લિખિત ગ્રંથો

૧. જ્ઞાનસાર ભાગ ૧-૨ પ્રવચન ☒
૨. શ્રાવકના છત્રીસ કર્તવ્યો ☒
૩. ભદ્રસૂરિ શતાબ્દી ગ્રંથ

### પૂ. આ. ભ. શ્રી અરવિંદસૂરીશ્વરજી મ. સા. દ્વારા સંપાદિત ગ્રંથો

અજીત ૐકાર સ્તવનાવલી
વિવિધસ્તોત્ર સંગ્રહ
મનક સુવ્રત સ્વાધ્યાયસંગ્રહ

### પૂ. આ. ભ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ. સા. દ્વારા સંપાદિત ગ્રંથો

સંવેગ રંગશાળા પ્રતાકારે
સંવેગ રંગશાળા (ગુજરાતી)
દસવૈકાલિકસૂત્ર
ધર્મસંગ્રહ ભાગ : ૧ (ગુજ.) ☒

### પૂ. આ. ભ. શ્રી યશોવિજયસૂરીશ્વરજી મ. સા. દ્વારા લિખિત પ્રકાશનો

**ચિંતન/પ્રવચન**

સાધના અસ્તિત્વ ભણીની યાત્રા
દરિસન તરસીએ ભાગ-૧
દરિસન તરસીએ ભાગ-૨ ☒
આતમજ્ઞાની શ્રમણ કહાવે
સોહિ ભાવનિર્ગ્રંથ ☒
મેરે અવગુન ચિત્ત ન ધરો
આપ હી આપ બુઝાય
બિછુરત જાયે પ્રાણ
ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે
પ્રભુનો પ્યારો સ્પર્શ
અસ્તિત્વનું પરોઢ
અનુભૂતીનું આકાશ

### પૂ. સા. શ્રી રમ્યરેણુ મ. સા. દ્વારા લિખિત પ્રકાશનો

**કર્મ અંગે**

કર્મગ્રંથ ભાગ-૧
કર્મગ્રંથ ભાગ-૨ ☒
કર્મગ્રંથ ભાગ-૩ ☒
કર્મગ્રંથ ભાગ-૪
કર્મગ્રંથ ભાગ-૫
ઉપશમશ્રેણી
ક્ષપકશ્રેણી (પ્રેસમાં)

**સંશોધન**

શાન્તિનાથ ચરિત મહાકાવ્યમ્ ભાગ-૧ (સંસ્કૃત-ગુજરાતી)
શાન્તિનાથ ચરિત મહાકાવ્યમ્ ભાગ-૨ (સંસ્કૃત-ગુજરાતી)
દાનોપદેશમાલા
પણિપીયૂષ પયસ્વિની

## આચાર્ય શ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર – ગ્રંથવાલી




- શ્રી સમસ્ત વાવપથક જૈન શ્વે. મૂ. પૂ. સંઘ- ગુરુસ્મૃતિ પ્રતિષ્ઠા સ્મૃતિ
- શેઠ શ્રી ચંદુલાલ કકલચંદ પરિવાર (વાવ) (બનાસકાંઠા)
- શેઠ શ્રી ધુડાલાલ પુનમચંદ હેક્કડ પરિવાર
- પાલીતાણા ચાતુર્માસ સમિતિ (જુનાડીસા) જ્ઞાનદ્રવ્યમાંથી
- શ્રી ધર્મોત્તેજક પાઠશાળા – શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ
- સૂઈગામ જૈન. સંઘ – સૂઈગામ (બનાસકાંઠા)
- શ્રી વાંકડિયા વડગામ જૈન સંઘ – વાંકડિયા વડગામ (રાજસ્થાન)
- શ્રી ગરાંબડી જૈન સંઘ – ગરાંબડી (બનાસકાંઠા)
- શ્રી રાંદેર રોડ જૈન સંઘ – સુરત.

### પ્રભુવાણી પ્રસાર અનુમોદક

- શ્રી મોરવાડા જૈન સંઘ–મોરવાડા (બ.કાં.)
- શ્રી ઉમરા જૈન સંઘ–સુરત
- શ્રી શત્રુંજય ટાવર જૈન સંઘ–સુરત

### પ્રભુવાણી પ્રસાર ભક્ત

શ્રી દેશલપુર (કંઠી) શ્રી પાર્શ્વચન્દ્રગચ્છ (મુનિભવનચન્દ્રજીની પ્રેરણાથી)
શ્રી ધ્રાગંધ્રા શ્રી પાર્શ્વચન્દ્રસૂરીશ્વરગચ્છ (મુનિભુવનચન્દ્રજીની પ્રેરણાથી)


પત્રવ્યવહાર : સેવંતીલાલ એ. મહેતા
આચાર્ય શ્રી ૐકારસૂરિ આરાધના ભવન, સુભાષચોક, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧
ફોન : ૦૨૬૧-૨૪૨૬૫૩૧, ૨૪૩૯૦૨૪
E-mail :omkarsuri@rediffmail.com

# પૂ. આ. ભ. શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. સા. દ્વારા સંશોધિત-સંપાદિત-સંકલિત ગ્રંથો

## સંશોધન

- દ્વ્યાશ્રય મહાકાવ્ય ભાગ-૧ ☒
- દ્વ્યાશ્રય મહાકાવ્ય ભાગ-૨ ☒
- કથા રત્નાકર (સંસ્કૃત)
- પ્રવચનસારોદ્ધાર વિષમપદ ટીકા
- દસસાવગચરિયમ્
- પ્રભાવક ચરિત્ર (ભાષાંતર)
- હીર સૌભાગ્ય ☒
- ધાતુ પારાયણમ્ ☒
- પ્રવચનસારોદ્ધાર (સિદ્ધસેનીય ટીકા) ભાગ-૧-૨ ☒
- ઉપમિતી કથોદ્ધાર
- ધર્મસંગ્રહ ભાગ-૧-૨-૩ ☒
- જીવાજીવાભિગમ આ. હરિભદ્રસૂરિટીકા (પ્રેસમાં)
- વ્યવહાર સૂત્ર નિર્યુક્તિ-ભાષ્ય
- મલયગિરિસૂરિ ટીકા સાથે મુદ્રણાલયમાં
- જૈન સંસ્કૃત સાહિત્યનો બૃહદ્ ઈતિહાસ ભાગ-૧-૨-૩ (પ્રો. હી. ર. કાપડિયા)
- ઉપદેશમાલા સિદ્ધર્ષિવૃત્તિ+વર્ધમાનસૂરિકથા ☒
- વીર નિર્વાણ સંવત ઔર જૈન કાલગણના પં. કલ્યાણવિજય ગણિ
- જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ (મોહનલાલ દેસાઈ)
- કલ્યાણકલીકા-ઉત્તરાર્ધ-પૂર્વાર્ધ (પ્રત)...સં.ભાગ્યેશવિજય ☒
- ઉત્તરાધ્યયન-લક્ષ્મીવલ્લભગણિ ટીકા...સં.ભાગ્યેશવિજય ☒
- પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર-મહાયશાશ્રી
- યોગશતક (પં. ધીરુભાઈ)

☒ પ્રાપ્ય નથી.

## વાર્તા

- પ્રસંગ સુધા ☒
- પ્રસંગ શિખર ☒
- જનક કથા પરિમલ
- પ્રસંગ પ્રભા ☒
- પ્રસંગ પરીમલ ☒
- પ્રસંગ નવનીત ☒
- પ્રસંગ કલ્પલતા
- પ્રસંગ વિલાસ

: પ્રાપ્તિસ્થાન :

**ૐકારસૂરિ આરાધના ભવન**
**સુભાષ ચોક, ગોપીપુરા, સુરત.**
**ફોન : ૦૨૬૧-૨૪૨૬૫૩૧**

**ૐકારસૂરિ**
**જૈન પાઠશાળા**
**વાવપથકની વાડી,**
**દશાપોરવાડ સોસાયટી,**
**પાલડી અમદાવાદ.**
**ફોન : ૦૭૯-૨૬૫૮૬૨૯૩**

**વિજયભદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ**
**શ્રી પાર્શ્વભક્તિનગર**
**હાઇવે, ભિલડી. (બ. કાં.)**
**ફોન : ૦૨૭૪૪-૨૩૩૧૨૯**

॥ श्री वीतरागाय नमः ॥

# જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ

## [ભાગ-૩]

## ખંડ ૩ : ધાર્મિક સાહિત્ય P. ૧

### પ્રકરણ ૩૬ : દર્શનમીમાંસા

**ઉત્થાનિકા–** આપણા આ 'ભારત' દેશમાં દર્શન-શાસ્ત્રનું ક્ષેત્ર પરાપૂર્વથી ખેડાતું આવ્યું છે. એને લઈને વિવિધ દર્શનો ઉદ્ભવ્યાં છે. એ પ્રત્યેક દર્શનનાં મંતવ્યો વિષે એના અનુયાયીઓમાં ગંભીર મતભેદ ઊભો થતાં કેટલીક વાર એની પ્રશાખારૂપ ગણાય તેવા એક કે વધારે સંપ્રદાયની – ફિરકાઓની ઉત્પત્તિ થઈ છે. એ પૈકી અજૈન સંપ્રદાયો વગેરે મહત્તાના પ્રમાણમાં જૈનાચાર્યોએ જૈન દર્શનની સાથે સાથે એનો પણ ન્યૂનાધિક પ્રમાણમાં વિચાર કર્યો છે. આથી હું વિવિધ ભારતીય દર્શનોની રૂપરેખા પૂરી પાડનારા ગ્રન્થોથી આ પ્રકરણનો પ્રારંભ કરું છું.

**'ષડ્દર્શનસમુચ્ચય'**[1] (ઉ. વિ. સં. ૮૨૦)– આ યાકિની મહત્તરાના ધર્મપુત્ર તરીકે સુવિખ્યાત, P. ૨
અનેક ગ્રન્થોના પ્રણેતા અને સમભાવભાવી હરિભદ્રસૂરિની[2] લઘુ પરંતુ મહત્ત્વપૂર્ણ કૃતિ છે. એમાં ૮૭ પદ્યો છે. ૪૨મું પદ્ય ઉપજાતિમાં અને ૮૨મું પદ્ય સુન્દરી યાને વિયોગિની એવા નામાંતરવાળા વૈતાલીય છંદમાં છે જ્યારે બાકીનાં બધાં પદ્યો અનુષ્ટુભ્‌માં છે. આ કૃતિનું નામ જ કહી આપે છે તેમ આમાં છ દર્શનો અને એક રીતે સાત વિષે વિચાર કરાયો છે. જેમકે બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, જૈન, વૈશેષિક, જૈમિનીય અને લોકાયત.

---

૧. આ કૃતિ તર્કરહસ્યદીપિકા સહિત "બિબ્લિઓથેકા ઈન્ડિકા"માં ઇ. સ. ૧૯૦૫ થી ઇ. સ. ૧૯૦૭માં અને "જૈન આત્માનંદ સભા" તરફથી ઈ.સ. ૧૯૧૮માં પ્રકાશિત કરાઈ છે. વળી આ મણિભદ્ર (?)કૃત ટીકા સહિત "ચૌખંબા સંસ્કૃત ગ્રંથમાલા"માં ઇ.સ. ૧૯૦૫માં પ્રસિદ્ધ કરાઈ છે. [ભારતીય જ્ઞાનપીઠ તરફથી ષડ્દર્શન સ. ગુણરત્નસૂરિટીકા, અવચૂરિ, અને પં. મહેન્દ્રકુમારના હિંદી અનુવાદ તથા સોમતિલકસૂરિકૃત લઘુટીકા, આ. રાજશેખરસૂરિ કૃત ષડ્ દ. સ. સાથે પ્રગટ થયો છે. મુનિ વૈરાગ્યરતિવિ.ના અનુવાદ સાથે "પ્રવચન પ્રકાશન" પુનાથી પ્રસિદ્ધ.]

૨. આનો પરિચય મેં **અનેકાન્તજયપતાકા** (ખંડ ૨)ના અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ४१-४४)માં તેમ જ **શ્રી** *હરિભદ્રસૂરિ (પૃ. ૧૫૩-૧૫૬ અને ૧૫૯)માં આપ્યો છે.*

પ્રથમ પદ્ય મંગલાચરણરૂપ છે અને એ આ કૃતિની ગુણરત્નસૂરિકૃત તર્કરહસ્યદીપિકા નામની વૃત્તિ પ્રમાણે અનેકાર્થી છે.

**ષડ્દર્શનસમુચ્ચયને** અંગે વિવિધ [૧]વિવરણાત્મક સાહિત્ય રચાયું છે. અહીં તો હું બેનો જ ઉલ્લેખ કરું છું :–

(૧) **ટીકા**– આ 'રુદ્રપલ્લીય' ગચ્છના **સંઘતિલકસૂરિ**ના શિષ્ય **સોમતિલકે** ઉર્ફે વિદ્યાતિલકે વિ.સં. ૧૩૯૨માં રચી છે.

P. ૩ (૨) **તર્કરહસ્યદીપિકા**– આ વૃત્તિ 'તપા' ગચ્છના **દેવસુન્દરસૂરિ**ના શિષ્ય ગુણરત્નસૂરિએ રચી છે અને તેમ કરતી વેળા એમણે **રાજશેખરસૂરિ**કૃત **ષડ્દર્શનસમુચ્ચયનો** ઉપયોગ કર્યો છે. **જૈન ગ્રંથાવલી** (પૃ. ૭૯) પ્રમાણે આની બે વાચના છે.

[૨]**ભાષાંતર**– પ્રો. **મણીલાલ** ન. દ્વિવેદીએ મૂળ કૃતિનું તેમ જ **ત. ર. દી.**નું ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે. [પં. મહેન્દ્રકુમારે હિંદીમાં અનુવાદ કર્યો છે.]

[૩]**સર્વસિદ્ધાન્તપ્રવેશક**[૪] (ઉ. વિક્રમની ૧૧મી સદી)– આ [૫]કૃતિ આપણા દેશનાં વિવિધ દર્શનોની રૂપરેખા પૂરી પાડે છે. આના કર્તાનું નામ જાણવામાં નથી. એઓ જૈન છે એમ પ્રારંભિક પદ્ય ઉપરથી જણાય છે. આ કૃતિમાં નૈયાયિક, વૈશેષિક, જૈન, સાંખ્ય, બૌદ્ધ, મીમાંસક અને લોકાયતિક એમ સાત
P. ૪ દર્શનોનું નિરૂપણ છે એ અતિવિસ્તૃત કે અતિસંક્ષિપ્ત નથી પરંતુ એ મધ્યમ કોટિનું છે. એની નિરૂપણની શૈલી સુબોધ છે. એથી એ સામાન્ય અભ્યાસીઓને ઉપયોગી નીવડે તેવું છે આ કૃતિના પ્રારંભમાં એક પદ્ય છે જ્યારે બાકીનું લખાણ ગદ્યમાં છે આ કૃતિ વિક્રમની અગિયારમી સદીમાં રચાયાનું મનાય છે. આ કૃતિમાં બૌદ્ધ દર્શનના નિરૂપણના પ્રસંગે **ન્યાયબિન્દુ**માંથી એક અવતરણ અપાયું છે. એ આ કૃતિની પૂર્વ સીમાનું દ્યોતન કરે છે.

[૬]**ષડ્દર્શનસમુચ્ચય** (ઉ. વિ. સં. ૧૪૦૫)– 'મલધારી' **રાજશેખરસૂરિ**એ ૧૮૦ પદ્યોમાં આ કૃતિ

---

૧. આ સંબંધમાં જુઓ મારો લેખ નામે "ષડ્દર્શનસમુચ્ચય અને એની ટીકાઓ". આ લેખ "આત્માનંદ પ્રકાશ" (પુ. ૪૮, અં. ૮)માં છપાવાયો છે. **શ્રીહરિભદ્રસૂરિ** (પૃ. ૧૫૭-૧૫૮)માં મેં આઠ વિવરણોની નોંધ લીધી છે.

૨. આ "વડોદરા દેશી કેળવણીખાતું" તરફથી ઇ.સ. ૧૮૯૩માં છપાવાયું છે.

૩. આ કૃતિનું, પાઠાંતરો તેમ જ વિશિષ્ટ ટિપ્પણો સહિતનું સંપાદન મુનિશ્રી જંબૂવિજયજીએ કર્યું છે. આ કૃતિ "જૈન સત્ય પ્રકાશ" (વ. ૧૬, અં. ૨, ૩, ૫, ૭, ૧૦ અને ૧૧-૧૨)માં છ કટકે પ્રકાશિત કરાઈ છે. એમાં વિવિધ દર્શનોના મૌલિક ગ્રંથો સાથે તુલના કરવાનો પ્રયાસ કરાયો છે. ત્યાર બાદ આ કૃતિ એક પુસ્તકરૂપે "જૈન સાહિત્ય વિકાસ મંડળ" તરફથી ઇ.સ. ૧૯૬૪માં પ્રસિદ્ધ કરાઈ છે. એમાં મૂળ કૃતિગત અવતરણોનાં મૂળ દર્શાવાયા છે.

૪. આની બે તાડપત્રી હાથપોથી જેસલમેરના ભંડારમાં છે. એ પૈકી એક વિ.સં. ૧૨૦૧માં લખાયેલી છે. બીજી એથી પણ પચાસેક વર્ષ જેટલી પ્રાચીન છે.

૫. આ કૃતિની સંક્ષિપ્ત રૂપરેખા મેં 'શ્રીહરિભદ્રસૂરિ' (પૃ. ૧૫૯)માં આલેખી છે.

૬. આ "યશોવિજય જૈન ગ્રંથમાલા"મા વીરસંવત્ ૨૪૩૬માં અને "આગમોદય સમિતિ" તરફથી હારિભદ્રીય ષડ્દર્શનસમુચ્ચય સહિત ઇ.સ. ૧૯૧૮માં પ્રકાશિત કરાયેલ છે. [ભારતીય વિદ્યા પ્ર. દિલ્હીથી છપાયું છે.]

રચી છે અને એમાં જૈન, સાંખ્ય, મીમાંસક, શૈવ, વૈશેષિક અને બૌદ્ધ દર્શનોની રૂપરેખા આલેખી છે. તેમ કરતી વેળા એમણે હરિભદ્રસૂરિની જેમ દર્શનદીઠ દેવ અને તત્ત્વ એ બેનું જ નિરૂપણ ન કરતાં પ્રત્યેક દર્શન સંબંધી લિંગ, વેષ, આચાર, ગુરુ, ગ્રંથ અને મોક્ષને લગતી [1]વિગતો પણ રજૂ કરી છે. એથી એમની કૃતિ વિશેષતઃ ઉપયોગી બની છે ખરી પરંતુ આ સામગ્રી પીરસતી વેળા એમની દૃષ્ટિ હરિભદ્રસૂરિ જેટલી વિશાળ-ઉદાત્ત રહી નથી.

૨૯મા પદ્યમાં **સિદ્ધાન્તસાર** નામના ન્યાયના એક ગહન ગ્રંથનો ઉલ્લેખ છે.

**ટીકા**– આ અજ્ઞાતકર્તૃક છે. મૂળ કૃતિ તો બે સ્થળેથી છપાયેલી છે તો આ ટીકા પણ છપાવાય તો સારું.

**ષડ્દર્શનસમુચ્ચય** કિંવા **ષડદર્શનનિર્ણય** (ઉ. વિ. સં. ૧૪૪૯)– મહેન્દ્રપ્રભસૂરિના શિષ્ય મેરુતુંગે આ **ષડ્દર્શનસમુચ્ચય** રચ્યો છે. **સત્તરિ**ના ઉપર વિ.સં. ૧૪૪૯માં જે ભાસ આ મુનિવરે રચ્યું P. ૫
છે તેની પ્રશસ્તિમાં આ કૃતિની નોંધ છે. આને **ષડ્દર્શનનિર્ણય** પણ કહે છે. આમાં બૌદ્ધ, મીમાંસા, સાંખ્ય, ન્યાય, વૈશેષિક અને જૈન એ છ દર્શનોનું નિરૂપણ છે. આની એક જ હાથપોથી હોય એમ જણાય છે. એ મુંબઈની "રોયલ એશિયાટિક સોસાયટી"ના પુસ્તકાલયમાં છે. એની નોંધ પ્રો. વેલણકરે A Descriptive Catalogue of the Manuscripts in the Bombay Branch of the Royal Asiatic Society" નામના સૂચીપત્ર (No. 1666) માં લીધી છે. આ કૃતિ કોઈ સ્થળેથી પ્રસિદ્ધ કરાઇ હોય એમ જણાતું નથી તો એ માટે યોગ્ય પ્રબંધ થવો ઘટે. [આ કૃતિ ગુજ. અનુવાદ સાથે આર્ય જય કલ્યાણ કેન્દ્ર મુંબઈથી પ્રસિદ્ધ છે.]

[2]**લઘુષડ્દર્શનસમુચ્ચય**– આ અજ્ઞાતકર્તૃક કૃતિના પ્રારંભમાં બે પદ્યો છે. વળી અંતમાં તેમ જ વચમાં એકેક અવતરણ પદ્યમાં છે. એ સિવાયનો ભાગ ગદ્યમાં છે. અંતમાં નયો પ્રમાણે દર્શનોનું વર્ગીકરણ છે. આ લઘુ કૃતિ આ નામે તો **જિનરત્નકોશ**માં નોંધાયેલી નથી પરંતુ જે નિર્નામક કૃતિઓ મેં આ તેમ જ પૃ. ૬માં ગણાવી છે તેમાંની કોઇક આ હોય તો ના નહિ. અંતિમ નિર્ણય માટે તો એની હાથપોથીઓ તપાસવી જોઇએ. [આ કૃતિ 'જૈનદાર્શનિકપ્રકરણ સંગ્રહ' સંપા. નગીન જે. શાહ, લા. દ. વિદ્યામંદિરથી ઇ.સ. ૧૯૭૩માં પ્રસિદ્ધ છે.]

**છ દર્શન સંબંધી અન્ય કૃતિઓ– જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૪૦૨-૪૦૩)માં જે નીચે મુજબની કૃતિઓ નોંધાઇ છે તે સંબંધમાં વિશેષ માહિતી મેળવવા એની હાથપોથીઓ તપાસવી જોઈએ.

(૧) ષડ્દર્શનખંડન. (૨) ષડ્દર્શનદિઙ્માત્રવિચારઃ (૩) ષડ્દર્શનનિર્ણયોપનિષદ્. (૪) શુભચન્દ્રકૃત P. ૬
ષડ્દર્શનપ્રમાણપ્રમેય. (૫) ષડ્દર્શનસંક્ષેપ (૬) ષડ્દર્શનસ્વરૂપ. (૭) ષણ્મતનાટક. [(૮) ષડ્દર્શનદર્પણ કર્તા આ. સુશીલસૂરિ પ્ર. જ્ઞાનોપાસક સમિતિ બોટાદ (૯) 'ષડ્દર્શનપરિક્રમ' અનુસંધાન ૧૪.]

---

૧. આમાંની કેટલીક તો ત. ર. દી.માં સુધારાવધારા સાથે નજરે પડે છે.

૨. આ કૃતિ "મુક્તાબાઇ જ્ઞાનમંદિર" (ડભોઇ) તરફથી વિ.સં. ૨૦૦૬માં પ્રકાશિત અને **શ્રીવિજયજંબૂસૂરિજી** દ્વારા સંપાદિત **ષડ્દર્શનસમુચ્ચયની** (વિદ્યાતિલકકૃત વૃત્તિ સહિત) આવૃત્તિના અંતમાં છપાઇ છે.

**'શાસ્ત્રવાર્તાસમુચ્ચય**[૧] (ઉ.વિ.સં. ૮૨૦)– આ સુપ્રસિદ્ધ હરિભદ્રસૂરિની સર્વધર્મસમભાવના રંગે રંગાયેલી હૃદયંગમ રચના છે. એમાં ૭૦૦ પદ્યો છે. એ દ્વારા ચાર્વાક વગેરે દર્શનોની મીમાંસા કરાઈ છે. વિશેષમાં એમાં જગત્કર્તૃત્વવાદ ઇત્યાદિ સંબંધી અજૈન મંતવ્યોની આલોચના કરી એનો સમન્વય સાધવાનો-જૈન દૃષ્ટિ અનુસાર મેળ મેળવવાનો સ્તુત્ય પ્રયાસ કરાયો છે.

[૩]**દિક્પ્રદા**– આ સ્વોપજ્ઞ વૃત્તિ છે. એ ૩૨૫૦ (? ૭૦૦૦) શ્લોક જેવડી છે.

[૪]**સ્યાદ્વાદકલ્પલતા**– આ ૧૨૦૦૦ શ્લોક જેવડી ટીકાના પ્રણેતા ન્યાયવિશારદ ન્યાયાચાર્ય
P. ૭ યશોવિજયગણિ છે. આ ટીકા નવ્ય ન્યાયથી વિભૂષિત છે.[૫] ટીકાકારે મૂળ લખાણને ૧૧ સ્તબકોમાં વિભક્ત કર્યું છે.

[૬]**કલ્પલતાવતારિકા**– આ શ્રીવિજયામૃતસૂરિજીની કૃતિ છે. એ **સ્યાદ્વાદકલ્પલતા**ના પ્રવેશદ્વારની ગરજ સારે છે. એમાં **સ્યાદ્વાદકલ્પલતા**નાં તેમ જ **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**નાં કોઈ કોઈ પદ્યો ઉદ્ધૃત કરાયાં છે.

[૭]**સ્યાદ્વાદવાટિકા**– આ શ્રીવિજયલાવણ્યસૂરિજીની રચના છે. એમાં એમણે **દિક્પ્રદા** અને **સ્યાદ્વાદકલ્પલતા**નો ઉપયોગ કર્યો છે. આ **સ્યાદ્વાદવાટિકા**નો પ્રારંભ સાત પદ્યોથી કરાયો છે. એમાં નાસ્તિક મતનું નિરસન છે તેમ જ આત્માની અને કર્મની સિદ્ધિ કરાઈ છે.

P. ૮ **પંચદર્શનસ્વરૂપ** (ઉ.વિ.સં. ૧૫૧૦)– "ભાંડારકર પ્રાચ્યવિદ્યા-સંશોધનમંદિર"માં મુંબઈ સરકારની માલિકીની જે લગભગ ૨૫૦૦૦ હાથપોથીઓ છે તેમાં વિ. સં. ૧૫૧૦માં લખાયેલી એક હાથપોથી છે.

૧. આ ગ્રંથ દિક્પ્રદા સહિત "વિજયદેવસૂર સંઘ" (ગોડીજીનો ઉપાશ્રય) તરફથી મુંબઈથી ઇ.સ. ૧૯૨૯માં છપાવાયો છે. આ પૂર્વે આ ગ્રંથ સ્યાદ્વાદકલ્પલતા સહિત "દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ" નામની સંસ્થા તરફથી ઇ.સ. ૧૯૧૪માં પ્રસિદ્ધ કરાયો હતો. [સ્યાદ્વાદ કલ્પલતા અને એના હિંદીવિવેચન સાથે આ ગ્રંથ આ. શ્રી જયસુંદરસૂરિસંપાદિત છે. પ્ર. દિવ્યદર્શન] આ કૃતિ ડો. કૃષ્ણકુમાર દીક્ષિતના હિન્દી ભાષાનુવાદ ટિપ્પણ અને પ્રસ્તાવના સહિત "લા. દ. વિદ્યામંદિર" તરફથી ઇ. સ. ૧૯૬૯માં પ્રસિદ્ધ કરાઈ છે.

૨. આનો પરિચય મેં **અ. જ. પ.** (ખંડ ૨)ના મારા અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૩૮-૪૧), શ્રી હરિભદ્રસૂરિ (પૃ. ૧૪૯-૧૫૧) તેમ જ યશોદોહન (પૃ. ૨૦૨)માં આપ્યો છે.

૩-૪. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.

૫. આના વિશેષ પરિચય માટે જુઓ **યશોદોહન** (પૃ. ૧૦, ૧૫, ૩૮, ૮૨, ૧૩૫, ૧૬૧, ૧૬૪, ૧૬૬, ૧૯૬, ૨૦૧, ૨૦૨, ૨૦૪-૨૦૬, ૨૧૫, ૨૧૯, ૨૪૨, ૩૨૨, ૩૨૯ અને ૩૩૫)

૬. આ કૃતિ "જૈન સાહિત્ય વર્ધક સભા" તરફથી શિરપુરથી વિ.સં. ૨૦૧૪માં પ્રકાશિત કરાઈ છે. એમાં એના પ્રણેતાએ આનો આપેલો પરિચય **સ્યાદ્વાદકલ્પલતાના** ૧૧ સ્તબકો ઉપર પ્રકાશ પાડે છે.

૭. આ ટીકા પ્રથમ સ્તબક પૂરતી "વિજયલાવણ્યસૂરીશ્વરજ્ઞાનમન્દિર" તરફથી બોટાદથી વિ.સં. ૨૦૧૦માં છપાવાઈ છે. એમાં સાથે સાથે પ્રથમ સ્તબક (મૂળ), એ મૂળનાં પદ્યોની અકારાદિ ક્રમે સૂચી, એ પદ્યોનો પં. શ્રીસુશીલવિજયગણિએ ગુજરાતીમાં કરેલો સંક્ષિપ્ત ભાવાર્થ તેમ જ ટીકાનો સંસ્કૃતમાં વિસ્તૃત વિષયાનુક્રમ અપાયાં છે. ત્યાર બાદ બીજા બે ભાગ વિ. સં. ૨૦૧૨ અને વિ.સં. ૨૦૧૬માં અનુક્રમે પ્રકાશિત કરાયા છે. બીજા ભાગમાં સ્તબક ૨ અને ૩ને અને ત્રીજામાં સ્તબક ૪-૬ને ઉપર મુજબ સ્થાન અપાયું છે. ત્રીજા ભાગમાં પદ્યાનુક્રમણિકા નથી.

આ તેર પત્રની પોથીમાં પહેલાં બાર પત્રોમાં ત્રૈવિદ્યગોષ્ઠી છે અને એના પછી બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, વૈશેષિક અને જૈમિનીય અને પાંચ દર્શનનાં લક્ષણ ઇત્યાદિ સંક્ષેપમાં સંસ્કૃતમાં રજૂ કરતી [1]**પંચદર્શનસ્વરૂપ** નામની કોઈકની કૃતિ છે. આ લખાણને મળતી આવતી અને એથી કરીને આ જ કૃતિ હોવાનો ભાસ કરાવતી એવી એક કૃતિની હાથપોથી અહીંના સુરતના એક ભંડારમાં છે. આ નાનકડી કૃતિ છપાવવા જેવી છે.

**પંચદર્શનખંડ**– આ નામની એક કૃતિ જૈ. ગ્રં. (પૃ. ૮૫)માં નોંધાયેલી છે. શું એમાં પાંચ દર્શનોનું નિરૂપણ છે ? આ પાંચે દર્શનો શું અજૈન દર્શન છે અને હોય તો તે ક્યા તે જાણવું બાકી રહે છે.

[2]**દર્શનચતુષ્ટયસ્વરૂપ** (લ. વિ. સં. ૯૩૫) – આ કોઈ સ્વતંત્ર કૃતિ નથી પરંતુ **સૂયગડ** (સુયક્ખંધ ૧, અજ્ઝયણ ૧૨) ઉપર **શીલાંકસૂરિએ** રચેલી ટીકા (પત્ર ૨૨૫અ-૨૨૯આ)નો અંશ છે. એમાં એ સૂરિએ નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય અને બૌદ્ધ એ ચાર દર્શનોના સિદ્ધાંતોનું નિરૂપણ કરી એનું P. ૯
ખંડન કર્યું છે.

[3]**તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર** કિંવા **તત્ત્વાર્થસૂત્ર** (ઉ. વિક્રમની ત્રીજી સદી)– આના કર્તા

૧. જિ. ર. કો. (વિ. ૧, પૃ. ૨૨૫)માં આના કર્તા તરીકે **મુનિસુન્દર** (સૂરિ)નો અને આ કૃતિના અપર નામ તરીકે **ત્રૈવિદ્યગોષ્ઠી**નો ઉલ્લેખ છે પરંતુ એ બંને બાબત ગલત છે.

**અધ્યાત્મકલ્પદ્રુમ**ને અંગે **સ્વ. મોહનલાલ** દ. દેશાઈનો વિસ્તૃત "પરિચય" છપાયો છે. એના પત્ર ૨૫આમાં **પંચદર્શનસ્વરૂપ** મુનિસુન્દરસૂરિની કૃતિ કહેવાની ભૂલ કરાઈ છે પરંતુ પત્ર ૫૩અમાં એ સુધારી લેવાઈ છે અને આમ આ કોઈ બીજાની કૃતિ હોવાનું જણાવાયું છે તે સમુચિત છે. ૨. આ નામ મેં યોજ્યું છે.

૩. આ નાનકડી કૃતિ સ્વોપજ્ઞ ભાષ્ય અને એને અંગેની **સિદ્ધસેન**-ગણિકૃત ટીકા, સંબંધકારિકાને અંગેની **દેવગુપ્તસૂરિ**કૃત ટીકા તેમ જ મારા સંસ્કૃત અને અંગ્રેજી ઉપોદ્ઘાત સહિત "દે. લા. જૈ. પુ. સં." તરફથી બે વિભાગમાં અનુક્રમે ઇ. સ. ૧૯૨૬ અને ઇ.સ. ૧૯૩૦માં છપાવાઇ છે. એ બંને વિભાગનું સંપાદન મેં કર્યું છે. આ મૂળ કૃતિનો ડા. યાકોબીએ જર્મનમાં કરેલો અનુવાદ એમના જર્મન સ્પષ્ટીકરણપૂર્વક **Z D M G (Vol. 60)** માં છપાયો છે. [શ્રીપાલનગર ટ્રસ્ટ મુંબઈ દ્વારા આનું પુનર્મુદ્રણ મુંબઈથી થયું છે.] વળી આ કૃતિ સ્વોપજ્ઞ ભાષ્ય તેમ જ હરિભદ્રસૂરિકૃત ડુપડુપિકા નામની ટીકા સાથે "ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા" તરફથી ઇ.સ. ૧૯૩૬માં પ્રકાશિત કરાઇ છે અને એનું સંપાદન આગમોદ્ધારક **આનન્દસાગરસૂરિએ** કર્યું છે. વિશેષમાં આ મૂળ કૃતિ મારા ગુજરાતી અનુવાદ સહિત શ્રી. હીરાલાલ ભોગીલાલ શાહ તરફથી વિ. સં. ૧૯૮૫માં પં. **સુખલાલ**ના ગુજરાતી વિવેચન સહિત "જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ" તરફથી અમદાવાદથી ઇ.સ. ૧૯૩૦ (બીજી આવૃતિ ૧૯૪૦માં અને ત્રીજી ૧૯૪૯માં) અને પં. **સુખલાલ**ના હિન્દી વિવેચન સહિત "આત્માનંદ જન્મ શતાબ્દી સ્મારક ટ્રસ્ટ બોર્ડ" તરફથી પ્રથમ સંસ્કરણ ઇ.સ. ૧૯૩૯માં છપાયા બાદ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરાઈ છે. **જપાની અનુવાદ**–શિજેનોબુ સુઝુકી (Shigenobu suzuki) નો **ત. સૂ.**નો અને કલ્પસૂત્રનો જપાની અનુવાદ ઇ.સ. ૧૯૨૧માં પ્રસિદ્ધ કરાયો છે.

**અંગ્રેજી ભાષાંતરો**– ઇ. કાનાકુરા (E. Kanakura)ના પુસ્તક નામે "Study of Spiritual Culture of India"માં **ત. સૂ.** અને ન્યાયાવતારનું અંગ્રેજી ભાષાંતર ઇ. સ. ૧૯૪૪માં પ્રકાશિત કરાયું છે. [આ. રાજશેખરસૂરિ અને પં. ધીરુભાઈના ગુ. અનુવાદ સાથે પ્રસિદ્ધ થયેલ છે.]

*આ ઉપરાંત દિગંબરીય માન્યતા મુજબના પાઠવાળું **ત. સૂ. સ્વ.** જગમંદરલાલ જૈનીના અંગ્રેજી અનુવાદ અને* સ્પષ્ટીકરણ સહિત "ધ સેન્ટ્રલ જૈન પબ્લિશિંગ હાઉસ, આરા" તરફથી ઇ.સ. ૧૯૨૦માં છપાવાયું છે.

P. ૧૦ [૧]વાચક [૨]ઉમાસ્વાતિ છે. એઓ 'કૌભીષણ' ગોત્રના [૩]સ્વાતિના પુત્ર થાય છે. એમની [૪]માતા 'વાત્સી' ગોત્રની હતી. એમનો જન્મ ન્યગ્રોધિકામાં થયો હતો. એમણે [૫]**શિવશ્રી**ના શિષ્ય અને અગિયાર અંગના ધારક ઘોષનન્દિ ક્ષમણ પાસે દીક્ષા લીધી હતી અને મહાવાચક **મુંડપાદ** ક્ષમણના શિષ્ય [૬]**મૂલ**ની પાસે એમણે અભ્યાસ કર્યો હતો. આમ **ઘોષનન્દિ** એ એમના દીક્ષાગુરુ થાય છે[૭] અને **મૂલ** એ વિદ્યાગુરુ થાય છે. એમની શાખાનું નામ 'ઉચ્ચ-નાગર' છે.

**સંપ્રદાય–** ત. સૂ.માં તેમ જ એના સ્વોપજ્ઞ ભાષ્યમાં એવી [૮]કેટલીક બાબતો છે કે જે પ્રચલિત શ્વેતામ્બરીય તેમ જ દિગમ્બરીય માન્યતાથી ભિન્ન છે. આથી પં. **નાથૂરામ** પ્રેમી જેવા તો ઉમાસ્વાતિને
P. ૧૧ 'યાપનીય' માનવા પ્રેરાયા છે. અહીં એ ઉમેરીશ કે **ત. સૂ.**ની રચના શ્વેતામ્બરોને દિગમ્બરો કરતાં પુષ્કળ પ્રમાણમાં અનૂકુળ છે એટલે એને શ્વેતામ્બર અને દિગમ્બર કૃતિ પૈકી ગમે તે એક જ કહેવાની હોય તો શ્વેતામ્બરીય ગણવી પડે. તેમ છતાં એ આનંદનો વિષય છે કે દિગમ્બરો પણ આ કૃતિ તરફ ખૂબ આદરભાવ સેવે છે-અરે કેટલાક દિગમ્બરો તો એનો પાઠ કરનારને એક ઉપવાસનું ફળ મળે છે એમ માને છે. [**'तत्त्वार्थसूत्र और उसकी परम्परा'** ડૉ. સાગરમલ. પ્રગટ થયું છે.]

**સમય–** વિદ્યાવારિધિ **ઉમાસ્વાતિ**ના **સમય** વિષે પણ એમના સંપ્રદાયની જેમ મતભેદ છે. કોઈ કોઈ એમને **વીરસંવત્** ૩૫૦ની આસપાસમાં થયેલા માને છે તો કેટલાક એમને વિક્રમની ત્રીજી-ચોથી સદીમાં થયેલા માને છે. બાકી મોટો ભાગ તો એમને વિક્રમની પ્રથમ સદીમાં થઈ ગયાનું કહે છે.

'કલિકાલસર્વજ્ઞ' **હેમચન્દ્રસૂરિએ ઉમાસ્વાતિ**ને ઉત્તમ સંગ્રહકાર કહ્યા છે. કેટલાક શ્વેતામ્બર ગ્રંથકારોની માન્યતા મુજબ આ **ઉમાસ્વાતિ** પાંચસો પ્રકરણોના પ્રણેતા છે. એ ગમે તે હો. આજે તો એમની કૃતિ તરીકે ગણાવાતા એવા બહુમાં બહુ આઠ ગ્રંથો જ મળે છે. એ પૈકી નિમ્નલિખિત ગ્રંથો એમની જ કૃતિઓ છે એવું મારું સચોટપણે માનવું છે :–

---

૧. એક દિગંબર શિલાલેખમાં ઉમાસ્વાતિને **'શ્રુતકેવલિદેશીય'** કહ્યા છે.

૫. કેટલાક દીગંબરો એમને 'ઉમાસ્વામી' કહે છે. **છખંડાગમ**ને અંગેની **ધવલા** નામની ટીકા (ભાગ ૪, પૃ. ૩૧૬)માં **તત્ત્વાર્થસૂત્રને તચ્ચત્થસુત્ત** અને એના પ્રણેતાને ગિદ્ધપિચ્છાઇરિય (ગૃદ્ધપિચ્છાચાર્ય) કહ્યા છે.

૩. ધર્મસાગરીય પટ્ટાવલી પ્રમાણે **પણ્ણવણા**ના કર્તા **શ્યામાચાર્ય** કે જેઓ વીરસંવત્ ૩૭૬માં સ્વર્ગે સંચર્યા તેમના ગુરુ **સ્વાતિ** તે જ ઉમાસ્વાતિ છે પણ આ વાત ભ્રાન્તિમૂલક જણાય છે.

૪. એનું નામ ઉમા હશે.

૫-૬. પં. નાથૂરામ પ્રેમીનો "वाचक उमास्वातिका सभाष्य तत्त्वार्थसूत्र और उनका संप्रदाय"નામનો જે લેખ "ભારતીય વિદ્યા" (ખંડ ૩, પૃ. ૧૨૫-૧૫૧)માં છપાયો છે તેમાં પૃ. ૧૩૮-૯માં એમણે એમ કહ્યું છે કે **શિવશ્રી** તે ભગવતી આરાધનાના કર્તા **શિવાર્ય** હશે અને **મૂલ** તે **મૂલનન્દિ** હશે.

૭. દિગંબરોના મતે ઉમાસ્વાતિ એ આચાર્ય **કુંદકુંદ**ના શિષ્ય થાય છે.

૮. જુઓ ત. સૂ. (ભાગ ૨)ની મારી સંસ્કૃત પ્રસ્તાવના (પૃ. ૨૫-૨૭). આ વિષય આગમોદ્ધારકે **श्रीतत्त्वार्थकर्तृतन्मतनिर्णय यानेश्रीतत्त्वार्थसूत्र के कर्त्ता श्वेतांबर है या दिगंबर ?** એ નામના હિંદી નિબંધમાં ચર્ચ્યો છે. *આ નિબંધ "ઋ. કે. શ્વે. સં." તરફથી વિ. સં. ૧૯૯૩માં પ્રસિદ્ધ થયેલ છે.*

(૧) **તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર,** (૨) **તત્ત્વાર્થાધિગમશાસ્ત્રનું[1]ભાષ્ય,** (૩) [2]**પ્રશમરતિ અને** (૪) [3]**શૌચપ્રકરણ.**

કેટલાકને મતે આ ઉપરાંત [4]**ખેત્તસમાસ,** [5]**જમ્બૂદ્વીપસમાસ-પ્રકરણ,** [6]**પૂજાપ્રકરણ** અને P. ૧૨
[7]**શ્રાવકપ્રજ્ઞપ્તિ** એ પણ ઉમાસ્વાતિની કૃતિઓ છે.

**સૂત્રપાઠ–** [8]**ત. સૂ.**ના સૂત્રપાઠ બે પ્રકારના મળે છે : (૧) ભાષ્યમાન્ય અને (૨) સર્વાર્થસિદ્ધિ-માન્ય. પ્રથમ પ્રકારમાં [9]૩૪૪ સૂત્રો છે જ્યારે બીજામાં ૩૫૭ સૂત્રો છે. બંને પ્રકારના સૂત્રપાઠો દસ અધ્યાયમાં વિભક્ત છે. જે અખંડ જૈન સંસ્કૃત કૃતિઓ મળે છે એ જોતાં એ સૌમાં આ **ત. સૂ.** સૌથી પ્રથમ છે. વળી સંસ્કૃત સૂત્રોમાં જૈન દર્શનના સિદ્ધાન્તો રજૂ કરનાર તરીકે પણ આજ કૃતિ મોખરે છે. P. ૧૩
જૈન કૃતિઓના વિભાગને 'અધ્યાય' કહેનારી કૃતિ તરીકે પણ આ અગ્રિમ સ્થાન ભોગવે છે.

[10]**સિદ્ધસેન** દિવાકરે **દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા**માંની ૧૯મી દ્વાત્રિંશિકાના શ્લો. ૧૧-૧૨માં **ત. સૂ.** (અ ૫, સૂ. ૨૮)નો ઉપયોગ કર્યો હોય એમ જણાય છે.[11]

**વિષય–** પહેલા અધ્યાયમાં જ્ઞાનનો, બીજાથી પાંચમામાં જ્ઞેયનો અને બાકીના પાંચમાં ચારિત્રનો અધિકાર છે. બીજા અધ્યાયમાં જીવનું લક્ષણ અને એનું સ્વરૂપ સમજાવાયું છે. ત્રીજો અધ્યાય અધોલોક

૧. આ દે. લા. જૈ. પુ. દ્વારા પ્રકાશિત છે.
૨. આ કૃતિ 'બૃહદ્' ગચ્છના હરિભદ્રસૂરિકૃત વિવરણ અને કોઇકની અવચૂર્ણિ સહિત **"દે. લા. જૈ. પુ. સં."** તરફથી ઇ.સ. ૧૯૪૦માં છપાવાઇ છે. આ અન્યત્ર પણ વિવિધ સ્થળેથી છપાવાઇ છે.
૩. **ત. સૂ.ની** સિદ્ધસેનીય ટીકા (ભા. ૨, પૃ. ૭૭)માં આનો ઉલ્લેખ છે પણ આ કૃતિ હજી સુધી તો મળી આવી નથી.
૪. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૯૮)માં આ કૃતિને જમ્બૂદ્વીપસમાસથી અભિન્ન ગણી છે.
૫. આ ચાર આહ્નિકમાં વિભક્ત કૃતિ **ત. સૂ.** વગેરેથી યુક્ત આવૃત્તિમાં ત્રીજા પરિશિષ્ટરૂપે જોવાય છે. એ આવૃત્તિ "એશિયાટિક સોસાયટી ઓફ બેંગોલ" તરફથી વિ. સં. ૧૯૫૯માં છપાવાયેલી છે.
૬. આ ૧૯ પદ્યની કૃતિ ઉપર્યુક્ત આવૃત્તિ (પૃ. ૧૭-૧૮)માં બીજા પરિશિષ્ટ તરીકે પ્રકાશિત કરાઇ છે.
૭. આ હરિભદ્રસૂરિએ ૪૦૫ પદ્યમાં જઇણ મરહટ્ઠીમાં રચેલી કૃતિ હોવાનું અને એ શ્રી. કેશવલાલ પ્રે. મોદીએ સંપાદિત કરેલી અને વિ. સં. ૧૯૬૧માં પ્રકાશિત કરાયેલી કૃતિ હોવાનું મનાય છે. [આ. શ્રીરાજેન્દ્રસૂરિ મ.સા. દ્વારા સંપાદિત **શ્રાવકપ્રજ્ઞપ્તિ**નું પ્રકાશન થયું છે.]
૮. આ નામની એક અન્ય કૃતિ છે. એમાં પણ દસ અધ્યાય છે. એનાં સૂત્રોની સંખ્યા ૧૦૭ની છે. "સદ્દૃષ્ટિજ્ઞાનવૃત્તાત્મા"થી એનો પ્રારંભ થાય છે. આના કર્તા તરીકે બૃહત્-પ્રભાચન્દ્રનું નામ દર્શાવાય છે. આ કૃતિ હિંદી અનુવાદ અને સ્પષ્ટીકરણ સહિત "અનેકાંત" (વ. ૩, પૃ. ૩૯૩-૪૩૩)માં છપાવાઇ છે.
૯. કણાદે વૈશેષિક દર્શન અંગે ૩૩૩ સૂત્રો રચ્યાં છે.
૧૦. "**દ્વાદશારં નયચક્રમ્**" (અર ૩)ની **ન્યાયાગમાનુસારિણી** વૃત્તિ (વિ. ૧, પૃ. ૩૨૪)માં **સિદ્ધસેનસૂરિ**એ કહ્યું છે એવા ઉલ્લેખપૂર્વક એક અવતરણ અપાયું છે. આ સૂરિ તે જ **સિદ્ધસેન દિવાકર** છે અને આ અવતરણ એમની કોઇ અનુપલબ્ધ ગદ્યાત્મક કૃતિમાંનું છે એમ **દ્વા. ન.** (વિ.૧)ની મુનિશ્રી જમ્બૂવિજયજીની પ્રસ્તાવના (પૃ. ૬૧)માં ઉલ્લેખ છે.
૧૧. જુઓ **દ્વા. ન.** (વિ. ૧)ની ઉપર્યુક્ત પ્રસ્તાવના (પૃ. ૬૦)

અને મધ્યમ લોક વિષે અને ચોથો અધ્યાય દેવલોક અને દેવો વિષે માહિતી પૂરી પાડે છે. આ કૃતિ સૌ કોઈને–અલ્પરુચિ, વિસ્તૃતરુચિ, શ્રદ્ધાજીવી, તાર્કિક, ચારિત્રાકાંક્ષી વગેરેને એક યા બીજી રીતે ઉપયોગી અને આકર્ષક નીવડે એવી એની રચના છે. શૈલી પ્રસન્ન અને સરળ છે. સૂત્રો સુગમ, સંક્ષિપ્ત અને સચોટ છે. સાથે સાથે એ અર્થસંદર્ભથી પરિપૂર્ણ છે. આ સમગ્ર સૂત્રોમાં અ. [1]પનાં સૂ. [2]૨૯-૩૧ દાર્શનિક દૃષ્ટિએ
P. ૧૪ વિશેષ મહત્ત્વનાં છે. એ સ્યાદ્વાદની–જૈન તત્ત્વજ્ઞાનની વિશિષ્ટતાની ઝળહળતી જ્યોતિનાં સમાન છે.

સંક્ષેપમાં કહું તો આ કૃતિ મોક્ષના માર્ગ તરીકે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્-ચારિત્રનો ઉલ્લેખ કરે છે અને મોક્ષનું સ્વરૂપ વર્ણવે છે.[3]

**સમન્વય–** કુસુમપુરમાં એટલે કે પાટલિપુત્રમાં રચાયેલા આ **ત. સૂ.** સાથે કયા આગમનો કયો અંશ સમાનતા ધરાવે છે એ બાબત સ્થાનકવાસી ઉપાધ્યાય શ્રીઆત્મારામજીએ [4]**તત્ત્વાર્થસૂત્ર-જૈનાગમ-સમન્વયમાં** વિચારી છે.

**સંગ્રહ– ત. સૂ.** એ ઉત્તમ પ્રકારની સંગ્રહાત્મક કૃતિ છે. કેટલાંક સૂત્રો આગમોના પાઠ જે અદ્ધમાગહીમાં છે તેના સંસ્કૃત સમીકરણરૂપે જોવાય છે તો કેટલાંક સૂત્રોમાં આગમપાઠોના અર્થને કર્તાએ પોતાના શબ્દોમાં ગૂંથી લીધેલા નજરે પડે છે. વળી કોઈ કોઈ સૂત્ર આગમમાં ચર્ચાયેલ વિષયની સંક્ષિપ્ત રજૂઆતનો ખ્યાલ કરાવે છે.

P. ૧૫ [5]**પરિશિષ્ટરૂપ સંકલના–** [6]**તત્ત્વાર્થત્રિસૂત્રીપ્રકાશિકાની** [7]પ્રસ્તાવના (પૃ. ૪)માં એના લેખક પં. પ્રભુદાસ બેચરદાસ પારેખે નીચે મુજબની મતલબના ઉલ્લેખ કર્યા છે :–

---

૧. આ અધ્યાય સમગ્ર કૃતિના મુગટરૂપ છે. એમાં છ દ્રવ્યોનું નિરૂપણ છે અને એ આમ પદાર્થવિજ્ઞાન ઉપર મહત્ત્વનો પ્રકાશ પાડે છે.

૨. "उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् ॥ २९ । तद्भावाव्ययं नित्यम् । ३० । अर्पितानर्पितसिद्धेः । ३१ ।"

૩. આને લઈને કેટલાક આ ત. સૂ. ને "મોક્ષશાસ્ત્ર" કહે છે તે વાત સાર્થક ઠરે છે. દિ. ભાવસેને **મોક્ષશાસ્ત્ર** રચ્યું છે. એના એક અંશનું નામ 'ન્યાયસૂર્યાવલી' છે અને એ અંશ પાંચ વિભાગમાં વિભક્ત છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૨૧)માં ઉલ્લેખ છે.

૪. આ પુસ્તક લાલા શેરસિંહ જૈનની પુત્રી (બાલવિધવા) શ્રીમતી ચંદ્રાપતિ તરફથી રોહતકથી ઇ.સ. ૧૯૩૬માં પ્રકાશિત કરાયું છે. આમાં પ્રથમ સૂત્ર આપીને એની નીચે એને મળતો આવતો આગમનો પાઠ એના સ્થળ સહિત અપાયો છે. આના ઉપાન્ત્ય પૃષ્ઠ ઉપરની જાહેરાત જોતાં એમ જણાય છે કે આગમના પાઠની સંસ્કૃત છાયા તેમ જ એના હિંદી અનુવાદ સહિત આ જ નામનું બીજું પુસ્તક પણ છપાવાયું છે.

૫. આગમોદ્ધારકે **ત. સૂ.**ને અંગે એક સૂત્રાત્મક પરિશિષ્ટ રચ્યું છે અને એ "नवस्मरणानि परिशिष्टयुक्ततत्त्वार्थयुतानि" એ નામથી જે પુસ્તક શા. માનચંદ વેલચંદ દ્વારા ઇ.સ. ૧૯૧૮માં પ્રસિદ્ધ કરાયું છે તેના અંતમાં અપાયું છે. એનો વિષય મુખ્યત્વે કરીને અધોલોક અને દેવલોક છે.

૬. આ કૃતિ "જૈન ગ્રંથ પ્રકાશક સભા" તરફથી અમદાવાદથી વિ.સં. ૨૦૦૧માં છપાવાઈ છે.

૭. પૃ. ૬માં "अर्पितानर्पितसिद्धेः" (અ.૫, સૂ. ૩૧)ના ભાષ્યની હકીકત ક્યાંથી અપાઈ છે ઇત્યાદિ જે પ્રશ્નો રજૂ કરાયા છે તેને અંગે એ સૂચવીશ કે ઠાણ (ઠા. ૧૦, સુત્ત ૭૨૭)માં "अप्पितणप्पिते" એવો પાઠ છે. વળી આ આગમ (ઠા. ૧૦, સુ.)માં 'માઉયાણુઓગ' એવો શબ્દગુચ્છ છે.

(૧) અ. ૪માં ''સ્થિતિ:''એ [1]સૂત્રથી એ અધ્યાયને અંગેનું એક પરિશિષ્ટ શરૂ થાય છે.
(૨) અ. ૫ના મુખ્ય વિષયનું નિરૂપણ ૨૮મા સૂત્રે પૂર્ણ થાય છે અને સૂ. ૨૯થી સત્, નિત્ય, બન્ધ, દ્રવ્ય, ગુણ અને પરિણામ એ છ [2]શબ્દોના જૈન દર્શનને અભિમત ભાવને સ્પષ્ટ કરવા માટે ભિન્ન ભિન્ન પરિશિષ્ટો શરૂ કરાયાં છે.
(૩) અ. ૭માં દાનનું નિરૂપણ પરિશિષ્ટરૂપ છે.

**વિવરણો**– **ત. સૂ.** ઉપર સંસ્કૃતમાં લગભગ ૪૦ વિવરણો રચાયાં છે. એ પૈકી જે શ્વેતામ્બરોની કૃતિઓ ઓછેવત્તે અંશે મળે છે તેમનાં નામ નીચે મુજબ છે :– P. ૧૬

(૧) ઉમાસ્વાતિ, (૨) દેવગુપ્તસૂરિ, (૩) **સિદ્ધસેનગણિ**, (૪) હરિભદ્રસૂરિ, (૫) **યશોભદ્રસૂરિ**, (૬) **યશોભદ્રસૂરિ**ના શિષ્ય, (૭) **મલયગિરિસૂરિ**, (૮) કોઈ એક મુનિ અને (૯) ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**.

દિગંબરો પૈકી નિમ્નલિખિત મહાનુભાવોનાં **ત. સૂ.** ઉપર સંસ્કૃતમાં વિવરણો નોંધપાત્ર છે :–

(૧) **પૂજ્યપાદ**, (૨) ભટ્ટ **અકલંક**, (૩) **વિદ્યાનન્દ** અને (૪) [3]**શ્રુતસાગર**.

**ભાષ્ય**– આ ભાષ્યના કર્તા ઉમાસ્વાતિ જાતે જ છે એમ લગભગ બધા વિદ્વાનોનું માનવું છે અને એ સપ્રમાણ જણાય છે. લગભગ ૨૦૦ શ્લોક જેવડી મૂળ કૃતિ ઉપરનું આ ભાષ્ય ૨૨૦૦ શ્લોક જેવડું છે. એમાં આવતાં વિષયોનું અધ્યાયદીઠ નિરૂપણ **ત. સૂ.**ની **હારિભદ્રીય** ટીકાવાળી આવૃત્તિમાં જોવાય છે.

આ ભાષ્યના પ્રારંભમાં મનોહર અને મહત્ત્વની [4]૩૧ કારિકાઓ છે. આને **'સંબંધ-કારિકા'** તેમ જ **'ભાષ્ય-કારિકા'** તરીકે પણ ઓળખાવાય છે. અંતમાં છ પદ્યની પ્રશસ્તિ છે અને એ સૂત્રકારનો પરિચય પૂરો પાડે છે. P. ૧૭

આ ભાષ્ય **ન્યાયદર્શન** તેમ જ એના ઉપરના **વાત્સ્યાયને** રચેલા ભાષ્ય સાથે વિષય અને કેટલાક શબ્દોની બાબતમાં સરખાવી શકાય તેમ છે. આ ભાષ્યમાં જે સંસ્કૃત અવતરણો છે તે આ પૂર્વે સંસ્કૃતમાં રચાયેલી કોઈ કૃતિમાંનાં હશે..

**સોપક્રમ આયુષ્યની ઉપપત્તિ**– જૈન દર્શન પ્રમાણે આયુષ્યના અપવર્તનીય અને અનપવર્તનીય એવા બે પ્રકારો છે. અપવર્તનીય આયુષ્ય [5]સોપક્રમ જ હોય છે પરંતુ અનપવર્તનીય આયુષ્ય તો સોપક્રમ અને નિરુપક્રમ એમ ઉભય પ્રકારનું હોય છે. તેમ છતાં એ આયુષ્યવાળા જીવોને આયુષ્યને ઓછું કરનારુ પ્રબળ નિમિત્ત મળે તો પણ તેઓ અકાળે મૃત્યુ પામતા નથી–નિયત કાળમર્યાદા પૂરી થયા પૂર્વે તેમનું

૧. આ ૨૯મું સૂત્ર છે.
૨. આ શબ્દો પૈકી 'સત્' શબ્દ અ. ૧, સૂ. ૮માં, 'નિત્ય' અ. ૫. સૂ. ૩માં, 'બન્ધ' અ. ૫, સૂ. ૨૪માં, 'દ્રવ્ય' અ. ૫, સૂ. ૨માં અને 'પરિણામ' અ. ૫, સૂ. ૨૨માં વપરાયા છે.
૩. એમના કૃતિકલાપ વગેરેની નોંધ જૈ. સં. સા. ઇ. (ખંડ ૧, પૃ. ૪૨-૪૪, ૪૬ અને ૩૦૦)માં મેં લીધી છે.
૪. ૨૪-૨૬ ક્રમાંકવાળી કારિકી પ્રક્ષિપ્ત હોય એમ જણાય છે. આ બાબત મેં **પ્રશમરતિ અને સબંધકારિકાને** અંગેની મારી ઉત્થાનિકા (પૃ. ૫૬અ)માં વિચારી છે જ્યારે પૃ. ૧૫-૧૬માં સંબંધકારિકાઓની મેં રૂપરેખા આલેખી છે.
૫. સોપક્રમ એટલે ઉપક્રમ સહિત ઉપક્રમ એટલે અકાળ મૃત્યુ ઉપજાવનાર નિમિત્તની પ્રાપ્તિ.

મરણ થતું નથી. એક વેળા બાંધેલું આયુષ્ય તૂટે–ઓછું થઈ શકે એ વાત કેવી રીતે ઘટે તેનો વિચાર આ ભાષ્યમાં ત્રણ ઉદાહરણો દ્વારા કરાયો છે : (૧) ભીના વસ્ત્રનું સુકાવું. (૨) સૂકા ઘાસનું દહન અને (૩) ગણિતની પ્રક્રિયા. આ પૈકી પહેલાં બે ઉદાહરણ તો યોગસૂત્ર (૩, ૨૨)ના ભાષ્યમાં પણ જોવાય છે ત્રીજું ઉદાહરણ જે ગણિતવિષયક છે તેમાં ગુણકાર (ગુણાકાર) અને ભાગહાર (ભાગાકાર)નો ઉપયોગ સંખ્યાનાચાર્ય અર્થાત્ ગણિતજ્ઞ કરણના લાઘવાર્થે કરે છે એ વાત કહી છે.

**ગણિતજ્ઞતા–** વાચક ઉમાસ્વાતિ ગણિતજ્ઞ છે એ વાતની ઝાંખી ઉપર્યુક્ત ગણિતવિષયક ઉદાહરણથી
P. ૧૮ થાય છે. વિશેષ પ્રતીતિતો એમણે અ. ૩, સૂ. ૧૧ના ભાષ્ય (પૃ. ૨૫૮)માં જે વર્તુલનાં પરિધિ, ક્ષેત્રફળ ઇત્યાદિને અંગે આપેલાં નીચે મુજબનાં સાત [1]કરણસૂત્રો (formulas) વિચારતાં જણાય છે. :–

(૧) [2]વૃત્તનો એટલે કે વર્તુળનો [3]પરિક્ષેપ એ [4]વિષ્કંભની કૃતિને અર્થાત્ એના વર્ગને દસે ગુણતાં જે રકમ આવે તેના (વર્ગ)મૂળની બરાબર છે.

(૨) [5]ગણિત અર્થાત્ ક્ષેત્રફળ એ વૃત્તના પરિક્ષેપને એક ચતુર્થાંશ વિષ્કંભ વડે ગુણવાથી નિષ્પન્ન થાય છે.

(૩) વિષ્કંભમાંથી ઇચ્છિત [6]અવગાહ બાદ કરતાં જે રહે તેને એ ઇચ્છિત અવગાહ વડે ગુણી ચાર ગણા કરી એનો વર્ગમૂળ કાઢતાં જે આવે તે [7]જ્યા યાને જીવાનું માપ છે.

P. ૧૯ (૪) વિષ્કંભ અને જ્યા એ બંનેના વર્ગ વચ્ચેના તફાવતનો વર્ગમૂળ વિષ્કંભમાંથી બાદ કરતાં જે રહે તેનાથી અડધો તે [8]ઇષુ છે.

(૫) [9]ધનુષ્કાષ્ઠ એ ઇષુના વર્ગને છ ગણો કરી અને એમાં જ્યાનો વર્ગ ઉમેરી જે સંખ્યા આવે તેના વર્ગમૂળની બરાબર છે.

(૬) વિષ્કંભ એ જ્યાના વર્ગને ચારે ભાગી તેમાં ઇષુનો વર્ગ ઉમેરતાં જે સંખ્યા આવે તેને ઇષુ વડે ભાગવાથી નિષ્પન્ન થાય છે.

(૭) બાહુ અર્થાત્ બે સમાનાંતર જ્યાની વચ્ચેનો પરિઘ તે અનુરૂપ ધનુષ્કાષ્ઠોના તફાવતથી અડધો છે. આ કરણ-સૂત્રો અંગ્રેજી પરિભાષામાં નીચે મુજબ દર્શાવી શકાય :

---

૧. આ કરણસૂત્રો મેં **ત. સૂ.ની સિદ્ધસેનીય** ટીકાવાળી મારી આવૃત્તિના બીજા ભાગના અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૪૧)માં આપ્યાં છે.

૨. આને અંગ્રેજીમાં 'સર્કલ' (Circle) કહે છે.

૩. 'પરિક્ષેપ' કહો કે 'પરિધિ' કહો તે એક જ છે. એનો અર્થ 'પરિઘ' યાને વર્તુલનો ઘેરાવો થાય છે. એને અંગ્રેજીમાં 'સર્કમ્ફરન્સ' (cirumference) કહે છે.

૪. આનો અર્થ 'વ્યાસ' છે. એ વર્તુળના મધ્ય બિંદુમાંથી પસાર થઈ એના પરિઘને બંને બાજુએ અડકતી સીધી લીટી છે. એને અંગ્રેજીમાં 'ડાયમીટર' (diameter) કહે છે.

૫. આને અંગ્રેજીમાં 'એરિયા' (area) કહે છે.

૬. આને અંગ્રેજીમાં ? કહે છે.

૭. આને અંગ્રેજીમાં 'કોર્ડ' (chord) કહે છે.

૮. આને અંગ્રેજીમાં એરો (arrow) કહે છે.

૯. આને અંગ્રેજીમાં 'આર્ક' (arc) કહે છે.

(૧) $C = \sqrt{10d^2}$, (૨) $A = \frac{1}{4} Cd$.
(૩) $c = \sqrt{4h(d-h)}$, (૪) $h = \frac{1}{2} (d - \sqrt{d^2 - c^2},)$
(૫) $a = \sqrt{6h^2 + c^2}$, (૬) $d = \frac{1}{h} (h^2 + \frac{c^2}{4})$ અને
(૭) $b = \frac{a_1 - a_2}{2}$

**જમ્બૂદ્વીપસમાસ**માં આ જ સાત નિયમો છે. **જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણે **સમયખિત્તસમાસ**માં આપ્યાં છે અને એનું સ્પષ્ટીકરણ [1]**જમ્બુદીવકરણચુણ્ણિ**માં જોવાય છે.

**પ્રદેશની પરિહાણિ**– અ. ૩, સૂ. ૯ના ભાષ્ય (પૃ. ૨૫૧)માં 'મેરું' પર્વત ઉપરનાં વનો ક્યાં ક્યાં આવ્યાં છે એ વાતનો નિર્દેશ કરી ઉમાસ્વાતિએ કહ્યું છે કે નંદન વનથી ઉપરના અને સૌમનસથી નીચેના ભાગમાં અગિયાર હજાર અગિયાર હજાર યોજન ઊંચે જતાં વિષ્કંભની (એક હજાર યોજન જેટલી) પરિહાણિ થાય છે. આ સંબંધમાં [2]**સિદ્ધિસેનગણિએ** પૃ. ૨૫૨માં કહ્યું છે કે આ (ઉમાસ્વાતિએ) કહેલી પરિહાણિ ગણિતની પ્રક્રિયા સાથે જરાયે સંગત થતી નથી. વળી આર્ષાનુસારી ગણિતજ્ઞો પરિહાણિ જુદી રીતે વર્ણવે છે. આમ જે અહીં મતભેદ દર્શવાયો છે તેની ચર્ચા માટે આ સ્થાન નહિ હોવાથી એ વાત હું અહીં જતી કરું છું. P. ૨૦

**ભાષ્યના અનુવાદ**– **ત. સૂ.** ના સૂત્રોના ગુજરાતી વગેરેમાં અનુવાદ થયા છે અને એ પ્રસિદ્ધ પણ કરાયા છે, જ્યારે મારો અંગ્રેજી અનુવાદ [3]અપ્રકાશિત છે. સમગ્ર ભાષ્યનો ગુજરાતી અનુવાદ પણ પ્રકાશિત થયો છે. **ત. સૂ.** ના પ્રથમ અધ્યાય પૂરતા ભાષ્યનો ગુજરાતીમાં અનુવાદ તેમ જ એને અંગે ગુજરાતીમાં ટિપ્પણરૂપે "રહસ્ય-પરિમલ" પં. પ્રભુદાસ બેચરદાસ પારેખે જે તૈયાર કર્યા હતાં તે "હરિભદ્રસૂરિ જૈન ગ્રંથમાલા"માં ગ્રંથાંક ૧ તરીકે છપાવાયાં છે[4] આની ભૂમિકા (પૃ. ૪)માં પં. પ્રભુદાસે સમસ્ત ભાષ્યનું

૧. આ કૃતિ "દે. લા. જૈ. પુ. સં." તરફથી ગ્રંથાક ૧૧૦ તરીકે પ્રસિદ્ધ થનાર છે.
૨. એમણે ટીકા (ભા. ૨. પૃ.?)માં ઉમાસ્વાતિની એક ભૂલ બતાવી તે ક્ષંતવ્ય ગણવાનો નિર્દેશ કર્યો છે.
૩. ત. સૂ.નાં સૂત્રોનું મેં કરેલું પાઇય રૂપાંતર પણ અપ્રકાશિત છે.
૪. આ પ્રકાશનનું નામ "શ્રીતત્ત્વાર્થધિગમસૂત્ર સ્વોપજ્ઞ-ભાષ્ય : ગુર્જર ભાષાપર્યાય : તથા–રહસ્યપરિમલ-વિવેચના : યુક્ત ભાગ ૧ લો" એમ રખાયું છે અને એ "કેશરબાઇ જ્ઞાનભંડાર, પાટણ"થી ઈ.સ. ૧૯૩૭માં પ્રસિદ્ધિમાં મૂકાયું છે. આ વાતને આજે ત્રણ દસકા કરતાં અધિક સમય પસાર થઈ ગયો છે પણ બીજા ભાગ પ્રકાશિત થયા જણાતા નથી–કદાચ એ તૈયાર જ નહિ કરાયા હશે. [ત. સૂ. ઉપર પ્રભુદાસ પારેખની સારબોધિની ગુજ. ટીકા સાથે બે ભાગમાં શ્રેયસ્કર મંડળ મહેસાણાથી વિ. સં. ૨૦૫૩માં પ્રસિદ્ધ છે.]
આ પ્રકાશનના પ્રારંભમાં મોટા અક્ષરે ગુજરાતી લિપિમાં સંપૂર્ણ ત. સૂ. અપાયું છે. ત્યાર બાદ બાળબોધમાં સંબંધકારિકાપૂર્વક પ્રથમ અધ્યાય પૂરતું આ ભાષ્ય છે. એના પછી "ગુર્જર ભાષા–પર્યાય"ના નામથી ઉપર્યુક્ત સંબંધકારિકાનો અનુવાદ છે. ત્યાર પછી ત. સૂ.ના અધ્યાય ૧નું એકેક સૂત્ર આપી એનો અને એને અંગેના ભાષ્યનો ગુજરાતીમાં અનુવાદ ટિપ્પણના અંકપૂર્વક અપાયો છે. એના પછી "રહસ્ય-પરિમલ"ના નામે ટિપ્પણો અપાયાં છે. એમાં કેટલીક વાર શ્રદ્ધાનો અતિરેક નજરે પડે છે. એ વાત તેમ જ કેટલાક મુદ્રણદોષો અને વિરામચિહ્નોની રજૂઆત બાબત બાજુ ઉપર રાખીએ તો પ્રયાસ એકંદર પ્રશંસાપાત્ર ગણાય. [સ્વોપજ્ઞભાષ્ય અને ત. સૂ. પં. અક્ષયચન્દ્રસાગરના ભાવાનુવાદ સાથે શારદાબેન ચી. એ. સેંટર અમદાવાદથી પ્રસિદ્ધ છે. આ. સુશીલસૂરિજી અને મુનિ દીપરત્નસાગરજીના વિવેચનો પ્રગટ થયેલા છે.]

P. ૨૧ હિન્દી ભાષાંતર છપાયાની નોંધ લેતાં કહ્યું છે કે "'આ ભાષાંતર "જૈનેતર પંડિતને હાથે થયેલું હોવાથી અતિ અશુદ્ધ છે અને ઘણે ઠેકાણે તો તદ્દન જ ખોટું થયું છે.'"[1] [આ. રાજશેખરસૂરિ, પં. સુખલાલ, પં ધીરુભાઇના વિવેચનો પ્રકાશિત છે.]

[2]**ભાષ્યાનુસારિણી સિદ્ધસેનીય ટીકા–** આના કર્તા **સિદ્ધસેન**ગણિ છે. એઓ [3]**સિંહસૂર**ના શિષ્ય **ભાસ્વામી**ના શિષ્ય થાય છે. એઓ જ 'ગન્ધહસ્તી' હોય એવી સંભાવના કરવા માટે બે કારણો મળે છેઃ–

(૧) ગન્ધહસ્તીના નામે જે અવતરણો જાણવામાં છે તે કેટલીક વાર અક્ષરશઃ અને કોઇ કોઇ વાર કંઇક ફેરફારપૂર્વક આ સિદ્ધસેનીય ટીકામાં જોવાય છે.

P. ૨૨ (૨) જે હારિભદ્રીય અધુરી ટીકા **યશોભદ્રસૂરિ** અને એમના કોઇ શિષ્યને હાથે પૂર્ણ કરાઈ છે તેમાં એ શિષ્યે એમને જ "ગન્ધહસ્તી સિદ્ધસેન" કહ્યા હોય એવો ઉલ્લેખ જણાય છે.

**આયાર** ઉપરની **શીલાંકસૂરિ**કૃત ટીકાના પ્રારંભમાં ત્રીજા પદ્યમાં ગન્ધહસ્તીએ **શસ્રપરિજ્ઞા**નું વિવરણ રચ્યાનો ઉલ્લેખ છે. એ ગન્ધહસ્તી તે આ જ **સિદ્ધસેન** હશે એમ લાગે છે.

આ સિદ્ધસેનીય ટીકામાં **ધર્મકીર્તિ**નો ઉલ્લેખ છે. એમનો સમય ઇ. સ. ૬૦૦થી ઇ. સ. ૬૫૦ હોવાનું ઘણાખરા વિદ્વાનો માને છે.[4] એ હિસાબે **સિદ્ધસેન**ગણિ **વિક્રમની** સાતમી સદી પછી થયેલા ગણાય. પૃ. ૩૨૭માં એમણે[5] વિશેષાવશ્યકકાર' એવા ઉલ્લેખપૂર્વક **વિસેસા.**માંથી અવતરણો આપ્યાં છે. એમની ટીકા સુપ્રસિદ્ધ **હરિભદ્રસૂરિ**કૃતટીકા કરતાં પહેલી રચાઇ છે કે પછી એનો અંતિમ નિર્ણય કરવા માટે મેં પ્રયાસ કર્યો છે. આ સંબંધમાં મેં "સમભાવભાવી **હરિભદ્રસૂરિ** પૂર્વવર્તી કે સિદ્ધસેનગણિ ?" નામનો લેખ લખ્યો છે પણ એ અપ્રકાશિત છે. પં. **સુખલાલ** આ બંને ટીકાકારને સમકાલીન ગણે છે અને તેમાં પણ **સિદ્ધસેન**ગણિને હરિભદ્રસૂરિ કરતાં વૃદ્ધ ગણે છે. વિશેષમાં એમને મતે હારિભદ્રીય ટીકા સિદ્ધસેનીય ટીકા કરતાં પહેલાં રચાઇ છે[6] પરંતુ એ સિદ્ધસેનગણિના જોવામાં આવી નથી.[7]

**સિદ્ધસેન**ગણિ આગમાનુસારી તર્કને માનનારા હતા એ વાત એમણે અ. ૧, સૂ. ૩૧ની ટીકા
P. ૨૩ (પૃ. ૧૧૧)માં તર્કાનુસારી આગમ માનનાર મહાવાદી અને પ્રખર તાર્કિક **સિદ્ધસેન** દિવાકર જેવાને પણ 'પંડિતંમન્ય' કહ્યા છે એ ઉપરથી જાણી શકાય છે. એમનું જૈન તેમ જ અજૈન દર્શનોનું જ્ઞાન વિશાળ હતું એમ દાર્શનિક વાદોથી વ્યાપ્ત ૧૮૦૦૦ શ્લોક જેવડી એમની [8]આ ટીકા જોતાં જણાય છે. આ ટીકામાં સૂત્રો અને ભાષ્યને અંગેનાં પાઠાંતરોની ચર્ચા છે. તેમ છતાં અ. ૫, સૂ. ૨૯ને અંગેની હારિભદ્રીય ટીકામાં

---

૧. ["Studies of Tattvarthsutra with Bhasya By Suzuko Ohiro" પ્ર. લા. દ. વિદ્યામંદિર અમદાવાદ]

૨. આ ટીકા દે. લા. જૈ.માં પ્રકાશિત છે.

૩. એઓ **દિન્ન**ગણિના શિષ્ય થાય છે. **દ્વાદશારનયચક્ર**ના વૃત્તિકાર **સિંહસૂરિ** તે જ આ હશે એમ કેટલાકનું માનવું છે.

૪. શ્રી. ભગવદ્દત્તના મતે ધર્મકીર્તિ ઇ.સ. ૬૦૦ પહેલાં થયા છે.

૫. એમનો સત્તાસમય લ.ઇ.સ. ૪૮૯-ઇ.સ. ૫૯૩ છે.

૬. જુઓ **ત. સૂ.**નો પરિચય (પૃ. ૬૧).

૭. એજન, પૃ. ૬૨.

૮. આ પૂર્વે આથી મોટી તેમ જ નાની ટીકાઓ રચાયાનો આ ટીકામાં ઉલ્લેખ છે. કોઇ મોટી શ્વેતામ્બરીય ટીકા તો હજુ સુધી મળી આવી નથી. ***તત્ત્વાર્થરાજવાર્તિક*** અને ***તત્ત્વાર્થશ્લોકવાર્તિક*** કરતાં આ ટીકા મોટી છે.

જે ભાષ્યપાઠ જોવાય છે તે વિષે અહીં કશો જ ઇસારો નથી. આનું કારણ એમ જણાય છે કે એ ટીકા **સિદ્ધસેનગણિ**ના જોવામાં નહિ આવી હોવી જોઈએ.

પં. **સુખલાલ**ના મતે સિદ્ધસેનીય વૃત્તિ 'રાજવાર્તિક' અને 'શ્લોકવાર્તિક' કરતાં પહેલાં રચાઈ હોવાનો ઘણો સંભવ છે.[1]

**સર્વાર્થસિદ્ધિ સિદ્ધસેનગણિ**ના જોવામાં નહિ આવી હશે, નહિ તો સાંપ્રદાયિક અભિનિવેશની બાબતમાં **પૂજ્યપાદ**ની સ્પર્ધા કરનારા એ ગણિ એમની વૃત્તિની ખબર લીધા વિના રહી શકત નહિ.[2]

**સન્તુલન–** સિદ્ધસેનીય ટીકા (ભા. ૨, પૃ. ૨૭૨-૩)માં જે બાર પદ્યો અવતરણરૂપે અપાયાં છે એ પૈકી બીજાથી પાંચમા પદ્યો **ભગવદ્ગીતા**ના નિમ્નલિખિત ક્રમાંકવાળાં પદ્યોનું સ્મરણ કરાવે છે :–

અ. ૧૮, શ્લો૦ ૫૨, અ. ૬, શ્લો૦ ૧૧ ને ૨૮, અ. ૭, શ્લો૦ ૧૦ અને અ. ૨, શ્લો૦ ૫૮.

આ પદ્યો નીચે મુજબ છે :– P. ૨૪

"विविक्तसेवी लाद्‌वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥१८-५२॥"

"शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥६-११॥"

"युञ्जन्नेवं सदात्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ॥६-२८॥"

"बीजं मां सर्वभूतानां विद्धि पार्थ ! सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥७-१०॥"

"यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥२-४८॥"

**ત. સૂ.** (અ. ૧, સૂ ૩૪)ની ટીકામાં નીચે મુજબ અવતરણ છે :

"यत्र ह्यर्थो वाचं व्यभिचरित नामिधानं तत्."

આ જ અવતરણ **નયચક્ર** (અ. ૨)ની **ન્યાયાગમાનુસારિણી** વૃત્તિ (જંબૂ., પૃ. ૫૮૮)માં "तथा चाचार्य**सिद्धसेन** आह" એવા ઉલ્લેખપૂર્વક જોવાય છે. આ **સિદ્ધસેન** તે **સિદ્ધસેન** દિવાકર છે એમ જંબૂવિજયજીએ "જૈ. સ. પ્ર." (વ. ૧૩, અં. ૪)માં છપાવેલા પોતાના લેખમાં તેમ જ દ્વા. ન. (વિ. ૧)ના પ્રાક્કથન (પૃ. ૨૩)માં કહ્યું છે. એ કથન સાચું જ હોય તો પણ **સિદ્ધસેન** દિવાકરના કોઈ પણ ઉપલબ્ધ ગ્રન્થમાં તો એ જણાતું નથી.

**ત. સૂ.** (અ. ૫, સૂ. ૨૪)ની ટીકા (પૃ. ૩૫૭)માં દત્તક ભિક્ષુની અર્થાત્ દિઙ્નાગની કૃતિમાંથી P. ૨૫
નિમ્નલિખિત અવતરણ शब्दान्तरार्थापोहं ને બદલે अर्थान्तरापोहं એવા પાઠભેદવાળું અવતરણ અપાયું છે:

૧. જુઓ **ત. સૂ.** નો પરિચય (પૃ. ૧૪૪). ૨. એજન, પૃ. ૧૧૫.

"अर्थान्तरापोहं हि स्वार्थे कुर्वती श्रुतिरभिधत्त इत्युच्यते"

**ત. સૂ.** (અ. ૭, સૂ. ૮)ની ટીકા (ભા. ૨, પૃ. ૬૮)માં **વસુબન્ધુ**ને 'આમિષગૃદ્ધ' કહ્યા છે. એ જ પૃષ્ઠ ઉપર વસુબન્ધુને અંગે **"विकल्पसमा जातिरुपन्यस्ता वसुबन्धुवैधेयेन"** એવો ઉલ્લેખ છે. પૃ. ૩૫૪માં આ વસુબન્ધુકૃત **વિજ્ઞપ્તિમાત્રતાસિદ્ધિત્રિંશિકા**નું આદ્ય પદ્ય અવતરણરૂપે અપાયું છે. ભા. ૨, પૃ. ૩૭૬માં 'બન્ધુમતી આખ્યાયિકા'નો ઉલ્લેખ છે.

[1]**તત્ત્વાર્થ-ત્રિસૂત્રી-પ્રકાશિકા** (વિ. સં ૧૯૯૯)– **ત. સૂ.** (અ. ૫)નાં સૂ. [2]૨૯-૩૧નો અહીં **તત્ત્વાર્થ-ત્રિસૂત્રી** તરીકે ઉલ્લેખ છે. એ પૈકી 'સત્'નું લક્ષણ પૂરું પાડનારું પ્રથમ સૂત્ર દ્વાદશાંગીના બીજકરૂપ ત્રિપદીનું સ્મરણ કરાવે છે. ત્યાર પછીનું સૂત્ર 'સત્'ના લક્ષણમાંથી ઉદ્ભવેલા અંકુરરૂપ જણાય છે. આ બે સૂત્રો જિજ્ઞાસા અને સાથે સાથે શંકા અને મૂંઝવણ ઉત્પન્ન કરે એવાં વિલક્ષણ છે. એથી એ શંકાદિના પરિહારરૂપ ત્રીજું હેતુસૂત્ર રચાયું હોય એમ લાગે છે. આ [3]ત્રણ સૂત્રને અંગે સ્વોપજ્ઞ ભાષ્ય તેમ જ સિદ્ધસેનીય, હારિભદ્રીય વગેરે ટીકાઓ પ્રકાશ પાડે છે. તે પૈકી આ કૃતિમાં તો આ ભાષ્ય અને સિદ્ધસેનીય ટીકા એ બેના જ સ્પષ્ટીકરણરૂપ આ **પ્રકાશિકા** નામની [4]વૃત્તિ શ્રીવિજયલાવણ્યસૂરિએ રચી છે.

P. ૨૬ [5]**દેવગુપ્તીય ટીકા**– સિદ્ધસેનીય ટીકાની કેટલીક હાથપોથીમાં પ્રારંભમાં સમ્બન્ધકારિકા ઉપર ઉપર દેવગુપ્તસૂરિની ટીકા લખાયેલી જોવાય છે. આ ટીકાનું અંતિમ પદ્ય વિચારતાં એમ જણાય છે કે શાસ્ત્રની એટલે કે **ત. સૂ.** ની ટીકા રચવાના ઉદ્દેશથી આ દેવગુપ્તે ટીકા રચી પરંતુ એમની અભિલાષા પાર પાડી છે એમ જાણવાનું કોઈ સાધન હજુ સુધી તો મળી આવ્યું નથી. એમણે ધારેલી ટીકા રચી હોય તો પણ આજે તો અપ્રાપ્ય છે.

[6]**ડુપડુપિકા અને એની પૂર્ણાહુતિ– અ. જ. પ.** વગેરેના પ્રણેતા **હરિભદ્રસૂરિ**એ **ત. સૂ.** અને એના ભાષ્યને અંગે ટીકા રચવી શરૂ કરી હતી. લઘુવૃત્તિ તરીકે ઓળખાવાતી આ ટીકા પૂરી રચાઇ હોય તો પણ એ આજે તો [7]આશરે સાડા પાંચ અધ્યાય પૂરતી જ ઉપલબ્ધ છે. ત્યાર પછીની લગભગ બાકીની ટીકા **યશોભદ્રસૂરિ** દ્વારા અને **ત. સૂ.**ના અંતિમ સૂત્રના ભાષ્ય પૂરતા ભાગની ટીકા એમના શિષ્યને હાથે રચાઇ છે, આમ કરવામાં એ બંને ગુરુ-શિષ્યે ગન્ધહસ્તી **સિદ્ધસેન**ની વૃત્તિનો ઉપયોગ કર્યો છે.

---

૧. આ કૃતિ પ્રકાશિત છે. જુઓ પૃ. ૮, ટિ. ૬ આમાં સંસ્કૃતમાં વિસ્તૃત વિષયાનુક્રમ અપાયો છે તેથી આ વિષયના અભ્યાસનો માર્ગ સરળ બન્યો છે.

૨. જુઓ પૃ. ૮

૩. **સિદ્ધસેનગણિ**એ **ત. સૂ.**ની ટીકા (ભા. ૧, પૃ. ૩૧૯)માં આ ત્રણ સૂત્રનો **"सकलशास्त्रगर्भत्रिसूत्री"** તરીકે નિર્દેશ કર્યો છે.

૪. આમ આ વૃત્તિ મર્યાદિત હોવા છતાં આ ગહન વિષય સમજવામાં ઉપયોગી છે. જો અન્યાન્યની ટીકાઓ વગેરેનો લાભ લઇ વૃત્તિ રચાઇ હોત તો એનું મહત્ત્વ ઘણું વધત.

૫. આ દે. લા. દ્વારા પ્રકાશિત છે.

૬. આ ઋ. કે. શ્વે. દ્વારા પ્રકાશિત થયેલી છે.

૭. અ. ૬, સૂ. ૨૩ના અમુક ભાગ સુધીની.

હારિભદ્રીય ટીકાની એક વિશેષતા તે અ. ૫, સૂ. ૨૯નાં ભાષ્યનું હરિભદ્રસૂરિએ કરેલું નિરૂપણ છે. અ. ૩, સૂ. ૧૧ની સિદ્ધસેનીય ટીકાની ''अपरे''થી થતી પાંચ પંક્તિ (પૃ. ૨૬૧) પ્રાયઃ એ જ શબ્દોમાં હારિભદ્રીય ટીકા (પૃ. ૧૭૫)માં જોવાય છે. આ **ડુપડુપિકા**ને અંગે કેંટલીક વિશેષ માહિતી મેં [1]**શ્રી હરિભદ્રસૂરિ** નામના મારા પુસ્તક (પૃ. ૨૧૫-૨૨)માં આપી છે. P. ૨૭

ઉપર્યુક્ત **યશોભદ્રસૂરિ** તે હારિભદ્રીય **ષોડશક-પ્રકરણ**ના વૃત્તિકાર છે કે અન્ય કોઇ તે જાણવું બાકી રહે છે. એઓ **હરિભદ્રસૂરિ**ના શિષ્ય કે સન્તાનીય હોય એમ જણાતું નથી, કેમકે નહિ તો **યશોભદ્રસૂરિ**ના શિષ્ય પોતાના ગુરુનો એ રીતે પરિચય આપત ને ?

આ **યશોભદ્રસૂરિ**ને હાથે નહિ જેવો ભાગ પૂરો થવો કેમ રહી ગયો હશે એ જાણવું બાકી રહે છે.

**મલયગિરીય ટીકા**– **મલયગિરિસૂરિ**એ વિશદ અને સુબોધ વૃત્તિકાર તરીકે નામના મેળવી છે. એઓ [2]**શબ્દાનુશાસન** કિંવા [3]**મુષ્ટિવ્યાકરણ** વગેરેના પ્રણેતા છે. એમને આ ઉપરાંત કેટલાક અન્યકર્તૃક ગ્રંથો ઉપર પણ તેમ કર્યું છે. એનાં નામો વિષે આગળ ઉપર હું નિર્દેશ કરીશ. અહીં તો એ નોંધીશ કે **નન્દીસુત્ત** (ગા. ૩૦)માં આર્ય **નાગહસ્તી** માટેના ઉલ્લેખગત 'વાગરણ'ના નિમ્નલિખિત ત્રણ અર્થો એની વૃત્તિમાં **મલયગિરિસૂરિ**એ દર્શાવ્યા છે :– P. ૨૮

(૧) સંસ્કૃત વ્યાકરણ, (૨) પ્રાકૃત વ્યાકરણ અને (૩) પ્રશ્નવ્યાકરણ.

જો પ્રથમ અર્થ વાસ્તવિક હોય તો એ આર્ય **સ્કન્દિલ**ના કરતાં પહેલું રચાયેલું સંસ્કૃત વ્યાકરણ છે.

નિષ્ણાત વૃત્તિકાર તરીકે [4]**મલયગિરિસૂરિ** સુપ્રસિદ્ધ છે. એમણે નિમ્નલિખિત આગમો ઉપર એકેક વૃત્તિ રચી છે :–

---

૧. આ નામથી આ મારું પુસ્તક ''શ્રી સયાજી સાહિત્યમાળા''માં ૩૩૬મા પુષ્પ તરીકે ઇ.સ. ૧૯૬૩માં છપાવાયું છે.

૨. આ વ્યાકરણનું બે તાડપત્રીય પ્રતિઓના આધારે સ્વોપજ્ઞ વૃત્તિ સહિતનું સંપાદન પં. બેચરદાસ જી. દોશીએ કર્યું છે. એમણે સંસ્કૃતમાં જે પ્રસ્તાવના લખી હતી તેના ડૉ. નગીન જે શાહે અંગ્રેજીમાં કરેલા અનુવાદ સહિત આ પુસ્તક ''લા. દ. વિદ્યામન્દિર'' તરફથી ઇ.સ. ૧૯૬૭માં પાંચ પરિશિષ્ટો પૂર્વક પ્રકાશિત કરાયું છે. એમાં પાંચ સંધિરૂપ પાંચ પાદ તેમ જ નામને અંગે નવ પાદ, આખ્યાત અંગે દસ, કૃદન્ત અંગે છ અને તદ્ધિત અંગેના બાર પાદો પૈકી ૨, ૩-૬ (ખંડિત), ૭-૧૦ અને ૧૧ (અપૂર્ણ)ને સ્થાન અપાયું છે. આ પુસ્તકનું નામ **શબ્દાનુશાસન** રખાયું છે. પ્રસ્તાવનામાં આ વ્યાકરણ વિ. સં. ૧૨૨૭માં રચાયાનો ઉલ્લેખ છે.

૩. ''ભાં. પ્રા. સં. મં.''માં વ્યાકરણની તાડપત્રીય પ્રતિ છે તેમાં આ નામ છે. આ વ્યાકરણ વિષે મેં **જૈ. સં. સા. ઇ.** (ખડ ૧)નાં પૃ. ૩૬-૪૦ તથા ઉપોદ્ઘાતનાં પૃ. ૪૫ અને ૪૮માં કેટલીક બાબતો નોંધી છે.

૪. વૈયાકરણ **વિનયવિજયગણિ**એ **લોકપ્રકાશ** (ભાવલોક, શ્લો. ૨૯)માં એમનો એક 'યુગપ્રધાન' તરીકે નિર્દેશ કર્યો છે. **જિનમંડનગણિ**એ **કુમારપાલપ્રબન્ધ** (પૃ. ૧૩)માં કહ્યું છે કે ('કલિ.') **હેમચન્દ્રસૂરિ** અને **દેવેન્દ્રસૂરિ** સાથે **મલયગિરિસૂરિ** ગૌડ દેશ જવા માટે નીકળી ખિલ્લુરગ્રામે ગયા હતા. જુઓ મલયગિરીય **શબ્દાનુશાસન**ની પ્રસ્તાવના (પૃ. ૩). એમાં મલયગિરિસૂરિ બ્રાહ્મણ હશે અને સંન્યાસી થયા બાદ જૈન શ્રમણ થયા હશે એવું સૂચન કરાયું છે. પૃ. ૪માં કહ્યું છે કે એઓ 'પૂર્ણતલ્લ' અને 'ખરતર' સિવાયના કોઇ ગચ્છના છે.

આવસ્સય, **ઓહનિજ્જુત્તિ**, કપ્પ, **ચન્દપણ્ણત્તિ**, **જંબૂદીવપણ્ણત્તિ**, **જીવાજીવાભિગમ**, **જોઈસકરંડગ**, [1]**નન્દીસૂત્ત**, **પણ્ણવણા**, **પિણ્ડનિજ્જુત્તિ**, **રાયપ્પસેણઈજ્જ**, [2]**વવહાર** (પીઠિકા), **વિવાહપણ્ણત્તિ** (**સયગ** ૨)અને **સૂરપણ્ણત્તિ**. વિશેષમાં એમણે નીચે પ્રમાણેના અનાગમિક ગ્રન્થો ઉપર પણ એકેક વૃત્તિ રચી છે :–

**કમ્મપયડિ**, **ખેત્તસમાસ**, **છાસીઈ**, **ત. સૂ.**, **દેવિન્દનરઈન્દપયરણ**, **ધમ્મસંગહણી**, **ધર્મસાર**, **પંચસંગહ**, **સંગહણી** અને **સત્તરિયા**. એઓ **કુમારપાલ**ના સમકાલીન છે. આ **મલયગિરિસૂરિ**એ **ત. સૂ.** ઉપર ટીકા રચી છે એમ આ સૂરિએ **પણ્ણવણા** (પય ૧૫) ઉપરની વૃત્તિ (પત્ર ૨૯૮અ)માં કરેલા ઉલ્લેખ ઉપરથી અનુમનાય છે પરંતુ ખેદની વાત છે કે એ ટીકા હજુ સુધી તો મળી આવી નથી. શ્વેતામ્બર મુનિવરોની જે સંસ્કૃત ટીકાઓ ઉપલબ્ધ છે તે બધી જ ભાષ્યાનુસારિણી છે એ જોતાં આ અનુપલબ્ધ ટીકા પણ તેવી જ હશે.

[3]**ટિપ્પણ**– કોઇ શ્વેતામ્બર મુનિએ **ત. સૂ.** અને એના ભાષ્ય ઉપર સાધારણ કોટિનું ટિપ્પણ રચ્યું છે. એને **તત્ત્વાર્થાધિગમપરિશિષ્ટ** પણ કહે છે. અ. ૫, સૂ. ૩૧ના ટિપ્પણ (પત્ર ૩૧)માં એમણે **સ્યાદ્વાદમંજરી**નો ઉલ્લેખ કર્યો છે એટલે એઓ વિક્રમની ચૌદમી સદી પૂર્વે થયા નથી એ વાત ફલિત થાય છે.

[4]**ટીકા**– આના કર્તા 'ન્યાયવિશારદ' ન્યાયાચાર્ય ઉપાધ્યાય [5]**યશોવિજયગણિ** છે. આ ટીકા
P. 30 ભાષ્યાનુસારિણી છે. આ ટીકા માંડમાંડ એક અધ્યાય પૂરતી મળી આવી છે અને તે પણ પાંચમી સંબન્ધકારિકાના અંતભાગથી જ શરૂ થાય છે એટલે કે પહેલી ચારની ટીકા સર્વાંશે નથી અને પાંચમીની નહિ જેવી જ છે.[6] એમના સ્વર્ગવાસને લગભગ અઢીસો વર્ષ જ થયાં છે ત્યાં તો એમની કેટલીયે કૃતિઓ અપ્રાપ્ય બની છે તેનું કારણ વિચારવું ઘટે.[7]

---

૧. આ અંગેની વૃત્તિનો પ્રારંભિક ભાગ દાર્શનિક બાબતો અંગે ઉત્તમ સાધન પૂરું પાડે છે.

૨. આની વૃત્તિ બધી વૃત્તિઓમાં સૌથી વિસ્તૃત છે.

૩. આ કૃતિ "શ્રીતત્ત્વાર્થટિપ્પણકમ્" એ નામથી શેઠ માણેકલાલ મનસુખભાઇએ ઇ.સ. ૧૯૨૪માં છપાવી છે.

૪. **ત. સૂ.** (અ. ૧) તેમ જ એને અંગેનું પાંચમી સંબંધકારિકાથી શરૂ થતું ભાષ્ય જે ન્યાયાચાર્ય**યશોવિજયગણિ**કૃત ટીકાથી વિભૂષિત છે તેને શ્રી**વિજયોદયસૂરિ**કૃત પહેલી પાંચ સંબંધકારિકાને અંગેના સંસ્કૃત વિવરણ વડે સંયોજિત કરી શેઠ માણેકલાલ મનસુખભાઈએ ઇ.સ. ૧૯૨૪માં પ્રકાશિત કર્યું છે. [સં. ૨૦૫૧માં પણ છપાયું છે.]

૫. એમના નામધારી **યશોવિજયગણિ**એ **ત. સૂ.** ઉપર અ. ૪, સૂ. ૧૯ જેવાં સૂત્રોને બાદ કરતાં મોટે ભાગે સર્વાર્થસિદ્ધિમાન્ય સૂત્રપાઠને લક્ષ્યમાં રાખી સૂત્રોનો ગુજરાતીમાં ટબ્બો રચ્યો છે. તેમ છતાં જ્યાં જ્યાં શ્વેતામ્બર અને દિગમ્બર માન્યતામાં ભેદ આવે છે તે તે સ્થળે શ્વેતામ્બર માન્યતા જ અનુસાર અર્થ કર્યો છે. આમ એમણે પાઠ દિગમ્બરીય સ્વીકાર્યો અને અર્થ શ્વેતામ્બર મતાનુસારી કર્યો તે વિલક્ષણતા ગણાય. આનું કારણ પં. **સુખલાલે** એમ દર્શાવ્યું છે કે દિગમ્બરોને સાચા અર્થનો બોધ કરાવવો અને બીજી બાજુ દિગમ્બરીય સૂત્રપાઠ સ્વીકારતાં શ્વેતામ્બરોને ભડકવાની જરૂર નથી એમ આ ગણિ સૂચવવા ઇચ્છતા હશે. ગમે તેમ પણ **ત. સૂ.**નો ગુજરાતીમાં અર્થ કરનાર તરીકે યશોવિજયગણિ સૌથી મોખરે છે. [પ્ર. શ્રુતજ્ઞાનપ્રચારક સભા.]

૬. વિશેષ માટે જુઓ **યશોદોહન** (પૃ. ૧૫, ૧૭, ૫૮, ૧૪૭, ૧૭૫, ૧૭૬ અને ૧૭૯). આ **યશોદોહન**માં **ત. સૂ.** તેમ જ *એની અન્ય કેટલીક ટીકાઓ વિષે મેં કેટલોક નિર્દેશ કર્યો છે.* **જુઓ એનું ચતુર્થ પરિશિષ્ટ** (પૃ. ૪૪૩-૪૪૪).

૭. **ત. સૂ.** ઉપર 'તીર્થોદ્ધારક' **વિજયનેમિસૂરિજી**ના શિષ્યરત્ન શ્રી**વિજયદર્શનસૂરિ**એ ટીકા રચી છે.

**ત્રિસૂત્ર્યાલોક–** **ત. સૂ.** (અ. ૫, ૨૯-૩૧)ને અંગે ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ** આ કૃતિ કે પછી એ અન્યકર્તૃક કૃતિ ઉપર વિવરણ રચેલ છે પરંતુ મૂળ કૃતિ કે એના વિવરણની અદ્યાપિ એક પણ P. ૩૧
હાથપોથી મળી આવી નથી. વિશેષ માટે જુઓ **યશોદોહન** (પૃ. ૧૭, ૮૧, ૧૪૫ અને ૧૮૦).

**શિવકોટિની ટીકા–** કેટલાક અર્વાચીન દિ. શિલાલેખો ઉપરથી એમ જણાય છે કે દિ. **શિવકોટિએ** **ત. સૂ.** ઉપર ટીકા રચી હશે. ગમે તેમ પણ આજે તો એ મળતી નથી. આ **શિવકોટિને** કેટલાક દિ. **સમન્તભદ્રના** શિષ્ય ગણે છે.[૧]

**ગન્ધહસ્તિ-મહાભાષ્ય–** આ **ત. સૂ.** ને અંગેનું વિવરણ છે. અને એના કર્તા દિ. **સમન્તભદ્ર** છે એમ **અષ્ટસહસ્રી** ઉપરની ટીકા ( )માં દિ. લઘુસમન્તભદ્રે અને **વિક્રાન્તકૌરવ** નામના નાટક ( )માં દિ. હસ્તિમલ્લે કહ્યું છે પરંતુ આમાં એમની ગેરસમજ થઈ હશે એમ લાગે છે, કેમકે નહિ તો આ ભાષ્ય વિષે **સર્વાર્થસિદ્ધિ, તત્ત્વાર્થરાજવાર્તિક કે તત્ત્વાર્થશ્લોકવાર્તિક**માં કંઈક તો ઉલ્લેખ હોય ને ?

'**સર્વાર્થસિદ્ધિ**'– આ **ત. સૂ.** ઉપરની ૬૦૦૦ શ્લોક જેવડી ટીકાના કર્તા '**જૈનેન્દ્ર વ્યાકરણ** વગેરેના પ્રણેતા **પૂજ્યપાદ** છે. એમની કટ્ટર સાંપ્રદાયિકતા આ ટીકામાં 'કાળ' તત્ત્વ, કેવલજ્ઞાનીઓનો P. ૩૨
કવલાહાર, સચેલકત્વ અને માનવી સ્ત્રીની એ જ દેહે મુક્તિ જેવા વિષયોની ચર્ચાના પ્રસંગે તરી આવે છે. **પૂજ્યપાદે** પોતાની દિગમ્બરીય માન્યતા પોષવા માટે ભાષ્યમાન્ય સૂત્રપાઠમાં ફેરફાર કર્યા છે, અર્થની ખેંચતાણ કરી છે અને અસંગત અધ્યાહારની કલ્પના પણ કરી છે. ગમે તેમ કરીને એમણે દિગમ્બરીય મન્તવ્યને રજૂ કરવાનો-પકડી રાખવાનો આગ્રહ સેવ્યો છે.[૪]

સ્વોપજ્ઞ ભાષ્યને સામે રાખીને **સર્વાર્થસિદ્ધિ** રચાઈ છે એમ એનાં ડગલે ને પગલે ભાષ્યનું જે પ્રતિબિંબ જોવાય છે એ વિચારતાં કહી શકાય. ભાષ્યમાં દાર્શનિકતા છે તેનાં કરતાં વધારે પ્રમાણમાં આ **સર્વાર્થસિદ્ધિ**માં જોવાય છે. વળી ભાષ્યમાં કરાયેલા સંક્ષિપ્ત નિરૂપણને વિસ્તારવાનું કાર્ય **સર્વાર્થસિદ્ધિ**માં થયું છે. આમ સાંપ્રદાયિકતા, શૈલીભેદ અને અર્થ વિકાસનો વિચાર કરતાં એ ફલિત થાય છે કે **સર્વાર્થસિદ્ધિ** ભાષ્ય કરતાં અર્વાચીન છે.

**ત. સૂ.** (અ. ૭, સૂ. ૧૩)ની ટીકામાં **સિદ્ધસેન** દિવાકરની ત્રીજી દ્વાત્રિંશિકામાંથી સોળમું પદ્ય ઉદ્ધૃત કરાયું છે. આ ઉપરથી **સર્વાર્થસિદ્ધિ સિદ્ધસેન** દિવાકરના સમય પછીની છે તે વાત સિદ્ધ થાય છે. ['સર્વાથસિદ્ધિકા દાર્શનિક પરિશીલન' લે. ડો. સીમા જૈન. પ્ર. ભ. ઋષભ. ગ્રંથ. સાંગાનેરથી છપાયું છે.]

૧. જુઓ **સ્વામી સમન્તભદ્ર** (પૃ. ૯૬).
૨. આ [ભારતીય જ્ઞાનપીઠ વ. દ્વારા હિન્દી અનુવાદ સાથે] પ્રકાશિત છે.
૩. આ નામની કોઈ બૌદ્ધ કૃતિ હોવાનું મનાય છે. 'ખરતર' ગચ્છના જિનસાગરસૂરિના શિષ્ય ઉપાધ્યાય કમલસંયમે વિ.સં. ૧૫૪૪માં **ઉત્તરજ્ઝયણ** ઉપર **સર્વાર્થસિદ્ધિ** નામની વૃત્તિ રચી છે. આ નામ **પૂજ્યપાદ**ની પ્રસ્તુત કૃતિ ઉપરથી યોજાયું હશે. આ કમલસંયમે **કમ્મત્થય** ઉપર વિ. સં. ૧૫૪૯માં ટીકા રચી છે. એમણે ગુજરાતીમાં ગદ્યમાં **સિદ્ધાન્તસારોદ્ધારસમ્યક્ત્વોલ્લાસ ટિપ્પણ** રચ્યું છે.
૪. આનો પરિચય જૈ. સં. સા. ઇ. (ખંડ ૧, પૃ. ૧૫, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૮ ઇ.)માં મેં આપ્યો છે.
૫. જુઓ **ત. સૂ.**નો પરિચય (પૃ. ૧૦૫).

**વૃત્તિપદ**– આ **સર્વાર્થસિદ્ધિ** ઉપરની ટીકા છે. એના કર્તા દિ. **પદ્મનન્દિ**ના શિષ્ય **પ્રભાચન્દ્ર** છે.

P. 33 **અનુવાદ**– એસ. એ. જૈન જે **સર્વાર્થસિદ્ધિ**ના અંગ્રેજી અનુવાદ માટે પ્રયાસ કર્યાનું અને "રીઆલિટિ" (Reality)માં કલકત્તાથી ઇ.સ. ૧૯૬૦માં પ્રસિદ્ધ કરાયાનું જાણવા મળે છે તે પ્રસ્તુત જ કૃતિ હશે. [હિન્દી અનુવાદ સાથે "ભારતીય જ્ઞાનપીઠ" વારાણસીથી પ્રસિદ્ધ.]

[1]**તત્ત્વાર્થ-વાર્તિક** કિંવા [2]**રાજવાર્તિક અને એનું સ્વોપજ્ઞ વિવરણ**– આ બંનેના કર્તા દિ. **અકલંક** છે. એમની આ મૂળ કૃતિને **રાજવાર્તિક, તત્ત્વાર્થવાર્તિકાલંકાર** અને **રાજવાર્તિકાલંકાર** એ નામે પણ ઓળખાવાય છે. બાકી અકલંકે તો તત્ત્વાર્થવાર્તિક એ નામ મંગલાચરણરૂપ પ્રથમ પદ્યમાં આપ્યું છે. આનું પરિમાણ એના ઉપરના [3]સ્વોપજ્ઞ વિવરણ સહિત ૧૬,૦૦૦ શ્લોકનું મનાય છે. અ. ૧ પૂરતું વિવરણ
P. 34 પાંચ [4]આહ્નિકમાં વિભક્ત છે. આગળ ઉપર આવા વિભાગ પડાયેલા નથી. ઇ.સ. ૧૯૧૫ના સંપાદનમાં અશુદ્ધિઓ રહેવા પામી છે. આ સવિવરણ **તત્ત્વાર્થ-વાર્તિક**ની મહત્તા જોતાં એ સમીક્ષાત્મક પદ્ધતિએ ફરીથી [5]**પ્રકાશિત** થયું છે તે આનંદનો વિષય છે.

---

૧. આ કૃતિ એના સ્વોપજ્ઞ વિવરણ તેમ જ મૂળ **ત. સૂ.** સહિત "તત્ત્વાર્થરાજવાર્તિક' એ નામથી "સનાતન જૈન ગ્રંથમાલા"માં "ભારતીય જૈન સિદ્ધાન્તપ્રકાશિની સંસ્થા" તરફથી કાશીથી ઇ.સ. ૧૯૧૫માં પ્રકાશિત થયેલી છે. પ્રારંભમાં મૂળ સૂત્રો અકારાદિ ક્રમે અપાયાં છે. સાથે સાથે સવિવરણ વાર્તિકનો વિસ્તૃત વિષયાનુક્રમ રજૂ કરાયો છે. પ્રત્યેક સૂત્રને લગતું વાર્તિક સળંગ ન આપતાં કટકે કટકે અપાયું છે અને એ દરેક કટકાની સાથે સાથે જ એનું સ્વોપજ્ઞ વિવરણ અપાયું છે. [હિન્દી સાથે રાજવાર્તિક ભારતીય જ્ઞાન. પ્રકાશિત છે.]

૨. આ નામ શ્રુતસાગરીય **તત્ત્વાર્થવૃત્તિ**ની અ. ૧ને લગતી પુષ્પિકા (પૃ. ૮૦)માં છે અને રાજવાર્તિકાલંકાર એ નામ એના પૃ. ૧૧૦માં છે.

૩. **ત. સૂ.** (અ. ૨, સૂ. ૩૨) ઉપરના વિવરણમાં બારસાણુવેક્ખાની ૩૫મી ગાથા ઉદ્ધૃત કરાઈ છે.

૪. પ્રથમ આહ્નિકના અંતમાં નીચે મુજબની પુષ્પિકા છે :–
"इति तत्त्वार्थवार्तिके व्याख्यानालङ्कारे प्रथमेऽध्याये प्रथममाह्निकं ॥१॥"

૫. "તત્ત્વાર્થવાર્તિક [રાજવાર્તિક"]એ નામથી જે પુસ્તક "ભારતીય જ્ઞાનપીઠ, કાશી" તરફથી પ્રથમ ભાગ તરીકે ઇ.સ. ૧૯૫૩માં પ્રકાશિત થયું છે. તેમાં ત. સૂ. (અ. ૧-૪) પૂરતું અકલંકનું મૂળ વાર્તિક અને એને અંગેનું સ્વોપજ્ઞ વિવરણ ત. સૂ. (અ. ૧-૪) જેટલા મળૂ સહિત તેમ જ ઉપર્યુક્ત વિવરણના હિન્દી સારાંશ સાથે અપાયું છે. આ પ્રથમ ભાગમાં પ્રારંભમાં હિન્દી વિષયસૂચી છે પણ પ્રસ્તાવના નથી. સંપાદકીય કે પ્રકાશકીય નિવેદન જેવું પણ કશું નથી. આ સંપાદનમાં પાઠાંતરો, તુલનાત્મક પાઠ વગેરે ટિપ્પણરૂપે અપાયાં છે. એથી તેમ જ આ વાર્તિકના વિવરણમાંનાં અવતરણોનાં મૂળ સૂચવાયાં છે એથી એનું મહત્ત્વ વધ્યું છે.
ઉપર્યુક્ત સંસ્થા તરફથી દ્વિતીય ભાગ ઇ.સ. ૧૯૫૭માં પ્રકાશિત થયો છે અને એ રીતે ગ્રન્થ પૂર્ણ કરાયો છે. તેમ છતાં એમાં પણ કોઇ કારણસર આ બંને ભાગના સંપાદક પં. મહેન્દ્રકમાર જૈનનું કશું લખાણ–પ્રસ્તાવના કે સંપાદકીય નથી. બાકી અંતમાં નીચે મુજબની જે સામગ્રી એમણે આપી છે તે મહત્ત્વની છે :–

(૧) દિગંબર અને શ્વેતાંબર માન્યતા મુજબના પાઠભેદ સહિત ત. સૂ.
(૨) **ત. સૂ.**નાં સૂત્રોની અકારાદિ ક્રમે અનુક્રમણિકા.
(૩) **ત. સૂ.** ગત શબ્દોની અકારાદિ ક્રમે અનુક્રમણિકા.
(૪) અવતરણોની સૂચી. લગભગ અડધોઅડધ અવતરણોનાં મૂળનો ઉલ્લેખ નથી.
(૫) ગ્રંથો અને ગ્રંથકારોનાં નામ.
(૬) ભૌગોલિક શબ્દોની સૂચી.
(૭) **તત્ત્વાર્થવાર્તિકગત** વિશિષ્ટ શબ્દો.

દ્વિતીય ભાગમાં પણ પ્રથમ ભાગની જેમ **ત. સૂ.** તેમ જ વાર્તિક અને સ્વોપજ્ઞ વિવરણનો હિન્દી સાર અપાયો છે.

**તત્ત્વાર્થવાર્તિકની પાંચ વિશેષતાઓ**– આ નીચે મુજબ છે : P. ૩૫

(૧) અકલંકે [1]દાર્શનિક બાબતો **સર્વાર્થસિદ્ધિ** કરતાં વધારે પ્રમાણમાં ચર્ચી એને મુખ્ય સ્થાન આપ્યું છે અને **સર્વાર્થસિદ્ધિ**માં જે આગમિક વિષયો વિસ્તારથી અપાયા છે તે એમણે અહીં સંક્ષેપમાં રજૂ કર્યાં છે.

(૨) એમણે પ્રત્યેક બાબત અનેકાન્ત દૃષ્ટિએ અવલોકી છે અને એ રીતે એનું નિરૂપણ કર્યું છે. વળી અનેકાન્તરૂપ જૈન ભીંતમાં અજૈનો તરફથી જે બાકોરાં કે ગાબડાં પાડવાનો પ્રયાસ થયો હતો તેને ભોંયભેગો કરી એ ભીંતને બરાબર અણીશુદ્ધ જાળવી રાખવાનો એમણે પુષ્કળ પ્રયાસ કર્યો છે.

(૩) આ વાર્તિક ઉપર એમણે જાતે વિવરણ રચ્યું છે અને એને વિવિધ અવતરણોથી અલંકૃત કર્યું છે. વિવરણના અંતમાં ૩૨ પદ્યો અવતરણરૂપ જોવાય છે.

(૪) અહીં **ત. સૂ.**ના ભાષ્યમાંની કેટલીક કારિકાઓ અપાઈ છે તેમ જ ભાષ્યમાન્ય પાઠની સમાલોચના કરાઈ છે. આમ આ વાર્તિક આ ભાષ્ય પછી રચાયું છે.

(૫) **સર્વાર્થસિદ્ધિ**ને સામે રાખીને એના પ્રત્યેક મુદ્દાને સમુચિત સ્વરૂપ આપી અકંલકે પોતાના આ [2]ગદ્યાત્મક વાર્તિકમાં એને એવી સરસ રીતે ગૂંથી લીધો છે અને પોતાની તરફથી નવી બાબતો એવી સુન્દર રીતે ઉમેરી છે કે **સર્વાર્થસિદ્ધિ**ને આખી સમાવી દેવા છતાં પુનરુક્તિ જેવું જણાતું નથી અને રચના સ્વતંત્ર જ હોય એમ લાગે છે.

**અવતરણો**– **જૈનેન્દ્ર વ્યાકરણ, વૈશેષિકસૂત્ર** વગેરેમાંથી અવતરણ અપાયાં છે. એમાં અ. ૧, P. ૩૬
સૂ. ૨૨ના **રાજવાર્તિક** અંગે **ભગવદ્ગીતા**ના અ. ૩નો શ્લો. ૪૨ અને અ. ૧, સૂ. ૮ને અંગે **ગરુડપુરાણ** (અ. ૧૧૦)નો શ્લો. ૧૫ એ બે નોંધપાત્ર જણાય છે. **ત. સૂ.** (અ. ૨, સૂ. ૪૯)ના વાર્તિક (પૃ. ૧૦૮)માં (**સિદ્ધિવિનિશ્ચયના** ટીકાકારથી ભિન્ન) અન્તવીર્ય યતિનો ઉલ્લેખ છે.

**ટિપ્પણ**– આ **તત્ત્વાર્થવાર્તિક** ઉપરના ટિપ્પણના કર્તા દિ. પદ્મનાભ છે.

[3]**તત્ત્વાર્થશ્લોકવાર્તિક અને એનું સ્વોપજ્ઞ વિવરણ** – આના કર્તા **આપ્તપરીક્ષા** વગેરેના પ્રણેતા
વિદ્યાનન્દ છે. એમણે કુમારિલકૃત **મીમાંસાશ્લોકવાર્તિક**ને આધારે પોતાના વાર્તિકનું નામ યોજ્યું હોય P. ૩૭

૧. દાર્શનિક યોગ્યતામાં સિદ્ધસેનીય ટીકા આનાથી ઊતરે તેમ નથી.

૨. આ રીતે આ વાર્તિક ઉદ્યોતકરના **ન્યાયવાર્તિક**નું સ્મરણ કરાવે છે.

૩. આ વાર્તિક સ્વોપજ્ઞ વિવરણ સહિત "ગાંધી નાથારંગ જૈન ગ્રંથમાલા"માં ઈ.સ. ૧૯૧૮માં પ્રકાશિત કરાયું છે. એના સંપાદકે વાર્તિકકારનું નામ વિદ્યાનંદિસ્વામી આપ્યું છે અને એમને જ **પાત્રકેસરી** ગણી લેવાની ભૂલ કરી છે. [**ત. શ્લો.** 'સરસ્વતીપુસ્તકભંડાર દ્વારા અને શ્લો. વા. એ સ્ટડી એલ.ડી.સિરિજ ૯૨માં પ્રકાશિત છે.'] **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** અને એના ઉપરનું સ્વોપજ્ઞ વિવરણ એ બંને એ બંનેના હિન્દી સ્પષ્ટીકરણરૂપે પં. માણિકચંદજી કૌંદેયની તત્ત્વાર્થચિન્તામણિ નામની ભાષાટીકા તેમ જ **ત. સૂ.** સહિત **તત્ત્વાર્થશ્લોકવાર્તિકાલંકાર** એ નામથી "શ્રીઆચાર્ય કુંથુસાગર ગ્રંથમાલા"માં સોલાપુરથી કટકે કટકે પ્રસિદ્ધ કરાયેલાં છે. અત્યાર સુધીમાં આના પાંચ ખંડ અનુક્રમે ઈ.સ. ૧૯૪૯, ૧૯૫૧, ૧૯૫૩, ૧૯૫૬ અને ૧૯૬૪માં પ્રકાશિત થયા છે. પ્રથમ ખંડમાં **ત. સૂ.** (અ. ૧)ના આદ્ય સૂત્ર પૂરતું જ વિવેચન છે. બીજામાં અ. ૧નાં સૂ. ૨-૮ને અંગેનું, ત્રીજામાં સૂ. ૯-૨૦નું અને ચોથામાં સૂ. ૨૧થી પ્રથમ અધ્યાય પૂર્ણ થતાં સુધીનું વિવેચન છે. પહેલા ત્રણ ખંડ પૈકી

એમ જણાય છે, જો કે 'વાર્તિક' શબ્દ તો એમની પૂર્વે **અકલંકે** પણ વાપર્યો છે. [1]**તત્ત્વાર્થશ્લોકવાર્તિક** એ **મીમાંસાશ્લોકવાર્તિક** અને [2]**પ્રમાણવાર્તિકની** પેઠે પદ્યાત્મક કૃતિ છે. એ દ્વારા એમણે **કુમારિલ** જેવા મીમાંસકો તરફથી જૈન દર્શનને અંગે કરાયેલા પ્રહારોને નિર્મૂળ બનાવવા સબળ સામનો કર્યો છે. એ રીતે એમની આ કૃતિ અજોડ છે. જેમ **અકલંકે** **સર્વાર્થસિદ્ધિનો** ઉપયોગ **તત્ત્વાર્થવાર્તિક**માં કર્યો છે તેમ એ **તત્ત્વાર્થવાર્તિક**નો ઉપયોગ આ **વિદ્યાનન્દે** **તત્ત્વાર્થશ્લોકવાર્તિક**માં કર્યો છે. આ બંને વાર્તિકોનું મૂળ
P. ૩૮ **સર્વાર્થસિદ્ધિ** છે તેમ છતાં બંનેમાં એના કરતાં વિશેષ વિકાસ સધાયો છે. **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** એ **તત્ત્વાર્થવાર્તિક** કરતાં દાર્શનિક અભ્યાસની સૂક્ષ્મતા.ની દૃષ્ટિએ ચડિયાતું ગણાય છે.

એક રીતે એમ કહેવાય કે **ત. સૂ.** ના ઉમાસ્વાતિકૃત ભાષ્યમાં દાર્શનિકતાનું જે આછું ઝરણું જોવાય છે તે **સર્વાર્થસિદ્ધિ**માં સરોવરનું રૂપધારણ કરે છે અને સવિવરણ **તત્ત્વાર્થવાર્તિક**માં તો એ નદી જેવું બને છે અને સવિવરણ **તત્ત્વાર્થશ્લોકવાર્તિક**માં તો મહાનદીનો ભાસ કરાવે છે. દિગમ્બર સાહિત્યના મુગટમણિ જેવાં આ બંને વાર્તિકો સામ્પ્રદાયિક છે તેમ છતાં વૈદિક અને બૌદ્ધ પરંપરાના અભ્યાસ માટે એ અમૂલ્ય સાધન છે અને એ બે સવિવરણ વાર્તિકોમાં આવતાં અવતરણો અનેક ગ્રંથો ઉપર પ્રકાશ પાડે છે. અ. ૨ને અંગેના **ત. શ્લો. વા.**માં આત્માની વ્યાપકતાનું અ. ૩માં પૃથ્વીના ભ્રમણનું અને સૃષ્ટિકર્તૃત્વવાદનું તથા અ. ૪માં પૃથ્વીના આકાર અને એના ભ્રમણનું નિરાકરણ કરાયું છે.

[3]**સ્વોપજ્ઞ વિવરણ**– **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** ઉપર ગદ્યાત્મક સ્વોપજ્ઞ વિવરણ છે.[4] આથી આ વાર્તિકની ઉપયોગિતામાં અને મહત્તામાં વધારો થયો છે. એમાં અ. ૧, સૂ. ૩૩ના વાર્તિકમાં નયોનું નિરૂપણ છે તે વિદ્યાનંદ તો **નયચક્ર**ને આધારે યોજ્યાનું કહે છે.[5] પરંતુ એ મૂળે **સમ્મઇપયરણ**માં ચર્ચાયેલ આ વિષયના [6]પડઘારૂપ જણાય છે તેનું શું ?

---

પ્રત્યેક ખંડમાં લગભગ ૬૫૦ પૃષ્ઠ છે. પહેલા પાંચે ખંડમાંથી એકેમાં પાઠાંતર, ટિપ્પણો કે વિશિષ્ટ પ્રસ્તાવના નથી. બધા મળીને સાત ખંડો થશે એમ ત્રીજા ખંડમાં "સંપાદકીય વક્તવ્ય" (પૃ. ૧)માં કહ્યું છે. અહીં સૂચવાયા મુજબ પ્રથમ અધ્યાય પાંચ ખંડમાં અને બાકીના નવ બે ખંડમાં પૂરા કરવાના હતા પરંતુ પ્રથમ અધ્યાય ચાર ખંડમાં પૂર્ણ કરાયો છે. ચોથા ખંડના પ્રારંભમાં એમાં તેમ જ પહેલા ત્રણ ખંડમાં કટકે કટકે **ત. સૂ.** (અ. ૧)નાં જે સૂત્રો અપાયાં હતાં તે બધા અપાયાં છે. પાંચમાં ખંડમાં અધ્યાય ૨-૪ને શરૂઆતમાં સ્થાન અપાયું છે. એના સંપાદકીય વક્તવ્યમાં એવો નિર્દેશ છે કે છઠ્ઠા ભાગમાં (ખંડમાં) અ. ૫-૬ અને સાતમામાં અ. ૭-૧૦ રજૂ કરાશે અને આમ આ સમગ્ર ગ્રન્થ સાત ભાગમાં પૂર્ણ કરાશે.

પહેલા પાંચે ખંડના અંતમાં તે તે ખંડગત ત. શ્લો. વા.માંનાં પદ્યોની સૂચી એક પરિશિષ્ટ તરીકે અપાઇ છે.

૧. **શ્રુતસાગરસૂરિ**કૃત **તત્ત્વાર્થવૃત્તિ**ની પુષ્પિકા (પૃ. ૮૦)માં એનો **શ્લોકવાર્તિક** તરીકે ઉલ્લેખ છે.

૨. પં **સુખલાલે** **ત. સૂ.** ના પરિચય (પૃ. ૧૧૭, દ્વિ. આ.)માં આને ગદ્યાત્મક કૃતિ ગણી છે તે ભૂલ છે.

૩. આ કુંથુસાગર ગ્રં.માં પ્રકાશિત છે.

૪. આને લઇને આ વાર્તિક **મીમાંસાશ્લોકવાર્તિક** કરતાં વિશિષ્ટ ગણાય.

૫. જુઓ અ, ૧. સૂ ૩૩ને અંગેનો ૧૦૨મો શ્લોક.

૬. જુઓ સન્મતિપ્રકરણનો "પરિચય" (પૃ. ૭૬)

"मोक्षमार्गस्य नेतारं"થી શરૂ થતા પદ્યને આ સૂરિએ ઉમાસ્વાતિકૃત ગણ્યું છે.

પૃ. ૧૯૭માં 'તત' શબ્દ સમજાવતાં એમણે 'દર્દુર'નો ઉલ્લેખ કરી એને એક જાતનું 'જંઘા-વાદિત્ર' કહી એને લોકોમાં 'રબાબ' તરીકે ઓળખાવાય છે એવો નિર્દેશ કર્યો છે.

P. ૪૧ **ત. સૂ.** ઉપર નીચે મુજબની ટીકાઓ– વૃત્તિઓ છે :–

**તાત્પર્ય-તત્ત્વાર્થ-ટીકા**– આ ટીકાના કર્તા દિ. **અભયનન્દિ** છે. એમણે **જૈનેન્દ્ર** વ્યાકરણ ઉપર મહત્ત્વપૂર્ણ [1]મહાવૃત્તિ રચી છે. **જૈનેન્દ્ર** વ્યાકરણ (૨-૨-૯૨)ની મહાવૃત્તિમાં "**अरुणपन्महेन्द्रो मथुराम्**" અને अरुणद् यवनः साकेतम्" એમ [2]બે ઉદાહરણ છે.

**તત્ત્વાર્થસુખબોધવૃત્તિ**– આ ૩૦૦૦ શ્લોક જેવડી વૃત્તિના કર્તા દિ. **યોગદેવ** છે. એની વિ. સં. ૧૬૧૫માં લખાયેલી એક હાથપોથી ઇડરના ભંડારમાં છે.

**તત્ત્વપ્રકાશિકા**– આ **યોગીન્દ્રદેવ**ની રચના છે.

**રત્નપ્રભાકર**– આ ૨૪૦૦ શ્લોક જેવડી વૃત્તિના કર્તા દિ. **ધર્મચન્દ્ર**ના શિષ્ય **પ્રભાચન્દ્ર** છે.

**રત્નપદીપિકા**– આ વૃત્તિના કર્તા દિ. **બાલચન્દ્ર** છે.

**સુખબોધ**– આ વૃત્તિના કર્તા **ભાસ્કરાનન્દિ** છે.

**સુખબોધિની**– આ ૫૦૦૦ શ્લોક જેવડી વૃત્તિના રચનાર દિ. **રવિનન્દિ** છે.

**બાલબોધ-ટીકા**– આ દિ. જયન્ત પંડિતની રચના છે.

**લઘુવૃત્તિ**– આ દિ. **ચન્દ્રકીર્તિ**ના શિષ્ય **દિવાકરનન્દિ** ઉર્ફે **દિવાકરભટ્ટ**ની રચના છે.[3]

P. ૪૨ **નિધિરત્નાકર**– આના કર્તાનું નામ જાણવામાં નથી.

[**સુબોધિકા**– કર્તા આ. સુશીલસૂરિ. પ્ર. "સુશીલસાહિત્ય પ્ર." જોધપુર.]

આ ઉપરાંત **ત. સૂ.** ઉપર બીજી પણ કેટલીક ટીકાઓ છે. એના કર્તાઓનાં નામ નીચે મુજબ છે :–

કનકકીર્તિ, દેવીદાસ, **પદ્મકીર્તિ**, **માઘનન્દિ**, **રાજેન્દ્રમૌલિ**, **લક્ષ્મીદેવ**, **વિબુધસેન** અને **શુભચન્દ્ર** [**ઘાસીલાલ**].

**ચૂડામણિ**– આ ૯૬૦૦૦ શ્લોક જેવડી કન્નડ (કાનડી) ટીકા છે. **અકલંકે** પોતાના **શબ્દાનુશાસનમાં** આ ટીકાનો ઉલ્લેખ કર્યો છે.

[4]**તત્ત્વન્યાયવિભાકર** (વિ. સં. ૧૯૯૫)– આ 'પંજાબોદ્ધારક' શ્રીવિજયાનન્દસૂરિ ઉર્ફે આત્મારામજીના પ્રશિષ્ય અને શ્રીવિજયકમલસૂરિના વિનેય શ્રીવિજયલબ્ધિસૂરિની વિ.સં. ૧૯૯૫ની રચના છે. એમાં ૭૫૮ સૂત્રો દ્વારા જૈન દર્શનના મૌલિક સિદ્ધાન્તો રજૂ કરાયા છે.

[5]**ન્યાયપ્રકાશ**– આ સ્વોપજ્ઞ વિસ્તૃત વ્યાખ્યા હોઈ એ મહત્ત્વની છે.

---

૧. જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૧, પૃ. ૨૦-૨૧)=11.

૨. બીજું ઉદાહરણ પાણિનીય **અષ્ટા.** (૩-૨-૧૧૧)ના મહાભાષ્યમાં જોવાય છે.

3. જુઓ "અનેકાંત" (વ. ૧, પૃ. ૪૬૦).

૪. આ કૃતિ વિ. સં. ૧૯૯૫માં અને એ જ સ્વોપજ્ઞ વ્યાખ્યા સહિત વિ.સં. ૧૯૯૯માં પ્રકાશિત કરાયેલ છે.

૫. આ છપાયેલ છે. જુઓ ટિ. ૪.

**અનુવાદ**– પં. શ્રીભદ્રંકરવિજયજીએ મૂળનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે અને એ [1]બે ભાગમાં પ્રસિદ્ધ કરાયો છે. આ પૂર્વે મેં મૂળ તેમ જ એની સ્વોપજ્ઞ વ્યાખ્યાના ગુજરાતી અનુવાદ પૂરતું કેટલુંક કાર્ય કર્યું હતું. પરંતુ એમાં વિક્ષેપ થતાં એ અટક્યું. [2]**જૈન-સિદ્ધાન્ત-દીપિકા** (વિ. સં. ૨૦૦૨)– આ સૂત્રાત્મક કૃતિ તેરાપંથના વર્તમાન આચાર્યશ્રી [3]તુલશીની વિ. સં. ૨૦૦૨ની ચૂરૂપુરીમાં કરાયેલી રચના છે. આમાં ૩૩૦ સૂત્રો છે. એ નવ પ્રકાશોમાં વિભક્ત છે. આમાં **ત. સૂ.** નાં ૨૨ સૂત્રો એ જ સ્વરૂપમાં અને ૩૪ સદૃશ રૂપે રજૂ કરાયાં છે.[4] એ ઉપરાંત 'કલિ.' હેમચન્દ્રસૂરિ- કૃત **પ્રમાણમીમાંસામાંથી** પણ કેટલાંક સૂત્રોને આ કૃતિમાં સ્થાન અપાયું છે. જૈન તત્ત્વજ્ઞાન અને જૈનોના આચારનું આ કૃતિમાં નિરૂપણ છે. અંતમાં નવ પદ્યોની પ્રશસ્તિ છે. P. ૪૩

[5]**વ્યાખ્યા**– આ સંક્ષિપ્ત છે પરંતુ વિષય માટે માર્ગદર્શનરૂપ છે.

[6]**અનુવાદ**– મૂળ તેમજ વ્યાખ્યાનો હિન્દી અનુવાદ મુનિશ્રી નથમલજીએ કર્યો છે.

[7]**તત્ત્વાર્થસૂત્ર**, [8]**દશસૂત્ર** કિંવા [9]**જિનકલ્પિસૂત્ર**– આના કર્તા દિ. બૃહત્-પ્રભાચન્દ્ર છે. પ્રભાચન્દ્ર નામના વિવિધ મુનિવરો થયા છે.[10] એ પૈકી એઓ શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામીના શિષ્ય તો હોઈ જ શકે નહિ.

---

૧. આ બંને ભાગ મૂળ સહિત "શ્રીલબ્ધિભુવન જૈન સાહિત્ય સદન" તરફથી છાણીથી વિ. સં. ૨૦૨૫માં પ્રસિદ્ધ કરાયા છે. બીજા ભાગના અંતમાં મૂળની પ્રશસ્તિરૂપે એના પ્રણેતાની પરંપરા દર્શાવનારાં જે ૧૦૫ સંસ્કૃત પદ્યો અનુવાદકશ્રીએ રચ્યાં છે તેને સ્થાન અપાયું છે.

૨. આ "આદિત્ય સાહિત્ય સંઘ" તરફથી સરદારશહર (રાજસ્થાન)– થી વિ. સં. ૨૦૦૮માં ગ્રંથકારકૃત સંસ્કૃત સંક્ષિપ્ત સ્પષ્ટીકરણરૂપ વ્યાખ્યા, મુનિશ્રી નથમલજીના હિન્દી અનુવાદ અને વિસ્તૃત તથા મનનીય વિષયદર્શન તેમ જ ત્રણ પરિશિષ્ટો સાથે પ્રકાશિત કરાઈ છે. વિષયદર્શનમાં દયા અને દાનનું તેરાપંથી દૃષ્ટિકોણપૂર્વકનું મંતવ્ય રજૂ કરાયું છે

૩. એમણે તેરાપંથના આઠમા આચાર્યશ્રી કાલુરામજી પાસે અગિયાર વર્ષની વયે વિ. સં. ૧૯૮૨માં દીક્ષા લીધી હતી અને બાવીસ વર્ષની વયે એઓ આચાર્ય બન્યા હતા. એમણે **ભિક્ષુન્યાયકર્ણિકા** રચી છે. એમાં જૈન દર્શનની રૂપરેખા આલેખાઈ છે.

૪. મેં મુખ્યતયા **ત. સૂ.**ને સામે રાખી "જૈન દર્શનનું તુલનાત્મક દિગ્દર્શન" નામથી એક લેખમાળા લખી હતી. એ "હિંદુ મિલન મંદિર"(વ. ૮, અં. ૨-૭)માં ઈ.સ. ૧૯૫૬માં છપાઈ હતી. એ મેં કરેલા સુધારા-વધારા સાથે ઈ.સ. ૧૯૬૮માં "શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિજ્ઞાનમંદિર" તરફથી અહીંથી (સુરતથી) પુસ્તકરૂપે છપાવાઈ છે. એમાં મેં ગુજરાતીમાં રચેલ ૧૪૧ સૂત્રોને અને એના ભાષ્યરૂપ વિવરણને તેમજ પરિશિષ્ટરૂપે **ત. સૂ.** માંથી મેં આપેલાં ૫૯ સૂત્રોને સ્થાન અપાયું છે.

૫-૬. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૨.

૭. આ કૃતિ પ્રારંભમાં સંપૂર્ણપણે આપી ત્યાર બાદ ક્રમશઃ સૂત્ર આપી એની નીચે એને અંગેના હિન્દી અનુવાદ અને વિવેચન અપાયાં છે. આ પ્રકારનું આ શ્રી. જુગલકિશોર મુખ્તારનું સંપાદન "વીરસેવામન્દિર" સરસાવાથી ઈ.સ. ૧૯૪૪માં પ્રકાશિત થયેલું છે.

૮. જુઓ મુદ્રિત આવૃત્તિની પ્રસ્તાવના (પૃ. ૧૨.)

૯. આ નામ દસમા અધ્યાયના અંત (પૃ. ૧૬)માં અપાયેલું છે.

૧૦. જુઓ "મા. દિ. ગ્રં."માં **રત્નકરંડશ્રાવકાચારની** પ્રસ્તાવના (પૃ. ૫૭-૬૬)

P. ૪૪ **જૈનેન્દ્ર વ્યાકરણ**(૪-૩-૧૮૦)માં કોઇક**પ્રભાચન્દ્ર**નો ઉલ્લેખ છે. એને લગતું સૂત્ર નીચે મુજબ છે :–

"रात्रेः कृति प्रभाचन्द्रस्य"

આ ઉપરાંત પરલુ-નિવાસી**વિનયનન્દિ**ના શિષ્ય કે જેમને ચાલુક્ય નરેશ**કીર્તિવર્મા**એ (વિ. સં. ૬૨૪) દાન આપ્યું હતું તેમનું નામ પણ **પ્રભાચન્દ્ર** છે. વલી **પ્રમેયકમલમાર્તંડ** વગેરેના કર્તાનું નામ પણ **પ્રભાચન્દ્ર** છે. આમ જે વિવિધ **પ્રભાચન્દ્ર** છે તે પૈકી કોણ અત્ર પ્રસ્તુત છે તેનો નિર્ણય કરવો બાકી રહે છે.

પ્રસ્તુત કૃતિ દસ અધ્યાયમાં વિભક્ત છે.[1] એમાં એકંદર ૧૦૭ સૂત્રો છે. અધ્યાયદીઠ તીને સંખ્યા નીચે મુજબ છે :–

૧૫, ૧૨, ૧૮, ૬, ૧૧, ૧૪, ૧૧, ૮, ૭ અને ૫.

આ સૂત્રો અર્થદષ્ટિએ તેમ જ કંઠસ્થ કરી શકાય એ દૃષ્ટિએ પણ સુગમ છે.

ઉમાસ્વાતિકૃત **ત. સૂ.** સાથે આ કૃતિ સરખાવતાં એમ લાગે છે કે એ પ્રૌઢ કૃતિના [2]સારરૂપ અને એના પ્રવેશદ્વારની ગરજ સારે એવી આ કૃતિ છે.

P. ૪૫ [3]**તત્ત્વાર્થસાર** (વિક્રમની બારમી સદી)– આ દિ. **અમૃતચન્દ્ર**ની પદ્યાત્મક રચના છે. એમણે કુન્દકુન્દાચાર્યકૃત [4]પંચત્થિકાયસંગહ, [5]પવયણસાર અને [6]સમયસારની [7]વૃત્તિ રચી છે. વિશેષમાં [8]**પુરુષાર્થસિદ્ધ્યુપાય** પણ એમની કૃતિ છે. **અનગારધર્મામૃત** ઉપરની સ્વોપજ્ઞ ટીકા નામે **ભવ્યકુમુદચન્દ્રિકા** (પૃ. ૧૬૦ તેમ જ પૃ. ૫૮૮)માં **આશાધરે** આ **અમૃતચન્દ્ર**નો 'ઠક્કર' તરીકે નિર્દેશ કર્યો છે.

પ્રસ્તુત કૃતિ નવ અધ્યાયમાં વિભક્ત છે. અને એમાં ૬૧૮ પદ્યો છે. આ કૃતિ જીવાદિ સાત પદાર્થોના નિરૂપણરૂપ છે. 'મોક્ષતત્ત્વ' અધ્યાયના શ્લો. ૭ અને ૨૦-૫૪ **રાજવાર્તિક**માંથી અને એ **રાજવાર્તિક**માં **ત. સૂ.** ના ભાષ્યમાંથી ઉદ્ધૃત કરાયેલાં છે.

[**લઘુતત્ત્વસ્ફોટ**– કર્તા અમૃતચન્દ્ર. આ દાર્શનિક કાવ્ય પદ્મનાભ જૈનીના અંગ્રેજી અનુવાદ અને પ્રસ્તાવના સાથે લા. દ. વિદ્યામંદિર અમદાવાદથી ઇ. સ. ૧૯૭૮માં અને હિંદી અનુવાદ સાથે જૈનવિદ્યાસંસ્થાન જયપુરથી સં. ૨૦૫૦માં પ્રસિદ્ધ થયું છે.]

[**'વરકાણાતીર્થ', મેવાડની તીર્થત્રયી** (દેલવાડા, કેલવાડા, કરહેડા) **જગવિખ્યાત જેસલમેરતીર્થ** પ્રકા. શ્રુતનિધિ. **તારંગાતીર્થ, ઉજ્જયંતગિરિ** (ગિરનાર) **આરસીતીર્થ આરાસણ** (કુંભારિયાજી) પ્રકા. શેઠ આણંદજી કલ્યાણજી.]

૧. આને લઇને એનું "દશસૂત્ર" નામ સાન્વર્થ ઠરે છે.

૨. આને લઇને આનું **તત્ત્વાર્થસાર** નામ યોજાયું હશે. ગમે તેમ પણ એના એક અધ્યાયની પુષ્પિકામાં **તત્ત્વાર્થસાર** એવો ઉલ્લેખ જોવાય છે. જુઓ પ્રસ્તાવનાનું પૃ. ૯.

૩. આ કૃતિ "સનાતન જૈન ગ્રન્થમાલા"માં ઇ.સ. ૧૯૦૫માં છપાવાઇ છે.

૪-૬. આ ત્રણે પ્રકાશિત છે. જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૫૭-૧૫૮).

૭. ત્રણે વૃત્તિ છપાયેલી છે. જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૫૮) ઇત્યાદિ.

૮. આ કૃતિની પં. **નાથૂરામ પ્રેમી**ની હિન્દી ટીકા (અન્વયાર્થ અને ભાવાર્થ) સહિતની ચોથી આવૃત્તિ "રા. જૈ. શા."માં ઇ.સ. ૧૯૫૩માં છપાવાઇ છે. આમાં પં. નાથૂરામ પ્રેમીએ કહ્યું છે. કે **મેઘવિજયે જીત્તિપબોહનાડય** (ગા. ૭)ની ટીકામાં તેમ જ અન્યત્ર જે બે પાઇય પદ્યો **અમૃતચન્દ્રે** રચ્યાનું કહ્યું છે તે ભ્રાન્ત છે. એમણે કોઇ પાઇય કૃતિ રચ્યાનો પુરાવો મળ્યો નથી.

# પ્રકરણ ૩૭ : દર્શનમીમાંસા (ચાલુ) P. ૪૬

'**પુરુષાર્થસિદ્ધ્યુપાય**'[1] (વિક્રમની બારમી સદી)– આ પણ **તત્ત્વાર્થસાર** ઇત્યાદિના રચનાર **અમૃતચન્દ્ર**ની ૨૨૬ પદ્યોની રચના છે. એનાં ૧૨, ૪૪, ૬૭ અને ૬૮ ક્રમાંકવાળા પદ્યો કોઈ પ્રાચીન પદ્યોના અનુવાદરૂપ જણાય છે. આ કૃતિમાં પરમ જ્યોતિનો વિજય વાંછી અનેકાન્તને પ્રણામ કરી વ્યવહાર-નય અને નિશ્ચય-નયનું નિરૂપણ કરાયું છે. ત્યાર બાદ આત્મા એ કર્મનો કર્તા તેમ જ ભોક્તા છે એમ કહી સમ્યક્ત્વનું લક્ષણ અને એનાં આઠ અંગો, જીવાદિ સાત તત્ત્વો, શ્રાવકનાં બાર વ્રતો અને સંલેખના તેમ જ એ તમામના પાંચ પાંચ અતિચારો, તપના બે પ્રકાર, છ આવશ્યક, ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, દશવિધ ધર્મ, બાર ભાવના, બાવીસ પરીષહ, બંધના ચાર પ્રકારો, સ્યાદ્વાદ ઇત્યાદિ વિષે માહિતી અપાઇ છે. અંતમાં કર્તાએ પોતાની લઘુતા–આત્મા અને પુદ્ગલની ભિન્નતા નિમ્નલિખિત પદ્ય દ્વારા દર્શાવી છે :–

"वर्णैः कृतानि चित्रैः पदानि तु पदैः कृतानि वाक्यानि । P. ४७
वाक्यैः कृतं पवित्रं शास्त्रमिदं न पुनरस्माभिः ॥२२६॥"[3]

**ટીકા**– અજ્ઞાતકર્તૃક છે.

[4]**પ્રશમરતિ** (ઉ. વિક્રમની ત્રીજી સદી)– આ કૃતિ વાચકવર્ય **ઉમાસ્વાતિ**એ 'આર્યા' છંદમાં ૩૧૧ પદ્યમાં રચી છે. એ સંક્ષિપ્ત, મનોમોહક અને સુબોધક કૃતિના [5]બાવીસ વિભાગો પાડી પ્રત્યેકને 'અધિકાર' તરીકે ઓળખાવાય છે. એમાં જીવાદિ છ દ્રવ્યો, કષાયો, ભાવના, શ્રમણોનો આચાર, મુક્તિ ઇત્યાદિ બાબતો ચર્ચાઈ છે. શ્લો. ૧૩૫માં મુનિઓનાં વસ્ત્ર અને પાત્રનું નિરૂપણ છે. આમ અહીં સચેલક મુનિના આચારનું પ્રતિપાદન છે. એ ઉપરથી ઉમાસ્વાતિ 'સ્થવિર-કલ્પી' હશે એમ અનુમનાય છે.

**ત. સૂ.** (અ. ૩, સૂ. ૬)ની હારિભદ્રીય ટીકામાં આ [6]**પ્રશમરતિના** શ્લો. ૨૧૦-૨૧૧ 'આ જ સૂરિએ (અર્થાત્ ઉમાસ્વાતિએ) અન્ય' પ્રકરણમાં કહ્યું છે' એવા ઉલ્લેખપૂર્વક રજૂ કરાયા છે. એવી રીતે P. ૪૮

૧. આ પ્રકાશિત છે (જુઓ પૃ. ૪૫). એમાં અંતમાં પદ્યાનુક્રમણિકા અપાઇ છે. વિશેષમાં મૂળ કૃતિ જગમંદરલાલ જૈની અંગ્રેજી અનુવાદ સહિત S B Jમાં ઇ. સ. ૧૯૩૩માં પ્રસિદ્ધ કરાઇ છે.

૨. આને **જિનપ્રવચનરહસ્યકોશ** પણ કહે છે. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૨૫૩)માં એવો ઉલ્લેખ છે કે **મેઘવિજયે** **યુક્તિપ્રબોધ**માં આને **શ્રાવકાચાર** કહેલો છે પણ એ વાત વિચારણીય જણાય છે.

૩. આ ભાવાર્થ તત્ત્વાર્થસારમાં પણ નીચે મુજબ દર્શાવાયો છે :–
"वर्णाः पदानां कर्तारो वाक्यानां तु पदावलिः । वाक्यानि चास्य शास्त्रस्य कर्तृणि, न पुनर्वयम् ॥२३॥"

૪. આ પ્રકાશિત છે (જુઓ પૃ. ૧૧). આ કર્પૂરવિજયે રચેલાં ગુજરાતી ભાવાર્થ અને વિવેચન સહિત આ મૂળ કૃતિ "જૈ. ધ. પ્ર. સ." તરફથી વિ. સં. ૧૯૮૮માં છપાવાઇ છે. [આ. ભદ્રગુપ્તસૂરિના વિવેચન, આ. રાજશેખરસૂરિના ભાવાનુવાદ સાથે પ્રગટ થયેલ છે.]

૫. આના નામ તેમ જ બીજી પણ કેટલીક બાબતોની **નોંધ** મેં **પ્રશમરતિ** અને **સંબંધકારિકા**ને અંગેની મારી ઉત્થાનિકામાં રજૂ કર્યાં છે.

૬. ન્યાયાચાર્ય યશોવિજયગણિએ **વૈરાગ્યરતિ** નામની જે કૃતિ રચી છે તેનું નામકરણ આ કૃતિના નામને આભારી હશે.

**ત. સૂ.** (અ. ૫, સૂ. ૬)ની ટીકામાં **સિદ્ધસેનગણિએ** **પ્રશમરતિ**નું ૨૦૮મું પદ્ય ઉદ્ધૃત કરતી વેળા એના કર્તા તરીકે ઉમાસ્વાતિનો નિર્દેશ કર્યો છે. આમ બે પ્રાચીન મુનિવરો **પ્રશમરતિ**ને ઉમાસ્વાતિની જ કૃતિ ગણે છે.

**ટીકા**– આના કર્તા 'બૃહદ્' ગચ્છના **જિનદેવના** (? માનદેવના) શિષ્ય **હરિભદ્રસૂરિ** છે. એમણે વિ.સં. ૧૧૮૫માં પાટણમાં ૧૮૦૦ શ્લોક જેવડી આ ટીકા રચી છે. એની પ્રશસ્તિ (શ્લો. ૩)માં જે પ્રાચીન ટીકાઓને આધારે રચાયાની વાત છે એ ટીકાઓ આજે અપ્રાપ્ય જણાય છે.

**વૃત્તિ**– કોઈકે ''प्रशमस्थितेन''થી શરૂ થતી અને ૨૫૦૦ શ્લોક જેવડી આ વૃત્તિ રચી છે એની એક હાથપોથી વિ.સં. ૧૪૯૭માં લખાયેલી મળે છે.

[1]**અવચૂર્ણિ**– આ કોઈકે રચી છે.

**ઇટાલિયન અનુવાદ**– આ એ. બેલ્લિનિ (Ballini)ની રચના છે. આ અનુવાદ મૂળ કૃતિ તેમ જ કોઈકની સંસ્કૃત વૃત્તિ સહિત [2]કટકે કટકે છપાયો છે.

P. ૪૯ [3]**ક્ષેત્રસમાસ** કિંવા **જંબૂદ્વીપસમાસ**– આના કર્તા તરીકે **ત. સૂ.**ના પ્રણેતા ઉમાસ્વાતિ છે એમ કેટલાક માને છે. આ કૃતિ ચાર આહ્નિકમાં વિભક્ત છે. ચોથા આહ્નિકના પ્રારંભમાં સાત કરણ-સૂત્રો છે.

**વૃત્તિ**– આ અજ્ઞાતકર્તૃક છે. એ ૨૮૮૦ શ્લોક જેવડી છે.

[4]**ક્ષેત્રસમાસ** (શકસં. ૧૩૨૦=વિ. સં. ૧૪૫૫)– આના કર્તા 'પૂર્ણિમા' ગચ્છના **પદ્મપ્રભના** શિષ્ય દેવાનન્દ છે. એમણે આ કૃતિ સાત વિભાગમાં વિભક્ત કરી છે.

**ક્ષેત્રસમાસ**– આ કૃતિ સહજરત્ને રચી અને સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કરી છે. મૂળ કૃતિ સંસ્કૃતમાં હશે એમ માની મેં એની અહીં નોંધ લીધી છે.

**જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિસંગ્રહગ્રન્થ** (લ. વિ. સં. ૫૫૦)– આ સુરેન્દ્રકીર્તિસૂરિની રચના છે. એ સંસ્કૃતમાં હશે. આ કૃતિ દિ. બલનન્દિના શિષ્ય પદ્મનન્દિએ આશરે ૨૪૨૬ ગાથામાં રચેલા **જમ્બૂદીવપણ્ણત્તિસંગહ**નું સ્મરણ કરાવે છે. એ કૃતિ તેર પ્રકરણોમાં વિભક્ત છે અને એ વિ. સં. ૫૫૦ના અરસામાં રચાયેલી છે.

[5]**સ્વોપજ્ઞ વૃત્તિ**– પ્રસ્તુત કૃતિ આ વૃત્તિથી વિભૂષિત કરાઈ છે.

---

૧. આ ''દે. લા. જૈ. પુ. સં.'' તરફથી પ્રકાશિત છે.

૨. જુઓ "Journal of the Italian Asiatic Society" (Vol, 25, p. 177 ff., & Vol. 29, p. 61 ff.)

૩. આ કૃતિ વિજયસિંહસૂરિની ટીકા સહિત ''બિબ્લિઓથેકા ઇન્ડિકા''માં ''રૉયલ એશિયાટિક સોસાયટી ઓફ બૅંગોલ'' તરફથી ઈ.સ. ૧૯૦૩માં પ્રકાશિત કરાઈ છે. વળી આ જ ટીકા સહિત મૂળ કૃતિ ''સત્યવિજય ગ્રંથમાલા''માં અમદાવાદથી ઈ.સ. ૧૯૨૨માં છપાવાઈ છે.

૪. એક અજ્ઞાતકર્તૃક **ક્ષેત્રમાસ** છે અને એના ઉપર કોઈકની વૃત્તિ છે. વળી **જિનદાસ**ની ટીકાવાળા **ક્ષેત્રસમાસ**ના રચનાર એ જ જિનદાસ પોતે હશે એમ મનાય છે.

૫. કેટલાક આને જ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત **ખેત્તસમાસ**ની વૃત્તિ ગણે છે પણ એ ભૂલ હોય એમ લાગે છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૦૦)માં ઉલ્લેખ છે.

**ક્ષેત્રલોક**(વિ.સં. ૧૭૦૮) આ [1]**લોકપ્રકાશ**નો ભાગ છે અને એ વિશ્વનું જૈન દૃષ્ટિએ નિરૂપણ પૂરું પાડે છે.

**ત્રિલોકદીપિકા** કિંવા **ત્રૈલોક્યદીપક**– આ ઈન્દ્રશર્માની કૃતિ સંસ્કૃતમાં હશે અને એનો વિષય ભૂગોળ હશે એમ માની મેં એની અહીં નોંધ લીધી છે.

[2]**નૃતત્ત્વનિગમ** કિંવા **લોકતત્ત્વનિર્ણય** (ઉ. વિ. સં. ૮૨૦)– આ સમભાવભાવી **હરિભદ્રસૂરિ**ની કૃતિ છે. આમાં ૧૪૭ (૭૫+૩૫+૩૭) પદ્યો છે. આમાં સુદેવનું લક્ષણ રજૂ કરતાં બ્રહ્મા વગેરે વૈદિક હિન્દુઓના દેવોમાં એ ઘટતું નથી એમ પ્રતિપાદન કરાયું છે. વિશેષમાં આ લઘુ કૃતિમાં વિશ્વનું અને આત્માના સ્વરૂપનું તેમ જ કર્મના સિદ્ધાન્તનું નિરૂપણ છે. આના કેટલાંક પદ્યો **ભગવદ્ગીતા** સાથે મળતાં આવે છે. આ કૃતિ અંગેની વિશેષ માહિતી માટે જુઓ 'શ્રીહરિભદ્રસૂરિ' (પૃ. ૧૧૩-૧૧૬ અને ૧૪૦). P. ૫૦

[3]**અનુવાદ**– આ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ કરાયો છે.

[4]**ઇટાલિય અનુવાદ**– ડૉ. લુઇગે સુઆલિએ મૂળ કૃતિનો ઇટાલિયન ભાષામાં અનુવાદ કર્યો છે. ['લોકતત્ત્વનિર્ણય એક સમીક્ષાત્મક અધ્યયન' અનુસંધાન] P. ૫૧

[5]**સર્વજ્ઞસિદ્ધિ** (ઉ. વિ.સં. ૮૨૦)– આના પ્રણેતા સમ ભાવભાવી **હરિભદ્રસૂરિ** છે. એમણે આ દ્વારા 'સર્વજ્ઞ' હોઈ શકે છે એ વાત વિચારી છે અને એ દ્વારા સર્વજ્ઞનો નિષેધ કરનાર મુદ્દાઓનું નિરસન કર્યું છે. આમાં વચ્ચે વચ્ચે ગદ્યાત્મક લખાણ છે. બાકી મુખ્યતયા આ કૃતિ પદ્યમાં છે. વિસ્તારથી કહું તો પ્રારંભિક ૨૧ પદ્યો પછી ગદ્યાત્મક લખાણ, ત્યાર બાદ ૨૫ પદ્યો, પછી પાછું ગદ્યાત્મક લખાણ અને અંતમાં ૨૨ પદ્યો છે. આમ એકંદર ૬૮ પદ્યો છે.

**સ્વોપજ્ઞ ટીકા**– આ અનુપલબ્ધ છે.

[6]**સર્વહિતા**– આ વૃત્તિ શ્રીવિજયામૃતસૂરિજીએ વિ.સં. ૨૦૧૯માં રચી છે.

[7]**ભાવાનુવાદ**– ઉપર્યુક્ત વૃત્તિનો તથા મૂળનો ભાવાનુવાદ મુનિશ્રી **હેમચન્દ્રવિજયજી**એ કર્યો છે.

[8]**લઘુસર્વજ્ઞસિદ્ધિ**– આ **અનન્તકીર્તિ**ની કૃતિ છે.

[9]**બૃહત્સર્વજ્ઞસિદ્ધિ**– આ પણ ઉપર્યુક્ત **અનન્તકીર્તિ**ની કૃતિ છે.

**સર્વજ્ઞસિદ્ધિદ્વાત્રિંશિકા**– આના પ્રણેતા **શાન્તિચન્દ્રગણિ** છે.

---

૧. આનો પરિચય આગળ ઉપર (પૃ. ૫૭-૬૨)માં અપાયો છે.

૨. આ કૃતિ **"જૈન ધર્મ પ્રસારક સભા"** તરફથી ઇ.સ. ૧૯૦૨માં છપાવાઈ હતી. ત્યાર બાદ આ ગુજરાતી અનુવાદ સહિત "હંસવિજયજી જૈન ફ્રી-લાઈબ્રેરી"ની ગ્રન્થમાલામાં ઇ.સ. ૧૯૨૧માં છપાવાઈ છે.

૩. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૪. આ GSAI (VOl. XVIII, P. 263 ff.)માં ઇ.સ. ૧૯૦૫માં મૂળ સહિત છપાયો છે.

૫. આ કૃતિ **હિંસાષ્ટક** અને એની સ્વોપજ્ઞ અવચૂરિ તેમજ **ઐન્દ્રસ્તુતિ** સહિત "ઋ. કે. શ્વે. સ." તરફથી ઇ.સ. ૧૯૨૪માં પ્રસિદ્ધ કરાઈ છે. વિશેષમાં આ મૂળ કૃતિ **સર્વહિતા** નામની વૃત્તિ અને એ બંનેના ભાવાનુવાદ તથા પં. ધુરન્ધરવિજયગણિએ લખેલા પુરોવચન સહિત "જૈ. સા. વ. સ." તરફથી વિ. સં. ૨૦૨૦માં પ્રકાશિત કરાઈ છે. આ પુરોવચનમાં સર્વજ્ઞ અંગેના ત્રણ મંતવ્યો છે. સાથે સાથે પં. સુખલાલજીને અંગે કેટલુંક લખાણ છે.

૬-૭. આ જૈ. સા. વ. સ. તરફથી પ્રકાશિત છે. જુઓ ટિ. ૫.

૮-૯. આ બંને એકસાથે "માણિકચન્દ દિગમ્બર ગ્રંથમાલા"માં ગ્રન્થાંક ૧ તરીકે વિ.સં. ૧૯૭૨માં પ્રકાશિત કરાઈ છે.

**સર્વજ્ઞસ્થાપનાપ્રકરણ**– આ અજ્ઞાતકર્તૃક છે.

**સર્વજ્ઞાભાવનિરાકરણ**– આના કર્તાનું નામ જાણવામાં નથી.

P. ૫૨ [1]**લેખ**– "સર્વજ્ઞવાદ અને તેનું સાહિત્ય" નામના મારા લેખમાં મેં સર્વજ્ઞતાને સિદ્ધ કરનારી કૃતિઓની સૂચી આપી છે.

[2]**ધર્મબિન્દુ** (ઉ. વિ. સં. ૮૨૦)– આ પણ ઉપર્યુક્ત હરિભદ્રસૂરિની રચના છે. એ આઠ અધ્યાયમાં વિભક્ત છે. એ સૂત્રાત્મક કૃતિ મુખ્યતયા ગદ્યમાં છે. આ શ્રાવકોના તેમ જ સાધુના આચારવિચારના નિરૂપણરૂપ છે. આમ આ [3]મુખ્યતયા ચરણકરણાનુયોગને લગતી કૃતિ છે. આ કૃતિ અંગે મેં **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ. ૧૦૦–૧૦૫)માં વિસ્તારથી વિચાર કર્યો છે.

[4]**વૃત્તિ**– આના કર્તા **મુનિચન્દ્રસૂરિ** છે.

**અનુવાદો**– મૂળ કૃતિના ગુજરાતીમાં [5]પાંચેક અનુવાદો થયેલા છે.

[6]**ભાષાન્તર**– **અમૃતલાલ** મોદીએ મૂળનું તેમ જ આ વૃત્તિનું હિન્દીમાં ભાષાન્તર કર્યું છે.

P. ૫૩ [7]**ધર્મસાર** (ઉ. વિ. સં. ૮૨૦)– આ સમભાવભાવી હરિભદ્રસૂરિકૃત પ્રકરણ છે એમ **પંચસંગહ** (ગા. ૮)ની મલયગિરિસૂરિકૃત ટીકા (પત્ર ૧૧ આ)ની નિમ્નલિખિત પંક્તિ ઉપરથી જાણી શકાય છે :–

"उक्तं हरिभद्रसूरिणा धर्मसारप्रकरणे 'साध्यव्याधिसममेव तत्' ।"

**સ્વોપજ્ઞ ટીકા**– આ અનુપલબ્ધ છે. હરિભદ્રસૂરિએ જાતે આ ટીકા રચી હતી એમ **દેવેન્દ્રસૂરિએ** **છાસીઈ** (ગા. ૨૯)ની સ્વોપજ્ઞ ટીકા (પૃ. ૧૬૧)માં કરેલા નિમ્નલિખિત ઉલ્લેખ ઉપરથી જણાય છે :–

"यदाह धर्मसारमूलटीकायां भगवान् श्रीहरिभद्रसूरिः"

આમ અહીં હારિભદ્રીય ટીકાને "મૂલટીકા" કહી છે. વિશેષમાં અહીં એમાંથી નીચે મુજબનું અવતરણ અપાયું છે. :–

"मनोवचसी तदा न व्यापारयति, प्रयोजनाभावात् ।"

**ધર્મસાર** અને એની મૂળ ટીકા વિષે **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ. ૧૦૬-૧૦૭)માં મેં કથન કર્યું છે.

[8]**ટીકા**– આ **મલયગિરિસૂરિએ** રચી છે એમ **ધમ્મસંગહણી** (ગા. ૪)ની એમની ટીકા (પત્ર ૭અ) ઉપરથી જાણી શકાય છે. પ્રસ્તુત ઉલ્લેખ નીચે પ્રમાણે છે :–

---

૧. આ લેખ "જૈ. સ. પ્ર." (વ. ૧૦, અં. ૨-૩)માં પ્રસિદ્ધ કરાયો છે.

૨. આ કૃતિ મુનિચન્દ્રસૂરિકૃત વૃત્તિ સહિત "આ. સમિતિ" તરફથી ઇ.સ. ૧૯૨૪માં છપાવાઇ છે. [મુનિશ્રી જંબૂવિજયજીએ પ્રાચીન પ્રતોના આધારે સંશોધન કર્યું છે. "જિ. આ. ટ્ર." દ્વારા પ્રકાશિત છે. "મોક્ષૈકલક્ષી પ્રકાશન" દ્વારા આ. **ચન્દ્રગુપ્તસૂરિ** સંપાદિત સં. ૨૦૪૪માં પ્રસિદ્ધ છે.]

૩. આથી કરીને આ કૃતિને ૪૨મા પ્રકરણમાં સ્થાન આપવું ઘટે.

૪. આ 'આ. સમિતિ દ્વારા' પ્રકાશિત છે. જુઓ ટિ. ૨.

૫. આ બધા પ્રકાશિત છે. જુઓ **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ. ૧૦૫-૧૦૬)

૬. આ ભાષાન્તર મૂળ સહિત "હિન્દી જૈન સાહિત્ય પ્રચારક મંડલ" તરફથી અમદાવાદથી ઇ.સ. ૧૯૫૧માં પ્રસિદ્ધ કરાયું છે.

૭-૮. આ અદ્યાપિ અપ્રાપ્ય છે.

''यथा चापुरुषार्थता अर्थकामयोरस्तथा धर्मसारटीकायाममिहितमिति नेह प्रता(तन्)यते ।'' P. ૫૪

**ધર્મસાર**– આ 'મલધારી' દેવપ્રભસૂરિની રચના છે. એ મળતી નથી.

[1]**અશ્વસેનીય કૃતિ** (ઉ. વિક્રમની દસમી સદી)– **ઉત્તરજ્ઝયણ** (અ. ૨, સૂ. ૪૪)ની 'વાદિવેતાલ' **શાન્તિસૂરિ**કૃત ટીકા (પત્ર ૧૩૨અ)માં વાચક **અશ્વસેન**ના નામપૂર્વકના અવતરણ સહિત નીચે મુજબનું લખાણ છે :–

''उक्तं चाश्वसेनवाचकेन- '**आत्मप्रत्यक्ष आत्माऽयम्**' इत्यादि । अथायं दृग्गोचर इति नास्तीत्युच्यते, नायमप्येकान्तो, यतस्तेनैवोक्तम्— 'न च नास्तीह तत् सर्वं चक्षुषा यन्न गृह्यते' ।''

આ ઉપરથી આ વાચકે કોઈ દાર્શનિક મીમાંસાને લગતી કૃતિ રચી હશે એમ માની અને સાથે સાથે એ સંસ્કૃતમાં હશે એમ મને લાગવાથી મેં આની અહીં નોંધ લીધી છે. કદાચ એ ન્યાયની જ કૃતિ હોય તો એની ગણના હવે પછીના પ્રકરણમાં થવી ઘટે.

**દ્રવ્યાલંકાર** (ઉ. વિ. સં. ૧૨૦૨)– આના કર્તા 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**ના બે વિદ્વાન વિનેય **રામચન્દ્ર** અને **ગુણચન્દ્ર** છે. આમ આ દ્વિકર્તૃક કૃતિ છે. એમાં ત્રણ વિભાગ છે. પહેલામાં જીવ-દ્રવ્ય અને પુદ્ગલ-દ્રવ્યનું, બીજામાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે દ્રવ્યોનું અને ત્રીજામાં આકાશાસ્તિકાય નામના દ્રવ્યનું નિરૂપણ છે. આ કૃતિની વિ.સં. ૧૨૦૨માં લખાયેલી એક હાથપોથી જેસલમેરના ભંડારમાં છે. [મુનિરાજશ્રી **જંબૂવિજયજી** મ. દ્વારા સંશોધિત-સંપાદિત થઈ દ્રવ્યાલંકાર લા. દ. વિદ્યામંદિર અમદાવાદથી એલ.ડી. સિરિજ ૧૨૧માં ઈ.સ. ૨૦૦૧માં પ્રસિદ્ધ થયું છે.]

**અન્યયોગવ્યચ્છેદદ્વાત્રિંશિકા** (શ્લો. ૯) ઉપરની ટીકા નામે [2]**સ્યાદ્વાદમંજરી** (પૃ. ૯૮, જૈન)માં **દ્રવ્યાલંકારમાંથી** અવતરણો અપાયાં છે. એમ કરતી વેળા એના કર્તા તરીકે 'દ્રવ્યાલંકારકાર'નો દ્વિવચનમાં પ્રયોગ કરાયો છે. [આ. **સુશીલસૂરિ**કૃત **સ્યાદ્વાદબોધિની** ટીકા સાથે ''સુશીલ સા. પ્રકા.'' જોધપુરથી ૨૦૫૩માં પ્ર.] [3]**કર્મગ્રંથ– હરિવંશપુરાણમાં** કોઈ જયસેન વિષે એવી રીતનો ઉલ્લેખ છે કે એથી એમ ભાસે છે કે એમણે કર્મ-સિદ્ધાન્તને લગતો કોઈ ગ્રન્થ રચ્યો હશે. આ અનુમાન સાચું ઠરે તો પણ એ ગ્રન્થ સંસ્કૃતમાં હશે કે કેમ તે જાણવું બાકી રહે છે. P. ૫૫

[4]**કર્મગ્રન્થ** (લ. વિ. સં. ૧૪૫૦)– આના કર્તા 'આગમ' ગચ્છના જયતિલકસૂરિ છે. આ નામના 'બૃહત્ તપા' ગચ્છના એક સૂરિએ વિ.સં. ૧૪૫૬માં **અનુયોગદ્વારચૂર્ણિનો** ઉદ્ધાર કરાવ્યો છે.[5]

---

૧. આ નામ મેં યોજ્યું છે.

૨. આનો એફ. ડબલ્યુ. **થોમસે** નિમ્નલિખિત નામથી અનુવાદ કર્યો છે :–
''The Flower-Spray of the Quodammodo Doctrine'' આ અનુવાદ ''Akadomie-Verla'' તરફથી બર્લિનથી ઇ.સ. ૧૯૬૦માં પ્રસિદ્ધ કરાયો છે. [ડૉ. જગદીશચન્દ્ર જૈનનો હિન્દી, સા. **સુલોચનાશ્રી** અને પં. **અજિતશેખર** વિ. ના ગુજ. અનુવાદો પ્રગટ થયા છે. મુનિપ્રશમરતિ વિ. સંપાદિત સ્યા. મં. પ્રવચન પ્રકાશન પુનાથી ૨૦૫૮માં પ્રસિદ્ધ થઈ છે.]

૩. આ નામ મેં યોજ્યું છે.

૪. આ કૃતિ **''જૈ. ધ. પ્ર. સ.''** (?) તરફથી છપાવાઈ છે.

૫. જુઓ **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૪૪૭)

P. ૫૬ [1]કર્મવિષયક પ્રસ્તુત કૃતિ ચાર વિભાગમાં વિભક્ત છે. એનાં નામ નીચે મુજબ છે :–

(૧) પ્રકૃતિ-વિચ્છેદ, (૨) સૂક્ષ્માર્થ-સંગ્રાહક, (૩) પ્રકૃતિ-સ્વરૂપ અને (૪) બંધ-સ્વામિત્વ.

આ ચારને "ચાર સંસ્કૃત કર્મગ્રંથ" તરીકે ઓળખાવાય છે અને એનો ગ્રંથાગ્ર ૫૬૯ શ્લોકનો દર્શાવાય છે.

[2]**લોકવિભાગ** (ઉ. વિક્રમની પંદરમી સદી)– આના કર્તા દિ. **સિંહસૂરિ** છે. એમણે ૧૫૨૬ શ્લોકની આ કૃતિ નિમ્નલિખિત ૧૧ અધિકારમાં–પ્રકરણોમાં વિભક્ત કરી છે :–

(૧) જંબૂદ્વીપ, (૨) લવણ સમુદ્ર, (૩) માનુષ-ક્ષેત્ર, (૪) દ્વીપ-સમુદ્ર, (૫) કાલ, (૬) તિર્યગ્-
P. ૫૭ લોક, (૭) ભવનવાસિલોક, (૮) ગતિ, ૯૯) મધ્ય-લોક, (૧૦) વ્યંતર-લોક અને (૧૧) સ્વર્ગ તથા મોક્ષ.

**રૂપાંતર**– દિ. સર્વનન્દિએ શકસંવત્ ૩૮૦માં– કાંચીના **સિંહવર્મા** રાજાના રાજ્યકાળના બાવીસમા વર્ષમાં લગભગ ૧૫૩૬ શ્લોક જેવડી જે **લોગવિહગ** (સં. લોકવિભાગ) નામની કૃતિ રચી હતી અને જે હજુ સુધી તો અપ્રાપ્ય છે તેના સંસ્કૃત રૂપાંતર તરીકે પ્રસ્તુત કૃતિને ઓળખાવાય છે.

**અવતરણો**– આ **લોકવિભાગમાં આદિપુરાણ** (પર્વ ૩)માંથી, **નેમિચન્દ્રે** વિ.સં. ૧૦૩૫માં રચેલા **તિલોયસારમાંથી** તેમ જ **યતિવૃષભકૃત તિલોયપણ્ણત્તિમાંથી** કેટલીક ગાથાઓ ઉદ્ધૃત કરાઇ છે.

**હાથપોથી**– આ **લોકવિભાગની** વિક્રમની સોળમી સદીમાં લખાયેલી એક હાથપોથી મળે છે.

[3]**લોકપ્રકાશ**[4] (વિ. સં. ૧૭૦૮)– આ [5]**હૈમલઘુપ્રક્રિયા** વગેરેના પ્રણેતા ઉપાધ્યાય **વિનયવિજયગણિ** છે. એમણે આ બૃહત્કાય ગ્રન્થને નિમ્નલિખિત ચાર વિભાગમાં વિભક્ત કર્યો છે :–

P. ૫૮ (૧) દ્રવ્ય-લોક, (૨) ક્ષેત્ર-લોક, (૩) [6]કાલ-લોક અને (૪) [7]ભાવ-લોક.

---

૧. કર્મ-સિદ્ધાન્તમાં સંક્રમનો સમાવેશ થાય છે. એને અંગે આ સિદ્ધાન્તના નિષ્ણાત શ્રીવિજયપ્રેમસૂરિજીએ **સંક્રમ-પ્રકરણ** યોજ્યું છે. એનો પ્રથમ ભાગ શ્રી. રણછોડદાસ શેષકરણ શાહે મુંબઈથી ઈ.સ. ૧૯૩૧માં અને બીજો ભાગ શ્રી. શાંતિદાસ ખેતશીએ ઈ.સ. ૧૯૩૩માં પ્રકાશિત કર્યો છે. આ આચાર્યે આ પૂર્વે 'ગણિ' અવસ્થામાં **કર્મસિદ્ધિ** નામનું પુસ્તક સંસ્કૃતમાં રચ્યું છે અને એ શ્રી હઠીચંદ દીપચંદ (હાલ મુનિશ્રી હંસસાગર) તરફથી ઈ.સ. ૧૯૨૯માં પ્રસિદ્ધ કરાયું છે. એમાં કાળ, સ્વભાવ, નિયતિ વગેરે વિષે એકાંતે આગ્રહ રાખનારના વિચારોનું ખંડન કરાયું છે. આ સંબંધમાં જુઓ મારું પુસ્તક નામે **કર્મસિદ્ધાન્ત સંબંધી સાહિત્ય** (પૃ. ૧૦૨-૧૦૩).

૨. જૈ. સા. ઈ. (પૃ. ૧-૨૨)માં "लोकविभाग और तिलोयपण्णत्ति" નામનો લેખ પ્રકાશિત થયેલો છે. પૃ. ૧માં આદ્ય પદ્ય તેમ જ પૃ. ૧-૨માં પ્રશસ્તિનાં ચાર પદ્યો અપાયાં છે.

૩. આ "દે. લા. જૈ. પુ." તરફથી પ્રકાશિત છે. આની વિ.સં. ૧૭૧૬માં લખાયેલી એક હાથપોથી ભાં. પ્રા. સં. માં. છે. [સંપૂર્ણ અનુવાદ પં. વજ્રસેન વિ. સંપાદિત "ભદ્રંકરપ્રકાશન" દ્વારા બીજીવાર પ્રસિદ્ધ થયો છે.]

૪. **વિનયસૌરભ** (પૃ. ૨૪-૨૯)માં આ મહાકાય ગ્રન્થ વિષે કેટલીક બાબતો મેં રજૂ કરી છે.

૫. આના પરિચય વગેરે માટે જુઓ જૈ. સં. સા. ઇ. (ખંડ ૧, પૃ. ૮૦-૮૨).= ૪૬

૬-૭. આ બંને વિભાગ (મૂળ) ગુજરાતી ભાષાંતર તેમજ શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહના ગુજરાતી ઉપોદ્ઘાત સહિત "લોકપ્રકાશ (વિભાગ ૩-૪)"ના નામથી "જૈ. ધ. પ્ર. સ." તરફથી ઈ.સ. ૧૯૩૪માં પ્રકાશિત કરાયા છે.

આમાં અનુક્રમે ૧૧, ૧૬, ૮ અને ૧ સર્ગ છે. આમ ચારે વિભાગનું નિરૂપણ ૩૬ સર્ગમાં પૂરું થાય છે. ત્યાર પછીનો ૩૭મો સર્ગ આ ચારે વિભાગની અનુક્રમણિકા પૂરી પાડે છે. અંતમાં કર્તાએ પ્રશસ્તિ દ્વારા સુધર્મસ્વામીથી માંડીને આ ગ્રંથના રચનાસમય સુધીના સૂરિઓની પરંપરા આપી છે. પોતાનું સમગ્ર વંશવૃક્ષ રજૂ કર્યું છે. એમણે આ પ્રશસ્તિમાં કહ્યું છે તેમ આ પ્રશસ્તિ એમણે વિ. સં. ૧૭૦૮માં વૈશાખ સુદ પાંચમે જુનાગઢમાં ગણધર [1]વિજયપ્રભના રાજ્યમાં રચી છે.

**પરિમાણ–** મૂળ ગ્રંથ પદ્યમાં છે. એની સંખ્યા ૧૫૫૫૯ની ગણાવાય છે. સાક્ષી પાઠોનો ગ્રંથાગ્ર ઉમેરતાં એકંદર પરિમાણ ૨૦૬૨૨ શ્લોકનું હોવાનું જણાય છે.[2]

**વિષય–** જૈન દર્શનનાં સર્વ વિષયોની સંગ્રહ (encyclopedia)- રૂપ આ પ્રથમ સર્ગમાં ત્રણ પ્રકારના અંગુલ, રજ્જુ, પલ્યોપમ, સાગરોપમ, ગુણાકાર, ભાગાકાર, સંખ્યાના પ્રકારો ઇત્યાદિ વિષે P. ૫૯ માહિતી અપાઈ છે.

સ. ૨માં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશસ્તિકાયનું તેમ જ સિદ્ધનું સ્વરૂપ વર્ણવાયું છે.

સ. ૩માં સંસારી જીવોના નિરૂપણ માટે ઉપયોગી ૩૭ દ્વારો વિષે સમજણ અપાઈ છે.

સ. ૪-૯માં પૃથ્વીકાયથી માંડીને નારકોનું આ દ્વારોને લક્ષીને નિરૂપણ કરાયું છે.

સ. ૧૦માં સર્વ જીવોના ભવનો સંવેધ દર્શાવાયો છે. સાથે સાથે અલ્પબહુત્વ અને કર્મપ્રકૃતિઓ વિષે પ્રકાશ પડાયો છે.

સ. ૧૧ પુદ્ગલાસ્તિકાયના નિરૂપણરૂપ છે.

આમ ૧૧ સર્ગમાં દ્રવ્યલોક પૂર્ણ કરાયો છે.

સ. ૧૨માં ક્ષેત્ર, દિશા, રજ્જુ, ખંડુ વગેરેનું સ્વરૂપ વિચારાયું છે.

સ. ૧૩માં ભવનપતિ વિષે અને સ. ૧૪માં સાત નરક વિષે વિસ્તારથી વિચાર કરાયો છે.

સ. ૧૫ તિર્યગ્-લોકનું સ્વરૂપ પૂરું પાડે છે. અહીં વિવિધ દ્વીપો અને સમુદ્રોનું વર્ણન છે. વિશેષમાં અહીં વિજયદેવની ઋદ્ધિનું વિસ્તૃત આલેખન છે.

સ. ૧૬માં 'ભરત' ક્ષેત્ર અને ૫૬ અંતરદ્વીપની હકીકત છે.

સ. ૧૭ 'મહાવિદેહ' ક્ષેત્ર વિષે અને સ. ૧૮ 'મેરુ-પર્વત' વિષે વિસ્તૃત માહિતી પૂરી પાડે છે. P. ૬૦

સ. ૧૯ 'નીલવંત' પર્વત, 'રમ્યક્' ક્ષેત્ર અને 'ઐરવત' ક્ષેત્ર ઉપર પ્રકાશ પાડે છે.

સ. ૨૦ સૂર્ય-ચંદ્રની ગતિનું, નિત્ય-રાહુ અને પર્વ-રાહુનું તેમ જ ૧૫ દ્વાર દ્વારા નક્ષત્રોનું નિરૂપણ રજૂ કરે છે.

---

૧. એઓ વિજયસિંહસૂરિ પછી થયાનું આ પ્રશસ્તિમાં કહ્યું છે. એથી એવો પ્રશ્ન ઉઠાવાયો છે કે વિજયસિંહસૂરિ તો વિ.સં. ૧૭૦૯માં સ્વર્ગે સંચર્યા તેમ છતાં વિ.સ. ૧૭૧૦માં આચાર્ય બનનારા વિજયપ્રભનું નામ આ પ્રશસ્તિમાં કેમ છે ?

૨. જુઓ શાન્તસુધારસ (ભા.૨)નું વિવેચન (પૃ. ૮૮, પ્રથમ આવૃત્તિ)

સ. ૨૧ 'લવણ' સમુદ્રને અંગેની હકીકત રજૂ કરે છે.

સ. ૨૨ 'ધાતકી' ખંડને લગતો છે.

સ. ૨૩ 'પુષ્કરાર્ધ' દ્વીપ અને 'માનુષોત્તર' પર્વત વિષેની તેમ જ શાશ્વત ચૈત્યો વિષેની અને સ. ૨૪ મનુષ્ય-ક્ષેત્રની બહાર આવેલા સૂર્યો અને ચન્દ્રો વિષેની તેમ જ દ્વીપો અને સમુદ્રો વિષેની હકીકત રજૂ કરે છે.

સ. ૨૫ ચર અને સ્થિર ચન્દ્ર વગેરે વિષે માહિતી પૂરી પાડે છે.

સ. ૨૬-૨૭ ઊર્ધ્વ-લોકનાં– સૌધર્માદિ કલ્પ વગેરેની હકીકત રજૂ કરે છે.

આમ સોળ સર્ગમાં ક્ષેત્ર-લોકનું નિરૂપણ અપાયું છે.

સ. ૨૮થી કાલ-લોકનું સ્વરૂપ વિચારાયું છે. પ્રારંભમાં કાળને દ્રવ્ય માનવો કે કેમ એ વિષય ચર્ચાયો છે. ત્યાર બાદ સમયથી માંડીને યુગ સુધીના કાળના વિવિધ વિભાગોની સમજણ અપાઈ છે.

સ. ૨૯ 'શીર્ષપ્રહેલિકા' સુધીના વર્ષોનું તેમ જ અવસર્પિણીના પહેલા ત્રણ આરાનું સ્વરૂપ રજૂ કરે છે.

સ. ૩૦માં જિનેશ્વરના જન્મથી માંડીને નિર્વાણ સુધીની પરિસ્થિતિ વર્ણવાઈ છે.

સ. ૩૧ ચક્રવર્તીનું સ્વરૂપ પૂરું પાડે છે.

P. ૬૧ સ. ૩૨માં ઋષભદેવ વગેરે જિનેશ્વરોનાં સંક્ષિપ્ત જીવનરેખા રજૂ કરાઈ છે.

સ. ૩૩માં આ ચાલુ અવસર્પિણીમાં થયેલા ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો વગેરેને લગતી માહિતી અપાઈ છે.

સ. ૩૪માં અવસર્પિણીના પાંચમા અને છઠ્ઠા આરાનું વર્ણન છે. સાથે સાથે આવતી ઉત્સર્પિણીમાં થનારા જિનેશ્વરો વગેરે વિષે કેટલીક હકીકત છે.

સ. ૩૫માં અવસર્પિણીના પાંચમા અને છઠ્ઠા આરાનું વર્ણન છે. સાથે સાથે આવતી ઉત્સર્પિણીમાં થનારા જિનેશ્વરો વગેરે વિષે કેટલીક હકીકત છે.

સ. ૩૫માં ચાર પ્રકારનાં પુદ્ગલ-પરાવર્તન, આઠ વર્ગણા, સ્પર્ધક ઈત્યાદિ વિષે માહિતી અપાઈ છે.

આમ આઠ સર્ગ દ્વારા કાલ-લોકનું સ્વરૂપ આલેખાયું છે.

સ. ૩૬માં છ પ્રકારના ભાવનું નિરૂપણ છે. ભાવ-લોક માટે આ એક જ સર્ગ છે.

**ચાર અનુયોગ– લોકપ્રકાશ**માં દ્રવ્યાનુયોગના નિરૂપણને પ્રાધાન્ય અપાયું છે જ્યારે કાલાનુયોગનો વિષય સંક્ષેપમાં રજૂ કરાયો છે. તીર્થંકરાદિનાં ચરિત્રો ધર્મકથાનુયોગની વાનગી પૂરી પાડે છે. શ્રાવકોનાં બાર વ્રતો, ૧૮૦૦૦ શીલાંગ ઈત્યાદિ બાબતો જે પ્રસંગોપાત્ત આલેખાઈ છે તે ચરણકરણાનુયોગને અંગેની છે. આમ આ ગ્રન્થ ચારે અનુયોગની ન્યૂનાધિક સામગ્રીથી વિભૂષિત છે.

**સાક્ષી– લોકપ્રકાશ**માં [1]૧૦૨૫ સાક્ષીઓ અપાઈ છે. એમાં ઘણીખરી વાર તો મૂળ પાઠો અપાયા

P. ૬૨ છે. આ પૈકી કેટલાંક અવતરણો ગદ્યમાં છે.

૧. "જૈ. ધ. પ્ર. સ." તરફથી ઈ.સ. ૧૯૩૪માં પ્રસિદ્ધ કરાયેલ "કાળલોકપ્રકાશ"માં પ્રારંભમાં પૃ. ૩૬-૪૩માં આ સૂચી અપાઈ છે.

**સંશોધક–** આ મહાકાય ગ્રંથનું સંશોધન **ઉત્તરજ્ઝયણ**ની ટીકા રચનારા **ભાવવિજયે** કર્યું છે.

**યંત્રો અને ચિત્રો– લોકપ્રકાશ**માં અનેક યંત્રો છે. એ તો કર્તાએ જ તૈયાર કર્યાં હશે પરંતુ **લોકપ્રકાશ**ની જે સચિત્ર હાથપોથીઓ મળે છે તેમાં અપાયેલાં ચિત્રોનો ઉદ્ભવ ગ્રંથકારને [1]હાથે થયો હશે કે કોઇ કળાકાર પાસે એ તૈયાર કરાવાયાં હશે એનો નિર્ણય કરવો બાકી રહે છે.

**ભાષાંતર–** શ્રીવિજયોદયસૂરિએ પહેલા ત્રણ સર્ગોનો વિવેચન, ટિપ્પણો અને યંત્રો સહિત [2]અનુવાદ કર્યો છે. સંપૂર્ણ દ્રવ્યલોકનું તેમ જ ક્ષેત્રલોકના સર્ગ ૧૨-૨૦નું [3]ભાષાન્તર શ્રી. **મોતીચંદ** ઓધવજી શાહે કર્યું છે જ્યારે સંપૂર્ણ કાલલોક, ભાવલોક અને પ્રશસ્તિનું શ્રી. જેઠાલાલ હરિભાઇએ કર્યું છે.

સર્ગ ૨૧-૨૭નું અદ્યાપિ ગુજરાતીમાં ભાષાન્તર થયું નથી એથી સખેદાશ્ચર્ય થાય છે. [સંપૂર્ણ લોકપ્રકાશનું મૂળ સહિત ગુજરાતી ભાષાંતર વિવિધ ભાગોમાં થયું છે. તાજેતરમાં પં. વજ્રસેનવિજયગણિવરના પ્રયાસથી ભદ્રંકર પ્રકાશન દ્વારા આનું પુનર્મુદ્રણ થયું છે. આ પદ્મચન્દ્રસૂરિ કૃત હિંદી અનુવાદ નિગ્રંથ આ. પ્ર. હસ્તિનાપુરથી પાંચ ભાગમા સં. ૨૦૫૯માં પ્રસિદ્ધ થયો છે.]

**મંગલવાદ** (વિ. સં. ૧૬૫૩)– આ 'ખરતર' ગચ્છના **સમયસુન્દરગણિ**ની વિ. સં. ૧૬૫૩ની P. ૬૩
રચના છે અને એ કર્તાએ પોતાના શિષ્ય હર્ષનન્દનને માટે યોજી છે.[4] **કેશવમિશ્રે** જે **તર્કભાષા** રચી છે તેમાં મંગલાચરણ નથી. આનું શું કારણ છે એની ચર્ચા અનુમાન, ફલના પ્રભાવ, કાર્યકારણ, વિઘ્નની સમાપ્તિ, શિષ્ટાચારની પદ્ધતિ વગેરેના આશ્રય લઈ નૈયાયિકની રીતિ પ્રમાણે કરી છે. અંતમાં ઉપર્યુક્ત પ્રશ્નનો ઉત્તર એ અપાયો છે કે કેશવમિશ્રે હાર્દિક મંગળ કર્યું છે.[5]

પ્રસ્તુત કૃતિની એક હાથપોથી કર્તાએ રચનાવર્ષમાં ઇલાદુર્ગ (ઇડર)માં લખી છે.[6] એની કે અન્ય કોઇ હાથપોથીની નોંધ **જિ. ૨. કો.** (વિ. ૧)માં નથી. ન્યાયાચાર્યની કૃતિ અપ્રાપ્ય છે.

[7]**જ્ઞાનાર્ણવ**[8] (ઉ. વિ. સં. ૧૭૩૦)– આ ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**ની પદ્યાત્મક કૃતિ છે. એમાં જ્ઞાનના પાંચ પ્રકારોનું નિરૂપણ વિસ્તારથી હશે એમ **જ્ઞાનબિન્દુ**-પ્રકરણ (પૃ. ૧૬)માં જે આની ભલામણ કરાઇ છે તે ઉપરથી અનુમનાય છે. વળી આ કૃતિનું નામ પણ એ પ્રસ્તુત વિષયનો આકર ગ્રંથ હોવો જોઇએ એમ સૂચવે છે. જેટલો ભાગ મળ્યો છે એ ઉપરથી આ હકીકત સાચી ઠરે છે.

---

૧. વિનયવિજયગણિએ લખાવેલી એક હાથપોથી સચિત્ર મળે છે. એથી ચિત્રો એમણે નિર્માણ કરેલાં છે એમ મુનિશ્રી યશોવિજયજીનું કહેવું છે.

૨. આ મૂળના પહેલા ત્રણ સર્ગ સહિત "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી વિ. સં. ૧૯૯૦માં પ્રકાશિત કરાયો છે.

૩. આ ભાષાંતર બે ભાગમાં "આ સમિતિ" તરફથી અનુક્રમે ઇ.સ. ૧૯૨૯ અને ઇ.સ. ૧૯૩૨માં છપાવાયો છે.

૪. જુઓ **સમયસુન્દરકૃતિસુમાંજલિગત** "મહોપાધ્યાય સમયસુંદર" (પૃ. ૫૨).

૫. એજન પૃ. ૭૮. ૬. એજન પૃ. ૫૨.

૭. "જૈ. ગ્રં. પ્ર. સં." તરફથી આ કૃતિ વિ. સં. ૧૯૯૭માં પ્રકાશિત કરાઇ છે.

૮. આને અંગે મેં કેટલીક બાબતો **યશોદોહન** (પૃ. ૧૦, ૧૪, ૨૫, ૩૧, ૫૩, ૧૩૨, ૧૩૫ અને ૨૧૦)માં રજૂ કરી છે.

P. ૬૪ પ્રથમ પદ્યમાં 'જ્ઞાનાર્ણવ' શબ્દનો ઉલ્લેખ છે. આ કૃતિ અત્યારે તો ચાર તરંગ પૂરતી માંડમાંડ ઉપલબ્ધ છે. પ્રથમ તરંગમાં ૬૧ પદ્યો છે. પહેલા ૫૮ પદ્યો અનુષ્ટુભ્માં છે. આ તરંગમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ભેદનો વિચાર કરાયો છે.

દ્વિતીય તરંગ ત્રુટિત છે. એમાં ૯૩ પદ્યો છે પરંતુ મુદ્રિત પ્રતિમાં તો ૧૮-૨૪ અને ૪૧-૯૩ એ ક્રમાંકવાળાં પદ્યો નથી.

તૃતીય તરંગ ત્રુટિત છે. પેહલાં ચાર પદ્યોં નથી. ૨૦માં પદ્ય પછીનાં ૨૯ પદ્યો ખૂટે છે.

ચોથા તરંગમાં પહેલાં ૨૯ પદ્યો અને ૩૧મું પદ્ય નથી. વળી ૩૩મા પછીના પદ્યો પણ નથી.

આમ અત્યારે તો જ્ઞાનાવર્ણવમાં ૬૧+૩૩+૧૬+૩=૧૧૩ પદ્યો છે.

**પૌર્વાપર્ય–** **જ્ઞાનબિન્દુ-પ્રકરણ** (પૃ. ૧૬)માં તેમ જ **સ્યાદ્વાદ કલ્પલતા** (પત્ર ૨૦ અ, ૪૮અ, ૫૪અ, ૨૭૦અ અને ૩૬૭ અ)માં **જ્ઞાનાર્ણવ**નો નિર્દેશ છે. એ હિસાબે આ કૃતિ **જ્ઞાનબિન્દુ પ્રકરણ** અને **સ્યાદ્વાદકલ્પલતા** પહેલાં રચાયેલી છે એમ ફલિત્ર થાય છે.

[1]**સ્વોપજ્ઞ** [2]**વૃત્તિ–** **જ્ઞાનાર્ણવ** ઉપર ન્યાયાચાર્યની વૃત્તિ છે.

P. ૬૫ [3]**જ્ઞાનબિન્દુ-પ્રકરણ**[4] (ઉ.વિ.સં. ૧૭૩૧)– **જ્ઞાનબિન્દુ** એવા સંક્ષિપ્ત નામે ઓળખાવાતી આ કૃતિના કર્તા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** છે. આમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવલ એમ પાંચ જ્ઞાનનું વિસ્તૃત નિરૂપણ છે ખરું પરંતુ **જ્ઞાનાર્વણ**નો અને ખાસ કરીને તો **નાણપ્પવાય** જેવા પુવ્વનો વિચાર કરીએ તો એ નાનકડું ગણાય. આ બાબત આ નામમાં રહેલો 'બિન્દુ' શબ્દ સારી રીતે દર્શાવે છે. આની શૈલી સૂત્રાત્મક, કારિકારૂપ કે વ્યાખ્યાનરૂપ નથી પરંતુ વર્ણનાત્મક છે. એમ હોઈ એ વિદ્યાનન્દકૃત **પ્રમાણપરીક્ષા, મધુસૂદન** સરસ્વતીએ રચેલી **વેદાન્તકલ્પલતિકા** અને **સદાનન્દ**કૃત **વેદાન્તસારને** મળતી આવે છે. આ [5]મુખ્યતયા ગદ્યાત્મક કૃતિ વિવિધ [6]અવતરણોથી તેમ જ [7]આઠ ન્યાયોથી વિભૂષિત છે. એ પાઠ્ય-પુસ્તક તરીકે પસંદ કરવા જેવી છે.

**રચનાસમય–** આ કૃતિમાં **અધ્યાત્મસાર-પ્રકરણ** (પૃ. ૧૩), **અનેકાન્તવ્યવસ્થા** (પૃ. ૪૦), અને **જ્ઞાનાર્ણવ** (પૃ. ૧૬)નો ઉલ્લેખ છે એટલે આ પ્રસ્તુત કૃતિ આ ત્રણની રચના બાદ યોજાઈ છે એમ ફલિત થાય છે. આ **જ્ઞાનબિન્દુ**ની વિ.સં. ૧૭૩૧માં લખાયેલી એક હાથપોથી મળે છે.

---

૧. આની નોંધ **જિ. ૨. કો.** (વિ. ૧)માં નથી. ૨. આ વૃત્તિ અપ્રકાશિત હોય એમ લાગે છે.

૩. આ કૃતિ "જૈ. ધ. પ્ર. સ." તરફથી "ન્યાયાચાર્ય શ્રીયશોવિજયજીકૃત ગ્રંથમાલા"માં વિ.સં. ૧૯૬૫માં પ્રકાશિત થયેલી છે. મૂળ કૃતિ પં. **સુખલાલ**નાં સંસ્કૃત ટિપ્પણો તેમ જ એમણે લખેલા મનનીય હિંદી 'પરિચય' તેમ જ છ પરિશિષ્ટો સહિત 'સિં. જૈ. ગ્રં.'માં વિ.સં. ૧૯૯૮માં **'જ્ઞાનબિન્દુ-પ્રકરણ'** એ નામથી પ્રસિદ્ધ કરાયેલી છે. [આનું પુનર્મુદણ દિવ્યદર્શન ટ્રસ્ટ દ્વારા થયું છે.]

૪. આ કૃતિમાંથી મેં અવતરણ **આર્હત દર્શન દીપિકા**માં આપ્યાં છે.

૫. અંતમાં નવ પદ્યોની પ્રશસ્તિ છે.

૬. એમાં **સમ્મઇ-પયરણ**ની ગાથાઓ પણ જોવાય છે. એના જ્ઞાનકાંડનો પ્રસ્તુત કૃતિમાં સારી રીતે સમાવેશ કરાયો છે.

૭. જુઓ **જ્ઞાનબિન્દુ-પ્રકરણ** (પૃ. ૧૨૮)

**ટીકા**– આના ઉપર કોઇકની ટીકા છે. એની એક હાથપોથી અહીંના (સુરતના) મોહનલાલજીના જ્ઞાનભંડારમાં છે. જુઓ **જિ.ર.કો.** (વિ. ૧, પૃ. ૧૪૮).[1] P. ૬૬

**ટિપ્પણો**– પં **સુખલાલે** સંસ્કૃતમાં ટિપ્પણો રચ્યાં છે.[2]

**અનુવાદ–જ્ઞાનબિન્દુ**નાં પ્રશસ્તિગત પહેલાં સાત પદ્યોને મારો અનુવાદ આ. દ. દી. (પૃ. ૫૪-૫૫)માં છપાયો છે.

**માહિતી–જ્ઞાનબિન્દુ**ને અંગે મેં કેટલીક માહિતી **યશોદોહન** (પૃ. ૨૫, ૩૮, ૫૫, ૪૯, ૬૫, ૬૬, ૭૮, ૧૫, ૧૨૮, ૧૩૦-૧૩૫, ૧૬૨ અને ૧૯૬)માં અને એની ટીકા વિષે પૃ. ૧૩૪માં આપી છે.

[3]**ન્યાયાલોક**[4] (ઉ. વિ. સં. ૧૭૪૩)– આ ન્યાયાચાર્ય **યશો**વિજય ગણિની કૃતિ છે. આ ગદ્યાત્મક કૃતિનો પ્રારંભ એક પદ્યથી કરાયો છે. એમાં કર્તાએ આ કૃતિનું નામ આપ્યું છે અને સાથે સાથે પોતાનો ઉલ્લેખ ''[5]धीमान् न्यायविशारदः'' થી કર્યો છે. અંતમાં છ પદ્યની પ્રશસ્તિ છે. એ પૈકી અંતિમ પદ્યમાં કહ્યું છે કે અમારા જેવા પ્રમાદગ્રસ્ત અને ચરણકરણથી વિહીન જનોને માટે જિનના પ્રવચનનો રાગ એ સમુદ્રમાં વહાણની જેમ શુભ ઉપાય છે. P. ૬૭

**વિષય**– આ **ન્યાયાલોક** ત્રણ પ્રકાશમાં વિભક્ત છે. પ્રથમ પ્રકાશમાં પ્રારંભમાં મુક્તિના સ્વરૂપ વિષે નૈયાયિક, પ્રભાકર, ત્રિદંડી, બૌદ્ધ, સાંખ્ય, તૌતાલિક, ચિન્તામણિકાર અને વેદાન્તીનાં-વિવિધ દર્શનોના મંતવ્યો રજૂ કરી એની આલોચના કરાઇ છે. ત્યાર બાદ આત્માની વિભુતાને લગતી બાબત હાથ ધરી એનું ખંડન કરાયું છે. એના પછી ચાર્વાકનાં તેમ જ શરીરને જ્ઞાનનું સમવાયિકારણ માનનારા નૈયાયિકો, પરમપ્રકાશવાદી અને સ્વપ્રકાશવાદીનાં મંતવ્યોનું નિરસન કરાયું છે.

દ્વિતીય પ્રકાશમાં 'યોગાચાર' મતનું અને પ્રસંગવશાત્ સમવાયનું ખંડન કરાયું છે. એના પછી નેત્રની પ્રાપ્તકારિતાનું અને અતિરિક્ત અભાવવાદનું નિરસન છે.

---

૧. આ સંબંધમાં જુઓ મારો લેખ ''જ્ઞાનબિન્દુની અન્યકર્તૃક અને જ્ઞાનસારની સ્વોપજ્ઞ ટીકા'' આ લેખ ''જૈ.ધ.પ્ર.'' (પુ. ૭૪. અં. ૭-૮ ભેગા)માં છપાયો છે.

૨. આ સિંઘી જૈન ગ્રં. માં અને દિ. દ. માં પ્રકાશિત છે.

૩. આ કૃતિ તીર્થોદ્ધારક શ્રીવિજયનેમિસૂરિકૃત વિવૃત્તિ નામે **તત્ત્વપ્રભા** સહિત મનસુખભાઇ ભગુભાઇ તરફથી વિ.સં. ૧૯૭૪માં પ્રકાશિત કરાઇ છે. એની સંસ્કૃત પ્રસ્તાવના શ્રીઉદયવિજયગણિ (હાલ સૂરિ)એ લખી છે અને એમાં પોતાના ગુરુ શ્રીવિજયનેમિસૂરિનું જીવનચરિત્ર વિસ્તારથી આલેખ્યું છે. સટીક મૂળનો વિસ્તૃત વિષયાનુક્રમ સંસ્કૃતમાં અપાયો છે. સટીક પ્રથમ પ્રકાશ પત્ર ૧અ-૧૦૪અમાં, દ્વિતીય પ્રકાશ પત્ર ૧૦૪આ-૧૫૯-આમાં અને તૃતીય પ્રકાશ પત્ર ૧૬૦અ-૨૦૯માં પૂર્ણ કરાયો છે. [મુનિ યશોવિજયજીની 'ભાનુમતી' સંસ્કૃતવ્યાખ્યા અને પ્રીતિદાયિની ગુર્જરવ્યાખ્યા સાથે ''દિવ્યદર્શન ટ્રસ્ટ'' દ્વારા વિ. સં. ૨૦૫૦માં પ્રસિદ્ધ થયેલ છે.]

૪. આને અંગે મેં **યશોદોહન** (પૃ. ૧૦, ૨૯, ૮૦, ૨૩, ૧૩૫, ૧૭૨, ૧૯૬, ૨૦૭, ૨૧૦, ૨૧૧, ૨૪૧ અને ૩૨૯)માં કેટલુંક લખાણ કર્યું છે.

૫. આવું વિશેષણ કર્તા પોતાને માટે વાપરે ખરા ?

ત્રીજા પ્રકાશમાં છ દ્રવ્યો અને પર્યાયનું નિરૂપણ છે. પત્ર ૨૧૩અમાં પર્યાયો વિષે અધિક માહિતી માટે **સ્યાદ્વાદરહસ્ય** જોવાની ભલામણ કરી તૃતીય પ્રકાશ પૂર્ણ કરાયો છે.

[2]**તત્ત્વપ્રભા**– આ વિવૃતિના કર્તા શ્રીવિજયનેમિસૂરિ છે. એઓ **વૃદ્ધિવિજય** યાને **વૃદ્ધિચન્દ્ર**ના
P. ૬૮ શિષ્ય થાય છે. આ **તત્ત્વપ્રભા**માં ચૌદ ગુણસ્થાનોનું અને પ્રસંગવશાત્ સમુદ્ઘાતનું સ્વરૂપ આલેખાયું છે. ત્યારબાદ પુદ્ગલના ભેદો વિષે માહિતી અપાઈ છે.

[1]**અસ્પૃશદ્-ગતિ-વાદ**[3] (ઉ.વિ.સં. ૧૭૪૩)– આના કર્તા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** છે. પ્રારંભમાં નીચે મુજબનું એક પદ્ય છે :

"अस्पृशद्गतिमतीत्क शोभते
सिद्ध्यतो न हि मतिः सुमेधसाम् ।
इत्यखण्डतमपण्डपण्डिता-
चारमण्डण ( ? न ) मसावुपक्रम : ॥१॥"

ત્યાર પછી એવો ઉલ્લેખ છે કે કેટલાક સ્થૂળ મતિવાળા જનો વચ્ચેનો પ્રદેશોને સ્પર્શ્યા વિના
P. ૬૯ ઉપરના ભાગના પ્રદેશનો સ્પર્શ સંભવે એમ વિચારી સિદ્ધોની મુક્તિએ જતી વેળાની ગતિને 'સ્પૃશંતી' માને છે અને સિદ્ધ થનારની ગતિનો જેને સૂત્રોમાં 'અસ્પૃશદ્' કહી છે તેનું સમર્થન બંને બાજુના પ્રદેશોને સ્પર્શ્યા વિનાની ગતિ એમ કહી કરે છે. આ બાબતની અહીં સમીક્ષા કરાઇ છે. અંતમાં વિશેષ માહિતી **સ્યાદ્વાદકલ્પલતા**માં અપાયાનો ઉલ્લેખ છે પરંતુ **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** (સ્ત. ૯. શ્લો.૨૧)ની આ ટીકામાં તો આ સંબંધમાં એકાદ પંક્તિ જેટલું જ લખાણ છે તો એથી આ મુદ્રિત ટીકા કેટલેક અંશે અપૂર્ણ હશે એમ અનુમનાય છે.

**અવતરણો**– **પણ્ણવણા**, **આવસ્સય**ની ચુણ્ણિ તેમ જ **વિસેસા**.માંથી એકેક અવતરણ અપાયું છે. વળી 'વાદિવેતાલ' **શાન્તિસૂરિ**એ કરેલા વિધાનનો ઉલ્લેખ કરાયો છે.[4]

---

૧. આ મનસુખભાઈ ભગુભાઇ તરફથી પ્રકાશિત છે.

૨. 'ગુરુતત્ત્વવિનિશ્ચય' એવા સંસ્કૃત નામથી પ્રસિદ્ધ કરાયેલી **ગુરુતત્તવિણિચ્છય**ની આવૃત્તિના અંતમાં જેમ **કમ્મપયડિ**ની લઘુવૃત્તિનો થોડોક ભાગ પ્રસિદ્ધ કરાયો છે તેમ આ કૃતિનો પણ થોડોક ભાગ છપાવાયો છે. આ ઉપરથી એમ લાગે છે કે એ સમયે આ કૃતિ પૂરેપૂરી મળતી નહિ હશે પરંતુ હવે તો મળી આવી છે. એ "જૈ.ગ્રં.પ્ર.સ." તરફથી વિ.સં. ૨૦૦૦માં નિમ્નલિખિત નામથી પ્રકાશિત કૃતિમાં છપાઈ છે :–

"उत्पादादिसिद्धिविवरणं वादमाला अस्पृशद्गतिवादः विजयप्रभसूरिस्वाध्यायश्चेति ग्रन्थचतुष्टयी"

ગમે તેમ પણ આ કૃતિની નોંધ **જિ. ર. કો.** (વિ. ૧)માં નથી. [સટીક **ગુરુતત્ત્વવિનિશ્ચય** આ. **રાજશેખરસૂરિ**ના ગુજ. અનુવાદ સાથે "જૈન સાહિત્યવિકાસ મંડલ" મુંબઈથી પ્રસિદ્ધ છે.]

૩. આ કૃતિના પરિચય માટે જુઓ **યશોદોહન** (પૃ. ૨૩, ૧૮૧, ૨૦૪, ૨૧૮, ૨૧૯ અને ૩૩૧).

૪. વિશેષ માટે જુઓ **યશોદોહન** (પૃ. ૨૧૯).

ઉલ્લેખ– **ન્યાયખંડખાદ્ય**ની સ્વોપજ્ઞ ટીકામાં **અસ્પૃશદ્ગતિવાદ** જોવાની ન્યાયાચાર્યે ભલામણ કરી છે.

[1]**નિશાભક્તદુષ્ટત્વવિચાર** (ઉ. વિ. સં. ૧૭૪૩)– આને **નિશાભુક્તિપ્રકરણ** પણ કહે છે. આ કૃતિના પ્રણેતા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** છે. પ્રારંભિક પદ્યમાં સૂચવાયા મુજબ એમણે આ કૃતિમાં [2]રાત્રિભોજનને અંગેના દોષોનું નિરૂપણ કર્યું છે. આ કૃતિ અત્યાર સુધી પૂરેપૂરી મળી આવી નથી. એને P. ૭૦
અંગે વિશેષ વિચાર મેં. **યશોદોહન** (પૃ. ૨૩ અને ૩૫૭)માં કર્યો છે.

**તત્ત્વચિન્તામણિ પરીક્ષા** કિંવા **મણિપરીક્ષા** (ઉ.વિ.સં. ૧૭૭૦)– આના કર્તા **મેઘવિજયગણિ** છે. આ ચાર પ્રકરણ પૂરતી કૃતિ દ્વારા એમણે નવ્યન્યાયના પ્રવર્તક ગંગેશ ઉપાધ્યાયે રચેલા **તત્ત્વચિન્તામણિ** નામના ગ્રંથની પરીક્ષા કરી છે. આ વિષે કેટલીક માહિતી "જૈ. સિ. ભા." (વ. ૧૦, પૃ. ૭૦-૭૨)માં અપાઇ છે.

[3]**દ્રવ્યસપ્તતિકા** (વિ. સં. ૧૭૪૪)– આ કૃતિ **ભાનુવિજય**ના શિષ્ય **લાવણ્યવિજયે** વિ.સં. ૧૭૪૪માં રચી છે.

સ્વોપજ્ઞવૃત્તિ : આ વૃત્તિ કર્તાએ જાતે રચી છે.

**ભાષાન્તર**– આ પ્રકાશિત છે.[4]

[5]**દ્રવ્યાનુયોગતર્કણા** (લ. વિ. સં. ૧૭૯૫)– આના કર્તા **ભોજસાગર** છે. એઓ **ભાવસાગર**ના શિષ્ય વિનીતસાગરના શિષ્ય થાય છે. એમણે આ કૃતિ 'તપા ગચ્છના દયાવિજયના' રાજ્ય દરમ્યાન P. ૭૧
એટલે કે વિ.સં. ૧૭૮૫થી વિ.સં. ૧૮૦૯ના ગાળામાં રચી છે. એમાં ૧૫ અધ્યાય છે. એમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનું તેમ જ પ્રમાણ અને નયનું નિરૂપણ આગમો, **સમ્મઈપયરણ** વગેરેનાં પ્રમાણ આપીને કરાયું છે. આ કૃતિની રચના [6]**દ્રવ્યગુણપર્યાયનો રાસ** અને એના સ્વોપજ્ઞ બાલાવબોધને આભારી છે.

[7]**અનુવાદ**– પ્રસ્તુત કૃતિનો હિન્દી અનુવાદ પં. ઠાકુરપ્રસાદે કર્યો છે.

[**'જૈન દાર્શનિક પ્રકરણસંગ્રહ'** આ નામે "લા. દ. વિદ્યામંદિર" અમદાવાદ દ્વારા ઈ.સ. ૧૯૭૩માં પ્રસિદ્ધગ્રંથનું સંપાદન ડો. **નગીન જી. શાહે** કર્યું છે. આમાં નીચે મુજબની દાર્શનિક કૃતિઓ

૧. આ કૃતિ **ભાસરહસ્સ** ઇત્યાદિ સહિત "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી વિ. સં. ૧૯૯૭માં છપાયેલી છે.
૨. રાત્રિભોજનવિરમણ એ જૈન શ્રમણોએ અને શ્રમણીઓએ પાંચ મહાવ્રત ઉપરાંત પાળવાનું વ્રત છે.
૩. આ ગુજરાતી ભાષાંતર સહિત "જૈ. ધ. પ્ર. સ." તરફથી વિ. સં. ૧૯૫૮માં પ્રસિદ્ધ કરાઈ છે.
૪. જુઓ ઉપરનું ટિપ્પણ.
૫. આ કૃતિ "રા. જૈ. શા."માં વિ. સં. ૧૯૬૨માં છપાવાઈ છે. સાથે સાથે આનો હિંદી અનુવાદ જે પં. ઠાકુરપ્રસાદે કર્યો છે તે પણ એ જ પુસ્તકમાં છપાવાયો છે.
૬. દેવસેને **દ્રવ્યગુણપર્યાયનિરૂપણ** નામની અને ૩૦૦ શ્લોક જેવડી કૃતિ રચી છે. કોઇકે **દ્રવ્યગુણપર્યાય** રચ્યો છે. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૮૧).
૭. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૫.

પ્રગટ થઈ છે. મોટા ભાગની પ્રથમવાર પ્રગટ થાય છે. અમુક તો એક કે બે પ્રતોના આધારે જ સંપાદિત થઈ છે.

(૧) ષડ્દર્શનનિર્ણય-**મેરૂતુંગસૂરિ**.
(૨) પંચદર્શનખંડન-અજ્ઞાતકર્તૃક.
(૩) વિવિધમતસ્થાપકોત્થાપકાનુમાન સંગ્રહ-અજ્ઞાતકર્તૃક.
(૪) વાદચતુષ્ક-અજ્ઞાતકર્તૃક.
(૫) પરબ્રહ્મોત્થાપનસ્થલ-**ભુવનસુન્દરસૂરિ**.
(૬) હેતુવિડંબનસ્થળ. **જિનમંડન**.
(૭) હેતુખંડનપાંડિત્ય (વાદિવિજય પ્રકરણ)-**સાધુવિજયયતિ**.
(૮) પ્રમાણસાર-**મુનીશ્વર**.
(૯) પ્રમાણસુન્દર-**પદ્મસુન્દર**.
(૧૦) સ્યાદ્વાદસિદ્ધિ-અજ્ઞાતકર્તૃક.]

[**જૈનદર્શનમાં નય** (આ. દેવસન અને ઉપા.યશોવિ.ના પરિપ્રેક્ષ્યમાં) ડૉ. જિતેન્દ્ર બી. શાહ પ્ર. ભો. જે. અ. વિદ્યાભવન.]

**શ્રીપુરપાર્શ્વનાથસ્તવન**– સ્વામિસમન્તભદ્ર. આ સ્તોત્રમાં દાર્શનિક સિદ્ધાન્તોનું નિરૂપણ છે. હિંદી અનુવાદ-દરબારીલાલ કોઠિયાએ કર્યો છે. **જૈનદર્શન** - ન્યાયવિજય પ્ર. શ્રુતનિધિ.

**તત્ત્વસાર**– કમલકીર્તિ સંપા.હીરલાલ શાસ્ત્રી પ્ર. સત્શ્રુતસેવા સાધના કેન્દ્ર અમદાવાદ સં. ૨૦૩૭

**અધ્યાત્મરહસ્ય**– આશાધર દિ., દિ. જૈન મુમુક્ષુ મંડલ અમદાવાદ સં. ૨૦૪૩.

**શીલોપદેશમાલા બાલાવબોધ**– મેરૂસુંદરગણી. સંપા. હરિવલ્લભભાયાણી એલ.ડી.સિરિઝ ૭૭. **'जैन धर्मका यापनीय संप्रदाय'** સાગરમલ જૈન. પ્ર. પાર્શ્વનાથ શોધપીઠ વારાણસી.

**મંગલકલશકથાનક**– અજિતપ્રભસૂરિ પ્ર. હર્ષપુષ્પા. ઇ.સ. ૧૯૯૫

અંગવિની સં. ૨૦૧૪ બીજી આવૃત્તિ. સં. પુન્ય વિજય. પ્ર. પ્રા. ટે. સો.

**અનીપુત્રકથા**– આ. માણિક્યસુન્દરસૂરિ પ્ર. આર્યજયકલ્યાણ કેંદ્ર મુંબઇ. સં. ૨૦૫૦

**હરિશ્ચન્દ્રકથાનક**– માનતુંગસૂરિ હર્ષપુષ્પામૃત. સં. ૨૦૫૨ સં. જિનેન્દ્રસૂરિ.

**અભયકુમારચરિત્ર**– ઉ. ચંદ્રતિલકગણી પ્ર. હર્ષપુષ્પા. સં. ૨૦૪૫

**કથામૃતસંજીવની**– પ્ર. હર્ષપુષ્પામૃત સં.. ૨૦૪૫ કર્તા મતિનંદનગણી.

**કીર્તિકલ્લોલકાવ્ય**– મુનિહેમચન્દ્રવિ. પ્ર. જૈન પેઢી સાદડી. સં. ૨૦૧૩.

**કેવલીચરિત્રમ્**– પ્ર. ભૂપેન્દ્રસૂરિ જૈન સા. સમિતિ આહોર. સં. ૨૦૪૨

**અન્તરીક્ષતીર્થમાહાત્મ્ય**– આ. ભુવનતિલકસૂરિ. પ્ર. લ. જૈ. સા. છાણી સં. ૨૦૨૧.

**અલંકારનેમિ**– આ. શીલચન્દ્રસૂરિ. પ્ર. જૈનપ્રકાશન સમિતિ ખંભાત. સં. ૨૦૫૪.

દિ. જિનેન્દ્રપુરાણ દેવદત્તદીક્ષિત અપ્રગટ પત્ર ૫૫૦

દિ. તત્ત્વાર્થવૃત્તિ પદ્મનન્દિ અપ્રગટ પત્ર ૨૪૫

*દિ. તત્ત્વાર્થવૃત્તિ યોગદેવ અપ્રગટ પત્ર ૨૨૧]*

# પ્રકરણ ૩૮ : ન્યાય

[1]**ન્યાયાવતાર** (વિક્રમની પાંચમી સદી)– આના કર્તા **દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા** વગેરે રચનારા વાદિમુખ્ય કવિરાજ **સિદ્ધસેન** દિવાકર છે. એ તાર્કિકશિરોમણિ મુનિવરે જૈન ન્યાયનો સ્વતંત્ર ગ્રંથ રચવાની પહેલ કરી હોય એમ ઉપલબ્ધ જૈન સાહિત્ય જોતાં જણાય છે. એ હિસાબે એઓ જૈન તર્કશાસ્ત્રના પિતા ગણાય.

**ન્યાયાવતાર**માં અનુષ્ટુભમાં ૩૨ પદ્યો છે, આમ આ દ્વાંત્રિશિકા હોવાથી કેટલાક એને બત્રીસ દ્વાત્રિંશિકાઓ પૈકીની એક ગણે છે. આ કૃતિમાં પ્રમાણ અને એના પ્રકારોનાં લક્ષણો, હેત્વાભાસ, પક્ષ, દૃષ્ટાન્ત, નય ઇત્યાદિ બાબતો સંક્ષેપમાં પણ સ્પષ્ટપણે આલેખાઇ છે.

**વિવરણો– ન્યાયાવતાર** ઉપર નીચે મુજબનાં વિવરણો છે :–

(૧) **હરિભદ્રસૂરિકૃત ટીકા**– આ અપ્રાપ્ય છે. એનો ઉલ્લેખ **ચ. પ્ર.** (પૃ. ૫૨)માં કરાયો છે.

(૨) **સિદ્ધર્ષિકૃત** [2]**વિવૃત્તિ**– આ ઘણી મહત્ત્વની વિવૃત્તિ છે. આનો હિંદી અનુવાદ છપાયો છે. આ વિવૃત્તિ ઉપર **શ્રીચન્દ્ર**ના શિષ્ય દેવભદ્રનું [3]ટિપ્પણ છે.

**ટિપ્પણી**– આ વિવૃત્તિ ઉપર જ્ઞાનસ્રી નામની આર્યાએ રચી છે. એની એક હાથપોથી જેસલમેરના ભંડારમાં છે.

(૩) [4]**વાર્તિક**– આ પ્રથમ પદ્યનું ૫૭ શ્લોક જેવડું છે અને એના ઉપર **શાન્તિસૂરિ**ની [5]વૃત્તિ છે. આ [6]વાર્તિક ચાર પરિચ્છેદમાં વિભક્ત છે : (૧) સામાન્યલક્ષણ-પરિચ્છેદ, (૨) પ્રત્યક્ષ-પરિચ્છેદ, (૩) અનુમાન-પરિચ્છેદ અને (૪) આગમ-પરિચ્છેદ. 

ઉપર્યુક્ત વૃત્તિનું નામ **વિચારકલિકા** છે.

(૪) **દીપિકા– આગમોદ્ધારકે** ૩૨૧૫ શ્લોક જેવડી આ **દીપિકા (ન્યાયવતારદીપિકા)** વિ. સં. ૧૯૯૬માં રચી છે. અંતમાંના બારમા પદ્યમાં એમણે પોતાના ગુરુ ઝવેરસાગરજીનો ઉલ્લેખ કર્યો છે.

આ **દીપિકા** ''આગમોદ્ધારક ગ્રંથમાલા''માં ૨૭માં રત્ન તરીકે વિ. સં. ૨૦૨૧માં પ્રકાશિત કરાઈ છે. આના ઉપાન્ત્ય પદ્યમાં કર્તાએ પોતાના ગુરુનું નામ 'જયવીર'થી દર્શાવ્યું છે.

**અનુવાદો– ન્યાયાવતાર**નો અંગ્રેજી, ગુજરાતી અને હિંદીમાં એકેક અનુવાદ થયેલો છે. આ ત્રણ પ્રકાશિત છે.[7]

---

૧-૩. આ ત્રણે રા.જૈ.શા. પ્રકાશિત છે. જુઓ જૈ. સં. સા. ઇ. (ખંડ ૨, ઉપખંડ ૧, પૃ. ૨૮૬).

૪. આ વાર્તિક એના ઉપરની વૃત્તિ નામે **વિચારકલિકા** સહિત ''સિં. જૈ. ગ્રં.''માં ઇ.સ. ૧૯૪૯માં છપાવાયું છે. એના સંપાદક પં. દલસુખ માલવણિયાએ હિન્દી ટીપ્પણ, તેર પરિશિષ્ટો તેમ જ વિસ્તૃત અને મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવના વડે આને સમૃદ્ધ બનાવ્યું છે. આ પ્રસ્તાવનામાં ''આગમયુગનું જૈનદર્શન'' નામનું નિરૂપણ મનનીય છે. એ દ્વારા પ્રમેય-તત્ત્વ, પ્રમાણ-તત્ત્વ અને વાદ એ ત્રણ ઉપર પ્રકાશ પડાયો છે. ત્યાર બાદ આગમોત્તર સાહિત્યમાં ''જૈનદર્શન'' નામનો વિષય ચર્ચાયો છે. [પુનર્મુદ્રણ સરસ્વતી પુ. ભંડાર અમદાવાદ.]

૫. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૬. આ વાર્તિકના કર્તા પ્રસ્તુત વૃત્તિકાર હોવાનું પં. દલસુખ માલવણિયાનું માનવું છે.

૭. જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૨, ઉપખંડ ૧, પૃ. ૨૮૯).

P. ૭૪ [1]**ત્રિલક્ષણકદર્થન**– આના કર્તા **જિનેન્દ્રગુણસ્તુતિ** રચનારા **પાત્રકેસરી** છે. બૌદ્ધાચાર્ય **શાન્તરક્ષિતે** **તત્ત્વસંગ્રહ** (પૃ. ૪૦૫)માં **પાત્રસ્વામી**નો ઉલ્લેખ કર્યો છે અને કમલશીલે એની પંજિકામાં એ **પાત્રસ્વામી**ની કોઇ કૃતિમાંથી કેટલીક કારિકાઓ ઉદ્ધૃત કરી છે. આ કૃતિ તે **ત્રિલક્ષણકદર્થન** છે અને એ **પાત્રસ્વામી** તે જ **પાત્રકેસરી** છે એમ કેટલાક માને છે.

**જલ્પનિર્ણય** (ઉ. વિક્રમની પાંચમી સદી)– આ **શ્રીદત્ત**ની કૃતિ છે. શું એ મળે છે ખરી ? એનો ઉલ્લેખ **ત. સૂ.** (અ. ૧, સૂ. ૩૩) ઉપરના **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** (પૃ. ૨૮૦)માં છે.

**વાદન્યાય**– આના કર્તા ભટ્ટારક **કુમારનન્દિ** છે. આ કૃતિમાંનાં ત્રણ પદ્યો **વિદ્યાનન્દે** **પત્રપરીક્ષામાં** આપ્યાં છે.

**સારસંગ્રહ** (વિક્રમની છઠ્ઠી સદી)– આના કર્તા **પૂજ્યપાદ** છે. એ ન્યાયશાસ્ત્રની કૃતિ હશે. એમાં નય વિષે તો નિરૂપણ છે જ એમ **ધવલા** (ખંડ ૪) ગત નિમ્નલિખિત ઉલ્લેખ જોતાં જણાય છે :–

"तथा सारसङ्ग्रहेऽप्युक्तं पूज्यपादैः— 'अनन्तपर्यायात्मकस्य वस्तुनोऽन्यतमपर्यायाधिगमे कर्तव्ये जात्यहेत्वपेक्षो निरवद्यप्रयोगो नय इति' ।"

[2]**પુરુષચન્દ્રીય કૃતિ** (ઉ. વિક્રમની સાતમી સદી)– સમભાવભાવી હરિભદ્રસૂરિએ પુરુષચન્દ્રની
P. ૭૫ કોઇક કૃતિમાંથી અવતરણ આપ્યું છે. એ ઉપરથી એ **પુરુષચન્દ્રે** ન્યાયની કોઇ કૃતિ રચી હશે એમ ભાસે છે. આની તપાસ કરાય તે માટે મેં [3]"A Lost Treatise on Logic" નામનો અંગ્રેજીમાં લેખ લખ્યો હતો.

**સિદ્ધિવિનિશ્ચય** (ઉ. વિક્રમની આઠમી સદી)– શાકટાયને **શબ્દાનુશાસન** (૧-૩-૧૬૮)ની **અમોઘવૃત્તિ**માં શિવાર્યકૃત **સિદ્ધિવિનિશ્ચય**નો ઉલ્લેખ કર્યો છે.[4] એટલે આ **અકલંકકૃત** ગ્રન્થથી ભિન્ન મનાય છે. **સ્ત્રીમુક્તિપ્રકરણ**ની એક ખંડિત ટીકામાં શિવસ્વામીએ **સિદ્ધિવિનિશ્ચય** રચ્યાનો ઉલ્લેખ છે તેમ જ એમાંથી બે સંસ્કૃત પદ્યો અપાયાં છે.[5]

**સિદ્ધિવિનિશ્ચય અને સૃષ્ટિપરીક્ષા– ત. સૂ.** (અ. ૧, સૂ. ૩)ની **સિદ્ધસેનીય** ટીકા (પૃ. ૩૭)માંની નિમ્નલિખિત પંક્તિમાં "સિદ્ધિવિનિશ્ચય-સૃષ્ટિપરીક્ષા" ઉલ્લેખ છે :–

"एवं कार्यकारणसम्बन्धः समवायपरिणामनिमित्तनिर्वतकादिरूपः सिद्धिविनिश्चय-सृष्टिपरीक्षातो योजनीयो विशेषार्थिना दूषणद्वारेण ।"

આ **સિદ્ધિવિનિશ્ચય**ના કર્તા વગેરે વિષે વિશિષ્ટ માહિતી અદ્યાપિ મને મળી નથી. એમાં શેની સિદ્ધિ વિચારાઇ હશે તે કહેવું મુશ્કેલ છે. શું એમાં ન્યાયશાસ્ત્ર સાથે સંબંધ ધરાવનારી કોઈ બાબત હશે ? **સૃષ્ટિપરીક્ષા** એ સ્વતંત્ર કૃતિ છે કે **સિદ્ધિવિનિશ્ચય**નો એક ભાગ છે તે પણ જાણવું બાકી રહે છે. એમાં

૧. **આદિપુરાણ**ની પ્રસ્તાવના (પૃ. ૪૭)માં આ કૃતિનો **ત્રિલક્ષણદર્શન** તરીકે ઉલ્લેખ છે.
૨. આ નામ મેં યોજ્યું છે.
૩. આ લેખ "Indian Culture" (Vol. XVI, No. 1)માં છપાયો છે.
૪-૫. જુઓ **સિદ્ધિવિનિશ્ચય-ટીકા**ની પ્રસ્તાવના (પૃ. ૫૩).

જગત્કર્તૃત્વવાદનું ખંડન હશે એમ આ નામ વગેરે વિચારતાં લાગે છે. જૈનો ઈશ્વરને જગત્ રચનારા- P. ૭૬
બનાવનારા ન માનતાં તીર્થંકરાદિરૂપ ઈશ્વરોને બતાવનારા માને છે એ વાત અહીં વિચારાઇ હશે. **સિદ્ધિવિણચ્છય** નામની એક પાઇય કૃતિની નોંધ **નિસીહવિસેસચુણ્ણિ** (વિ. ૧, પૃ. ૧૬૨)માં છે તેમ જ [1]**અકલંકે**, **શિવસ્વામીએ** તથા **શિવાર્યે** **સિદ્ધિવિનિશ્ચય** નામની એકેક કૃતિ રચી છે તો આ ચાર સમાનનામક કૃતિ ઓ પૈકી પહેલી જ અત્ર અભિપ્રેત હશે કેમકે એને જિનદાસગણિએ દર્શનપ્રભાવક કહી છે.

''લેખ– ''A Note on Siddhivinis'caya and Srstipariksa'' નામનો મારો એક લેખ ''ABORI'' (Vol. XIII, pts. 3-4)માં છપાયો છે.

[2]**સિદ્ધિવિનિશ્ચય** (ઉ. વિ. સં. ૮૪૦)– આના પ્રણેતા તે [3]**ત. વા.**ના કર્તા દિ. **અકલંક** છે. એમને ભટ્ટ[4] અકલંકદેવ પણ કહે છે. દિ. પ્રખર તાર્કિકોમાં **સમન્તભદ્ર** પછી **અકલંક**ની ગણના કરાય છે. **ત. સૂ.** (અ. ૧)ને અંગે **રાજવાર્તિક**ના અંતમાંના એક પદ્ય અનુસાર આ **અકલંક** તે [5]રાજા **લઘુહવ્વવ**ના P. ૭૭
મોટા પુત્ર થાય છે. લઘુહવ્વવ તે લઘુ[6]'અવ્વ' હશે અને એ પ્રચલિત નામ હશે જ્યારે અસલી નામ તો પુરુષોત્તમ હશે એમ **અકલંકગ્રન્થત્રયમ્**ની પ્રસ્તાવના (પૃ. ૧૨)માં સૂચવાયું છે. આ પુરુષોત્તમ 'રાષ્ટ્રકૂટ' વંશના [7]**કૃષ્ણરાજ ઉર્ફે શુભતુંગ** રાજાના પ્રથમથી લઘુ સહકારી અને આગળ જતાં મંત્રી થયાનું મનાય છે. **અકલંક**ની જન્મભૂમિ માન્યખેટની આસપાસ હોવાનું મનાય છે.

**''અકલંકગ્રન્થત્રયમ્''** તેમ જ **સિદ્ધિવિનિશ્ચય**ના સંપાદકના મતે અકલંકનો સમય ઈ.સ. ૭૨૦ થી ઈ.સ. ૭૮૦નો છે.[8]

**કૃતિકલાપ– અકલંકે** [9]**લઘીયસ્રય** તેમ જ એના ઉપર [10]**વિવૃત્તિ** રચી છે. વિશેષમાં એમણે [11]સવિવરણ **રાજવાર્તિક**, [12]**ન્યાય વિનિશ્ચય**, [13]**પ્રમાણસંગ્રહ**, **સિદ્ધિવિનિશ્ચય** તેમ જ [14]**અષ્ટશતી** રચ્યાં છે. આ ઉપરાંત એમણે નીચે મુજબની કૃતિઓ રચ્યાનું કેટલાક માને છે પણ એ સમુચિત નથી :–

૧. એમની આ કૃતિનો પરિચય પૃ. ૭૮-૮૦(= 42)માં મેં આપ્યો છે.

૨. આ કૃતિ અદ્યાપિ મળી આવી નથી પરંતુ એ **અનન્તકીર્તિ**ની મૂળ કૃતિની અને એની સ્વોપજ્ઞ વૃત્તિની ટીકાના આધારે ઉપસ્થિત કરાઇ છે. જુઓ પૃ. ૮૨ = 44

૩. (અ. ૬, સૂ. ૨)ને અંગેના આસ્રવના નિરૂપણમાં આ વાર્તિકમાં અને આને લગતી **સિદ્ધસેનીય ટીકા** (ભા. ૨, પૃ. )માં કેટલીક પંક્તિઓ પ્રાયઃ સમાન છે.

૪. **ન્યાયકુમુદચન્દ્ર** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૨૫-૬૧)માં એના લેખ પં. કૈલાશચન્દ્ર શાસ્ત્રીએ ''શ્રીમદ્ભટ્ટાકલંક'' એ નામથી અકલંકના જીવનવૃત્તાન્ત તેમ જ એમના કૃતિકલાપ ઉપર ઉપર પ્રકાશ પાડ્યો છે.

૫. રાજમાન્ય અને તાલુકેદાર હોવાથી 'રાજા' એ ઉપનામ ઘટી શકે.

૬. કર્ણાટકમાં 'પિતા' એ અર્થમાં 'અવ્વ' કે 'અપ્પ' શબ્દ વપરાય છે.

૭. એ ઈન્દ્રરાજ બીજાના ભાઇ થાય છે. ઈન્દ્રરાજના પુત્ર દન્તિદુર્ગ બીજાને 'સાહસતુંગ' કહે છે. એ **સાહસતુંગ**ની સભામાં અકલંક જતા હતા એમ કેટલાક કહે છે.

૮. જુઓ **અકલંકગ્રન્થત્રયમ્**ની પ્રસ્તાવના (પૃ. ૩૨).

૯-૧૦. આ બંને પ્રકાશિત છે. જુઓ પૃ. ૪૪.

૧૧. આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૩૩

૧૨-૧૩. આ બંને પ્રકાશિત છે. જુઓ પૃ. ૪૪.

૧૪. આ સ. જૈ. ગ્રં. માં છપાયેલી છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૨, ઉપખંડ ૧, પૃ. ૩૦૨)

P. ७८ **અકલંક-પ્રતિષ્ઠાપાઠ, અકલંક-પ્રાયશ્ચિત્તસંગ્રહ, [1]અકલંક-સ્તોત્ર, ન્યાયચૂલિકા અને [2]સ્વરૂપસંબોધન**

**રાજવાર્તિક** સિવાયની અકલંકની સવૃત્તિક ચારે કૃતિઓ લગભગ **અષ્ટશતી** જેવડી એટલે ૮૦૦ જેવડી છે. એમ 'અકલંકગ્રન્થત્રયમ્'ની પ્રસ્તાવના (પૃ. ૪૧)માં સૂચવાયું છે.

એમની આ પ્રસ્તુત કૃતિ, **ન્યાયવિનિશ્ચય** અને **પ્રમાણસંગ્રહ** એ ત્રણના સમુદાયને ''અકલંક-બૃહત્ત્રયી'' તરીકે ઓળખાવાય છે. પ્રસ્તુત **સિદ્ધિવિનિશ્ચય** એ પદ્યાત્મક કૃતિ છે. મંગલશ્લોક પછી કંટકશુદ્ધિને અંતે એક પદ્ય છે. આ કૃતિ બાર પ્રસ્તાવનામાં વિભક્ત છે. એનાં નામ નીચે મુજબ છે :–

(૧) પ્રત્યક્ષ-સિદ્ધિ, (૨) સવિકલ્પક-સિદ્ધિ, (૩) પ્રમાણાન્તર-સિદ્ધિ, (૪) જીવ-સિદ્ધિ, (૫) જલ્પ-સિદ્ધિ, (૬) હેતુલક્ષણ-સિદ્ધિ, (૭) શાસ્ત્ર-સિદ્ધિ, (૮) સર્વજ્ઞસિદ્ધિ, (૯) શબ્દ-સિદ્ધિ, (૧૦)
P. ७९ અર્થનયસિદ્ધિ, (૧૧) શબ્દનય-સિદ્ધિ અને ૯૧૨) નિક્ષેપ-સિદ્ધિ.

આમ દરેક પ્રસ્તાવના નામના અંતમાં 'સિદ્ધિ' શબ્દ છે.

[3]**વિષય**– પ્રથમ પ્રસ્તાવમાં પ્રત્યક્ષ પ્રમાણની સિદ્ધિ કરાઇ છે. એમાં **ધર્મકીર્તિ**એ આપેલા પ્રત્યક્ષના લક્ષણનું ખંડન છે.

દ્વિતીય પ્રસ્તાવમાં પ્રત્યક્ષના અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એ ચાર પ્રકારમાં પ્રમાણ-ફલભાવ દર્શાવી એ સર્વે જ્ઞાનને સવિકલ્પક સિદ્ધ કર્યા છે.

ત્રીજા પ્રસ્તાવમાં સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક અનુમાન અને આગમ એ પાંચે પ્રમાણરૂપ છે એમ સિદ્ધ કરાયું છે.

ચોથા પ્રસ્તાવમાં એકાંત ક્ષણિકતાનું નિરસન કરી જીવની સિદ્ધિ કરાઇ છે.

પાંચમા પ્રસ્તાવમાં **ધર્મકીર્તિ**એ **વાદન્યાય**માં પ્રરૂપેલાં અસાધનાંગવચન અને અદોષોદ્ભાવન નામનાં બે નિગ્રહસ્થાનોની વિવિધ વ્યાખ્યા કરી એનું ખંડન કરાયું છે. નૈયાયિકોને સંમત છલ, જાતિ વગેરે નિરર્થક છે એમ અહીં કહ્યું છે અને વાદ અને જલ્પને એક ગણેલા છે.

છઠ્ઠા પ્રસ્તાવમાં **ધર્મકીર્તિ**કૃત **હેતુબિન્દુ**ની પ્રથમ કારિકાનું વિસ્તૃત ખંડન છે.

---

૧. આ ૧૬ પદ્યનું સ્તોત્ર અન્ય અકલંકનું હશે એમ લાગે છે. D C G C M (Vol. XIX, sec. 1, pt. 2, pp. 202-204)માં મેં સોળ પદ્યના **અકલંકાષ્ટક**ની નોંધ લીધી છે.

૨. આ દિ. નયસેનના શિષ્ય મહાસેનની કૃતિ હોવાનું મનાય છે. જિ. ર. કો. (વિ. ૧, પૃ. ૪૫૮)માં આ કૃતિનો **સ્વરૂપસંબોધપંચવિંશતિ** તરીકે ઉલ્લેખ છે. વિશેષમાં અહીં કહ્યું છે કે આના ઉપરથી કન્નડ ટીકામાં તેમ જ **નિયમસાર** ઉપરની પદ્મપ્રભ મલધારિદેવની ટીકામાં આ કૃતિના કર્તા તરીકે **મહાસેન**નો ઉલ્લેખ છે. આ કૃતિ ''મા. દિ. ગ્રં.''માં વિ. સં. ૧૯૭૨માં છપાઇ છે. આને અંગે ડો. ઉપાધ્યેનો એક લેખ ''ABORI'' (Vol. XIII, PP. 88 & 90)માં છપાયો છે.

૩. **ન્યાયકુમુદચન્દ્ર** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૫૦-૫૨)માં વિસ્તારથી આનો વિચાર કરાયો છે, એ ઉપરથી અહીં સંક્ષિપ્ત પરિચય અપાયો છે. એ લખાયા બાદ **સિદ્ધિવિનિશ્ચયટીકા**ની હિન્દી પ્રસ્તાવનામાં પરિચય છપાયો છે.

સાતમા પ્રસ્તાવમાં જે શાસ્ત્ર અનેકાન્તનું પ્રતિપાદન કરે છે તે જ 'શાસ્ત્ર' કહેવાય એમ કહ્યું છે. વિશેષમાં અહીં જગત્કર્તૃત્વવાદનો તેમ જ વેદની અપૌરુષેયતાનું ખંડન કરાયું છે. P. ૮૦

આઠમા પ્રસ્તાવમાં **કુમારિલે** સર્વજ્ઞત્વના અભાવ માટે દર્શાવેલા વિચારોનું અને **તત્ત્વસંગ્રહ**માં એમના નામોલ્લેખપૂર્વક અપાયેલી આ વિષયની કારિકાઓનું નિરસન કરી સર્વજ્ઞની સિદ્ધિ કરાઇ છે.

નવમા પ્રસ્તાવમાં 'શબ્દ પૌદ્ગલિક છે' એ વાત સિદ્ધ કરાઇ છે. સાથે સાથે શબ્દાદ્વૈતવાદ અને સ્ફોટવાદનું નિરસન કરાયું છે.

દસમા પ્રસ્તાવમાં નૈગમદિ ચાર નયોનું સવિસ્તાર નિરૂપણ કરાયું છે. 'વ્યવહાર' નયને સંમત વ્યવહારને વાસ્તવિક સિદ્ધ કરી બ્રહ્માદ્વૈત વગેરે અદ્વૈતવાદીઓના કલ્પિત વ્યવહારનું ખંડન કરાયું છે.

અગ્યારમા પ્રસ્તાવમાં વ્યાકરણની ઉપયોગિતા દર્શાવાઈ છે અને શબ્દાદિ ત્રણ નયો વિષે સમજણ અપાઇ છે.

બારમા પ્રસ્તાવમાં નિક્ષેપના નામાદિ ચાર પ્રકારનું નિરૂપણ છે. નામના વ્યસ્ત, સમસ્ત, એક, અનેક ઇત્યાદિ આઠ ભેદ દર્શાવાયા છે. એવી રીતે સ્થાપનાના સદ્ભાવ અને અસદ્ભાવ અને દ્રવ્યના આગમ અને નોઆગમ એમ બે ભેદ બતાવાયા છે.

જિનદાસગણિએ **નિસીહવિસેસચુણ્ણિ** (વિ. ૧, પૃ. ૧૬૨)માં **સિદ્ધિવિણિચ્છય**નો ઉલ્લેખ કર્યો છે તેને જ પં. **મહેન્દ્રકુમારે** પ્રસ્તુત કૃતિ ગણી છે પણ એ બાબત મને વિચારણીય જણાય છે.

પ્રસ્તુત **અકલંક**કૃત **સિદ્ધિવિનશ્ચયના** સાતમા પ્રસ્તાવનું નામ 'શાસ્ત્રસિદ્ધિ' છે. એમાં સૃષ્ટિકર્તૃત્વનો વિસ્તારથી વિચાર કરાયો છે પરંતુ આ તો એક પ્રાસંગિક બાબત છે, નહિ કે મુખ્ય પ્રસ્તાવ. એ ગમે તે હોય પણ **ત. સૂ.** (અ. ૧, સૂ. ૩)ની **સિદ્ધસેનગણિ**કૃત ટીકા (પૃ. ૩૭) ગત **સિદ્ધિવિનિશ્ચય**ને પણ પં. **મહેન્દ્રકુમાર** તો અકલંકની જ કૃતિ ગણે છે પણ મને તો એ વાત ઉચિત જણાતી નથી. એ **જિનદાસગણિએ** નિર્દેશેલી અને **અકલંકે** નહિ પણ અન્ય કોઇકે-**શિવાર્ય** કે **શિવસ્વામી** જેવાએ રચેલી કૃતિ હશે એમ લાગે છે. P. ૮૧

**ઉલ્લેખ–સ્યાદ્વાદરત્નાકર** (ભા. ૩, પૃ. ૬૪૧)માં "यदाह अकलङ्कः सिद्धिविनिश्चये" એમ કહી વાદી દેવસૂરિએ એમાંથી એક અવતરણ આપ્યું છે. **ન્યાયકુમુદચન્દ્ર** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૫૨)માં કહ્યું છે કે **ત. સૂ.** ની **સિદ્ધસેનગણિ**કૃત [1]ટીકા, **ન્યાયકુમુદચન્દ્ર, પ્રમાણમીમાંસા** અને **સ્યાદ્વાદમંજરી**માં **સિદ્ધિવિનિશ્ચય**ની કારિકાઓ અવતરણરૂપે અપાઇ છે.

**વૃત્તિ**– આ **સિદ્ધિવિનિશ્ચય** ઉપરની સ્વોપજ્ઞ વૃત્તિ છે.

[2]**સિદ્ધિવિનિશ્ચયટીકા**[3]– આ દિ. રવિભદ્રના પાદોપજીવી **અનન્તકીર્તિ** (ઇ.સ. ૯૫૦- ઇ.સ. ૯૯૦) ઉર્ફે **અનન્તવીર્ય**ની રચના છે. એ મૂળ તેમ જ એની સ્વોપજ્ઞ વૃત્તિના વિવરણરૂપ છે, જો કે કેટલીક વાર કારિકા સુગમ છે એમ કહી કેટલીક કારિકાનું વિવરણ અપાયું નથી.

૧. આ ટીકામાં ક્યાં ક્યાં અવતરણ છે તે જાણવું બાકી રહે છે.

૨. આની એક હાથપોથી કચ્છના કોડાયના ભંડારમાં છે.

૩. આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૪૪ ટિ. ૧.

P. ૮૨ આ ૧૮૦૦૦ શ્લોક જેવડી મહાકાય [1]ટીકાનું સંપાદન પં. મહેન્દ્રકુમારે એક જ અશુદ્ધ હાથપોથી ઉપરથી-કચ્છના શ્વેતાંબર ભંડારમાંની હાથપોથી ઉપરથી કર્યું છે. વળી સાથે સાથે એના આધારે એમણે [2]મૂળ કૃતિ અને એની સ્વોપજ્ઞ [3]વૃત્તિનું ઉદ્ધરણ (Reconstruction) કર્યું છે કેમકે હજી સુધી તો મૂળ કે એની આ વૃત્તિ અલભ્ય છે. ઉદ્ધૃત કરાયેલા મૂળની પદ્યસંખ્યા ૩૭૦ છે જ્યારે સ્વોપજ્ઞ વૃત્તિ લગભગ ૫૦૦ શ્લોક જેવડી છે. ટીકા 'ખંડાન્વય' પદ્ધતિએ રચાયેલી છે અને એમાં **પ્રમાણવાર્તિક** અને **પ્રમાણવાર્તિકાલંકાર**ની સમીક્ષા કરાઇ છે. **સિદ્ધિવિનિશ્ચય**ની શૈલી **તત્ત્વાર્થરાજવાર્તિક**ની જેમ સુબોધ અને પ્રસન્ન નથી. એ તો **અષ્ટશતી**ની જેમ "ઓજઃપૂર્ણ, દુરૂહ અને ગૂઢ" છે.

[4]**આલોક**– આ સંપાદકે સંસ્કૃતમાં રચેલા ટિપ્પણનું નામ છે.

**પ્રસ્તાવના**– આ વિસ્તૃત હિન્દી પ્રસ્તાવનામાં વિદ્વાન સંપાદકે મૂલકારના બાહ્ય જીવન, એમના ગુણોત્કીર્તન તેમ જ એમની વિવિધ કૃતિઓ ઉપર પુષ્કળ પ્રકાશ પાડ્યો છે. સાથે સાથે જે પુરોગામીઓના
P. ૮૩ ગ્રંથનો **અકલંકે** લાભ લીધો છે તેમનો તેમ જ **સિદ્ધિવિનિશ્ચય**માંથી અવતરણ આપીને કે અન્ય રીતે એને અંગે પોતાનું વક્તવ્ય રજૂ કરનારા ઉત્તરકાલીન ગ્રંથકારોનો પણ પરિચય આપ્યો છે અને તેમ કરતી વેળા એમના સમયનો પણ ઉલ્લેખ કર્યો છે. એમણે **અવિદ્ધકર્ણ** નામની બે વ્યક્તિઓનો અને **શાન્તભદ્ર**નો પણ વિચાર કર્યો છે.

[5]**લઘીયસ્ત્રય, લઘીયસ્ત્રયાલંકાર** કિંવા [6]**લઘીયસ્ત્રયી** (ઉ. વિ. સં. ૮૪૦)– આના કર્તા પણ દિ. અકલંક છે.

**નામકરણ**– **લઘીયસ્ત્રય** એ નામ કર્તાએ રજૂ કર્યું નથી પરંતુ એ નામ **સિદ્ધિવિનિશ્ચય**ની ટીકા જોતાં **અનન્તવીર્યે** પાડ્યું હશે એમ લાગે છે.

---

૧-૪. આ ચારેને **સિદ્ધિવિનિશ્ચય-ટીકા**ના નામથી એક જ વર્ષમાં– ઇ.સ. ૧૯૫૯માં બે ભાગમાં 'ભારતીય જ્ઞાનપીઠ, કાશી' તરફથી પ્રકાશિત કરાયેલી કૃતિમાં સ્થાન અપાયું છે. સાથે સાથે સંપાદકની હિન્દી પ્રસ્તાવના અને એનો અંગ્રેજી સારાંશ તેમ જ સંપાદકે તૈયાર કરેલાં બાર પરિશિષ્ટો અપાયાં છે. જેમકે મૂળ, વૃત્તિ અને ટીકામાંનાં પદ્યોની અનુક્રમણિકાઓ, અવતરણોની સૂચી, ટીકામાં નિર્દેશાયેલા ગ્રંથો અને ગ્રંથકારો અને ટીકાન્તર્ગત ન્યાયો અને લોકોક્તિઓ.

૫. આ લઘુ કૃતિ સ્વોપજ્ઞ વિવૃતિ તેમ જ **ન્યાયવિનિશ્ચય** અને **પ્રમાણસંગ્રહ** સહિત "સિં. જૈ. ગ્રં."માં "અકલંકગ્રન્થત્રયમ્"ના નામથી ઇ.સ. ૧૯૩૯માં પ્રકાશિત થયેલી આવૃત્તિમાં જોવાય છે. એના સંપાદક પં. મહેન્દ્રકુમાર શાસ્ત્રીએ હિન્દીમાં વિસ્તૃત પ્રસ્તાવના લખી છે અને નવ પરિશિષ્ટ આપ્યાં છે. એના પ્રાસ્તાવિક (પૃ. ૪)માં જિનવિજયજીએ **નન્દિચુણ્ણિના** કર્તા જિંનદાસગણિ જ છે એ વાત દર્શાવી છે અને તેમ કરતી વેળા મેં D C G C M (Vol. XVII, pt. 2, p. 299) માં એ પ્રદ્યોષ હોવાના કરેલા ઉલ્લેખની નોંધ લીધી છે. એ દરમ્યાનમાં વિશેષ વિચાર કરી મેં પણ એક લેખ દ્વારા તેમ જ ઉપર્યુક્ત સૂચીપત્ર (ભા. ૩)ની પ્રસ્તવના (પૃ. ૨૫)માં મારી સ્ખલના સુધારી લીધી છે. [આનું પુનર્મુદ્રણ સરસ્વતી પુ. ભંડાર દ્વારા થયું છે.] આ **લઘીયસ્ત્રય** નામની કૃતિ **ન્યાયકુમુદચન્દ્ર** સહિત "મા. દિ. ગ્રં."માં બે ભાગમાં અનુક્રમે ઇ.સ. ૧૯૩૮ અને ઇ.સ. ૧૯૪૧માં પ્રસિદ્ધ કરાઇ છે.

૬. કેટલાક આ નામ રજૂ કરે છે.

**વિભાગ–** આ લઘુ પદ્યાત્મક કૃતિ ત્રણ પ્રવેશમાં વિભક્ત છે : (૧) પ્રમાણ-પ્રવેશ, (૨) નય-પ્રવેશ અને (૩) પ્રવચન-પ્રવેશ. પ્રમાણ-પ્રવેશના ચાર [1]પરિચ્છેદ છે : (૧) પ્રત્યક્ષ-પરિ., (૨) વિષય- P. ૮૪
પરિ., (૩) પરોક્ષ-પરિ. અને (૪) આગમ-પરિ. આની સાથે બાકીના બે પ્રવેશનો એકેક પરિચ્છેદ ગણી એ ઉમેરી સ્વોપજ્ઞ વિવૃત્તિની હાથપોથીમાં છ પરિચ્છેદ ગણાવાયા છે. જ્યારે **પ્રભાચન્દ્રે** પ્રવચન-પ્રવેશના બે પરિચ્છેદ ગણી કુલ્લે સાત ગણાવ્યા છે. પ્રવચન-પ્રવેશમાં જ્યાં સુધી પ્રમાણ અને નયનું નિરૂપણ છે તેને એમણે છઠ્ઠો પરિચ્છેદ અને નિક્ષેપ જેટલા ભાગના વર્ણનને સાતમો પરિચ્છેદ ગણ્યો છે. અહીં જે નયોનું નિરૂપણ છે તે **સમ્મઈપયરણ**ના નયકાંડને તેમ જ **મલ્લવાદીકૃત દ્વાદશારનયચક્ર**ને આભારી હોવાનું મનાય છે.

**પદ્યસંખ્યા–** આ લઘુ કૃતિમાં ૭૮ા (૬ા+૩+૧૨+૮+૨૧+૨૮) કારિકાઓ છે. પ્રથમ કારિકા મંગલશ્લોકરૂપ છે જ્યારે બીજી કંટકશુદ્ધિને અર્થે યોજાયેલી છે.

**વિષય–** વિભાગોનાં નામ વિષયને વ્યક્ત કરે છે એટલે એથી વિશેષ અહીં કહેવાનું રહેતું નથી.

**ઉદ્ધરણ– લઘીયસ્ત્રયના** શ્લો. ૪ અને ૭૨ **સૂયગડ**ની ટીકામાં અનુક્રમે પત્ર ૨૨૭અ અને ૩૨૬અમાં **શીલાંકસૂરિએ** ઉદ્ધૃત કર્યાં છે.

**મલયગિરિસૂરિએ લઘીયસ્ત્રય**ની ૩૦મી કારિકા **આવસ્સય**ની ટીકા (ભા. ૨, પત્ર ૩૦૭આ)માં ઉદ્ધૃત કરી છે અને એની વ્યાખ્યા પણ કરી છે. અહીં ઉદ્ધૃત કરાયેલા પાઠમાં [1]સહેજ ફેરફાર છે.

[2]**વિવૃત્તિ– આ અકલંકે** જાતે ગદ્યમાં રચી છે. પ્રથમ પરિચ્છેદનાં આદ્ય બે પદ્યો ઉપર, P. ૮૫
પાંચમાનાં અંતિમ બે પદ્ય ઉપર, છઠ્ઠાના પ્રથમ પદ્ય ઉપર તેમ જ સાતમાનાં અંત્ય બે પદ્ય ઉપર વિવૃતિ નથી. આ વિવૃતિ મૂળ કૃતિની વ્યાખ્યારૂપ નથી પરંતુ એમાં સૂચવાયેલા વિષયની પૂર્તિરૂપ છે. **ધર્મકીર્તિ**ના **પ્રમાણવાર્તિક**ની વૃત્તિ પણ કંઈક અંશે આ જાતની છે. આમ આ વિવૃતિ અવશિષ્ટ વક્તવ્યનું કાર્ય કરે છે.

શ્લો. ૬૭ની વિવૃત્તિમાં **સમ્મઈપયરણ** (કાંડ ૧, ગા. ૩)નું સંસ્કૃતીકરણરૂપ લખાણ છે.

[3]**ન્યાયકુમુદચન્દ્ર**[4]– આ [5]**પ્રમેયકમલમાર્તંડ**ના કર્તા દિ. [6]**પ્રભાચન્દ્રે લઘીયસ્ત્રય** અને એની સ્વોપજ્ઞ વિવૃત્તિના વ્યાખ્યાનરૂપે રચેલી વૃત્તિનું નામ છે. એઓ **માણિક્યનન્દિ**ના શિષ્ય થાય છે. એમણે પહેલા બે પરિચ્છેદ ઉપર ખૂબ વિવેચન કર્યું છે જ્યારે બાકીના પાંચનું મળીને લગભગ એટલું થાય છે. P. ૮૬

૧. 'યે તે' ને બદલે 'યતઃ' પાઠ મલયગિરિસૂરિએ આપ્યો છે.

૨. આ મા. દિ. ગ્રં. માં પ્રકાશિત છે.

૩. આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૮૩ બંને ભાગના સંપાદક પં. મહેન્દ્રકુમાર છે જ્યારે પ્રથમ ભાગની પ્રસ્તાવના પં. કૈલાશચંદ્ર શાસ્ત્રીએ લખી છે તો બીજા ભાગની પં. **મહેન્દ્રકુમારે** લખી છે.

૪. આને કેટલાક 'ન્યાયકુમુદચન્દ્રોદય' કહે છે પણ એ નામ યથાર્થ જણાતું નથી.

૫. ''પ્રમેયરૂપ કમળને વિકસિત કરનાર સૂર્ય'' એવો એનો અર્થ છે. એ રીતે ન્યાયકુમુદચન્દ્રનો અર્થ 'ન્યાયરૂપ કુમુદોને વિકસિત કરનાર ચન્દ્ર' છે. આ ઉપરથી પણ **ન્યાયકુમુદચન્દ્રોદય** નામ સમુચિત નથી એમ ભાસે છે.

૬. એમનો પરિચય **ન્યાયકુમુદચન્દ્ર** (ભા. ૨)ની પ્રસ્તાવના (પૃ. ૬-૬૭)માં અપાયો છે.

આ **ન્યાકુમુદચન્દ્ર**ના વિષયનો પરિચય **લઘીયસ્ત્રય** અને એની સ્વોપજ્ઞ વિવૃતિની સાથે ભેગોભેગોય **ન્યાયકુમુદચન્દ્ર** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૧૨-૨૨)માં કારિકાદીઠ અપાયો છે.

**ટીકા**– આ દિ. **મુનિચન્દ્ર**ના શિષ્ય **અભયચન્દ્રે લઘીયસ્ત્રય** ઉપર રચેલી ટીકા છે. એમાં એમણે **ન્યાયકુમુદચન્દ્ર**નો અને **અનન્તવીર્ય**નો ઉલ્લેખ કર્યો છે.

[1]**ન્યાયવિનિશ્ચય** (ઉ. વિ. સં. ૮૪૦)– આ પદ્યાત્મક રચનાના કર્તા પણ ઉપર્યુક્ત **અકલંક** છે.
P. ૮૭ એમણે આ કૃતિ **લઘીયસ્ત્ર્ય** પછી અને **પ્રમાણસંગ્રહ**ની પહેલાં રચ્યાનું મનાય છે. આ કૃતિનું નામ ધર્મકીર્તિકૃત ગદ્યપદ્યમય **પ્રમાણવિનિશ્ચય** ઉપરથી અને વાદી **દેવસૂરિએ સ્યાદ્વાદરત્નાકર** (ભા. ૧, પૃ. ૨૩)માં **ધર્મકીર્તિ**કૃત [2]**ન્યાયવિનિશ્ચય**નો જે ઉલ્લેખ કર્યો છે તે જો અભ્રાન્ત જ હોય તો તે ઉપરથી યોજાયું હોવું જોઈએ. **ન્યાયાવતાર**માં જેમ પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ એ ત્રણ પ્રમાણોનુ નિરૂપણ છે તમ આ ન્યાયવિનિશ્ચયમાં પ્રત્યક્ષ, અનુમાન અને પ્રવચન એ નામના ત્રણ પ્રસ્તાવ છે.[3] ત્રીજા પ્રસ્તાવમાં સુગતના આપ્તત્વનું નિરસન છે. એમની કરુણા વગેરેનો ઉપહાસ છે. આ પ્રસ્તાવમાં સર્વજ્ઞની સિદ્ધિ, સપ્તભંગીનું નિરૂપણ વગેરે બાબતો પણ અપાઇ છે.

P. ૮૮ **પદ્યસંખ્યા**– આ ત્રણ પ્રસ્તાવમાં અનુક્રમે [4]૧૬૮ાા, ૨૧૭ાા, અને ૯૫ાા પદ્યો છે. આમ બધાં

૧. આ "અકલંકગ્રન્થત્રયમ્"માં પ્રકાશિત છે (જુઓ. પૃ. ૪૪). વળી. એનો પ્રથમ પ્રસ્તાવ પૂરતો વિભાગ **વાદિરાજસૂરિ**કૃત વિવરણ સહિત પ્રથમ ભાગ રૂપે. કાશીની "ભારતીય જ્ઞાનપીઠ તરફથી ઇ.સ. ૧૯૪૯માં પ્રકાશિત થયો છે. એના સંપાદક પ્રો. **મહેન્દ્રકુમાર. જૈને** હિંદીમાં વિસ્તૃત પ્રસ્તાવના લખી છે. એમાં એમણે **શ્રી રાહૂલ** સાંકૃત્યાયન, સર **રાધાકૃષ્ણન્** વગેરેનાં મંતવ્યોની આલોચના કરી છે. એમની ભૂલ કાઢી છે. શરૂઆતમાં 'દર્શન' શબ્દનો અર્થ અને એની સીમા વિષે અને ત્યારબાદ જૈન દર્શનનું ભારતીય દર્શનોને અર્પણ એ વિષય ચર્ચાયો છે. દ્વિતીય ભાગ પણ "ભારતીય જ્ઞાનપીઠ" તરફથી ઇ.સ. ૧૯૫૫માં (મુખપૃષ્ઠ ઉપર ૧૯૫૪ છે તે ભૂલ છે) છપાવાયો છે. એના સંપાદક પણ પ્રો. મહેન્દ્રકુમાર જૈન છે. આ ભાગમાં પ્રારંભમાં સંપૂર્ણ **ન્યાયવિનિશ્ચય** અન્તર-શ્લોક અને વ્યાખ્યાન-શ્લોક સહિત ૪૮૧ાા શ્લોકમાં અપાયો છે. ત્યારબાદ અનુમાન-પ્રસ્તાવ અને પ્રવચન-પ્રસ્તાવ તેમ જ એનું **વાદિરાજ**કૃત વિવરણ અપાયાં છે. અંતમાં નીચે મુજબ સાત પરિશિષ્ટો છે."

(૧) મૂળની કારિકાર્ધોની અકારાદિ ક્રમે અનુક્રમણિકા, (૨) વિવરણકારે રચેલા પદ્યોની અનુક્રમણિકા, (૩) વિવરણગત અવતરણોની સૂચી, (૪) મૂળ કૃતિના વિશિષ્ટ શબ્દોની સૂચી, (૫) વિવરણગત ગ્રન્થો અને ગ્રન્થકારો, (૬) વિવરણગત વિશિષ્ટ શબ્દોની સૂચી અને (૭) ગ્રન્થસંકેતવિવરણ.

સંપાદકે હિન્દીમાં વિષયપરિચય વિસ્તારથી આપેલ છે. એ દ્વારા એમણે સ્મૃતિ વગેરે પ્રમાણો તેમ જ સર્વજ્ઞવાદ, વેદની અપૌરુષેયતા ઇત્યાદિ બાબતો ચર્ચી છે.

૨. આના ત્રણ પરિચ્છેદમાં પ્રત્યક્ષ, સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાનનું વિવેચ હોવાનો **સ્યાદ્વાદરત્નાકર** (ભા. ૧, પૃ. ૨૩)માં ઉલ્લેખ છે.

૩. આ ત્રણે પ્રસ્તાવમાં ચર્ચાયેલા વિષયની રૂપરેખા **અકલંકગ્રન્થત્રયમ્**ની પ્રસ્તાવના (પૃ. ૩૮)માં આલેખાઇ છે.

૪. સવિવરણ મૂળ (ભા. ૧)માં અંતિમ કારિકાનો ક્રમાંક ૧૭૨ છપાયો છે તે ભ્રાન્ત જણાય છે. **ન્યાયવિનિશ્ચય**થી અલંકૃત આવૃતિ પ્રમાણે ૧૬૮ાા છે અને એના કારણ તરીકે એની પ્રસ્તાવના (પૃ. ૩૩)માં એવો ઉલ્લેખ છે કે એક કરિકા વાદિરાજની છે તે ભૂલથી **અકલંક**ની ગણી લેવાઇ હતી.

મળીને ૪૮૧॥ પદ્યો છે. આ પદ્યોના-શ્લોકોના ત્રણ વર્ગ પડાય છે : (૧) વાર્તિક, (૨) અન્તર-શ્લોક અને (૩) સંગ્રહ-શ્લોક.

"अन्यथानुपपन्नत्वं"વાળું **પાત્રકેસરી**કૃત પદ્ય મૂળમાં ગૂંથી લેવાયું છે.

**સ્વોપજ્ઞ વિવૃતિ**– **અકલંકે** જાતે ગદ્યમાં વિવૃતિ રચી હોય એમ **સિદ્ધિવિનિશ્ચય**ની **અનન્તવીર્ય**કૃત ટીકા (પૃ. ૧૪૧)માંનું અવતરણ જોતાં અનુમનાય છે.

**ટીકા**– **ન્યાયવિનિશ્ચય** ઉપર દિ. **અનન્તવીર્યે** ટીકા રચી છે.

[1]**ન્યાયવિનિશ્ચયવિવરણ**– આ **ન્યાયવિનિશ્ચય** ઉપરની દિ. [2]**વાદિરાજસૂરિ**ની ગદ્યાત્મક વ્યાખ્યાનું નામ છે. પરંપરા પ્રમાણે એનું નામ **ન્યાયવિનિશ્ચયાલંકાર** છે પણ એ સમુચિત નથી એમ પ્રસ્તાના (પૃ. ૩૪-૩૫)માં ઉલ્લેખ છે. સાથે સાથે અહીં એમ કહ્યું છે કે આ વ્યાખ્યાને "તાત્પર્યાવદ્યોતિની વ્યાખ્યાનરત્નમાલા" કહી શકાય તેમ છે. આ વ્યાખ્યાના બીજા પદ્યમાં **કનકસેન**નો ઉલ્લેખ છે. શું એઓ P. ૮૯
**ભૈરવપદ્માવતીકલ્પ** રચનારા દિ. **મલ્લિષેણ**ના ગુરુ **કનકસેન** છે તે જ છે ?

આ ૨૦૦૦૦ શ્લોક જેવડી વ્યાખ્યા **ન્યાયવિનિશ્ચય**ની સ્વોપજ્ઞ વિવૃત્તિના ગદ્યાત્મક ભાગને ભાગ્યે જ સ્પર્શે છે. વળી એનાં પદ્યો પૈકી પણ કેટલાકનું આમાં સ્પષ્ટીકરણ નથી.[3] **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૨૨૧)માં કહ્યું છે કે **વાદિરાજસૂરિએ અનન્તવીર્ય**નો ઉલ્લેખ કર્યો છે તે વાત ખરી છે. (જુઓ ભા. ૧, પૃ. ૧, તેમ જ ભા. ૨, પૃ. ૧૩૧ અને ૩૬૯) પ્રસ્તુત વિવરણમાં **પ્રમાણવાર્તિક** અને **પ્રમાણવાર્તિકાલંકાર**માંની કેટલીક બાબતોની સમાલોચના કરાઇ છે. ભા. ૨. પૃ. ૨૩૯માં **અશ્વઘોષ**નો અને એમણે રચેલા **રાષ્ટ્રપાલ** નાટકનો ઉલ્લેખ છે.

[4]**પ્રમાણસંગ્રહ** (ઉ. વિ. સં. ૭૮૦)– આ પણ ઉપર્યુક્ત દિ. **અકલંક**ની ગદ્યપદ્યમય કૃતિ છે. **પ્રશસ્તપાદભાષ્ય**ને **પદાર્થસંગ્રહ** કહેવામાં આવે છે તો એ નામ કે પછી **તત્ત્વસંગ્રહ** એ નામ અને સાથે સાથે **ધર્મકીર્તિ**કૃત **પ્રમાણસમુચ્ચય** એ નામ ઉપરથી 'પ્રમાણસંગ્રહ' નામ યોજાયું હશે. આ જટિલ કૃતિમાં ૮૭॥ કારિકા છે અને એ નવ પ્રસ્તાવમાં વિભક્ત છે.

**વિષય–પ્રમાણસંગ્રહ**ની બીજી કારિકા પછીના ગદ્યાત્મક લખાણ (પૃ. ૯૭)માં **અકલંકે** શ્રુતને પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ત્રણ નિમિત્તવાળું કહ્યું છે જ્યારે **શાન્તિસૂરિએ** શ્રુતને અનુમાન-જન્ય અને શબ્દ-જન્ય એમ બે પ્રકારનું કહ્યું છે મલયગિરિસૂરિએ **આવસ્સય**ની વૃત્તિ (પત્ર ૩૭૧અ)માં P. ૯૦
સમ્યગ્નયનો પરામર્શ કરતાં એમ કહ્યું છે કે 'સ્યાત્' શબ્દનો પ્રયોગ કરવાથી તો પ્રમાણ અને નય વચ્ચે ભેદ રહેશે નહિ. આનો ઉત્તર ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ ગુરુતત્તવિણિચ્છય**ની સ્વોપજ્ઞ ટીકા (પત્ર

૧. આ પ્રથમ પ્રસ્તાવ પૂરતું "સિંઘી જૈન ગ્રં" માં પ્રકાશિત છે.

૨. એમના જીવન અને કૃતિકલાપ વિષે જૈ. સા. ઇ. માં. પ્રકાશ પડાયો છે. એ લખાણ **ન્યાયવિનિશ્ચય** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૫૮-૬૪)માં ઉદ્ધૃત કરાયું છે. એમણે શકસંવત્ ૯૪૭માં **પાર્શ્વનાથચરિત્ર** રચ્યું છે.

*૩. જુઓ પ્રસ્તાવના (પૃ. ૩૩)*

૪. આ પ્રકાશિત છે. (જુઓ પૃ. ૪૪). આ ઉપરાંત આ સ્વોપજ્ઞ ભાષ્ય સહિત "સિં. જૈ. ગ્રં."માં ઇ.સ. ૧૯૩૯માં પ્રસિદ્ધ કરાયેલ છે.

૧૭આ)માં આપ્યો છે. એમણે અહીં કહ્યું છે કે કેવળ 'સ્યાત્'નો પ્રયોગ કરવાથી પ્રમાણ અને નયનો ભેદ મટી જતો નથી. અન્ય નયની અપેક્ષા રાખનાર નય જો પ્રમાણ બની જાય તો વ્યવહાર વિગેરે સર્વે નયોને પ્રમાણ માનવા પડે આમ **યશોવિજયગણિએ** અકલંકના મતનું જ સમર્થન કર્યું છે.[1]

છઠ્ઠા પ્રસ્તાવમાં વાદનું નિરૂપણ છે. વિશેષમાં ધર્મકીર્તિ વગેરે બૌદ્ધોએ જિનેશ્વરને 'જડ' વગેરે શબ્દોથી વગોવ્યા છે તેના જડબાતોડ જવાબ અપાયા છે અને તેમ કરતી વેળા ખરેખરી જડતા, નિર્લજ્જતા, પશુતા, અલૌકિકતા, તામસતા અને પ્રાકૃતતા તો બૌદ્ધોને વરેલી છે એમ કહ્યું છે.

આઠમા પ્રસ્તાવમાં સપ્તભંગીનું અને નયોનું નિરૂપણ છે.

આ કૃતિ **ન્યાયવિનિશ્ચય** પછી રચાઇ હશે એમ હેતુઓના અનેક ભેદ દર્શાવાયા છે તે ઉપરથી અનુમનાય છે.

**સ્વોપજ્ઞ ભાષ્ય–** આ અકલંકે જાતે રચ્યું છે. **સિદ્ધિવિનિશ્ચય** ઉપરની **અનન્તવીર્યકૃત** ટીકામાં આનો ઉલ્લેખ છે. **શું પ્રમાણસંગ્રહાલંકાર** તે આ જ છે ?

**ટીકા–** આના કર્તા દિ. **અનન્તકીર્તિ** છે.

P. ૯૧ [2]**પ્રમાણપરીક્ષા** (ઉ. વિ. સં. ૯૦૦)– આના પ્રણેતા દિ. **વિદ્યાનન્દ** છે. એમણે 'ગંગ' દેશના રાજા **શિવમાર** બીજા (ઇ.સ. ૮૧૦)નો અને એના ઉત્તરાધિકારી **રાયમલ્લ** સત્યવાક્યનો અનુક્રમે **ત. શ્લો. વા.**ની અને **આપ્તપરીક્ષાની** પ્રશસ્તિમાં શ્લેષ દ્વારા ઉલ્લેખ કર્યો છે. આ ઉપરથી એમનો સમય ઈ.સ. ૭૭૫થી ઇ.સ. ૮૪૦નો હોવાનું અનુમનાય છે. એમણે નિમ્નલિખિત કૃતિઓ રચી છે :–

(૧) **વિદ્યાનન્દ-મહોદય** આ અદ્યાપિ અનુપલબ્ધ છે. એ એમની આદ્ય કૃતિ જણાય છે કેમકે કર્તાએ જાતે "વિદ્યાનન્દમહોદય"ના નામથી આનો ઉલ્લેખ **ત. શ્લો. વા.** (પ્ર. આ.નાં પૃ. ૨૭૨ અને ૩૮૫), **અષ્ટસહસ્રી** (પૃ. ૨૯૦) અને **આપ્તપરીક્ષા** (પૃ. ૨૬૨)માં કર્યો છે. **સ્યાદ્વાદરત્નાકર** (ભા. ૨, પૃ. ૩૪૯)માં આ કૃતિનો **મહોદયના** નામથી નિર્દેશ છે.

(૨-૩) **આપ્તપરીક્ષા** અને એની સ્વોપજ્ઞ ટીકા. આ સંબંધમાં જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૨, ઉપખંડ ૧, પૃ. ૩૦૯-૩૧૧).

(૪) **પ્રમાણપરીક્ષા** આ કૃતિ અત્ર પ્રસ્તુત છે.

(૫) **પત્રપરીક્ષા** આનો પૃ. 49માં વિચાર કરાયો છે.

(૬) **સત્યશાસનપરીક્ષા** આના પરિચય માટે જુઓ પૃ. 49.

(૭-૮) **ત. શ્લો. વા.** અને એનું સ્વોપજ્ઞ વિવરણ. આ વિષે આપણે પૃ. ૧૯-૨૧માં વિચાર કરી ગયા છીએ.

P. ૯૨ (૯) **યુક્ત્યનુશાસન** કિંવા **વીરજિનસ્તોત્રની** ટીકા. આની નોંધ મેં **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૨, ઉપખંડ ૧, પૃ. ૩૦૬)માં લીધી છે.

૧. જુઓ **"અકલંકગ્રન્થત્રયમ્"**ની પ્રસ્તાવના (પૃ. ૪૨-૪૩).

૨. આ "સનાતન જૈન ગ્રંથમાલા"માં કાશીથી ઇ.સ. ૧૯૧૪માં પ્રકાશિત કરાઇ છે.

(૧૦) **અષ્ટસહસ્રી** આ વિષે મેં **યશોદોહન** (પૃ. ૧૬૯ અને ૧૯૩-૧૯૫)માં તેમ જ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૨, ઉપખંડ ૧, પૃ. ૩૦૮)માં માહિતી આપી છે. [**અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ**નું સં. ૨૦૪૫માં પુનર્મુદ્રણ થયું છે. મુનિ વૈરાગ્યરતિ વિ. આનું સંશોધન-સંપાદન કરી રહ્યા છે.]

આ ઉપરાંત કેટલાક **પ્રમાણનિર્ણય**નો તેમ જ **શ્રીપુરપાર્શ્વનાથસ્તોત્ર**નો ઉલ્લેખ કરે છે. એ સ્તોત્રમાં 'શ્રીપુર'ની પાર્શ્વનાથની ચમત્કારી મનાતી પ્રતિમાનો પ્રભાવ વર્ણવાયો છે. એમાં કપિલાદિ આપ્ત નથી પરંતુ **પાર્શ્વનાથ** છે એમ કહ્યું છે.[1]

પ્રસ્તુત કૃતિ ગદ્યપદ્યાત્મક છે. આની રચના અકલંકકૃત **પ્રમાણસંગ્રહ** ઇત્યાદિને આધારે કરાઇ હોય એમ લાગે છે. આ કૃતિમાં એના નામ પ્રમાણે પ્રમાણનું નિરૂપણ છે. સમ્યગ્જ્ઞાન અર્થાત્ યથાર્થ બોધ તે પ્રમાણ છે એમ કહી એ પ્રમાણના ભેદો અને ઉપભેદો, પ્રમાણનો વિષય તેમ જ પ્રમાણનું ફળ એ બાબતો અહીં સારી રીતે વિસ્તારથી સમજાવાઇ છે. સાથે સાથે અન્યદર્શનીઓનાં મંતવ્યોની આલોચના છે.

[2]**પત્રપરીક્ષા**– આના કર્તા દિ. **વિદ્યાનન્દ** છે. એમણે જૈન દૃષ્ટિ અનુસાર પત્રનું–અનુમાનના પ્રયોગનું લક્ષણ રજૂ કર્યું છે. એમણે અનુમાનનાં અંગ તરીકે પ્રતિજ્ઞા અને હેતુનો ઉલ્લેખ કર્યો છે. આ **પત્રપરીક્ષા**માં કુમારનન્દિકૃત **વાદન્યાય**માંથી ત્રણ પદ્યો અપાયાં છે. P. ૯૩

[3]**સત્યશાસનપરીક્ષા**[4]– આ ૭૦૯ શ્લોક જેવડી[5] કૃતિના કર્તા ઉપર્યુક્ત દિ. **વિદ્યાનન્દ** છે. આ કૃતિમાં સાચું શાસન યાને દર્શન કયું કહેવાય એની ચર્ચા કરી જૈન શાસનનું-દર્શનનું મહત્ત્વ વર્ણવાયું છે. એમાં પુરુષાદ્વૈત ઇત્યાદિ ૧૨ શાસનોની પરીક્ષા કરવાની પ્રતિજ્ઞા કરાઇ છે. અંતમાં પ્રભાકર-શાસન, તત્ત્વોપપ્લવ-પરીક્ષા અને અનેકાન્ત-શાસન વિષે વિચાર કરાયો છે.

**પ્રમાણનિર્ણય**– આના કર્તા તરીકે દિ. **વિદ્યાનન્દ**નો ઉલ્લેખ કરાય છે તે વિચારણીય જણાય.

**ટીકા**– કોઇકે રચેલી છે.

[6]**પ્રમાણનિર્ણય**– આ શકસંવત્ ૯૪૭ (વિ. સં. ૧૦૭૬)માં **પાર્શ્વનાથચરિત** રચનારા દિ. વાદિરાજસૂરિની લઘુ કૃતિ છે. એમાં પ્રમાણ, પ્રત્યક્ષ, પરોક્ષ અને આગમ એમ ચાર અધ્યાય છે. P. ૯૪

---

૧. દિ. **વિદ્યાનન્દ**ને અંગેની વિશેષ માહિતી માટે જુઓ **આચાર્ય ભિક્ષુ સ્મૃતિગ્રન્થ**માં પૃ. ૬૪-૭૧માં પ્રસિદ્ધ કરાયેલો શ્રી. દરબારીલાલનો લેખ નામે "विद्यानन्द और उनके ग्रन्थ".

૨. આ "સ. જૈ. ગ્ર."માં ઇ.સ. ૧૯૧૩માં પ્રસિદ્ધ કરાઇ છે.

૩. આને અંગે જુઓ "અનેકાન્ત" (વ. ૩, પૃ. ૬૬૦-૬૬૬).

૪. આ નામની એક કૃતિ નેમિચન્દ્રે રચી છે. **પ્રતિષ્ઠાતિલક**ની પ્રશસ્તિમાં એનો ઉલ્લેખ છે. જુઓ "જૈન હિતૈષી" (વ. ૧૨, પૃ. ૧૯૭)

૫. આ "ભારતીય જ્ઞાનપીઠ" તરફથી મૂર્તિદેવી ગ્રંથમાલામાં પ્રસિદ્ધ કરાઇ છે. ડો. **ગોકુલચન્દ્ર જૈ**ને આનું સંપાદન કર્યું છે.

૬. આ "મા. દિ. ગ્રં."માં વિ. સં. ૧૯૭૪માં છપાવાયો છે.

[1]**પરીક્ષામુખસૂત્ર** (ઉ. વિક્રમની ૧૧મી સદી)– આના કર્તા દિ. **માણિક્યનન્દિ** છે. જૈન ન્યાયની સૂત્રરૂપે વ્યાપક સ્વરૂપે રચાયેલી જે કૃતિઓ મળે છે તે સૌમાં આ પ્રથમ છે. આ કૃતિનું નામ બૌદ્ધોના **હેતુમુખ** અને **ન્યાયમુખ**નું સ્મરણ કરાવે છે. આ કૃતિ પ્રમાણોના નિરૂપણ પૂરતી મર્યાદિત છે. એ છ પરિચ્છેદમાં વિભક્ત છે. એની સૂત્રસંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :–

૧૩, ૧૨, ૧૦૧, ૯, ૩ અને ૭૪. આમ એકંદર ૨૧૨ સૂત્રો છે.

ત્રીજા પરિચ્છેદનાં સૂત્ર ૬૨-૬૩માં **પ્રજ્ઞાકરગુપ્ત**ના ભાવિકારણવાદ અને અતીતકારણવાદની સમાલોચના કરાઈ છે. પ્રસ્તુત કૃતિ ઉપર **અકલંક**ના ગ્રંથોનો પ્રભાવ જોવાય છે. એ હિસાબે આના કર્તાની
P. ૯૫ પૂર્વાવધિ તરીકે વિ. સં. ૮૫૭નો નિર્દેશ કરાય છે. આ કૃતિ ઉપર પ્રભાચન્દ્રે વિદ્વત્તાપૂર્ણ [2]**પ્રમેયકમલમાર્તંડ** રચ્યું છે. એમનો સમય ઈ.સ.ની ૧૧મી સદી છે. એ વિચારતાં પ્રસ્તુત કૃતિની ઉત્તરાવધિ ઈ.સ.ની દસમી સદીની મનાય છે.

**અનુવાદ– પરીક્ષામુખસૂત્ર**નો એસ. સી. **ઘોશાલે** અંગ્રેજીમાં [3]અનુવાદ કર્યો છે.

[4]**પ્રમેયકમલમાર્તંડ** કિંવા **પરીક્ષામુખાલંકાર**– આ **પરીક્ષામુખસૂત્ર** ઉપરની વૃત્તિ છે અને એના કર્તા **ન્યાયકુમુદચન્દ્ર, તત્ત્વાર્થવૃત્તિ-પદવિવરણ (સર્વાર્થસિદ્ધિની** વ્યાખ્યા) વગેરેના પ્રણેતા દિ. **પ્રભાચન્દ્ર** છે. અંતમાં ચાર પદ્યોની પ્રશસ્તિ છે. એમાં એમણે પોતાના ગુરુ તરીકે **પદ્મનન્દિ સૈદ્ધાન્ત**નો ઉલ્લેખ કર્યો છે.

આ **પ્રમેયકમલમાર્તંડ**માં શાકટાયનકૃત **કેવલિ-ભુક્તિ** અને **સ્ત્રી-મુક્તિ**નું ખંડન કરાયું છે જ્યારે **વાદમહાર્ણવ** અને "પાઇય ટીકા"માં એનું મંડન કરાયું છે. આગળ ઉપર **પ્રભાચન્દ્ર**ના વિચારોની સમાલોચના ન્યાયચાર્ય **યશોવિજયગણિ**એ કરી છે. એ પૂર્વે કવલાહારને અંગે **સ્યાદ્વાદરત્નાકર**માં સમાલોચના કરાઈ છે.

**પ્રમેયકમલમાર્તંડનું વાદમહાર્ણવ** સાથે સામ્ય જોવાય છે.

**પ્રમેયકમલમાર્તંડ** (પૃ. ૮)માં નડ્વલોદકથી– એક જાતના ઘાસના પાણીથી પગના રોગની
P. ૯૬ ઉત્પત્તિ દર્શાવાઈ છે અને પૃ. ૪૨૪માં બહેરાશ તેમ જ કાનના અન્ય રોગોને અંગે 'બલાતૈલ'નો ઉલ્લેખ કરાયો છે.

૧. આ સતીશચન્દ્ર વિદ્યાભૂષણે સંપાદિત કરી છે અને એ "બિબ્લિઓથેકા ઇન્ડિકા"માં ઈ.સ. ૧૯૦૯માં પ્રકાશિત કરાઈ છે. ત્યાર બાદ આ કૃતિની **પ્રમેયકમલમાર્તંડ** સહિતની પ્રથમ આવૃત્તિ "નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી ઈ.સ. ૧૯૧૨માં અને બીજી ઈ.સ. ૧૯૪૧માં પ્રસિદ્ધ કરાઈ છે. બીજી આવૃત્તિમાં એના સંપાદક પં. **મહેન્દ્રકુમાર** શાસ્ત્રીની હિંદીમાં વિસ્તૃત પ્રસ્તાવના છે. એમાં **ન્યાયકુમુદચન્દ્ર** (ભા. ૨)ની પ્રસ્તાવનામાં "આચાર્ય પ્રભાચન્દ્ર"ના શીર્ષકપૂર્વક જે લખાણ છે તે જ અહીં ઉદ્ધૃત કરાયું છે. અંતમાં સાત પરિશિષ્ટો છે. પ્રથમ પરિશિષ્ટ તરીકે મૂળ કૃતિ અપાઈ છે. સાતમા પરિશિષ્ટમાં આ મૂળ કૃતિનું **દિઙ્નાગ, ધર્મકીર્તિ, અકલંક**, વાદી દેવસૂરિ અને 'કલિ.' હેમચન્દ્રસૂરિના ગ્રંથો સાથે સંતુલન કરાયું છે.

૨. **ન્યાયકુમુદચન્દ્ર** પછી આ રચાયું છે, એ બંને પ્રકાશિત છે.

૩. આ વિવરણ સહિત "The Sacred Books of the Jainas" (Vol. XI) તરીકે લખનૌથી ઈ.સ. ૧૯૪૦માં પ્રકાશિત કરાયો છે.

૪. *આ નિર્ણય સા. દ્વારા પ્રકાશિત છે. જુઓ પૃ. ૯૪.*

**પ્રમેયકમલમાર્તંડ**ની પ્રસ્તાવના (પૃ. ૬૭)માં આ વૃત્તિના કર્તાનો સમય ઈ.સ. ૯૮૦થી ઈ.સ. ૧૦૬૫નો દર્શાવાયો છે અને તેમ કરતી વેળા **ન્યાયકુમુદચન્દ્ર** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૧૨૩)માં પં. કૈલાશચન્દ્રે જે. ઈ.સ. ૯૫૦થી ઈ.સ. ૧૦૨૦નો નક્કી કર્યો છે તેને ભ્રાન્ત ગણ્યો છે.

[1]**પ્રમેયરત્નમાલા**[2] – આ **પરીક્ષામુખસૂત્ર** ઉપરની દિ. **અનન્તવીર્યે શાન્તિષેણ** માટે રચેલી લઘુવૃત્તિ છે અને એ **પ્રમેયકમલમાર્તંડ**ના તેમ જ અન્ય કેટલીક કૃતિના સારરૂપ છે. આ **અનન્તવીર્ય**નો ઉલ્લેખ વાદિરાજે શકસંવત્ ૯૪૭માં રચેલા **પાર્શ્વનાથપુરાણ**માં કર્યો છે. વળી **સર્વદર્શનસંગ્રહ**માં પણ **અનન્તવીર્ય** વિષે ઉલ્લેખ છે.

**પ્રમેયરત્નમાલા** ઉપર વિવિધ ટીકાઓ રચાઈ છે. એ પૈકી ચારનો પરિચય હું ઉપર્યુક્ત લેખને આધારે આપું છું : P. ૯૭

**ન્યાયમણિદીપિકા**– આ દિ. **ચારુકીર્તિ**એ શરૂ કરી હતી અને એની સમાપ્તિ એમના શિષ્ય જનાર્દનવિજયે શકસંવત્ ૧૭૬૩માં કરી હતી. આ ટીકા સમાસોથી ભરચક, પ્રૌઢ અને પાંડિત્યપ્રદર્શક ગદ્યમાં રચાયેલી છે. એ સમગ્ર ટીકા લગભગ ૪૦૦૦ શ્લોક જેવડી છે.

**અર્થપ્રકાશિકા**– આ ટીકા પણ ઉપર્યુક્ત દિ. **ચારુકીર્તિ**એ રચી છે. આમાં એમણે નવ્ય ન્યાયનો આશ્રય લીધો છે. તેમ છતાં વિષય સ્પષ્ટપણે સરલ સંસ્કૃતમાં રજૂ કર્યો છે. વિશેષમાં એમણે આ ટીકામાં શૂન્યાદ્વૈત, તત્ત્વોપપ્લવ, પ્રમાણ-સમ્પ્લવ ઇત્યાદિ સ્વતંત્ર વિષયો પણ હાથ ધર્યા છે. આ ટીકા આશરે ૩૦૦૦ શ્લોક જેવડી છે. આમાં **ન્યાયમણિદીપિકા**નો ઉલ્લેખ છે.

**પ્રમેયરત્નમાલાલંકાર**– આ અવચ્છેદક, અવચ્છિન્ન, તન્નિષ્ઠતા ઇત્યાદિ શબ્દપ્રયોગપૂર્વકની નવ્ય ન્યાયની પદ્ધતિ અનુસાર રચાયેલી ટીકાના કર્તા દિ. [3]**ચારુકીર્તિ** છે. આનું પરિમાણ લગભગ ૪૬૦૦ શ્લોક જેવડું છે.

**પ્રમેયકંઠિકા**– આ દિ. **શાન્તિવર્ણી**ની રચના છે. એ પાંચ સ્તબકોમાં વિભક્ત છે. એ **પરીક્ષામુખસૂત્ર**ના આદ્ય સૂત્રની ટીકા છે. એની પ્રશંસા કર્તાએ જાતે કરી છે.

---

૧. આ મૂળ સહિત બિહારીલાલ જૈન તરફથી ઈ.સ. ૧૯૨૭માં પ્રકાશિત કરાઈ છે.

૨. આમાં આવતા વિષયોનો હિંદીમાં પરિચય પં. **નેમિચન્દ્ર શાસ્ત્રી**એ "**प्रमेयरत्नमाला की टीकाएँ**" નામના પોતાના લેખ (પૃ. ૩૧-૩૩)માં આપ્યો છે. સાથે સાથે એ ઉપરની નિમ્નલિખિત પાંચ ટીકાનો પરિચય આપ્યો છે.
(૧) **અર્થપ્રકાશિકા**, (૨) **ન્યાયમણિદીપિકા**, (૩) **પ્રમેયકંડિકા**, (૪) **પ્રમેયરત્નમાલાલંકાર** અને (૫) **પ્રમેયરત્નમાલા-લઘુવૃત્તિ**.
આ લેખ "જૈ. સિ. ભા." (ભા. ૧૯, કિ. ૨, પૃ. ૩૧-૩૯)માં છપાયો છે. એમાં **પ્રમેયવિવૃતિ** નામની એક અધિક ટીકા ગણાવાઈ છે પણ એનો પરિચય અપાયો નથી. [**ચન્દ્રપ્રભસૂરિકૃત પ્રમેયરત્નકોશ** હર્ષપુષ્પા. ૩૯માં પ્રસિદ્ધ.]

૩. આ **ચારુકીર્તિ** તે કોણ તેનો ઉલ્લેખ ઉપર્યુક્ત લેખમાં નથી.

[1]**પ્રમાણપ્રકાશ**– આ નામની સંભાવના આ પદ્યાત્મક કૃતિના તૃતીય પદ્ય ઉપરથી વિદ્દદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીએ કરી છે. એના આઠમા પદ્યમાં કહ્યું છેકે કેવલિભુક્તિ અને સ્ત્રીમુક્તિનો વિચાર કરાશે. આ ઉપરથી આ કૃતિ શ્વેતાંબરીય હોવાનું અનુમનાયું છે. વિશેષમાં [2]દેવભદ્રસૂરિ કે જેમનું 'ગણિ' તરીકેની અવસ્થામાં ગુણચન્દ્ર નામ હતું તેઓ આના કર્તા હશે એવી સંભાવના પણ કરાઇ છે. ગમે તેમ પણ આ અપૂર્ણ મળેલી કૃતિ દાર્શનિક કૃતિઓમાં ગણનાપાત્ર જણાય છે.

P. ૯૮ [3]**પ્રમાણનયતત્ત્વાલોક** (લ. વિ. સં. ૧૨૧૦)– આ **મુનિચન્દ્રસૂરિ**ના શિષ્ય વાદી દેવસૂરિની કૃતિ છે. એમનો જન્મ ગુજરાતના મડ્ડાહૃત ગામમાં વિ. સં. ૧૧૪૩માં થયો હતો. 'પ્રાગ્વાટ' કુળના **વીરનાગ** એમના પિતા થાય. અને **જિનદેવી** એમનાં માતા થાય. એમણે એમનું નામ **પૂર્ણચન્દ્ર** રાખ્યું હતું. એમણે વિ.સં. ૧૧૫૨માં **મુનિચન્દ્રસૂરિ** પાસે દીક્ષા લીધી હતી અને વિ. સં. ૧૧૭૪માં એઓ સૂરિ બન્યા હતા. 'ગણિ' તરીકે તો એમનું નામ **રામચન્દ્ર** હતું. એમણે વિવિધ વાદીઓને પરાસ્ત કરી 'વાદી'નું બિરુદ

૧. આ કૃતિ **કથારત્નકોશ**ના અંતમાં છપાયેલી છે. સાથે સાથે ત્રણ સ્તોત્રો પણ અપાયાં છે.

૨. એમણે વિ. સં. ૧૧૩૯માં **મહાવીરચરિય** અને વિ. સં. ૧૧૫૮માં **કહારયણકોસ** રચ્યાં છે.

૩. આ એકલી મૂળ કૃતિ "જૈન યશોવિજય ગ્રંથમાલા"માં ગ્રંથાક ૧ તરીકે ઇ.સ. ૧૯૦૪ (વીરસંવત્ ૨૪૩૦)માં છપાવાઇ છે. ત્યાર પછી આ કૃતિ બે પરિચ્છેદ પૂરતી **રત્નાકરાવતારિકા**, **રાજશેખરકૃત** પંજિકા અને **જ્ઞાનચન્દ્ર**ના ટિપ્પણ સહિત "ય. જૈ. ગ્ર."માં વીરસંવત્ ૨૪૩૧માં પ્રકાશિત કરાઇ છે, જ્યારે આ જ સામગ્રી ઉપરાંત એ તમામના **મલયવિજયજી**એ કરેલા ગુજરાતી અનુવાદ સહિતનું લખાણ "લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર" તરફથી ઇ.સ. ૧૯૬૫માં બહાર પડાયું છે. બાકીના ચાર પરિચ્છેદો અંગેના ર. તા., પંજિકા, ટિપ્પણ અને ગુજરાતી અનુવાદ સહિત મૂળ "લા. દ. વિદ્યામન્દિર" તરફથી ઈ.સ. ૧૯૬૮માં પ્રસિદ્ધ કરાયું છે. [પં. ધીરુભાઈના વિવેચન સાથે 'રત્નાક.' જિનશા. આ. ટ્ર. દ્વારા પ્રકાશિત પ્રવચન પ્ર. પુનાથી પણ પ્રસિદ્ધ છે.]

**પ્ર. ન. ત.** (પરિ. ૩-૮) એના પૂરતી ર. તા. સહિત "ય. જૈ. ગ્ર."માં વીરસંવત્ ૨૪૩૭માં પ્રકાશિત થયેલ છે. મૂળ કૃતિ **સ્યાદ્વાદરત્નાકર** સહિત શ્રી ભગુભાઇના બે પુત્રો નામે મનસુખભાઇ અને જમનાભાઇ તરફથી વીરસંવત્ ૨૪૪૦ (ઇ.સ. ૧૯૧૪)માં અને ત્યાર બાદ શ્રી. મોતીલાલ લાધાજીએ પાંચ ભાગમાં વીરસંવત્ ૨૪૫૩, ૨૪૫૩, ૨૪૫૪, ૨૪૫૪, ૨૪૫૭માં અનુક્રમે પ્રસિદ્ધ કરી છે. પ્રથમ સંસ્કરણના પ્રારંભમાં સંસ્કૃતમાં વિસ્તૃત વિષયસૂચી છે. [આનું પુનર્મુદ્રણ "ભારતીય બુક કોર્પોરેશન" દ્વારા ઇ.સ. ૧૯૮૮માં થયું છે.]

**પ્ર. ન. ત.** (પરિ. ૧-૫) એના **મફતલાલ ઝવેરચંદ ગાંધી**એ કરેલા ગુજરાતી અનુવાદ સહિત એ અનુવાદકે છપાવેલ છે. [**શોભાચન્દ્ર ભારિલ્લ**ના હિન્દી અનુ. સાથે આત્મજાગૃતિ કાર્યાલય દ્વારા ઇ.સ. ૧૯૪૨માં પ્રસિદ્ધ.] સંપૂર્ણ **પ્ર. ન. ત.** અને **ર. તા.** પં. વંશીધર શર્માએ કરેલા હિન્દી અનુવાદ સહિત શેઠ નગીનદાસ છગનલાલ વૈદ્યે વિ.સં. ૧૯૬૬માં છપાવેલ છે.

**પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**ના નામથી મૂળ કૃતિ ડો. હરિસત્ય ભટ્ટાચાર્યના એના તેમ જ **ર. તા.**ના ભાવાનુવાદ સહિત "જૈ. સા. વિ. મં." તરફથી ઇ.સ. ૧૯૬૭માં છપાવાઇ છે. પ્રારંભમાં મૂળ જુદું છપાવાયું છે. અંતમાં **પ્ર. ન. ત.**નાં સૂત્રોના અકારાદિ ક્રમને અને ત્યાર બાદ પારિભાષિકાદિ શબ્દોના કોશ (glossary)ને સ્થાન અપાયું છે. પ્રાસ્તાવિક તરીકે અનુવાદકે મૂળના પ્રણેતાની જીવનરેખા અંગ્રેજીમાં આલેખી છે. **પ્ર. ન. ત.** અને **ર. તા.** અંગેના લેખ ઇત્યાદિ માટે જુઓ D C G C M (Vol. XVIII, pt. 1, pp. 51-52 & 489).

હિમાંશુવિજયજીએ **પ્ર. ન. ત.**નું જે સંપાદન કર્યું હતું તે ક્યાંથી છપાવાયું છે તે જાણવું બાકી રહે છે.

**સન્તુલન અને આક્ષેપ**– પં. વંશીધરે "પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર કી સમીક્ષા" નામનો હિન્દી [1]લેખ લખી **પ્ર. ન. ત.**નું **પરીક્ષામુખ** સાથે સંતુલન કર્યું છે. આ **પરીક્ષામુખ**નો **પ્ર. ન. ત.**ની રચનામાં પુષ્કળ ઉપયોગ કરાયો છે તેમ છતાં એનો નિર્દેશ વાદી દેવસૂરિએ કર્યો નથી તેમ જ **પ્ર. ન. ત.**નાં કેટલાંક સૂત્રો વ્યવસ્થિત નથી ઇત્યાદિ આક્ષેપો આ લેખમાં કરાયા છે. H I L (p. 201, fn.) માં કહ્યું છે કે [2]આઈને **અકબરીમાં**ના જૈન પ્રકરણગત પ્રમાણને અંગેનું લખાણ **પ્રમાણનયતત્ત્વાલોકલંકાર** સાથે ઘણું સામ્ય ધારાવે છે.

[3]**સારાંશ**– ડૉ. **સતીશચન્દ્ર** વિદ્યાભૂષણે **પ્ર. ન. ત.** ગત વિષયોનો અંગ્રેજીમાં સારાંશ લખ્યો છે.

P. ૧૦૨ **અનુવાદો**– **પ્ર. ન. ત.**ના પરિચ્છેદ ૧-૫નો ગુજરાતી [4]અનુવાદ શ્રી. મફતલાલ ઝવેરચંદ ગાંધીએ કર્યો છે જ્યારે એના આદ્ય બે પરિચ્છેદો તથા એ સંબંધી **ર. તા.**, **પંજિકા** અને ટિપ્પણનો [5]ગુજરાતી અનુવાદ શંકા-સમાધાનરૂપે સંવાદાત્મક શૈલીમાં શ્રીવિજય**નીતિસૂરિ**ના શિષ્ય **મલયવિજયજી**એ કર્યો છે. પહેલા આઠે પરિચ્છેદોનો હિન્દી [6]અનુવાદ થયેલો છે. **પ્ર. ન. ત.** ને **ર. તા.** નો અંગ્રેજીમાં ભાવાનુંવાદ ડૉ. **હરિસત્ય** ભટ્ટાચાર્યે કર્યો છે. એ કટકે કટકે તેમ જ સળંગ સ્વરૂપે એમ [7]બે રીતે પ્રકાશિત થયેલ છે.

[8]**પ્રમાણમીમાંસા** (ઉ. વિ. સં. ૧૨૨૯)– "કલિ.' **હેમચન્દ્રસૂરિ**ની કૃતિ છે. એ હજી સુધી તો પૂરેપૂરી મળી આવી નથી. એ દ્વિતીય અધ્યાયના પ્રથમ આહ્નિકના પાંત્રીસમા સૂત્ર સુધીની આજે ઉપલબ્ધ છે. એમાં પ્રમાણોની ચર્ચા છે. આ કૃતિ '**કલિ.' હેમચન્દ્રસૂરિ**કૃત **શબ્દાનુશાસન** વગેરે અનુશાસનો બાદ રચાઇ છે. અને
P. ૧૦૩ એ એમની અંતિમ કૃતિ હશે એમ પં **સુખલાલે** પોતાની પ્રસ્તાવના (પૃ. ૪૨)માં લખ્યું છે.

[9]**સ્વોપજ્ઞ વૃત્તિ**– આ ઉપર્યુક્ત કૃતિની કર્તાએ જાતે રચેલી પરંતુ આજે અંશતઃ ઉપલબ્ધ વૃત્તિ છે. અ. ૨, આ. ૧, સૂ. ૩૫ની વૃત્તિ અપૂર્ણ સ્વરૂપે આજે મળે છે.

---

૧. આ લેખ "જૈ. સિ. ભા." (Vol. II, Nos. 1-2.)માં છપાયો છે.

૨. આનો કર્નલ જેરેથ (jareth) દ્વારા અંગ્રેજીમાં અનુવાદ કરાયેલા છે અને એ "એશિયાટિક સોસાયટી ઓફ બેંગૉલ" તરફથી પ્રસિદ્ધ કરાયેલો છે.

૩. આ A History of Indian Logic (p. 200 ff.)માં છપાયો છે.

૪-૫. આ બંને પ્રકાશિત છે. જુઓ 52 ટિ. 3.

૬. આ પ્રકાશિત છે. જુઓ પૃ. 52 ટિ. 3.

૭. પ્રથમ પ્રકારનો અનુવાદ "ધ જૈન ગેઝેટ" (The Jaina Gazzette)માં (Vol. 17, Nos. 9-10 Vol. 22, No. 6)માં ઇ.સ. ૧૯૨૧થી ઇ.સ. ૧૯૨૬ના ગાળામાં અને બીજો "જૈ. સા. વિ. મં." તરફથી ઇ.સ. ૧૯૬૭માં છપાવાયો છે.

૮. આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત શ્રી. મોતીલાલ લાધાજીએ વીરસંવત્ ૨૪૫૨માં પ્રસિદ્ધ કરી હતી. ત્યાર બાદ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત એ કૃતિ "સિ. જૈ. ગ્રં."માં ઇ.સ. ૧૯૩૯માં પ્રકાશિત કરાઇ છે. એનું સંપાદન પં. **સુખલાલે** કર્યું છે અને એમણે હિન્દીમાં પ્રસ્તાવના લખી છે. આ સંપાદનની એક વિશેષતા તે હિન્દીમાં અપાયેલાં ટિપ્પણો છે. [આનું પુનર્મુદ્રણ સરસ્વતી પુ. ભંડાર અમદાવાદથી થયું છે. શોભાચન્દ્ર ભારિલ્લનો હિન્દી અનુવાદ પ્રસિદ્ધ છે. મુનિરત્નત્રયવિ. અને મુનિરત્નજ્યોત વિ.ના ગુજ. વિવેચન સાથે રંજન વિ. લાયબ્રેરી માલાવાડાથી પ્રસિદ્ધ છે.]

૯. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

**અનુવાદ**– એચ. મૂકરજીએ અને એન. ટાટિયાએ મળીને આ [1]અનુવાદ અંગ્રેજીમાં કર્યો છે. સાથે સાથે એમણે ટિપ્પણો પણ આપ્યાં છે.

[2]**પ્રમાણપ્રકાશ** (લ. વિ. સં. ૧૨૩૦)– આ પદ્યાત્મક કૃતિના રચનાર **અજિતસિંહસૂરિના** શિષ્ય દેવપ્રભ છે. એમણે ૧૧૦૦૦ શ્લોક જેવડું **સિજ્જંસનાહચરિય** રચ્યું છે. વળી એમણે **તત્ત્વબિન્દુપ્રકરણ** પણ રચ્યું છે અને એનો ઉલ્લેખ એમણે ઉપર્યુક્ત **સિજ્જંસનાહચરિયમાં** કર્યો છે.[3] આ **દેવપ્રભ** તે **પવયણસારુદ્ધાર** ઉપર વિ. સં. ૧૨૪૮ કે વિ. સં. ૧૨૭૮માં સંસ્કૃતમાં વૃત્તિ રચનાર **સિદ્ધસેનસૂરિના** ગુરુ થાય છે.

**સિદ્ધાન્તસાર**– આ ન્યાયના ગ્રંથનો ઉલ્લેખ **રાજશેખરસૂરિએ ષડ્દર્શનસમુચ્ચય** (શ્લો. ૨૯)માં કર્યો છે. [4]**પ્રમાણનયતત્ત્વરહસ્ય**– આ સ્યાદ્વાદરત્નાકર અને પ્રમેયરત્નમાલાને અનુસરીને ગુણરત્નસૂરીએ રચેલી કૃતિ છે. આની અવચૂર્ણિ સહિતની એક હાથપોથીનો પરિચય મેં **D C G C M (Vol. XVIII, pt. I, pp. 48-49)** માં આપ્યો છે. અહીં મેં પુષ્પિકાના આધારે મૂળ કૃતિનું નામ 'પ્રમાણગ્રંથ' યોજ્યું છે.

[5]**ન્યાયદીપિકા** (વિક્રમની પંદરમી સદી)– આ કૃતિ અભિનવ **ધર્મભૂષણ** યતિએ આદિ અને અંતમાં એકેક પદ્યમાં અને બાકી ગદ્યમાં રચી છે અને એની એક હાથપોથી વિ. સં ૧૫૮૬માં લખાયેલી મળે છે. એઓ દિ. વર્ધમાનના શિષ્ય તેમ જ પટ્ટધર થાય છે. એમની ગુરુપરંપરા નીચે મુજબ છે :– P. ૧૦૪

ધર્મભૂષણ ૧ અમરકીર્તિ ધર્મભૂષણ ૨ વર્ધમાન

પ્રસ્તુત **ધર્મભૂષણને** 'ભટ્ટારક' કહે છે. એમનો જીવનકાલ લ. વિ. સં. ૧૪૧૦થી લ. વિ. સં. ૧૪૭૦નો હશે એમ લાગે છે. વિજયનગરના સામ્રાજ્યના અધિપતિ **દેવરાય** પહેલા અને એમની પત્ની **ભીમાદેવી** આ યતિના પરમ ઉપાસક હતા. **ધર્મભૂષણે ન્યાયદીપિકા** ઉપરાંત **કારુણ્યકલિકા** રચી હશે એવી સંભાવના પં. દરબારીલાલે કરી છે.[6]

**વિષય– ન્યાયદીપિકાનો** પ્રારંભ વર્ધમાન તીર્થંકરને (મહાવીરસ્વામીને) પ્રણામ કરીને કરાયો છે. આ 'વર્ધમાન'થી કર્તાએ પોતાના ગુરુનું નામ સૂચવ્યું હોય તો ના નહિ. પ્રસ્તુત કૃતિ ત્રણ 'પ્રકાશ'માં વિભક્ત છે. એને અનુક્રમે પ્રમાણસામાન્ય-પ્રકાશ, પ્રત્યક્ષ-પ્રકાશ અને પરોક્ષ-પ્રકાશ કહે છે. P. ૧૦૫

પ્રથમ પ્રકાશમાં પ્રમાણનું સામાન્ય લક્ષણ અને પ્રામાણ્ય વિષે કથન કરી બૌદ્ધ, ભાટ્ટ, પ્રાભાકર અને નૈયાયિકોએ આપેલા પ્રમાણના લક્ષણની આલોચના કરાઈ છે.

૧. આ અનુવાદ "**A Critique of Organ of Knowledge**"માં કલકત્તાથી ઇ.સ. ૧૯૪૬માં પ્રસિદ્ધ કરાયો છે.

૨. આ નામથી આ કૃતિ અપૂર્ણસ્વરૂપે **કહારયણકોસના** અંતમાં પ્રકાશિત થયેલી છે.

૩. જુઓ **પત્તન.સૂચી** (ભા. ૧, પૃ. ૨૪૬).

૪. આ કૃતિ "શ્રુતજ્ઞાનઅમીધારા" (પૃ. ૨૫-૨૭)માં પ્રસિદ્ધ કરાઈ છે.

૫. આ કૃતિ પં. દરબારીલાલ જૈન કોઠિયાનાં પ્રકાશ નામના સંસ્કૃત ટિપ્પણ, હિન્દી અનુવાદ અને પ્રસ્તાવના સહિત "વીરસેવામંદિર" તરફથી સરસાવાથી ઇ.સ. ૧૯૪૫માં પ્રકાશિત કરાઈ છે.

૬. જુઓ ઉપર્યુક્ત પ્રસ્તાવના (પૃ. ૧૦૧)

દ્વિતીય પ્રકાશમાં પ્રમાણના પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે ભેદ સૂચવી પ્રત્યક્ષનું લક્ષણ આપી બૌદ્ધોના પ્રત્યક્ષના લક્ષણનું અને યૌગોને અભિમત સંનિકર્ષનું ખંડન કરાયું છે. ત્યાર બાદ પ્રત્યક્ષના સાંવ્યવહારિક અને પારમાર્થિક એમ બે પ્રકાર દર્શાવી બંનેના લક્ષણ અને એ બંનેના ઉપપ્રકારોની સમજણ અપાઇ છે. અંતમાં સર્વજ્ઞના સિદ્ધિ કરી તીર્થંકર સર્વજ્ઞ હોવાનું સિદ્ધ કરાયું છે.

તૃતીય પ્રકાશમાં પરોક્ષ પ્રમાણ અને એના ભેદોનાં લક્ષણ વિચારાયાં છે. પછી પરાર્થાનુમાનનાં અવયવોની સંખ્યા વગેરે બાબતની ચર્ચા કરાઇ છે. ત્યારબાદ બૌદ્ધોના ત્રૈરૂપ્ય હેતુનું અને નૈયાયિકોના પંચરૂપ્ય હેતુનું નિરાકરણ કરાયું છે. અંતમાં સત્ત્વના બે પ્રકાર અને એ બંનેની અનેકાન્તતા, નયનાં લક્ષણ અને પ્રકારો તેમ જ **સપ્તભંગી** વિષે નિરૂપણ છે.

પ્રસ્તુત કૃતિમાં કેટલાક જૈન અને અજૈન ગ્રન્થકારોના તેમ જ ગ્રન્થોનો ઉલ્લેખ છે. એ પૈકી અહીં હું **દિઙ્નાગ**, **શાલિકાનાથ**, **ઉદયન** અને **વામન** એ ચાર અજૈન ગ્રન્થકારોની નોંધ લઉં છું. જે કેટલાક દિગંબર ગ્રન્થોનો નિર્દેશ કરાયો છે તે પૈકી **પત્રપરીક્ષા** નોંધપાત્ર જણાય છે.

P. ૧૦૬ ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ** **તર્કભાષા** (પરિ. ૧, પૃ. ૧૧)માં તર્ક વિષે ઊહાપોહ કરતી વેળા **ધર્મભૂષણનો** ઉલ્લેખ કર્યો છે અને એ દ્વારા એમની **ન્યાયદીપિકા** (પ્ર. ૩, પૃ. ૬૨)નું સૂચન કર્યું છે. એવી રીતે પૃ. ૧૮માં હેત્વાભાસને અંગે એમણે **ધર્મભૂષણે** [1]માનેલા અકિંચિત્કર નામના ચોથા હેત્વાભાસની ના પાડી છે અને એ પ્રસંગે પણ એમનો ઉલ્લેખ કર્યો છે.

[2]**પ્રકાશ**– આ ટિપ્પણ છે. એ પં. દરબારીલાલની રચના છે.

**હિન્દી અનુવાદ**– કેટલાકે ન્યાયદીપિકાના હિન્દીમાં અનુવાદ કર્યા છે. એમાં [3]એક પં. દરબારીલાલનો છે.

[4]**લઘુમહાવિદ્યાવિડંબન**– આના કર્તા ભુવનસુન્દરસૂરિ છે. એઓ ગુણરત્નસૂરિ પાસે ન્યાય ભણ્યા હતા. એમણે આ કૃતિ ઉપરાંત **મહાવિદ્યાવિડંબનની** [5]**વ્યાખ્યાનદીપિકા** નામની [6]ટીકા અને

P. ૧૦૭ **મહાવિદ્યાદશશ્લોકી** ઉપરના અજ્ઞાતકર્તૃક વિવરણનું [7]ટિપ્પણ રચ્યાં છે. જૈ. ગ્રં. (પૃ. ૮૫) પ્રમાણે એમણે **પરબ્રહ્મોત્થાપન-સ્થલ** નામની કૃતિ રચી છે. [આ 'પરબ્ર.'નું પ્રકાશન ''જૈનદાર્શનિકપ્રકરણ સંગ્રહ''માં થયું છે. લા. દ. વિદ્યામંદિરથી પ્રકાશિત થયું છે.]

---

૧. જુઓ **ન્યાયદીપિકા** (પૃ. ૧૦૦).

૨-૩. આ બંને વીરસેવામંદિરથી પ્રકાશિત છે. જુઓ પૃ. ૧૦૪, ટિ. ૧.

૪. આ કૃતિ ભટ્ટ **વાદીન્દ્રકૃત** **મહાવિદ્યાવિડંબન** (સટીક) અને કુલાર્કકૃત **દશશ્લોકી મહાવિદ્યાસૂત્ર** (સટીક) સહિત ''ગા. પૌ. ગ્ર.''માં ગ્રંથાંક ૧૨ તરીકે પૃ. ૧૫૨-૧૫૪માં ઇ.સ. ૧૯૨૦માં પ્રકાશિત થયેલી છે. કુલાર્કની ઉપર્યુક્ત કૃતિમાં શબ્દનું નિત્યત્વ સિદ્ધ કરવા માટે સોળ હેતુ રજૂ કરાયા છે.

૫. રત્નશેખરસૂરિએ **અર્થદીપિકા** (પત્ર ૧અ)માં જે **વ્યાખ્યાનદીપિકાનો** ઉલ્લેખ કર્યો છે તે આ જ છે કે કેમ ?

૬. આ ઉપર્યુક્ત ''ગા. પૌ. ગ્રં.''માં છપાઇ છે શું **મહાવિદ્યા-દશશ્લોકી** ઉપરના અજ્ઞાતકર્તૃક વિવરણ સંબંધી ટિપ્પણ (પૃ. ૧૫૭)માં ભુવનસુંદરે **મહાવિદ્યા-બૃહદ્વૃત્તિની** વ્યાખ્યા કર્યાનું કહેવાય છે તે એ જ છે ?

૭. આ ઉપર્યુક્ત ''ગા. પૌ. ગ્રં.''માં છપાયું છે.

**લઘુમહાવિદ્યાવિડંબન**નો પ્રારંભ મહાવીરસ્વામીને અંગેના એક પદ્યથી કરાયો છે. અંતમાં ચાર પદ્યો છે. બાકીનું લખાણ ગદ્યમાં છે. આ કૃતિ દ્વારા મહાવિદ્યાનું ખંડન કરાયું છે. એમાં શબ્દની નિત્યતા અને અનિત્યતાનો વિચાર કરાયો છે.

[1]**જલ્પકલ્પલતા** (લ. વિ. સં. ૧૫૨૫)– આ. 'તપા' ગચ્છના રત્નશેખરસૂરિના આજ્ઞાંકિત અનુયાયી અને નન્દિરત્નગણિના શિષ્ય રત્નમંડનગણિનીકૃતિ છે.[2] **સુકૃતસાગર**, [3]**મુગ્ધમેધાકરાલંકાર** વગેરે એમની રચના છે.

**સોમસૌભાગ્યકાવ્ય** (સ. ૧૦, શ્લો. ૪૪)માં એમનો ઉલ્લેખ વર્તમાનકાલીન ક્રિયાપદ દ્વારા કરાયો છે એટલે એ કાવ્ય જે વિ. સં. ૧૫૨૪માં રચાયું તે સમયે એઓ વિદ્યમાન હોવાનું અનુમનાય છે. P. ૧૦૮

**વિષય**– પ્રસ્તુત ગદ્યપદ્યાત્મક કૃતિ ત્રણ સ્તબકમાં વિભક્ત છે અને એ 'મંડન' અંકથી અંકિત છે. એ વાદી દેવસૂરિના કોઈ શિષ્ય નામે માણિક્ય અને કોઈ નૈયાયિક નામે શંકર કે જે વારાણસીનો નિવાસી હતો તે વચ્ચેના સંવાદરૂપે રજૂ કરાઈ છે. એ દ્વારા ન્યાય, વ્યાકરણ અને કાવ્યશાસ્ત્ર એ ત્રણ વિષયોનું નિરૂપણ કરાયું છે.

પ્રથમ સ્તબકનું નામ 'સાધનાસિદ્ધિ' છે અને એમાં ૨૬ પદ્યો છે.

દ્વિતીય સ્તબકનું નામ 'શેષહેતુચતુર્દોષોદય' છે અને એમાં ૧૩ પદ્યો છે. એમાં નીચે મુજબના જલ્પને સ્થાન અપાયું છે :–

ગૃહીતમુક્તાક્ષર, સમસંખ્યાક્ષરવાક્ય (અષ્ટદશાક્ષરીય), નિયતાનુપ્રાસ, ગુપ્ત (રઘુપ્રથમ) શ્લોક, કરપલ્લવી, વાક્યાન્તવર્ણૈક્ય, કૃગ્ધાતુ, ચેકીયિતક્રિયા, નામધાતુ અને ગમ્યાસ્તિ.

તૃતીય સ્તબકનું નામ 'એકાદિમત્ર્યમ્બકાસિદ્ધિ' (ખણ્ડેન્દુમુકુટૈક્યાદિ-ખંડન)' છે અને એમાં ૨૭ પદ્યો છે. વિશેષમાં એમાં નિમ્નલિખિત જલ્પ છે :–

અદાદિક્રિયા, ચિત્રવૈચિત્ર્ય, સંહિતવાક્યદ્વય, [4]પ્રાકૃત અને જલપદ્મ.

ચિત્રવૈચિત્ર્યજલ્પને અંગેનું લખાણ નીચે પ્રમાણેનાં આકારચિત્રોનું એકેક ઉદાહર પૂરું પાડે છેઃ–

છત્ર, ધનુષ્ય, મુસલ (સાંબેલુ), ભલ્લ (ભાલો), વજ્ર, જલ-કમલ અને સ્થલ-કમલ[5] P. ૧૦૯

જલપદ્મનું ઉદાહરણ પણ આકારચરિત્ર સાથે સંબદ્ધ છે. અને એમાં 'નઃ' ૩૪ વાર વપરાયો છે જ્યારે જલ-કમલમાં 'ક' ૧૨ વાર અને 'સં' ૬ વાર છે.

---

૧. આ કૃતિ "દે. લા. જૈ. પુ. સંસ્થા" તરફથી ઈ.સ. ૧૯૧૨માં પ્રકાશિત કરાઈ છે. એમાં લગભગ પ્રારંભમાં આઠ આકારચિત્રને અંગે એકેક ચિત્ર અપાયું છે.

૨. જુઓ "જૈ. સ. પ્ર." (વ. ૧૨, અં. ૭, પૃ. ૧૯૫).

૩. *આ કાવ્યશાસ્ત્રને અંગેની કૃતિ છે. આ સંબંધમાં જુઓ મારો લેખ "મુગ્ધમેધા(કરા)લંકાર અને એના જલ્પકલ્પલતા* ઈત્યાદિ ભાંડુઓ." આ લેખ "જૈ. ધ. પ્ર." (પુ. ૭૫, અં. ૧૦ અને ૧૧)માં બે કટકે છપાયો છે.

૪. આને લગતું લખાણ જ. મ. માં છે.

૫. આ સાતેનું એકેક ચિત્ર તેમ જ જલપદ્મનું ચિત્ર છપાયેલાં છે. જુઓ ટિ. ૧.

પત્ર ૮આમાં ''अवोचाम [1]चान्यत्र'' એવા ઉલ્લેખપૂર્વક નિમ્નલિખિત અવતરણ અપાયું છે :–

''गत्वा यौगमतेऽक्षिपाणियुगपच्छीतेतरस्पर्शत:
स्याद्वादं जगदीशदर्शितमसावातिष्ठिपद् विष्टपे ।
तत् पुण्यादिव देवतावदनतामग्निर्जगाम व्रजद्–
धूमव्याजमधव्रजं निजमजत्यानर्ज तेजस्विताम् ॥''

[2]**તર્કભાષા** કિંવા **જૈનતર્કભાષા**– આ ગદ્યાત્મક કૃતિ ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ** રચી છે.

P. ૧૧૦ એના પ્રારંભમાં એક પદ્ય છે અને અંતમાં પ્રશસ્તિરૂપે ચાર પદ્યો છે.

**વિષય**– આ [3]**તર્કભાષા**[4] **ન્યાયબિન્દુ** અને **મોક્ષાકરકૃત તર્કભાષાની** જેમ ત્રણ પરિચ્છેદમાં વિભક્ત છે. એનાં નામ (૧) પ્રમાણ, (૨) નય અને (૩) નિક્ષેપ છે.[5] પ્રથમ પરિચ્છેદમાં પ્રમાણના પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારો અને એ બંનેના ઉપપ્રકારોનું તેમ જ સાથે સાથે પાંચ પ્રકારના જ્ઞાનનું નિરૂપણ છે અને અંતમાં સપ્તભંગી તેમ જ એનાં સકલાદેશ અને વિકલાદેશ એવાં બે સ્વરૂપનો વિષય ચર્ચાયો છે.

દ્વિતીય પરિચ્છેદમાં. નયો અને નયાભાસો વિષે માહિતી અપાઇ છે.

તૃતીય પરિચ્છેદમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપની સમજણ આપી એ

P. ૧૧૧ નિક્ષેપોની નયોમાં યોજના કરાઇ છે. અંતમાં જીવને અંગે ચાર નિક્ષેપનો વિચાર કરાયો છે અને વિશેષ માટે [6]**નયરહસ્યની** ભલામણ કરાઇ છે.

---

૧. અન્યત્રથી કઇ કૃતિ સમજવી તેની તપાસ કરવી બાકી રહે છે.

૨. આ નામ આ કૃતિના આદ્ય પદ્યમાં તેમ જ અંતમાંના ત્રીજા પદ્યમાં છે જ્યારે **જૈનતર્કભાષા** એ નામ પુષ્પિકામાં જોવાય છે. આ કૃતિ **જૈનતર્કપરિભાષા** એ નામથી અન્ય નવ કૃતિઓ સહિત ''જૈ. ધ. પ્ર. સ.'' તરફથી વિ. સં. ૧૯૬૫માં પ્રસિદ્ધ કરાઈ છે. ત્યારબાદ આ કૃતિ **તાત્પર્યસંગ્રહા** નામની સંસ્કૃત વૃત્તિ સહિત ''સિ. જૈ. ગ્રં.''માં ઇ.સ. ૧૯૩૮માં છપાવાઇ છે. વળી આ મૂળ કૃતિ **રત્નપ્રભા** સહિત જે. જી. શાહ તરફથી ઇ.સ. ૧૯૫૧માં પ્રકાશિત કરાઇ છે અને એમાં અંતમાં વિષયાનુક્રમ સંસ્કૃત પદ્યમાં અપાયો છે. [પં. સુખલાલ સંપાદિત સંસ્કરણનું પુનર્મુદ્રણનું 'સરસ્વતી પુ. ભંડાર' દ્વારા, શોભાચન્દ્ર ભારિલ્લના હિન્દી અનુવાદ સાથે અહમદનગરથી અને મુનિ ઉદયવલ્લભ વિ.ના ગુજ. વિવેચન સાથે ''દિવ્યદર્શન'' દ્વારા પ્રકાશન થયું છે.]

૩. **યશસ્વત્સાગરે** **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૫૯) પ્રમાણે વિ. સં. ૧૭૫૯માં રચેલી કૃતિને આ નામથી ઓળખાવાય છે. એનાં વાસ્તવિક નામ **જૈનવિશેષતર્ક** અને **સ્યાદ્વાદમુક્તાવલી** છે એમ એ નામે કર્તાએ જાતે કરેલા નિર્દેશ ઉપરથી જણાય છે. [યશસ્વતસાગરકૃત **જૈનીસપ્તપદાર્થી** મુનિ હિમાંશુવિ. દ્વારા સંપાદિત થઈ વિજયધર્મસૂરિગ્રં. માં ઉજ્જૈનથી વી. સં. ૨૪૬૦માં પ્રસિદ્ધ થયેલ છે.]

૪. આ કૃતિને લગતી કેટલીક માહિતી મેં **યશોદોહન** (પૃ. ૨૫, ૨૯, ૩૦, ૬૩, ૮૧, ૪, ૧૦, ૧૯, ૨૧, ૨૭, ૧૩૬-૧૩૮ ૧૪૫ અને ૨૪૧)માં આપી છે.

૫. **લઘીયસ્ત્રયમાં** આ ત્રણ વિષયોનું મુખ્યતયા પ્રતિપાદન છે. આ તર્કભાષાના ત્રીજા પરિચ્છેદમાં પ્રારંભમાં લઘીયસ્ત્રયમાંથી અવતરણ અપાયું છે.

૬. આ ઉપરથી સામાન્ય રીતે એ ફલિત થાય છે કે **તર્કભાષા** એ **નયરહસ્યની** પછી રચાઇ છે.

આ કૃતિની આ પ્રમાણેની રચના **અન્નંભટ્ટ**કૃત **તર્કસંગ્રહ** અને [1]કેશવમિશ્રકૃત **તર્કભાષા**ની ગરજ સારે છે. વિશેષમાં એ પાઠ્યપુસ્તક તરીકે કામ લાગે તેમ છે. આ રચનામાં [2]**વિસેસા.** અને **પ્ર. ન. ત.** નો વિશેષતઃ ઉપયોગ કરાયો છે.

[3]**તાત્પર્ય-સંગ્રહા**– આ સંસ્કૃત વૃત્તિ પં. **સુખલાલ**, પં. મહેન્દ્રકુમાર અને પં. દલસુખ માલવણિયાના એકત્રિત પરિશ્રમનું ફળ છે.

[4]**રત્નપ્રભા**– આ સંસ્કૃત વૃત્તિના કર્તા શ્રી**વિજય**મોદયસૂરિ છે. અને એનું સંશોધન એમના શિષ્ય શ્રી**વિજય**નન્દનસૂરિએ કર્યું છે.

**બાલાવબોધ**– પ્રસ્તુત કૃતિ ઉપર ન્યાયાચાર્ય બાલાવબોધ રચનાર હતા પરંતુ એમણે તેમ કર્યું કે નહિ તે જાણવું બાકી રહે છે.

**જૈનતર્કભાષા** એ ખરેખર મહત્ત્વપૂર્ણ કૃતિ છે અને એના ઉપર સંસ્કૃતમાં વૃત્તિ પણ છે પરંતુ P. ૧૧૨ એનો વિશેષ લાભ જનતાને મળે તે માટે એના ગુજરાતીમાં અને બને તો હિન્દીમાં તેમ જ અંગ્રેજીમાં પણ સમુચિત ટિપ્પણ અનુવાદ થવા ઘટે. [હિન્દીમાં શોભાચંદ્રભારિલ્લનો અનુ. અહમદનગરથી અને ગુજરાતીમાં મુનિ ઉદયવલ્લભ વિ. નો દિવ્યદ. ધ્વારા પ્રકાશિત છે.]

[5]**ન્યાયસિન્ધુ** (વિ. સં. ૧૯૬૬ ?)– આના કર્તા તીર્થોદ્ધારક સ્વ. વિજયનેમિસૂરિજી છે. એમાં ૧૩૩૮ પદ્યો છે. તેમાં ૧૩૨૮થી ૧૩૩૮ સુધીનાં પદ્યો પ્રશસ્તિરૂપ છે. એ ઉપરથી આ કૃતિ વિ. સં. ૧૯૬૬ (?)માં મધુપુરમાં પૂર્ણ કરાયાની વાત જાણી શકાય છે. પ્રારંભમાં જ્ઞાનની સ્વપરપ્રકાશતાનો વિચાર કરાયો છે અને પ્રભાકર, વેદાન્ત, સાંખ્ય અને બૌદ્ધ દર્શનોથી એની વિશેષતા દર્શાવાઇ છે. ત્યાર બાદ પ્રમાણના પ્રકારો અને ઉપપ્રકારોનું વિસ્તૃત વર્ણન કરાયું છે. પ્રસંગવશાત્ સર્વજ્ઞત્વની સિદ્ધિ કરાઇ છે અને સપ્તભંગીનું સવિસ્તર નિરૂપણ કરાયું છે. આમ આ કૃતિ એકંદર રીતે વિચારતાં જૈન ન્યાયને લગતી છે.

[**પ્રમેયમાલા**– ન્યાયાચાર્ય ઉપા. **યશોવિજયજી**ની આ કૃતિનું સંપાદન ગ્રંથકારના સ્વહસ્તે લખાયેલ પ્રતિના આધારે આ. **યશોદેવસૂરિ**એ કર્યું છે. આમાં ઘણી મહત્ત્વની વાતો છે. "યશોભારતીપ્રકાશન"

---

૧. એમણે જે **તર્કભાષા** રચી છે તે માટેની પ્રેરણા એમને એમના પુરોગામી બૌદ્ધ સાક્ષર **મોક્ષાકર**ની **તર્કભાષા**થી મળી હશે એમ લાગે છે.

૨. એમાં જે નિક્ષેપનું નિરૂપણ છે તે લઘીયસ્ત્રય ઉપરના **ન્યાયકુમુદચન્દ્ર**થી કેટલીક બાબતમાં ભિન્નતા ધરાવે છે. આથી એમ કહી શકાય કે નિક્ષેપના નિરૂપણમાં શ્વેતાંબરો અને દિગંબરોમાં એકવાક્યતા નથી. જુઓ "સિં. જૈ. ગ્રં."માં પ્રકાશિત **જૈનતર્કભાષાનો** "હિંદી પરિચય" (પૃ. ૭).

૩. આ સિં. જૈ. ગ્રં. માં. પ્રકાશિત છે.　　　૪. આ જે. ‌જી. શાહ દ્વારા પ્રકાશિત છે.

૫. આ કૃતિ માણેકલાલ મનસુખભાઈ તરફથી ઇ.સ. ૧૯૬૩માં પ્રકાશિત કરાઇ છે. પ્રારંભમાં સંસ્કૃતમાં વિસ્તૃત વિષયાનુક્રમ છે.

મુંબઈથી પ્રસિદ્ધ 'ગ્રંથત્રયી'માં ન્યાયાચાર્યની અન્ય બે કૃતિઓ **સ્યાદ્વાદરહસ્ય** અને **તિઙન્તાન્વયોક્તિ** સાથે આ ગ્રંથ પ્રસિદ્ધ થયેલ છે.

**યુક્તિપ્રકાશસૂત્ર–** ૧૬મી સદીમાં પદ્મસાગરગણિએ રચેલ ૩૦૦ શ્લોક પ્રમાણ આ સૂત્ર મહાવીર ગ્રંથમાલા ધૂળિયાથી સં. ૧૯૯૨માં છપાયું છે.

**પ્રમાણલક્ષણ–** જિનેશ્વરસૂરિ. પ્રકા. મનસુખભાઈ ભગુભાઈ

**જૈનન્યાખંડખાદ્ય–** ઉપા. યશોવિ.ગણિ બદરીનાથ શુક્લના હિંદી વિવેચન સાથે "ચૌખંબા સંસ્કૃત સિરિજ" વારાણસીથી ઈ.સ. ૧૯૬૬માં પ્રગટ થયું છે.

**સપ્તભંગીપ્રભા** (સપ્તભંગી ઉપનિષદ્) આ. નેમિસૂરિજી. સંપા. આ. દર્શનસૂરિજી પ્ર. જૈન ગ્રં. પ્ર. સભા. **નયામૃતમ્–** સંપા. વૈરાગ્યરતિવિ. પ્ર. "પ્રવચન પ્રકાશન" પુના. આમાં આ ગ્રંથો છે- નયાનુયોગ, નયકર્ણિકા, નયરહસ્ય, અનેકાન્તવ્યવસ્થા, નયાધિગમ(તત્ત્વાર્થ), નયોપદેશ, નયપરિચ્છેદ, નયપ્રકાશસ્તવ, નયચક્રાલાપપદ્ધતિ, નયચક્રસાર, નયવર્ણન (સ્યાદ્વાદરત્નાકર).

**નવગ્રંથિ–** ઉપા. યશોવિ. ગણી. આમાં ન્યાયાચાર્યના **વિષયતાવાદ**, **વાયૂષ્માદેઃ**, **પ્રત્યક્ષવિવાદરહસ્યમ્**, **યતિદિનકૃત્ય** વગેરે નવ ગ્રંથો છપાયા છે.

**નયવિચાર–** તે ધીરજલાલ ટોકરશી પ્ર. "જૈન સાહિત્ય પ્ર. મંદિર"

**નયષોડશિકા–** (આગમોદ્ધારકકૃતિ સંદોહ) પૂ. સાગરજી મ. પ્ર. જૈન પેઢી કપડવંજ.

**નયાનાં જ્ઞાનાત્મકે શબ્દાત્મકં ચ સ્વરૂપમ્–** પં. ઈશ્વરચન્દ્ર શાસ્ત્રી શર્મા. પ્ર. "મુ. ક. મો. જૈ." સં. ૨૦૧૭ નયવિમર્શ દ્વાત્રિંશિકા) - હિંદી અનુવાદ સાથે પ્રગટ થઈ છે.

**નયકર્ણિકા–** પ્ર. "શારદાબેન ચી. સેંટર" અમદાવાદ.

**અનેકાન્તવાદપ્રવેશ–** અજ્ઞાતકર્તૃક ટિપ્પણ સાથે પં. પ્રભુદાસ પારેખના સંપાદન પૂર્વક "હેમચન્દ્રાચાર્યસભા" પાટણથી સં. ૧૯૭૬માં પ્રસિદ્ધ થયું છે.

**પ્રમાણલક્ષણ–** આ બુદ્ધિસાગરસૂરિ. પ્ર. "જિનશાસન આ. ટ્રસ્ટ"

**ન્યાયભૂમિકા–** આ. ભુવનભાનુસૂરિ મ. **ન્યાયભુવનભાનુ**- આ. જયસુંદરસૂરિ મ. **તર્કસંગ્રહ**- વિવેચન આ. ચન્દ્રગુપ્તસૂરિ. **મુક્તિકાવલી**- વિવેચન પં. ભદ્રાનંદ વિ. આ. અભયશેખરસૂરિ, આ. ચન્દ્રગુપ્તસૂરિ, **જૈન ન્યાયકો આ. અકલંકકા અવદાન–** ડૉ. કમલેશ જૈન. પ્ર. પ્રાચ્યશ્રમણ ભારતી.

**'સ્યાદ્વાદ ઔર સપ્તભંગી'** ડૉ. ભિખારીરામ યાદવી

**પ્રમાણસાર–** મુનીશ્વરસૂરિ. સંપા. **શીલચન્દ્રસૂરિ**. પ્ર.અનુસન્ધાન ૨૫

**તત્ત્વાર્થવૃત્તિ** દિવ્યટીકા દિ. અપ્રગટ પત્ર ૮૯

**ત્રિભંગીસાર** (ગણિત) નેમિચન્દ્રાચાર્ય દિ. અપ્રગટ પત્ર ૪૨

**ત્રિલોકદીપક** અપ્રગટ પત્ર ૧૩૩

**ત્રિલોકસાર** સટીક આ. નેમિચન્દ્ર દિ. અપ્રગટ પત્ર ૧૬૪]

# પ્રકરણ ૩૯ : ન્યાય (ચાલુ)

**નયપ્રાભૃત–દિટ્ઠિવાય**ના વિભાગોમાં 'પુવ્વગય' નામનો વિભાગ મહત્ત્વનું અગ્રિમ સ્થાન ભોગવે છે. એના ચૌદ પેટાવિભાગો છે. એ દરેકને 'પુવ્વ' (પૂર્વ) કહે છે. પાંચમા પુવ્વનું નામ 'નાણપ્પવાય' છે. એના જ એક અંશનું નામ 'નયપ્રાભૃત' હોય એમ લાગે છે. આ **નયપ્રભૃત**નો ઉલ્લેખ **મલ્લવાદી** ક્ષમાશ્રમણે વિધિનિયમથી શરૂ થતા પદ્યના ભાષ્યમાં પૂર્વરૂપ મહાસાગરના તરંગ તરીકે કર્યો છે. આ **નયપ્રાભૃત** અદ્યાપિ અનુપલબ્ધ છે. એનું નામ વિચારતાં એમાં નયોનું નિરૂપણ હશે.

**નયાવતાર**–આનો ઉલ્લેખ **સિંહસૂરિગણિએ** **ન્યાયાગમાનુસારિણી** નામની પોતાની વૃત્તિના અંતમાં કર્યો છે. ત્યાં **સન્મતિ** પછી એનો નિર્દેશ છે. એ ઉપરથી મુનિશ્રી **જંબૂવિજયજીએ** એવું સૂચન કર્યું છે કે એ **સિદ્ધસેન** દિવાકરની કૃતિ હશે[1]. ગમે તેમ પણ એ **દ્વાદશારનયચક્ર** નામની **મલ્લવાદી**ની કૃતિ કરતાં પહેલાંની રચના છે અને એ આજે ઉપલબ્ધ નથી. એમાં નયોનું વિશદ નિરૂપણ હશે.

**સપ્તશતારનયચક્ર**–આ કૃતિ આજે મળતી નથી. એ પહેલાં હતી એમ **પાઈયટીકા** (પત્ર-૬૮અ)માં અને **અણુઓગદારની** ગા-૧૩૯ની **હેમચન્દ્રસૂરિ**કૃત વૃત્તિ (પત્ર-૨૬૭આ)માં ઉલ્લેખ છે. એ ૭૦૦ નયોના નિરૂપણરૂપ હતી. **ન્યાયગમાનુસારિણી**ના અંતમાંના ઉલ્લેખ અનુસાર **સપ્તનયશતારનયચક્રાધ્યયનને** અનુસરીને **સન્મતિ** અને **નયાવતાર** રચાયા છે અને એ તેમજ **સપ્તશતારનયચક્રાધ્યયન** વિદ્યમાન હોવા છતાં **દ્વાદશારનયચક્ર** રચાયું છે. એનું કારણ આ ટીકામાં દર્શાવાયું છે. 

પ્રસ્તુત કૃતિના નામ ઉપરથી એ ફલિત થાય છે કે એમાં ૭૦૦ આરાવાળું નયચક્ર હશે અને એમાં નૈગમાદિ સાત નયો પૈકી પ્રત્યેકના સો સો પ્રકારોને સ્થાન અપાયું હશે.

**શતારનયચક્રાધ્યયન**–ન્યાયાચાર્યે **દ્રવ્યગુણપર્યાયરાસ**ની [2]૪૮મી કડી ઉપર જે ટબ્બો રચ્યો છે તેના પૃ-૩૭માં આ કૃતિનો ઉલ્લેખ છે. આ કૃતિ અત્યાર સુધી કોઈ સ્થળે હોય એમ જોવા-જાણવામાં નથી. એનું નામ વિચારતાં એમ લાગે છે કે એ સો આરાવાળું નયચક્ર હશે. આમાં નૈગમાદિ સાત નયોને કેવી રીતે સ્થાન અપાયું હશે તે જાણવું બાકી રહે છે.

[3]**દ્વાદશારનયચક્ર**( લ. વિ.. સં. ૪૧૪)–આ તાર્કિકરત્ન ક્ષમાશ્રમણ **મલ્લવાદી**ને મળેલું કે એમણે રચેલું નિમ્નલિખિત એક પદ્યરૂપ છે :–

---

૧. જુઓ ''द्वादशारं नयचक्रम्'' (વિ. ૧)ની ગુજરાતી પ્રસ્તાવના (પૃ. ૪૮).

૨. ''જેહનો ભેદ અભેદ જ તેહનો રૂપંતરસંયુતનો રે, રૂપાંતરથી ભેદ જ તહેનો, મૂલ હેતુ નય શતનો રે.-૪૮''

૩. આને સંક્ષેપમાં 'નયચક્ર' કહે છે. એ સિંહસૂરિકૃત વૃત્તિ સહિત છાણીની ''શ્રીલબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા''માં ચાર ભાગમાં અનુક્રમે વિ. સં. ૨૦૦૪, ૨૦૦૭, ૨૦૧૩ અને ૨૦૧૬માં છપાયેલ છે. પેહલા ભાગમાં આરા ૧-૨, બીજામાં ૩-૬, ત્રીજામાં ૭-૮ અને ચોથામાં ૯-૧૨ને સ્થાન અપાયું છે.
બીજા ભાગમાં આગલા પૂંઠા ઉપર દ્વાદશારનયચક્રનું આલેખન છે.
ચોથા ભાગમાં પં. વિક્રમવિજયગણિનું પ્રાક્કથન છે. એનો મારો અંગ્રેજી અનુવાદ એમાં છપાયો છે ખરે પરંતુ એનાં મુદ્રણ પત્રો અંગ્રેજી બરાબર નહિ જાણનારે તપાસ્યાં હોઈ એમાં અનેક મુદ્રણદોષો ઉદ્ભવ્યા છે.

''विधिनियमभङ्गवृत्तिव्यतिरिक्तत्वादनर्थकवचोवत् । जैनादन्यच्छासनमनृतं भवतीति वैधर्म्यम् ॥१॥''

P. ૧૧૫ આ પદ્યનો [1]મલ્લવાદીએ પોતાના ભાષ્ય (જંબૂ., પૃ. ૯)માં નીચે મુજબ નિર્દેશ કર્યો છેઃ–

પૂર્વરૂપ મહાસાગરમાંથી ઉદ્ભવેલા **નયપ્રાભૃતરૂપ** તરંગાગમમાંના પ્રભ્રષ્ટ, શ્લિષ્ટ અર્થના
P. ૧૧૬ કણિકમાત્રરૂપ, અન્ય તીર્થંકરની પ્રજ્ઞાપનાને અગોચર એવા પદાર્થના સાધનરૂપ તથા **નયચક્ર** નામનું અને સંક્ષિપ્ત અર્થવાળું ગાથાસૂત્ર.

મૂળ કૃતિને **જિનાગમસ્તવન** (શ્લો. ૪૨)માં **નયચક્રવાલ** કહી છે. એ બાર આરાવાળા ચક્રરૂપ છે. એ આરાઓનાં સંસ્કૃત નામો નીચે મુજબ છે.

[2]**विधिः, विधिविधिः, विधिविधिनियमौ, विधिनियमः, विधिनियमौ, विधिनियमयोर्विधि, विधिनियमयोर्विधिनियमौ, विधिनियमयोर्नियमः, नियमः नियमविधिः, नियमस्य विधिनियमौ** અને **नियमस्य नियमः** ॥

વિધિ અને નિયમ એ બેની અહીં મુખ્યતા છે. બાકીનાં નામો એનાં વિવિધ સંયોજનોને આભારી છે. વિધિ, વિધિનિયમ અને નિયમ એ ત્રણેની સાથે આ ત્રણેનું સંયોજન કરાતાં નવ ભંગ થાય છે. તે એમાં ઉમેરતાં બાર થાય છે. વિધિ અને નિયમ એ વ્યાકરણશાસ્ત્રમાંના અનુક્રમે ઉત્સર્ગ અને અપવાદ માટેના શબ્દો છે. ડો. ફ્રાઉવાલ્નેરે એને માટે અનુક્રમે **Affirmation of Assenr** અને **Restriction or negation** શબ્દો યોજ્યા છે.

આ **નયચક્ર**ને ત્રણ માર્ગ (નેમિ) છે અને સ્યાદ્વાદરૂપ 'તુંબ' છે. આનું ચિત્ર ''ગા. પૌ. ગ્રં.'' તરફથી પ્રકાશિત આવૃત્તિમાં અપાયું છે. એવું ચિત્ર આ પ્રસ્તુત પુસ્તકમાં પણ અપાવું ઘટે.

---

આપૂર્વ **સિંહસૂરિકૃત ન્યાયાગમાનુસારિણી** ટીકા સહિત પહેલા ચાર આરા જેટલો વિભાગ ''ગા. પૌ. ગ્રં.''માં ઇ. સ. ૧૯૫૨માં પ્રસિદ્ધ થયો છે એનાં પૃ. ૧-૨૩૨નું સંપાદન 'દક્ષિણવિહારી' **અમરવિજયજીના** શિષ્ય **ચતુરવિજયજીએ** કર્યું છે જ્યારે પૃ. ૨૩૩-૩૧૪નપં સંપાદન પં. **લાલચંદ્ર** ભ. ગાંધીએ કર્યું છે.

શ્રી **વિજયમેઘસૂરિ**ના પ્રશિષ્ય મુનિશ્રી **જંબૂવિજયએ** સવૃત્તિક મૂળ કૃતિનું સંપાદન કર્યું છે. એનો ચાર આરા પૂરતો વિભાગ ''જૈ. આ. સં.'' તરફથી **ઈ. સ.** ૧૯૬૭માં પ્રસિદ્ધ થયો છે. આ પ્રકાશન સંપાદકશ્રીનાં વિ. સં. ૨૦૧૫માં લખાયેલા સંસ્કૃત પ્રાક્કથન (**કહાવલીગત મલ્લવાદિચરિત્ર** ઇત્યાદિ) તથા ગુજરાતી પ્રસ્તાવના અને સંસ્કૃત ટિપ્પણીઓ, ભોટ (ટિબેટન) પરિશિષ્ટ તેમજ ઇ. સં. ૧૯૫૮ની પ્રો. ડૉ. એરિચ **ફ્રાઉવાલ્નેર**(Erch Frauwaliner)ની અંગ્રેજી પ્રસ્તાવનાથી સમૃદ્ધ બન્યું છે. ભોટ પરિશિષ્ટ તરીકે સ્વોપજ્ઞ વૃત્તિ સહિત **પ્રમાણસમુચ્ચય**નો કેટલોક અંશ 'ભોટ' લખાણપૂર્વક અપાયો છે. [ભા. ૨. ઇ.સ. ૧૯૭૭માં અને ભા. ૩ વિ. સં. ૨૦૪૪માં પ્રસિદ્ધ થયાં છે.]

૧. એમનો જીવન વૃત્તાન્ત પાઇયમાં તેમજ સંસ્કૃતમાં ભિન્ન-ભિન્ન કૃતિમાં આલેખાયો છે. આને લગતું ઘણુ ખરું મૂળ લખાણ ''ગા. પૌ. ગ્રં.''માં પ્રકાશિત આવૃત્તિની સંસ્કૃત પ્રસ્વાનામાં અપાયું છે.

૨. વિધિ. વિધિનો વિધિ, વિધિના વિધિ અને નિયમ, વિધિનો નિયમ, વિધિ અને નિયમ, વિધિનો અને નિયમનો વિધિ. વિધિ અને નિયમ એ બંનેના વિધિ અને નિયમ, વિધિનો અને નિયમનો નિયમ, નિયમ. નિયમનો વિધિ, નિયમના વિધિ અને નિયમ અને નિયમનાં નિયમ.

**સ્વોપજ્ઞ ભાષ્ય**–આ એક પદ્ય ઉપર **મલ્લવાદીએ** જાતે ભાષ્ય રચ્યું છે. એની કોઈ સ્વતંત્ર હાથપોથી મળતી નથી જો કે વિ. સં. ૧૨૦૭ સુધી તો તે ઉપલબ્ધ હતી. એથી એની ટીકા ઉપરથી આ ભાષ્યની સંકલના કરાય છે. P. ૧૧૭

એમાં બાર નયોનું નિરૂપણ છે. વિધિ આદિ પહેલા છ નયો દ્રવ્યાર્થિક છે તો બાકીના છ પર્યાયાર્થિક છે. આરા ૧-૨-૪-૫-૬-૭-૮-૯-૧૦ અને ૧૧-૧૨ એ અનુક્રમે વ્યવહાર, સંગ્રહ, નૈગમ, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એમ સાત નયો સાથે સંબદ્ધ છે બે આરા વચ્ચેની ખાલી જગ્યા એ પૂર્વ નયના ખંડનરૂપે છે.

[1]**ટીકા**–આ મૂળ કૃતિ અને એના સ્વોપજ્ઞ ભાષ્ય ઉપરની ટીકા છે. એ ચક્રની નેમિ ઉપરના પાટાની-વૃત્તિને સ્થાને છે. એના રચનારનું નામ કેટલાકને મતે સિંહસૂર છે. તો કેટલાક એમને સિંહસૂરિ કહે છે. આ ટીકાનું નામ **ન્યાયાગમાનુસારિણી** હોવાનું જણાવાય છે. એનું પરિમાણ ૧૮૦૦૦ શ્લોક જેવડું છે.

પ્રથમ નેમિ પૂરતી ટીકા સૌથી મોટી–લગભગ સમગ્ર ટીકાના અડધા અંશ જેટલી છે જ્યારે તૃતીય નેમિની નાની છે. આ ટીકામાં નિર્દેશાયેલા કેટલાક ગ્રન્થો આજે ઉપલબ્ધ નથી. કેટલીક દાર્શનિક વિચારધારાઓ પણ નાશ પામી છે. આ ટીકામાં **પ્રમાણસમુચ્ચય** અને [2]**કટન્દી** એ અનુક્રમે બૌદ્ધ અને વૈશેષિક ગ્રંથોનો ઉપયોગ કરાયો છે.[3] [4]**હસ્તવાલ-પ્રકરણ** નામના બૌદ્ધ ગ્રંથનો આમાં ઉલ્લેખ છે. P. ૧૧૮

**સિંહસૂરિ** ક્ષમાશ્રમણનો ઉલ્લેખ **આવસ્સયની** ચુણ્ણિમાં છે. વળી **વિસેસા.**ની ટીકામાં **કોટ્ટાર્યવાદિગણિ** મહત્તરે પણ ઉલેલખ કર્યો છે એટલું જ નહિ પણ આ સૂરિની કોઇક કૃતિમાંથી નિમ્નલિખિત પદ્ય ઉદ્ધૃત કર્યું છે :–[5]

''सामान्यं निर्विशेषं द्रवकठिनतघोर्वार्यदृष्टं यथा किम् ?
योन्या शून्या विशेषास्तरव इव धरामन्तरेणोदिता के ? ।
किं निर्मूलप्रशाखं सुरभि खकुसुमं स्यात् प्रमाणप्रमेयम् ?
स्थित्युत्पत्तिव्यायात्मं प्रभवति हि सतां प्रीतये वस्तु जैनम् ॥''

ઉપર્યુક્ત બે સ્થળે જે **સિંહસૂરિ** ક્ષમાશ્રમણનો ઉલ્લેખ છે તે બંને એક જ વ્યક્તિ હશે કે કેમ અને એઓ જ **ન્યાયાગમાનુસારિણી**ના પ્રણેતા છે કે કેમ તેનો નિર્ણય કરવો બાકી રહે છે.

---

૧. આની ઉપલબ્ધ પ્રાચીનતમ હાથપોથી 'વિધિ' પક્ષના ધર્મસૂરિએ લખાવેલી ભાવનગરમાં છે. એઓ વિ. સં. ૧૫૯૯માં દીક્ષા લઇ વિ. સં. ૧૬૦૨માં સૂરિ બન્યા હતા. એઓ વિ. સં. ૧૬૭૦માં સ્વર્ગે સંચર્યા હતા. એ વિચારતાં આ હાથપોથી લ. વિ. સં. ૧૬૫૦ની હોવાનું મનાય છે.

૨. આનો ઉલ્લેખ **રાવણ** નામના કવિએ **અનર્ઘરાઘવ**માં કર્યો છે એમ ઉપર્યુક્ત તૃતીય વિભાગના પ્રાક્કથનમાં ઉલ્લેખ છે.

૩. જુઓ ઉપર્યક્ત પ્રાક્કથન.

૪. આના પરિચય માટે જુઓ ''આ. પ્ર.'' (પૃ. ૪૯, અં.૧) ગત ''નયચક્ર ગ્રંથ અને બૌદ્ધ સાહિત્ય'' નામનો લેખ.

૫. જુઓ દ્વા૦ ન૦ (વિ. ૧)નું સંસ્કૃત પ્રાક્કથન (પૃ. ૩૦-૩૧).

અકલંકે **પ્રમાણસંગ્રહ** (શ્લો-૭૭)માં અને વિદ્યાનન્દે **અષ્ટસહસ્રી** (પૃ. ૨૮૮)માં **ત. શ્લો. વા.**
P. ૧૧૯ (પૃ. ૨૭૬)માં, ન્યાયવિનિશ્ચય (૩૧૧)માં તેમજ આ **ન્યાયવિનિશ્ચય**ના વિવરણ (પૃ. ૩૬૬-૩૬૭)માં ૧૧૯ **નયચક્ર**નો ઉલ્લેખ[1] કર્યો છે.

**ન્યાયાગમાનુસારિણી** ટીકામાં ઈશ્વરકૃષ્ણકૃત **સાંખ્યકારિકા**નાં બે પદ્યો જોવાય છે. **મલ્લવાદીએ** આ **સાંખ્યાકારિકા**ને બદલે એની પહેલાં રચાયેલા **વાર્ષગણતન્ત્ર**નો જ ઉપયોગ કર્યો હોય એમ લાગે છે.

મલ્લવાદીએ વૈશેષિક મતની વિચારણા કરતી વેળા **વૈશેષિકસૂત્ર** ઉપરનાં જે **વાક્ય**, ભાષ્ય અને પ્રશસ્તમતિની ટીકાનો ઉપયોગ કર્યો છે એ ગ્રન્થો અદ્યાપિ અનુપલબ્ધ છે. **રાવણકૃત કટન્દી** નામની ટીકા પણ મળતી નથી.

ભર્તૃહરિના અને એમના ગુરુ (ઉપાધ્યાય) વસુરાતના મતોને **નયચક્ર**માં તથા એની વૃત્તિમાં સ્થાન અપાયું છે.

પાણિનીય **અષ્ટાધ્યાયી**ની કોઈ પ્રાચીન વૃત્તિ હોવાનું **નયચક્ર**ની વૃત્તિ જોતાં અનુમનાય છે. આ વૃત્તિમાં **તન્ત્રાર્થસંગ્રહ** નામના વ્યાકરણનો ઉલ્લેખ છે.

**મલ્લવાદી** તેમજ સિંહસૂરવાદિગણિ **ક્ષમાશ્રમણ** તેમજ એમની કૃતિઓ વિષે મેં **યશોદોહન**માં અનુક્રમે નિમ્નલિખિત પૃષ્ઠોમાં વિચાર કર્યો છે :-

**૨૭-૬૦-૬૧**, ૧૩૦-૧૩૨, ૧૮૧, ૩૩૯ અને ૩૫૯, **૬૧**, ૨૩ ૧૩૦, ૩૩૯ અને ૩૫૯, **૬૦**, **૬૧**, ૧૮૧, ૨૩ ૩૩૯ અને ૩૫૯, **૬૦-૬૧**, ૧૮૧-૧૮૯ ૨૩૪, ૨૪૧, ૩૩૯-૩૪૦, ૩૫૮ અને ૩૫૯ (સંશોધન), તથા **૬૧**. ૩૩૯ અને ૩૫૮.

P. ૧૨૦ **લેખો–દ્વાદશરનયચક્ર**, એના કર્તા **મલ્લવાદી** તેમજ આ અપૂર્વ કૃતિના ટીકાકાર **સિંહસૂર** વિષે [2]કેટલાક લેખો શ્રી **વિજયમેઘસૂરિ**ના પ્રશિષ્ય અને મુનિશ્રી ભુવનવિજયજીના શિષ્ય અને સાંસારિક પક્ષે પુત્ર મુનિશ્રી [3]જંબૂવિજયજીએ લખ્યા છે. એનાં નામ નીચે મુજબ છે :–

(૧) [4]તાર્કિકશિરોમણિ નયવાદપારંગતવાદિપ્રભાકર આચાર્યશ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણવિરચિત **નયચક્ર**નો સંક્ષિપ્ત પરિચય.

(૨) [5]નયચક્રગ્રંથ અને બૌદ્ધસાહિત્ય.

(૩) [6]મલ્લવાદી તથા ભર્તૃહરિનો સમય.

---

૧. જુઓ દ્વા૦ ન૦નું પ્રાક્કથન (પૃ. ૧૧, ટિ. ૧).

૨. કેટલાક લેખ "આ. પ્ર." (પુ. ૪૫, અં. ૭-૯ અને ૧૦)માં ઇ. સં. ૧૯૪૮માં છપાયા છે.

૩. એમનો જન્મ વિ. સં. ૧૯૭૮માં ભોગીલાલની પત્ની મણીબેનને પેટે થયો હતો. એમણે વિ. સં. ૧૯૯૩માં પોતાના દીક્ષિત પિતા પાસે દીક્ષા લીધી હતી.

૪. આ લેખ "જૈન સિદ્ધાન્ત"ના ઇ. સ. ૧૯૪૮ના જુલાઈથી નવેમ્બર સુધીના અંકોમાં ચાર કટકે છપાયો છે.

૫. આ "આ. પ્ર." (પુ. ૪૯, આ. ૧)માં તા. ૧૫-૮-૫૧ને રોજ છપાયો છે.

૬. આ "જૈ. સ. પ્ર." (વ. ૧૭ અં. ૨) તથા 'બુદ્ધિપ્રકાશ' (પુ. ૨૮, અં. ૧૧, ઇ. સ. ૧૯૩૧, નવેમ્બર)માં છપાયેલ છે.

(૪) [1]આચાર્ય ભગવાન મલ્લવાદી ક્ષમાશ્રમણ અને ભર્તૃહરિનો સમય.

(૫) [2]નન્દીસૂત્ર અને નયચક્ર. (૬) ભર્તૃહરિ ઔર દિઙ્નાગ કા સમય. P. ૧૨૧

(૭) ભર્તૃહરિ અને દિઙ્નાગ.

[(૮) નયચક્રકી વૃત્તિમેં વિદ્યમાન વૈશેષિક ગ્રંથ વ ગ્રંથકારોં કા વિશિષ્ટોલ્લેખ.]

[3]**સપ્તભંગીતરંગિણી** (ઉ. વિ. સં. ૧૭૦૦)– આના કર્તા દિ. વિમલદાસ છે. એઓ અનન્તદેવસ્વામિના શિષ્ય થાય છે. એમણે આ મુખ્યતયા ગદ્યમાં રચાયેલી કૃતિમાં અસ્તિત્વ, નાસ્તિત્વ, અવ્યક્તવ્ય ઈત્યાદિ સાત ભંગોનં નિરૂપણ કર્યું છે.

[4]**સપ્તભંગી તરંગિણી** (ઉ. વિ. સં. ૧૭૮૩) આના કર્તાન્યાયચાર્ય **યશોવિજયગણિ** છે. એમણે આ કૃતિનો ઉલ્લેખ **લઘુસ્યાદ્વાદરહસ્ય** તેમજ **બૃહત્-સ્યાદ્વાદરહસ્ય**માં કર્યો છે ખરો પણ હજી સુધી તો એ મળી આવી નથી. [લઘુસ્યા. પીંડવાડા ભારતીય પ્રા. દ્વારા પ્રસિદ્ધ થયેલ છે.]

**સપ્તભંગીપ્રકરણ** ( ) – આ કૃતિ **વિજયરાજસૂરિ**ના શિષ્ય દાનવિજયે રચી છે.

**સપ્તભંગીસ્વરૂપ**– આ નામની એક કૃતિ લીંબડીના ભંડારમાં છે.

[5]**સપ્તભંગીનયપ્રદીપ**–આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિને નોંધી **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૪૧૬)માં છે. P. ૧૨૨

[6]**સપ્તભંગી-નયપ્રદીપ** કિંવા [7]**નયપ્રદીપ**[8] (ઉ. વિ. સં. ૧૭૪૩) – આના કર્તા [9]ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** છે. એમાં એમણે સપ્તભંગી અને નૈગમ વગેરે સાત નયો એમ [10]બે વિષયનું નિરૂપણ

---

૧. જુઓ "આ. પ્ર." (પુ. ૪૯, અં. ૮) ૨. આ **દેવાનન્દસુવર્ણાંક**માં પૃ. ૨૬-૨૯માં છપાયો છે.

૩. આ કૃતિ "શાસ્ત્રમુક્તાવલી"માં કાંજીવરમથી ઈ. સ. ૧૯૦૧માં અને "રા. જૈ. મા."માં વીરસંવત્ ૨૪૩૧ (ઈ. સં. ૧૯૦૪)માં પ્રસિદ્ધ કરાઈ છે.

૪. આને લંગતી કેટલીક માહિતી મેં **યશોદોહન** (પૃ. **૫. ૧૧, ૨૯, ૮૦, ૧૫૮, ૧૬૬ ૧૬૯**)માં આપી છે.

૫. ન્યાયતીર્થ ન્યાયવિશારદ ઉપાધ્યાય **મંગલવિજયજી**એ ગુજરાતીમાં **સપ્તભંગીપ્રદીપ** નામની કૃતિ રચી છે. અને એ વિ. સં. ૧૯૭૭માં પ્રકાશિત કરાઈ છે.

૬. "સપ્તભંગી-નયપ્રદીપ-પ્રકરણ"ના નામથી આ કૃતિ **બાલબોધિની** સહતિ "વિજયનેમિસૂરિગ્રંથમાલા"માં વિ. સં. ૨૦૦૩માં પ્રકાશિત થયેલી છે. એમાં મૂળ કૃતિમા અપાયેલાં તમામ અવતરણોનાં મૂળ અપાયાં નથી.

૭. આ નામથી આ કૃતિ ન્યાયચાર્યની બીજી નવ કૃતિઓ સહિત "જૈ. ધ. પ્ર. સ." તરફથી વિ. સં. ૧૯૬૫માં પ્રકાશિત કરાઈ છે. એમાં પત્ર ૯૭આમાં "इति सप्तभंगीसमर्थनः प्रथमसर्गः" એવો ઉલ્લેખ છે પણ અંતમાં 'દ્વિતીયસર્ગઃ' એવો કોઈ ઉલ્લેખ નથી.

૮. આ વિ. સં. ૧૬૬૫માં રચાઈ છે એમ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૨૦૪)માં ઉલ્લેખ છે પણ એ ભ્રાંત છે કેમકે એ સમયે તો ન્યાયાચાર્ય પ્રકાંડ વિદ્વાન નહિ હશે.

૯. એમની પાઈયમાં જીવનરેખા માટે જુઓ "જૈ. સ. પ્ર." (વ. ૨, અં. ૯).

૧૦. આ ઉપરથી **શ્રીવિજયલાવણ્યસૂરિ**એ પૃ. ૩૦માં "દ્વિતીયસર્ગે નયપ્રદીપપ્રકરણમ્" એવો ઉલ્લેખ કર્યો છે પરંતુ સપ્તભંગી માટે પ્રથમ સર્ગ જેવો ઉલ્લેખ કર્યો નથી. વળી 'સર્ગ' એવું વિભાગનું નામ એમણે શા આધારે યોજ્યું છે તે જાણવું બાકી રહે છે.

P. ૧૨૩ કર્યું છે. એમની આ ગદ્યાત્મક કૃતિનો [1]પ્રારંભ નિમ્નલિખિત પદ્ય દ્વારા કરાયો છે :–

"ऐन्द्रादिप्रणतं देवं ध्यात्वा सर्वविदं हृदि । सप्तभङ्गनयानां च वक्ष्ये विस्तरमाश्रुतम् ॥"

આ ઉપરથી તો આ કૃતિનું નામ 'સપ્તભંગનયવિસ્તર' એમ યોજાય. અહીં જે 'च' પાઠ છે તે જોતાં 'भङ्ग' ને બદલે 'भङ्ग्याः' એવો પાઠ શું હશે?

**નયરહસ્ય, નયોપદેશ** અને એની ટીકા, **નયામૃતતરંગિણી, ન્યાયાલોક, ન્યાયખંડખાદ્ય, સ્યાદ્વાદકલ્પલતા** અને **અષ્ટસહસ્રીવિવરણ** સહિત પ્રસ્તુત કૃતિનો અભ્યાસ કરાય તો એ ઉદયનાચાર્ય. ગંગેશ ઉપાધ્યાય, રઘુનાથ શિરોમણિ અને જગદીશના ગ્રંથોના અભ્યાસની ગરજ સારે તેમ છે.

**સંવાદી પાઠ**–આમાં **પ્ર. ન. ત.**માંથી અને **વિસેસા.**માંથી અવતરણો વિશેષતઃ અપાયાં છે. આ ઉપરાંતની જે કૃતિઓનો ઉપયોગ કરાયો છે તેનાં નામ નીચે મુજબ છે :–

**ઉત્તરજ્ઝયણ, પંચાશત્, સ્તુતિદ્વાત્રિંશિકા** અને **૨. તા.** તેમજ **સમવાય, અણુઓગદાર, વિસેસા. રાયપ્પસેણઇજ્જ** અને **પવયણસારુદ્ધાર**ની વૃત્તિ[2].

P. ૧૨૪ [3]**બાલબોધિની**–આ **સપ્તભંગી-નયપ્રદીપ** ઉપરની શ્રીવિજયલાવણ્યસૂરિએ રચેલી સંસ્કૃત વિવૃત્તિ છે.

**અનુવાદ–સપ્તભંગી–નયપ્રદીપ**નો ગુજરાતી અનુવાદ સ્વ. **મનઃસુખભાઇ** કિરતચંદ મહેતાએ કર્યો હતો. એ અનુવાદ [4]"નયપ્રદીપ નયચક્રસંક્ષેપ" નામના પુસ્તકમાં છપાયો છે.

[5]**નયરહસ્ય**–આ ગદ્યાત્મક કૃતિના પ્રણેતા ન્યાયચાર્ય **યશોવિજયગણિ** છે. પ્રારંભમાં એક પદ્ય છે. ત્યાર બાદ નયનું લક્ષણ, એના પર્યાય તેમજ નયોના દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ બે ભેદ પાડી 'ઋજુસૂત્ર' નયને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ દ્રવ્યાર્થિક નયના ભેદ તરીકે અને **સિદ્ધસેન** દિવાકર પર્યાયાર્થિક તરીકે ગણે છે. તેનું સમાધાન કરાયું છે. ત્યાર પછી નૈગમાદિ સાત નયોનું પ્રદેશ, પ્રસ્થક અને વસતિનાં ઉદાહરણપૂર્વક નિરૂપણ છે. એ પછી કયો નય કેટલા નિક્ષેપ માને છે તે હકીકત સકારણ દર્શાવાઇ છે, એકેક નયથી ઉદ્ભવેલા દર્શનની આલોચના કરાઇ છે તેમજ **'ઋજુસૂત્ર'** નયના વિવેચનમાં સપ્તભંગીનું સ્વરૂપ દર્શાવી 'જીવ' શબ્દની વ્યાખ્યા કરાઇ છે. અંતમાં નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ સમજાવી

૧. "જૈ. ધ. પ્ર. સ." દ્વારા પ્રકાશિત આવૃત્તિમાં અંતમાં એક પદ્ય નથી કે જે શ્રીવિજયલાવણ્યસૂરિની આવૃત્તિમાં છે. આ પદ્ય મુંબઇ સરકારની માલિકીની અને "ભાં. પ્રા. સં. મં."માં રખાયેલી હાથપોથીમાં પણ નથી.

૨. **બાલબોધિની** સહિતની મૂળ કૃતિનાં નિમ્નલિખિત પૃષ્ઠ ઉપરનાં અવતરણોનાં મૂળ અપાયાં નથી :– ૧૩, ૧૪, ૨૩, ૩૬, ૪૧, ૪૨, ૪૫, ૪૬, ૫૫, ૫૮, ૬૦ અને ૭૧.

૩. આ વિ. નેમિસૂરિગ્રં.માં પ્રકાશિત છે.

૪. આ પુસ્તક ડૉ. ભગવાનદાસ મ. મહેતાએ ઇ. સ. ૧૯૫૦માં છપાવ્યું છે.

૫. આ કૃતિ અન્ય નવ કૃતિઓ સાથે "જૈ. ધ. પ્ર. સં." તરફથી વિ. સં. ૧૯૬૫માં પ્રકાશિત થયેલી છે. વિશેષમાં આ કૃતિ 'પ્રમોદા' નામની વિવૃતિ સહિત "વિજયનેમિસૂરિ-ગ્રંથમાલા"માં વિ. સં. ૨૦૦૩માં છપાયેલી છે. એના પ્રારંભમાં સંસ્કૃતમાં વિસ્તૃત વિષયાનુક્રમ છે. [દુર્ગાનાથ ઝાના હિન્દી વિવેચન સાથે નયરહસ્ય "દિવ્યદર્શન" દ્વારા વિ. સં. ૨૦૪૪માં પ્રકાશિત છે. 'नयरहस्य' નામે હિન્દીમાં અન્ય પુસ્તક પણ છપાયું છે.]

ચારિત્રગુણ મેળવવા પ્રયત્ન કરવાનો ઉપદેશ અપાયો છે. આમાં નવ્ય ન્યાયની પરિભાષા નજરે પડે છે. P. ૧૨૫
આ કૃતિ વિવિધ [1]અવતરણોથી વિભૂષિત છે.

**પૌર્વાપર્ય**–પૃ.૩૧માં **ત્રિસૂત્રાલોક**નો અને પૃ.૬૫માં **ન્યાયાલોક**નો ઉલ્લેખ છે. પૃ.૧૨૭માં ''पलालं न''થી શરૂ થતું પદ્ય **નયોપદેશ**માં ૩૧માં શ્લોક તરીકે જોવાય છે. આ ઉપરથી **નયરહસ્ય** આ ત્રણે કૃતિ કરતાં પ્રાચીન નથી એ ફલિત થાય છે.

[2]**પ્રમોદા**–આ **નયરહસ્ય** ઉપર **શ્રીવિજયલાવણ્યસૂરિ**એ વિ. સં.[3]૨૦૦૧માં સંસ્કૃતમાં રચેલી વિવૃતિ છે.

[4]**નયોપદેશ**– આ પદ્યાત્મક કૃતિના કર્તા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** છે. આ કૃતિમાં ૧૪૪ પદ્યો છે. દસમા પદ્યમાં **સમ્મતિ** નામના ગ્રંથનો ઉલ્લેખ છે. આ કૃતિ સાત નયોમાં લક્ષણો રજૂ કરી પ્રદેશ, P. ૧૨૬
પ્રસ્થક અને વસતિનાં ઉદાહરણ આપી નયો વિષે પુષ્કળ પ્રકાશ પાડે છે. ત્યાર બાદ નિક્ષેપનો વિષય હાથ ધરાયો છે. અંતમાં કયું દર્શન કયા નયનું એકાંતે સેવન કરે છે તેનો નિર્દેશ કરાયો છે અને જ્ઞાન-નય અને ક્રિયા-નયની માન્યતા રજૂ કરાઇ છે શ્લો. ૬૮માં ''કાલાવચ્છિન્ન' એવો પ્રયોગ છે. શ્લો. ૭૯માં 'દિગંબર' એ અર્થમાં 'નગ્ન' શબ્દ વપરાયો છે.

[5]**નયામૃતતરંગિણી**[6]–આ સ્વોપજ્ઞ ટીકા છે. એમાં નવ્ય ન્યાયની ઝલક નજરે પડે છે. એ જાતજાતના વાદ વિષે વિસ્તૃત માહિતી પૂરી પાડે છે.

[7]**પર્યાય**–આના કર્તા 'પૂર્ણિમાં'ગચ્છના **મહિમપ્રભસૂરિ**ના શિષ્ય **ભાવપ્રભસૂરિ** છે.

[8]**તરંગિણી-તરણિ**–**નયોપદેશ** તેમજ **નયામૃતતરંગિણી**ને લક્ષીને **શ્રીવિજયલાવણ્યસૂરિ**એ આ વૃત્તિ રચી છે. [**નયકર્ણિકા**– ઉપા. વિનયવિજય. સં. ફત્તેચંદલાલ. પ્ર. શારદાબેન ચી. સેંટર]

૧. શ્રીહર્ષના ઉલ્લેખપૂર્વક એમની કૃતિ **ખંડનખંડખાદ્ય**માંથી પણ અવતરણ અપાયેલ છે.

૨. આ ''વિજયનેમિસૂરિ ગ્રં.'' માં પ્રકાશિત છે.

૩. આ માટે ''आशाऽऽकाशदशा'' એવો જે શબ્દાંક અપાયો છે.તે ભ્રાંત છે કેમકે 'આશા'થી દસ લેતાં તો આ રચના ૨૦૧૦ની ગણાય, નહિં કે ૨૦૦૧ની.

૪. આ કૃતિ ભાવપ્રભસૂરિકૃત **પર્યાય** સહિત 'જૈ. ધ. પ્ર. સ. તરફથી વિ. સં. ૧૯૬૫માં પ્રકાશિત કરાઇ છે. [આનું પુનર્મુદ્રણ જિ. આ. ટ્ર. દ્વારા થયું છે.] આ કૃતિનાં ૧-૩૯ પદ્ય પૂરતો ભાગ એને અંગેની **નયામૃતતરંગિણી** તેમજ **તરંગિણી-તરણિ** સહિત ''વિજયનેમિસૂરિગ્રંથમાલા''માં બોટાદથી વિ. સં. ૨૦૦૮માં છપાવાયો છે. એમાં પ્રારંભમાં સંસ્કૃતમાં વિસ્તૃત વિષયાનુક્રમ છે.વળી **નયામૃતતરંગિણી**માંનાં કેટલાંક અવતરણોનાં મૂળનો નિર્દેશ છે. એમાં **શ્રીહર્ષ**કૃત **ખંડનખંડખાદ્ય** અને **દીધિતિ** જેવી અજૈન કૃતિઓનો ઉલ્લેખ છે. આ પ્રથમ ભાગની જેમ બીજો ભાગ (પદ્ય. ૪૦-૧૪૪) પણ બોટાદથી વિ. સં. ૨૦૧૨માં છપાવાયો છે. આમ બે ભાગ મળી **તરંગિણી-તરણિ** પૂર્ણ કરાઇ છે.

૫. આ વિ. નેમિસૂરિગ્રંમાં છપાયેલી છે. જુઓ ટિ. ૪

૬. **જૈ. સા.સં. ઇ.** (પૃ. ૧૬૨)માં આ વૃત્તિને **ન્યાયામૃતતરંગિણી** કહી છે તે ભૂલ છે.

૭. આ જૈ. ધ. પ્ર. સ. માં પ્રકાશિત છે. જુઓ ટિ. ૪.

૮. આ બે ભાગમાં છપાવાઇ છે. જુઓ ટિ. ૪.

P. ૧૨૭ [1]**અનેકાન્તજયપતાકા** (ઉ. વિ. સં. ૮૧૦) – આ અનેક ગ્રંથના પ્રણેતા સમભાવભાવી હરિભદ્રસૂરિની મનોરમ રચના છે. એ દ્વારા એમણે અનેકાન્તવાદ ઉપર અન્યતીર્થિકો તરફથી-ખાસ કરીને બૌદ્ધો તરફથી જે ખોટા આક્ષેપો કરાતા હતા તેનો પ્રતિકાર કર્યો છે અને તેમ કરી અનેકાન્તવાદનો કિલ્લો સદાને માટે અભેદ્ય-દુર્જય બનાવ્યો છે. [પૂ. મુનિશ્રી જંબૂવિ. મ. આનું સંપાદન કરી રહ્યા છે.]

[2]**સ્વોપજ્ઞ વ્યાખ્યા**–આ પ્રસ્તુત કૃતિ ઉપરની કર્તાએ જાતે રચેલી વૃત્તિ છે.

[3]**ટિપ્પણક**–આના કર્તા **મુનિચંદ્રસૂરિ** છે. એઓ **યશોભદ્રસૂરિ**ના અને એક રીતે 'બૃહદ્' ગચ્છના ઉપાધ્યાય **વિનયચંદ્ર**ના શિષ્ય થાય છે. વળી એઓ **પ્ર. ન. ત.**ના પ્રણેતા વાદી **દેવસૂરિ**ના ગુરુ થાય છે. આ **મુનિચંદ્રસૂરિ** વિ. સં. ૧૧૭૮માં સ્વર્ગે સંચર્યા હતા.

[**અનેકાન્તવાદપ્રવેશ**– આ કૃતિનું અજ્ઞાતકર્તૃક ટિપ્પણ સાથે પં. પ્રભુદાસ બેચરદાસ પારેખના સંપાદનપૂર્વક "હેમચન્દ્રાચાર્યસભા" પાટણથી વિ. સં. ૧૯૭૬માં પ્રકાશન થયું છે.]

**સ્યાદ્વાદસિદ્ધિ**– આ દિ. વાદીભસિંહની રચના છે.

**સ્યાદ્વાદમહાર્ણવ**– આનો ઉલ્લેખ **ન્યાયવિનિશ્ચયવિવરણ** (ભા. ૧, પૃ. ૪૨૮)માં **અષ્ટસહસ્રી**માં તેમજ **સમ્મઇપયરણ**ની ટીકામાં કરાયો છે પરંતુ આ કૃતિ હજી સુધી તો મળી આવી નથી.

P. ૧૨૮ [4]**ઉત્પાદાદિસિદ્ધિપ્રકરણ** (વિ. સં. ૧૨૦૭)–આ [5]બત્રીસ પદ્યનું લઘુ પ્રકરણ 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**ના ગુરુભાઇ (સહોદર) **પ્રદ્યુમ્નસૂરિ**ના શિષ્ય **ચન્દ્રસેન**ની રચના છે. એ દ્વારા પ્રત્યેક પદાર્થ ઉત્પત્તિ, ધ્રૌવ્ય અને વ્યયથી યુક્ત છે એ વાત ઝીણવટથી સમજાવાઇ છે. વિસ્તારથી કહું તો પ્રથમ પદ્યમાં આપ્તત્વનું લક્ષણ દર્શાવી આપ્તને-સર્વજ્ઞને નમસ્કાર કરાયો છે. દ્વિતીય પદ્યમાં 'સત્'નું લક્ષણ અને ત્રીજામાં વસ્તુત્વનું લક્ષણ દર્શાવાયેલ છે. ચોથા પદ્યમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનું સ્વરૂપ આલેખાયું છે. પાંચમાં પદ્યમાં એ ઉત્પાદાદિ ત્રિપુટીની વ્યવસ્થા સમજાવાઇ છે. અસત્માંથી સર્વથા ઉત્પત્તિ અને સત્માંથી સર્વથા નાશ ન હોઇ શકે એ બાબત છઠ્ઠા પદ્યમાં રજૂ કરાઇ છે. સંક્ષેપમાં કહું તો ઉત્પાદાદિ ત્રિપુટીનો સમુદિત સ્વરૂપે વિચાર પહેલાં છ પદ્યોમાં કરાયો છે. પદ્ય ૭-૯માં કેવળ ઉત્પાદનો, પદ્ય ૧૦-૧૭માં કેવળ વ્યયનો અને પદ્ય ૧૮-૨૪માં કેવળ ધ્રૌવ્યનો અધિકાર છે. પદ્ય ૨૫-૩૨માં અનેકાન્તદૃષ્ટિએ કેટલીક બાબતનો વિચાર કરાયો છે.

---

૧. આ પ્રકરણ સ્વોપજ્ઞ વ્યાખ્યા અને **મુનિચંદ્રસૂરિ**કૃત ટિપ્પણક સહિત બે ખંડમાં "ગા. પૌ. ગ્રં."માં અનુક્રમે ઇ. સ. ૧૯૪૦ અને ઇ. સ. ૧૯૪૭માં પ્રકાશિત કરાવું છે એનું સંપાદન મેં કર્યું છે. આને અંગે સંસ્કૃત તેમજ અંગ્રેજીમાં મેં એકેક ઉપોદ્ઘાત લખ્યો છે અને તે છપાયો છે.

૨-૩ આ બંને પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૪. આ પ્રકરણ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત "ઋ. કે. શ્વે. સં." તરફથી ઇ. સ. ૧૯૩૬માં પ્રકાશિત કરાયું છે. [આનું પુનર્મુદ્રણ "જિ. આ. ટ્રસ્ટે" વિ. સં. ૨૦૪૫માં કર્યું છે.] એમાં સંસ્કૃતમાં વિષયાનુક્રમ અપાયો છે. આ ઉપરાંત આ પ્રકરણનાં આદ્ય સાત પદ્યો તેમજ એ પદ્યોનું ન્યાયાચાર્યકૃત વિવરણ "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી નિમ્નલિખિત નામથી વિ. સં. ૨૦૦૦માં પ્રકાશિત પુસ્તકમાં છપાયેલાં છે :– "**उत्पादादिसिद्धिविवरणं वादमाला अस्पृशद्गतिवादः विजयप्रभसूरिस्वाध्यायश्चेति ग्रन्थचतुष्टयी ॥**"

૫. આને લઇને આ કૃતિને **ઉત્પાદાદિદ્વાત્રિંશિકા** પણ કહે છે.

P. ૧૩૧ અંશને જાણનારા અન્યદર્શનીઓને અનંત નયોથી ઓતપ્રોત અને અતિશય ગંભીર એવા જિનમતનો અર્થાત્ જૈન દર્શનનો સ્વલ્પ ગન્ધ લેવો પણ શક્ય નથી. એના પછીના પદ્યમાં એવો ઉલ્લેખ છે કે વસ્તુનો ધર્મ અનેકાન્ત છે એ બાબત પ્રમાણ અને નયથી સિદ્ધ છે. એ જાણ્યા વિના અનેકાન્તમાં દોષ બતાવવા એ પોતાની બુદ્ધિની વિડંબના છે.

આ પ્રમાણેની મતલબનાં ત્રણ પદ્યોથી આ નવ્ય ન્યાયની ઝલકથી શોભતા પ્રકરણનો પ્રારંભ કરી અનેકાન્તનું વ્યાપક લક્ષણ રજૂ કરી એ લક્ષણગત પદોનો-તત્ત્વ વગેરેનો વિચાર કરાયો છે. ત્યાર બાદ નૈગમ વગેરે સાત નયો પૈકી એક પછી એકનું વિસ્તારથી નિરૂપણ કરાયું છે અને તે તે નયનું એકાંતે સેવન કરનારના વિચારની સમીક્ષા કરાઇ છે. દા. ત. 'નૈગમ' નયનો એકાંતે આશ્રય લેનારું દર્શન તે 'વૈશેષિક' છે અને ઉપલક્ષણથી 'ન્યાય' દર્શન છે તો આ દર્શનનું સ્વરૂપ એ દર્શનના મૂળ ગ્રંથોમાં જેવું દર્શાવાયું છે તેવું (નહિ કે કલ્પિત) સંક્ષેપમાં પરંતુ સચોટ રીતે રજૂ કરી એમાં જે વાંધાભરી હકીકતો છે તેનું નિરસન કરાયું છે. ત્યાર બાદ 'સંગ્રહ' નય અને એનો એકાંતે ઉપયોગ કરનારા 'વેદાન્ત' દર્શનની અને ત્યાર પછી 'વ્યવહાર' નય અને એનો એકાંતે આશ્રય લેનાર 'સાંખ્ય' દર્શનની વિચાર-સરણી રજૂ કરી તેની સમીક્ષા કરાઇ છે[૧]. એના પછી 'ઋજુસૂત્ર નયનું નિરૂપણ કરી એનું એકાંતે સેવન કરનાર 'બૌદ્ધ' દર્શનની ચારે શાખાની હકીકત હાથ ધરાઇ છે. પ્રસંગોપાત્ત દિગંબરોને અભિમત [૨]નવ નયોની માન્યતાનું
P. ૧૩૨ ખંડન કરાયું છે અને એને દિક્પટોનું કપટનાટક કહી એના ખંડન માટે પોતે રચેલા [૩]**આપભ્રંશિકા-પ્રબંધ**[૪] જોવા ભલામણ કરાઇ છે. ત્યાર પછી શબ્દાદિ ત્રણ નયો વિચારી સપ્તભંગીના પ્રત્યેક ભંગ, એ સપ્તભંગીનો નયોમાં સમવતાર, 'અવક્તવ્ય' નામના ત્રીજા ભંગનો વિસ્તારથી વિચાર અને એને અંગે સોળ વિકલ્પો. સપ્તભંગીના ભંગોના ૩, ૩, ૧૦, ૧૦, ૧૩૦, ૧૩૦, અને ૧૩૦ એવા પ્રતિભંગો-કુલ્લે ૪૧૬ ભંગો, એના અવાંતર ૧૪૩૬ ભંગ ઇત્યાદિ બાબત **મલ્લવાદીકૃત દ્વાદશારનયચક્ર**ને આધારે દર્શાવાઇ છે. ત્યાર બાદ વસ્તુ અનેકાન્તાત્મક હોય તો જ નય અને પ્રમાણનો એ વિષય બની શકે એ વાત કહી વ્યંજન-પર્યાય અને અર્થ-પર્યાયનું સ્વરૂપ, દ્રવ્ય અને ગુણના ભેદાભેદ, 'ગુણાર્થિક' નય માનવામાં રહેલા દોષો, નયોને લગતી દિગંબરીય માન્યતાનું ખંડન, દ્રવ્ય અને પર્યાયનો ભેદાભેદ, અનેકાન્તની અનેકાન્તતા અને અંતમાં અનેકાન્તની મહત્તા એમ વિવિધ બાબતો વિચારાઇ છે. સાથે સાથે પ્રસંગવશાત્ લગભગ ૨૫૦ [૫]સંવાદ-પાઠ અપાયા છે.[૬] એથી પ્રકરણના મહત્ત્વમાં વૃદ્ધિ થઇ છે.

૧. **અધ્યાત્મસાર** (અધિ. ૧૯, શ્લો. ૬) અને **સપ્તભંગી-નયપ્રદીપ** (પૃ. ૭૦)માં સાંખ્ય દર્શનનો ઉદ્ભવ સંગ્રહ નયના વધુ પડતા સેવનને આભારી હોવાનું કહ્યું છે. આ ભિન્નતાનો તોડ દ્રવ્યાર્થિક નયની શુદ્ધતા અને અશુદ્ધતા વિચારતાં નીકળી શકે છે.

૨. દ્રવ્યાર્થિક, પર્યાયર્થિક અને નૈગમાદિ સાત નયો.

૩. જુઓ **અનેકાન્તવ્યવસ્થા** (પત્ર ૫૪આ.)

૪. આ **દિક્પટ-કપટ કુઠાર** યાને **દિક્પટ-ચોર્યાસી-બોલ** તરીકે ઓળખાવાતી ન્યાયાચાર્યની કૃતિ છે કે કેમ તે વિચારવું ઘટે.

૫. આની સૂચી મૂળના નિર્દેશપૂર્વક "જૈ. ગ્રં. પ્ર. સં."ની આવૃત્તિમાં અપાઇ છે. એમાં શ્રુતિ, **છાન્દોગ્ય** ઉપનિષદ્ અને **સાંખ્ય-કારિકા** જેવી અજૈન કૃતિઓનો તેમજ **સમ્મઇ-પયરણ** અને **વિસેસા.** જેવી પ્રૌઢ જૈન કૃતિઓનો સમાવેશ થાય છે.

૬. વિસ્તાર માટે જુઓ પ્રકાશકીય નિવેદન.

**પૌર્વાપર્ય–પ્રતિમાશતક** (શ્લો. ૯૫)ની સ્વોપજ્ઞ ટીકા (પત્ર ૨૯૩)માં આ **અનેકાન્ત-વ્યવસ્થા**નો નિર્દેશ છે. એવી રીતે **નયરહસ્ય** અને **સ્યાદ્વાદકલ્પલતા**માં પણ છે. આથી આ કૃતિ આ ત્રણે કરતાં તો પહેલાં રચાયેલી ગણાય. પત્ર ૫-અમાં જે નિમ્નલિખિત પંક્તિ છે તે એના સંપાદકના મતે **અધ્યાત્મોપનિષદ્**ની છે :– ''आदावन्ते च यन्नास्ति वर्तमानेऽपि तत् तथा'' ॥ P. ૧૩૩

[1]**તત્ત્વબોધિની**–આ **અનેકાન્તવ્યવસ્થા**ની શ્રીવિજયલાવણ્યસૂરિકૃત વૃત્તિ છે.

[2]**અનેકાન્તવિંશિકા**[3] (ઉ. વિ. સં. ૧૭૪૦) – આ **યશોવિજયગણિ**ની વીસ પદ્યોની રચના છે. એનાં આદ્ય ત્રણ પદ્યો **અનેકાન્તવ્યવસ્થા**ના પહેલાં ત્રણ પદ્યો સાથે અને બાકીનાં અંતમાનાં સત્તર પદ્યો સાથે સર્વાંશે મળતાં આવે છે. એથી આ **અનેકાન્તવિંશિકા** સ્વતંત્ર રચના ન ગણાય. એ તો અનેકાન્તનું માહાત્મ્ય દર્શાવનારી રચના છે.

**ભાવાર્થ**–પ્રસ્તુત કૃતિનો પં. **સુશીલવિજયગણિ**એ (હાલ સૂરિએ) ગુજરાતીમાં ભાવાર્થ તૈયાર કર્યો છે અને એ છપાવાયો છે.[4]

**સ્યાદ્વાદ-રહસ્ય** (ઉ. વિ. સં. ૧૭૪૦) – આ નામની કૃતિના કર્તા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** છે એ બાબત નિર્વિવાદ છે કેમકે **ન્યાયાલોક** (પ્ર.૩) ના અંતમાં તેમજ **ભાસરહસ્સ** (ગા.૧)ની સ્વોપજ્ઞ [5]વૃત્તિ (પત્ર ૧-અ)માં ન્યાયાચાર્યે જ આનો નિર્દેશ કર્યો છે. P. ૧૩૪

---

૧. આ બે ભાગમાં ''વિજય લાવણ્યસૂરિ જ્ઞાનમંદિર'' તરફથી પ્રકાશિત છે.

૨. આની એક હાથપોથી પં. ભદ્રંકરવિજયગણિને અત્ર (સુરતમાં) વિ. સં. ૨૦૦૮માં મળી હતી.

૩. આ આંશિક કૃતિ પં. **સુશીલવિજયગણિ**ના ગુજરાતી ભાવાર્થ સહિત બોટાદથી ''જ્ઞાનોપાસક સમિતિ'' તરફથી વિ. સં. ૨૦૧૫માં છપાવાઇ છે. આ પુસ્તિકાનું નામ ''અનેકાન્તવાદ-મ(મા)હાત્મ્ય-વિંશિકા'' રખાયું છે.

૪. જુઓ ટિ. ૨.

૫ ''**भाषाविशुद्ध्यर्थं रहस्यपदाङ्कितया चिकीर्षिताष्टोतरशतग्रन्थान्तर्गतप्रमारहस्य-नयरहस्य-स्याद्वादरहस्यादिसजातीयं प्रकरणमिदमारभ्यते**'' ॥

અહીં જે 'રહસ્ય' પદથી અંકિત ૧૦૮ કૃતિઓ રચવા માટેની અભિલાષા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**એ દર્શાવી છે તે પૈકી અત્યારે તો **ઉપદેશરહસ્ય** (પા. **ઉવએસરહસ્સ**), **નયરહસ્ય** અને **ભાષારહસ્ય** (પા. **ભાસરહસ્સ**) એ ત્રણ મૂળ કૃતિ પૂરેપૂરી મળે છે. આ ઉપરાંત **સ્યાદ્વાદરહસ્ય** નામની જે ત્રણ વૃત્તિ મળે છે તેમાં **લઘુસ્યાદ્વાદરહસ્ય** જ અત્યારે પૂર્ણ ઉપલબ્ધ છે. [લઘુ, મધ્યમ અને બૃહત **સ્યા. ર** ભા. પ્રા. પીંડવાડાથી વિ. સં. ૨૦૩૨માં પ્રસિદ્ધ છે. માત્ર **લઘુસ્યા**.. ૨૦૩૧માં પણ પિંડવાડાથી સં. ૨૦૩૧માં પ્રસિદ્ધ છે. મધ્યમ **સ્યા. ર**. ઉપર મુનિ યશોવિજયજીની વિસ્તૃત સંસ્કૃત અને હિંદી વ્યાખ્યા સાથે ૩ ભાગોમાં દિવ્યદર્શન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત છે. આ. નન્દનસૂરિજી સંપાદિત સ્યા.ર જૈનગ્રંથ પુ.સભાથી છપાયું છે.] યશોભારતી પ્ર. મુંબઈ દ્વારા પ્રગટ 'ગ્રંથત્રયી'માં ત્રણેય સ્યા..ર પ્રગટ થાય છે. પિંડવાડા પ્રકાશનમાં જેને બૃહત્ સ્યા. ર કહ્યું છે. તેનેજ ય.ભા.માં મધ્યમ ગણ્યું છે. ય. ભા. પ્રમાણે બૃહત્ ના ૧૧ મધ્યમના ૩ અને જઘન્યના બધા ૧૨ શ્લોક પર વ્યાખ્યા મળે છે.]

આ નામની ત્રણ કૃતિ છે. એને લઘુ. મધ્યમ અને બૃહત્ શબ્દથી દર્શાવાય છે. એ ત્રણે **વીતરાગસ્તોત્ર** (પ્ર. ૮)ની વૃત્તિ છે.[1]

**વાદમાલા** (ઉ. વ. સ. ૧૭૪૦) – આ 'ન્યાયાચાર્ય' **યશોવિજયગણિ**ની રચના છે. **ભાસરહસ્સ**ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૧૫-આ)માં એમણે આ કૃતિનો ઉલ્લેખ કર્યો છે. આ નામની [2]ત્રણ કૃતિ છે. [મુનિ યશોવિજયકૃત સંસ્કૃત અને હિન્દી વ્યાખ્યા સાથે **વાદમાલા** દિવ્યદર્શન ટ્રસ્ટે પ્રગટ કરી છે. આ. જયસુંદરસૂરિ સંપાદિત વાદમાલા પણ દિવ્યદર્શન ટ્રસ્ટથી પ્રસિદ્ધ થઇ છે. યશોભારતી પ્રકાશનના 'નવગ્રંથી' માં પણ વાદમાલા છપાઇ છે.]

[**ન્યાયદીપિકા**– ધર્મભૂષણયતિ. હિંદી અનુવાદ-દરબારીલાલ કોઠિયા.

**જૈનન્યાય** (હિન્દી) લે. પં. કૈલાશચન્દ્ર શાસ્ત્રી. પ્ર. "ભારતીય જ્ઞાનપીઠ"

**પ્રમાલક્ષણ** આ. બુદ્ધિસાગરસૂરિ. જિનશાસન આ. ટ્રસ્ટ.. સં. ૨૦૫૨

**દર્શનશુદ્ધિપ્રકરણ**– દેવભદ્રસૂરિ સં. ચન્દ્રગુપ્તસૂરિ પ્ર. મોક્ષૈકલક્ષી પ્રકાશન સં. ૨૦૫૪

**ધર્મપરીક્ષા** મનોહરદાસ ખંડેલવાલ ૨૪૫, ત્રિષષ્ટિસ્મૃતિ પં. આશાધર ૪૭

**ધર્મપ્રબોધ** દિ. પત્ર ૨૯

ધર્મવિલાસ અનંતરાય દિ. પત્ર ૨૮૯

ધર્મોપદેશ સંગ્રહ સેવારામ દિ. પત્ર ૫૬૧

નાગકુમાર ચરિત્ર નથમલ દિ. પત્ર ૧૪૮

નેમીશ્વર ચરિત્ર લક્ષ્મણ દિ. પત્ર ૧૦૦

પંચપરમેષ્ઠિસ્તોત્ર ઉમાસ્વામિ દિ. પત્ર ૯

પરમાનંદવિલાસ દિ. પત્ર ૧૨૨

પાંડવપુરાણ શ્રીભૂષણ દિ. પત્ર ૫૮૩

પારસવિલાસ દિ. પત્ર ૩૮૪

બૃહત્ ગુર્વાવલી મુનિ સ્વરૂપચંદ્ર દિ. પત્ર ૫૧

શ્રીપાલચરિત્ર જિનચન્દ્રસૂરિ દિ. પત્ર ૧૧૧

સમાધિતંત્રટીકા પર્વતધર્માર્થી દિ.

સમ્યકત્વપ્રકાશ ડાલૂરામ દિ.

**પ્રમાણપ્રમેયકલિકા** નરેન્દ્રસેન દિ. અપ્રગટ.

'સ્વાનાભૂતિપ્રકાશ'ના ડિસેંબર ૨૦૦૨ના અંક અનુસાર અપ્રગટ દિગંબર જૈન ગ્રંથો અહીં અને પૃ. ૩૮ તથા પૃ. ૬૦માં આપ્યા છે.
-સંપા.

૧. વિશેષ માટે જુઓ **યશોદોહન** (પૃ. ૧૨, ૬૨, ૨૭, ૨૮, ૧૬૩, ૧૬૪, ૧૯૬, ૨૧૯, ૨૧૫, ૨૨૩ અને ૩૪૯)

૨. આ ત્રણેનો પરિચય **યશોદોહન** (પૃ. ૮૬, ૨૩, ૬૮૧, ૧૯૬, ૨૧૨-૨૧૮ અને ૨૨૩)માં મેં આપ્યો છે.

## પ્રકરણ ૪૦ : યોગ 

**યોગનિર્ણય** (ઉ. વિક્રમની સાતમી સદી)–**યોગદૃષ્ટિસમુચ્ચય** (શ્લો. ૧)ની સ્વોપજ્ઞ વૃત્તિમાં હરિભદ્રસૂરિએ આ કૃતિનો ઉલ્લેખ કર્યો છે પણ એ મળતી નથી.

**યોગાચાર્યની કૃતિ** (ઉ. વિક્રમની સાતમી સદી( – **યોગદૃષ્ટિસમુચ્ચય** (શ્લો. ૧૪, ૧૯, ૨૨, ૨૫ અને ૩૫)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પત્ર ૫અ, ૭અ, ૭આ, ૮અ અને ૧૦અ)માં યોગાચાર્ય વિષે ઉલ્લેખ છે. આ [1]સામાન્ય નામવાળા મહાનુભાવ જૈન હોય અને એમણે યોગ સંબંધી કોઇ કૃતિ-રચી હોય એમ લાગે છે. એ કૃતિ યોગની આઠ દૃષ્ટિ અંગેની હોય તો ના નહિ. આ કૃતિ હજી સુધી તો મળી આવી નથી.

**લલિતવિસ્તરા**– (પત્ર ૭૬અ)માં "**યોગાચાર્યા:**" એવો ઉલ્લેખ છે. એથી કોણ અભિપ્રેત છે તે જાણવું બાકી રહે છે. **શ્રીહરિભદ્રસૂરિ** (પૃ. ૩૦૫)માં મેં યોગાચાર્ય વિષે સંક્ષિપ્ત માહિતી આપી છે.

**હારિભદ્રીય યોગવિષયક કૃતિઓ**–હરિભદ્રસૂરિએ યોગને અંગે **યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ,** [2]**જોગસયગ** (યોગશતક), **ષોડશક** તેમજ [3]**વીસવીસિયાગત** 'જોગવીસિયા' એમ પાંચ કૃતિઓ રચી છે, P. ૧૩૬ વળી **યોગદૃષ્ટિસમુચ્ચય** તથા **જોગસયગ** ઉપર ત્રો એમણે સંસ્કૃતમાં એકેક ટીકા રચી છે. **બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય**ના નામે ઓળખવાતી કૃતિ એમણે જ રચ્યાનું મનાય છે. એ હિસાબે યોગવિષયક છ કૃતિઓ સંસ્કૃતમાં અને બે પાઇયમાં છે.

[4]**યોગદૃષ્ટિસમુચ્ચય** (લ. વિ. સં. ૭૮૦) – આમાં આધ્યાત્મિક વિકાસને લગતા જે વિચારો દર્શાવાયા છે તે વિચારધારા **યોગબિન્દુ**થી તેમજ [5]**ષોડશક**થી પણ ભિન્ન રીતે રજૂ કરાઇ છે. આમ આ આચાર્ય આધ્યાત્મિક વિકાસના ક્રમનો વિષય ભિન્ન ભિન્ન કૃતિઓમાં ભિન્ન ભિન્ન વસ્તુનો ઉપયોગ કરી

---

૧. એમનું મૂળ નામ-વાસ્તવિક નામ શું છે તેમજ એઓ શ્વેતાંબર છે કે દિગંબર એ જાણવાનું કશું સાધન છે ખરું? હરિભદ્રસૂરિએ **કાલાતીત, ગોપેન્દ્ર,** બન્ધુ ભગવદત્ત અને ભદંત **ભાસ્કર** એમ વિવિધ યોગીઓનાં નામ આપ્યાં છે.

૨. આ પાઇય કૃતિનો પરિચય મેં **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ. ૮૯-૯૦ અને ૩૫૫-૩૫૭)માં આપ્યો છે. એમાં મેં આ **જોગસયગ**ના પ્રકાશનની નોંધ પૃ. ૮૯માં લીધી છે. ત્યાર પછી એ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત લા. દ. વિદ્યામંદિર વગેરે અનેક દ્વારા પ્રકાશિત કરાઇ છે.

૩. આના પરિચય માટે જુઓ **શ્રીહરિભદ્રસૂરિ** (પૃ. ૧૪૧-૧૪૮).

૪. આ કૃતિ, એની સ્વોપજ્ઞ વ્યાખ્યા તેમજ **યોગબિન્દુ** અને એની પણ વૃત્તિ સહિત "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી ઇ. સ. ૧૯૪૦માં પ્રકાશિત કરાઇ છે. આ વૃત્તિ કંઇ સ્વોપજ્ઞ નથી. [યોગ. દ. સ. પ્ર. વિજયકમલકેશરગ્રંથમાલા ખંભાત સં. ૧૯૯૨ આ. ભુવનભાનુસૂરિ મ. આ. રાજશેખરસૂરિ મ., મુનિયુગભૂષણવિજય (પંડિત મ.), આ. ચન્દ્રગુપ્તસૂરિ, મુનિ **મુક્તિદર્શન** વિ. મ. અને પં. ધીરુભાઈ વ.ના વિવેચનાં પ્રસિદ્ધ થયા છે.]

૫. 'જોગવીસિયા' સાથે આનું સામ્ય છે. એ 'જોગવીસિયા'માં આધ્યાત્મિક વિકાસની પ્રારંભિક દશાનું નહિ પરંતુ એની પુષ્ટ દશાનું નિરૂપણ છે. એને લઇને એની રચના **યોગબિન્દુ**ની રચનાથી જુદી પડે છે.

ત્રણ ભિન્ન રીતે આલેખ્યો છે. **યો. દૃ. સ.**માં જે મિત્રા, તારા ઇત્યાદિ [1]આઠ દૃષ્ટિનો અધિકાર છે તે ઉપલબ્ધ સાહિત્ય જોતાં એમની પૂર્વેની કોઇ પણ જૈન કે અજૈન કૃતિમાં જણાતો નથી એટલે અત્યારે તો
P. ૧૩૭ એના આદ્ય પ્રરૂપક એઓ જ ગણાય. આ આઠ યોગદૃષ્ટિઓનો વિભાગ આઠ યોગાંગને આધારે કરાયો છે. આધ્યાત્મિક વિકાસની સંસારી આત્માની સ્થિતિને અહીં 'ઓઘદૃષ્ટિ' કહી છે.

આ ૨૨૬ પદ્યની કૃતિમાં આઠ દૃષ્ટિનું નિરૂપણ કરવા પૂર્વે ઇચ્છાયોગ ઇત્યાદિ ત્રણ યોગોની બાબત વિચારાઇ છે. આ અંગેની વિશેષ માહિતી મેં **શ્રીહરિભદ્રસૂરિ** (પૃ. ૧૩૧)માં આપી છે જ્યારે અવતરણો અને ઉલ્લેખની નોંધ મેં એના પૃ. ૧૩૩માં લીધી છે.

[2]**સ્વોપજ્ઞ વ્યાખ્યા**–આ ૧૧૭૫ શ્લોક જેવડી છે.

**ટીકા**– આ ૪૫૦ શ્લોક જેવડી ટીકા **સોમસુન્દરસૂરિ**ના શિષ્ય **સાધુરાજગણિ**એ રચી છે.

[3]**અનુવાદ** અને [4]**વિવેચન**– આ બંને ગુજરાતીમાં શ્રી ભગવાનદાસ મ. મહેતાએ તૈયાર કર્યાં છે.
P. ૧૩૮ સાથે સાથે સ્વોપજ્ઞ વ્યાખ્યાનો ગુજરાતીમાં શબ્દાર્થ આપ્યો છે. વિશેષ માટે જુઓ **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ. ૧૩૪) ડૉ. કે. કે. દીક્ષિતે મૂળ કૃતિનો અંગ્રેજીમાં [5]અનુવાદ કર્યો છે. [પં. મુક્તિદર્શન વિ. નું વિવેચન 'યોગદૃષ્ટિના અજવાળાં' ભા. ૧-૨-૩ નામે પ્રગટ થયું છે. આ. શ્રી. ભુવનભાનુસૂરિજી અને આ. જયસુન્દરસૂરિનું ૩ ભાગમાં વિવેચન પ્રગટ થયું છે. 'આ. હરિભદ્ર અને તેમનો યો.દૃ.ગ્રંથ' અનુસંધાન ૧૮]

**યોગદૃષ્ટિસમુચ્ચયપીઠિકા**–આ કૃતિ પં. શ્રી **ભાનુવિજયગણિ**એ રચી છે અને એ પ્રકાશિત છે.

[6]**યોગબિન્દુ** (લ. વિ. સં. ૭૮૦) – અનાદિ અનંત સંસારમાં અનાદિ કાળથી પરિભ્રમણ કરનારને આધ્યાત્મિક વિકાસ સાધવાનો વિચાર ક્યારે સૌથી પ્રથમ સ્ફુરે એ પ્રશ્નનો ઉત્તર આ ૫૨૭

---

૧. ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**એ આ આઠ દૃષ્ટિનો વિષય **દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા**માં ૨૧-૨૪ એમ ચાર દ્વાત્રિંશિકામાં સંસ્કૃતમાં તેમ જ ગુજરાતીમાં **આઠદૃષ્ટિઓની સજ્ઝાય**માં મનોરમ રીતે આલેખ્યો છે. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૧૨)માં **યોગદૃષ્ટિ-સ્વાધ્યાય-સૂત્ર**ની નોંધ છે તે શું આ સજ્ઝાય તો નથી?)
સ્વ. મોતીચંદ ગિ. કાપડીઆકૃત **જૈનદૃષ્ટિએ યોગ** (ભા. ૧)માં આઠ દૃષ્ટિઓનું તેમજ મૈત્રી વગેરે ચાર અને અનિત્ય વગેરે બાર ભાવના, ધ્યાન-યોગ, સમતા-યોગ, ધર્મ-સંન્યાસ, યોગ-સંન્યાસ, કુળ-યોગી, પ્રવૃત્તચક્રયોગી અને યોગના આઠ અંગોનું નિરૂપણ છે. આ પુસ્તક "જૈ. ધ. પ્ર. સ." તરફથી વિ. સં. ૧૯૭૧માં પ્રસિદ્ધ થયું છે. એનો બીજો ભાગ ત્યાર પછી લખાયો હોય તો પણ આજ દિન સુધી તો છપાયેલો જણાતો નથી.

૨. આ "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી પ્રકાશિત છે.

૩-૪. આ બંને મૂળ સહિત ઇ. સં. ૧૯૫૦માં **મનઃસુખલાલ તારાચંદે** છપાવ્યાં છે. વિવેચનનું નામ "સુમનોનન્દિની બૃહત્ ટીકા" રખાયું છે.

૫. આનો કર્નલ જેરેથ (jareth) દ્વારા અંગ્રેજીમાં અનુવાદ કરાયેલો છે અને એ "એશિયાટિક સોસાયટી ઑફ બેંગોલ" તરફથી પ્રસિદ્ધ કરાયેલો છે.

૬. આ કૃતિ "શ્રુતજ્ઞાનઅમીધારા" (પૃ. ૨૫-૨૭)માં ઇ.સ. ૧૩૬૧માં પ્રસિદ્ધ કરાઈ છે.
આ "શ્રીહરિભદ્રસૂરિવિરચિત યોગદૃષ્ટિસમુચ્ચય-યોગવિંશિકા" નામના પુસ્તકમાં ઇ.સ. ૧૯૭૦માં છપાવાયો

પદ્યોમાં રચાયેલા **યોગબિન્દુ**માં એમ અપાયો છે કે આત્મા ઉપર મોહનું પ્રભુત્વ ઘટવા માંડે કે આધ્યાત્મિક વિકાસના શ્રીગણેશ મંડાય અને પછી એક પુદ્ગલપરાવર્ત જેટલા કાળમાં એ મુમુક્ષુ મોક્ષે સિધાવે. મોહનું જોર જેમ જેમ ઘટતું જાય અને એના ઉપર આત્માનું વર્ચસ્ જેમ જેમ સ્થપાતું જાય તેમ તેમ આધ્યાત્મિક વિકાસ સધાતો જાય. આ બાબત યોગમાર્ગની પાંચ ભૂમિકા નામે અધ્યાત્મક, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય દ્વારા સમજાવાઇ છે. **દ્વા. ન.** (અર ૩)ની ન્યાયાગમાનુસારિણી વૃત્તિ (વિ. ૧, પૃ. ૩૩૨)માં યોગનાં છ અંગ દર્શાવતું નીચે મુજબનું પદ્ય છે :–

"प्रत्याहारस्तथा ध्यानं प्राणायामोऽथ धारणा ।
तर्क: समाधिरित्येष षडङ्गो योग उच्यते ॥"

આ પદ્ય પાઠભેદપૂર્વક અમૃતનાદ ઉપનિષદ્ અને અત્રિસ્મૃતિમાં જોવાય છે.

સાથે સાથે બૌદ્ધ દર્શનની અને પાતંજલ **યોગદર્શન**ની પરિભાષાઓની સાથે જૈન પરિભાષાઓનો મેળ મેળવાયો છે.

**શ્રીહરિભદ્રસૂરિ** (પૃ. ૧૩૪-૧૩૬)માં મેં **યોગબિન્દુ**ના વિષય, એનું **યો. દ. સ.** સાથેનું સંતુલન ઉલ્લેખ, સમાનતા, ઉદ્ધરણ અને પૌર્વાપર્ય એમ વિવિધ બાબતો રજૂ કરી છે.

[1]**વૃત્તિ**–આ અજ્ઞાતકર્તૃક વૃત્તિ છે, નહિ કે સ્વોપજ્ઞ. આના સમર્થનાર્થે એટલું જ કહીશ કે **યોગબિન્દુ**ના નિમ્નલિખિત પદ્યગત 'સમાધિરાજ'નો અર્થ કરવામાં વૃત્તિકારની ભૂલ થઈ છે :– P. ૧૩૯

**"समाधिराज एतत् तत् तदेतत् तत्त्वदर्शनम् । आग्रहछेदकार्ये तत् तदेतदमृतं परम् ॥४५१॥"**

વાત એમ છે કે **સમાધિરાજ** એ તો એક બૌદ્ધ [2]ગ્રન્થનું નામ છે જ્યારે વૃત્તિકાર '**समाधिराजे**'ને બદલે '**समाधिराज:**' પાઠ સમજી એનો અર્થ એમણે 'ઉત્તમ સમાધિ' કર્યો છે. યોગબિંદુના શ્લો. ૪૩૯-૪૪૨ પ્રમાણવાર્તિકમાંથી ઉદ્ધૃત કરાયાં છે. ટીકાકારે એ મીમાંસક કુમારિલના સમજી તે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે તે ભ્રાન્ત છે. ટીકા સ્વોપજ્ઞ નથી એમ આથી પણ પૂરવાર થાય છે. મેં ટીકા સ્વોપજ્ઞ નથી સિદ્ધ કરવા માટે જે કારણ દર્શાવેલ છે તેને બદલે અન્ય ચાર કારણો મુનિશ્રી જંબૂવિજયજીએ "યોગબિંદુના ટીકાકાર કોણ ?" નામના પોતાના લેખમાં આપ્યાં છે. આ લેખ "શ્રીમહાવીર જૈન વિદ્યાલય" તરફથી પ્રકાશિત "શ્રી મહાવીર જૈન વિદ્યાલય સુવર્ણમહોત્સવ ગ્રન્થ (ભા. ૧, પૃ. ૬૮-૭૧)માં છપાયો છે."

છે. એ પુસ્તકમાં યોગદષ્ટિસમુચ્ચય, એનો અંગ્રેજી અનુવાદ, બે પરિશિષ્ટો તેમ જ જોગવીસિયા અને એના અંગ્રેજીમાં અનુવાદ સહિત એની છાયા, એ બંને કૃતિ અંગેની અંગ્રેજી પ્રસ્તાવના, યોગદષ્ટિસમુચ્ચય તથા જોગવીસિયાનાં પદ્યોની સૂચી તેમજ યોગદષ્ટિ.માં આવતા વિશિષ્ટ શબ્દોની સૂચી અપાયાં છે.

આ કૃતિ ડૉ. કૃષ્ણકુમાર દીક્ષિતનાં અંગ્રેજી અનુવાદ, ટિપ્પણો અને પ્રસ્તાવના સહિત લા. દ. વિદ્યામંદિર તરફથી ઇ.સ. ૧૯૬૮માં પ્રકાશિત કરાઇ છે. ['योगबिन्दु के परिप्रेक्ष्य में जैनयोगसाधना' डॉ. सुव्रतमुनि]

૧. આ "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી પ્રકાશિત છે.

૨. આનો સંક્ષિપ્ત પરિચય મેં "આ. પ્ર." (પૃ. ૬૬, અં. ૩)માં છપાયેલા મારા નિમ્નલિખિત લેખમાં આપ્યો છે :– "સમાધિરાજ અને જૈન કૃતિઓ."

આ વૃત્તિ વિષે મેં કેટલીક વિગતો **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ. ૧૩૭)માં રજૂ કરી છે એટલે એ બાબત હું અહીં જતી કરું છું.

**ભાષાન્તર**–મૂળ કૃતિનું [1]ભાષાન્તર પ્રો. મણીલાલ ન. દ્વિવેદીએ કર્યું છે. જ્યારે ઋદ્ધિસાગરસૂરિજીએ [2]**બુદ્ધિસાગર** નામનું વિવચેન રચ્યું છે. સાથે સાથે અર્થ પણ આપ્યા છે. [આ. રાજશેખરસૂરિએ કરેલ સટીકનો અનુવાદ અને વિવેચન પણ અરિહંત પ્ર. ભીવંડીથી પ્રગટ થયું છે.]

P. ૧૪૦ [3]**ષોડશક**– (ઉ. વિ. સં. ૭૮૦) – આના કર્તા સુપ્રસિદ્ધ હરિભદ્રસૂરિ છે. એ સોળ અધિકારમાં વિભક્ત છે. પહેલા પંદર અધિકારમાં સોળ સોળ પદ્યો છે જ્યારે છેલ્લામાં સત્તર પદ્યો છે. આ બધાં આર્યામાં છે. આમાં ધર્મની પરીક્ષા, દેશના, ધર્મનાં લક્ષણ એમ વિવિધ વિષયો છે. ચૌદમાં અધિકારમાં યોગના ભેદનું નિરૂપણ છે. પંદરમામાં ધ્યેયના સ્વરૂપની બાબત હાથ ધરાઇ છે.

**ષોડશક**નો મેં **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ. ૧૬૦-૧૬૪)માં વિશેષ પરિચય આપ્યો છે એટલે અહીં હું એક નોંધપાત્ર બાબત રજૂ કરું છું :

**કળાકાર સાથેનું વર્તન**–**ષોડશક** (અધિ. ૬, શ્લો. ૧૦-૧૧)માં કળાકાર પ્રત્યે કેવું સહાનુભૂતિપૂર્વકનું વર્તન હોવું જોઇએ તે દર્શાવતાં નીચે મુજબની મતલબનો ઉલ્લેખ કરાયો છે :–

કળાકારને વેતન આપી રખાયેલો નોકર નહિ સમજતાં એને પોતાનો મિત્ર અને શરૂ કરેલા કાર્યમાં પરમ સહયોગી માનીને એને આવશ્યક અનુકૂળતા કરી આપવી ઘટે. એ કળાકારને સદા સન્તુષ્ટ
P. ૧૪૧ રાખવો જોઇએ. એને કોઇપણ રીતે ઠગવો ન જોઇએ. એને યોગ્ય વેતન આપવું એટલું જ નહિ પણ એની સાથે એવો વર્તાવ રાખવો જોઇએ કે જેથી એના માનસિક ભાવમાં-ઉલ્લાસમાં દિન-પ્રતિદિન વૃદ્ધિ થાય અને એ ઉત્તમ કળાકૃતિનું સર્જન કરી શકે.[4]

આ બાબત **પંચવત્થુગ**ની ગા. ૧૧૧૦-૧૩૧૨ ગત 'થયપરિણ્ણા' નામના પાહુડના સારરૂપ-અનુકરણરૂપ જણાય છે. એમાં પ્રતિમા તૈયાર કરાવનારે એ ઘડનાર સાથે કેવું વર્તન રાખવું તે દર્શાવાયું છે.

[5]**વિવરણ**– આના ઉપર **યશોભદ્રસૂરિ**નું વિવરણ છે.

---

૧. આ ભાષાન્તર ''વડોદરા દેશી કેળવણી ખાતું'' તરફથી ઇ. સ. ૧૮૯૯માં છપાવાયું છે.

૨. આ વિવેચન મૂળ અને અર્થ સહિત ''બુદ્ધિસાગર જૈન જ્ઞાનમંદિર'' તરફથી ઇ. સ. ૧૯૫૦માં પ્રકાશિત કરાયું છે. યોગદષ્ટિ સ. યોગબિંદુ સટીક છપાયા છે.

૩. આ મૂળ કૃતિ યશોભદ્રસૂરિકૃત વિવરણ અને **યોગદીપિકા** સહિત ''દે. લા. જૈ. પુ. સંસ્થા'' તરફથી ઇ. સ. ૧૯૧૧માં પ્રકાશિત થઇ છે. વળી આ કૃતિ ઉપર્યુક્ત વિવરણ અને **યોગદીપિકા**ને આધારે રચાયેલા ટિપ્પણો સહિત ''ઋ. કે. શ્વે. સં.'' તરફથી વિ. સં. ૧૯૯૨માં પ્રસિદ્ધ કરાઇ છે. ['ષોડશાધિકાર પ્રકરણ' નામે બન્ને ટીકા સાથે મુનિ વૈરાગ્યરતિ વિ. સંપાદિત નવસારીથી સં. ૨૦૫૫માં પ્રસિદ્ધ.]
[બન્ને ટીકા સાથે શ્રી મહાવીરસ્વામિ શ્વે. મૂ. તપાગચ્છ ટ્રસ્ટ મુંબઇથી ૧૯૮૪ માં]

૪. આ બાબત હિન્દીમાં મુનિશ્રી કાન્તિસાગરે ''**खण्डहरों का वैभव**'' નામના પોતાના હિન્દી પુસ્તક (પૃ. ૪)માં જણાવી છે.

૫. આ ''દે. લા. જૈ. પુ.'' તરફથી પ્રકાશિત છે. જુઓ પૃ. ૧૪૦, ટિ. ૧.

[1]**યોગદીપિકા**–આ **ષોડશક** ઉપરની ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**એ રચેલી વૃત્તિનું નામ છે.

[2]**અનુવાદ** અને **વિવેચન**–મૂળ કૃતિના પહેલા આઠ અધિકાર પૂરતો ગુજરાતીમાં અનુવાદ થયેલો છે. સાથે સાથે ગુજરાતીમાં [3]વિવેચન પણ અપાયું છે. [ઉપા. **યશોવિ.** કૃત ટીકા અને મુનિ રત્નજ્યોત વિ.ના ગુજ. અનુવાદ સાથે રંજન વિ. લાયબ્રેરી માલવાડાથી, મુનિ **અમિતયશ** વિ.ના ગુજ. અનુવાદ સાથે, મુનિ યશોવિ. કૃત કલ્યાણકંદલી (સંસ્કૃત) અને રતિદાયિની (હિન્દી) ટીકા સાથે દિવ્યદ. ટ્રસ્ટ દ્વારા પ્રસિદ્ધ]

[4]**બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય**–આની વિક્રમની ૧૨મી સદીમાં લખાયેલી જણાતી તાડપત્રીય પ્રતિમાં P. ૧૪૨ ૪૨૩ પદ્યો (કેટલાક ખંડિત) છે. આ કૃતિનું આ નામ વિદ્વદ્‌વલ્લભ **પુણ્યવિજયજી**એ યોજ્યું છે. એમના મત મુજબ આના પ્રણેતા **સમભાવભાવી** હરિભદ્રસૂરિ છે. આ યોગવિષયક કૃતિ હોવાનું પં. દલસુખ માલવણિયાએ કથન કર્યું છે. આ કૃતિના દ્વિતીય પદ્ય પ્રમાણે આનો વિષય બ્રહ્માદિની પ્રક્રિયા છે અને એનું એના સિદ્ધાન્ત અનુસાર કથન કરવાનું ગ્રન્થકાર કહે છે. શ્લો. ૩૫માં અદ્વેષ ઈત્યાદિ આઠ અંગોનો અને શ્લો. ૧૮૯-૧૯૧માં અનુક્રમે ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનો, ૨૮૦માં કલ્પસંગ્રહ નામના ગ્રંથનો અને શ્લો. ૨૧૯માં સૂરિમંત્રનો ઉલ્લેખ છે. શ્લો. ૨૦૫માં 'કાલશૂકરિ' નામ છે. આ કૃતિમાં કેટલાંક મતમતાંતરોનો બાંધેભારે નિર્દેશ છે.

[5]**યોગશાસ્ત્ર** કિંવા **અધ્યાત્મોપનિષદ્** યાને **અધ્યાત્મવિદ્યોપનિષદ્** (લ. વિ. સં. ૧૨૦૦) –

૧. આ "દે. લા. જૈ. પુ. સં." તરફથી પ્રસિદ્ધ થએલી છે.

૨. આ અનુવાદ વિવેચન તેમજ આઠ અધિકાર પૂરતા મૂળ સહિત શ્રીકેશવલાલ જૈને ઇ. સં. ૧૯૩૬માં છપાવ્યો છે.

૩. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૪. આ કૃતિ સો પદ્ય પૂરતા **જોગસયગ** અને એની સ્વોપજ્ઞ ટીકા, આ **જોગસયગ**ના ડૉ. કે. કે. દીક્ષિતકૃત અંગ્રેજી અનુવાદ ઈત્યાદિ સહિત "લાલભાઇ દ. વિદ્યામંદિર" (L. D. Institute of indology) તરફથી "યોગશતક આચાર્ય હરિભદ્રકૃત સ્વોપજ્ઞ વૃત્તિ તથા બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય સહ"ના નામથી ઇ. સ. ૧૯૬૫માં પ્રકાશિત કરાઇ છે. મુનિશ્રી **પુણ્યવિજયજી**ની સંસ્કૃતમાં લખાયેલી પ્રસ્તાવનાને તેમજ ડૉ. ઇન્દુકળાના અંગ્રેજી ઉપોદ્‌ઘાતને અત્ર સ્થાન અપાયું છે.

૫. આ મૂળ કૃતિ "જૈ. ધ. પ્ર. સ." તરફથી ઇ. સ. ૧૯૧૨માં છપાવાઇ છે. વળી આ જ કૃતિ **ધર્મદાસગણિ**કૃત **ઉવએસમાલા** સહિત ઇ. સ. ૧૯૧૫માં અને સ્વોપજ્ઞ વૃત્તિ સહિત આ મૂળ કૃતિ એના જ તરફથી ઇ.સ. ૧૯૨૬માં પ્રકાશિત થઇ છે. **ધર્મવિજયજી**એ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત મૂળનું જે સંપાદન કર્યું હતું તે એશિયાટિક સોસાયટી ઑફ બૅંગૉલ તરફથી બિબ્લિઓથેકા ઇંડિકામાં ઇ. સં. ૧૯૦૭થી ૧૯૦૯ ઇ. એમ કટકે કટકે ઇ.સ. ૧૯૨૧ સુધી પ્રસિદ્ધ થયું છે. એનો ત્રીજા પ્રકાશના શ્લો. ૧૨૦મા વિવરણ સુધીનો છપાયેલો ભાગ મારા જોવામાં આવ્યો છે. એથી વિશેષ લખાણ છપાયું છે ખરું ? મૂળ કૃતિ (પ્ર. ૧-૪) ઇ. વિંડિશે કરેલા જર્મન અનુવાદ સહિત (Z D M G ( Vol. 28, p. 185 ff.)માં છપાઇ છે. [સ્વોપજ્ઞટીકા સાથે જૈન સા. વિ. મંડલ વ. દ્વારા પ્રસિદ્ધ છે.]

મૂળનો **ચુનીલાલ** હકમચંદ શાહે ગુજરાતીમાં કરેલો શબ્દાર્થ (અનુવાદ) એમણે પોતે મૂળ સહિત વિ. સં. ૧૯૭૩માં છપાવ્યો હતો. એનું સંશોધન **માનસાગરજી**એ કર્યું હતું. સમગ્ર મૂળ કૃતિ "વિજયદાનસૂરીશ્વર જૈન ગ્રંથમાલા"માં ઇ. સં. ૧૯૩૯માં છપાઇ છે.

મૂળ તથા "યોગશાસ્ત્ર: એક પરિશીલન" (પૃ. ૧-૬૩) તેમજ આ મૂળનો હિન્દી અનુવાદ જે. પં. **શોભાચન્દ્ર**

P. ૧૪૩ આના પ્રણેતા 'કલિ.' હેમચન્દ્રસૂરિ છે. આ [1]રચના એમનાથી ચાર વર્ષે નાના અને યોગોપાસનાના
P. ૧૪૪ અભિલાષી રાજા કુમારપાલની અભ્યર્થનાનું ફળ છે. [2]શાસ્ત્ર, [3]સદ્ગુરુની વાણી અને [4]સ્વાનુભવને આધારે યોજાયેલો અને ગૃહસ્થોને પણ યોગની નીસરણીએ ચડાવનારો તેમજ [5]મુમુક્ષુઓને માટે 'વજ્રકવચ'
P. ૧૪૫ જેવો આ ગ્રંથ [6]બાર પ્રકાશમાં વિભક્ત છે. એમાં ૧૦૦૯ પદ્યો છે. પ્રકાશદીઠ પદ્યોની સંખ્યા નીચે મુજબ છે :- ૫૬, ૧૧૫, ૧૫૬, ૧૩૬, ૨૭૩,, ૮, ૨૮, ૮૧, ૧૬, ૨૪, ૬૧ અને ૫૫.

---

ભારિલ્લે ટિપ્પણો સહિત કર્યો છે તે શ્રી ઋષભચન્દ્ર જૌહરીએ અને શ્રી કિશનલાલ જૈને ઇ. સ. ૧૯૬૩માં "યોગશાસ્ત્ર"ના નામથી પ્રસિદ્ધ કર્યો છે.

"શ્રી મહાવીર જૈન વિદ્યાલયે" મૂળના ચાર પ્રકાશોની એના ગુજરાતી અનુવાદ અને દૃષ્ટાંતોના સાર સહિતની પ્રથમ આવૃત્તિ ઇ. સ. ૧૯૪૧માં પ્રસિદ્ધ કરી હતી. એમાં પ્ર. ૧-૪ ગત પદ્યોની અકારાદિ ક્રમે સૂચી અપાઇ હતી. દ્વિતીય આવૃત્તિ ઇ. સ. ૧૯૪૯માં પ્રકાશિત કરાઇ છે. એના સંપાદક અને મૂળના અનુવાદ શ્રી ખુશાલદાસ છે. એમાં હેમચન્દ્રસૂરિના જીવન અને કૃતિકલાપની ઝાંખી કરાવાઇ છે. ત્યાર બાદ યોગને અંગે કેટલીક માહિતી અપાઇ છે. પછી ચારે પ્રકાશોનો વિષયાનુક્રમ છે. અંતમાં ત્રણ પરિશિષ્ટો છે : દૃષ્ટાંતોનો ટૂંકસાર, પદ્યાનુક્રમ અને વિશિષ્ટ શબ્દોની સૂચિ. પૃ. ૩૧માં કહ્યું છે કે પ્ર.૨-નો શ્લો. ૩૯ **અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા** (શ્લો. ૧૧) ઉપરની **સ્યાદ્વાદમંજરી**માં અપાયો છે.

મૂળનો વિવેચનપૂર્વક ગુજરાતી અનુવાદ કેસરવિજયજીએ કર્યો છે. એની પાંચમી આવૃત્તિ બાલચંદ શાહે "યોગશાસ્ત્ર-ભાષાંતર"ના નામથી વિ. સં. ૨૦૧૫માં પ્રકાશિત કરી છે. પહેલી આવૃત્તિ વિ. સં. ૧૯૬૩માં બહાર પડાઇ હતી.

હીરાલાલ વિ. હંસરાજે સંપૂર્ણ મૂળનો જે અર્થ (અનુવાદ) તેમજ સ્વોપજ્ઞ વિવરણનો જે ભાવાર્થ કર્યો હતો તે બંને પૂરેપૂરા મૂળ સહિત ભીમસિંહ માણેકે ઇ. સં. ૧૮૯૯માં એક જ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કર્યા હતા. એમાં વિષયસૂચી 'અનુક્રમણિકા'રૂપે ગુજરાતીમાં અપાઇ છે.

મૂળ કૃતિનો ગુજરાતી છાયાત્મક અનુવાદ શ્રી ગોપાલદાસ પટેલે કર્યો છે અને એને અંગે ઉપોદ્ઘાત લખ્યો છે. એ "પૂંજાભાઇ જૈન ગ્રંથમાલા"માં ઇ.સ. ૧૯૩૮માં "યોગશાસ્ત્ર"ના નામથી છપાયો છે. એમાં વિષયોની અનુક્રમણિકા વિવિધ ટિપ્પણો છે અને પારિભાષિક આદિ શબ્દોની સૂચિ છે. વિશેષમાં સુભાષિતો તરીકે મૂળ પદ્યો અને એનો ગુજરાતીમાં અનુવાદ અપાયો છે.

મૂળ કૃતિનો ગુજરાતી છાયાત્મક અનુવાદ શ્રી ગોપાલદાસ પટેલે કર્યો છે અને એને અંગે ઉપોદ્ઘાત લખ્યો છે. એ "પૂંજાભાઇ જૈન ગ્રંથમાલા"માં ઇ.સ. ૧૯૩૮માં "યોગશાસ્ત્ર"ના નામથી છપાયો છે. એમાં વિષયોની અનુક્રમણિકા વિવિધ ટિપ્પણો છે અને પારિભાષિક આદિ શબ્દોની સૂચિ છે. વિશેષમાં સુભાષિતો તરીકે મૂળ પદ્યો અને એનો ગુજરાતીમાં અનુવાદ અપાયો છે.

૧. આવી બીજી રચના તે **વીતરાગસ્તોત્ર** છે.

૨. જુઓ પ્ર. ૧૨ શ્લો. ૫૫. આ શ્લો. પ્ર. ૧, શ્લો. ૪ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૧૦અ)માં પણ જોવાય છે.

૩-૪. જુઓ પ્ર. ૧૨, શ્લો. ૫૫

૫. જુઓ **મોહરાજપરાજય** (અંક-૫).

૬. આની સાથે **વીતરાગસ્તોત્ર**ના વીસ પ્રકાશોનો પાઠ કુમારપાલ ભૂપાલ દાંતની શુદ્ધિને અર્થે કરતા હતા એમ કહેવાય છે.

**વિષય**—જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ યોગ એ ચાર પુરુષાર્થોમાં શ્રેષ્ઠ એવા મોક્ષનું કારણ છે એમ શ્લો.૧૫માં કહી એનું સ્વરૂપ આ [1]**યોગશાસ્ત્ર**માં આલેખાયું છે. શ્લો. ૧૯-૪૬ શ્રમણ-ધર્મનું સ્વરૂપ રજૂ કરે છે, બાકી આ ગ્રંથનો મોટો ભાગ ગૃહસ્થધર્મને લાગતો છે. એને અંગે ૨૮૨ પદ્યો છે. આ સમગ્ર ગ્રંથને બે ખંડમાં વિભક્ત કરી શકાય. પ્ર. ૧-૪ સુધીનો ખંડ ગૃહસ્થોને ઉપયોગી થાય એવા ધર્મનું સ્વરૂપ સમજાવે છે તો બાકીના પ્રકાશરૂપ બીજો ખંડ પ્રાણાયામાદિ યોગના વિષયને વ્યક્ત કરે છે.

પ્રથમ પ્રકાશમાં પ્રસંગવશાત્ માર્ગાનુસારીના ૩૫ ગુણો સમજાવાયા છે. આ બાબત આ પૂર્વે **ધર્મબિન્દુ** (અ, ૧)માં સૂ. ૩-૩૩ રૂપે અપાઇ છે.

દ્વિતીય પ્રકાશમાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વનો તેમજ શ્રાવકનાં બાર વ્રતો પૈકી પહેલાં પાંચ-અણુવ્રતોનો અધિકાર છે. પ્ર. ૩, શ્લો. ૪૧ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૧૬૫ આ)માં નિમ્નલિખિત પદ્ય છે :—

"करभाणां विवाहे तु रासभास्तत्र गायनाः (?काः) ।
परस्परं प्रशंसन्ति अहो रूपमहो ध्वनिः ॥"

તૃતીય પ્રકાશમાં બાકીનાં સાત વ્રતોનું તેમ જ બારે વ્રતોના અતિચારોનું નિરૂપણ છે. વળી P. ૧૪૬
મહાશ્રાવકની દિનચર્યા અને શ્રાવકના મનોરથો અહીં વિચારાયાં છે.

ચતુર્થ પ્રકાશમાં આત્માની રત્નત્રય સાથે એકતા, બાર ભાવના, ચાર પ્રકારનાં ધ્યાન અને આસનો વિષે માહિતી અપાઇ છે.

પાંચમાં પ્રકાશમાં [2]પ્રાણાયામના પ્રકારોનું વર્ણન અને કાલજ્ઞાનનું એટલે મૃત્યુની આગાહીનું સ્વરૂપ છે.

છઠ્ઠા પ્રકાશમાં પાતંજલ **યોગસૂત્ર**માં નિર્દેશાયેલી પરકાયપ્રવેશની હકીકત અપાઇ છે.

સાતમો પ્રકાશ ધ્યાતા, ધ્યેય, ધારણા અને ધ્યાનનું સ્વરૂપ પૂરું પાડે છે.

આઠમા પ્રકાશમાં 'પદસ્થ' ધ્યાન અને નવમામાં 'રૂપસ્થ' ધ્યાનનો વિષય ચર્ચાયો છે.

દસમામાં 'રૂપાતીત' ધ્યાનનું અને અગિયારમામાં 'શુક્લ' ધ્યાનનું નિરૂપણ છે.

બારમો પ્રકાશ યોગની સિદ્ધિ તેમજ આ ગ્રંથની રચનાના હેતુ ઉપર પ્રકાશ પાડે છે. અહીં P. ૧૪૭
રાજયોગની ભલામણ કરાઇ છે. આ પ્રકાશના ૧૨મા પદ્યમાં [3]સિદ્ધરસનો ઉલ્લેખ છે. ચતુર્થ પ્રકાશના

૧. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૨૩)માં આ ગ્રન્થનું નામ 'યોગશાસ્ત્રપ્રકાશ' અપાયું છે. એ નામ ચિન્ત્ય જણાય છે. આ નામકરણ સાચું જ હોય તો તે માટે તપાસ થવી ઘટે.

૨. **જ્ઞાનાર્ણવ**માં આને અંગે ૨૯૦ પદ્યો છે જ્યારે અહીં વૃત્તિમાં ૩૦૦ કરતાં અધિક છે. જુઓ **હેમસમીક્ષા** (પૃ. ૨૬૪-૫). આમ પ્રાણાયામાદિનું જે વિસ્તૃત નિરૂપણ કરાયું છે તેમજ કાલજ્ઞાનને અંગે શુકન, જ્યોતિષ વગેરે વાતો **જ્ઞાનાર્ણવ**માં નથી તે ઉમેરાઇ છે તે અનુચિત છે એમ શ્રી ગોપાલદાસ પટેલે ઉપોદ્ઘાત (પૃ. ૩૭)માં કહ્યું છે, પણ એનો રદિયો આપવા માટે આ સ્થળ નથી. વળી એ કાર્ય તો હેમચન્દ્રસૂરિએ સ્વોપજ્ઞ વૃત્તિમાં કરેલો ઉલ્લેખ વિચારનારને સુગમ છે.

૩. આ સંબંધમાં મેં "સિદ્ધરસ અને રસકૂપ" નામના મારા લેખમાં કેટલીક બાબતો લખી છે. આ લેખ "જૈ. સ. પ્ર." (વ. ૧૪, અં.૭)માં છપાયો છે

પ્રારંભની સ્વોપજ્ઞ વૃત્તિમાં કહ્યું છે કે ધર્મ અને ધર્મી વચ્ચે ભેદ માનીને આત્માના જ્ઞાનાદિ ત્રણ રત્નોનું નિરૂપણ કરાયું જ્યારે આ પ્રકાશમાં ધર્મ અને ધર્મીનો ભેદ માની એ ત્રણ રત્નોનું નિરૂપણ કરાય છે.

**સન્તુલન**–પ્ર. ૧૨મા શ્લો૦ ૨૪-૨૫ અને ૩૭ **ભગવદ્‌ગીતા**નું સ્મરણ કરાવે છે. કેટલાક શ્લોક **જ્ઞાનાર્ણવ** સાથે સામ્ય ધરાવે છે. કેટલાક એમ કહે છે કે **જ્ઞાનાર્ણવ**ના કર્તા **શુભચન્દ્રાચાર્ય હેમચન્દ્રસૂરિ** કરતાં સિત્તેરેક વર્ષ પૂર્વે થયાં છે. એટલે **હેમચંદ્રસૂરિ**એ એમાંથી ઉતારા કર્યા છે. આની વિરુદ્ધની હકીક્ત દાખલા-દલીલપૂર્વક સ્વ. **મોહનલાલ** ભ. ઝવેરીએ **શ્રીભૈરવપદ્માવતીકલ્પ**ના અંગ્રેજી [1]ઉપોદ્‌ઘાત (પૃ. ૩૪૦-૩૫૧)માં વિચારી છે, આમ આ વિવાદગ્રસ્ત વિષય છે એટલું જ સૂચન હું અહીં કરું છું કેમકે વિશેષ ચર્ચા માટે અત્ર અવકાશ નથી.

**યોગશાસ્ત્ર**નો આદ્ય શ્લોક તે હૈમ **ત્રિષષ્ટિ.**ના દસમા પર્વનો પણ પહેલો શ્લોક છે.

પ્ર. ૪ના શ્લો. ૯૦-૯૪-૯૬-૯૭-૯૯ અને ૧૧૨ **સિદ્ધસેન** દિવાકરે રચેલી મનાતી ૨૧મી દ્વાત્રિંશિકાના શ્લો. ૧૯-૨૪-૨૦-૨૧-૨૨ અને ૨૩ સાથે સરખાવવા જેવા છે.

P. ૧૪૮ **અનેકાર્થી પદ્યો**–**યોગશાસ્ત્ર**ના આદ્ય પદ્યના ૫૦૦ અર્થ **લાભવિજયગણિ**એ અને ૭૦૦ અર્થ **વિજયસેનસૂરિ**એ કર્યા છે. દ્વિતીય પ્રકાશના [2]દસમા પદ્યના ૧૦૬ અર્થો **માનસાગરે** કર્યા છે. આ પ્રકાશના ૮૫મા પદ્યને અંગે એક શતાર્થી જયસુન્દરસૂરિએ રચ્યાનું કહેવાય છે[3].

[4]**સ્વોપજ્ઞ** [5]**વૃત્તિ**–આ ૧૨૦૦૦ શ્લોક જેવડી વૃત્તિ **હેમચન્દ્રસૂરિ**એ જાતે રચી છે. આની એક હાથપોથી વિ. સં. ૧૨૫૧માં લખાયેલી મળે છે.

આના આદ્ય પદ્ય ઉપરથી આ વૃત્તિનું નામ **અર્થ–વિશેષ–નિર્ણય** હોવાની કલ્પના કરાય છે. એમાં નિરૂપાયેલા વિષયનો વિશિષ્ટ બોધ થાય તે માટે વૃત્તિકારે જાતે વૃત્તિમાં કેટલીક વાર પ્રશ્ન (શંકા) ઉપસ્થિત કરી ઉત્તર (સમાધાન) દર્શાવેલ છે.

આ વૃત્તિ બોધક અને રોચક એવા ધાર્મિક ઉપદેશથી, જાત-જાતની કથાઓથી, વિવિધ [6]સામાજિક હકીકતોથી અને અનેક અવતરણોથી અલંકૃત છે. પ્રસ્તુત કથાઓ નીચે મુજબ છે.

---

૧. પં. **નાથૂરામ** પ્રેમી અને શ્રી **ગોપાલદાસ** પટેલ **શુભચન્દ્રાચાર્ય**ને 'કલિ.' હેમચન્દ્રસૂરિના પુરોગામી માને છે. આનું નિરસન કરનારો આ ઉપોદ્‌ઘાત શ્રી **સારાભાઇ** મ. નવાબ તરફથી ઇ. સ. ૧૯૪૪માં છપાવાયો છે.

૨. આ બારમું પદ્ય છે એમ ૧૦૬ અર્થોવાળી જે કૃતિ છપાઇ છે તેમાં સ્પષ્ટ ઉલ્લેખ છે તેનું શું કારણ ?

૩. આ સંબંધમાં વિશેષ માહિતી માટે જુઓ. **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૨, ઉપખંડ ૧, પૃ. ૪૬૭-૪૬૯).

૪. જૈન સાહિત્ય વિ. મંડળ વગેરે તરફથી આ છપાયેલી છે.

૫. આના અંતમાંનાં બે પદ્યો પૈકી પહેલામાં આનો 'વૃત્તિ' તરીકે અને બીજામાં 'વિવૃતિ' તરીકે ઉલ્લેખ છે જ્યારે પુષ્પિકામાં 'વિવરણ' તરીકે ઉલ્લેખ છે.

૬. દા. ત. અહીં આઠ પ્રકારના લગ્નની વાત છે.

| કથા | પ્રકાશ | પદ્યાંક | પત્રાંક | પદ્ય સંખ્યા | વિષય | |
|---|---|---|---|---|---|---|
| મહાવીરસ્વામી | ૧ | ૨ | ૨ અ-૬અ | ૧૪૦ | સમદૃષ્ટિ (સર્પ અને ઇન્દ્ર પ્રત્યે) | P. ૧૪૯ |
| મહાવીર+સંગમક | ૧ | ૩ | ૬અ-૯આ | ૧૨૨ | કારુણ્ય | |
| સનત્કુમાર ચક્રી | ૧ | ૮ | ૧૦આ-૧૨આ | ૬૦ | યોગના ફળની પ્રાપ્તિ (કફની લબ્ધિ) | |
| ભરત ચક્રી+આદિનાથ | ૧ | ૧૦ | ૧૫અ ૩૦આ | ૫૨૬ | યોગનું માહાત્મ્ય | |
| દૃઢપ્રહારી | ૧ | ૧૨ | ૩૧અ-૩૩આ | ૫૩ | યોગનું માહાત્મ્ય | |
| ચિલાતીપુત્ર | ૧ | ૧૩ | ૩૩અ-૩૫આ | ૭૬ | યોગનું આલંબન | |
| સુભૂમ ચક્રી | ૨ | ૨૭ | ૭૨આ-૭૫આ | ૧૦૦ | હિંસા | |
| બ્રહ્મદત્ત ચક્રી | ૨ | ૨૭ | ૭૫આ-૯૦આ | ૫૦૫ | હિંસા | |
| સુલસ (કાલસૌકરિકનો પુત્ર) | ૨ | ૩૦ | ૯૧અ-૯૫આ | ૧૪૭ | હિંસાનો ત્યાગ | |
| કાલકાચાર્ય | ૨ | ૬૦ | ૧૦૪આ-૧૦૫આ | ૩૦ | સત્ય | |
| વસુ (નારદ+પર્વત) | ૨ | ૬૦ | ૧૦૫આ-૧૦૫અ | ૭૧ | અસત્ય | P. ૧૫૦ |
| કૌશિક | ૨ | ૬૧ | ૧૦૫અ-૧૦૫આ | ૭ | (પરપીડાકારી) સત્યનો ત્યાગ | |
| મૂલદેવ+મંડિક | ૨ | ૭૨ | ૧૧૮અ-૧૧૭અ | ૨૯૯ | જુગાર, ચોરી | |
| રોહિણેય | ૨ | ૭૨ | ૧૧૭અ-૧૨૦અ | ૧૧૨ | અચૌર્ય | |
| રાવણ | ૨ | ૯૯ | ૧૨૫અ-૧૩૪અ | ૨૭૮ | પરસ્ત્રીની અભિલાષા | |
| સુદર્શન | ૨ | ૧૦૧ | ૧૩૪આ-૧૪૦અ | ૧૯૦ | પરસ્ત્રીથી વિરતિ | |
| સગર ચક્રી | ૨ | ૧૧૨ | ૧૪૫-અ૧૪૬આ | ૪૮ | પરિગ્રહ | |
| કુચિકર્ણ | ૨ | ૧૧૨ | ૧૪૬આ-૧૪૭અ | ૮ | પરિગ્રહ | |
| તિલક | ૨ | ૧૧૨ | ૧૪૭અ | ૧૧ | પરિગ્રહ | |
| નન્દ | ૨ | ૧૨૨ | ૧૪૭આ-૧૪૮અ | ૨૬ | પરિગ્રહ | P. ૧૫૧ |
| અભયકુમાર | ૨ | ૧૧૪ | ૧૪૮આ-૧૫૪અ | ૨૧૨ | સંતોષ | |
| ચન્દ્રાવતંસક નૃપ | ૩ | ૮૩ | ૧૭૭અ-૧૭૭આ | ૯ | સામાયિકથી કર્મનિર્જરા | |
| શ્રાવક ચુલનીપિતૃ | ૩ | ૮૬ | ૧૭૮આ-૧૮૦આ | ૯૬ | પૌષધ | |
| વત્સપાલક સંગમક | ૩ | ૮૮ | ૧૮૫આ-૧૮૬અ | ૧૨૭ | સુપાત્રદાન (મુનિને) | |
| મુનિરત્ન સ્થૂલભદ્ર | ૩ | ૧૩૨ | ૨૫૮આ-૨૬૫આ | ૨૪૧ | સ્ત્રીના દેહનું સ્વરૂપ | |
| શ્રાવક કામદેવ | ૩ | ૧૩૯ | ૨૬૭આ-૨૬૯આ | ૬૬ | વ્રત | |
| શ્રાવક આનંદ | ૩ | ૧૫૩ | ૨૭૫આ-૨૭૭આ | ૬૪ | સમાધિમરણ | |

P. ૧૫૨ પ્ર. ૩, શ્લો. ૧૨૩ની વૃત્તિમાં ઉત્કૃષ્ટ ચૈત્યવંદનનાં સૂત્રોનું સ્પષ્ટીકરણ છે. તેમાં **શક્રસ્તવનું** વિવરણ અગ્રસ્થાન ભોગવે છે.

પ્ર. ૫-ની વૃત્તિમાં [1]હઠયોગની પ્રક્રિયા વિસ્તારથી સમજાવાઇ છે અને એના કારણ તરીકે એ શરીરના આરોગ્ય માટે અને કાલજ્ઞાન વગેરેમાં ઉપયોગી છે એમ કહ્યું છે.

**સામ્ય**–હૈમ **ત્રિષષ્ટિ.** (પ. ૧૦, સ. ૨)ના શ્લો. ૬૦ ઇ. પ્ર. ૧, શ્લો. ૨ની વૃત્તિગત શ્લો. [2]૮ વગેરે સાથે મળે છે.

**ધર્મબિન્દુની મુનિચન્દ્ર**સૂરિકૃત વૃત્તિનો કેટલોક અંશ આ વૃત્તિમાં અક્ષરશઃ અપાયો છે એમ મુનિશ્રી જંબૂવિજયજીનું કહેવું છે.

પ્ર. ૮, શ્લો. ૪૬ની વૃત્તિ (પત્ર ૩૭૨આ)માં અપાયેલો બીજો મંત્ર સંસ્કૃત [3]**શક્રસ્તવ** (પૃ. ૨૪૪)માં જોવાય છે.

**અવતરણો**–સ્વોપજ્ઞ વૃત્તિમાં **અયોગ-વ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા**ના ઉલ્લેખપૂર્વક એમાંથી ૧૨મું, ૨૨મું અને ૨૭મું એમ ત્રણ [4]પદ્યો અને **વીતરાગસ્તોત્ર**ના ઉલ્લેખપૂર્વક કેટલાંક [5]પદ્યો અવતરણરૂપે અપાયાં
P. ૧૫૩ છે. વળી [6]**સિ. હે.**, [7]**ઉણાદિસૂત્ર** અને [8]**અભિ. ચિં.**માંથી પણ અવતરણ અપાયાં છે. આ ઉપરાંત ચિરંતનાચાર્યની કોઇક કૃતિમાંથી પ્રતિક્રમણની વિધિને અંગે [9]૩૩ પાઇય પદ્યો (ગાથા) ઉદ્‌ધૃત કરાયાં છે. વળી પોતાના ગુરુની કોઇ [10]કૃતિમાંથી અને હારિભદ્રીય [11]**સમરાઇચ્ચચરિય**માંથી તેમજ નીચે મુજબની અજૈન કૃતિઓમાંથી પણ અવતરણ અપાયાં છે :– [12]**બૃહદારણ્યક** (ઉપનિષદ્), **કામસૂત્રની** [13]દાંડયક્ય ભોજની કંડિકા, **જૈમિનિકૃત** [14]**પૂર્વમીમાંસા,** [15]**મનુસ્મૃતિ,** [16]**મહાભારત** અને [17]**મુદ્રારાક્ષસ.**

**ઉદ્ધરણો**– **આ યોગશાસ્ત્ર** (પ્ર. ૪, શ્લો. ૭૮)ની સ્વોપજ્ઞ વૃત્તિમાં જે જ્ઞાનાવરણાદિ કર્મોના

---

૧. આ **કુમારવાલચરિત્ત** (પ્રાકૃત દ્વયાશ્રય)માંના અંતિમ ભાગમાં શ્રુતદેવી **કુમારપાલ**ને હઠયોગનો ઉપયોગ આપે છે એ હકીકત છે.

૨. શ્લો. ૧-૭ ભિન્ન છે.

૩. આ છપાવાયેલો છે. જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૨, ઉપખંડ) ૧, પૃ. ૨૮૬).

૪. જુઓ પત્ર ૫૯આ, ૫૯આ અને ૬૭આ. ૫. જુઓ પત્ર ૨૧૭આ અને ૩૦૦અ.

૬. જુઓ પત્ર ૫૨-આ, ૫૬-અ, ૧૭૬-અ, ૨૧૬-આ, ૨૧૭-અ, ૨૨૫-આ, ૨૨૮-અ, ૨૨૯-અ ઇત્યાદિ (જૈ. ૫. પ્ર. સં.નું પ્રકાશન)

૭. જુઓ પત્ર ૨૨૬-અ. ૮. જુઓ પત્ર ૯. જુઓ પ્ર. ૩, શ્લો. ૧૩૦ની વૃત્તિ (પત્ર ૨૪૭-આ, ૨૫૦-અ).

૧૦. જુઓ પત્ર ૨૦૯આ. અહીં ત્રણ પાઇય અવતરણો છે.

૧૧. જુઓ પત્ર ૯૧-અ ૧૨. જુઓ પત્ર ૨૭૯-આ.

૧૩. જુઓ પત્ર ૫૬-અ. અને ૧૨૧-આ (**વાત્સ્યાયન**નો નિર્દેશ).

૧૪. જુઓ પત્ર ૯૬-આ.

૧૫. જુઓ પત્ર ૫૨-આ, ૯૬-અ, ૯૬આ, ૯૮-અ, ૯૯-આ, ૧૬૦-અ, ૧૬૦-આ અને ૧૬૧-આ. પ્ર. ૨, શ્લો. ૩૩-૩૬ અને ૪૧-૪૬ તેમજ પ્ર. ૨, શ્લો. ૨૧, ૨૨ અને ૨૬ મનુસ્મૃતિમાં પદ્યરૂપ છે.

૧૬. જુઓ પત્ર ૫૬-આ. ૧૭. જુઓ પત્ર ૨૧૨-અ.

આશ્રવોને અંગે પદ્યો છે તે દેવેન્દ્રસૂરિએ **કમ્મવિવાગ** (ગા. ૫૦-૫૭)ની સ્વોપજ્ઞ ટીકામાં કટકે કટકે અવતરણરૂપે આપ્યાં છે.

**રચના–સમય**–આ વૃત્તિ એ લગભગ અંતિમ કૃતિ હોય એમ ભાસે છે કેમકે એમાં હેમચન્દ્રસૂરિની વિવિધ કૃતિઓનો એક યા બીજા સ્વરૂપે ઉલ્લેખ જોવાય છે.

આ **યોગશાસ્ત્ર** ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ ઉપરાંત નીચે મુજબનું સ્પષ્ટીકરણરૂપ સાહિત્ય રચાયું છે :– P. ૧૫૪

(૧) **યોગિરમા**–આ ટીકાની એક હાથપોથી કારંજા (અકોલા)ના શાસ્ત્રભંડારમાં છે. એનો શ્રી જુગલકિશોર મુખ્તારે નિમ્નલિખિત [1]લેખમાં વિસ્તૃત પરિચય આપ્યો છે :–

''**आचार्य हेमचन्द्र के योगशास्त्र पर एक प्राचीन दिगंबर टीका ॥**''

એ ઉપરથી હું સંક્ષેપમાં કેટલીક વિગતો અત્ર આપું છું :–

પ્રસ્તુત ટીકા દિ. ઈન્દ્રનન્દિએ **ચન્દ્રમતી** માટે શકસંવત્ ૧૧૮૦માં રચી છે. એઓ દિ. **અમરકીર્તિ**ના શિષ્ય થાય છે. પ્રારંભમાં ત્રણ પદ્યો છે અને અંતમાં પરિશિષ્ટ તરીકે એક પદ્ય છે. બાકીનું લખાણ ગદ્યમાં છે. ટીકાકારે **યોગશાસ્ત્ર**ના પ્રણેતા હેમચન્દ્રસૂરિને 'વિદ્વદ્-વિશિષ્ટ' તેમજ 'પરમયોગીશ્વર' કહ્યા છે. એમણે પોતાના ગુરુનો 'ચતુર્ધાગમવેદી' ઈત્યાદિરૂપે નિર્દેશ કર્યો છે. એમણે આ ટીકાનું 'યોગિરમા' નામ રાખ્યું છે.

**યોગશાસ્ત્ર**ને આ ટીકાકારે નવ અધિકારોમાં વિભક્ત કરી [2]પ્રથમ અધિકારનું નામ 'ગર્ભોત્પત્તિ' રાખ્યું છે. એ અધિકાર તેમજ અન્ય અધિકારોગત કેટલાંક પદ્યો સ્વોપજ્ઞ વૃત્તિ સહિત પ્રકાશિત **યોગશાસ્ત્ર**માં નથી. કેટલીક વાર પાઠભેદો પણ નજરે પડે છે.

પ્રથમના ચાર પ્રકાશોને સ્થાને ઉર્પયુક્ત પ્રથમ અધિકાર છે જ્યારે પ્ર ૫-૧૨ માટે એકેક અધિકાર છે. **યોગશાસ્ત્ર**ની સ્વોપજ્ઞ વૃત્તિમાં પ્ર. ૫-૧૨ વિષે બહુ થોડી માહિતી અપાઈ છે જ્યારે આ **યોગિરમા** એ દિશામાં પુષ્કળ પ્રકાશ પાડે છે. એમાં કેટલાંક નવીન યંત્રો અને મંત્રો પણ અપાયાં છે. સ્વોપજ્ઞ P. ૧૫૫
વૃત્તિગત કેટલાંક આન્તર શ્લોકોનો મૂળ તરીકે આ ટીકાકારે ઉલ્લેખ કર્યો છે.

(૨) **વાર્તિક**–આની રચના ઈન્દ્રસૌભાગ્યગણિએ કરી છે.

(૩) **વૃત્તિ**–પદ્મપ્રભસૂરિના શિષ્ય **અમરપ્રભસૂરિ**એ આ રચી છે. આની એક હાથપોથી વિ સં. ૧૬૧૯માં લખાએલી છે.

(૪) **અવચૂરિ** (વૃત્તિ?)–આના કર્તા વિષે ખબર નથી. [**સોમસુન્દરસૂરિ**કૃત અવચૂરિ **યોગશાસ્ત્ર** ભા. ૩ (સંપા. જંબૂવિ. મ)માં પ્રસિદ્ધ છે.]

(૫) **ટીકા-ટિપ્પન**–આના કર્તાનું નામ જાણવામાં નથી.

(૬) **બાલાવબોધ**–આ ગુજરાતીમાં છે અને એના કર્તા **સોમસુન્દરસૂરિ** છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૦૮માં લખાયેલી છે.

૧. આ લેખ ''શ્રમણ'' (વ. ૧૮, અ. ૧૧)માં પ્રસિદ્ધ કરાયો છે.

૨. આમાં ૫૮ પદ્યો છે.

(૭) **બાલાવબોધ**–આ ગુજરાતી વિવરણ **મેરુસુન્દરગણિએ** વિ. સં. ૧૫૦૮માં રચ્યું છે. આનો પ્રસંગોપાત્ત સંસ્કૃત લખાણવાળો પ્રારંભિક અંશ નિમ્નલિખિત [1]પુસ્તકમાં બે કટકે પૃ. ૧૧૩-૧૧૪ અને ૨૫૦-૨૫૨માં રજૂ કરાયો છે :–

"યોગશાસ્ત્રના અષ્ટમ પ્રકાશનું સવિસ્તર વિવરણ (વિભાગ-૧)" આ પુસ્તકમાં પ્ર. ૮ના શ્લો ૧-૧૭ અપાયા છે. અને સાથે એનું ગુજરાતીમાં તલસ્પર્શી વિવરણ અપાયું છે. એ માટે સોએક ગ્રન્થો વગેરેનો ઉપયોગ કરાયો છે.[2] મંત્ર, કુણ્ડલિની ઈત્યાદિ વિષે આવશ્યક માહિતી અપાઈ છે. વિશેષમાં સમર્થક ઉલ્લેખો અપાયા છે.[3] એ આ પુસ્તકની ઉપયોગિતા અને મહત્તામાં વૃદ્ધિ કરે છે.

[(૮) **લઘુયોગશાસ્ત્ર**– પ્ર. જૈનધર્મફંડ પેઢી ભરૂચ]

**ચિત્રો–મહા. નવ.** (પૃ. ૧૨૨-૧૩૪)માં આઠમો પ્રકાશ ગુજરાતી અનુવાદ સહિત છપાયો છે. એને અંગેનાં ૧૯ ચિત્રો (ચિત્રો ૫-૨૩) આ કૃતિમાં અપાયાં છે. પાંચમું ચિત્ર ધ્યાનસ્થ પુરુષને અંગેનું છે અને બાકીનાં પદસ્થ ધ્યાન સંબંધી છે.

**ગુજરાતી અનુવાદો**–મૂળના ગુજરાતીમાં વિવિધ અનુવાદો થયા છે. એ અનુવાદકોનાં નામ નીચે મુજબ છે :–

કેસરવિજય, **ગોપાલદાસ** પટેલ, **ચુનીલાલ** હકમચંદ શાહ અને [આ. **હેમસાગરસૂરિ**] **હીરાલાલ**
P. ૧૫૬ વિ. હંસરાજ. આ પૈકી **હીરાલાલે** [અને આ. હેમસાગરસૂરિએ] તો સ્વોપજ્ઞ વૃત્તિનો પણ અનુવાદ કર્યો છે. આ તમામ અનુવાદો પ્રકાશિત થયા છે. જુઓ પૃ. 77-78 ટિ. 5

**હિન્દી અનુવાદ**–મૂળનો આ અનુવાદ પં. **શોભાચન્દ્રે** કર્યો છે અને એ છપાયો છે. જુઓ પૃ. [સટીકનો આ. **પદ્મચન્દ્રસૂરિએ** અનુવાદ કર્યો છે. નિર્ગ્રંથ પ્ર. હસ્તિનાપુરથી પ્રસિદ્ધ છે.] પૃ. 77-78 ટિ. 5

[**અંગ્રેજી અનુવાદ**– એ. એસ. ગોપાણીના અંગ્રેજી અનુવાદ સાથે યોગશાસ્ત્ર પ્રાકૃતભારતી અકાદમી જયપુરથી પ્રસિદ્ધ થયેલ છે.]

**જર્મન અનુવાદ**–ઈ. **વિંડિશ** (E. Windish) નામના જર્મન વિદ્વાને મૂળ કૃતિના પહેલા ચાર પ્રકાશ પૂરતો જર્મનમાં અનુવાદ કર્યો છે. એ પ્રકાશિત છે. જુઓ પૃ. ૧૪૩.

**નોંધ**– પ્રો. મોરીસ વિન્તર્નિત્સે H I L (Vol. II. p.567 ff.)માં **યોગશાસ્ત્રને** અંગે કેટલુંક નિરૂપણ કર્યું છે. આ પૂર્વે એમણે આ બાબત પોતાના જર્મન પુસ્તક નામે Geschichte der Indischen Litteratur (Vol. II)માં ચર્ચી છે.

---

૧. આ પુસ્તક "જૈ. સા. વિ. મં." તરફથી ઈ.સ. ૧૯૬૯માં પ્રસિદ્ધ કરાયું છે.
૨-૩. દા. ત. જુઓ પૃ. ૪૧-૪૨. અહીં રત્નશેખરસૂરિકૃત **ગુણસ્થાનક્રમારોહમાંથી** પૂરક, રેચક અને કુંભક પ્રાણાયામને લગતું લખાણ ઉદ્ધૃત કરાયું છે.

**હાથપોથીઓ**–મૂળની ઘણી હાથપોથીઓ મળે છે. એની સ્વોપજ્ઞ વૃત્તિની હાથપોથીઓની સંખ્યા પણ પુષ્કળ છે અને બે હાથપોથીઓ તો અનુક્રમે વિ. સં. ૧૨૫૧માં અને વિ. સં. ૧૨૯૨માં લખાયેલી મળે છે. મુંબઇ સરકારની માલિકીની જે હાથપોથીઓ ભાં. પ્રા. સં. મં.માં છે તેનો મેં D C G C M (Vol. XVIII, pt. 3)માં પરિચય આપ્યો છે.

**સમીક્ષાત્મક સંસ્કરણ**–સ્વોપજ્ઞ વૃત્તિવાળી મુદ્રિત આવૃત્તિઓ આજે ઘણાં વર્ષોથી અપ્રાપ્ય છે. એથી તેમજ પ્રકાશિત આવૃત્તિમાંથી એકે સમીક્ષાત્મક સંસ્કરણની ગરજ સારે તેવી નથી એટલે નવીન અદ્યતન સંસ્કરણ સત્વર તૈયાર કરાવવું ઘટે. આને લગતી કેટલીક સૂચનાઓ મેં "યોગશાસ્ત્ર અને એનું સ્વોપજ્ઞ વિવરણ" નામના મારા [1]લેખમાં કરી છે. [મુનિશ્રી જંબૂવિજયજી દ્વારા સંપાદિત યોગશાસ્ત્ર પ્રતાકારે ત્રણ ભાગમાં "જૈનસાહિત્યવિકાસમંડળ" મુંબઈથી પ્રસિદ્ધ થયું છે. અનેક પ્રાચીન તાડપત્રીય પ્રતોનો ઉપયોગ કરી અનેક સ્થળે શુદ્ધ, વિશિષ્ટ પાઠો અપાયા છે. અનેક પરિશિષ્ટો અને ટિપ્પણોમાં વિવિધ સામગ્રી, ચિત્રો અપાયા છે.]

[2]**જ્ઞાનાર્ણવ**[3] કિંવા **યોગાર્ણવ** યાને [4]**યોગપ્રદીપ** (લ. વિ. સં. ૧૨૫૦)–આના કર્તા દિ. આચાર્ય P. ૧૫૭
[5]**શુભચન્દ્ર** છે. એમણે આ કૃતિ ૨૦૭૭ શ્લોકમાં રચી અને ૪૨ સર્ગોમાં વિભક્ત કરી છે. એમણે આ કૃતિ દ્વારા યોગનું વિસ્તૃત નિરૂપણ કર્યું છે. લગભગ ૨૧૦૦ શ્લોક જેવડી આ કૃતિમાં સો શ્લોક જેટલો ભાગ પ્રાણાયામને લગતો છે. **શુભચન્દ્રાચાર્ય** તેમજ **હેમચન્દ્રસૂરિ** બંને પ્રાણાયામને નિરુપયોગી અને અનર્થકારી માને છે. પ્રાણાયામ અને ધ્યાનનો વિષય સર્ગ ૨૯-૪૨માં નિરૂપાયો છે તે **યોગશાસ્ત્ર** (પ્ર. ૫-૧૧) સાથે ઘણો મળતો આવે છે. **જ્ઞાનાવર્ણવ**માં પવનજયથી થતા કાલજ્ઞાન વિષે પ્રકાશ પડાયો છે પરંતુ **યોગશાસ્ત્ર**ની પેઠે એમાં શુકન, જ્યોતિષ વગેરે દ્વારા કાલજ્ઞાન જાણવાની હકીક્ત નથી. **જ્ઞાનાર્ણવ**માં કહ્યું છે કે ગૃહસ્થાશ્રમમાં રહીને ચિત્તની શાન્તિ કે ધ્યાનની સિદ્ધિ સંભવતી નથી જ્યારે હૈમ **યોગશાસ્ત્ર** તો પ્રવૃત્તિયુક્ત ગૃહસ્થને પણ યોગની અધિકારી ગણે છે. **જ્ઞાનાર્ણવ** (સર્ગ ૨૧-૨૭)માં આત્મા પોતે જ જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે અને એ આત્માને કષાયોથી મુક્ત કરવો એ જ મોક્ષ છે અને એ કષાયો ઉપર વિજય મેળવવાનો ઉપાય ઇન્દ્રિજય, ઇન્દ્રિજયનો ઉપાય ચિત્તની શુદ્ધિ, એ શુદ્ધિનો ઉપાય રાગ અને દ્વેષનો જય અને એ જય મેળવવાનો ઉપાય સમત્વ અને એ સમત્વની પ્રાપ્તિ એ જ ધ્યાન માટેની યોગ્યતા એમ જે બાબતો રજૂ કરાઇ છે તે **યોગશાસ્ત્ર** (પ્ર.૪) સાથે સરખાવવા જેવી છે.– P. ૧૫૮

**જ્ઞાનાવર્ણ**માં પાંચ મહાવ્રતો અને એને અંગેની ભાવનાના નિરૂપણને પ્રધાન પદ અપાયેલું છે જ્યારે હૈમ **યોગશાસ્ત્ર**માં તો એ વિષય-સાધુધર્મોની બાબાત પ્રથમ પ્રકાશમાં શ્લો. ૧૯-૪૬માં સંક્ષેપમાં વર્ણવાયેલ છે.

૧. આ લેખ "આ. પ્ર." (પુ. ૬૪, અ. ૩)માં છપાયો છે.

૨. આ કૃતિ "રા. જૈ. શા.માં ઇ. સ. ૧૯૦૭માં પ્રકાશિત કરાઇ છે. [સટીક હિન્દી સાથે સોલાપુરથી છપાઇ છે.]

૩. *આ નામની એક કૃતિ ન્યાયાચાર્યે યશોવિજયગણિએ રચી છે.*

૪. આ નામની બીજી બે કૃતિઓ છે. એ પૈકી એકના કર્તા દેવાનન્દ છે. અને એ સંસ્કૃતમાં છે. બીજીના કર્તાનું નામ જાણવામાં નથી.

૫. એઓ વિ. સં. ૧૬૦૮માં **પાંડવ-પુરાણ** રચનાર શુભચન્દ્રથી તો ભિન્ન છે અને એમના કરતાં ઘણા પ્રાચીન છે.

**જ્ઞાનાર્ણવ** (સં. ૧૮)માં શ્લો. ૩૭ એ **ભગવદ્ગીતા**નો "**या निशा सर्वभूतानां**"થી શરૂ થતું પદ્ય છે. **જ્ઞાનાર્ણવ**ની રચના અમુક અંશે શિથિલ છે. એ ઉપદેશપ્રધાન ગ્રંથ છે એટલે એમાં ઉમેરા કરવાનું કાર્ય શક્ય છે અને તેવા ઉમેરા થયા પણ હશે.

**જ્ઞાનાર્ણવ**ની ભાષા અને શૈલી હૃદયંગમ છે. એ પણ એને સાર્વજનીન બનાવવમાં સહાયક થઈ પડે તેમ છે.

**સમય**–'કલિ.' હેમચન્દ્રસૂરિ કરતાં **શુભચન્દ્રાચાર્ય** સિત્તેરેક વર્ષ પૂર્વે થયાનું અને પ્રસ્તુત **જ્ઞાનાર્ણવ**ની રચના હૈમ **યોગશાસ્ત્ર** અને એની સ્વોપજ્ઞ વૃત્તિની પહેલાં થયાનું કેટલાક માને છે પરંતુ એ બાબત વિચારવા જેવી છે[1]. આવી પરિસ્થિતિમાં એમની આ કૃતિમાંથી **ઈષ્ટોપદેશ**ની વૃત્તિમાં દિ. **આશાધરે** (લ.વિ. સં. ૧૨૯૦) કેટલાંક પદ્યો ઉદ્ધૃત કર્યાં છે[2] એ દૃષ્ટિએ વિચારતાં એઓ **વિક્રમ**ની તેરમી સદીના લગભગ મધ્યમાં થયા હશે એમ લાગે છે. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૫૦)માં **જ્ઞાનાર્ણવ**ની એક હાથોપોથી
P. ૧૫૯ વિ. સં. ૧૨૮૪માં લખાયેલાનો ઉલ્લેખ છે.

બીજી બાજુ **શુભચન્દ્રાચાર્યે** દિ. **જિનસેન** અને દિ. **અકલંક**નો ઉલ્લેખ કર્યો છે એટલે એમના પછી એઓ થયા છે એ વાત ફલિત થાય છે.

**સંતુલન–જ્ઞાનાર્ણવ** અને હૈમ **યોગશાસ્ત્ર**ના સામ્યાદિનો વિચાર શ્રી **ગોપાલદાસ** જીવાભાઈ પટેલે **યોગશાસ્ત્ર**ના ઉપોદ્ઘાતમાં કર્યો છે. એનો ઉપયોગ મેં અહીં **જ્ઞાનાર્ણવ**નો પરિચય આપવા માટે કર્યો છે કેમ કે મને મૂળ કૃતિ મળી શકી નથી.

**જ્ઞાનાર્ણવ** ઉપર નીચે મુજબની ત્રણ ટીકા છે.

(૧) **તત્ત્વત્રયપ્રકાશિની**–આ **જ્ઞાનાર્ણવ**ની દિ. **શ્રુત**સાગરે પોતાના ગુરુભાઈ **સિંહનન્દિ**ની અભ્યર્થનાથી રચેલી ટીકા છે. આ **શ્રુત**સાગર તે દિ. **દેવેન્દ્રકીર્તિ**ના અનુગામી **વિદ્યાનન્દિ**ના શિષ્ય થાય છે.

(૨) **ટીકા**–આના કર્તા **નય**વિલાસ છે.

(૩) **ટીકા**–આના કર્તાનું નામ જાણવામાં નથી.

**પ્રશ્ન**–જે અજ્ઞાતકર્તૃક **જ્ઞાનાર્ણવસારોદ્ધાર**ની નોંધ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૫૦)માં છે તે શું **શુભચંદ્રાચાર્ય**કૃત **જ્ઞાનાર્ણવ**ના સંક્ષેપરૂપ છે કે યશોવિજયગણિકૃત **જ્ઞાનાર્ણવ**ના કે એ કોઈ અન્ય જ કૃતિના સંક્ષેપરૂપ છે ?

P. ૧૬૦ [3]**ધ્યાનદીપિકા** (વિ. સં. ૧૭૬૬)–આ ગુજરાતી કૃતિ **શુભચન્દ્રાચાર્ય**કૃત સંસ્કૃત **જ્ઞાનાર્ણવ**નો

૧. દિ. **કુમુદચંદ્ર**ના વાદી **દેવસૂરિ**ને હાથે વિ. સં. ૧૧૮૧માં પરાજય થતાં દિગંબરો ગુજરાત છોડી ગયા એ બાબત સ્વીકારનાર એમ કહી શકે કે **યોગશાસ્ત્ર**નો **કુમારપાલ**ને હાથે જે પુષ્કળ પ્રચાર થયો તેને લઈને એ કૃતિ શુભચન્દ્રના જોવામાં આવી હશે.

૨. જુઓ A B O R I (V or XIII, p. 38).

૩. આ કૃતિ **શ્રીમદ્ દેવચન્દ્ર** (ભાગ.૨)ની "અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડલ" તરફથી ઈ. સ. ૧૯૨૯માં પ્રકાશિત દ્વિતીય આવૃત્તિમાં પૃ. ૧-૧૨૩માં **ધ્યાનદીપિકાચતુષ્પદી**ના નામથી અપાઈ છે. ગ્રંથકારે તો અંતમાં આ કૃતિનું નામ **ધ્યાનદીપિકા** સ્પષ્ટપણે જણાવ્યું છે એટલે મેં એ નામ રાખ્યું છે. પ્રત્યેક ખંડના અંતમાંથી પુષ્પિકામાં 'ધ્યાનદીપિકાચતુષ્પદી' નામ છે.

લાભ નહિ લઇ શકનારાઓને ઉદ્દેશીને 'ખરતર' ગચ્છના દેવચન્દ્રે વિ. સં. ૧૭૬૬માં એના સારરૂપે રચી છે. એઓ **દીપચન્દ્ર**ના શિષ્ય થાય છે. પ્રસ્તુત કૃતિ છ અધિકારમાં વિભક્ત કરાઇ છે. એમાં પ્રથમ અધિકારમાં અનિત્યતાદિ બાર ભાવનાનું નિરૂપણ છે. દ્વિતીય અધિકારમાં સમ્યગ્દર્શનાદિ રત્નત્રય અને જૈન શ્રમણોના પાંચ મહાવ્રતો ઉપર પ્રકાશ પડાયો છે. તૃતીય અધિકારમાં પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને મોહ ઉપર વિજય એમ વિવિધ વિષયોને સ્થાન અપાયું છે. ચતુર્થ અધિકારમાં ધ્યાન અને ધ્યેયની પ્રરૂપણા છે. પંચમ અધિકારમાં ધર્મ ધ્યાન, શુક્લ ધ્યાન, પિંડસ્થાદિ ચાર ધ્યાનો અને મંત્રો વિષે વિચાર કરાયો છે. છઠ્ઠા-અંતિમ અધિકારમાં સ્યાદ્વાદનું સ્વરૂપ આલેખાયું છે.

પ્રત્યેક અધિકારને અંતેની પુષ્પિકામાં અધિકારને બદલે 'ખંડ' શબ્દ છે. આ છ ખંડોમાં ભિન્ન-ભિન્ન દેશીઓમાં રચાયેલી ન્યૂનાધિક પ્રમાણમાં ઢાલ છે. એકંદર ૫૮ ઢાલ છે. દોહા પછી ઢાલ એ ક્રમે સમગ્ર કૃતિ રચાઇ છે. અંતમાં રચનાવર્ષ, રાજહંસ ગુરુના પ્રસાદ અને કુંભકરણ મિત્રના સંગનો ઉલ્લેખ છે.

[1]**યોગસાર** (પૂ. વિક્રમની બારમી સદી)—આ સુગમ સંસ્કૃતમાં રચાયેલી અજ્ઞાતકર્તૃક કૃતિ પાંચ પ્રસ્તાવમાં વિભક્ત કરાઇ છે. એમાં અનુક્રમે ૪૬, ૩૮, ૩૧, ૪૨ અને ૪૯ પદ્યો છે. આમ આમાં કુલ્લે ૨૦૬ પદ્યો છે. પ્રત્યેક પ્રસ્તાવનું નામ સાન્વર્થક છે. પાંચેનાં નામો નીચે મુજબ છે :— P. ૧૬૧

(૧) યથાવસ્થિતદેવસ્વરૂપોપદેશક, (૨) તત્ત્વસારધર્મોપદેશક, (૩) સામ્યોપદેશ, (૪) સત્ત્વોપદેશ અને (૫) ભાવશુદ્ધિજનકોપદેશ.

સંસારી આત્મા પરમાત્મા કેવી રીતે બને એ વાત આ કૃતિમાં મુખ્યતયા વિચારાઇ છે. આ કૃતિ સંગ્રહાત્મક હોય એમ લાગે છે. એના પ્રથમ પ્રકાશના ૪૨મા પદ્યમાં 'ઇલિકા-ભ્રમરી' ન્યાયનું સૂચન છે. આ કૃતિમાં પ્રસંગોપાત્ત કેટલીક વ્યક્તિઓનો ઉલ્લેખ છે. જેમકે **અભય**, **ઇલાપુત્ર**, **કાલશૌકરિક**, **કૂરગડુક**, **ગૌતમ**, **ચિલાતીપુત્ર**, **બુદ્ધ**, અને **ભરત**. દેવો તરીકે **ઇશ્વર**, **ધાતૃ** (બ્રહ્મા), **વિષ્ણુ** અને **વીર**નાં નામો જોવાય છે. પ્ર. ૪, શ્લો. ૩૨માં **કૌલિકો**નો નિર્દેશ છે. પ્ર. ૨, શ્લો. ૨૪માં અંચલ અને પૂર્ણિમા ગચ્છના અનુયાયીઓના મતો વિષે તેમજ શ્રાવકોએ કરેલી પ્રતિષ્ઠાની યોગ્યતા-અયોગ્યતા વિષે નોંધ છે. આ ઉપરથી આ કૃતિ **વિક્રમ**ની ૧૨મી સદી પૂર્વેની નથી એમ ફલિત થાય છે.

**ભાષાંતર**—પં. હરગોવિંદદાસ ત્રિ. શેઠે ગુજરાતીમાં ભાષાંતર કરેલું છે. એ પ્રકાશિત છે. જુઓ પૃ. ૧૬૧. [આ.ભ. કલાપૂર્ણસૂરિ મ.એ કરેલ અનુવાદ પણ પ્રસિદ્ધ છે.] P. ૧૬૨

**યોગસાર**—આ શ્વેતાંબર કૃતિ **હૈમ યોગશાસ્ત્ર**ના આધારે રચાઇ છે એમ પં. **સુખલાલ**નું કહેવું છે[2]. શું આ જ કૃતિ તે પૃ. ૧૬૧ ગત કૃતિ છે?

---

૧. આ કૃતિ "જૈન વિધિ સાહિત્ય શાસ્ત્રમાલામાં સ્વ. હરગોવિંદદાસ ત્રિકમચંદ શેઠના ગુજરાતી ભાષાંતર સહિત વિ. સં. ૧૯૭૬માં પ્રસિદ્ધ કરાઇ છે. એ દુષ્પ્રાપ્ય બનતાં "જૈ. સા. વિ. મંડળે" ગુજરાતી અનુવાદ તથા પદ્યોની વર્ણાનુક્રમે સૂચીરૂપ એક પરિશિષ્ટ સહિત આ જ કૃતિ ઇ. સ. ૧૯૬૭માં પ્રકાશિત કરી છે. એમાં પાઠાન્તરો અપાયાં છે. વિશેષમાં પ્રસ્તાવદીઠ પ્રત્યેકનો સંક્ષિપ્ત પરિચય પ્રાક્કથનમાં અપાયો છે.

૨. જુઓ **યોગદર્શન** તથા **યોગવિંશિકા**ની હિન્દી પ્રસ્તાવના. (પૃ. ૩૪-૩૫).

"[1]શ્રી આત્મબોધસંગ્રહ"માં પૃ. ૩૭૫-૩૮૧માં **યોગસાર** નામની કોઇક જૈન કૃતિમાંથી ૮૧ પદ્યો ગુજરાતી અનુવાદ સહિત અપાયાં શું આ **યોગસાર** અત્ર અભિપ્રેત છે ? આના કર્તાનું નામ યોગચંદ્રાચાર્ય હશે એમ પૃ. ૩૭૫માં ઉલ્લેખ છે.

**યોગસાર**–ગુરુદાસની આ રચના છે.

**યોગપ્રદીપ**–**જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૨૨) પ્રમાણે આ નામની ત્રણ કૃતિ છે. એકના કર્તા દિ. શુભચન્દ્રાચાર્ય છે. એનું અપર નામ **જ્ઞાનાર્ણવ** છે અને એ વિષે આપણે પૃ. ૧૫૭-૧૫૯માં વિચાર કરી ગયા છે. બીજી કૃતિ દેવાનન્દે ૧૨૭૦ શ્લોક જેવડી રચી છે. એ મારા જોવામાં આવી નથી એટલે એને અંગે હું વિશેષ કહી શકતો નથી. ત્રીજી [2]કૃતિના કર્તાનું નામ જાણવામાં નથી. એ સંસ્કૃત કૃતિમાં
P. ૧૬૩ ૧૪૩ પદ્યો છે. એના કર્તાએ જ પૃ. ૧૬૧માં નિર્દેશાવેલો **યોગસાર** રચ્યાની કલ્પના કરાય છે. આ અજ્ઞાતકર્તૃક કૃતિમાં સંસારી આત્માનો પરમ ઉત્કર્ષ ક્યારે થાય–એ પરમ પદ શી રીતે પ્રાપ્ત કરે તે સંક્ષેપમાં પરંતુ સચોટપણે દર્શાવ્યું છે. એ માટે સાચા યોગી બનવાની આવશ્યક્તા છે એમ આ કૃતિમાં નિર્દેશાયું છે. પ્રસંગોપાત્ત આમાં ઉન્મનીભાવ, સામાયિક, રૂપાતીત, શુક્લ અને નિરાકાર એમ ધ્યાનના ત્રણ પ્રકારો અને અનાહત નાદનો વિચાર કરાયો છે. આ કૃતિ ઉપર હૈમ **યોગશાસ્ત્ર** અને **જ્ઞાનાર્ણવ**નો પ્રભાવ પડ્યાનું મનાય છે. આ કૃતિનો **નેમિદાસે** રચેલી **પંચપરમેષ્ઠીમંત્રરાજધ્યાનમાલા**માં હૈમ **યોગશાસ્ત્ર** અને **પાતંજલ** યોગદર્શન સાથે ઉલ્લેખ છે.

[3]**બાલાવબોધ**–આ કોઇકે જૂની ગુજરાતીમાં રચ્યો છે. એ હિસાબે એ આ ભાષાના અભ્યાસ માટેનું એક અગત્યનું સાધન ગણાય.

[4]**અનુવાદ**–આ આધુનિક ગુજરાતીમાં છે. એ અનુવાદ કોણે કર્યો છે તે દર્શાવાયું નથી.

**યોગકલ્પદ્રુમ**– કોઇકે સંસ્કૃતમાં ૪૧૨ શ્લોક જેવડી આ કૃતિ રચી છે. એમાંથી એક અવતરણ **પત્તન.સૂચી** (ભા. ૧, પૃ. ૧૮૬)માં અપાયું છે.

**યોગતરંગિણીટીકા**–આ જિનદત્તસૂરિની રચના છે.

**યોગદીપિકા**–આ દિ. આશાધરે રચી છે.

**યોગભક્તિ**–આની એક હાથપોથી "ભાં. પ્રા. સં.મં."માં છે.

P. ૧૬૪ **યોગભેદદ્વાત્રિંશિકા** અને **યોગલક્ષણદ્વાત્રિંશિકા**–**યોગભેદદ્વાત્રિંશિકા** એ **પરમાનન્દ**ની કૃતિ છે. પરમાનન્દના નામ પર **યોગલક્ષણદ્વાત્રિંશિકા** છે તે આ જ છે?

**યોગમાર્ગ**–આના રચનાર **સોમદેવ** છે.

---

૧. શ્રીજૈન સંઘ યેવલા"થી ઇ.સ.૧૯૩૮માં આ પુસ્તક છપાવાયું છે.

૨. આ કૃતિનું પં. હીરાલાલ હંસરાજે ઇ. સ. ૧૯૧૧માં અને જીતમુનિજીએ વીરસંવત્ ૨૪૪૮માં સંપાદન કર્યું હતું. ત્યાર બાદ આ કૃતિ "જૈ. સા. વિ. મંડલ" તરફથી બાલાવબોધ તથા અનુવાદ સહિત ઇ.સ. ૧૯૬૦માં પ્રકાશિત કરાઇ છે. અંતમાં શબ્દસૂચિ છે. એના સંપાદનાર્થે જે ચાર હાથપોથીઓનો ઉપયોગ કરાયો છે એ પૈકી એકમાં **યોગસાર** પછી આ **યોગપ્રદીપ** સ્થાન અપાયું છે.

૩-૪. આ બંને પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

**યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા**–આ નામ વિચારતાં એમ લાગે છે કે એમાં ૩૨ પદ્યોમાં યોગનો મહિમા વર્ણવાયો હશે.

**યોગરત્નસમુચ્ચય**–આ ૪૫૦ શ્લોક જેવડી કૃતિનો વિષય જાણવો બાકી રહે છે.

**યોગરત્નાકર**–આ કૃતિ જયકીર્તિએ રચી છે.

**યોગરત્નાવલી**–આને અંગે તપાસ કરવી બાકી છે.

**યોગવિવરણ**–આ યાદવસૂરિની રચના છે.

**યોગવિવેકદ્વાત્રિંશિકા**–આ ૩૨ પદ્યોની કૃતિ હશે.

**યોગસંકથા**–આ વિષે માહિતી મેળવવી બાકી રહે છે.

**યોગસંગ્રહ**–આ વિષે હું અત્યારે તો વિશેષ કહી શકું તેમ નથી.

**યોગસંગ્રહસાર**–જિનચન્દ્રે આ રચ્યો છે. આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ પણ છે.

**યોગાંગ**–શાન્તરસની આ કૃતિ છે.

**યોગાનુશાસન**–આ ૧૫૦૦ શ્લોક જેવડી કૃતિની નોંધ **જૈ. ગ્રં.** (પૃ. ૧૧૩)માં છે.

**યોગામૃત**–વીરસેનદેવે આ રચેલ છે.

**યોગાવતારદ્વાત્રિંશિકા**–આ ૩૨ પદ્યની કૃતિ હશે.

**યોગીન્દ્રપૂજા**–ધર્મભૂષણ ભટ્ટારકે તેમજ અન્ય કોઈએ આ નામની એકેક કૃતિ રચી છે. P. ૧૬૫

**હઠયોગ**–**યોગવાસિષ્ઠ** જેવી વૈદિક કૃતિમાં હઠયોગની વિરુદ્ધ પ્રરૂપણા કરાઈ છે છતાં આ હઠયોગને લક્ષીને અનેક ગ્રંથો વૈદિક હિંદુઓએ રચ્યા છે અને એના માર્ગો પણ યોજ્યા છે. બૌદ્ધોની જેમ જૈનોએ પણ હઠયોગોનો સ્પષ્ટ નિષેધ કર્યો છે. આ વાતની **આવસ્સય**ની નિજ્જુત્તિ ([1]ગા. ૧૫૨૦), હેમ **યોગશાસ્ત્ર** (પ્ર. ૫), તેમજ પાતંજલ **યોગદર્શન** (૧-૩૪) ઉપરની ન્યાયાચાર્ય **યશોવિજય**ગણિકૃત વ્યાખ્યા (પૃ.૧૧) સાક્ષી પૂરે છે.

**જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૨૧-૩૨૫)માં 'યોગ'થી શરૂ થતી કૃતિઓની નોંધ છે. તે પૈકી હર્ષકીર્તિકૃત [2]**યોગચિન્તામણિ** એ તો વૈદ્યકની કૃતિ છે અને એને **વૈદ્યસારસંગ્રહ** તેમજ **વૈદ્યસારોદ્ધાર** પણ કહે છે. એવી રીતે **નયનશેખરે** વિ. સં. ૧૭૩૬માં રચેલો [3]**યોગરત્નાકર** તેમજ વિદગ્ધ વૈદ્યક (વરરુચિ)કૃત [4]**યોગશત**[5] વૈદ્યકને લગતી કૃતિ છે. **નાગાર્જુને** રચેલી [6]**યોગરત્નમાલા** માટે પણ એમજ સમજી લેવું. [ડૉ. P. ૧૬૬
અર્હદ્દાસનું "જૈનયોગકા આલોચનાત્મક અધ્યયન" વારાણસી પાર્શ્વનાથવિદ્યાપીઠથી પ્રસિદ્ધ થયું છે.]

---

૧. અર્થાત્ ઉચ્છ્વાસને એ ન રોકે.

૨. જુઓ. **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૧૨૦ ૨૩૦ અને ૩૧૦).

૩. એજન, પૃ.૨૯૭.

૪. એજન, પૃ. ૨૯૭.

૫. આ નામની બીજી બે કૃતિઓનો વિષય જાણવો બાકી રહે છે.

*૬. આની વૃત્તિની નોંધ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૨૯ અને ૨૯૭)માં મેં લીધી છે.*

**યોગમુહૂર્ત** એ જ્યોતિષની કૃતિ હોય એમ લાગે છે.

P. ૧૬૬ [1]**યોગપ્રાયશ્ચિત્તવિધિ** (જોગપાયચ્છિત્તવિહિ) તેમજ **યોગવિધિ** નામની વિવિધ કૃતિઓ, **યોગાનુષ્ઠાવિધિ** તથા **યોગોદ્વહનવિધિ** ક્રિયાકાંડની કૃતિઓ છે.

[**યોગસારપ્રાભૃત**– કર્તા અમિતગતિ. પ્ર. "ભારતીય જ્ઞાનપીઠ" ઈ.સ. ૧૯૬૮.

**યોગસાર– યોગીન્દુદેવ**. પ્ર. "પરમશ્રુત પ્ર.મં." ઈ. સ. ૧૯૩૭

જૈનયોગ કે સાતગ્રન્થ પ્ર. જૈન વિશ્વભારતી લાડનૂ.

'હારિભદ્રીય યોગભારતી' (યોગશતક, યોગદષ્ટિ સ. યોગબિંદુ, યોગવિંશીકા ચારેય સટીક.) પ્ર. પ્ર. "દીવ્યદર્શન ટ્રસ્ટ"

**યોગમાર્ગ– સોમદેવ. યોગામૃત**-વીરસેન.

Haribhadra's yoga works and pshehosyn thysis.

Shantilal K. Desai. પ્ર. L. D. Insti.. ઈ. સ. ૧૯૮૩.

'આ. હરિભદ્ર અને તેમનો યોગદષ્ટિસમુચ્ચયગ્રંથ' ડૉ. નગીન જી. શાહ અનુસંધાન નં. ૧૮.

'પાતંજલયોગ એવં જૈનયોગકા તુલનાત્મક અધ્યયન' ડૉ. અરૂણા આનંદ. પ્રકા. "મોતીલાલ બનારસીદાસ" દીલ્હી.

Jain Yoya Williams R. પ્રકા. મોતીલાલ બનારસીદાસ, દીલ્હી, ઈ. સ. ૧૯૮૩]

**દ્વાદશવ્રતકથાસંગ્રહ– અજિતપ્રભસૂરિ**, સંપા જિનેન્દ્રસૂરિ, પ્ર. હર્ષપુષ્પામૃત, સં. ૨૦૪૭

**દ્વિવર્ણરત્નમાલિકા**– આ. પુણ્યસાગરસૂરિ મં. મુનિયશોવિજય. પ્ર. જિનશાસનઆ. ટ્રસ્ટ ૨૦૪૭

**ધર્મપરીક્ષા**– પાર્શ્વકીર્તિ સં. હીરાલાલ જૈન, પ્ર. જૈન સંસ્કૃતિ રક્ષકસંઘ, સોલાપુર.

**ધર્મપરીક્ષા પ્રકરણ**– ઉ. જિનમંડન પ્ર. પદ્મવિજય, ગ્રં. અમદાવાદ સં. ૨૦૪૮ સંશો. ચતુરવિજય]

श्रीप्रतिमालेखसंग्रह, संपा०दौलतसिंह लोढ़ा, प्रका०यतीन्द्र साहित्य सदन. धार्माणया 1955 ई०.

शत्रुंजयोद्धारप्रबन्ध, रचनाकार-विवेकधीर र्माण,संपा०-मुनि जिनविजय, प्रका०-जैन आत्मानन्द सभा, भावनमर वि०सं०1973.

प्रतिष्ठालेखसंग्रह सं. म. विनयसागर, सुमतिसदन कोटा, ई. स. 1963.

बीकानेरजैनलेखसंग्रह, सम्पा-अमरचंद नाहटा एवं श्री भंवरलाल नाहटा, नाहटा ब्रदर्स 4 जगमोहन मल्लिक लेन, कलकता 1966 ई० ।

श्रीप्रतिमालेखसंग्रह, सम्पा०- श्रीदौलतसिंह लोठा "अरविन्द" धार्माणया भेवाड़ 1966 ई० ।

राधनपुरप्रतिमालेखसंग्रह, सम्पा०- मुनि विशालविजय, यशोविजय जैन ग्रन्थमाला भावनगर 1960 ई० ।

*शत्रुंजयगिरीराजदर्शन, सम्पा०-मुनि कंचनसागर, कपटवज 1983 ई० ।*

૧. આ જ. મ.માં રચાયેલી છે.

# પ્રકરણ ૪૧ : યોગમાર્ગની પાંચ ભૂમિકાઓ

**અધ્યાત્મ-રહસ્ય** (લ. વિ. સં. ૧૨૮૦)– **દિ. આશાધરે** પોતાના પિતાની ઇચ્છાને માન આપી આ યોગનો ગ્રંથ રચ્યો હતો પણ હજી સુધી તો એ અપ્રાપ્ય છે. [આ પ્રકાશિત છે જુઓ પૃ. ૩૪.]

[1]**અધ્યાત્મકલ્પદ્રુમ** (લ. વિ. સં. ૧૪૭૦)– આના કર્તા 'સહસ્રાવધાની' **મુનિસુન્દરસૂરિ** છે. એમણે 'શાંત' રસની ભાવનાથી રંગાયેલી અને ભવ્ય-મુમુક્ષુ જનોને રંગતી આ કૃતિ પદ્યમાં રચી છે. આ એકંદર સોળ અધિકારોમાં વિભક્ત છે. (૧) સમતા, (૨) સ્ત્રીમમત્વમોચન, (૩) અપત્યમમ., (૪) ધનમમ., (૫) દહેમમ.. (૬) વિષયપ્રમાદત્યાગ, (૭) કષાય-ત્યાગ, (૮) શાસ્ત્રાભ્યાસ, (૯) મનોનિગ્રહ, (૧૦) વૈરાગ્યોપદેશ, P. ૧૬૮
(૧૧) ધર્મશુદ્ધિ, (૧૨) ગુરુશુદ્ધિ, (૧૩) યતિશિક્ષા, (૧૪) મિથ્યાત્વાદિનિરોધ, (૧૫) શુભ વૃત્તિ અને (૧૬) સામ્ય-સર્વસ્વ. આમ આ અધિકારોનાં ગુણનિષ્પન્ન અને વિષયદ્યોતક નામો છે.

**પૌર્વાપર્ય**– આ ગ્રંથમાંથી એના પ્રણેતા 'સહસ્રાવધાની' મુનિસુન્દરસૂરિએ **ઉપદેશરત્નાકર**ના સ્વોપજ્ઞ વિવરણમાં અવતરણો આપ્યાં છે એટલે આ ગ્રંથ એ પૂર્વે રચાયો છે. **રત્નચન્દ્રગણિના કથન મુજબ** આ જ કર્તાની **ગુર્વાવલી** પછી આ ગ્રંથ રચાયો છે.

**અધ્યાત્મકલ્પદ્રુમ**ના ૧૮૧મા પદ્યમાં 'અજાગલકર્તરી' ન્યાયનો ઉલ્લેખ છે.

આ ગ્રંથ ઉપર સંસ્કૃતમાં ત્રણ ટીકા છે :–

(૧) ધનવિજયગણિકૃત [2]અધિરોહિણી[3]

(૨) [4]રત્નચન્દ્રગણિએ અહીં (સુરતમાં) વિ. સં. ૧૬૭૪માં રચેલી **અધ્યાત્મકલ્પલતા**[5]

---

૧. આ મૂળ કૃતિ "ચારિત્રસંગ્રહ"માં ઇ.સ. ૧૮૮૪માં છપાઇ છે. "નિર્ણયસાગર મુદ્રણાલય"ના માલિક તરફથી મૂળ **ધનવિજયગણિકૃત** ટીકાના આધારે તૈયાર કરેલાં ટિપ્પણો તેમ જ જૈન પારિભાષિક શબ્દોની સમજૂતી આપનારાં પરિશિષ્ટો સહિત ઇ.સ. ૧૯૦૬માં છપાયું છે. **મનસુખભાઇ** ભગુભાઈ અને **જમનાભાઇ** ભગુભાઈએ આ મૂળ **ધનવિજયગણિકૃતઃ** ટીકા સહિત વિ. સં. ૧૯૭૧માં પ્રસિદ્ધ કર્યું છે. આ મૂળ ટીકા તેમ જ રત્નચન્દ્રગણિકૃત **અધ્યાત્મકલ્પલતા** નામની ટીકા, રંગવિલાસકૃત **અધ્યાત્મરાસ** (**અ.ક.**નો ચોપાઇમાં અનુવાદ) તેમ જ સ્વ. **મો.** દ. દેશાઇના વિસ્તૃત ઉપોદ્ઘાત સાથે "દે. લા. જૈ. પુ. સંસ્થા" તરફથી ઇ.સ. ૧૯૪૦માં છપાવાયું છે. "જૈ. ધ.ત પ્ર. સ." તરફથી સ્વ. **મોતીચંદ** ગિ. કાપડીઆએ કરેલા અ. ક.ના ગુજરાતી અનુવાદ અને ભાવાર્થ તેમ જ **રંગવિલાસ**કૃત **અધ્યાત્મરાસ** સહિત મૂળની બીજી આવૃતિ ઇ.સ. ૧૯૧૧માં છપાઇ છે. **પ્રકરણરત્નાકર**માં મૂળ કૃતિ **હંસરત્ન**ના બાલાવબોધપૂર્વક છપાઇ છે. "જૈનશાસ્ત્રકથાસંગ્રહ"ની બીજી આવૃત્તિમાં મૂળ ઇ.સ. ૧૮૮૪માં છપાયું છે.

૨. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.    ૩. આમાં **ગુર્વાવલી** તે જ **ત્રિદશતરંગિણી** એમ કહ્યું છે તે સાચું નથી.

૪. એઓ **શાન્તિચન્દ્રગણિ**ના શિષ્ય થાય છે. એમણે **અધ્યાત્મકલ્પલતા**ની પ્રશસ્તિમાં પોતે વિ. સં. ૧૬૭૭માં રચેલી **કુમતાહિવિષજાંગુલીમંત્ર** નામની કૃતિનો ઉલ્લેખ કર્યો છે એમ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૯૨)માં ઉલ્લેખ છે પણ એની મુદ્રિત પ્રશસ્તિમાં તો આ નામ નથી. આ કૃતિ હાલમાં કોઇ સ્થળેથી પ્રસિદ્ધ થઇ છે અને એના પ્રત્યુત્તરરૂપે મુનિશ્રી હંસસાગરે **કુમતાહિવિષજાંગુલીમંત્ર** તિમિરતરણિ નામની કૃતિ રચી છે અને એ કૃતિ શ્રી. **મોતીચંદ** દીપચંદ તરફથી ઠળિયાથી પત્રાકારે વિ.સં. ૨૦૦૯માં પ્રસિદ્ધ થઇ છે. 'તપા' અને 'ખરતર' ગચ્છ વચ્ચે લગભગ ૩૫૦ વર્ષ ઉપર જે કેટલીક ચર્ચાઓ ચાલતી હતી તેને ઉદ્દેશીને આ બે કૃતિઓ રચાઇ છે.

૫. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.

P. ૧૬૯ (૩) ઉપાધ્યાય **વિદ્યાસાગર**કૃત ટીકા[1].

"લીંબડીના જૈન જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચીપત્ર" (પૃ. ૪)માં **અધ્યાત્મકલ્પદ્રુમ** ઉપર એક ટિપ્પણ હોવાનો ઉલ્લેખ છે પણ આ કઇ ભાષામાં છે તે જાણવું બાકી રહે છે.

**બાલાવબોધ**– રત્નચન્દ્રગણિકૃત **અધ્યાત્મકલ્પલતાના** આધારે **હંસરત્ને** આ ગુજરાતીમાં [2]બાલાવબોધ રચ્યો છે.[3] જીવવિજયે પણ વિ.સં. ૧૭૯૦માં ગુજરાતીમાં બાલાવબોધ રચ્યો છે.

[4]**અધ્યાત્મકમલમાર્તંડ**– ચાર વિભાગોમાં વિભક્ત અને લગભગ બસો શ્લોક જેવડી આ કૃતિ દિ. **રાજમલ્લ** કવિએ રચી છે.

[5]**અધ્યાત્મરંગિણી**– આના કર્તા દિ. **સોમદેવ** છે.

P. ૧૭૦ **વિવરણો**– દિ. **સર્વનન્દિ**ના શિષ્ય **ધર્મસૂરિ**એ આના ઉપર એક ટીકા ગુજરાતીમાં વરપલ્લીમાં રચી છે. **શુભચન્દ્રે** પણ એક ટીકા રચી છે. કોઇકે ટિપ્પણ રચ્યું છે. [ગણધરકીર્તિ ટીકા અને પનાલાલના હિન્દી સાથે છપાયું છે.]

**અધ્યાત્મપદ્ધતિ** કિંવા **યોગસંગ્રહસારપ્રક્રિયા**– આના કર્તા **નન્દિગુરુ** છે. **પત્તન.સૂચી** (પૃ. ૫૬)માં આમાંથી અવતરણો અપાયાં છે.

**અધ્યાત્માષ્ટક**– આ દિ. વાદિરાજની કૃતિ છે. એ **અધ્યાત્મતરંગિણીની** સાથે સાથે પ્રસિદ્ધ કરાઇ છે.

## ન્યાયાચાર્યની અધ્યાત્મવિષયક કૃતિઓ

'ન્યાયાચાર્ય' **યશોવિજયગણિ**એ અધ્યાત્મને અંગે 'અધ્યાત્મ' શબ્દથી શરૂ થતી વિવિધ કૃતિઓ રચી છે. જેમકે **અધ્યાત્મબિન્દુ**, [6]**અધ્યાત્મમતપરીક્ષા**, **અધ્યાત્મસાર**, **અધ્યાત્મોપદેશ** અને **અધ્યાત્મોપનિષદ્**. આ પૈકી **અધ્યાત્મ-બિન્દુ** અને **અધ્યાત્મોપદેશ** એ બે કૃતિઓ હજી સુધી તો મળી આવી નથી. **અધ્યાત્મમતપરીક્ષા** એ તો પાઇયમાં છે. આથી આ ત્રણનો તો અહીં વિચાર કરવાનો

---

૧. આ ટીકા કોઇ સ્થળેથી છપાઇ હોય એમ જાણવામાં નથી.

૨. આ પ્રકરણરત્નાકરમાં પ્રકાશિત છે.

૩. જુઓ D C G C M (Vol. XVIII, Pt I, PP. 151-154.) આની એક હાથપોથી વિ.સં. ૧૭૭૦માં લખાયેલી મળે છે.

૪. આ કૃતિ "મા. દિ. ગ્રં."ના ગ્રંથાંક ૩૫માં પૃ. ૨૪૧-૩૬૨માં વિ.સં. ૧૯૯૩માં છપાયેલી છે. ["વીરસેવામંદિર" સરસાનાથી ૧૯૪૪માં પ્રસિદ્ધ.]

૫. આ કૃતિ "મા. દિ. ગ્રં."માં ગ્રંથાંક ૧૩ તરીકે વિ.સં. ૧૯૭૫માં પ્રસિદ્ધ થયેલી છે.

૬. ન્યાયાચાર્યે જે **અજ્ઝપ્પમયપરિક્ખા** રચી છે તેનું સંસ્કૃત નામ **અધ્યાત્મમતપરીક્ષા** છે. એ દ્વારા એમણે દિગંબરોનાં મંતવ્યોનું નિરસન કર્યું છે. આ કૃતિ ઉપર એમણે જાતે પોતે સંસ્કૃતમાં વિવરણ રચ્યું છે. મૂળ કૃતિ આ વિવરણ સહિત "દે. લા. જૈ. પુ. સંસ્થા" તરફથી ઇ.સ. ૧૯૧૧માં પ્રકાશિક થયેલી છે. એમાં જ. મ. માં રચાયેલાં પદ્યોની જે છાયા છે તે કર્તાની પોતાની હશે. વિશેષમાં અંતમાં મૂળ કૃતિ અપાઇ છે. [આ કૃતિ આ. અભયશેખરસૂરિના વિવેચન સાથે દિવ્યદર્શન ટ્રસ્ટ દ્વારા અને પં પ્રવીણભાઈ મુતાના વિવેચન સાથે ગીતાર્થ ગંગા અમદાવાદથી પ્રગટ થઇ છે.]

**આધ્યાત્મિક-મત-ખંડન** અને **આધ્યાત્મિક-મત-દલન** તરીકે ઓળખાવાતી કૃતિ આ જાતની છે.

રહેતો નથી.[1] બાકી રહેલી બે કૃતિઓ નામે **અધ્યાત્મસાર** અને **અધ્યાત્મોપનિષદ્** વિષે હવે હું થોડુંક કહીશ. P. ૧૭૧

[2]**અધ્યાત્મસાર-પ્રકરણ**[3] (ઉ. વિ. સં. ૧૭૪૩)–**અધ્યાત્મસાર** તરીકે ઓળખાવાતું આ પ્રકરણ ૯૪૯ પદ્યોમાં રચાયેલું છે. તે ૭ પ્રબંધોમાં વિભક્ત છે. એમાં ૪, ૩, ૪, ૩, ૩, ૨ ને ૨ એમ અનુક્રમે એકવીસ અધિકારો છે. આનો વિષય નીચે મુજબ છે. :–

અધ્યાત્મશાસ્ત્રનું માહાત્મ્ય (શ્લો. ૨૪), અધ્યાત્મનું સ્વરૂપ (૨૯), [4]દંભનો ત્યાગ (૨૨), [5]ભવના સ્વરૂપનો વિચાર (૨૭), વૈરાગ્યનો સંભવ (૩૬), વૈરાગ્યના ભેદ (૪૪), વૈરાગ્યનો વિષય (૨૬), મમતાનો ત્યાગ (૨૭), સમતા (૨૯), સદનુષ્ઠાન (૩૯), મનની શુદ્ધિ (૨૨), સમ્યક્ત્વ (૫૮), મિથ્યાત્વનો ત્યાગ (૮૯), અસદ્ગ્રહનો (કદાગ્રહનો) ત્યાગ (૨૨), યોગ (૮૩), ધ્યાન (૮૬), સ્તુતિ (૧૪), [6]આત્માનો નિશ્ચય (૧૯૫), [7]જિનમતની સ્તુતિ (૧૫), અનુભવ (૪૫) અને સજ્જનની સ્તુતિ (૧૬). P. ૧૭૨

૧. **સમાધિ-શતક** અને **સમતા-શતક** એ બે કૃતિઓ અધ્યાત્મને લગતી છે ખરી પણ એ ગુજરાતીમાં છે એટલે એ પણ અહીં જતી કરાય છે.

૨. "જૈ. ધ. પ્ર. સ." તરફથી વિ.સં. ૧૯૬૫માં "ન્યાયાચાર્ય શ્રીયશોવિજયજીકૃત ગ્રંથમાલા"માં આ કૃતિ પ્રસિદ્ધ થયેલી છે. એ પૂર્વે **ભીમસી** માણેક તરફથી ઈ.સ. ૧૯૦૩માં પ્રકાશિત થયેલા **પ્રકરણરત્નાકર** (ભા. ૧, પૃ. ૪૧૫-૫૫૭)માં આ મૂળ કૃતિ **વીરવિજય**ના ટબ્બા સહિત છપાયેલી છે. "અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ" તરફથી પણ મૂળ આ ટબ્બા સહિત વિ. સં. ૧૯૯૪માં છપાવાયું છે. **જૈનશાસ્ત્રકથાસંગ્રહ**ની ઈ.સ. ૧૮૮૪માં બહાર પડેલી બીજી આવૃત્તિમાં મૂળ છે. નરોત્તમ ભાણજીએ ગંભીરવિજયજીએ વિ.સં. ૧૯૫૨માં આ મૂળ ઉપર રચેલી સંસ્કૃત ટીકા સહિત મૂળ પ્રકાશિત કર્યું છે. વળી એમણે ઈ.સ. ૧૯૧૬માં આ મૂળ તેમ જ આ ટીકા મૂળના ગુજરાતી અનુવાદ સહિત છપાવેલ છે. આ મૂળ કૃતિની એક હાથપોથી "ભા. પ્રા. સં. માં."માં છે. આ તેમ જ અન્ય હાથપોથીઓ વિષે **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૬૧)માં નોંધ છે. [પં. ચન્દ્રશેખરવિ.ના વિવેચન સાથે "કમલપ્રકાશન" અમદાવાદથી પ્રસિદ્ધ છે. આ. ઋષચન્દ્રસૂરિના હિંદી અનુવાદ સાથે "નિર્ગ્રંથ પ્ર." હસ્તિનાપુરથી પ્રસિદ્ધ છે. સટીક અધ્યાત્માસાર પુનર્મુદ્રણ "જિ. આ. ટ્ર." દ્વારા થયું છે. આ.ભદ્રંકરસૂરિરચિત **ભુવનતિલકાટીકા** સાથે "ભુવનતિ. ગ્રં." છાણીથી પ્રસિદ્ધ છે. ન્યાયાચાર્યે સ્વહસ્તે લખેલ 'અધ્યાત્મસાર'ની ફોટોકોપીઓ શ્રમણસંમેલનની સ્મૃતિ તરીકે આ. **શીલચન્દ્રસૂરિ**મ.ના પ્રયાસથી પ્રસિદ્ધ છે.]

૩. **અધ્યાત્મસાર** અંગે કેટલીક બાબતો મેં **યશોદોહન** ઉપોદ્ઘાતનાં (પૃ. ૩૬, ૩૭, ૩૯, ૫૪, ૫૯ અને ૬૫માં) તેમજ મૂળનાં (પૃ. ૨૩, ૧૨૩, ૧૩૨, ૧૩૩, ૧૫૯, ૨૭૫ અને ૨૮૮)માં આપી છે.

૪. દંભના ત્યાગરૂપ શુદ્ધિ એ અધ્યાત્મની જન્મભૂમિ છે.

૫. સંસારને સમુદ્ર, અગ્નિ, કસાઇખાનું, નિશાચર, અટવી, કારાગૃહ, સ્મશાન, વિષવૃક્ષ, ગ્રીષ્મઋતુ અને મોહરાજાની રણભૂમિ એમ વિવિધ ઉપમાઓ પરિપૂર્ણરૂપે અપાઇ છે.

૬. આનું ત્રીજું પદ્ય "**या निशा सर्वभूतानां**"થી શરૂ થતા પદ્યની છાયારૂપ છે. આ અધિકારમાં **સમયસાર**નો સમાવેશ કરાયો છે.

૭. **સમ્મઈપયરણ**નો આના ઉપર પ્રભાવ છે.

યોગ અને [1]ધ્યાન એ બે અધિકારમાં **ભગવદ્ગીતા** અને પાતંજલ **યોગશાસ્ત્ર**નો મુખ્યપણે ઉપયોગ કરી અનેક જૈન પ્રક્રિયા-પ્રસિદ્ધ ધ્યાનના વિષયનો આ બે અજૈન ગ્રંથોની સાથે સમન્વય સધાયો છે.

અનુભવ-અધિકાર (શ્લો. ૩૧-૩૨)માં એમણે જિનપ્રવચન ઉપરની પોતાની ભક્તિ પ્રદર્શિત કરી
P. ૧૭૩ છે. અહીં એમણે આ ભક્તિ ચાર કાર્ય દ્વારા સૂચવી છે : ૯૧) વિધિનું કથન, (૨) વિધિ ઉપરની પ્રીતિ, (૩) વિધિના અભિલાષીને વિધિમાર્ગમાં પ્રવર્તન કરાવવું અને (૪) અવિધિનો નિષેધ.

આ ભક્તિ તેમજ એમનો દર્શનપક્ષ એમને અન્ય સંપ્રદાયોના દિગંબરો જેવા સ્વસમયીનાં પણ મંતવ્યોનું ખંડન કરવામાં તેમ જ સાંખ્ય, પાતંજલ વગેરે દર્શનોનો સમન્વય સાધવામાં કામે લાગ્યો છે. આ કાર્ય એમણે એક અપૂર્વ તાર્કિકને છાજે તેમ કર્યું છે.

અનુભવ-અધિકાર (શ્લો. ૧૮ અને ૨૬) જોતાં એમણે સાક્ષાત્ અનુભવ થયો હોય એમ જણાય છે. આ અધિકારના શ્લો. ૨૯ દ્વારા એમણે કહ્યું છે કે પૂર્ણ આચાર પાળવામાં અસમર્થ એવા અમે ઇચ્છાયોગનો આશ્રય લઇ મુનિવરોની ભક્તિ વડે તેમના પદવી-માર્ગને અનુસરીએ છીએ.

**અધ્યાત્મસાર**ની રચના કરવામાં શાસ્ત્ર અને સંપ્રદાય ઉપરાંત પોતાના અનુભવજ્ઞાનનો પણ ઉપયોગ યશોવિજયગણિએ કર્યો છે.

'અધ્યાત્મસ્વરૂપ' નામના બીજા અધિકાર (શ્લો. ૧૬) માં તાંબુ રસના અનુવેધથી સોનું થાય છે એ વાત અને એના શ્લો. ૨૫માં મંડૂકચૂર્ણની વાત છે. શ્લો.૩૪માં કહ્યું છે કે મહામણિ 'ત્રાસ' નામના દોષે કરીને દૂષિત ગણાય છે.

દ્વિતીય પ્રબંધ (શ્લો. ૧૨)માં **વીતરાગસ્તવ**નો 'સ્તવ' તરીકે ઉલ્લેખ છે. એનો ૧૩મો શ્લોક આ સ્તવમાંથી અહીં અપાયો છે. શ્લો. ૧૬-૧૯ **યોગદૃષ્ટિસમુચ્ચય**ના શ્લો. ૧૬૩-૧૬૬ છે. શ્લો. ૩૪માં કોઇ અજૈન દર્શનગત 'યોગમાયા'નો ઉલ્લેખ છે. પ્ર. ૨, શ્લો. ૪૬માં સંસારમોચકનો, પ્ર. ૩, શ્લો. ૩૪માં 'કંઠસ્થ-
P. ૧૭૪ સ્વર્ણ' ન્યાયનો અને શ્લો. ૩૭માં વાસીચંદનનો, પ્ર. ૩, શ્લો. ૫૭ (અનુષ્ઠાન-અધિકાર, શ્લો. ૧)માં 'કતકક્ષોદ'નો, પ્ર. ૩, શ્લો. ૭૪માં 'ધર્મયૌવનકાલ'નો અને પ્ર. ૩, શ્લો. ૯૪માં **યોગવિંશિકા**નો ઉલ્લેખ છે.

**ટીકા**– **અધ્યાત્મસાર** ઉપર ગંભીરવિજયગણિએ વિ.સં. ૧૯૫૨માં સંસ્કૃતમાં ટીકા રચી છે.

**વીરવિજયનો ટબ્બો**– આ ટબ્બામાં કેટલીક સ્ખલના જણાય છે.

**[2]અધ્યાત્મોપનિષદ્[3]** (વિ.સં. ૧૭૪૩)-- આ પદ્યાત્મક કૃતિ ચાર અધિકારમાં વિભક્ત છે. એમાં

૧. 'ધ્યાન' નામના અધિકારમાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત **ઝાણસયગ** (સં. **ધ્યાનશતક**)નો સમાવેશ કરાયો છે અને આત્માની સિદ્ધિનું નિરૂપણ કરતી વેળા આ ક્ષમાશ્રમણકૃત **વિસેસા.**ગત પ્રથમ ગણધરવાદની યુક્તિઓ અપનાવાઇ છે.

૨. ''જૈ. ધ. પ્ર. સ.'' તરફથી વિ.સં. ૧૯૬૫માં આ ગ્રંથ છપાવાયો છે. વિશેષમાં આ ગ્રંથ ''શ્રીશ્રુતજ્ઞાન અમીધારા અથવા શ્રીશાન્તસુધારસાદિ-ગ્રન્થસન્દોહ''માં પૃ. ૪૭-૫૬માં ઇ.સ. ૧૯૩૬માં પ્રસિદ્ધ થયો છે. [આ ગ્રંથ મુનિ યશોવિજયના વિવેચન સાથે દિવ્યદર્શનદ્વારા, પં. પ્રવીણભાઇ મુતાના વિવેચન સાથે ગીતાર્થગંગા દ્વારા અને આ. કીર્તિસેનસૂરિના અનુવાદ સાથે હર્ષપુષ્પામૃત.ગ્રં. દ્વારા આ. ભદ્રંકરસૂરિકૃત ટીકા સાથે મદ્રાસથી પ્રસિદ્ધ છે.]

૩. આને લગતી કેટલીક માહિતી મેં **યશોદોહન**ના ઉપોદ્ઘાત (પૃ. ૧૦, ૩૬, ૩૯, ૫૪ અને ૬૨)માં તેમ જ મૂળ (પૃ. ૧૨૩, ૧૩૧, ૧૬૨, ૨૭૫ અને ૨૭૮-૨૮૧)માં આપી છે.

અનુક્રમે ૭૭, ૬૫, ૪૪ અને ૨૩ પદ્યો છે. પ્રથમ અધિકારના આદ્ય પદ્યમાં આ ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય યશોવિજયગણિએ આ ગ્રંથનું નામ દર્શાવ્યું છે. બીજા અને ત્રીજા પદ્યમાં અધ્યાત્મનો અર્થ શબ્દયોગાર્થમાં નિપુણોની અને રૂઢ્યર્થમાં નિપુણોની એમ બે દૃષ્ટિએ એટલે કે વ્યુત્પત્તિ પ્રમાણે અને રૂઢિ પ્રમાણે દર્શાવ્યો છે.[1] પ્રથમ અર્થ એવંભૂત નયને અનુસરીને અને [2]બીજો અર્થ વ્યવહાર અને ઋજુસૂત્ર એ બે નયોને લક્ષીને P. ૧૭૫
છે એમ ચોથા પદ્યમાં કહ્યું છે.

ચારે અધિકારોનાં સાન્વર્થ નામ છે. જેમકે (૧) શાસ્ત્ર-યોગ-શુદ્ધિ, (૨) જ્ઞાન-યોગ-શુદ્ધિ, (૩) ક્રિયા-યોગ-શુદ્ધિ અને (૪) સામ્ય-યોગ-શુદ્ધિ.

આ ચાર અધિકારગત શાસ્ત્ર, જ્ઞાન, ક્રિયા અને સામ્ય એ ચાર યોગોના નિરૂપણ દ્વારા યશોવિજયગણિએ મુખ્યત્વે કરીને **યોગવાસિષ્ઠ** અને **તૈત્તિરીય** ઉપનિષદ્‌નાં વાક્યોનાં અવતરણ આપી તાત્ત્વિક એકતા દર્શાવી છે. શ્લો. ૬૫ અને ૭૪માં શબ્દ-જ્ઞાન, ચિન્તા-જ્ઞાન અને ભાવના-જ્ઞાનનું સ્વરૂપ આલેખાયું છે.

**અધ્યાત્મસાર** અને **અધ્યાત્મોપનિષદ્** એ બે કૃતિ દ્વારા ન્યાયાચાર્યે જૈન ન્યાય-વાઙ્મયનો **ભગવદ્-ગીતા**, **યોગવાસિષ્ઠ** ઇત્યાદિ વૈદિક ગ્રંથો સાથે સંબંધ જોડ્યો છે.

જેમ **અધ્યાત્મસાર** અને **અધ્યાત્મોપનિષદ્**માં યોગ સંબંધી વિવેચન છે તેમ આ ગ્રંથકારની **દ્વાત્રિંશિદ્-દ્વાત્રિંશિકા**માં પણ છે. અધ્યાત્મને અંગે આ ગ્રંથકારનો **જ્ઞાનસાર** નામનો ગ્રંથ પણ જોવા જેવો છે.

**સંતુલન– અધ્યાત્મોપનિષદ્**ના પ્રથમ અધિકારના શ્લો. ૪૫-૪૭ અને ૫૨ એ **વીતરાગસ્તોત્ર**ના અષ્ટમ પ્રકાશનાં ૮, ૧૦, ૯ અને ૧૧ તરીકે જોવાય છે. આ તેમ જ આ પછીના બીજા બે અધિકારના કેટલાક શ્લોકોમાંના ઘણા-ખરા અક્ષરશઃ **જ્ઞાનસાર**ના શ્લોક સાથે મળતા આવે છે જ્યારે ચોથા અધિકારના કેટલાક શ્લોકો **વૈરાગ્યકલ્પલતા**ના પ્રથમ સ્તબકના શ્લોકો સાથે સમાનતા ધરાવે છે. દ્વિતીય અધિકારના P. ૧૭૬
શ્લો. ૪૯-૫૬ યોગવાસિષ્ઠનું સ્મરણ કરાવે છે. આ બાબત અહીં હું વિસ્તારથી નોંધીશ :–

| અધ્યાત્મોપનિષદ્ | જ્ઞાનસાર |
|---|---|
| અધિ. ૧, શ્લો. ૮ | અનુભવ શ્લો. ૪ |
| અધિ. ૧, શ્લો. ૧૧, ૧૨, ૧૪ | શાસ્ત્ર શ્લો. ૬ ([3]પા.), ૩ (પા.), ૪ |
| અધિ. ૧, શ્લો. ૭૪ | જ્ઞાન શ્લો. ૪ |
| અધિ. ૨ શ્લો. ૧૨ (ઉત્તરાર્ધ) | નિઃસ્પૃહ શ્લો. ૮ (ઉત્તરાર્ધ) |
| અધિ. ૨ શ્લો. ૧૩-૧૪ | મગ્ન શ્લો. ૬ (પા.), ૫ (પા.). |

૧. આત્માને ઉદેશીને પાંચ આચારમાં એટલે કે જ્ઞાનાચર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપ-આચાર અને વીર્યાચારમાં વિહરણ તે 'અધ્યાત્મ' છે.

૨. બાહ્ય વ્યવહારથી મહત્ત્વ પામેલા ચિત્તને મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવનાથી વાસિત કરવું તે 'અધ્યાત્મ' છે અને એ નિર્મળ છે.

૩. પાઠાન્તર.

| અધ્યાત્મોપનિષદ્ | જ્ઞાનસાર |
|---|---|
| અધિ. ૨ શ્લો. ૨૧-૨૫ | અનુભવ શ્લો. ૩ પા.), ૫, ૬ (પા.), ૭, ૮ |
| અધિ. ૨ શ્લો ૩૦ | વિવેક શ્લો. ૪ (પા). |
| અધિ. ૨ શ્લો. ૩૫-૩૯ | નિર્લેપ શ્લો. ૧-૫ |
| અધિ. ૩, શ્લો. ૧૩-૧૮ | ક્રિયા શ્લો. ૨-૭ |
| અધિ. ૪, શ્લો. ૧ | સ્ત. ૧, શ્લો. ૧૪૩ |
| અધિ. ૪, શ્લો. ૪ | સ્ત. ૧, શ્લો.ત ૧૪૬ (પા.) |
| અધિ ૪, શ્લો. ૧૭ | સ્ત. ૧, શ્લો ૨૫૬ |
| અધિ. ૪, શ્લો. ૧૮ | સ્ત. ૧, શ્લો. ૨૫૭ |
| અધિ. ૪, શ્લો. ૨૧ | સ્ત. ૧, શ્લો. ૨૫૮ |
| અધિ. ૪, શ્લો. ૨૨ | સ્ત. ૧, શ્લો. ૨૫૫ |
| અધિ. ૧, શ્લો. ૪૫-૪૭ | પ્ર. ૮, શ્લો. ૮, ૧૦ અને ૯ |
| અધિ. ૧, શ્લો. ૫૨ | પ્ર. ૮, શ્લો. ૧૧ |

P. ૧૭૭ **'જ્ઞાનસાર'**[1] કિંવા **અષ્ટક-પ્રકરણ** યાને અષ્ટકદ્વાત્રિંશત્ (ઉ. વિ. સં. ૧૭૪૩)– આ [3]કૃતિના પ્રણેતા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** છે. એમણે આઠ આઠ પદ્યોમાં ૩૨ અષ્ટકો રચ્યાં છે. એનાં નામોમાંનો 'અષ્ટક' શબ્દ બાદ કરતાં એનાં નામો અનુક્રમે નીચે મુજબ છે :–

(૧) પૂર્ણ, (૨) મગ્ન, (૩) સ્થિરતા, (૪) મોહ, (૫) જ્ઞાન, (૬) શમ, (૭) ઇન્દ્રિજય, (૮)
P. ૧૭૮ ત્યાગ, (૯) ક્રિયા, (૧૦) તૃપ્તિ, (૧૧) નિર્લેપ, (૧૨) નિઃસ્પૃહ, (૧૩) મૌન, (૧૪) વિદ્યા, (૧૫) વિવેક, (૧૬) માધ્યસ્થ્ય, (૧૭) નિર્ભય, (૧૮) અનાત્મપ્રંશસા, (૧૯) તત્ત્વદૃષ્ટિ, (૨૦) સર્વસમૃદ્ધિ,

૧. આનું પ્રકાશન ગંભીરવિજયજીકૃત ટીકા સહિત ''જૈ. ધ. પ્ર. સ.'' તરફથી વિ. સં. ૧૯૬૯માં થયું છે. મૂળ કૃતિ દેવચન્દ્રે રચેલી જ્ઞાનમંજરી નામની ટીકા સહિત ''જૈ. આ. સ.'' તરફથી વિ. સં. ૧૯૭૧માં છપાવાઇ છે. વિશેષમાં મૂળ કૃતિ ''મુ. ક. જૈ. મો.''માં વીરસંવત્ ૨૪૪૭માં તેમ જ ''શ્રીશ્રુતજ્ઞાનઅમીધારા'' (પૃ. ૧૧૦-૧૨૨)માં પ્રકાશિત કરાઇ છે. [આ. રાજશેખરસૂરિના વિવેચન સાથે પ્રસિદ્ધ છે.]
મૂળ કૃતિની સ્વોપજ્ઞ બાલવબોધ તેમ જ ગુજરાતી અનુવાદ સહિતની દ્વિતીય આવૃત્તિ ''જૈન પ્રાચ્ય વિદ્યાભવન'' તરફથી વિ. સં. ૨૦૦૩માં નિમ્નલિખિત નામથી પ્રસિદ્ધ કરાઇ છે :–
''[સ્વોપજ્ઞ ભાવાર્થના અનુવાદ સહિત]''**જ્ઞાનસાર**– આ ભદ્રગુપ્તવિજયજીના વિવેચન સહિત વિશ્વકલ્યાણપ્રકાશના મંત્રી તરફથી ત્રણ ભાગમાં વિ.સં. ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૪માં પ્રકાશિત કરાયેલ છે. અત્યારે તો ચતુર્થ ભાગ છપાવવો બાકી છે. [એક ભાગમાં સંપૂર્ણ વિવેચન પ્રગટ થયું છે.] [સમશ્લોકી ગુજ. અનુવાદ મુનિ મુનિચન્દ્ર વિ.નો પ્રસિદ્ધ છે.]

૨. દિ. પદ્મસિંહ મુનિએ ૬૨ ગાથામાં વિ.સં. ૧૦૮૬માં **નાણસાર** (સં. **જ્ઞાનસાર**) રચ્યો છે. એ સંસ્કૃત છાયા સહિત ''મા. દિ. ગ્રં.''માં વિ. સં. ૧૯૭૫માં છપાયો છે. 'ખરતર' ગચ્છના ધર્મચન્દ્રગણિના શિષ્ય **મતિનન્દનગણિએ જ્ઞાનસાર** રચ્યો છે.

૩. આનો પરિચય મેં યશોદોહનના ઉપોદ્ઘાત (પૃ. ૧૭, ૧૨, ૧૪, ૩૯, ૫૪ અને ૫૯)માં તેમ જ મૂળ ( પૃ. ૧૯, ૬૫, ૧૯૯, ૨૪૮, ૨૬૨, ૨૭૫, ૨૮૦-૨૮૨, ૨૮૫ અને ૨૮૯)માં આપ્યો છે.

(૨૧) કર્મવિપાકચિન્તન, (૨૨) ભવોદ્વેગ, (૨૩) લોકસંજ્ઞા, (૨૪) શાસ્ત્ર, (૨૫) પરિગ્રહ, (૨૬) અનુભવ, (૨૭) યોગ, (૨૮) નિયાગ, (૨૯) ભાવપૂજા, (૩૦) ધ્યાન, (૩૧) તપસ્ અને (૩૨) સર્વનયાશ્રયણ.

આ ૩૨ અષ્ટકમાં આઠ આઠ પદ્યો બાદ ઉપસંહારરૂપે ૧૭ શ્લોકો છે. તેમાંના શરૂઆતનાં ચાર શ્લોકો ઉપર્યુક્ત ૩૨ અષ્ટકોનાં નામ પૂરાં પાડે છે. શ્લો. ૫-૮માં 'જ્ઞાનસાર' એવું નામ નજરે પડે છે. શ્લો. ૧૩માં દીપોત્સવના પર્વમાં અર્થાત્ દિવાળીને દિવસે સિદ્ધપુરમાં આ **જ્ઞાનસાર** પૂર્ણ કર્યાનો ઉલ્લેખ છે પરંતુ રચનાવર્ષનો ઉલ્લેખ નથી. અંતિમ શ્લોક ગ્રંથકારના પરિચયરૂપ છે.

**સંતુલન–** ત્યાગાષ્ટક અને પરિગ્રહાષ્ટક એ **પવયણસાર**માંના 'ચારિત્ર' અધિકારનું, વિવેકાષ્ટક **સમયસાર**નું, વિદ્યાષ્ટક એ પાતંજલ **યોગદર્શન**ગત 'અવિદ્યા' અધિકારનું તેમ જ યોગાષ્ટક હારિભદ્રીય **જોગવીસિયા**નું અને તપોષ્ટક હારિભદ્રીય તપોષ્ટકનું તથા શાસ્ત્રાષ્ટક **યોગબિન્દુ** (શ્લો. ૨૨૧-૨૩૦)ગત શાસ્ત્રના મહિમાનું સ્મરણ કરાવે છે.

**જ્ઞાનસાર**માંના કેટલાંક પદ્યો **અધ્યાત્મોપનિષદ્**ના પ્રથમ ત્રણ અધિકારમાં મોટે ભાગે અક્ષરશઃ અને કોઇ કોઇ વાર કંઇક પાઠભેદ-પૂર્વક નજરે પડે છે. આ વાત હું કોષ્ટક દ્વારા વિસ્તારથી રજૂ કરું છું : P. ૧૭૯

| જ્ઞાનસાર | અધ્યાત્મોપનિષદ્ |
|---|---|
| મગ્ન શ્લો. ૫-૬ | અધિ. ૨, શ્લો. ૧૪ અને ૧૩ |
| જ્ઞાન શ્લો. ૪ | અધિ. ૧, શ્લો. ૭૪ |
| ક્રિયા શ્લો. ૨-૭ | અધિ. ૩, શ્લો. ૧૩-૧૮ |
| નિર્લેપ શ્લો. ૧-૫ | અધિ. ૨, શ્લો. ૧૨ (ઉત્તરાર્ધ) |
| નિઃસ્પૃહ શ્લો. (ઉત્તરાર્ધ) | |
| વિવેક શ્લો. ૪ | અધિ. ૨, શ્લો. ૩૦ (પા.) |
| શાસ્ત્ર શ્લો. ૩, ૪, ૬ | અધિ. ૧, શ્લો. ૧૨, ૧૪, ૧૧ |
| અનુભવ શ્લો. ૩. | અધિ. ૨, શ્લો. ૨૧ (પા.) |
| અનુભવ શ્લો. ૪ | અધિ. ૧, શ્લો. ૮ |
| અનુભવ શ્લો. ૫-૮ | અધિ. ૨, શ્લો. ૨૨, ૨૩ (પા.) ૨૪, ૨૫. |

**સુગમતા– જ્ઞાનસાર એ અધ્યાત્મસાર અને અધ્યાત્મોપનિષદ્** કરતાં સુગમ છે.

**જ્ઞાનસાર** એ નિશ્ચય-નયને પ્રાધાન્ય આપીને રચાયેલી કૃતિ છે. એ મુમુક્ષુ જનોને ચિન્તન માટે ખાસ ઉપયોગી છે અને જ્ઞાનની અભિરુચિ કેળવવામાં સહાયક છે.

**સ્વોપજ્ઞ** [1]**બાલાવબોધ– જ્ઞાનસાર** ઉપરનો ન્યાયાચાર્યે રચેલો આ બાલાવબોધ ગુજરાતીમાં છે.

**સ્વોપજ્ઞ ટીકા– જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૪૯)માં ન્યાયાચાર્યે જાતે **દીપિકા** નામની ૩૮૦૦ શ્લોક જેવડી સ્વોપજ્ઞ ટીકા રચ્યાનો ઉલ્લેખ છે. આ ઉપર્યુક્ત ગુજરાતી બાલાવબોધ તો નથી એવી શંકા રહે છે.

૧. આ ''જૈન પ્રાચ્યભવનથી'' છપાયેલો છે. જુઓ પૃ. ૧૭૭, ટિ. ૧.

P. ૧૮૦ 'જ્ઞાનમંજરી'[2]– 'ખરતર' ગચ્છના દીપચન્દ્રના શિષ્ય દેવચન્દ્રે જ્ઞાનસાર ઉપર જ્ઞાનમંજરી નામની ટીકા સંસ્કૃતમાં વિ. સં. ૧૭૯૬માં રચી છે.

[3]ટીકા– આ સંસ્કૃત ટીકાના કર્તા વૃદ્ધિવિજયગણિના શિષ્ય ગંભીરવિજયગણિ છે. એમણે આ ટીકા વિ. સં. ૧૯૫૪માં રચી છે.

આ પ્રમાણેની સંસ્કૃત ટીકાઓ ઉપરાંત એક અજ્ઞાતકર્તૃક સંસ્કૃત ટીકા પણ છે.

[4]ગુજરાતી વિવેચન– જ્ઞાનસાર ઉપર વિવેચન છે.

[5]અધ્યાત્મકમલમાર્તણ્ડ[6] (વિક્રમની ૧૭મી સદી)– આ દિ. રાજમલ્લે રચેલી કૃતિ છે. એમણે આ ઉપરાંત નીચે મુજબના ત્રણ ગ્રન્થો રચ્યાં છે :–

P. ૧૮૧ (૧) જંબૂસ્વામિચરિત– વિ. સં. ૧૬૩૨માં ૧૩ પર્વણમાં રચાયેલું છે.

(૨) લાટીસંહિતા– આ વિ.સં. ૧૬૪૧ની રચના છે.

(૩) પંચાધ્યાયી– એના પ્રણેતાએ આને 'ગ્રન્થરાજ' કહેલ છે. એમાં બે જ પ્રકરણ છે : (૧) ૭૭૦ શ્લોકવાળું દ્રવ્ય-સામાન્ય-નિરૂપણ અને (૨) દ્રવ્ય-વિશેષ-નિરૂપણ. દ્વિતીય પ્રકરણ અપૂર્ણ છે.

પ્રસ્તુત કૃતિ ચાર પરિચ્છેદોમાં વિભક્ત છે. એની પદ્યસંખ્યા અનુક્રમે ૧૪, ૨૫, ૪૨ અને ૨૦ છે. આમ એકંદર ૧૦૧ પદ્યો છે જ્યારે એનું પરિમાણ લગભગ ૨૦૦ શ્લોક જેવડું છે.

**વિષય**– પ્રથમ પરિચ્છેદમાં મોક્ષ અને મોક્ષના માર્ગ વિષે, દ્વિતીયમાં દ્રવ્ય-સામાન્ય-લક્ષણ વિષે, તૃતીયમાં દ્રવ્ય-વિશેષ વિષે અને ચતુર્થમાં જીવાદિ સાત તત્ત્વો અને નવ પદાર્થો વિષે નિરૂપણ છે.

**માતૃકાપ્રાસાદ** (વિ. સં. ૧૭૪૭)– આ ગ્રંથ વાચક મેઘવિજયે વિ.સં. ૧૭૪૭માં રચેલો છે. એ તેમ જ [7]**અર્હદ્ગીતા**[8] અને **બ્રહ્મબોધ** એ કેટલાકને મતે અધ્યાત્મવિષયક કૃતિઓ છે. **માતૃકાપ્રસાદ**માં "ૐ નમઃ સિદ્ધમ્" વર્ણામ્નાય પર વિવરણ છે. [9]**અર્હદ્ગીતા**માં ૩૬ અધ્યાય છે.

---

૧. આ જૈ. આ. સ. થી પ્રકાશિત છે. [આનું સંશોધન સા. દિવ્યગુણાશ્રીશ્રી કરે છે.]

૨. આ ટીકાનો પં. ભગવાનદાસ હરખચંદે અનુવાદ કર્યો છે.

૩. આ જૈ. ધ. પ્ર. તરફથી પ્રકાશિત છે.

૪. "રા.જૈ. શા."માં વિવેચન છપાવાયું છે.

૫. આ કૃતિ "મા. દિ. ગ્રં."માં વિ.સં. ૧૯૯૩માં નિમ્નલિખિત નામથી પ્રકાશિત પુસ્તકના અંતમાં પૃ. ૨૪૧-૨૬૩માં અપાઇ છે :– "जम्बूस्वामिचरितम्, अध्यात्मकमलमार्तण्डश्च" ["વીરસેવામંદિરથી પણ પ્રસિદ્ધ છે."] પ્રસ્તુત કૃતિનાં અંતમાં એક હાથપોથીમાં જે પાંચ પાઇય પદ્યો અને ચાર સંસ્કૃત પદ્યો અધિક છે તે પણ અહીં અપાયાં છે.

૬. આ કૃતિને લગતી કેટલીક વિગતો માટે જુઓ પૃ. 92.

૭. આ કૃતિ "મહાવીર-ગ્રંથ-માળા"માં વિ.સં. ૧૯૯૩માં પ્રકાશિત કરાઇ છે.

૮. આને **તત્ત્વગીતા** પણ કહે છે.

૯. સ્વ. બુદ્ધિસાગરસૂરિજીએ **પ્રેમગીતા** રચી છે.

**અધ્યાત્મબિન્દુ** (પ્રથમ દ્વાત્રિંશિકા) (ઉ. વિ. સં. ૧૭૭૦)– આના કર્તા હર્ષવર્ધન છે. એમના સ્વોપજ્ઞ વિવરણથી વિભૂષિત આ કૃતિની ચાર હાથપોથીઓ "ભાં. પ્રા. સં. મં."માં છે.[1] પ્રારંભમાં ઋષભદેવની સ્તુતિ છે. મૂળ કૃતિ ૩૨ પદ્યમાં છે અને એને "પ્રથમ દ્વાત્રિંશિકા" કહી છે. આ હિસાબે અન્ય દ્વાત્રિંશિકાઓ–કદાચ એકત્રીસ દ્વાત્રિંશિકાઓ એમ એકંદર બત્રીસ દ્વાત્રિંશિકાઓ રચાઇ હશે અથવા તો તેમ કરવાનો મનોરથ સેવાયો હશે. આની એક હાથપોથીમાં કર્તાનું નામ હર્ષવર્ધન ઉપરાંત ઉપાધ્યાય હંસરાજ પણ અપાયું છે તો શું આ નામાંતર છે ? [આ કૃતિ અને પ્રથમ દ્વા.ની સ્વોપજ્ઞટીકા સાથે લા.દ.વિદ્યામંદિર દ્વારા પ્રસિદ્ધ છે. પ્રથમ દ્વા. સ્વોપજ્ઞટીકા સાથે અને ૨-૩-૪ દ્વા. ઉપર આ. મિત્રાનન્દસૂરિકૃત ટીકા સાથે પદ્મવિજય ગ્રં.માં પ્રકાશિત છે.] P. ૧૮૨

**સ્વોપજ્ઞ વિવરણ**– આનો પ્રારંભ એક પદ્યથી કરાયો છે.

**અધ્યાત્મકભેદ**– આની એક હાથપોથી "ભાં. પ્રા. સં. મં.માં" છે.

**અધ્યાત્મકલિકા**– આની એક હાથપોથી જેસલમેરમાં છે.

**અધ્યાત્મપરીક્ષા**– આ કોઇ અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

**અધ્યાત્મપ્રદીપ**– આની એક હાથપોથી આગ્રામાં છે.

**અધ્યાત્મપ્રબોધ**– આની એક હાથપોથી આગ્રામાં છે.

**અધ્યાત્મલિંગ**– આની એક હાથપોથી મળે છે.

**અધ્યાત્મસારોદ્ધાર**– આની એક હાથપોથી સુરતમાં છે.

[2]**અધ્યાત્મતત્ત્વાલોક**– આ પ્રસાદાત્મક કૃતિ આઠ પ્રકરણોમાં અનુક્રમે ૧૧૭, ૪૭, ૧૩૧, ૭૮, ૩૯, ૩૭, ૧૯ અને ૧૫ પદ્યોમાં એકંદર ૪૮૩ પદ્યોમાં રચાઇ છે. પ્રકીર્ણક ઉપદેશ, પૂર્વસેવા, યોગનાં અંગો અને દૃષ્ટિઓ, કષાય ઉપર જય, ધ્યાનની સામગ્રી, ધ્યાનસિદ્ધિ, યોગની શ્રેણી અને અંતિમ શિક્ષા એ વિષયોને લગતું એકેક પ્રકરણ છે. ભાષા શુદ્ધ અને શ્લિષ્ટ છે. એના પ્રણેતા 'શાસ્ત્રવિશારદ' વિજયધર્મસૂરિજીના એક વિદ્વાન વિનેય નામે **ન્યાયવિજય** છે. એઓ ન્યાયવિશારદ અને ન્યાયતીર્થ એ બે પદવીઓથી વિભૂષિત છે. એમણે આ પુસ્તકની લગભગ છાયારૂપે જ. મ. માં [3]**અજ્ઝત્તતત્તાલોય** નામની કૃતિ રચી છે. એમણે કેટલીક નાની નાની કૃતિઓ સંસ્કૃતમાં રચી છે. ગુજરાતીમાં એમણે [4]**જૈન દર્શન** રચ્યું છે અને અત્યાર સુધીમાં એની આઠેક આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ છે. એ ઉપરથી એની ઉપયોગિતા અને લોકપ્રિયતા જણાઇ આવે છે. P. ૧૮૩

[5]**અનુવાદ** અને [6]**વિવરણ**– કર્તાએ ગુજરાતીમાં અનુવાદ અને વિવરણ રચ્યાં છે જ્યારે શ્રી. મોતીચંદ ઝવેરચંદ મહેતાએ એ બંને અંગ્રેજીમાં રચ્યાં છે.

---

૧. આ ચારેનો પરિચય મેં D C G C M (Vol XVIII, Pt. I, pp 162-166)માં આપ્યો છે. એમાંની એક હાથપોથી વિ.સં. ૧૭૭૦માં લખાયેલી છે.

૨. ગ્રંથકારકૃત ગુજરાતી અનુવાદ અને વિવરણ તેમજ શ્રી મોતીચંદ મહેતાકૃત અંગ્રેજી અનુવાદ અને વિવરણ તથા પ્રસ્તાવના સહિત આ મૂળકૃતિ અંગ્રેજી અનુવાદ અને વિવરણ તથા પ્રસ્તાવના સહિત આ મૂળકૃતિ અભયચન્દ્ર ભગવાનદાસ ગાંધી તરફથી ઈ. સ. ૧૯૨૦માં છપાવાઇ છે. પ્રારંભમાં મૂળ ફરીથી અપાયું છે.

૩. આ કૃતિ પાઇય પ્રસ્તાવના (પૃ. ૧-૩૨) અને અંગ્રેજી અનુવાદ સહિત જામનગરના "શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રીજૈન સંઘ" તરફથી ઇ.સ. ૧૯૩૮માં પ્રકાશિત થઇ છે.

૪. આની એક આવૃતિનો મેં કરેલો અંગ્રેજી અનુવાદ અદ્યાપિ અપ્રકાશિત છે. ૫-૬. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૨.

## ભાવના કિંવા અનુપ્રેક્ષા

ભાવના એ યોગમાર્ગની એક ભૂમિકા છે (જુઓ પૃ. ૧૩૮) એને 'અનુપ્રેક્ષા' પણ કહે છે.

P. ૧૮૪ **ઠાણ** (ઠા. ૪, ઉ. ૧, સુત્ત ૨૪૭)માં 'અણુપ્પેહા' (સં. 'અનુપ્રેક્ષા') શબ્દ વપરાયો છે. વિશેષમાં અહીં ધર્મ-ધ્યાન તેમ જ શુક્લ-ધ્યાનની ચાર ચાર અનુપ્રેક્ષાઓ ગણાવાઇ છે. 'અનુપ્રેક્ષા' એ શબ્દ ત. સૂ. (અ. ૯, સૂ. ૭)માં વપરાયો છે. એટલું જ નહિ પણ એમાં નીચે મુજબની બાર અનુપ્રેક્ષાઓ યાને ભાવનાઓનો નિર્દેશ છે[૧] :–

(૧) અનિત્ય, (૨) અશરણ, (૩) સંસાર, (૪) એકત્વ, (૫) અન્યત્વ, (૬) અશુચિત્વ, (૭) આસ્રવ, (૮) સંવર, (૯) નિર્જરા, (૧૦) લોક, (૧૧) બોધિદુર્લભ અને (૧૨) ધર્મસ્વાખ્યાતત્વ.

**પ્રશમરતિ** (શ્લો. ૧૪૯-૧૫૦)માં પણ આ ભાવનાઓનો ઉલ્લેખ છે અને શ્લો. ૧૫૧-૧૬૨માં એનું સ્પષ્ટીકરણ છે. હેમ **યોગશાસ્ત્ર** (પ્ર. ૯, શ્લો. ૫૫-૧૧૦) તેમ જ એની સ્વોપજ્ઞ વૃત્તિ, મલધારી હેમચન્દ્રસૂરિકૃત **ભવભાવણા**ની સ્વોપજ્ઞ સંસ્કૃત વૃત્તિ, **શાન્તસુધારસ, શુભચન્દ્રકૃત જ્ઞાનાર્ણવ, યશસ્તિલકચંપૂ** (આશ્વાસ ૨, શ્લો. ૧૦૫-૧૫૦) ઇત્યાદિમાં આ વિષય સંસ્કૃતમાં આલેખાયો છે. **મરણવિહિ** (ગા. ૫૭૦-૬૩૭)માં આ વિષય પાઇયમાં રજૂ થયો છે.

આ બાર અનુપ્રેક્ષાને લગતી સૌથી પ્રાચીન સ્વતંત્ર કૃતિ તે **બારસાણુવેક્ખા** છે. એના કર્તા દિ.
P. ૧૮૫ [૨]**કાર્તિકેયે** એ જઇણ સોરસેણીમાં ૯૧ ગાથામાં રચી છે. એવી રીતે સંસ્કૃત કેટલીક કૃતિઓ છે તે આપણે અહીં વિચારીશું. :–

**દ્વાદશભાવના**– **વિનયવિજયગણિ**ના નામ ઉપર આ કૃતિ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૮૪)માં નોંધાયેલી છે. એ **શાન્તસુધારસ** જ હશે એમ લાગે છે. આ નામની કોઇ અજ્ઞાતકર્તૃક કૃતિ પણ છે.

**દ્વાદશાનુપ્રેક્ષા**– આ નામની ત્રણ કૃતિઓ છે. એકના કર્તા **સોમ**દેવ છે, બીજાના **કલ્યાણકીર્તિ** છે અને ત્રીજીના કર્તાનું નામ જાણવામાં નથી. ત્રીજી કૃતિ તો સંસ્કૃતમાં જ છે પણ બીજી બે પણ શું સંસ્કૃતમાં છે ?

[૩]**શાન્તસુધારસ**[૪] (વિ. સં. ૧૭૨૩)– આના કર્તા **ચન્દ્રપ્રભા, લોકપ્રકાશ** વગેરે ગ્રંથોના પ્રણેતા

૧. **ત. સૂ.** ના સ્વોપજ્ઞ ભાષ્ય (ભાગ ૨, પૃ. ૨૦૯-૨૨૩)માં આનું વિવરણ છે.

૨. દિ. વટ્ટકેરકૃત **મૂલાયાર** (અ. ૮), યાપનીય **શિવાર્યકૃત ભગવઇ-આરાહણા**ની લગભગ ૧૫૦ ગાથાઓ તેમ જ દિ. કનકામરે રચેલ **કરકંડુચરિય** (IX, 6-7)માં બાર અનુપ્રેક્ષાની હકીકત છે.

૩. આ કૃતિ ગંભીરવિજયગણિની ટીકા સહિત "જૈ. ધ. પ્રા સ." તરફથી વિ.સં., ૧૯૬૯માં છપાવાઇ હતી. [પુનર્મુદ્રણ જિ.આ.ટ્ર. દ્વારા થયું છે.] ત્યાર બાદ કેવળ મૂળ કૃતિ "શ્રીશ્રુતજ્ઞાન અમીધારા"માં પૃ. ૧-૨૪માં ઇ.સ. ૧૯૩૬માં પ્રકાશિત થયેલી છે. વળી આ મૂળ કૃતિ સ્વ. મોતીચંદ ગિ. કાપડીઆના ગુજરાતી અનુવાદ અને વિવેચન સહિત બે ભાગમાં પ્રસિદ્ધ કરાઇ છે. એની પહેલા ભાગની પહેલી આવૃત્તિ ઇ.સ. ૧૯૩૬માં અને બીજી આવૃત્તિ ઇ.સ. ૧૯૩૯માં છપાઇ છે જ્યારે બીજાભાગની પહેલી આવૃત્તિ ઈ.સ. ૧૩૩૯માં છપાઈ છે. અને બીજી આવૃત્તિ ત્યારબાદ છપાઇ છે. બીજા ભાગમાં **વિનયવિજયગણિ**નો વિસ્તૃત પરિચય અપાયો છે. [મુનિ **ધુરંધરવિજયકૃત** સમશ્લોકી અનુવાદ પ્રસિદ્ધ થયો છે. પ્રાપ્તિ "ૐકારસૂરિજ્ઞાનમંદિર સૂરત." આ. ભદ્રગુપ્તસૂરિકૃત વિવેચન સાથએ ૩ ભાગમાં વિશ્વકલ્યાણ પ્ર. દ્વારા પ્રસિદ્ધ છે.]

૪. આનો પરિચય મેં **વિનયસૌરભ**માં આપ્યો છે. એના પૃષ્ઠાંકોની નોંધ મેં એ પુસ્તકના પૃ. ૧૧૩માં લીધી છે.

ઉપાધ્યાય **વિનયવિજયગણિ** છે. એમણે આ કૃતિ ગાંધારમાં વિ. સં. ૧૭૨૩માં રચી છે. આ શાન્ત રસથી ઓતપ્રોત કૃતિમાં સુપ્રસિદ્ધ અનિત્ય ઇત્યાદિ [1]બાર ભાવનાઓનું અને ત્યાર બાદ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય P. ૧૮૬
અને માધ્યસ્થ્ય એમ બીજી ચાર ભાવનાઓનો તાદૃશ ચિતાર આઠ આઠ પદ્યોરૂપ એકેક ગેયાષ્ટક દ્વારા અપાયો છે.

આમ અહીં ૧૨૮ (૧૬×૮) પદ્યો ઉપરાંત પૂર્વ પરિચયનાં ૯૯ અને પ્રશસ્તિનાં ૭ એમ ૧૦૬ પદ્યો છે. એકંદર ૨૩૪ પદ્યો છે.

આ **શાન્તસુધારસ** એ [2]ગેય કાવ્ય છે. સુપ્રસિદ્ધ દેશી રાગોમાં એ ગવાય એવી એની રચના છે. આ મધુર રચના મનોરંજક હોઈ એ જયદેવકૃત **ગીતગોવિન્દ**નું સ્મરણ કરાવે છે.

[3]**ટીકા– શાન્તસુધારસ** ઉપર ગંભીરવિજયગણિની ટીકા છે.

## ધ્યાનમીમાંસા

ધ્યાન એ અધ્યાત્મ, ભાવના, સમતા અને વૃત્તિસંક્ષયની જેમ યોગમાર્ગની એક ભૂમિકા છે. **કઠ**, P. ૧૮૭
**કૌશીતકિ**, **છાંદોગ્ય**, **તૈત્તિરીય** અને **શ્વેતાશ્વતર** જેવા મહત્ત્વના અને પ્રાચીન ઉપનિષદોમાં 'સમાધિ' એ અર્થમાં 'યોગ' અને 'ધ્યાન' જેવા શબ્દો નજરે પડે છે. પંતજલિએ **યોગદર્શન**માં જે આઠ યોગાંગ ગણાવ્યાં છે તેમાંનું એક યોગાંગ તે 'ધ્યાન' છે. એ એક રીતે યોગના મધ્યબિન્દુ જેવું છે.

જૈનોના તીર્થંકરોને ઉદ્દેશીને એવો ઉલ્લેખ મળે છે કે તેઓ દીક્ષા લે ત્યારથી માંડીને તે તેમને કેવલજ્ઞાન થાય ત્યાં સુધી તેઓ કોઇ રૂક્ષ યાને લૂખા પદાર્થને વિષે સતત વિચાર કરે છે[4] મહાવીરસ્વામીએ બાર વર્ષ કરતાં અધિક સમય સુધી મૌન સેવ્યું હતું અને ઘણોખરો વખત કાયોત્સર્ગ-ધ્યાનમાં એઓ મગ્ન રહ્યા હતા.[5] સર્વજ્ઞતા પ્રાપ્ત કર્યા બાદ એમણે પાંચ મહાવ્રતરૂપ યમ, તપ અને સ્વાધ્યાય જેવા નિયમ તથા ઇન્દ્રિયના વિજય જેવા પ્રત્યાહાર ઇત્યાદિ યોગાંગોના પરિપાલનમાં તન્મય રહેનારા પોતાના શિષ્યસમુદાયને દિવસ અને રાત એ પ્રત્યેકના ચાર ચાર પ્રહર પૈકી ત્રીજા પ્રહરને છોડીને પહેલા પ્રહરમાં તેમ જ ચોથા પ્રહરમાં સ્વાધ્યાય અને બીજા પ્રહરમાં ધ્યાન ધરવાનો ઉપદેશ આપ્યો હતો.[6]

બૌદ્ધોના તિપિટકાદિ મૌલિક ગ્રંથોની જેમ જૈન આગમોમાં પણ 'યોગ'ના અર્થમાં મુખ્યતયા 'ઝાણ' (સં. 'ધ્યાન') શબ્દ વપરાયેલો છે. ધ્યાનનું લક્ષણ એના ચાર [7]ભેદો અને પ્રભેદો, ધ્યાનનું આલંબન

૧. નિર્જરા પછી ધર્મ, લોકસ્વરૂપ અને બોધિદુર્લભ એમ ત્રણ ભાવના ગણાવાઈ છે.

૨. **પઉમચરિય** (ઉ.૨૮)ના શ્લો. ૪૭-૫૦ ગેય છે. વળી મુખ્યતયા ગુજરાતીમાં **તેજપાલ** શાહે વિ.સં. ૧૬૮૨માં રચેલા **સીમંધર-શોભાતરંગ**ની જે ૪૦મી ઢાલ 'ચંપકમાલા' છંદમાં સંસ્કૃતમાં છે તે ગેય કાવ્યરૂપ છે.

૩. આ વિવિધ સ્થળેથી પ્રકાશિત છે. જુઓ પૃ. ૧૮૫, ટિ. ૧ = પૃ. 100 ટિ. ૩.

૪. **ગુણસ્થાન-ક્રમારોહ** (શ્લો. ૧૦૧)માં કહ્યું છે કે છદ્મસ્થને અંગે મનની સ્થિરતા એ 'ધ્યાન' છે જ્યારે સર્વજ્ઞની બાબતમાં શરીરની સ્થિરતા એ જ 'ધ્યાન' છે.

૫. *મહર્ષિ બુદ્ધ પણ બુદ્ધત્વની પ્રાપ્તિ થઈ તે પૂર્વે છ વર્ષ સુધી ધ્યાનમગ્ન રહ્યા હતા.*

૬. જુઓ **ઉત્તરજ્ઝયણ** (અ. ૨૬, ગા. ૧૧-૧૨ અને ૧૭-૧૮).

૭. **દીઘનિકાય**ના **સામઞ્ઞફલસુત્ત**માં ચાર પ્રકારનાં ધ્યાનનું વર્ણન છે. એ જૈન તેમ જ પાતંજલ **યોગદર્શન** સાથે નામ અને ભાવની દૃષ્ટિએ મળતું આવે છે.

P. ૧૮૮ ઈત્યાદિ બાબતો જૈન [1]આગમોમાં નજરે પડે છે. **જોગવીસિયા** (ગા. ૧૮-૨૦)માં રૂપી (સાલંબન) અને અરૂપી (નિરાલંબન) ધ્યાનનું હૃદયંગમ વર્ણન છે. આ તો પાઈય સાહિત્યની વાત થઈ. ભ. ઉમાસ્વાતિએ **ત. સૂ.** (અ. ૯, સૂ. ૨૭)માં અને એના સ્વોપજ્ઞ ભાષ્યમાં ધ્યાન વિષે હકીકત આપી છે. એ **ઠાણ** વગેરે સ્વતંત્ર આગમો અને **આવસ્સય**ની નિજ્જુત્તિમાં છે તે જ છે. જિનભદ્રગણિએ જ. મ. માં **ઝાણજ્ઝયણ** રચ્યું છે. આમાં ૧૦૫ ગાથા છે. તેમ છતાં એ **ધ્યાનશતક** તરીકે સુપ્રસિદ્ધ છ. એ આગમોમાં અપાયેલા ધ્યાનના નિરૂપણના સ્પષ્ટીકરણરૂપ છે. એના ઉપર હરિભદ્રસૂરિની સંસ્કૃતમાં ટીકા છે.[2] આ **ઝાણજ્ઝયણ** જેવી એકે સ્વતંત્ર કૃતિ સંસ્કૃતમાં હોય એમ જણાતું નથી.

P. ૧૮૯ [3]**ધ્યાનવિચાર** (      )– આ નાનકડી પરંતુ મહત્ત્વપૂર્ણ ગદ્યાત્મક કૃતિ છે. એના કર્તાનું નામ જાણવામાં નથી. એની શરૂઆત ધ્યાનના માર્ગના ૨૪ પ્રકારોના ઉલ્લેખથી કરાયો છે. એ નામો હું બે વિભાગમાં વિભક્ત કરી રજૂ કરું છું :–

(૧) ૧. ધ્યાન. ૨. શૂન્ય. ૩. કલા. ૪. જ્યોતિષ્. ૫. બિન્દુ, ૬. નાદ. ૭. તારા. ૮. લય. ૯. લવ. ૧૦. માત્રા. ૧૧. પદ. ૧૨. સિદ્ધિ.

(૨) આ બારે શબ્દોની આગળ 'પરમ' શબ્દ જોડતાં ઉદ્ભવતાં નામો. જેમકે પરમધ્યાન, પરમશૂન્ય ઈત્યાદિ.

આમ એકંદરે જે ૨૪ નામો છે તેના સમર્થનાર્થે એક પાઈય પદ્ય અવતરણરૂપે અપાયું છે. ત્યાર બાદ ધ્યાનમાર્ગના ઉપર્યુક્ત ચોવીસે પ્રકારોનું સ્પષ્ટીકરણ કરાયું છે. જેમકે 'ધ્યાન' એટલે ચિન્તા અને ભાવનાપૂર્વકનો સ્થિર અધ્યવસાય.

ઉપર્યુક્ત પ્રથમ વિભાગગત પહેલા અગિયાર પ્રકારો પૈકી પ્રત્યેકના દ્રવ્યથી અને ભાવથી એમ બબ્બે ઉપપ્રકારો આ કૃતિમાં દર્શાવાયા છે. તેમ કરતી વેળા દ્રવ્ય-શૂન્યના ક્ષિપ્ત ચિત્ત ઈત્યાદિ બાર ભેદો એક પાઈય ગાથા દ્વારા નિર્દેશાયા છે. ભાવકલાને અંગે આચાર્ય **પુષ્પભૂતિ** અને **પુષ્પ** (ષ્ય) મિત્રનો ઉલ્લેખ કરાયો છે. એવી રીતે પરમબિન્દુના સ્પષ્ટીકરણમાં ૧૧ ગુણશ્રેણીઓનાં નામો અપાયાં છે. સાથે સાથે ગુણશ્રેણિ એટલે જે કર્મના દલિકો (દળિયાઓ)નું લાંબા સમયે વેદન થનારું હોય તેને નીચેની સ્થિતિમાં નાંખી અલ્પ સમયમાં જ તેનું કરાતું વેદન એમ એનો અર્થ કરાયો છે. દેવેન્દ્રસૂરિએ **સયગ**

૧. જુઓ **ઠાણ** (ઠા. ૪, ઉ. ૧), **સમવાય** (સ. ૪), **વિયાહપણ્ણત્તિ** (સ. ૨૫, ઉ. ૭) અને **ઉત્તરજ્ઝયણ** (અ. ૩૦, ગા. ૩૫) તેમ જ **આવસ્સય**ની નિજ્જુત્તિ (ગા. ૧૪૬૨-૧૪૮૬).

૨. જુઓ **આવસ્સય** સટીક (ઉત્તરાર્ધનો પૂર્વભાગ, પત્ર ૫૮૨અ-૬૧૧આ)

૩. આ કૃતિ "જૈ. સા. વિ. મં." તરફથી ઈ.સ. ૧૯૬૦માં પ્રસિદ્ધ કરાઈ છે. એમાં એનો ગુજરાતીમાં અનુવાદ, સાત પરિશિષ્ટો અને શબ્દસૂચી અપાયાં છે. પ્રારંભમાં 'દેહષટકોણ યન્ત્ર' છે અને અંતમાં બે યન્ત્રચિત્રો છે. પ્રથમ યન્ત્રચિત્રમાં ૨૪ તીર્થંકરોની માતાઓને પોતપોતાના તીર્થંકરરૂપ શિશુને અવલોકવામાં વ્યગ્ર બનેલી આલેખી છે જ્યારે બીજા યન્ત્રચિત્રમાં 'પરમમાત્રા' નામના ધ્યાનને વિષે ૨૪ વલયોથી પોતાનો આત્મા આવૃત છે એવો ભાવ દર્શાવાયો છે. આ જ કૃતિને અનુવાદાદિ સહિત ઈ.સ. ૧૯૬૧માં પ્રકાશિત **નમસ્કારસ્વાધ્યાય** *(પ્રાકૃત વિભાગ)નાં પૃ. ૨૨૫-૨૬૦માં સ્થાન આપાયું છે. ઉપર્યુક્ત બીજું યન્ત્રચિત્ર અહીં પણ અપાયું છે.* *[આ. કલાપૂર્ણસૂરિ મ.ના વિવેચન સાથે હિન્દીમાં "ચિન્તામણિ પાર્શ્વનાથ." હરિદ્વારથી પ્રસિદ્ધ છે.]*

(ગા.૮૩)માં ગુણશ્રેણિનો અર્થ 'દલરચના' કર્યો છે. દ્રવ્યલેપ સમજાવતાં 'વજ્રલેપનો નિર્દેશ કરાયો છે. પરમલવ એટલે ઉપશમ-શ્રેણિ અને ક્ષપક શ્રેણિ એમ અત્ર કથન છે. પરમમાત્રાનો જે ૨૪ વલયો સાથે સંબંધ છે. તેના નામો અપાયાં છે. દા.ત. શુભાક્ષરવલય, અનક્ષરશ્રુતવલય ઈત્યાદિ. અનક્ષરશ્રુતવલય P. ૧૯૦
પરત્વે ''ऊससियं नीससियं''થી શરૂ થતી ગાથા એટલો જ ઉલ્લેખ છે. એ સંપૂર્ણ ગાથા અપાઇ નથી. એ ગાથા **नन्दीसुत्त** (પત્ર ૧૮૭અ) તેમજ **કપ્પ**ની નિજ્જુત્તિમાં ગા. ૭૬ તરીકે અને **આવસ્સય**ની નિજ્જુત્તિમાં પણ એક ગાથા તરીકે જોવાય છે. ૨૨મું વલય ૯૬ ભવનયોગને લગતું છે તો ૨૩મું ૯૬ કરણયોગ સંબંધી છે. ૨૪મું વલય ૯૬ કરણો અંગેનું છે.

દ્રવ્યસિદ્ધિ એટલે અણિમા ઈત્યાદિ આઠ લૌકિક સિદ્ધિઓ અને ભાવસિદ્ધિ એટલે મુક્તિ પદને પામેલા જીવોના ૬૨ (૩૧+૩૧) ગુણોનું સંકીર્તન એમ અહીં કહ્યું છે. આમ કરતી વેળા **આયાર** (સુય. ૧, સુત્ત ૧૭૧-૧૭૨) તેમ જ [2]''अहवा कम्मे णव दरिसणम्मि''થી શરૂ થતી ગાથાનું પ્રતીક અપાયું છે.

ભાવના અને અનુપ્રેક્ષાથી રહિત ચલ ચિત્ત તે 'ચિન્તા' એમ કહી એના સાત પ્રકારો ગણાવાયા છે. ભાવના-ધ્યાનનું સ્વરૂપ **ભગવદ્ગીતા** (અ. ૬)નો શ્લો.[3] આપી રજૂ કરાયું છે. ભાવનાના જ્ઞાનભાવના ઈત્યાદિ ચાર પ્રકારો અને એ દરેકના ત્રણ ત્રણ ઉપપ્રકારો ચાર ગાથાના પ્રતીક દ્વારા સમજાવાયા છે. આ ચાર ગાથા **ઝાણજ્ઝયણ**ની ગા. ૩૧-૩૪ છે એમ પ્રતીકો ઉપરથી કહી શકાય.

અનુપ્રેક્ષાના બાર ભેદો છે એમ કહી ''पढमं अणिच्चभावं इत्यादि'' ઉલ્લેખ છે.

૯૬ ભવનયોગ નીચે મુજબ ગણાવાયા છે :–

યોગ, વીર્ય, સ્થામન્, ઉત્સાહ. પરાક્રમ, ચેષ્ટા, શક્તિ અને સામર્થ્ય માટેની સમજણ આપી એ P. ૧૯૧
દરેકના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ [4]ત્રણ ત્રણ પ્રકારો હોવાનું કહ્યું છે. આમ જે ૨૪ પ્રકારો પડે છે એ પ્રત્યેકના પ્રણિધાન, સમાધાન, સમાધિ અને કાષ્ઠા. એમ ચચ્ચાર ઉપપ્રકારો ગણતાં ૯૬ થાય છે.

પ્રણિધાનાદિ ચારનું સ્પષ્ટીકરણ કરતી વેળા દરેકનું અનુક્રમે **પ્રસન્નચન્દ્ર, ભરતેશ્વર, દમદન્ત** અને **પુષ્પભૂતિ** એમ એકેક દષ્ટાંત અપાયું છે.

ઉપર જે ૯૬ની સંખ્યા અપાઇ છે તે ભવનયોગ તેમ જ કરણયોગ બંને અંગેની છે. એ ૯૬ પ્રકારો મરુદેવાની જેમ સહજ પ્રકારે થાય તો તે ૯૬ ભવનયોગ ગણાય છે જ્યારે એ જ ૯૬ પ્રકારો ઉપયોગપૂર્વક કરાય તો ૯૬ કરણયોગ કહેવાય છે. મન, ચિત્ત, ચેતના, સંજ્ઞા, વિજ્ઞાન, ધારણા, સ્મૃતિ, બુદ્ધિ, ઈહા, મતિ, વિતર્ક અને ઉપયોગ એ દરેકના આઠ આઠ ભેદો તે ૯૬ કરણો છે. એનાં નામો ઉન્મનીકરણ ઈત્યાદિ અત્ર અપાયાં છે.

ધ્યાનના ૨૪ પ્રકારોને ૯૬ કરણોએ ગુણતાં ૨૩૦૪ થાય છે. એને ૯૬ કરણયોગો વડે ગુણતાં ૨૨૧૧૮૪ થાય છે. ૨૩૦૪ને ૯૬ ભવનયોગો વડે ગુણતાં પણ ૨૨૧૧૮૪ થાય છે. એ બંને મળીને

૧. આનું સ્વરૂપ **બૃહત્સંહિતા**માં ચાર પદ્યો દ્વારા દર્શાવાયું છે.

૨. આ ગાથાનું વિવરણ **આવસ્સય**ની ટીકા (પત્ર ૬૬૩અ)માં હરિભદ્રસૂરિએ કર્યું છે.

૩. આથી **મરણસમાહિ**ની ગા. ૭૩-૭૪ અભિપ્રેત હોય એમ લાગે છે.

૪. જેમકે યોગના યોગ, મહાયોગ અને પરમયોગ તથા વીર્યના વીર્ય, મહાવીર્ય અને પરમવીર્ય ઈત્યાદિ.

છદ્મસ્થના ધ્યાનના ૪૪૨૩૬૮ ભેદો થાય છે. યોગ, વીર્ય, ઇત્યાદિ જે આઠ ગણાવેલ છે એ પૈકી યોગના ૨૯૦ આલંબનો છે. ભાષાના ૫૮ (૪૨+૧૬)નોં મનથી ચિંતન કરતી વેળા ૫૮ મનોયોગ બને છે. અને એ બોલતી વેળા ૫૮ ભાષાયોગ બને છે. ઔદારિકાદિ પાંચ પ્રકારના શરીરના ૩૨ + ૨૫ + ૧ +
P. ૧૯૨ ૫૮ + ૫૮ = ૧૭૪ કાયયોગ છે. એમાં ૫૮ મનોયોગ અને ૫૮ ભાષાયોગ ઉમેરતાં ૨૯૦ આલંબનો થાય છે. [1]સ્થામન્‌ના આઠ અને બાકીનાનું એકેક આલંબન છે.

[2]**ધ્યાનદીપિકા**[3] કિંવા **ધ્યાનાધ્વગદીપિકા** યાને **ધ્યાનસુદીપિકા** (વિક્રમની ૧૭મી સદી)– આ પદ્યાત્મક કૃતિ છે. એમાં ૨૦૪ પદ્યો સંસ્કૃતમાં છે. **ઝાણજ્ઝયણ**ની કેટલીક ગાથાઓ આમાં પ્રસંગવશાત્ સંકલિત કરાઈ છે. એ ગણતાં પદ્યોની સંખ્યા ૨૪૫ની થાય છે. કેટલાંક સંસ્કૃત પદ્યો **યોગશાસ્ત્ર**માંથી અહીં ઉદ્ધૃત કરાયાં છે અને કેટલાંક **જ્ઞાનાર્ણવ** સાથે મળતાં આવે છે. આ હિસાબે આ એક સંગ્રહાત્મક કૃતિ છે. એના બીજા પદ્યમાં 'ધ્યાનાધ્વગદીપિકા' એ નામ એના અને અંતિમ પદ્યમાં 'ધ્યાનસુદીપિકા' એ નામ રજૂ કરાયેલ છે. પુષ્પિકામાં **ધ્યાનદીપિકા** નામ છે અને એ પ્રચલિત બન્યું છે. આ પુષ્પિકામાં સૂચવાયા મુજબ આના કર્તા **સકલચન્દ્ર** છે. ૧૬૨ ગાથામાં **અપ્પસિક્ખાપયરણ** (આત્મશિક્ષાપ્રકરણ) યાને **સુતસ્સાય** (શ્રુતાસ્વાદ) રચનારા **સકલચન્દ્ર** તે જ આ હોય એમ લાગે છે. જો એમ જ હોય તો આ **વિજયદાનસૂરિ**ના શિષ્ય ગણાય.

P. ૧૯૩ "चन्द्रार्कदीपालिमणिप्रभाभिः"થી શરૂ થતા અંતિમ પદ્યગત અર્ક, દીપાલિ અને મણિને સંખ્યાવાચક ગણી આ રચના વિ.સં. ૧૬૨૧માં થયાનું જે ભાષાંતરકારે સૂચવ્યું છે તે વિચારણીય છે.

આ કૃતિને ભાષાંતરકારે નવ પ્રકરણોમાં વિભક્ત કરી છે, જો કે ગ્રંથકારે તેમ કર્યું નથી. આ ગ્રંથમાં જ્ઞાનાદિ ચાર ભાવના તેમ જ અનિત્યાદિ બાર ભાવના, આર્ત વગેરે ચાર ધ્યાનો, અષ્ટાંગ યોગ, પિંડસ્થાદિ ચાર ધ્યાનો તેમ જ હિતશિક્ષા એમ વિવિધ વિષયો આલેખાયા છે.

શુભચન્દ્રકૃત **જ્ઞાનાર્ણવ**માં ધ્યાનનો અધિકાર છે. એમાં જેમ પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ધ્યાનનું નિરૂપણ છે તેમ હેમચન્દ્રસૂરિકૃત **યોગશાસ્ત્ર** (પ્ર. ૭-૧૦) અને એની સ્વોપજ્ઞ વૃત્તિમાં છે. વિશેષમાં આ કૃતિમાં હેમચન્દ્રસૂરિએ સ્વાનુભવ અનુસાર મનના વિક્ષિપ્ત, યાતાયાત, શ્લિષ્ટ અને સુલીન એવા ચાર ભેદોનું વર્ણન કર્યું છે. અને એ બાબત નવીન જણાય છે. **અધ્યાત્મસાર**માં ધ્યાનાધિકાર છે.

**અન્ય કૃતિઓ–** [4]યશઃકીર્તિકૃત તેમજ અજ્ઞાતકર્તૃક **ધ્યાનસાર** છે. નેમિદાસે **ધ્યાનમાલા,**

---

૧. એનાં આઠ આલંબનો કમ્મપયડિની દ્વિતીય ગાથા દ્વારા દર્શાવાયાં છે.

૨. કેસરવિજયગણિકૃત ગુજરાતી અનુવાદ અને ભાવાર્થ સહિત આ કૃતિ સોમચંદ ભગવાનદાસ તરફથી ઇ.સ. ૧૯૧૬માં પ્રસિદ્ધ કરાઈ છે. એમાં મૂળ પદ્યો પદચ્છેદાદિ દૃષ્ટિએ તો અશુદ્ધ છપાયાં છે.

૩. આ નામની એક ગુજરાતી કૃતિ છે. એનો પરિચય મેં પૃ. ૧૬૦માં આપ્યો છે.

૪. **યોગદર્શન તથા યોગવિંશિકાની** હિન્દી પ્રસ્તાવના (પૃ. ૩૧)માં જે દિગંબરીય **ધ્યાનસારનો** ઉલ્લેખ છે તે શું એમની કૃતિ છે ?

ભાસ્કનન્દિએ **ધ્યાનસ્તવ**, ભાવવિજયે વિ.સં. ૧૬૯૬માં [1]**ધ્યાનસ્વરૂપ**, અભયચન્દ્રે **ધ્યાનામૃત** અને કોઈકે **ધ્યાનવિચાર** રચેલ છે એમ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૯૯) જોતાં જણાય છે. [**ધ્યાનશાસ્ત્ર**– કર્તા રામસેનાચાર્ય, સંપા. જુગલકિશોર મુખ્તાર. પ્રકા. "વીરસેવામંદિર" દીલ્હી ઈ.સ. ૧૯૬૩.]

રત્નશેખરસૂરિકૃત **ગુણસ્થાનકમારોહ**ની સ્વોપજ્ઞ મનાતી વૃત્તિનાં પત્ર ૩૭ અને ૩૮માં ધ્યાનદંડકસ્તુતિના ઉલ્લેખપૂર્વક એમાંથી એકેક પદ્ય અવતરણરૂપે અપાયું છે. એ નીચે મુજબ છે:– P. ૧૯૪

"नासावंशाग्रभागस्थितनयनयुगो मुक्ततारापूचार :
शेषाक्षक्षीणवृत्तिस्त्रिभुवनविवरोद्धान्तयोगैकचक्षुः ।
पर्यङ्कातङ्कशून्यः परिकलितघनोच्छ्वासनिःश्वासवातः
स ध्यानारूढमूर्तिश्चिरभवतु जिनो जन्मसम्भूतिभीतेः ॥"

"सङ्कोच्यापानरन्ध्रं हुतवहसदृशं तन्तुवत् सूक्ष्मरुपं
धत्वा हत्पद्मकोशे तदनु च गलके तालुनि प्राणशक्तिम् ।
नीत्वा शून्यातिशून्यां पुनरपि खगतिं दीप्यमानां समन्तात्
लोकालोकावलोकां कलयति स कलां यस्य तुष्टो जिनेशः ॥"

આ ઉપરથી ફલિત થાય છે કે ધ્યાનના સ્વરૂપની સાથે સાથે પ્રસ્તુત કૃતિ જિનેશ્વરની સ્તુતિરૂપ છે. આ સ્તુતિની નોંધ **જિ. ર. કો.**માં નથી.[2]

**નિષ્કર્ષ**– ધ્યાનને અંગે જે થોડીક સ્વતંત્ર કૃતિઓ છે તેમાંથી એકે વિષયનિરૂપણ કે પ્રાચીનતાની અપેક્ષાએ તો **ઝાણજ્ઝયણ**ની બરાબરી કરી શકે તેવી નથી.

**સમતા** P. ૧૯૫

રાગ અને દ્વેષની જટિલ જંજીરમાં જકડાયેલા આત્માને એમાંથી મુક્ત કરનાર 'સમતા' છે. આને **ભગવદ્ગીતા** (અ. ૨)ના નિમ્નલિખિત પદ્યમાં 'યોગ' કહ્યાં છે :–

"योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय ! ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं 'योग' उच्यते । ४८ । "

**સમભાવશતક** (ક) (        )– આના કર્તા **ધર્મઘોષ(સૂરિ)** છે.

[3]**સામ્યશતક** (        )– અભયદેવસૂરિના શિષ્ય **વિજયસિંહસૂરિ**એ ૧૦૬ શ્લોકોમાં આ શતક રચ્યું છે.

---

૧. ધ્યાનસ્વરૂપ– 'ધ્યાનસ્વરૂપનિરૂપણપ્રબન્ધ' નામની જે કૃતિ "જૈન ગુર્જરાદિ કૃતિ-સમુચ્ચય"માં દસ ઢાલમાં પૃ. ૧-૨૫માં છપાઈ છે તે જ આ છે એમ એના કર્તા અને રચનાવર્ષ તેમ જ એની સુરતમાંની એક હાથપોથી વિચરતાં જણાય છે.

૨. આથી તો મેં પ્રસ્તુત કૃતિનાં બે જ પદ્યો જે ઉપલબ્ધ છે તે અત્ર આપ્યાં છે. આ કૃતિ કોઈ સ્થળેથી કદાચ મળી આવે એ વાસ્તે પૂરો પ્રયાસ થવો ઘટે.

૩. "એ. એમ. એન્ડ કંપની" તરફથી મુંબઈથી ઈ.સ. ૧૯૧૮માં આ પ્રસિદ્ધ કરાયું છે. [આ. ભદ્રગુપ્તસૂરિજીનું વિવેચન નામે "પીઓ અનુભવરસ પ્યાલા" વિ. દ. પ્ર. થી પ્રગટ થયું છે.]

## સમાધિ

**સમાધિતન્ત્ર** (        )– સમાધિ એ **યોગદર્શન** પ્રમાણે યોગનું આઠમું અંગ છે. કેટલાકનું કહેવું છે કે **કુન્દકુન્દે** **સમાધિતન્ત્ર** રચ્યું છે. એના ઉપર **પર્વતધર્મે** તેમ જ **નાથુલાલે** એકેક ટીકા સંસ્કૃતમાં રચી છે.

P. ૧૯૬ [1]**સમાધિશતક** કિંવા **સમાધિતન્ત્ર** (વિક્રમની છઠ્ઠી સદી)– પૂજ્યપાદે ૧૦૫ શ્લોકમાં આ કૃતિ રચી છે. ડૉ. **પી.** એલ. વૈદ્યના મતે શ્લો. ૨, ૩, ૧૦૩ અને ૧૦૪ તેમ જ સંભવતઃ ૧૦૫ એમ પાંચ પદ્યો પ્રક્ષિપ્ત છે.[2] આત્માથી અતિરિક્ત પદાર્થોમાં આત્મત્વની બુદ્ધિ રાખવાથી સંસારી જીવ દુઃખી થાય છે એ હકીકત અહીં વર્ણવાઇ છે. આત્માની ગતિ વિષે આ કૃતિ સરસ પ્રકાશ પાડે છે. એનાં કેટલાંક પદ્યો **મોક્ખપાહુડ**નું સ્મરણ કરાવે છે. કેટલાકને મતે એ એના આધારે યોજાયાં છે. શ્લો. ૧૦૫ પ્રમાણે આ જ કૃતિનું નામ **સમાધિતન્ત્ર** છે.

**ટીકાઓ– સમાધિશતક** ઉપર **પ્રભાચન્દ્રે**, **યશશ્ચન્દ્રે**, **પર્વતધર્મે** અને **મેઘચન્દ્રે** એકેક ટીકા સંસ્કૃતમાં રચી છે. એ પૈકી **પ્રભાચન્દ્ર**કૃત ટીકા છપાયેલી છે. જુઓ પૃ. ૧૯૫, ટિ. ૨.

**અનુવાદો–** મૂળ કૃતિના હિન્દી, મરાઠી અને અંગ્રેજીમાં અનુવાદ થયા છે. આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૧૯૫, ટિ. ૨.

P. ૧૯૭ **ઉદ્ધાર–** [3]**સમાધિશતક**[4] યાને **દોધિકશતક**ના પ્રણેતા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** છે. એની રચનામાં એમણે "સમાધિતંત્ર વિચાર"નો ઉદ્ધાર કર્યો છે એમ નિમ્નલિખિત ૧૦૦માં પદ્યનો પૂર્વાર્ધ જોતાં જણાય છે :–

"દોધિકશતકે ઉદ્ધર્યું તન્ત્રસમાધિવિચાર"

---

૧. "સનાતન જૈન ગ્રંથમાલા"માં ગ્રંથાક ૧ તરીકે આ કૃતિ ઇ.સ. ૧૯૦૫માં મુંબઇથી પ્રસિદ્ધ થઇ છે. દિલ્હીથી એ વિ. સં. ૧૯૭૮માં પં. ફતેહચંદે પ્રકાશિત કરી છે. એમ. એન. **દ્વિવેદી**ના અંગ્રેજી અનુવાદપૂર્વક આ મૂળ કૃતિ અમદાવાદથી ઇ.સ. ૧૮૯૫માં પ્રગટ થઇ છે. ઇ.સ. ૧૯૪૦માં મરાઠી અનુવાદ સહિત મૂળ કૃતિ સોલાપુરના આર. એન. શાહે પ્રસિદ્ધ કરી છે. "વીરસેવામંદિર" સરસાવાથી પં. પરમાનન્દ જૈનના હિન્દી અનુવાદ તેમ જ **પ્રભાચન્દ્ર**કૃત સંસ્કૃત ટીકા સહિત આ મૂળ ઇ.સ. ૧૯૫૪માં છપાવાયું છે. એમાં પં. જુગલકિશોરની હિન્દીમાં વિસ્તૃત પ્રસ્તાવના છે. આ પ્રકાશનનું નામ "સમાધિતન્ત્ર ઔર ઇષ્ટોપદેશ" છે.

૨. જુઓ "જૈન સિદ્ધાન્ત ભાસ્કર" (Vol. V.) "અનેકાન્ત" (વ. ૨, પૃ. ૪૪૩-૪૫૨)માં ડૉ. પી. એલ. વૈદ્યના મતનું પં. જુગલકિશોરે ખંડન કર્યું છે.

૩. આ કૃતિ "સમાધિશતકમ્ તથા આત્મકાન્તિપ્રકાશ" એ નામથી "અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ" તરફથી પ્રકાશિત પુસ્તકમાં અપાયેલી છે. એની ઇ.સ. ૧૯૦૮માં છપાયેલી બીજી આવૃતિમાં 'યોગનિષ્ઠ' બુદ્ધિસાગરસૂરિજીએ આને અંગે ગુજરાતીમાં આપેલા ભાવાર્થ અને વિસ્તૃત વિવેચનને સ્થાન અપાયું છે. *["સોહિભાવનિર્ગ્રંથ" અને "આપ હિ આપ બુઝાય"માં સમાધિશતકની કેટલીક કડીઓ ઉપર આ. **યશોવિજયસૂરિ**.* મ.નું વિવેચન છે. પ્રાપ્તિસ્થાન– આ. ૐકારસૂરિજ્ઞાનમંદિર સૂરત.]

૪. આને **સમાધિતન્ત્ર** પણ કહે છે. એના પરિચય માટે જુઓ **યશોદોહન**ના ઉપોદ્‌ઘાતનાં પૃ. ૧૨ અને ૫૪ તેમ જ મૂળનાં પૃ. ૨૯૫ અને ૨૯૬.

આ **સમાધિતન્ત્રવિચાર** તે જ પૂજ્યપાદકૃત **સમાધિશતક** યાને સમાધિતન્ત્ર છે.

**સમાધિતન્ત્ર**– આ કૃતિ ન્યાયાચાર્ય **યશોવિજય**ગણિએ રચી છે એમ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૪૨૧)માં ઉલ્લેખ છે. શું એ જ સમાધિશતક યાને દોધિકશતક તો નથી ?

**સમાધિદ્વાંત્રિંશિકા** અને **સમાધિભક્તિ**– આ બંને અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

**સમાધિમરણ** અને **સમાધિમરણવિધિ**– આ આરાધનાના ગ્રંથો ગણાય છે.

[**સમાધિમરણોત્સાહદીપક**– કર્તા **સકલકીર્તિ**, અનુવાદક હીરાલાલ શાસ્ત્રી, પ્રકા. "વીરસેવામંદિર" દિલ્હી ઈ.સ. ૧૯૬૪.]

[1]**વૈરાગ્યકલ્પલતા** (લ. વિ. સં. ૧૭૧૬)– ઐન્દ્રી શ્રિયં"થી શરૂ થતી આ પદ્યાત્મક [2]કૃતિના કર્તા P. ૧૯૮
અનેકવિધ ગ્રંથોના પ્રણેતા ન્યાયાચાર્ય **યશોવિજય**ગણિ છે. એમની આ ૬૦૫૦ શ્લોક જેવડી કૃતિ વૈરાગ્યના વિષયને વ્યક્ત કરનારી કૃતિઓમાં અગ્ર સ્થાન ભોગવે છે. એ નવ સ્તબકમાં વિભક્ત છે. એની પદ્યસંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :–

૨૬૯, ૨૮૧, ૨૩૦, ૭૫૩, ૧૫૦૧, ૭૬૧, ૫૬૨, ૮૮૫ અને ૧૧૪૦.

આમ અહીં ૪૫૮૨ પદ્યો છે.

**મહત્ત્વ**– આ કૃતિનું મહત્ત્વ એ છે કે ન્યાયાચાર્યના ગુરુ **નયવિજયે** જાતે આની હાથપોથી લખી છે. આ એક વિરલ પ્રસંગ ગણાય.

બીજો સ્તબક ગુરુના પ્રભાવનું વર્ણન પૂરું પાડે છે.

સૂર્યોદય, સૂર્યાસ્ત, પ્રાતઃકાલ, સંધ્યા, ઋતુઓ વગેરેના મનોરંજક વર્ણનોને લઈને આ કૃતિ મહાકાવ્યનો ભાસ કરાવે છે.

પ્રથમ સ્તબકના શ્લો. ૧૪૩, ૧૪૬, અને ૨૫૫-૨૫૮ એ **અધ્યાત્મોપનિષદ્** (અધિ. ૪)માં શ્લો. ૧, ૪ (પા.), ૨૨, ૧૭ (પા.), ૧૮ અને ૨૧ રૂપે જોવાય છે.

પ્રસ્તુત કૃતિ **ઉપમિતિભવપ્રપંચાકથા**ની જેમ 'રૂપક' પદ્ધતિએ રચાયેલી છે. મુખ્યતયા એ એના અનુકરણરૂપ છે છતાં એની રચના એવી ખૂબીથી કરાઈ છે કે એ સ્વતંત્ર કૃતિ જેવી જણાય છે. એની એક વિશેષતા એ છે કે વૈરાગ્યના હેતુરૂપ સમાધિનું સ્વરૂપ જે પ્રથમ સ્તબકના શ્લો. ૧૨૪-૨૬૯માં P. ૧૯૯
આલેખાયું છે તે **ઉપમિતિ**.માં નથી.

---

૧. આ કૃતિનો લગભગ અડધો અંશ ગુજરાતી અનુવાદ સહિત ભીમસી માણેક તરફથી ઈ.સ. ૧૯૦૧માં પ્રકાશિત થયો હતો. સંપૂર્ણ કૃતિનું સંપાદન પં. ભગવાનદાસ હરખચંદે કર્યું છે અને એ હીરાલાલ દેવચંદે ઈ.સ. ૧૯૪૩માં પ્રકાશિત કર્યું છે. આ સંપાદનમાં ન્યાયાચાર્યના ગુરુ **નયવિજયે** વિ. સં. ૧૭૧૬માં સ્વર્ણગિરિમાં લખેલી **વૈરાગ્યકલ્પલતા**ની હાથપોથીનો ઉપયોગ કરાયો છે અને પાંચમા સ્તબકને અંગે આ સાલનો ઉલ્લેખ છે. અંતમાં એક પત્રની પ્રતિકૃતિ અપાઇ છે.

૨. આ વિષે કેટલીક માહિતી મેં યશોદોહનના ઉપોદ્ઘાતના (પૃ. ૧૦, ૨૪ અને ૭૮)માં તેમ જ મૂળ (પૃ. ૧૧૪, ૧૧૭, ૧૧૮, ૧૨૩, ૨૦૬, ૨૮૧ અને ૨૯૭)માં આપી છે.

**મુક્તાશુક્તિસંવાદ**– **વૈરાગ્યકલ્પલતા**માં **મુક્તાશુક્તિ**નો સંવાદ છે એમ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૧૦)માં ઉલ્લેખ છે. **જૈ. ગ્રં.** (પૃ. ૧૦૫)માં મુક્તાશુક્તિ એવું જે કૃતિનું નામ રજૂ કરાયું છે તે આ જ કૃતિ હશે. આ હાલમાં છપાય છે તેમ સાંભળવામાં આવ્યું છે.

**વૈરાગ્યરતિ**– આ પણ ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**ની આશરે ૪૮૦૦ શ્લોક જેવડી કૃતિ છે પણ હજી સુધી તો એ પૂરેપૂરી મળી આવી નથી. એનું નામ **પ્રશમરતિ**નું સ્મરણ કરાવે છે. એને અંગે મેં કેટલીક બાબતો **યશોદોહન** ઉપોદ્‌ઘાત (પૃ. ૧૩ અને ૨૪)માં તેમ જ મૂળ (પૃ. ૨૩, ૧૧૮ અને ૧૧૯)માં આપી છે. આ કૃતિ હાલ છપાય છે. [યશોભારતી મુંબઈથી વિ.સં. ૨૦૨૬માં પ્રસિદ્ધ થયેલ છે. સંપા. મુનિ **ર**મણીક વિ.]

**વૈરાગ્યદીપક**– આ અજ્ઞાતકર્તૃક કૃતિની એક હાથપોથી અહીં (સુરતમાં) છે.

**વૈરાગ્યમણિમાલા**– આ નામની બે કૃતિ છે. એકના કર્તા દિ. [1]**વિશાલકીર્તિ** છે તો બીજાના દિ. **શ્રુતસાગર**ના શિષ્ય **શ્રીચન્દ્ર** છે[2].

P. ૨૦૦ [3]**આત્માનુશાસન**[4] (લ. વિ. સં. ૯૪૦)– આના કર્તા શકસંવત્ ૭૩૭થી ૮૦૦ સુધી રાજ્ય કરનારા **અમોઘવર્ષ**ના સમકાલીન દિ. આચાર્ય **જિનસેન**ના શિષ્ય **ગુણભદ્ર** છે. એમણે છે. એમણે ૨૭૦ પદ્યોમાં વિવિધ છંદોમાં આ કૃતિ રચી છે. એમાં સમ્યગ્‌-દર્શન, ચારિત્ર, તપ અને જ્ઞાન એ ચાર આરાધનાનો વિષય હૃદયંગમ રીતે રજૂ કરાયો છે.

[5]**ટીકા**– આ ટીકા **આત્માનુશાસન** ઉપર દિ. **પ્રભાચન્દ્રે** રચી છે.

**અનુવાદ**– દિ. હિન્દી ગ્રંથકારોમાં અગ્ર સ્થાન ભોગવનારા પં. **ટોડરમલ્લે** દેશભાષામાં એટલે કે હિન્દીમાં આ મૂળ કૃતિનો અનુવાદ કર્યો છે. મૂળનો અંગ્રેજી [6]અનુવાદ જગમંદરલાલ જૈનીએ કર્યો છે.

[7]**આત્માનુશાસન** (વિ. સં. [8]૧૦૪૨)– આ આર્યામાં ૭૭ પદ્યમાં રચાયેલી કૃતિના પ્રણેતા

---

૧. એમની કૃતિ "મા. દિ. ગ્રં."માં વિ. સં. ૧૯૭૫માં પ્રકાશિત થયેલી છે.

૨. શ્રીવિજયલબ્ધિસૂરિએ ૬૪૧ પદ્યમાં **વૈરાગ્યરસમંજરી** રચી એને પાંચ ગુચ્છકમાં વિભક્ત કરી છે. એ મારા ગુજરાતી શ્લોકાર્થ અને સ્પષ્ટીકરણપૂર્વક "નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધારક ફંડ" તરફથી વિ.સં. ૧૯૮૬માં છપાવાઈ છે. ["લબ્ધિસૂરિ જૈન ગ્રં."થી પણ પ્રસિદ્ધ થયેલ છે.]

૩. આ મૂળ કૃતિ પં. વંશીધર શાસ્ત્રીના હિન્દી તત્ત્વાર્થ સહિત "જૈન ગ્રંથરત્નાકર કાર્યાલય" તરફથી મુંબઈથી વિ. સં. ૧૯૭૨માં પ્રસિદ્ધ કરાઈ છે.

૪. આ નામની એક સટીક અજ્ઞાતકર્તૃક કૃતિની નોંધ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૨૭)માં છે.

૫. આ જ ટીકા S B Jમાં છપાવાઈ છે ?

૬. આ અનુવાદ મૂળ તેમ જ ટીકા સહિત S B Jમાં ઈ.સ. ૧૯૨૮માં છપાવાયો છે.

૭. આ કૃતિ સિતાબચંદ નાહરે હિન્દી અનુવાદ સહિત કલકત્તાથી વિ. સં. ૧૯૩૧માં પ્રકાશિત કરી છે. મૂળ કૃતિ આગમોદ્ધારકના પટ્ટધર શ્રી**માણિક્યસાગરસૂરિ**ના ગુજરાતી અનુવાદ સહિત "જૈન પુસ્તક પ્રચારક" તરફથી વિ. સં. ૨૦૦૬માં પ્રસિદ્ધ થયેલા "'આચારાંગસૂત્ર' નામના પુસ્તકમાં પૃ. ૨૩૩-૨૫૦માં છપાઈ છે.

૮. જિ. ર. કો. (વિ. ૧, પૃ. ૨૭)માં રચનાવર્ષ તરીકે ૧૦૪૨નો જ ઉલ્લેખ છે. "ભા. પ્રા. સં. મં."માં આત્માનુશાસનની જે એક હાથપોથી છે એમાં અંતિમ (૭૭મા) પદ્યમાં રચનાવર્ષ તરીકે જે નીચે મુજબનો ઉલ્લેખ છે તે જોતાં એ યથાર્થ જણાય છે :– "द्व्यर्गलचत्वारिंसत्समधिकवत्सरसहस्रसङ्ख्यायाम्"

**પાર્શ્વ**નાગ છે. એમણે આ દ્વારા સ્વપરનું હિત સાધવા માટે આત્માને શિખામણ આપી છે. વિપત્તિઓ એ પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મના ફળરૂપ છે. શરીરાદિની અસ્થિરતા છે ઇત્યાદિ બાબત અહીં એમણે સચોટ રીતે રજૂ કરી છે. આ કૃતિની રચનામાં આ નામની દિ. કૃતિની કેવી પ્રેરણા મળી હશે તે નક્કી કરવું બાકી રહે છે.

સૈદ્ધાન્તિક **યક્ષદેવ**ના શિષ્યનું નામ પણ **પાર્શ્વ**નાગ છે અને એમણે શકસંવત્ ૮૨૬ (વિ.સં. ૯૬૧)માં **વન્દિત્તુસુત્ત** ઉપર વૃત્તિ રચી છે. એ પાર્શ્વનાગ તો પ્રસ્તુત **પાર્શ્વ**નાગ સંભવતા નથી.

**અનુવાદ–** આ મૂળ કૃતિના [1]હિંદી તેમ જ [2]ગુજરાતી અનુવાદ થયેલા છે.

## ઉત્ક્રાન્તિવાદ કિંવા પ્રગતિનો પંથ

ચિત્ત જ્યાં સુધી ગમે ત્યાં ભમતું રહે ત્યાં સુધી કોઇ પણ કાર્ય પછી એ ભૌતિક હો, આધિદૈવિક હો કે આધ્યાત્મિક હો, એ જેવું જોઇએ તેવું અને જલદીથી સિદ્ધ ન થાય એટલે પોતાની ઉત્ક્રાન્તિ સાધવા ઇચ્છનારે પોતાની સર્વ શક્તિઓને કેન્દ્રિત કરવી જોઇએ-મનની એકાગ્રતા કેળવવી જોઇએ અર્થાત્ એને P. ૨૦૨ '[3]યોગ'ના આ ક્લેવરનો આશ્રય લેવો જોઇએ. આમ યોગ અને ઉત્ક્રાન્તિને સંબંધ છે એટલે [4]ઉત્ક્રાન્તિવાદ સંબંધી કૃતિઓ હું વિચારું છું :–

આધ્યાત્મિક વિકાસ કેવી રીતે થાય છે એ બાબત જૈન ગ્રંથોમાં ચૌદ ગુણસ્થાનકો દ્વારા દર્શાવાઈ છે.

'[5]**ગુણસ્થાનક્રમારોહ** કિંવા **ગુણસ્થાનરત્નરાશિ** (વિ. સં. ૧૪૪૭)– 'નાગપુરીય તપા' ગચ્છના **વજ્રસેનસૂરિ**ના કે **હેમતિલકસૂરિ**ના શિષ્ય [6]રત્નશેખરસૂરિએ આ કૃતિ ૧૩૫ પદ્યમાં અનુષ્ટુભમાં

૧-૨. આ છપાયા છે. જુઓ પૃ. ૨૦૦, ટિ. ૫. = 108 ટિ. ૭.

૩. યોગનો આત્મા નિરર્થક અને અનર્થક અભિમાન અને મમત્વનો ત્યાગ છે અને આ 'પારમાર્થિક' યોગ છે, જ્યારે કેવળ મનની એકાગ્રતા એ 'વ્યાવહારિક' યોગ છે.

૪. આ સંબંધમાં મારા બે લેખ છપાયા છે : (૧) આત્મોન્નતિનો ક્રમ અને (૨) જીવનશોધનનાં સોપાન સંબંધી જૈન તેમ જ અજૈન મંતવ્યો. આ પૈકી પહેલો લેખ "અખંડ આનંદ" (વ. ૪, અં. ૧૨)માં અને બીજો "જૈ. સ. પ્ર." (વ. ૧૭, અં. ૧૨, વ. ૧૮, અં. ૧, ૨, ૩)માં છપાયો છે.

૫. આ કૃતિ સ્વોપજ્ઞ મનાતી વૃત્તિ અને આગમોદ્ધારકના સંસ્કૃત ઉપોદ્ઘાત સહિત "દે. લા. જૈ. પુ. સં." તરફથી ઇ.સ. ૧૯૧૬માં પ્રસિદ્ધ કરાઇ છે. [દિવ્યદ. ટ્રસ્ટ દ્વારા સં. ૨૦૩૮માં પુનર્મુદ્રણ થયું છે.] મૂળ મુનિ **તિલકવિજય** (પંજાબી) કૃત હિન્દી અનુવાદ સહિત 'આત્મતિલક ગ્રંથ સોસાયટી" તરફથી છપાયું છે. ત્યાર બાદ વિ. સં. ૧૯૮૯માં ઉપર્યુક્ત વૃત્તિના પં. ચંદુલાલ નહાનચંદે તૈયાર કરેલા વિશદ ગુજરાતી અનુવાદ સહિત મૂળ (કટકે કટકે) "જૈ. ધ. પ્ર. સ." તરફથી છપાયું છે. પ્રારંભમાં ઉપર્યુક્ત સંસ્કૃત ઉપોદ્ઘાતનો ગુજરાતી અનુવાદ અને અંતમાં સળંગ મૂળ તેમ જ બન્ધ, ઉદય, ઉદીરણા અને સત્તાનાં યંત્રો અપાયેલાં છે.

૬. એમણે સિરિવાલકહા વિ. સં. ૧૪૨૮માં રચી છે.

P. ૨૦૩ વિ.સં. ૧૪૪૭માં રચી છે[1] અને એને [2]સ્વોપજ્ઞ મનાતી અને અવચૂર્ણિ જેવી [3]વૃત્તિથી અલંકૃત કરી છે.

પ્રથમ પદ્યનો પ્રારંભ 'ગુણસ્થાનક્રમારોહ'થી થયો છે. એથી આ કૃતિનું નામ 'ગુણસ્થાનક્રમારોહ' પડાયું હોય એમ લાગે છે. આદ્ય પદ્યમાં "ગુણસ્થાનસ્વરૂપ" કંઇક કહેવાય છે એવો ઉલ્લેખ છે. એ ઉપરથી "ગુણસ્થાનસ્વરૂપ" એવું નામ પણ યોજાય. અંતિમ પદ્યમાં 'ગુણસ્થાનરત્નરાશિ' એવો નિર્દેશ હોવાથી આ નામે પણ આ કૃતિ ઓળખાવાય અને કેટલાકે તેમ કર્યું પણ છે.

આ **ગુણસ્થાનક્રમારોહ**માં રત્નશેખરસૂરિએ **યોગદૃષ્ટિસમુચ્ચય** અને **યોગબિન્દુ**ની જેમ વિશિષ્ટ ગુણોની પ્રાપ્તિની વિવક્ષા કરી વ્યક્ત મિથ્યાત્વને જ ગુણસ્થાન કહ્યું છે.[4] આમ એઓ અવ્યવહાર-રાશિમાં રહેલા–સૂક્ષ્મ [5]નિગોદના જીવોને પ્રથમ ગુણસ્થાન માનનારથી જુદા પડે છે.[6]

P. ૨૦૪ શ્લો. ૫૧ આઠમા ગુણસ્થાને શુક્લ ધ્યાનનો પ્રારંભ દર્શાવાયો છે, જ્યારે કેટલાક બીજા ગ્રંથોમાં સાતમે ગુણસ્થાને એનો પ્રારંભ કહ્યો છે.

શ્લો. ૫૨-૫૩માં ધ્યાનનું સ્વરૂપ વર્ણવાયું છે. ઉપોદ્‌ઘાતમાં કહ્યું છે કે **ઝાણજ્ઝયણ**માં ધ્યાતાનું સ્વરૂપ ભિન્ન રીતે દર્શાવાયું છે.

શ્લો. ૧૨૮માં સિદ્ધની અવગાહનાનો આકાર દર્શાવતાં ગળી ગયેલા મીણવાળી 'મૂષા'નો ઉલ્લેખ કરાયો છે.

**ગુણસ્થાનક્રમારોહ**ની સ્વોપજ્ઞ મનાતી વૃત્તિનાં પત્ર ૨૩ અને ૨૪માં **સૂર**પ્રભસૂરિએ, હેમચન્દ્રસૂરિ, **વ**સ્તુપાલે અને **ભ**ર્તૃહરિએ જે મનોરમ મનોરથો સેવ્યા છે તેને લગતાં પદ્યો અપાયાં છે.

આ વૃતિ (પત્ર ૨૬)માં નિરાલંબન ધ્યાનમાં પ્રવેશ કરનારા યોગીઓના આ(પ્રા)રંભક, તન્નિષ્ઠ અને નિષ્પન્ન એમ ત્રણ પ્રકાર કહ્યા છે.

આ વૃત્તિમાં પત્ર ૩૭ અને ૩૮માં **ધ્યાનદંડકસ્તુતિ**માંથી એકેક સંસ્કૃત પદ્ય અવતરણરૂપે અપાયું છે અને પત્ર ૪૦-૪૧માં **ચર્પટિ**ના ઉલ્લેખપૂર્વક એમની કોઇ કૃતિમાંથી ચાર પદ્યો ઉદ્ધૃત કરાયાં છે.

[7]**સ્વોપજ્ઞ વૃત્તિ–** આ અવચૂર્ણિ જેવી છે.

---

૧. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૦૫)માં આની રચના વિ. સં. ૧૪૪૭માં થયાનો ઉલ્લેખ છે પરંતુ મુદ્રિત પ્રતમાં રચનાવર્ષ નથી તો તેનું કેમ ? બાકી જૈ. ગ્રં. (પૃ. ૧૩૨)માં ૧૪૪૭ની સાલ અપાઇ છે અને **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૪૪૧)માં પણ એ જ રચનાવર્ષ દર્શાવાયું છે.

૨-૩. અવચૂર્ણિ જેવી આ વૃત્તિ પ્રકાશિત થયેલી છે તે સ્વોપજ્ઞ છે એમ એની મુદ્રિત આવૃત્તિમાં શા આધારે છપાયું છે તે જાણવું બાકી રહે છે, જો કે એ સ્વોપજ્ઞ નથી જ એમ કહેવા માટે પણ કોઇ પ્રમાણ મને હજી સુધી તો મળ્યું નથી.

૪. જુઓ શ્લો. ૭.

૫. જુઓ **છાસીઈ**ની **મલય**ગિરિસૂરિકૃત વૃત્તિ.

૬. જુઓ **કમ્મત્થય**નું વિવરણ.

૭. આ "દે.લા.જૈ."માં પ્રકાશિત છે.

**અવચૂરિ**– આ અજ્ઞાતકર્તૃક છે.

**બાલાવબોધ**– આ શ્રીસારે રચ્યો છે.

**ગુણસ્થાનકમારોહ નામની અન્ય કૃતિઓ**– **ગોમ્મટસાર**ને કેટલાક **ગુણસ્થાનકમારોહ** કહે છે. જિનભદ્રસૂરિએ રચેલી અને **લોકનાલ** નામની સ્વોપજ્ઞ વૃત્તિથી અલંકૃત એક પાઇય કૃતિ નામે P. ૨૦૫ **ગુણટ્ઠાણકમારોહ**નું સંસ્કૃત નામ પણ આ છે. આ બંને કૃતિઓ અત્ર અપ્રસ્તુત છે.

વિમલસૂરિએ ૨૦૦૦ શ્લોક જેવડી એક કૃતિ રચી છે. તેનું નામ **ગુણસ્થાનકમારોહ** છે. જયશેખર સૂરિએ પણ આ નામની એક કૃતિ રચી છે.

**ગુણસ્થાનદ્વાર**– આનો વિષય ગુણસ્થાનનાં દ્વાર દર્શાવવાનો છે.

**ગુણસ્થાનકનિરૂપણ**– આના કર્તા **હર્ષવર્ધન** છે. શું આ નામના ગ્રંથકારને નામે **ગુણસ્થાનસ્વરૂપ** નામની જે કૃતિ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૦૬)માં નોંધાયેલી છે તે આ જ છે ?

**ગુણસ્થાપનક**– આનો વિષય શો છે તે જાણવું બાકી રહે છે.

**ઉપશમશ્રેણિસ્વરૂપ** અને **ક્ષપકશ્રેણિસ્વરૂપ**– મુક્તિમંદિરે પહોંચવા માટે જાણે બે સીડિઓ– નિસરણીઓ ન હોય તેમ કેટલાક ભવ્ય જીવો ઉપશમશ્રેણિનો અને કેટલાક એ શ્રેણિનો આશ્રય લીધા વિના સીધા જ ક્ષપકશ્રેણિનો આશ્રય લે છે. આ બે શ્રેણિઓનું વર્ણન સ્વતંત્ર સ્વરૂપમાં રજૂ કરનારી કૃતિ તરીકે દિ. નેમિચન્દ્રકૃત [1]**લદ્ધિસાર** અને [2]**ખવણાસાર**[3] સુપ્રસિદ્ધ છે.[4] **લદ્ધિસાર**ને કેટલાક **ગોમ્મટસાર**નું પરિશિષ્ટ ગણે છે.

**ઉપશમશ્રેણિસ્વરૂપ** અને **ક્ષપકશ્રેણિસ્વરૂપ**– આ નામની બે કૃતિઓ **જિ. ર. કો.** (વિ. ૧)માં P. ૨૦૬ અનુક્રમે પૃ. ૫૪ અને ૯૭ ઉપર નોંધાયેલી છે. આ સંસ્કૃત કૃતિઓ હશે એમ લાગે છે. એની એકેક હાથપોથી અમદાવાદના ડહેલાના ભંડારમાં હોવાનું કહેવાય છે તો ત્યાં આની તપાસ થવી ઘટે.[5]

**આયાર** (સુય. ૧, અ. ૯, ઉ. ૧)ને અંગેની નિજ્જુત્તિ (ગા. ૨૮૩) ઉપરની ટીકા (પત્ર ૨૭૦આ-૨૭૩અ)માં **શીલાંકસૂરિ**એ ઉપર્યુક્ત બે શ્રેણિઓનું વર્ણન આપ્યું છે ખરું પણ એ કંઇ સ્વતંત્ર કૃતિ તરીકે નથી. **પવયણસારુદ્ધાર**ની ગા. ૬૬૪-૬૯૯ ક્ષપક-શ્રેણિ ઉપર અને ગા. ૭૦૦-૭૦૮ ઉપશમ-શ્રેણિ ઉપર અને ગા. ૭૩૯ બંને શ્રેણિ ઉપર પ્રકાશ પાડે છે. એનું વિસ્તૃત વિવેચન **સિદ્ધસેનસૂરિ**કૃત વૃત્તિમાં જોવાય છે. ક્ષપકશ્રેણિ સંબંધી કેટલીક કૃતિઓના આધારે [6]**ખવગસેઢી** નામની કૃતિ શ્રીવિજયપ્રેમસૂરિજીની પ્રેરણાથી એમના સંતાનીય

૧-૨. આ બંને કૃતિ "હરિભાઇ દેવકરણ જૈન ગ્રંથમાલા"માં ગ્રંથાંક ૫ તરીકે કલકત્તાથી છપાવાઇ છે.

૩. આમાં ૨૭૦ ગાથાઓ છે. ૪. આ બંને દિ. કૃતિ ઉપર **માધવચન્દ્ર**ની સંસ્કૃતમાં ટીકા છે.

[૫. આ. રામસૂરિ મ. સા. (ડહેલાવાળા)ના સૌજન્યથી આ પ્રતની zerox નકલ અમને મળી છે.]

૬. આ મૂળ પાઇય કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ નવ પરિશિષ્ટો, સંસ્કૃતમાં વિસ્તૃત વિષયાનુક્રમ અને **હેમચન્દ્રવિજયજી**ની ૫૪ પૃષ્ઠની ગુજરાતીમાં પ્રસ્તાવના તેમજ કર્તાએ કરેલા ગુજરાતી ભાવાનુવાદ અને ૨૭ યંત્રો તથા ચિત્રો સહિત "ભારતીય પ્રાચ્યતત્ત્વપ્રકાશન સમિતિ"એ પિંડવાડા (રાજસ્થાન)થી વિ. સં. ૨૦૨૨માં પ્રકાશિત કરી છે. એમાં લગભગ પ્રારંભમાં ચૌદ ગુણસ્થાનનું ચિત્ર છે અને એની સામે એની સમજણ અપાઇ છે. ચતુર્થ પરિશિષ્ટ તરીકે વૃત્તિમાં નિર્દેશાયેલી ૮૬ કૃતિનાં નામ છે. ૮૬મી કૃતિ તે **સૌન્દરનન્દ** છે.

ગુણરત્નવિજયજીએ ૨૭૧ ગાથામાં રચી એને સંસ્કૃતમાં ૧૭૨૫૦ શ્લોક જેવડી વૃત્તિ વડે **વીરસંવત્** ૨૪૮૮માં વિભૂષિત કરી છે. અંતમાં ગુજરાતીમાં ભાવાનુવાદ છે.

P. ૨૦૭ આ સ્વોપજ્ઞ વૃત્તિમાં નવ અધિકારોનું અને એ પૈકી ઘણાખરાનું સચિત્ર સ્વરૂપે નિરૂપણ છે. આ અધિકારોનાં નામ અને એને લગતાં ચિત્રોની સંખ્યા નીચે મુજબ છે :–

| | **અધિકાર** | **ચિત્રસંખ્યા** |
|---|---|---|
| ૧. | યથાપ્રવૃત્તકરણ | ૦ |
| ૨. | અપૂર્વકરણ | ૬ |
| ૩. | સવેદાનિવૃત્તિકરણ | ૩ |
| ૪. | અશ્વકર્ણકરણાદ્ધા[1] | ૩ |
| ૫. | કિટ્ટિકરણાદ્ધા | ૫ |
| ૬. | કિટ્ટિવેદનાદ્ધા | ૨૧ |
| ૭. | અપગતકષાયાદ્ધા | ૦ |
| ૮. | સયોગિકેવલિગુણસ્થાનક | ૦ |
| ૯. | અયોગિકેવલિગુણસ્થાનક | ૦ |

[2]**પરમાત્મપંચવિંશતિકા**[3] (ઉ. વિ. સં. ૧૭૪૩)– આના કર્તા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** છે. આ
P. ૨૦૮ અનુષ્ટુભ્માં ૨૫ પદ્યોમાં રચાયેલી લઘુ [4]કૃતિ પરમાત્માના સ્વરૂપ અને એમના ગુણો ઉપર તેમ જ સિદ્ધોના સુખ ઉપર પ્રકાશ પાડે છે. તેના પ્રારંભમાં 'ઐન્દ્ર' શબ્દ નથી. અંતમાં '**यशोविजयश्रियम्**' એવો શબ્દગુચ્છ છે.

**ભાષાંતર**– પં. લાલને આ પચ્ચીસીનું તેમ જ **પરમજ્યોતિઃ પંચવિંશતિકા**નું પણ ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે.

[5]**પરમજ્યોતિઃ પંચવિંશતિકા**[6]– ન્યાયાચાર્ય યશોવિજયગણિએ જે બે પચ્ચીસી રચી છે તે પૈકી આ એક છે. એનો પ્રારંભ "ऐन्द्रं"થી થાય છે. અંતમાં "यशोविजयश्रियम्" એવો શબ્દગુચ્છ છે. આ લઘુ કૃતિમાંનાં પચ્ચીસે પદ્યો અનુષ્ટુભમાં છે. આત્માના શુદ્ધ સ્વરૂપની જ્યોતિ કેવી હોય તેનું અહીં વર્ણન છે.

**ભાષાન્તર**– આ ગુજરાતી [7]ભાષાન્તર પં. લાલને કર્યું છે.

---

૧. 'અદ્ધા' એટલે કાળ. 'અદ્ધા' એ દેશિય (દશ્ય) શબ્દ છે. એ ઠાણ (ઠા. ૨, ૧)માં વપરાયો છે. કેટલીક જૈન કૃતિમાં એ જાણે સંસ્કૃત ભાષાનો શબ્દ હોય તેમ એનો પ્રયોગ કરાયેલો જોવાય છે.

૨. આ કૃતિ "મુ. ક. જૈ. મો."માં **પ્રતિમા-સ્થાપન-ન્યાય** અને **પરમજ્યોતિઃપંચવિંશતિકા** સહિત **વીરસંવત્** ૨૪૪૬માં છપાયેલી છે.

૩. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૨૩૭)માં આને "પરમાત્મ-જ્યોતિઃ-પંચવિંશતિકા" કહી છે.

૪. આને અંગેની માહિતી મેં **યશોદોહન** (પૃ. **૧૧**, ૩૬, ૮૮ અને ૨૫૬)માં આપી છે.

૫. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૨.

૬. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૨૩૬)માં આ નામથી આ કૃતિનો ઉલ્લેખ છે. એનો પરિચય મેં **યશોદોહન** (પૃ. ૧૧, ૩૬ અને ૮૮)માં આપ્યો છે.

૭. આ પ્રકાશિત છે.

# પ્રકરણ ૪૨ : ચરણકરણાનુયોગ

[૧]**રત્નકરંડક**[૨], **રત્નકરંડ–શ્રાવકાચાર** કિંવા [૩]**ઉપાસકાધ્યયન** (ઉ. **વિક્રમની ૧૧મી સદી**)–આ
પદ્યાત્મક કૃતિના કર્તા **આપ્તમીમાંસા** વગેરેના પ્રણેતા દિ. **સમન્તભદ્ર** છે એમ કેટલાક આજે પણ માને
છે. પ્રો. હીરાલાલ જૈન, પં. **સુખલાલ** વગેરે આથી ભિન્ન મત ધરાવે છે[૪]. આ કૃતિમાં ૧૫૦ પદ્યો છે.
એ એના ટીકાકાર **પ્રભાચન્દ્ર**ના કે એ ટીકાના લેખકના મત મુજબ પાંચ પરિચ્છેદમાં વિભક્ત છે. પં. P. ૨૧૦
જુગલકિશોર પ્રમાણે તો આ કૃતિ વિષયના વિભાગોની દૃષ્ટિએ ખરી રીતે [૫]સાત પરિચ્છેદમાં અને તેમ
નહિ તો ચારમાં વિભક્ત થવી ઘટે. આ કૃતિમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ રત્નોનું
નિરૂપણ છે. અન્ય રીતે વિચારતાં એ શ્રાવકોનાં બાર વ્રતો, સલ્લેખના અને અગિયાર પ્રતિમા ઉપર પ્રકાશ
ઉપર પાડે છે. આને લઈને આને 'શ્રાવકાચાર' તરીકે જે ઓળખાવાય છે તે સાન્વર્થ ઠરે છે. આ કૃતિમાનું
નવમું પદ્ય જે ''**आप्तोपज्ञ**''થી શરૂ થાય છે તે **ન્યાયવતાર**માં નવમા પદ્યરૂપે જોવાય છે.

**ટીકાઓ–રત્નકરંડક** ઉપર **પ્રભાચન્દ્રે** ૧૫૦૦ શ્લોક જેવડી એક [૬]ટીકા રચી છે. આ ઉપરાંત **જ્ઞાનચન્દ્રે** તેમજ અન્ય કોઈએ એકેક ટીકા રચી છે.

**અનુવાદો**–પ્રસ્તુત કૃતિના [૭]હિન્દી, મરાઠી અને [૮]અંગ્રેજીમાં અનુવાદો થયા છે.

[૯]**ઉપાસકાધ્યયન**[૧૦] (ઉવાસગજ્ઝયણ) (લ. વિ. સં. ૧૧૫૦)–આના કર્તા દિ. **નેમિચન્દ્ર**ના શિષ્ય P. ૨૧૧
**વસુનન્દિ** છે. વિ. સં. ૧૧૦૦માં અપભ્રંશમાં **સુદંસણચરિય** રચનારા આના કર્તા **નયનન્દિ** એમના પ્રગુરુ થાય છે.

---

૧. આ કૃતિ ''સનાતન જૈન ગ્રંથમાલા''માં ગ્રંથાંક ૧ તરીકે ઈ. સ. ૧૯૦૫માં છપાવાઈ છે. **પ્રભાચન્દ્ર**કૃત ટીકા તેમજ પં. જુગલકિશોર મુખ્તારની હિન્દી પ્રસ્તાવના તથા 'સ્વામી સમન્તભદ્ર' નામના એમના પ્રાક્કથન સહિત આ મૂળ કૃતિ 'મા. દિ. ગ્રં.''માં વિ.સં. ૧૯૮૨માં પ્રકાશિત થયેલી છે. એમાં અંતમાં પદ્યોની અકરાદિ ક્રમે સૂચી છે પરંતુ એમાં ક્રમાંકની બાબતમાં ભૂલ છે. મૂળ કૃતિના હિન્દી, મરાઠી અને અંગ્રેજી અનુવાદો થયા છે. એ પૈકી હિન્દી અને અંગ્રેજી અનુવાદો સહિત મૂળ કૃતિ ચંપતરાય જૈને ઈ. સ. ૧૯૧૭માં પ્રકાશિત કરી છે. આ મૂળ કૃતિ પં. સદાસુખદાસે કરેલા હિન્દી અર્થ અને ભાવાર્થ સહિત ''અખિલ ભારતવર્ષીય કેન્દ્રીય દિ. જૈન મહાસમિતિ ધર્મપુરા, દિલ્લીથી ઈ. સ. ૧૯૫૧માં ''શ્રી રત્નકરંડ શ્રાવકાચાર'' નામથી પ્રસિદ્ધ કરાઈ છે. [પ્રભાચન્દ્રની વ્યાખ્યા પન્નાલાલના હિંદી સાથે છપાઈ છે.]

૨. **પ્રભાચન્દ્ર** પોતાની ટીકાના મંગલાચરણરૂપ પદ્યમાં આ નામ આપ્યું છે.

૩. વસુનન્દિએ આ નામની એક કૃતિ રચી છે. જુઓ પૃ. ૧૧૪. એક અજ્ઞાતકર્તક કૃતિ પણ છે.

૪. જુઓ પ્રો. હીરાલાલ જૈનનો લેખ કે જે ''અનેકાંત'' (વ. ૮, કિ. ૧-૩)માં છપાયો છે તેમજ **પં. સુખલાલ**નો લેખ નામે ''શ્રીસિદ્ધસેન દિવાકરના સમયનો પ્રશ્ન'' કે જે ''ભારતીય વિદ્યા'' (વ.૩. પૃ. ૧૫૨)માં છપાયો છે.

૫. મૂળ કૃતિની કેટલીક હાથપોથીઓમાં સાત પરિચ્છેદો જોવાય છે.

૬. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.

૭-૮. આ બંને છપાવાયા છે. જુઓ ટિ. ૧.

૯. આ કૃતિ મોરાદાબાદથી વિ. સં.૧૯૬૬માં પ્રકાશિત થયેલી છે.

૧૦. આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ છે. એનો પ્રારંભ ''**नमदमरमौलिमण्डन**''થી થાય છે.

આ **ઉપાસકાધ્યયનનો જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૯૫)માં [1]**શ્રાવકાચાર** તરીકે પણ નિર્દેશ છે. એ કૃતિ મોરાદાબાદથી વિ. સં. ૧૯૬૬માં પ્રસિદ્ધ થયાનો પૃ. ૫૬માં ઉલ્લેખ છે. એ પ્રકાશન તો મારા જોવામાં આવ્યું નથી પરંતુ ''ભારતીય જ્ઞાનપીઠ, કાશી'' તરફથી ''વસુનન્દિ-શ્રાવકાચાર''ના નામથી ઈ. સ. ૧૯૫૨માં પ્રકાશત કૃતિ મેં જોઈ છે. એ જઇણ સોરસેણીમાં છે અને એમાં ૫૪૬ પદ્યો છે. ગ્રન્થકારના મતે આનું પરિમાણ ૬૫૦નું છે. એના દ્વિતીય પદ્યમાં 'સાવયધમ્મ' કહેવાની પ્રતિજ્ઞા કરાઈ છે અને ૫૪૪માં પદ્યમાં આ કૃતિને **ઉવાસગજ્ઝયણ** કહી છે.

[2]**ઉપાસકાચાર**–આના કર્તા દિ. પૂજ્યપાદ એમાં આશરે ૧૦૩ પદ્યો છે.

P. ૨૧૨ [3]**ઉપાસકાચાર, ધર્મપ્રશ્નોત્તર, પ્રશ્નોત્તરોપાસકાચાર** કિંવા **શ્રાવકાચાર**–આના કર્તા દિ. **સકલકીર્તિ** છે. આ છ વિભાગમાં વિભક્ત છે. આની એક હાથપોથી વિ. સં. ૧૬૫૪માં લખાયેલી મળે છે.

**ઉપાસકાચાર**–આ ૩૩ પદ્યની કૃતિના કર્તા દિ. ભટ્ટારક પ્રભાચન્દ્ર છે. આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ પણ છે અને એનો પ્રારંભ ''**नापाकृतानि**''થી થાય છે.

[4]**શ્રાવકાચાર** કિંવા **ઉપાસકાચાર** (લ. વિ. સં. ૧૦૫૦)–આના કર્તા **સુભાષિતરત્નસન્દોહ** ઇત્યાદિના પ્રણેતા દિ. **અમિતગતિ** છે. એ પંદર વિભાગોમાં વિભક્ત છે.

**શ્રાવકાચાર** યાને **ધર્મપીયૂષ** (ઉ. વિ. સં. ૧૨૫૦)–આના કર્તા દિ. બ્રહ્મ નેમિદત્ત છે. એમણે આ કૃતિ ચાર ભાગમાં વિભક્ત કરી છે. એના ઉપર દિ. **આશાધરે** ''**अथ नत्वार्ऽर्हतो नूनम्**''થી શરૂ થતી ૧૨૭૬ શ્લોક જેવડી વૃત્તિ રચી છે. એને પણ કેટલાક [5]**શ્રાવકાચાર** કહે છે.

[6]**શ્રાવકાચાર, પ્રશ્નોત્તર-શ્રાવકાચાર** કિંવા **લાટીસંહિતા** (વિ. સં. ૧૬૪૧)–આના કર્તા
P. ૨૧૩ રાજમલ્લ કવિ **ઉર્ફે** રાયમલ્લ પાંડ્યે છે, એમણે આ કૃતિ સાત સર્ગમાં વિભક્ત કરી છે. એમાં આશરે ૧૬૦૦ શ્લોક છે.

**સમાનનામક કૃતિઓ**–'શ્રાવકાચાર' એ નામથી [7]એકવીસ કૃતિઓ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૯૫-૩૯૬)માં નોંધાયેલી છે. એ પૈકી ત્રણનો ઉલ્લેખ ઉપર થઈ ગયો એટલે બાકીની તેર સંસ્કૃત કૃતિઓના કર્તાનાં નામ હું નોંધું છું :–

---

૧. આ પં. હીરાલાલ જૈનના હિન્દી અનુવાદ, પ્રસ્તાવના અને પરિશિષ્ટો સહિત છપાવાયેલ છે.

૨. આ કૃતિ કલ્લપા નિટવે તરફથી કોલ્હાપુરથી ઈ. સ. ૧૯૪૦માં છપાવાઈ છે.

૩. આ કૃતિ સુરતથી ઈ. સ. ૧૯૨૬માં પ્રસિદ્ધ કરાઈ છે.

૪. આ કૃતિ ''અનંતકીર્તિ દિ. જૈન ગ્રંથમાલા''માં વિ. સં. ૧૯૭૯માં પ્રકાશિત થયેલી છે.

૫. **આશાધરકૃત ધર્મસંગ્રહ** તેમજ **ધર્મસંગ્રહ-શ્રાવકાચાર** તરીકે ઓળખાવાતી કૃતિઓ તે જ આ છે ?

૬. આ ''મા. દિ. ગ્રં.''માં વિ સં. ૧૯૮૪માં પ્રકાશિત થયેલી છે.

૭. આ પૈકી એક કૃતિ અપભ્રંશમાં છે અને એનું નામ **સાવયધમ્મદોહા** છે. એના ઉપર લક્ષ્મીચન્દ્રની સંસ્કૃતમાં પંજિકા છે.

[1]અકલંક, [2]આમ્રદેવ, કુન્દકુન્દ, જ્ઞાનાનન્દ, [3]પદ્મનન્દિ, પૂજ્યપાદ, ભદ્રબાહુ, [4]માઘનન્દિ, [5]મેધાવી પંડિત, લક્ષ્મીસેન, વિદ્યાનન્દિ, [6]સકલકીર્તિ અને [7]સમન્તભદ્ર.

**ત્રિવર્ણાચાર-સંહિતા** (લ. વિ. સં. ૯૦૦)–આદિ. **જિનસેનની** કૃતિ છે. આમાં ત્રણ વર્ણોના આચારનો વિચાર કરાયો છે. P. ૨૧૪

**ત્રિવર્ણાચાર–પ્રરૂપણ** (વિ. સં. ૧૬૬૯)– આના કર્તા દિ. ગુણભદ્રના શિષ્ય **સોમસેન** છે. એમની આ તેર વિભાગમાં વિભક્ત કૃતિ ૨૭૦૦ શ્લોક જેવડી છે અને એ વિ. સં. ૧૬૬૯માં રચાઈ છે. એમાં ત્રણ વર્ણોના આચારનું નિરૂપણ છે.

**સમાનનામકકૃતિઓ**–ઉર્યુક્ત નામની એક કૃતિ દિ. **નેમિદત્તે** તેમજ અન્ય કોઈકે રચી છે.

**ત્રિવર્ણાચાર**–આ નામની બે કૃતિઓ છે. એના કર્તાનાં નામ નીચે મુજબ છે :–

(૧) **અનન્તમુનિ** અને (૨) [8]**બ્રહ્મસૂરિ**.

દિ. **વટ્ટકેરે મૂલાયાર**ની જેમ **તિવણ્ણાયાર** (ત્રિવર્ણાચાર) પણ રચ્યો છે. એ આ વિષયની પ્રાચીન દિગંબરીય કૃતિ હોય એમ લાગે છે.

**ત્રૈવર્ણિકાચાર**–આ નામની એકેક કૃતિ દિ. [9]**કુમુદચન્દ્રે** અને દિ. **નેમિચન્દ્રે** રચી છે. P. ૨૧૫

[10]"**ધર્મામૃત**" (વિ. સં. ૧૨૯૬)–આના કર્તા **ભરતેશ્વરાભ્યુદય** વગેરેના પ્રણેતા દિ. **આશાધર**

૧. એમની કૃતિને **પ્રાયશ્ચિત્ત** પણ કહે છે. એમાં ૯૦ પદ્યો છે અને એ "મા. દિ. ગ્રં."માં વિ. સં. ૧૯૭૮માં છપાવાઈ છે.
૨. એમની કૃતિને **વ્રતોદ્દ્યોતન-શ્રાવકાચાર** પણ કહે છે. એમાં ૫૦૦ શ્લોક છે.
૩. એમની કૃતિ બેલગામથી ઇ. સ. ૧૯૦૯માં છપાવાઈ છે.
૪. એઓ દિ. કુમુદચન્દ્રના શિષ્ય થાય છે. એમની આ કૃતિ સંસ્કૃતમાં તેમજ કન્નડ એમ બે ભાષામાં ભેગી રચાયેલી છે. એ ૪૬૨૨ શ્લોક જેવડી કૃતિ ઉપર કુમમુદચન્દ્રની ટીકા છે.
૫. એમની કૃતિને **ધર્મસંગ્રહ** પણ કહે છે (જુઓ પૃ. ૨૨૩). એ વિ. સં. ૧૫૪૧માં રચાયેલી છે. આ ૧૪૪૯ શ્લોક જેવડી કૃતિ કાશીથી ઇ. સ. ૧૯૧૦માં છપાવાઈ છે. સેઓનીથી વિ. સં. ૧૯૭૩માં છપાયેલો **સમવસરણદર્પણ** આનો એક અંશ છે.
૬. એમની કૃતિને **ધર્મપ્રશ્નોત્તર** ઇત્યાદિ નામે ઓળખાવાય છે, જુઓ પૃ. ૨૧૨. = ૧૧૪
૭. એમની કૃતિ તરીકે **રત્નકરંડક**નો ઉલ્લેખ કરાય છે પણ તે વિચારણીય છે.
૮. એમની કૃતિને **ત્રૈવર્ણિકાચાર** પણ કહે છે.
૯. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૬૫)માં આ નામનો ઉલ્લેખ છે અને એ માટે **H I L (Vol. II, p. 577)** જોવાની ભલામણ કરાઈ છે, પણ એ **H I L**માં તો આ પૃષ્ઠ ઉપર આ નામ જ જણાતું નથી તેનું શું ?
૧૦. આ પ્રકાશિત છે. જુઓ **જૈ. સ. સા. ઇ.** (ખંડ-૨, ઉપખંડ-૧, પૃ. ૧૦૯). **સાગારધર્મામૃત**ની બીજી આવૃત્તિ **મોહનલાલ જૈને** કરેલા હિન્દી અન્વયાર્થ, ભાષાર્થ અને વિશેષાર્થ તેમજ વિષયાનુક્રમણિકા અને આઠે અધ્યાયના સારાંશ સહિત "સાગરધર્મામૃત (વિજયા-ટીકા-સહિત)"ના નામથી "સરલ જૈન ગ્રંથભંડાર" તરફથી જબલપુરથી બે ભાગમાં અનુક્રમે વીરસંવત્ ૨૪૮૩ અને ૨૪૮૪માં પ્રસિદ્ધ કરાઈ છે.
૧૧. આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

છે. એ અનગાર અને સાગાર એમ બે ભાગમાં વિભક્ત છે. એમાં એકંદર સત્તર (૯+૮) અધ્યાય છે. પ્રથમ વિભાગમાં શ્રમણોને અંગે અને દ્વિતીય વિભાગમાં શ્રાવકોને અંગે વિચાર કરાયો છે.

**પદ્યોની સંખ્યા**–સાગર-ધર્મામૃતમાંના આઠ અધ્યાયોની પદ્યસંખ્યા નીચે મુજબ છે :–

૨૦, ૮૭, ૩૨, ૬૬, ૫૫, ૪૫, ૬૧ અને ૧૧૦.

આમ આ વિભાગમાં ૪૭૬ પદ્યો છે.

P. ૨૧૬ [1]અનગાર–ધર્મામૃતના નવ અધ્યાયોમાંનાં પદ્યોની સંખ્યા નીચે પ્રમાણે છે :–

૧૧૪, ૧૧૪, ૨૪, ૧૮૩, ૬૯, ૧૧૨, ૧૦૪, ૧૩૪, અને ૧૦૦.

આમ આ આદ્ય વિભાગમાં ૯૫૪ પદ્યો છે.

અનગારધર્મામૃતના નવ અધ્યાયોમાં મુખ્યતયા મુનિધર્મરૂપ અમૃત પીરસાયું છે.

અ. ૧માં ધર્મનો પ્રભાવ, સ્વચ્છંદતાની નિન્દા અને રત્નત્રય વિષે માહિતી અપાઇ છે.

અ. ૨માં સમ્યક્ત્વ અને મિથ્યાત્વ, દ્રવ્યો અને તત્ત્વો, આઠ મદ વગેરેનું વિસ્તૃત નિરૂપણ છે.

અ. ૩માં સમ્યગ્જ્ઞાનની આરાધના, જ્ઞાનના ભેદો અને ઉપભેદો વગેરે બાબતો રજૂ કરાઈ છે.

અ. ૪માં ચારિત્રની આરાધના, હિંસાનું અને કામનું વિસ્તૃત, વર્ણન, જીવોના ભેદ, હિંસાદિ પાંચ પાપો, પાંચ વ્રતો અને અતિચારો તથા એને અંગેની ભાવના, ગુપ્તિ, સામાયિક, સંયમ ઇત્યાદિ વિષયો ચર્ચાયા છે.

અ. ૫માં પિંડવિશુદ્ધિનું અને સાથે સાથે બત્રીસ અંતરાયનું નિરૂપણ છે.

P. ૨૧૭ અ. ૬માં દશવિધ ધર્મ, ભિક્ષાદિ આઠ શુદ્ધિ, કષાયોથી હાનિ, બાર ભાવના અને બાવીસ પરીષહોની સમજણ અપાઇ છે.

અ. ૭માં તપ, જ્ઞાનાદિકના વિનય અને સલ્લેખના વિષે પ્રકાશ પડાયો છે.

અ. ૮માં છ આવશ્યકો, આસનોના પ્રકારો, વંદનાદિના દોષો વગેરે બાબતો વર્ણવાઇ છે.

અ. ૯માં ધ્યાન, સ્વાધ્યાય, નિત્ય તેમજ નૈમિત્તિક ક્રિયાઓ અને ભૂમિશયનાદિ મૂલ ગુણોને લગતી વિચારણા છે.

સાગારધર્મામૃતનો વિષય અધ્યાયદીઠ હું નીચે મુજબ દર્શાવું છું :

અ. ૧માં મિથ્યાત્વના ગૃહીતાદિ ત્રણ પ્રકારો, સમ્યક્ત્વની ઉત્પત્તિનાં આસન્નભવ્યત્વાદિ કારણો, સાગાર ધર્મ ગ્રહણ કરવાના અધિકારીના [2]પંદર ગુણો, શ્રાવકનું લક્ષણ, દર્શનાદિ ૧૧ પ્રતિમાઓ તેમજ પક્ષ, ચર્યા અને સાધનનું સ્વરૂપ એમ વિવિધ બાબતો વિચારાઇ છે.

---

૧. આ **અનગારધર્મામૃત** પં. ખૂબચંદજીની હિન્દી ટીકા સહિત **ખુશાલચંદ** પાનાચંદ ગાંધીએ સોલાપુરથી ઇ. સ. ૧૯૨૭માં પ્રકાશિત કર્યો છે. આ ટીકામાં સાથે સાથે **ભવ્યકુમુદચન્દ્રિકા**નો પણ હિન્દી અનુવાદ અપાયો હોય એમ લાગે છે. અંતિમ નિર્ણય કરવા માટે **ભવ્યકુમુદચન્દ્રિકા** જોવી ઘટે.

૨. (૧) ન્યાયપૂર્વક ધનનું ઉપાર્જન. (૨) ગુણો, ગુરુઓ અને ગુણો વડે મુખ્ય જનોનું પૂજન, (૩) પ્રશસ્ત વચનો બોલવાં, (૪) ધર્માદિ ત્રણ વર્ગોનું યથાયોગ્ય સેવન, (૫) ત્રિવર્ગને યોગ્ય પત્ની, (૬) ગામ અને મકાન, (૭) લજ્જા, (૮) સમુચિત આહાર અને વિહાર, (૯) આર્યોની સંગતિ, (૧૦) પ્રાજ્ઞતા, (૧૧) કૃતજ્ઞતા, (૧૨) જિતેન્દ્રિયતા, (૧૩) ધર્મનું શ્રવણ, (૧૪) દયાળુતા અને (૧૫) પાપનો ભય.

અ. ૨માં પાક્ષિકનાં કર્તવ્યો તરીકે આઠ મૂલ ગુણોનું ધારણ, સાત વ્યસનોનો ત્યાગ, દેવપૂજા, ગુરુભક્તિ, પાત્રદાન ઈત્યાદિ વિષયો હાથ ધરાયા છે. અહીં આઠ મૂલ ગુણો નીચે મુજબ ત્રણ રીતે ગણાવાયા છે :–

(૧) મદ્ય, માંસ અને મધ એ ત્રણ મકારનો તેમજ પાંચ ક્ષીરિફલ (ઉદુંબર ફળ)નો ત્યાગ. P. ૨૧૮

(૨) ત્રણ મકારનો અને સ્થૂલ હિંસાદિ પાંચ પાપનો ત્યાગ.

(૩) મદ્ય, માંસ અને દ્યૂતનો તેમજ પાંચ પાપોનો ત્યાગ. પૂજા તરીકે નિત્યમહ, આષ્ટાહ્નિક, ઈન્દ્રધ્વજ, મહામહ અને કલ્પદ્રુમની પૂજાનો ઉલ્લેખ છે.

અ. ૩માં નૈષ્ઠિકનું લક્ષણ, શ્રાવકના જઘન્યાદિ ત્રણ પ્રકારો, 'દર્શન' પ્રતિમાનું સ્વરૂપ, આઠ મૂલ ગુણોના અતિચારો, 'વ્યસન' શબ્દની નિરુક્તિ, ઉપવ્યસનોનો ત્યાગ અને ધર્મપત્નીને ધર્મારૂઢ કરવાનો ઉપદેશ એ બાબતો વિચારાઈ છે.

અ.૪માં 'વ્રત' પ્રતિમાનું વર્ણન છે. વળી શ્રાવકનાં બાર વ્રતોનો બાર ઉત્તર ગુણ તરીકે ઉલ્લેખ છે. ત્યાર બાદ પાંચ અણુવ્રતો અને એના અતિચારોની સમજણ અપાઈ છે, અહિંસા-વ્રતના રક્ષણાર્થે અને મૂલ ગુણોની વિશુદ્ધિ માટે રાત્રિભોજનનો ત્યાગ આવશ્યક છે એમ અહીં કહ્યું છે. **ચારિત્રસાર**માં તો એ ત્યાગને છઠ્ઠું અણુવ્રત ગણેલ છે.

અ. ૫માં **ત. સૂ.**ની જેમ ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતનો અધિકાર છે. એના ૧૯મા પદ્યમાં કોટવાલની નોકરી વગેરે ક્રૂર કર્મો ન કરવાનો ઉપદેશ અપાયો છે.

અ. ૬માં શ્રાવકની દિનચર્યાનું સ્વરૂપ આલેખાયું છે.

અ. ૭માં સામાયિક વગેરે નવ પ્રતિમાઓનું વર્ણન છે. ક્ષુલ્લક અને ઐલક વિષે અહીં કેટલુંક કથન છે.

અ. ૮ સલ્લેખના વિષે વિચાર કરાયો છે.

**જ્ઞાનદીપિકા**—આ **ધર્મામૃત** ઉપરની લઘુ સ્વોપજ્ઞ પંજિકા છે. આની એક કન્નડ હાથપોથીનો P. ૨૧૯ ઉપયોગ સ્વ. પં. કલ્લપા ભરમપ્પા નિટવેએ **સાગરધર્મામૃત**ની મરાઠી ટીકામાં કર્યો હતો અને ટિપ્પણી તરીકે એનો મોટો ભાગ છપાવી દીધો હતો. એના આધારે **સાગરધર્મામૃત** સટીક જે "મા. દિ. ગ્રં."માં છપાવાયો છે તેમાં ટિપ્પણીઓ અપાઈ છે.

[1]**ભવ્યકુમુદચન્દ્રિકા**—આ પણ સ્વોપજ્ઞ વૃત્તિ છે પણ એ **જ્ઞાનદીપિકા** કરતાં મોટી છે. એની રચના વિ. સં. ૧૩૦૦માં પૂર્ણ કરાઈ છે અને એમાં કેટલીકવાર **જ્ઞાનદીપિકા**નો ઉલ્લેખ જોવાય છે[2]. સાગારધર્મામૃતની વૃત્તિ વિ. સં. ૧૨૯૬માં રચાઈ છે જ્યારે અનગારધર્મામૃત એના કરતાં પહેલાં રચાયેલ હોવા છતાં એની વૃત્તિ ચાર વર્ષ બાદ રચાઈ છે.

૧. આ પ્રકાશિત છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ-૨, ઉપખંડ-૧, પૃ. ૧૦૯).

૨. ગુણચન્દ્રે **ધર્મામૃતસાર** રચ્યો છે અને નયસેને કન્નડમાં **ધર્મામૃતપુરાણ** રચ્યું છે.

P. ૨૨૦ [1]**માર્ગપરિશુદ્ધિ**[2] કિંવા **માર્ગશુદ્ધિ** (ઉ. વિ. સં. ૧૭૪૩)– આના કર્તા ન્યાયચાર્ય **યશોવિજયગણિ** છે. એમની આ પદ્યાત્મક કૃતિ હરિભદ્રીય [3]**પંચવત્થુગ**ના સારાંશરૂપ છે. એમાં ૩૨૦ પદ્યો છે. એ દ્વારા પ્રવ્રજ્યાવિધાન, વ્રતસ્થાપના અને અનુયોગગણાનુજ્ઞા એ ત્રણનું વિસ્તારથી સ્વરૂપ દર્શાવાયું છે જ્યારે પ્રતિદિન ક્રિયાનું નામમાત્ર અને સંલેખનાનું તો એટલું પણ નહિ, સ્વરૂપ વિચારાયું છે. અન્તમાં ઉપદેશરહસ્યનો અધિકાર હાથ ધરાયો છે. ગ્રંથની શરૂઆતનાં ૪૮ પદ્યો પીઠિકારૂપ છે. [આના ઉપર આ. કુલચન્દ્રસૂરિકૃત ટીકા દિવ્ય દ. દ્વારા પ્ર. છે.]

[4]**વર્ધમાનદેશના** ( )– આ ૪૩૦૦ શ્લોક જેવડી ગદ્યાત્મક કૃતિ **રાજકીર્તિગણિ**એ રચી છે. એઓ 'ખરતર' ગચ્છના **જિનભદ્રસૂરિ**ના સન્તાનીય અને વાચનાચાર્ય **રત્નલાભગણિ**ના શિષ્ય થાય છે. આ કૃતિમાં **વર્ધમાનસ્વામી**ના અર્થાત્ **મહાવીરસ્વામી**ના જે **આનન્દાદિ** દશ **શ્રાવકો**નો અધિકાર **ઉવાસગદસા**માં ગુંથાયેલો છે તેને અહીં દશ ઉલ્લાસમાં રજૂ કરાયો છે. વિશેષમાં અહીં એ શ્રાવકોના વૃત્તાંતની સાથે સાથે પ્રાસંગિક કથા અપાઇ છે. એમાં કોઇ કોઇ વાર પાઇય અવતરણ છે.

આ કૃતિમાં સમ્યક્ત્વ, શ્રાવકનાં બાર વ્રતો અને એના અતિચારોનું સ્વરૂપ સમજાવાયું છે. સાથે સાથે સમ્યક્ત્વ અને પહેલાં આઠ વ્રતોને અંગેના આલાપક પણ અપાયા છે.

P. ૨૨૧ **આનન્દ**ને લગતા પ્રથમ ઉલ્લાસમાં સમ્યક્ત્વ તેમજ બાર વ્રતોને અંગે નિમ્નલિખિત વ્યક્તિઓની કથાઓને અનુક્રમે સ્થાન અપાયું છે :–

**વિદ્યુત્પ્રભા**, **હરિબલ** મચ્છી, **હંસ** નૃપ, **લક્ષ્મીપુંજ**, **મદિરાવતી**, **ધનસાર**, **ચારુદત્ત**, **ધર્મકુમાર**, **સૂરસેન** અને **વીરસેન**, **કેશરી** ચોર, **સુમિત્ર** મંત્રી, **રણસૂર** અને **જિનદત્ત**[5].

એવી રીતે બાકીના નવ ઉલ્લાસમાંની કથાઓ નીચે મુજબની વ્યક્તિઓ પરત્વે છે :–

૧. આ કૃતિ "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી **જઇલક્ખણસમુચ્ચય** ઇત્યાદિ સહિત વિ. સં. ૨૦૦૩માં છપાવાઇ છે અને એમાં **પંચવત્થુગ**ની સંવાદી ગાથાના અંક અપાયા છે. આ પૂર્વે આ કૃતિ "મુ. ક. જૈ. મો. મા."માં વીરસંવત ૨૪૪૬માં પ્રકાશિત કરાઇ હતી. **શોભનસ્તુતિ**ની મારી સંસ્કૃત ભૂમિકામાં મેં **ચતુરવિજય**ની સૂચના અનુસાર આટલા ભાગને ઉત્તરાર્ધ કહ્યો છે જ્યારે **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૯૬)માં એને **ચતુરવિજયજી**એ પૂર્વાર્ધ કહ્યો છે તો શું સંપૂર્ણ કૃતિ પ્રકાશિત થઇ નથી?

૨. આ વિષે કેટલીક માહિતી મેં **યશોદહન**ના ઉપોદ્ઘાત (પૃ. ૧૧, ૫૪ અને ૬૧)માં તેમજ મૂળનાં પૃ. ૨૩, ૨૯૦, ૩૦૮, ૩૦૯ અને ૩૧૨માં આપી છે.

૩. આના પરિચય માટે જુઓ **શ્રીહરિભદ્રસૂરિ** (પૃ. ૧૧૮-૧૨૦).

૪. આ કૃતિ **હીરાલાલ હંસરાજે વીરસંવત્** ૨૪૬૩માં છપાવી છે. આ પૂર્વે એનું **હરિશંકર કાળીદાસ** શાસ્ત્રીએ કરેલું ગુજરાતી ભાષાંતર **મગનલાલ હઠીસીંગે** અમદાવાદથી ઇ. સ. ૧૯૦૦માં પ્રસિદ્ધ કર્યું હતું. [આ. **હેમપ્રભસૂરિ** સંપાદિત આ ગ્રંથ સુઇગામ સંઘે પ્રકાશિત કર્યો છે. પ્રાપ્તિસ્થાન આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર સૂરત.]

૫. રાત્રિભોજન પરત્વે **હંસ** તથા **કેશવ**ની કથા અપાઇ છે.

રત્નસાર, સહસમલ્લ, ધિષ્ટક, ધનદેવ અને ધનમિત્ર, [1]કુલધ્વજ, દામન્નક, અસંમત, ભીમકુમાર અને સાગરચન્દ્ર.

**સન્તુલન**—આ કૃતિ વિષય અને કથાઓની દૃષ્ટિએ **શુભવર્ધનગણિએ** વિ. સં. ૧૫૫૨માં રચેલી **વદ્ધમાણ-દેસણા** સાથે સામ્ય ધરાવે છે.

**ભાષાન્તર**—આ હરિશંકર કાળીદાસ શાસ્ત્રીએ કર્યું છે અને એ પ્રકાશિત છે[2].

[3]**ધર્મસંગ્રહ**[4](વિ. સં. ૧૭૩૧)—આના કર્તા **શાન્તિવિજયગણિના** શિષ્ય **માનવિજયગણિ** છે. P. ૨૨૨
એની રચના શ્રેષ્ઠી શાન્તિદાસની અભ્યર્થનાને આભારી છે. એમાં ૧૫૯ પદ્યો છે. વિ. સં. ૧૭૩૧માં રચાયેલી આ કૃતિ બબ્બે ઉપવિભાગવાળા બે વિભાગમાં વિભક્ત છે. આમ આના ચારખંડ પડે છે. પ્રથમ ખંડ (શ્લો. ૧-૨૦)માં સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વેનો ગૃહસ્થનો સામાન્ય ધર્મ અને માર્ગાનુસારીના ગુણો, દ્વિતીય ખંડ (શ્લો. ૨૧-૩૦)માં સમ્યક્ત્વ, શ્રાવકનાં બાર વ્રતો અને એનાં દિનકૃત્યો તથા પર્વકૃત્યો, તૃતીય ખંડ (શ્લો. ૩૧-૧૫૩માં સાપેક્ષ યતિધર્મ અને ચતુર્થ ખંડ (શ્લો. ૧૫૪-૧૫૯)માં યતિધર્મ એમ વિવિધ બાબતો રજૂ કરાઇ છે.

**સ્વોપજ્ઞવૃત્તિ**—**ધર્મસંગ્રહ** ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ છે. એ અનેક સાક્ષીપાઠોથી સમૃદ્ધ છે. એ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.

[5]**ટિપ્પણ**—આ ઉપર્યુક્ત વૃત્તિને લગતું છે અને એ ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ** રચ્યાનું મનાય છે. આ છપાયું છે. જુઓ ટિ. ૩.

---

૧. આને અંગે મેં "કુલધ્વજની કસોટી" નામનો લેખ લખ્યો છે અને એ "પ્રભાકર"ના દીપોત્સવી નવલિકા અંકમાં વિ. સં. ૨૦૦૪માં છપાયો છે.

૨. મગનલાલ હઠીસીંગે ઇ. સ. ૧૯૦૦ માં છાપ્યું છે.

૩. આ ગ્રંથ સ્વોપજ્ઞ વૃત્તિ અને ન્યાયાચાર્યકૃત મનાતા ટિપ્પણ સહિત "દે. લા. જૈ. પુ. સં." તરફથી બે ભાગમાં અનુક્રમે ઇ. સં. ૧૯૧૫ અને ઇ. સ. ૧૯૧૮માં છપાવાયો છે. [સટીક **ધર્મસંગ્રહનું** વિવિધ હ.લિ. પ્રતિઓના આધારે આ. **મુનિચન્દ્રસૂરિએ** સંશોધન-સંપાદન કર્યું છે. આનું પ્રકાશન પ્રતાકારે ૩ ભાગમાં "જિનશાસન આ. ટ્રસ્ટે" કર્યું છે.] મૂળ કૃતિ એના તેમજ સ્વોપજ્ઞ વૃત્તિના અને ટિપ્પણના મુનિશ્રી ભદ્રંકરવિજયજી કરેલા ગુજરાતી ભાષાન્તર સહિત બે ભાગમાં અનુક્રમે વિ. સં. ૨૦૦૯ અને વિ. સં. ૨૦૧૪માં અનુક્રમે નરોત્તમભાઇ મયાભાઇ તરફથી છપાવાઇ છે. બીજા ભાગમાં સ્વોપજ્ઞ વૃત્તિમાં સાક્ષીરૂપે અપાયેલા ૧૫૧ ગ્રન્થોની નામાવલી છે.

૪. જિ. ર. કો. (વિ. ૧, પૃ. ૧૯૩)માં આનો ગ્રંથાગ્ર ૧૫૬૦૮ શ્લોકનો દર્શાવાયો છે તે સ્વોપજ્ઞ વૃત્તિનો કે મૂળ સહિત એ વૃત્તિનો હોઇ શકે.

૫. જુઓ મારો લેખ "ધર્મસંગ્રહની સ્વોપજ્ઞ વૃત્તિના સંશોધકો અને ટિપ્પણકાર". આ લેખ "આ. પ્ર." (પુ. ૫૫, અં. ૯)માં છપાયો છે.

P. ૨૨૩ **ભાષાન્તર**–આ મૂળ તથા વૃત્તિનું ભાષાન્તર ભદ્રંકરવિજયજીએ કર્યું છે અને એ પ્રકાશિત છે.[1] [ભા. ૧ના અનુવાદનું સંક્ષેપીકરણ 'ધર્મસંગ્રહસારોદ્ધાર' નામે પ્રગટ થયું છે.]

**ધર્મસંગ્રહ**–આ ૧૪૦૦૦ શ્લોક જેવડી કૃતિના કર્તા **વિજયાનન્દસૂરિ** છે.

[2]**ધર્મસંગ્રહ**–આ ૪૫૦૦ શ્લોક જેવડી કૃતિના કર્તા **મુનિશેખરસૂરિએ** રચી છે.

[શ્રાવકધર્મપ્રકરણ : કર્તા જિનેશ્વરસૂરિ આનું સંપાદન આ. સોમચન્દ્રસૂરિ કરે છે.

ધર્મરત્નકરંડક– સ્વોપજ્ઞટીકા સાથે ૯૫૦૦ શ્લોકપ્રમાણ આ ગ્રંથની રચના આ. અભયદેવસૂરિના શિષ્ય આ. વર્દ્ધમાનસૂરિએ વિ. સં. ૧૧૭૨માં કરી છે. ઇ. સ. ૧૯૧૫માં હીરાલાલ હંસરાજે પ્રતાકારે કર્યું છે. ત્યાર પછી આ. મુનિચન્દ્રસૂરિએ વિવિધપ્રતિઓના આધારે આનું સંશોધન સંપાદન કર્યું છે. પુસ્તકાકારે "શારદાબેન ચી. એ. સેંટર" દ્વારા પ્રકાશન થયું છે.

'Shraman Tradition It's History and Contribution to Indian calture' Dr. G. C. Pandey. પ્ર. લા. દ. વિદ્યામંદિર.

**ધર્મરત્નાકર** જયસેન સં. એ.એન.ઉપાધ્યે. હિંદી સાથે પ્ર. જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ સોલાપુર.

ધર્મોપદેશકાવ્ય લક્ષ્મી વલ્લભગણી સં. પુણ્યકીર્તિ વિ. પ્ર. સન્માર્ગ પ્રકાશન, સં.૨૦૫૧

**ધર્મોપદેશ શ્લોકાઃ** આ. **સુશીલસૂરિ** પ્ર. સુશીલ સા. પ્ર. જોધપુર સં. ૨૦૪૬

**વિજયોલ્લાસ મહાકાવ્ય** ઉપા. યશોવિ. ગણી. આ. ભદ્રંકરસૂરિકૃત ટીકા સાથે પ્ર. ભુવનભદ્રંકર સાહિત્ય પ્રકાશન મદ્રાસ સં. ૨૦૪૪.

**સમ્યક્ત્વ પ્રકરણ** આ. તિલકસૂરિ "પ્ર. સન્માર્ગ પ્ર." અમદા. ૨૦૫૦ સં. પુણ્યકીર્તિ વિ.

સમ્યકત્વ કૌમુદી– જિનહર્ષ. સં. આ. જિનેન્દ્રસૂરિ. પ્ર. હર્ષપુષ્પામૃત. સં. ૨૦૪૦.

**સાધ્વાચારસમુચ્ચય પ્ર.** મુનિ નયવર્ધન વિ. પ્ર. ભારતવર્ષીય જિ.સ. સં. ૨૦૫૮.

**સ્વાધ્યાય દોહન** સં. આ. કનકચન્દ્રસૂરિ વિશ્વમંગલ પ્ર. પાટણ ૨૦૪૩.

**મંત્રીકર્મચન્દ્રવંશાવલી પ્રબંધ** પ્ર. સીંધીગ્રંથમાળા સં. જિનવિજય

**નાભાકચરિત્ર– મેરૂતુંગસૂરિ. સ્વપ્નપ્રદીપ–** વર્ધમાનસૂરિ. **શાકુનસારોદ્ધાર– માણિક્યસૂરિ. શ્રીચન્દ્રકેવલી** ગુજ. ભાષાંતર– **ચન્દ્રપ્રભ મહત્તર. સુમિત્રચરિત્ર–** મહો. હર્ષકુંજર ગણિ. **ષટ્ત્રિંશિકાસંગ્રહ–** ગણધરદેવ, ટીકા-રત્નસિંહસૂરિ અને વાનરર્ષિગણિ.

**સુરપ્રિયમુનિકથાનક–** ગુજરાતી મુ. ક. મો. જૈ. ૧૯૭૬

**ત્રિભુવનસિંહચરિત–** અજ્ઞાત- પ્ર. હી.હં. સં.૧૯૨૨-૩, **નરસંવાદ સુંદર** રત્નમંડનગણિ. હી. હં.

**મલયસુંદરીચરિત્ર–** (સંસ્કૃતપદ્ય)-જયતિલકસૂરિ. વિજયદાનસૂરિ ગ્રં. વરતેજ- ૨૦૦૯, હી. હં. ૧૯૧૦.]

---

૧. નરોત્તમ મયાભાઈ અમદાવાદ દ્વારા પ્રકાશિત છે.

૨. આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ છે. આ નામની એક કૃતિ દિ. મેધાવી પંડિતે પણ રચી છે (જુઓ પૃ. ૨૧૩). = 115.

# પ્રકરણ ૪૩ : મન્ત્રશાસ્ત્રો અને કલ્પો

[1]**અનુભવસિદ્ધ-મન્ત્રદ્વાત્રિંશિકા** (ઉ. વિક્રમની સાતમી સદી)–આના પ્રણેતા [2]ભદ્રગુપ્તસૂરિ છે. આમાં 'સૂરિ'મંત્રનો ઉલ્લેખ છે. આઠમા પદ્યમાં કહ્યું છે કે વીરસ્વામીસૂરિએ **વિદ્યાપ્રવાદ** નામના દસમા પૂર્વના ત્રીજા પ્રાભૃતમાંથી એક મંત્ર ઉદ્ધૃત કર્યો છે. અધિ. ૩, શ્લો. ૩૦માં અને અધિ. ૪ શ્લો. ૧૯માં અનુક્રમે પરમાગમનો અને આગમમહામ્ભોધિનો અને અધિ. ૪, શ્લો.. ૩૦માં **સેતુબન્ધ**નો ઉલ્લેખ છે. હૈમ **યોગશાસ્ત્ર** (પ્ર. ૮) રચવામાં આ દ્વાત્રિંશિકા ઉપયોગી થયાનું મનાય છે. આ દ્વાત્રિંશિકા મોડામાં મોડી ઇ. સ.ની સાતમી સદીમાં રચાઇ છે એમ **શ્રીભૈરવ-પદ્માવતી-કલ્પ**ના અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૩૩૯)માં કહ્યું છે.

આ દ્વાત્રિંશિકામાં પાંચ જ અધિકારો હોય એમ મુદ્રિત કૃતિ જોતાં જણાય છે. એમાં અનુક્રમે ૨૦, ૪૯, ૪૧, ૫૦ અને ૨૪ પદ્યો છે. આ અધિકારોનાં નામો નીચે મુજબ છે.

(૧) સર્વકર્મકર-મન્ત્રાષ્ટક-વર્ણન, (૨) વશ્ય-કૃષ્ટ્યાદિકર્મકર મન્ત્રાષ્ટકવર્ણન, (૩) સ્તમ્ભસ્તોભાદિક-મન્ત્રાષ્ટક-વર્ણન, (૪) શુભાશુભાદિ નિરૂપણ મન્ત્રાષ્ટક-વર્ણન અને (૫) ગુરુશિષ્ય શુભાશુભ સૂચક.

[3]**વિદ્યાનુશાસન** (લ. વિ. સં. ૧૧૧૦)–આના કર્તા તરીકે **મહાપુરાણ** વગેરે રચનારા દિ. **મલ્લિષેણ**નો ઉલ્લેખ કરાયો છે પરંતુ એઓ સંકલનાકાર હોય એમ લાગે છે. [આ છપાયું છે.]

પ્રસ્તુત **વિદ્યાનુશાસન** એ વિવિધ મંત્રશાસ્ત્રોનો સંગ્રહરૂપ છે. એમાં લગભગ ૭૦૦૦ પદ્યો છે  અને એ ૨૪ પ્રકરણમાં વિભક્ત કરાયેલ છે. એનાં આદ્ય બે પદ્યો અને પ્રશસ્તિનું ૧૩૯મું પદ્ય જોતાં એમ જણાય છે કે આમાંનો અસલી ભાગ [4]દ્રાવિડ સંઘના **મઠપતિ મતિસાગરે** રચ્યો છે. આમાં ઈન્દ્રનન્દિએ શકસંવત્ ૮૬૧માં રચેલા **જ્વાલિની-કલ્પ**માંથી ઉતારા અપાયા છે અને એમનું રચેલું **પાર્શ્વનાથસ્તોત્ર** અપાયું છે એટલે એમના પછી આ **મતિસાગર** થયેલા ગણાય. દિ. **મલ્લિષેણસૂરિ**ના સમકાલીન **વાદિરાજ**ના ગુરુ **મતિસાગર** તે આ જ છે એમ કેટલાક માને છે. વળી કેટલાક **મતિસાગર**ને **મલ્લિષેણસૂરિ**ના ગુરુ ગણે છે.

પ્રસ્તુત કૃતિમાં આ **મલ્લિષેણસૂરિ**કૃત [5]**જ્વાલામાલિની-સ્તોત્ર** અપાયું છે. વળી એમણે ૩૦૮ પદ્યમાં રચેલા **ભૈરવ-પદ્માવતી-કલ્પ**માંના ૨૫૮ પદ્યો આ **વિદ્યાનુશાસન**ના ચૌદ પ્રકરણમાં છૂટાછવાયાં નજરે પડે છે. આ ઉપરાંત આ **મલ્લિષેણસૂરિ**કૃત **સરસ્વતી-કલ્પ**નો મોટો ભાગ તેમજ એમણે રચેલા **કામચાંડાલિની-કલ્પ** અને **જ્વાલિની-કલ્પ**ના કેટલાક અંશો આમાં જોવાય છે. આ બધું **મલ્લિષેણસૂરિ**એ ઉમેર્યું લાગે છે. એ હિસાબે એઓ એના કર્તા ગણાય.

**પૌર્વાપર્ય**–મલ્લિષેણને હાથે **વિદ્યાનુશાસન**નું સંકલન થયા બાદ એમણે **ભૈરવ-પદ્માવતી-કલ્પ** તેમજ અન્ય કલ્પો રચ્યા છે. એમ અનુમનાય છે.

---

૧. આ કૃતિ **શ્રીભૈરવ-પદ્માવતી-કલ્પ**માં ત્રીસમાં પરિશિષ્ટ તરીકે છપાઇ છે.

૨. એમને કેટલાક **વજ્રસ્વામી**ના ગુરુ ગણે છે.

૩. જુઓ "અનેકાંત" (વર્ષ ૧, પૃ. ૪૨૯). "શ્રીભૈરવ-પદ્માવતી-કલ્પ"ના અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૩૦૧-૩૦૫)માં આ **વિદ્યાનુશાસન**નો પરિચય અપાયો છે. અને એના કર્તૃત્વ વિષે ઊહાપોહ કરાયો છે.

૪. દેવસેનકૃત **દંસણસાર** પ્રમાણે આ સંઘ "જૈનાભાસ" છે. ૫. આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ પણ છે.

**પ્રક્ષિપ્ત અંશો**–આજે ઉપલબ્ધ થતા **વિદ્યાનુશાસન**માં પાછળથી ઉમેરા થયા હોય એમ લાગે છે. દિ. આશાધરે અને દિ. હસ્તિમલ્લે રચેલું એકેક **ગણધર-વલય, આશાધરકૃત સરસ્વતી-સ્તોત્ર,** રાવણે રચેલી **બાલગ્રહચિકિત્સા,** ઈમદિ (?) ભટ્ટોપાધ્યાયનાં **ગણભૃદ્યંત્રપૂજાવિધાન** અને મહસેનના **ત્રિવર્ણાચાર**માંનાં અવતરણો એ પ્રક્ષિપ્ત અંશો હોય એમ ભાસે છે.

**શાશ્વત-કલ્પ-પુસ્તકો**–નેમિચન્દ્રસૂરિકૃત **પવયણસારુદ્ધાર** ઉપર **સિદ્ધસેનસૂરિ**એ વિ. સં. ૧૨૪૮માં વૃત્તિ રચી છે. આ વૃત્તિ (ભા. ૨. પત્ર ૩૫૨-અ)માં એમણે એવો ઉલ્લેખ કર્યો છે કે [1]નવ નિધિઓમાં શાશ્વત કલ્પનાં પુસ્તકો હોય છે અને એમાં વિશ્વની સ્થિતિ વર્ણવાયેલી હોય છે. આ પુસ્તકો સંસ્કૃતમાં હોય છે કે કેમ તે વિષે કશી માહિતી અહીં અપાયેલી નથી આ પરિસ્થિતિમાં આ પુસ્તકો સંસ્કૃતમાં હશે એમ માની હું એ પ્રત્યેક નિધિના શાશ્વતકલ્પપુસ્તકમાં કઇ કઇ બાબત દર્શાવાઇ છે તે હું **પવયણસારુદ્ધાર** (ગા. ૧૨૧૯-૧૨૨૭)ના આધારે અહીં સૂચવું છું :–

૧] 'નૈસર્પ' નામના નિધિના કલ્પમાં ગ્રામ, આકર, નગર, પત્તન, દ્રોણમુખ, મડંબ, [2]સ્કન્ધાવાર અને ગૃહ વગેરેની સ્થાપનાનો વિધિ બતાવાયેલો હોય છે.

P. ૨૨૭ ૨] 'પાંડુક' નામના નિધિના કલ્પમાં (દીનાર વગેરેને લગતું) ગણિત, [3]ગીતો, માન અને ઉન્માનનું પ્રમાણ તેમજ ધાન્ય અને બીજની ઉત્પત્તિ એ હકીકતો રજૂ કરાયેલી હોય છે.

૩] 'પિંગલક' નામના નિધિના કલ્પમાં પુરુષો, મહિલાઓ, ઘોડાઓ અને હાથીઓનાં આભરણોની સમજણ અપાયેલી હોય છે.

૪] 'સર્વરત્ન' નામના નિધિના કલ્પમાં ચક્રવર્તીનાં ચૌદ રત્નોનું વર્ણન હોય છે.

૫] 'મહાપદ્મ' નામના નિધિના કલ્પમાં વસ્ત્રો તથા રંગોની અને ધાતુઓની ઉત્પત્તિ, વસ્ત્રાદિનાં શણગારની નિષ્પત્તિ અને પાઠાંતર પ્રમાણે વસ્ત્ર વગેરે ધોવાની રીત દર્શાવાયેલી છે.

૬] 'કાલ' નામના નિધિના કલ્પમાં સમગ્ર કાલના જ્ઞાન (જ્યોતિષ), તીર્થંકર [4]વગેરેના વંશો અને સો શિલ્પ વિષે માહિતી અપાયેલી હોય છે.

૭] 'મહાકાલ' નામના નિધિના કલ્પમાં (જાતજાતના) લોખંડ, રૌપ્ય, સુવર્ણ, મણિ, મોતી, શિલા (સ્ફટિકાદિ), પરવાળા વગેરેની ઉત્પત્તિને લગતી હકીકત હોય છે.

૮] 'માનવક' નામના નિધિના કલ્પમાં સુભટોની ઉત્પત્તિ, આયુધો, 'યુદ્ધ'નીતિ અને 'દંડ'નીતિનું વર્ણન હોય છે.

P. ૨૨૮ ૯] 'શંખ' નામના નિધિના કલ્પમાં નૃત્યવિધિ, નાટકવિધિ, [5]ચારે પ્રકારનાં કાવ્યની નિષ્પત્તિ તેમજ વાદ્યો વિષે હકીકત અપાયેલી હોય છે.

૧. એનાં નામો નીચે મુજબ છે :–
નૈસર્પ, પાંડુક, પિંગલક, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માનવક અને શંખ.'

૨. છાવણી.

૩. સ્વરકરણ, પાટકરણ, ધ્રુપક, અગારુ અને કટિટિક્ષ વગેરે પ્રબંધ છે.

૪. વગેરેથી ચક્રવર્તી, વાસુદેવ અને બલદેવ સમજવાના છે.

૫. આ સંબંધમાં **સિદ્ધસેનસૂરિ**એ ભિન્ન-ભિન્ન વિકલ્પો રજૂ કર્યા છે. જેમકે (અ) ચાર પુરુષાર્થોને લગતા, (આ) સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને સંકીર્ણ એમ ચાર જાતની ભાષા સંબંધી અને (ઇ) ગદ્ય, પદ્ય, ગેય અને ચૌર્ણ પદ સાથે સંબંધ ધરાવનાર.

[1]જ્વાલિની-કલ્પ, જ્વાલામાલિની-કલ્પ, જ્વાલિની-મત કિંવા જ્વાલિની-મંત્રવાદ (શકસંવત્ ૮૬૧= વિ. સં. ૯૯૬)– આના કર્તા દિ. [2]ઈન્દ્રનન્દિ છે. એઓ 'દ્રાવિડ' સંઘના વર્ષનન્દિના શિષ્ય હર્ષનન્દિના શિષ્ય થાય છે.[3] એમણે [4]એલાચાર્યની કૃતિને આધારે ૫૦૦ શ્લોક જેવડો પ્રસ્તુત કલ્પ કૃષ્ણરાજ ત્રીજાના રાજ્યમાં માન્યખેટ (માલખેડ)માં શકસંવત્ ૮૬૧માં રચ્યો છે. એના વિષય વગેરેનો વિચાર ''અનેકાન્ત'' (વ. ૧, પૃ. ૪૩૦ અને પૃ. ૫૫૫ ઇ.)માં કરાયો છે. P. ૨૨૯

**નામો**–પ્રસ્તુત કૃતિનાં જે ચાર નામ મેં અત્ર દર્શાવ્યાં છે તે પૈકી **જ્વાલિનીકલ્પ** એ પ્રથમ નામ પ્રકાશિત કૃતિના ચોથા પદ્યમાં, **જ્વાલિનીમત** નામ બાવીસમામાં અને **જ્વાલિનીમંત્રવાદ** એ નામ એની પ્રશસ્તિમાં જોવાય છે.

આ કૃતિ દસ અધિકારમાં વિભક્ત છે. એનાં નામ પ્રથમ અધિકારના ૨૮મા પદ્ય પ્રમાણે નીચે મુજબ છે :–

(૧) મંત્રી, (૨) ગ્રહ, (૩) મુદ્રા, (૪) મંડલ, (૫) કટુતૈલ, (૬) યંત્ર, (૭) વશ્યતન્ત્ર, (૮) (વસુધારાની) સ્નપનવિધિ, (૯) નીરાજનવિધિ અને (૧૦) સાધનવિધિ.

આ કૃતિ **જ્વાલામાલિની** નામની **ચન્દ્રપ્રભસ્વામી**ની [5]અધિષ્ઠાત્રી દેવીને ઉદ્દેશીને રચાયેલી હોઇ એના આદ્ય પદ્યમાં એ આઠમા તીર્થંકરને વન્દન કરાયું છે. ત્યાર પછીનાં બે પદ્યોમાં આ દેવી વિષે માહિતી આપાતાં કહ્યું છે કે એનો દેહ શ્વેત છે, એનું વાહન મહિષ છે, એ ઉજ્જ્વળ આભૂષણને ધારણ P. ૨૩૦

૧. આ કૃતિ **જ્વાલામાલિનીકલ્પ**ના નામથી શ્રી **મૂલચંદ** કિસનદાસ કાપડિયાએ **વીરસંવત્** ૨૪૯૨ (ઇ. સ. ૧૯૬૬)માં પ્રકાશિત કરી છે. એમાં સ્વ. પં. **ચન્દ્રશેખરજી** શાસ્ત્રીની હિન્દી ભાષાટીકા, રક્ષકાદિ ૨૨ યન્ત્રો અને જ્વાલામાલિની-મન્ત્ર, જ્વાલામાલિની દેવીની બે ધાતુપ્રતિમાઓની એકેક પ્રતિકૃતિ (એક આગલા પૂંઠા ઉપર અને એક અંદરના ભાગમાં લગભગ પ્રારંભમાં) તેમજ હિન્દી વિષયસૂચી તથા નિમ્નલિખિત અન્ય કૃતિઓને-ત્રણ ચન્દ્રપ્રભસ્તવનોને સ્થાન અપાયું છે :–
'ॐ चन्द्रप्रभु(भ)प्रभाधीशं'થી શરૂ થતું ચન્દ્રપ્રભસ્તવન.
'देवैर्य: स्तुष्टुवे तुष्टै:'થી શરૂ થતું ચન્દ્ર પ્રભસ્તવન (ષડ્ભાષામય).
'नमो महासेन'થી શરૂ થતું ચન્દ્ર પ્રભસ્તવન (જિનપ્રભસૂરિકૃત).
પૃ. ૧૩૪ના ટિપ્પણમાં કહ્યું છે કે અહીંથી સમસ્ત લખાણ **વિદ્યાનુવાદ** (અ.-૪)ના શ્લો. ૧૬૪મા શ્લોક ઇત્યાદિ અનુસાર છે.
આ પ્રકાશન અંગેનું મારું અવલોકન ''દિગંબર જૈન'' (વ. ૫૯, અં., ૧-૨, ધર્મવિશેષાંક)માં છપાવાયું છે.

૨. **આચારદિનકર** (ભા.૨. પત્ર ૧૫૦-અ)માં પ્રતિષ્ઠાકલ્પોના કર્તાનાં નામો ગણાવતાં જે **ઈન્દ્રનન્દિ**નો ઉલ્લેખ કર્યો છે તે આ હશે. જો એમ જ હોય તો એમણે કોઇ પ્રતિષ્ઠાકલ્પ રચ્યો હોવો જોઇએ.

૩. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૫૧)માં તો ઈન્દ્રનન્દિને વપ્પનન્દિનના શિષ્ય કહ્યા છે.

૪. એમનો સમય વિ. સં. ૮૫૦ની આસપાસનો છે. એમ **શ્રીભૈરવપદ્માવતી-કલ્પ**ના અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૩૦૯)માં કહ્યું છે.

૫. *શ્વેતાંબર માન્યતા મુજબ તો એનું* ***નામ*** *જ્વાલા કિંવા ભ્રુકુટિ છે અને એને ખડ્ગ, મુદ્ગર, ફલક (? ઢાલ)* અને પરશુથી વિભૂષિત એવા ચાર હાથ છે તેમ વરાહનું વાહન છે એમ **નિર્વાણકલિકા** જોતાં જણાય છે.

કરે છે, એ જ્વાલામાલિની જેમ ભયંકર અંગવાળી છે અને એને આઠ હાથ છે. એ અનુક્રમે ઉગામેલા ત્રિશૂળ, પાશ, મત્સ્ય, ધનુષ્ય, મંડલ, ફળ, [1]વરદ અને ચક્રથી અંકિત છે.

આ કૃતિમાં હે(? એ)લાચાર્યની વિદૂષી શિષ્યા નામે **કમલશ્રી**ને **બ્રહ્મરાક્ષસે** ગૃહીત કરેલી હોઇ એની પકડમાંથી એને મુક્ત કરવા **હેલાચાર્યે** નીલગિરિના શિખર ઉપર રહેલી 'વહ્નિ' (અર્થાત્ જ્વાલામાલિની) નામની દેવીની સાધના કરી એ દેવી પાસેથી મંત્ર અને તેની વિધિ મેળવી એ બાબત શરૂઆતમાં રજૂ કરાઇ છે.

**ઉલ્લેખ**–**ઈન્દ્રનન્દિ**એ (**એલાચાર્ય**ના) શિષ્ય **ગાંગ** મુનિ, **નીલગ્રીવ**, **વિજાબ્જ**, આર્યા **ક્ષાંતિરસબ્બા**, **વિરુવટ્ટ**, **કન્દર્પ** અને **ગુણનન્દિ**નો ઉલ્લેખ કર્યો છે અને કહ્યું છે કે આ વ્યક્તિઓ દ્વારા જ્વાલિનીમતનું જ્ઞાન મારી પાસે ઊતરી આવ્યું હતું અને છેલ્લી બે વ્યક્તિઓએ તો મને એનો સાક્ષાત્ બોધ કરાવ્યો હતો.

**જ્વાલાનિકલ્પ** (લ. વિ. સં. ૧૧૧૦)– આના કર્તા **મહાપુરાણ** રચનારા દિ. **મલ્લિષેણસૂરિ** છે.

P. ૨૩૧ **અજ્ઞાતકર્તૃક કૃતિઓ**–**જ્વાલામાલિનીમન્ત્રામ્નાય**, **જ્વાલામાલિનીવિદ્યા** અને **જ્વાલિનીવિધાન** આ ત્રણમાંથી એકેના કર્તાનું નામ જાણવામાં નથી.

[2]**ભૈરવ-પદ્માવતી-કલ્પ** (લ. વિ. સં. ૧૧૧૦)–આના કર્તા દિ. **જિનસેન**ના શિષ્ય **મલ્લિષેણ** છે એમ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૨૯૯)માં ઉલ્લેખ છે. એઓ **મહાપુરાણ** વગેરેના પ્રણેતા છે. એમણે આ કલ્પમાં મુખ્યતયા 'ભૈરવી' પદ્માવતીને અંગેના મંત્રો રજૂ કર્યા છે. 'કલ્પ' એટલે મંત્રવાદસમૂહ એટલે કે મંત્રોનો સમૂહ. આનો આવો અર્થ ટીકાકાર નામે **બંધુષેણે** કર્યો છે. પ્રસ્તુત કલ્પ એ **પાર્શ્વનાથ**ના તીર્થની શાસનદેવી **પદ્માવતી**ની [3]માંત્રિક પૂજાનું નિરૂપણ પૂરું પાડે છે. આ પદ્યાત્મક કૃતિ દસ પરિચ્છેદમાં વિભક્ત છે. એમાં અનુક્રમે ૧૧, ૨૨, ૪૦, ૨૧, ૨૨, ૧૯, ૪૧, ૩૩, ૪૨ અને ૫૭ પદ્યો છે. એકંદરે આમ ૩૦૮ પદ્યો છે.

પ્રથમ પરિચ્છેદમાં સાધકની યોગ્યતા– એનાં ઉચ્ચ લક્ષણો વિષે પ્રકાશ પડાયો છે.

દ્વિતીય પરિચ્છેદમાં ન્યાસો અને સકલીકરણની હકીકત છે. વળી અહીં અમુક મંત્ર અમુક સાધકને
P. ૨૩૨ અનુકૂળ છે કે કેમ એ વિષય પણ ચર્ચાયો છે. આ પરિચ્છેદના બારમા પદ્યમાં **પદ્માવતી**ના ધ્યાન માટે જે ચિહ્નો દર્શાવાયાં છે તે ઇડરના એક જૈન મંદિરમાંની **પદ્માવતી**ની પ્રતિમામાં હોવાનું કહેવાય છે.

તૃતીય પરિચ્છેદમાં પૂજાની પદ્ધતિ વર્ણવાઇ છે. એમાં **ષટ્કર્મ** માટે યોજવા જોઇતા ઉપાયો સૂચવી પલ્લવો, વિન્યાસો, મુદ્રાઓ, જપમાળા, મણકા ફેરવવાની રીત ઇત્યાદિ બાબતો હાથ ધરાઇ છે. પદ્માવતી દેવીની પૂજાના યંત્રનું વર્ણન કરી પંચોપચાર પૂજાનું નિરૂપણ કરાયું છે ત્યાર બાદ મૂળ, મંત્ર,

---

૧. ભાષાટીકા (પૃ. ૨)માં આનો અર્થ 'અગ્નિ' કરાયો છે તે શું સમુચિત છે ?

૨. આ કલ્પ ''શ્રીભૈરવ-પદ્માવતીકલ્પ'' એ નામથી બન્ધુષેણકૃત ટીકા તેમજ સ્વ. **મોહનલાલ** ભ. ઝવેરીના અંગ્રેજી ઉપોદ્ઘાત સહિત શ્રી **સારાભાઇ** મ. નવાબ તરફથી ઇ.સ. ૧૯૪૪માં પ્રકાશિત કરાયો છે. અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૨૯૫-૨૯૯)માં આ કલ્પના વિષયનું નિરૂપણ કરાયું છે. [શુકચતુર્વેદીના હિન્દી સાથે છપાયો છે.]

*૩. માંત્રિક પૂજાનાં પટલ, પદ્ધતિ, સ્તોત્ર કવચ અને સહસ્રનામ એ પાંચ અંગ ગણાય છે. પ્રસ્તુત કલ્પમાં છેલ્લી ત્રણ બાબતો નથી.*

પદ્માવતી સંબંધી ષડક્ષરી, ત્ર્યક્ષરી અને એકાક્ષરી વિદ્યા તથા હોમ એ વિષયો નિરૂપાયા છે. છેલ્લા પદ્યમાં 'ચિન્તામણી' યંત્રનું વર્ણન છે. આ પરિચ્છેદના શ્લો. ૧૩-૨૧ પદ્માવતીના પરિવાર ઉપર પ્રકાશ પાડે છે.

ચતુર્થ પરિચ્છેદમાં ૧૨ યંત્રો છે.

પંચમ પરિચ્છેદમાં સ્તંભનને અંગેનાં યંત્રો દર્શાવાયાં છે. વળી વિવિધ મુશ્કેલીઓ–સંકટોમાંથી પસાર થવાના માર્ગ સૂચવાયા છે.

છઠ્ઠા પરિચ્છેદમાં સ્ત્રીઓને આકર્ષવામાં અને મોહિત કરાવાં યંત્રો અને મંત્રો રજૂ કરાયાં છે.

સાતમા પરિચ્છેદમાં વશીકરણને લગતાં યંત્રો અને મંત્રો છે.

આઠમા પરિચ્છેદમાં દર્પણ, દીપકની જ્યોત કે તરવાર તરફ ધારી ધારીને જોઇને કે અન્ય રીતે ભવિષ્ય કહેવામાં ઉપયોગી થાય એવા મંત્રો અપાયા છે.

નવમા પરિચ્છેદમાં વિવિધ ઔષધિઓ, ચૂર્ણો વગેરેનો નિર્દેશ છે. એ દ્વારા પુરુષ અને સ્ત્રીને આકર્ષવાની, વશ કરવાની, ભય પમાડવાની ઇત્યાદિ બાબતો સમજાવાઇ છે.

[1]દસમા પરિચ્છેદનો વિષય 'ગારુડ-વિદ્યા' છે. એ સર્પોને વશ કરવા અને પકડવાની બાબત P. ૨૩૩
તેમજ સર્પ ડસેલા મનુષ્યનું ઝેર ઉતારવાની બાબત ઉપર પ્રકાશ પાડે છે. અહીં શત્રુને કરડે એવો જાદુઇ સર્પ વર્ણવાયો છે.

અંતમાં જૈન દર્શનના રાગીને જ મંત્ર આપવાનો નિર્દેશ કરાયો છે.

ગ્રંથકારે પોતાના વિદ્યાગુરુ તરીકે **અજિતસેનસૂરિ**નો ઉલ્લેખ કર્યો છે અને પોતાને **સરસ્વતી** તરફથી વરદાન મળતાં પ્રસ્તુત કલ્પ રચ્યાનું કહ્યું છે.

[2]**ટીકા**–આ ટીકામાં પાઇય મંત્રો જોવાય છે. એ ટીકા **બન્ધુષેણે** રચી છે. પ્રારંભમાં એમણે **પાર્શ્વનાથ**ની સ્તુતિ કરી છે અને પોતાનું નામ બહુવચનમાં રજુ કર્યું છે. એમણે આ **ભૈરવ-પદ્માવતી-કલ્પ**ની પ્રશંસા કરી છે. એમાંનાં દુર્ગમ સ્થળોના સ્પષ્ટીકરણ ઉપરાંત કેટલીયે અગત્યની બાબતો જે મૂળ ગ્રંથમાં નથી તે એમણે ઉમેરી છે. એ એમણે **વિદ્યાનુશાસન**માંથી લીધી હોય એમ લાગે છે.

વિવિધ ઔષધિઓનો પરિચય આપતી વેળા આ **બન્ધુષેણે** કન્નડમાં પર્યાયો આપ્યા[3] છે. આ
ઉપરાંત એમણે અનાહત-વિદ્યાનો પરિ. ૭, શ્લો. ૧૦માં ઉલ્લેખ કર્યો છે. વિશેષમાં પરિ. ૩, શ્લો. ૩૮ની P. ૨૩૪
ટીકામાં પાર્શ્વ-યક્ષ-મંત્ર પરિ. ૫, શ્લો. ૧૭ની ટીકામાં ચંડશૂલિની-મંત્ર, પરિ. ૬, શ્લો. ૪ની ટીકામાં કૃષ્ણમાતંગિની-મંત્ર અને એના શ્લો. ૧૯ની ટીકામાં કાત્યાયની મંત્ર તેમજ પરિ. ૭, શ્લો. ૧૭ની ટીકામાં અરિષ્ટનેમિ-મંત્ર આપ્યા છે.

---

૧. આ પરિચ્છેદ જોતાં એમ જણાય છે કે પ્રસ્તુત **મલ્લિષેણસૂરિ** પૌરાણિક સાહિત્યથી અને ખાસ કરીને ગરુડ-પુરાણ અને નારદીય-મહાપુરાણથી પરિચિત હતા.

૨. આ સારાભાઈ નવાબ તરફથી પ્રકાશિત છે.

૩. જુઓ પ્ર. ૯ના શ્લો. ૨૧, ૨૫ અને ૩૩ની ટીકા.

આમ જે કેટલીક નવીન બાબતો **બન્ધુષેણે** રજૂ કરી છે એ ઉપરથી એઓ **મલ્લિષેણસૂરિ**ના લઘુ ગુરુબન્ધુ કે શિષ્ય હશે એમ કેટલાક માને છે.

[1]**ભારતી-કલ્પ**[2] કિંવા **સરસ્વતી-કલ્પ** (લ. વિ. સં. ૧૧૧૦)–આના કર્તા **મહાપુરાણ** વગેરે રચનારા દિ. **મલ્લિષેણસૂરિ** છે. આ કલ્પમાં ૯૮ પદ્યો અને વચ્ચે ગદ્યાત્મક લખાણ છે. શ્લો. ૨માં સરસ્વતીના ધ્યાનની અને એનાં ચિહ્નોની હકીકત છે. શ્લો. ૨૮માં 'હ્રીં'નો ઉલ્લેખ છે.

**કામચાંડાલિની-કલ્પ** કિંવા **સિદ્ધાયિકા-કલ્પ** (લ. વિ. સં. ૧૧૧૦)–આ કલ્પ **મહાપુરાણ** વગેરેના કર્તા દિ. **મલ્લિષેણસૂરિ**એ રચ્યો છે એમાં પાંચ અધિકાર છે. આનાં આદ્ય બે પદ્યો જોતાં જણાય છે કે આ **મલ્લિષેણ** સંસ્કૃત અને પાઇય એ ઉભય ભાષાના કવિ હતા. એઓ જે કોઇ કૃતિ રચતા તે મનમાં પૂર્ણ રચાઇ જાય પછી જ એને ભૂમિ કે પત્થર ઉપર લિપિબદ્ધ કરતા. આ એમની સ્મરણશક્તિની તેજસ્વિતાનું દ્યોતન કરે છે.

P. ૨૩૫ [3]**હેમકલ્પ**–''**गाहाजुअलेण**''થી શરૂ થતાં ચાર પદ્યોને અંગે પાદલિપ્તસૂરિકૃત સ્વોપજ્ઞ આમ્નાય છે. એ આમ્નાયને 'હેમકલ્પ' કહ્યો હોય એમ લાગે છે.

**મહાવીરસ્તવની** [4]**ટીકા** (વિ. સં. ૧૭૩૯)–**પાદલિપ્તસૂરિ**એ ''**जयइ नवनलिन**''થી શરૂ થતો અને **સુવર્ણસિદ્ધિગર્ભિત** સાત પદ્યનો **મહાવીરસ્તવ** રચ્યો છે. એના ઉપર 'વિધિ' પક્ષના વાચક **પુણ્યસાગરે** સંસ્કૃતમાં વિ. સં. ૧૭૩૯માં ટીકા રચી છે. આ ટીકા દયાસાગરના પ્રસાદને આભારી છે એમ એમણે કહ્યું છે. આ ટીકામાં ''**गाहाजुअलेण**''થી શરૂ થતા પદ્યની ટીકામાં 'ગા' એટલે અબરખ, 'હા' એટલે હરિતાલ, 'જુઅલ' એટલે તાર અને 'જિન' એટલે પારો એમ અર્થો કરાયા છે.

[5]**ઉગ્રવીરકલ્પ**–આનો પ્રારંભ નિમ્નલિખિત પદ્યથી કરાયો છે :–

''**उग्रवीरं महाविष्नुं( ष्णुं ) ज्वलंतं सर्वतो मुखम् । नृसिंहं भीषणं भद्रं मृत्युं मृत्युं नमाम्यहं ॥१॥**

P. ૨૩૬ ત્યાર બાદ ગુજરાતીમાં લખાણ છે. એમાં મસ્તક, લાલટ ઇત્યાદિ ૨૨ અવયવોનાં નામ છે તેમજ ઉચ્ચાટન વગેરે અંગે મંત્રો અપાયા છે.

[6]**મન્ત્રાધિરાજ-કલ્પ** (લ. વિ. સં. ૧૨૫૦)–આના કર્તા [7]**સાગરચન્દ્ર** છે. આ કલ્પ પાંચ પટલમાં

૧. આ **ભૈ. ૫. ક.**માં ૧૧મા પરિશિષ્ટ તરીકે (પૃ. ૬૧-૬૮)માં પ્રકાશિત કરાયો છે. એમાં કેટલેક સ્થળે પાઠ ખંડિત છે.
૨. આ માટે જુઓ ''અનેકાન્ત'' (વ. ૧, પૃ. ૪૨૮).
૩. દ્વિતીય ટિપ્પણમાં નિર્દેશાયેલા પુસ્તકમાં **જિનદત્તસૂરિ**કૃત આમ્નાય-**હેમકલ્પ** ગુજરાતીમાં અપાયો છે.
૪. આ ટીકા ''મહાચમત્કારીક વિશાયંત્રકલ્પ''ના લગભગ અંતમાં છપાવાઇ છે. વિશેષમાં આ ટીકા પછી''**गाहाजुअलेण**''થી શરૂ થતાં ચાર પદ્યોને અંગે **પાદલિપ્તસૂરિ**કૃત સ્વોપજ્ઞ સ્તોત્રામ્નાય પ્રસિદ્ધ કરાયો છે અને એના અંતમાં ''હેમકલ્પ સ્વોપજ્ઞાવચૂરિ'' ઉલ્લેખ છે. ત્યાર બાદ આ વિ. સં. ૧૬૩૩ની હાથપોથીની નકલ છે એમ કહ્યું છે.
૫. ટિ. ૨માં નિર્દેશાયેલા પુસ્તકના પ્રાન્ત ભાગમાં આ અપાયો છે.
૬. આ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨, પૃ. ૨૨૭-૨૨૮)માં છપાયો છે.
૭. **સિદ્ધરાજ** જયસિંહની સભાના એક વિદ્વાનનું નામ **સાગરચન્દ્ર** છે. **અમરચરિત્ર**ના પ્રથમાદર્શ લખનારનું નામ પણ **સાગરચન્દ્ર** છે. વળી 'ખરતર' ગચ્છના **જિનરાજસૂરિ**ની આજ્ઞાથી વિ. સં. ૧૪૫૯માં જિનબિંબની સ્થાપના કરનારનું નામ પણ **સાગરચન્દ્ર** છે.

વિભક્ત છે. એમાં અનુક્રમે ૨૩, ૫૭, ૧૩૦, ૯૦ (૩૭+૫૩) અને ૧૨૪ પદ્યો છે. આમ એકંદર ૪૨૪ પદ્ય છે.

**વિષય**–આ કૃતિના પ્રથમ પટલમાં પાર્શ્વનાથની સ્તુતિ, ગુરુને વંદન, આ કૃતિ રચવામાં જિનેશ્વરની ભક્તિરૂપ હેતુ ઇત્યાદિ બાબતો પ્રસ્તાવનારૂપે આપી **મંત્રાધિરાજ-મંત્ર**ની પ્રદાનવિધિ દર્શાવાઇ છે.

દ્વિતીય પટલમાં વિષયનો નિર્દેશ કરાયો છે. એમાં **મંત્રાધિરાજ**નાં સાત વલયોમાં જે જે અક્ષરો હોય છે તે કહેવાની પ્રતિજ્ઞા કરાઇ છે. તદનુસાર અક્ષરોની સમજણ અપાયા બાદ ૨૧મા પદ્યથી **મંત્રાધિરાજ**નાં બીજોનો પ્રભાવ વર્ણવાયો છે. આ પટલમાં મધ્ય વલયને અંગેના જિનેન્દ્ર-મંત્રનું વર્ણન છે. શ્લો. ૧૩માં **અભયદેવસૂરિ**નું અને શ્લો. ૧૪માં **પદ્મદેવ**નું નામ છે.

તૃતીય પટલની શરૂઆત 'ભુજંગ-વિજૃંભિત' છંદ દ્વારા **પાર્શ્વ**નાથની સ્તુતિથી કરાઇ છે. ત્યાર બાદ બીજા વલયની ૧૬ વિદ્યાદેવીઓનું વર્ણન અપાયું છે. શ્લો ૧૯માં 'સાગરચન્દ્ર' એવું નામ છે. ત્રીજા વલયમાં ૨૪ જિનેશ્વરોની જનનીઓનાં નામો, ચોથા વલયમાં ૨૪ યક્ષોનાં નામો અને એ યક્ષોનું વર્ણન P. ૨૩૭
અને પાંચમા વલયમાં ૨૪ યક્ષિણીઓનાં-**ચક્રે**શ્વરી વગેરેનાં નામો અને એનું વર્ણન છે. [1]**અંબિકા** દેવીના વર્ણનમાં **પવયણસારુદ્ધાર** અને **આચારદિનકર**ની જેમ જમણા હાથમાં માતુલિંગને બદલે આમ્રલુંબીનો ઉલ્લેખ છે. આ કલ્પ પ્રમાણે ડાબા હાથમાં ફળ અને અંકુશ છે જ્યારે શ્વેતાંબરીય અન્ય ગ્રન્થો પ્રમાણે બે પુત્રો અને અંકુશ છે. છઠ્ઠા વલયમાં **ઋ**ષભદેવ વગેરે ૨૪ જિનેશ્વરોનાં માતા-પિતાનાં નામો, એ જિનેશ્વરોનાં લાંછનો તેમજ એમનાં શરીરનાં વર્ણ અને ઊંચાઇ એ બાબતોના નિર્દેશપૂર્વક એમની સ્તુતિ કરાઇ છે. ત્યાર બાદ માયા-વર્ણનો ઉલ્લેખ છે. પછી નવ ગ્રહો અને દસ લોકપાલો દ્વારા કરાતી તીર્થંકરની સેવા અને **ધરણ** ઇન્દ્રાદિ દ્વારા જિનભક્તનું કરાતું રક્ષણ એ વિષયો વર્ણવાયા છે.

ચતુર્થ પટલમાં પ્રાચીન કલ્પોના આધારે સકલીકરણ, ભૂમિ, જળ અને વસ્ત્રની શુદ્ધિનાં મંત્રો, આહ્વાન, સ્થાપન, સન્નિરોધ, સન્નિધાન અને અવગુંઠન એ પાંચ મુદ્રા, આત્મા, મસ્તક વગેરેનું રક્ષણ, **પાર્શ્વ** યક્ષ, **પાર્શ્વ**યક્ષિણી, **ધરણ** ઇન્દ્ર, **ક**મઠ, જયા-**વિ**જયા, **પદ્મા**વતી અને ક્ષેત્રપાલનાં મંત્રો એમ મંડલમંત્રોદ્ધાર, વિશિષ્ટ ધ્યાન, પૂજન જપ અને હોમનાં વર્ણન તેમજ [2]ચિત્ર-કાવ્યો એમ વિવિધ બાબતો અપાઇ છે. P. ૨૩૮

પંચમ પટલમાં છ ઋતુઓ, દીપન, પલ્લવ, સંપુટ, રોધ, ગ્રથન અને વિદર્ભણ એ છ યોગો, દંડાસન વગેરે છ આસનો, 'અંકુશ' વગેરે મુદ્રાઓ, પુષ્પમાળા, દિશા, નાડી, દ્રવ્યસમુદાય, રંજિક છ કર્મ,

૧. આ દેવીને અંગે કેટલીક વિગતો મેં 'અંબિકા (અંબા) દેવી અને જૈન દષ્ટિ'' તેમજ ''અંબિકા (અંબા) દેવી સંબંધી વિશેષ માહિતી'' નામના મારા બે લેખમાં આપી છે. આ બંને લેખ ''ગુ. મિત્ર તથા ગુ. દર્પણ''ના તા. ૨૪-૧૦-'૬૭ અને તા. ૨૭-૧૦-'૬૭ના અંકોમાં અનુક્રમે છપાયા છે.

૨. અંતર્યમક, ચક્ર, ખડ્ગ, કમળ ઇત્યાદિ બંધો દ્વ્યક્ષર, પંચવર્ગ-પરિહાર, ગત-પ્રત્યાગત, ક્રિયા-ગુપ્તક ઇત્યાદિ શબ્દ-ચમત્કૃતિથી આ વિભૂષિત છે. બંધોને લગતાં પદ્યો વગેરેની માહિતી મેં I L D (3rd insr, pp. 90-91)માં અને ક્રિયાગુપ્તકને અંગેની Gudha-citra etc, in Sanabrit and prakrit Poetry" નામનો જે લેખ ગુજરાત યુનિવર્સિટીના સામયિક નામે "Vidya" (Vol. II, No. 1)માં છપાયો છે તેના પૃ. ૪૫માં આપી છે.

શાંતિક, વિદ્વેષ, વશ્ય, સ્તંભન, લાભ, મારણ, જ્ઞાન અને ક્ષોભ એ આઠ યંત્રો તેમજ વિશિષ્ટ ધ્યાન ઇત્યાદિ બાબતોનું નિરૂપણ છે શ્લો. ૧૨૨માં **પ્રત્યંગિરા**નો અને શ્લો. ૧૨૪માં **નેમિપ્રભ, લલિતપ્રભ** અને **સાગર**નો ઉલ્લેખ છે. શ્લો. ૧૨૨માં નિર્દેશાયા મુજબ આ **મન્ત્રાધિરાજ-કલ્પ** એ પ્રત્યંગિરા વગેરેને અંગેના નવ કલ્પોનો સહોદર છે.

**સમયનિર્ણય**–આ કલ્પ ક્યારે રચાયો તેનો સ્પષ્ટ નિર્દેશ નથી પણ એમાં **અભયદેવસૂરિ, પદ્મદેવ, નેમિપ્રભ, લલિતપ્રભ, શ્રીપ્રભ, પુણ્યસાગર** અને **યશશ્ચન્દ્ર**નાં નામો છે. એ ઉપરથી એવું અનુમાન કરાય[1] છે કે આ કલ્પના કર્તા 'રાજ' ગચ્છના **નેમિચન્દ્ર**ના શિષ્ય અને **કાવ્યપ્રકાશ** ઉપર 'સંકેત' નામની ટીકા
P. ૨૩૯ રચનાર **માણિક્યચન્દ્ર**ના ગુરુ થાય છે અને એ હિસાબે એમનો સમય વિક્રમની તેરમી સદી છે.

**મન્ત્રરાજરહસ્ય** (વિ. સં. ૧૩૩૨)– આના પ્રણેતા **સિંહતિલકસૂરિ** છે. એઓ **વિબુધચન્દ્રસૂરિ**ના શિષ્ય થાય છે. એઓ **ભુનવદીપક**ની વૃત્તિ વગેરેના કર્તા છે[2]. એમણે આ ૮૦૦ શ્લોક જેવડો મન્ત્રશાસ્ત્રનો ગ્રંથ એની પ્રશસ્તિમાં જણાવ્યા મુજબ વિ. સં. [3]૧૩૩૨માં રચ્યો છે અને એને **લીલાવતી** નામની વૃત્તિ વડે વિભૂષિત કર્યો છે. આ વૃત્તિ અદ્યાપિ મળી આવી નથી.

પ્રસ્તુત [4]કૃતિમાં ૬૨૬ [5]પદ્યો છે. એમાં લબ્ધિનાં નામો, સૂરિમન્ત્રની વાચનાના પ્રકારો, [6]કેશિગણધરમન્ત્ર, ૪૯ સૂરિમન્ત્રનાં ૪૯ પદોનો વિચાર, ૐ, ह्रीँ અને अर्हंની રૂપરેખા વગેરે બાબતો રજૂ કરાઈ છે. અંતિમ પદ્યમાં આહ્‌લાદ દેવતાનો ઉલ્લેખ છે. રચનાવર્ષ તરીકે संयतगुणत्रयोदश અર્થાત્ ૧૩૨૭નો નિર્દેશ છે.

આ **મંત્રરાજરહસ્ય**નાં ૪૪૮માંથી ૪૫૦ પદ્યો અવતરણરૂપ છે. એ પૈકી આદ્ય બે પદ્યો **જ્ઞાનાર્ણવ**માં ૩૮માં સર્ગનાં આદ્ય બે પદ્યો રૂપે જોવાય છે. એ જ એનાં મૂળ હશે. ત્રીજા અવતરણનું મૂળ દર્શાવાયું નથી. **મેરુતુંગસૂરિકૃત સૂરિમન્ત્રેશવિવરણ**માં **મંત્રરાજરહસ્ય**નાં [7]કેટલાંક પદ્યો અને **ભૈ. પ. ક.**નાં [8]થોડાંક પદ્યો નજરે પડે છે તો એનાં મૂળ એ કૃતિઓ હશે.

---

૧. જુઓ **ભૈ. પ. ક.**નો અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૨૨૨).

૨. એમની કૃતિઓ ઇત્યાદિ માટે જુઓ **જૈ. સ. સા. ઇ.** (ખંડ-૧, પૃ. ૨૦૫, ૨૯૧, ૨૯૨ અને ૩૧૮).

૩. કેટલાક ૧૩૨૨નો ઉલ્લેખ કરે છે. પ્રશસ્તિમાં 'ગુણત્રયોદશ' એવો નિર્દેશ છે.

૪. આ કૃતિને 'જૈ. સા. વિ. મં.' તરફથી **સૂરિમન્ત્રકકલ્પસમુચ્ચય** (ભા. ૧) જે ઈ. સ. ૧૯૬૯માં પ્રકાશિત કરાયો છે તેમાં પૃ. ૧-૭૪માં સ્થાન અપાયું છે. આ પ્રકાશનમાં અને પછી **જિનપ્રભસૂરિકૃત** સૂરિમન્ત્રબૃહત્કલ્પવિવરણ અને દેવતાવસરવિધિ, **રાજશેખરસૂરિ**એ રચેલો **સૂરિ**મન્ત્રકલ્પ તેમ જ **મેરુ**તુંગસૂરિકૃત સૂરિમન્ત્રેશવિવરણ (૫૫૮ શ્લોક જેવડું) રજૂ કરાયાં છે. [સિંધી જૈ. ગ્રં. ૭૩માં જિનવિજય સંપાદિત મંત્રરાજરહસ્ય પ્રગટ થયું છે.]
આ પ્રકાશનમાં વિષયાનુક્રમ સંસ્કૃતમાં અપાયો છે. ત્યાર બાદ અજ્ઞાતકર્તૃક અને ''ॐ नमः सकल''થી શરૂ થતું **ગૌતમાષ્ટક** અપાયું છે.

૫. *કોઈ કોઈ પદ્ય પાઈયમાં છે.*

૬. એ ગણધર પાર્શ્વનાથના સંતાનીય છે.

૭. જુઓ પૃ. ૧૬૬ ઇત્યાદિ.

૮. જુઓ પૃ. ૧૬૭ ઇત્યાદિ.

**મન્ત્રરાજરહસ્ય** અને એની આ **લીલાવતી** નામની વૃત્તિ એ બંને વિવિધ ગચ્છોના સૂરિમંત્ર-કલ્પના સંગ્રહરૂપ છે.

સૂરિમંત્રની પાંચ પીઠ ગણાય છે તેમાં પ્રથમ પીઠની અધિષ્ઠાત્રી 'બ્રાહ્મી' છે અને એ પીઠ 'વિદ્યાપીઠ' કહેવાય છે. દ્વિતીય પીઠમાં 'બાહુબલિ-વિદ્યા'નો ઉલ્લેખ છે.

**મન્ત્રરાજરહસ્ય** પ્રમાણે પ્રથમ પીઠમાં ૫૦ લબ્ધિ-પદો છે અને એ દરેકમાં વીસ વીસ વિદ્યાઓ છે. આમ ૧૦૦૦ વિદ્યાઓ છે. 'મંત્રરાજ' પીઠમાં [1]૧૦૦૦ મંત્રોનો ઉલ્લેખ છે.

**લીલાવતી**–આ સ્વોપજ્ઞ વૃત્તિ છે. P. ૨૪૦

[2]**રહસ્યકલ્પદ્રુમ** (લ. વિ. સં. ૧૩૬૫)–આના કર્તા અનેકવિધ સ્તુતિસ્તોત્રો રચનારા 'ખરતર'ગચ્છીય જિનપ્રભસૂરિ છે. એમણે [3]**અનુયોગચતુષ્ટવ્યાખ્યા**માં ''**પડમાભવાસુપુજ્જા**''વાળી ગાથાનું દ્રવ્યાનુયોગ તરીકે નિરૂપણ કરતી વેળા પૃ. ૧૩૦માં નિમ્નલિખિત પંક્તિમાં પ્રસ્તુત ગ્રન્થનો ઉલ્લેખ કર્યો છે :–

''**आम्नायस्त्वयं रहस्यकल्पद्रुमेऽस्माभिः प्रकटितः**'' ॥

બિકાનેરના બૃહદ્ જ્ઞાનભંડારમાં મંત્રસંગ્રહનાં પત્રોમાં ચાર પત્રની એક હાથપોથી છે. તેમાં આ **રહસ્યકલ્પદ્રુમ**નો અમુક અંશ જોવાય છે. આમાંના થોડાક મંત્રો શ્રી **અગરચંદ નાહટા**એ પોતાના [4]લેખ નામે ''જિનપ્રભસૂરિરચિત રહસ્યકલ્પદ્રુમકે ખોજકી આવશ્યક્તા''માં ઉદ્ધૃત કર્યા છે. એમાંનો એક મંત્ર નીચે મુજબ છે :–

''**ॐ नमो अरि अरिण मोहिणी मोहय २ स्वाहा ॥**''

[5]**સરસ્વતી-કલ્પ**– આ. બપ્પભટ્ટિસૂરિએ રચ્યો છે. આનો પ્રારંભ બાર પદ્યોથી કરાયો છે અને તેમાં પ્રથમ પદ્યની શરૂઆત ''कन्दात् कुण्डलिनी''થી કરાઈ છે. ત્યારબાદ મન્ત્રક્રમ, પીઠક્રમ, મૂલ મન્ત્ર, યન્ત્રવિધિ, આમ્નાય, આહ્વાન અને વિસર્જન એમ વિવિધ બાબતોને સ્થાન અપાયું છે. ત્યાર પછી ''वाग्भवं प्रथमं बीजं''થી શરૂ થતી અને 'ઉપશ્રુતિ' મન્ત્ર રજૂ કરતી એક કૃતિ છે. એના લગભગ અંતમાં શિષ્યના વૈભવાર્થે હેમસૂરિગુરુએ રચ્યાનો ઉલ્લેખ છે. આથી આ કૃતિના પ્રણેતા **બપ્પભટ્ટિસૂરિ** હોય નહિ એમ લાગે છે.

**વર્ધમાન-વિદ્યા-કલ્પ** (લ. વિ. સં. ૧૩૪૦)– આના કર્તા **મન્ત્રરાજરહસ્ય** વગેરે રચનારા **સિંહતિલકસૂરિ** છે. એમણે આ કૃતિ અનેક પ્રકરણોમાં વિભક્ત કરી છે. પહેલા ત્રણમાં અનુક્રમે ૮૯, ૭૭ અને ૩૬ પદ્યો છે. કેટલાકને મતે આના ત્રીજા પ્રકરણમાં **વજ્રસ્વામી**એ રચેલા મનાતા **વર્ધમાન-વિદ્યા-** P. ૨૪૧
**કલ્પ**ને સ્થાન અપાયું છે. પ્રસ્તુત કૃતિરૂપ **વર્ધમાન-વિદ્યા-કલ્પ**માં 'સૂરિ-મંત્ર' અને 'કલિકુંડ-પાર્શ્વનાથ-

૧. રાવણે 'અષ્ટાપદ' ઉપાડતાં પહેલાં ૧૦૦૦ વિદ્યાઓનું સ્મરણ કર્યું હતું જુઓ **અષ્ટાપદ-ગિરિ-કલ્પ.**
૨. આ નામથી તો આ ગ્રન્થની નોંધ **જિ. ર. કો.** (વિ.૧)માં નથી.
૩. આ **અનેકાર્થરત્નમંજૂષા**ના એક અંશ તરીકે પૃ. ૧૨૭-૧૩૩માં છપાવાઈ છે. એનું સંપાદન મારે હાથે થયું છે.
૪. આ લેખ ''જૈન''ના તા.૩૦-૫-'૬૪ના અંકમાં છપાવાયો છે.
૫. આ **ભૈ. પ. ક.** માં પૃ. ૬૯-૭૮માં બારમા પરિશિષ્ટ તરીકે છપાવાયો છે.

મંત્ર' એ બે મંત્રોનો તેમજ **મહાનિસીહ**માંની વિદ્યાઓનો ઉલ્લેખ છે. અન્ય પ્રકરણોમાં 'પંચપરમેષ્ઠિ-મંત્ર-કલ્પ' અને 'ઋષિમંડલ-સ્તવ-યન્ત્ર અને કેટલાક અન્ય મંત્રો વિષે નિર્દેશ છે.

**ઉપયોગ**–વર્ધમાન-વિદ્યાનો જાપ આચાર્યો સિવાયના સર્વ સાધુઓને માટેનો છે જ્યારે 'સૂરિ'મંત્રનો જાપ આચાર્યોને માટેનો છે. વર્ધમાન-વિદ્યાનો ઉપયોગ દીક્ષા, પ્રતિષ્ઠા ઇત્યાદિ કાર્યોમાં કરાય છે.

**સમાનનામક બે કૃતિઓ–વર્ધમાન-વિદ્યા-કલ્પ** નામની એક કૃતિ **યશોદેવસૂરિ**એ તેમજ બીજી અન્ય કોઇકે રચી છે. **ચન્દ્રસેને વર્ધમાનવિદ્યાકલ્પ**નો ઉદ્ધાર કર્યો છે. એ **બૃહત્હ્રીંકારકલ્પામ્નાય** નામના પુસ્તકમાં છપાયો છે. જુઓ પૃ. ૨૪૯, ટિ. ૧.

[1]**અદ્ભુત-પદ્માવતી-કલ્પ** (ઉ. **વિક્રમની ૧૪મી સદી**)–આના કર્તા ઉપાધ્યાય **યશોભદ્ર**ના શિષ્ય **ચન્દ્રસૂરિ** છે. એમણે આ કલ્પ છ પ્રકરણોમાં વિભક્ત કર્યો છે પરંતુ પહેલાં બે અનુપલબ્ધ છે.

P. ૨૪૨ **ગુરુ–ચન્દ્રસૂરિ**એ પ્ર. ૪, શ્લો. ૫૦માં [2]ઈન્દ્રનો ઉલ્લેખ કર્યો છે અને પ્ર. ૫, શ્લો. ૧૫ પછી એમને ગુરુ તરીકે તેમજ 'મંત્રવાદિ-વિદ્યા-ચક્રવર્તી-ચૂડામણિ' કહ્યા છે. આથી એમ અનુમનાય કે એમની પાસે **ચન્દ્રસૂરિ**એ મંત્રશાસ્ત્રનો અભ્યાસ કર્યો હશે અથવા તો એમના ગ્રંથમાંથી બોધ મેળવી પ્રસ્તુત કૃતિ રચવાની યોગ્યતા પ્રાપ્ત કરી હશે.

**વિષય**–ત્રીજા પ્રકરણનો વિષય રક્ષણવિધિ અને ભૂતશુદ્ધિ છે. એ ઉપરથી એમ અનુમનાય છે કે પ્રથમ પ્રકરણમાં માંત્રિકનાં લક્ષણો અને બીજામાં દિવ્યાદિવ્યગ્રહલક્ષણ વિચારાયાં હશે. **પદ્માવતી** દેવીના ૨૪ સહચારી દેવો અને ૨૦ દંડેશો વિષેનો જે ઉલ્લેખ પ્ર. ૪માં યંત્રના વર્ણનના પ્રસંગે કરાયો છે તે વિલક્ષણ છે. **ઈન્દ્રનન્દિ**ની કોઇ કૃતિને આધારે આ યોજના કરાઇ હશે. આ યંત્રમાં **પ્રત્યંગિરા, અંબિકા**, જ્વાલામાલિની અને **ચક્રેશ્વરી**નાં નામો છે. આ પ્રકરણમાં **પદ્માવતી**ની પૂજાનું વિસ્તારથી વર્ણન છે.

પ્ર. ૪ શ્લો. ૧૯માં અપાયેલો 'પદ્માવતી-મંત્ર' **ભૈરવ-પદ્માવતીકલ્પ**માં અપાયેલા પાંચ મંત્રોથી ભિન્ન છે.

પ્ર. ૪ શ્લો. ૫૩માં **પદ્મા**વતીના ધ્યાનનું જે સ્વરૂપ આલેખાયું છે તે **ભૈરવ-પદ્માવતી-કલ્પ**થી જુદું પડે છે કેમકે એમાં તો પદ્માવતીના એક હાથમાં દિવ્ય ફળને બદલે કમળ છે.

પાંચમા પ્રકરણમાં યોગ્ય વ્યક્તિના શરીરમાં દેવતાના આહ્વાનની હકીકત છે.

છઠ્ઠા પ્રકરણમાં દુષ્ટ સત્ત્વો તરફથી કરાતી પીડા વગેરેનું નિવારણ કરનાર 'કલિકુંડ'-પાર્શ્વનાથ-યંત્ર તેમજ અન્ય યંત્રો અને મંત્રો અપાયાં છે.

P. ૨૪૩ **સમય**–આ કલ્પના પ્ર. ૫, શ્લો. ૬ ઉપરથી એવું અનુમાન દોરાયું છે કે **પદ્માવત્યષ્ટક** ઉપર વિ. સં. ૧૨૦૩માં વૃત્તિ રચનારા **પાર્શ્વદેવગણિ** પછી આ **ચન્દ્રસૂરિ** થયા છે.

---

૧. આ **શ્રીભૈરવ-પદ્માવતી-કલ્પ**ના પરિશિષ્ટ ૧ તરીકે છપાયેલો છે.

૨. આ ઈન્દ્રનન્દિ તે **શકસંવત્ ૮૬૧માં જ્વાલિની**-કલ્પ રચનારા હોય એમ લાગે છે.

[1]**રક્ત-પદ્માવતી-કલ્પ** (ઉ. વિક્રમની ૧૭મી સદી)—આ અજ્ઞાતકર્તૃક કૃતિમાં મંત્રો, યંત્રો, સ્તુતિ અને પદ્માવતીની પૂજાની વિશિષ્ટ વિધિ એમ વિવિધ બાબતો અસ્તવ્યસ્તપણે આલેખાઈ છે. યંત્રોમાં બીજાથી શરૂઆત છે એટલે એની પહેલાનું યંત્ર નષ્ટ થયું હશે. આ કલ્પની રચના એની ભાષા જોતાં વિક્રમની પંદરમી સદીની પૂર્વેની નહિ હશે.

**મૂર્તિઓ**—અમદાવાદની પાસેના નરોડા ગામમાં **પાર્શ્વનાથ**ના જિનાલયમાં **પદ્માવતી**ની રાતા રંગની ઉભી મૂર્તિ છે. એમાં પાર્શ્વનાથની પ્રતિમાને એ દેવીએ મસ્તકે ધારણ કરી છે. અમદાવાદમાં જમાલપુરમાં ટોકરશાની પોળમાં પાર્શ્વનાથનું મંદિર છે. [હવે આ જિનાલયની બધી પ્રતિમાઓ સેટેલાઇટ એરિયામાં પ્રેરણામૂર્તિ જિનાલયમાં સ્થાનાંતર કરવામાં આવી છે.] એમાં **પદ્માવતી**ની રાતા રંગની અને રેતી-પત્થરની પ્રતિમા છે. **પદ્માવતી**ને પાંચ ફેણ છે અને એના ઉપર એણે **પાર્શ્વનાથ**ની પ્રતિમા ધારણ કરી છે. એ દેવીએ બે ઉપલા હાથમાં અંકુશ અને કમળ રાખ્યાં છે જ્યારે બે હાથ વરદ મુદ્રાએ છે.

ઉપાધ્યાય **વીરવિજયે** અમદાવાદના પોતાન નામે ઓળખાવાતા **વીરવિજય**ના નામના ઉપાશ્રયની પાછળ આવેલા **અજિતનાથ**ના મંદિરમાંની પદ્માવતીની કાંસા જેવી મિશ્ર ધાતુની મૂર્તિની સાધના કરી **સરસ્વતી** દેવી પાસેથી વરદાન મેળવ્યાનું કહેવાય છે.

[2]**ચિન્તામણિ-કલ્પ** (ઉ. વિક્રમની ૧૬મી સદી)—આ **માનતુંગ(સૂરિ)**ના શિષ્ય **ધર્મઘોષસૂરિ**ની ૪૭ પદ્યની કૃતિ છે. એમાં **પાર્શ્વનાથ**ને પ્રણામ કરી કર્તાએ 'ચિન્તામણિમંત્ર'નો કલ્પ સંક્ષેપમાં વર્ણવ્યો છે. એમણે સાધકનાં લક્ષણો, યંત્રોદ્ધારનાં નવ વલયોની સમજણ અને જાપની વિધિ એ બાબતો રજૂ કરી છે. આ **ધર્મઘોષસૂરિ** વિષે વિશેષ પરિચય કરાવનારું-એમના સમય ઉપર પ્રકાશ પાડનારું કોઈ સાધન હજી સુધી તો મળી આવ્યું નથી. કદાચ એઓ **વિક્રમ**ની પંદરમી-સોળમી સદીમાં થયા હશે. P. ૨૪૪

[3]**ચિન્તામણિ–સંપ્રદાય**—આ નાનકડી ગદ્યાત્મક કૃતિમાં 'ચિન્તામણિ-મંત્ર' રજૂ કરાયો છે અને એ અન્યને આપવાની વિધિ દર્શાવાઈ છે.

[4]**ચિન્તામણિ–કલ્પ-સાર**—આ અજ્ઞાતકર્તૃક ૨૪ પદ્યની 'કૃતિના પ્રારંભમાં પાર્શ્વનાથનું કેવા સ્વરૂપનું ધ્યાન ધરવું તે દર્શાવાયું છે. પછી એ ધ્યાનનો ફળો વર્ણવાયાં છે. ત્યાર બાદ 'ચિન્તામણિ'-ચક્રનું પૂજન વગેરે સમજાવાયું છે. ૨૩મા પદ્યમાં વિશેષાર્થીએ **ચિન્તામણિ–કલ્પ**નો બૃહદુદ્ધાર જોવાની ભલામણ કરાઈ છે.

**ઘંટાકર્ણ-કલ્પ**—આ નામની [5]ત્રણ કૃતિઓ છે[6]. પ્રથમ કૃતિમાં ૭૧ પદ્યો છે. એનું આદ્ય પદ્ય નીચે મુજબ છે. P. ૨૪૫

૧. આ **ભૈ. પ. ક.**માં ત્રીજા પરિશિષ્ટ તરીકે પ્રકાશિત થયાં છે.

૨-૪. આ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨, પૃ. ૩૦-૩૭)માં છપાયો છે.

૫. આ ત્રણે કૃતિઓ શ્રી સારાભાઈ મણિલાલ નવાબ તરફથી ત્રીજી આવૃત્તિ તરીકે ઈ. સ. ૧૯૬૦માં નિમ્નલિખિત નામથી પ્રકાશિત પુસ્તકમાં છપાયેલી છે :– "શ્રીઘંટાકર્ણ-માણિભદ્ર-મંત્રતંત્ર-કલ્પાદિસંગ્રહ".
એમાં ત્રણે કૃતિનાં નામ "ઘંટાકર્ણકલ્પ" રખાયાં છે. પ્રથમ કૃતિનો સમગ્રપણે ગુજરાતીમાં અનુવાદ અપાયો છે. પ્રથમ કલ્પ બાદ આઠ પદ્યનું "ઘંટાકર્ણ-મહાવીરમન્ત્રસ્તોત્ર" રજૂ કરાયું છે. આ પુસ્તકના અંતિમ ભાગમાં **માણિભદ્ર**ને અંગેના આઠ મંત્રો સંસ્કૃતમાં આપી છેવટે એને લગતા ભિન્ન-ભિન્ન મુનિએ રચેલા એકંદર ચાર છંદો ગુજરાતીમાં અપાયા છે. આ મુનિઓનાં નામ અનુક્રમે **શિવકીર્તિ, ઉદયકુશલ, રાજરત્ન** અને **શાન્તિસૂરિ** છે. વિશેષમાં ચોવીસ ચિત્રો ઉપર્યુક્ત જ નામના પુસ્તક દ્વારા પૃથક્ પુસ્તિકારૂપે અપાયાં છે.
**જિ. ર. કો** (વિ. ૧, પૃ. ૩૦૦)માં **મણિભદ્રસ્તોત્ર**ની એક હાથપોથી હોવાનો ઉલ્લેખ છે.

૬. **જિ. ર. કો** (વિ. ૧, પૃ. ૧૧૩)માં **ઘંટાકર્ણકલ્પ**ની પાંચેક હાથપોથીઓની નોંધ ઉપરાંત વિશેષ માહિતી અપાઈ નથી.

**"ॐ ह्रीं श्रीं क्लीं महावीर ! घण्टाकर्ण ! महाबल ! ।**
**आधिं व्याधिं विपत्तिं च महाभीतिं विनाशय ॥ १ ॥"**

૬૭મા પદ્યમાં કહ્યું છે કે ગુરુના બોધથી–ઉપદેશથી **હરિભદ્રસૂરિ**ના શિષ્યે જૈન ધર્મની અભિવૃદ્ધિ માટે 'ઘંટાકર્ણ મહાવીરની ઉપાસના કરી. ત્યાર પછીના પદ્યમાં એવો ઉલ્લેખ છે કે ત્યાર બાદ સમ્યક્ત્વના
P. ૨૪૬ ધારક જનને વિષે તેની પ્રવૃત્તિ થઇ અને **સકલચન્દ્રગણિ**એ **પ્રતિષ્ઠાકલ્પ**માં તેનું કથન કર્યું. ૬૯મા પદ્યમાં કહ્યું છે કે ત્યાર પછી **વિમલચન્દ્રે** આ કલ્પની પ્રખ્યાતિ કરી.

આ ઉપરથી આ "ઘંટાકર્ણ-મહાવીર-કલ્પ" **વિમલચન્દ્ર**ના સમય જેટલો તો પ્રાચીન હોવાનું ફલિત થાય છે.

દ્વિતીય કૃતિના પ્રારંભમાં **પાર્વતી**ના પતિને પ્રણામ કરી **ઘંટાકર્ણકલ્પ** કહેવાનું સૂચન કરાયું છે. અંતમાં સંસ્કૃતમાં ચાર પદ્યો છે. બાકીનો ભાગ મોટે ભાગે ગુજરાતીમાં છે.

ત્રીજી કૃતિની શરૂઆત એક મંત્રથી કરાઇ છે. આગળ ઉપર એમાં બે પદ્યો સંસ્કૃતમાં છે. બાકીનું ઘણું ખરું લખાણ ગુજરાતીમાં છે.

**આચારદિનકર** (ઉદય ૩૩, ભા. ૨, પત્ર ૨૦૮-અ ૨૦૮-આ)માં જે બાવન [1]નામો છે તે બાવન વીરોનાં હોવાનું મનાયે છે. એમાં તો [2]ઘંટાકર્ણ મહાવીરનો ઉલ્લેખ નથી. આ દેવ સમ્યક્ત્વી છે કે મિથ્યાત્વી એ બાબત તેમજ એની ઉપાસના જૈનોથી થાય કે કેમ એ વિષે જૈનોમાં મતભેદ પ્રવર્તે છે[3].

P. ૨૪૭ **હવન**–'ઉપાધ્યાય પંડિત' **અશોકકુમાર** યતિએ રચેલા "લક્ષ્મી અને સુખપ્રાપ્તિનાં સાધનો" નામના [4]પુસ્તકમાં ઘંટાકર્ણના હવનની વિધિ આપી સંસ્કૃતમાં એને અંગે ૧૦૮ આહૂતિઓ અપાઇ છે.

**યાક્ષિણી-કલ્પ**–આની એક હાથપોથીની નોંધ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪૬૬)માં છે. આ ઉપરાંત આ કલ્પ વિષે એમાં કશું લખાણ નથી.

**મણિકાકલ્પ**–**જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૦૦)માં આની એક હાથપોથી હોવાનો ઉલ્લેખ છે. વિશેષ કશી માહિતી અપાઇ નથી.

**સૂરિમન્ત્ર**–આ અજ્ઞાતકર્તૃક રચનાની એક હાથપોથી અહીંના (સુરતના) ભંડારમાં છે.

**પ્રદેશવિવરણ**–આ ઉપર્યુક્ત કૃતિ ઉપરનું **જિનપ્રભસૂરિ**નું વિવરણ છે.

---

૧. આ નામો મેં "બાવન વીર અને આઠ ભૈરવ" નામના લેખમાં આપ્યાં છે. આ લેખ "જૈ. ધ. પ્ર." (પુ. ૮૫, અંક ૧-૨)માં છપાયો છે.

૨. **અગ્નિપુરાણ** (અ. ૫૧)માં **મહાદેવ**ના એક ગણનું નામ 'ઘંટાકર્ણ છે. અને ત્યાં એનું વિસ્તૃત સ્વરૂપ છે એમ જાણવા મળે છે.

૩. આ સંબંધમાં જુઓ "શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવ". આ કૃતિ **બુદ્ધિસાગરસૂરિજી**એ રચી છે. એની દ્વિતીય આવૃત્તિ "અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ" તરફથી ઇ. સ. ૧૯૬૬માં છપાવાઇ છે. આ પુસ્તકમાં મહુડી (મધુપૂરી)ના મંદિરમાંના 'ઘંટાકર્ણ મહાવીર'ની પ્રતિકૃતિ અપાઇ છે અને એની ઉપાસનાની તરફેણમાં લખાણ છે.

૪. આ પુસ્તક "શ્રી પદ્માવતી જૈન પુસ્તકાલય" તરફથી બાડમેર (રાજસ્થાન)થી ઇ. સ. ૧૯૬૭માં પ્રકાશિત કરાયું છે. પૂંઠા ઉપર ઘંટાકર્ણ મહાવીરની પ્રતિકૃતિ અપાઇ છે.

[1]**સૂરિ-મન્ત્ર-કલ્પ-સારોદ્ધાર, સૂરિમન્ત્રવિશેષામ્નાય**–કિંવા **સૂરિમુખ્ય-મન્ત્ર-કલ્પ** (ઉ. વિ. સં. ૧૪૯૬)–'અંચલ' ગચ્છના **મેરુતુંગસૂરિ**ની ૫૫૮ શ્લોક જેવડી આ કૃતિ છે. એની વિ. સં. ૧૪૯૬માં લખાયેલી હાથપોથી મળે છે.

[2]**સૂરિમન્ત્રકલ્પ**–આ અજ્ઞાતકર્તૃક છે. P. ૨૪૮

**દુર્ગપ્રદેશવિવરણ**–આ કોઈકે ઉપર્યુક્ત કલ્પ ઉપર રચેલું વિવરણ છે.

[3]**સૂરિમન્ત્રકલ્પસન્દોહ** ( )–આ કૃતિમાં સૂરિમંત્રના વિવિધ કલ્પો તેમજ આમ્નાયો અપાયા છે.

**અનુવાદ**–પ્રસ્તુત પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ થયેલો છે અને એ પ્રકાશિત છે[4].

**સમાલોચના**–આ અનુવાદ સહિતના પુસ્તકની મુનિ (હાલ સૂરિ) ધુરંધરવિજયજીએ "શ્રીસૂરિમન્ત્રકલ્પસંદોહ [એક ટૂંકી સમાલોચના]" નામના એક [5]લેખ દ્વારા સમાલોચના કરી છે. એમાં એમણે અનુવાદમાં ક્ષતિઓ હોવાનું કહ્યું છે. દા. ત. "**भविष्या वर्तमाना ये**"થી શરૂ થતું જે પદ્ય **દુર્ગપદવિવરણ**માં આત્મગુહ્યના પ્રારંભમાં છે તેનો અનુવાદ બારબર નથી. "**सर्वसावद्यसेव्यस्मि**"થી શરૂ થતા પદ્ય માટે પણ એમ જ છે.

"**सर्वत्र स्तुत्यादौ प्रणवा:**"થી શરૂ થતું પદ્ય **સૂરિમુખ્યમંત્રકલ્પ**નું નવમું પદ્ય છે એમ જણાવી P. ૨૪૯ અનુવાદમાં થયેલી ભૂલનો અત્ર નિર્દેશ કરાયો છે.

**હ્રીંકારકલ્પ**–આ અજ્ઞાતકર્તૃક રચનાની નોંધ **જ. ર. કો.**(વિ. ૧, પૃ. ૪૬૩)માં છે.

[6]**બૃહત્-હ્રીંકાર-કલ્પામ્નાય**–આમાં સંસ્કૃતમાં પદ્યો છે અને વચ્ચે વચ્ચે ગુજરાતીમાં લખાણ છે. આના કર્તા જિનપ્રભસૂરિ હોવાનું પ્રસ્તાવનામાં કહ્યું છે.

[7]**હ્રીંકારવર્ણનસ્તવન**–આ સ્તવન રત્નમંડનસૂરિ (?ગણિ)ના શિષ્ય **આગમમંડનગણિ**એ સંસ્કૃતમાં ૧૯ પદ્યોમાં રચ્યું છે. એનો પ્રારંભ નીચે મુજબ કરાયો છે :–

"**पद्मोद्बोधविधात्म( य )कात्मधवलध्यानोदय: सर्वत:** ।"

[**'સરસ્વતી સિન્ધુ'** અને **'સરસ્વતીપ્રસાદ'** સંપા. મુનિ કુલચન્દ્ર વિ. મ. પ્રકા. "સુવિધિનાથ ઉપાશ્રય જૈન સંઘ. મુંબઈ સં. ૨૦૫૫ સરસ્વતી દેવીના ૯૩ સ્તોત્રો છે. મુનિ ધુરંધર વિ. મ.ની વિધ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના છે."]

[**સૂરિમન્ત્રકલ્પસમુચ્ચય**– ભા.૧-૨, સંપા. જંબૂવિજય મ.સા., પ્રકા. જૈનસાહિત્ય વિ.મંડળ પુનઃપ્રકાશન-ગોડીપાર્શ્વનાથ ટૅમ્પલ ટ્રસ્ટ. પુના. સં.૨૦૫૩. પ્રેરક-જયશેખરસૂરિ]

---

૧. દેવસૂરિકૃત **સૂરિમન્ત્રકલ્પ** તે આ જ સંભવે છે એમ **જિં. ર. કો.** (વિ. ૧, પૃ. ૪૫૧)માં ઉલ્લેખ છે.

૨. **સૂરિમન્ત્રપટાલેખનવિધિ**નું સંપાદન **વિજયમોહનસૂરિજી**ના શિષ્ય **વિજયપ્રીતિચન્દ્રસૂરિજી**એ કર્યું છે અને એ શ્રી ડાહ્યાભાઈ મોહોકમલાલ તરફથી અમદાવાદથી પ્રકાશિત કરાયું છે પણ એમાં પ્રકાશનવર્ષ નથી. આ પ્રકાશનમાં બે **સૂરિ-મન્ત્ર-સ્તોત્ર** છપાયાં છે.

૩. આ કૃતિ ગુજરાતી અનુવાદ સહિત શ્રી **કુંવરજી હીરજી** છેડા તરફથી નલીઆ (કચ્છ)થી ઈ. સ. ૧૯૪૮માં પ્રસિદ્ધ કરાઈ. એનું સંપાદન શ્રી **અંબાલાલ પ્રેમચંદ** શાહે કર્યું છે.

૪. જુઓ ઉપરનું ટિપ્પણ. ૫. આ લેખ "જૈ. સ. પ્ર." (વ. ૧૪, અં. ૩-૪)માં એક જ કટકે છપાયો છે.

૬. આનું સંપાદન ઉપર્યુક્ત શ્રીવિજય**પ્રીતિચન્દ્રસૂરિ**એ કર્યું છે. એ વાચક **ચન્દ્રસેને** ઉદ્ધૃત કરેલા **વર્ધમાનવિદ્યાકલ્પ** સહિત "સૂરિમન્ત્રયન્ત્ર-સાહિત્યાદિ ગ્રન્થાવલિ"ના પુષ્પ ૮ તરીકે શ્રી ડાહ્યાભાઈ મોહોકમલાલે છપાવ્યું છે. એમાં પ્રકાશનવર્ષ નથી. આની પ્રસ્તાવના (પત્ર-૩અ)માં **જિનપ્રભસૂરિ**એ મંત્રવિદ્યાદિ સંબંધી જે કૃતિઓ રચી છે તે પૈકી ઉપલબ્ધ કૃતિઓની નોંધ છે. ૭. આ **જૈનસ્તોત્રસંચય** (વિ. ૩, પૃ. ૬૯-૭૨)માં છપાવાયું છે.

૧૬ના યંત્રમાં વાયવ્યકોણથી અગ્નિકોણની શ્રેણિમાં ૧૫ થાય છે. ૧૭ના યંત્રમાં સાત બે વાર છે ઉપર્યુક્ત ૨૦ના યંત્રમાં ૧૦ ઇત્યાદિ અંકોનો શકુનનિમિત્તવાળા સૂર્યાદિ નવ ગ્રહો સાથે સંબંધ દર્શાવાયો છે.

૨૧મા પદ્યમાં કર્તાએ પોતાનું 'મેઘવિજય' નામ આપ્યું છે. ૨૨-૨૩મા અને ૨૪મા પદ્યમાં અનુક્રમે વિંશતિયંત્રગત અંકો વડે કૃષ્ણ અને પાર્શ્વનાથની ભાવના અનુક્રમે વિચારાઇ છે.

૨૬મા પદ્ય પછીના પ્રથમ પદ્યમાં નીચે મુજબના યંત્રના અંક દર્શાવી એ યંત્રને 'સિદ્ધવિંશતિયંત્ર' કહ્યો છે.

P. ૨૫૨

| | ★ | પૂર્વ | ૧ | |
|---|---|---|---|---|
| ઈશાન | ૪ | ૭ | ૨ | અગ્નિ |
| ઉત્તર | ૪ | ૨ | ૬ | દક્ષિણ |
| વાયવ્ય | ૮ | ૩ | ૬ | નૈઋત્ય |
| | | પશ્ચિમ | | |

આ યંત્રગત અમુક અંકોનો અમુક રીતે વિચાર કરતાં વીસની સંખ્યા આવે છે. જેમકે ૭×૨+૪+૨=૨૦, ૬×૨+૨+૬=૨૦, ૩×૨+૬+૮=૨૦, ૪×૨+૮+૪=૨૦, ૭×૨+૩×૨=૨૦, ૪×૨+૬×૨=૨૦, ૬×૨+૪×૨=૨૦, ૮×૨+૨×૨=૨૦, ૭+૬+૩+૪=૨૦, ૪+૨+૬+૮=૨૦, ૪+૭+૩+૬=૨૦, ૭+૨+૮+૩=૨૦, ૨+૬+૮+૪=૨૦, ૬+૬+૪+૪=૨૦, ૮×૨+૨×૨=૨૦, ૬×૨+૮=૨૦, ૮+૪+૨+૬=૨૦, ૮+૩+૨+૭=૨૦, ૬×૨+૪+૪=૨૦, ૭×૨+૬=૨૦. આ વીસ ગણત્રીને 'વીસ ગતિ' કહે છે. આ પૈકી ૧૬મી ગણત્રીને તોરણ-ગતિ, ૧૭મીને પતાકા-ગતિ અને ૧૮મીને પિપીલિકા-શંકુ-ગતિ કહે છે. ૨૦ ગતિથી ૨૦ આકાર ઉદ્‌ભવે છે.

વળી ઉપર્યુક્ત સિદ્ધવિંશતિયંત્રથી ૧૦, ૩૦, ૪૦, ૫૦ અને ૬૦ની ગણત્રી પણ થાય છે. જેમકે ૭+૩=૧૦, ૬+૪=૧૦, ૮+૨=૧૦, ૪×૭+૨=૩૦, ૮×૩+૬=૩૦, ૮×૪+૪×૨=૪૦, ૮×૫+૪×૪+૨=૫૦, ૬×૬+૩×૮=૬૦.

*૧૪મા પદ્યમાં નીચે મુજબની જે બે ગતિ થાય તેની વિવક્ષા કરી નથી એમ કહ્યું છે :–*

૬×૩+૨=૨૦, ૭×૨+૬=૨૦, P. ૨૫૩

૧૫મા પદ્યમાં સોમ વગેરે ચાર લોકપાલનો ઉલ્લેખ છે.

પૃ. ૨૩ગત [1]પહેલા પદ્યમાં પંદરના ઉપર્યુક્ત યંત્રને "અર્જુનની વિજયા ( ? વિજય)" કહેલ છે. એની ગતિમાં ક્રમિક પાંચનું ઉલ્લંઘન કરી છ સ્થાપવાથી 'વિંશતિયન્ત્ર' થાય છે એમ કહ્યું છે. આ વિંશતિયન્ત્રમાં એક વિદિશી શ્રેણિમાંના અંકો ગણતાં સરવાળો ૨૧ થાય છે. વાસ્તે ૬ને બદલે ૫નો અંક સમજવો એમ સૂચવાયું છે. આગળ જતાં કહ્યું છે કે પવનના વિંશતિયન્ત્રમાં ૧૨ના અંકને ૨ તરીકે અને ૧૬નાને ૬ તરીકે ગણાવેલ છે. ત્યારબાદ લુપ્તના ઉપયોગ અને અનુપયોગ સંબંધી તેમ જ નિકટના અંકોના સાદૃશ્ય સંબંધી ગદ્યમાં સંસ્કૃતમાં પૂર્વ પક્ષ અને ઉત્તર પક્ષ રૂપે મહત્ત્વનું નિરૂપણ છે.

'કમલાકૃતિ' [2]વિંશતિયન્ત્રમાં ત્રિસ્થાનિકાદિગ્ગતિ અને વિદિગ્ગતિ, પરિધિસવ્ય ગતિ અને
P. ૨૫૪ પરિદિસવ્યેર ગતિ એમ [3]ચાર રીતે સરવાળો ૨૦નો આવે છે. આમ કહી આઠ ખાનામાં ઇષ્ટ રાશિનો યંત્ર બનાવવા માટે ત્રણ રીત દર્શાવાઇ છે. પછી 'अर्हम्'થી તેમ જ अम् થી પણ ૨૦ થાય છે એ બાબત વિચારાઇ છે.[4]

વિંશતિયન્ત્રમાં ૧૦, ૨ એમ અંકો સ્થાપવામાં ૨૪ તીર્થંકરની ગણત્રી દર્શાવાઇ છે. જેમકે જઘન્યથી ૧૦ તીર્થંકરો હોય છે. ઇત્યાદિ. એમાં ૩ના અંકની સ્થાપનાનું કારણ જણાવાયું નથી. 'અષ્ટાપદ' પર્વત ઉપર ૪, ૧૦, ૨ અને ૮ તીર્થંકરોની પ્રતિમાઓ છે, એ આ અંકોથી જણાવાયું છે. ત્યાર બાદ 'ક્ષત્રિય' ગતિ અને 'બ્રાહ્મણ' ગતિનો નિર્દેશ છે. મહાદેવને અંગે તેમ જ મહાવીરસ્વામીને લક્ષીને ૧૦, ૨ ઇત્યાદિ અંગોની સંગતિ દર્શાવાઇ છે. વળી આ હકીકત દસ ભવનપતિ ઇત્યાદિને ઉદ્દેશીને પણ વિચારાઇ છે. ત્યાર પછી પૃ. ૫૨માં નીચે મુજબનું પદ્ય રજૂ કરી એનું વિવરણ મોટે ભાગે પદ્યમાં અને થોડુંક ગદ્યમાં કરાયું છે :–

"भू. १ विश्व३क्षण६चन्द्र१चन्द्रपृथ्वी१युगमैक१७सङ्ख्याक्रमात्
चन्द्रा१म्भोनिधि३बाण५षण्६नव९वसून्८दिक्१० खे च राश्यादिषु
ऐश्वर्यात् रिपुमारीविश्वभयहृत्क्षोभान्तरायात् विषात् लक्ष्मीरक्षणभारती गुरुमुखात् मन्त्रानिमान् देवते ! ॥ "

૧. શરૂઆતથી ગણતા ૪૩મા પદ્યમાં.

૨. આ યન્ત્ર નીચે મુજબ છે :–

| | | |
|---|---|---|
| ૨ | ૪ | ૧ |
| ૩ | ૧૦ | ૯ |
| ૯ | ૬ | ૮ |

૩. (૧) ૩+૧૦+૭=૨૦ (અધોગતિ), ૬+૧૦+૪=૨૦ (ઊર્ધ્વગતિ)-દિગ્ગતિ

(૨) ૯+૧૦+૧=૨૦ ૨+૧૦+૮=૨૦-વિદિગ્ગતિ

(૩) ૪+૧+૭+૮=૨૦ – પરિધિસવ્યગતિ=જમણી પરિધિગતિ

(૪) ૨+૩+૯+૬=૨૦ – પરિધિસવ્યેતરગતિ= ડાબી પરિધિગતિ

૪. 'અ'થી ૮, રેફથી ૨ અને 'હ'થી ૧૦ એમ ૮+૨+૧૦=૨૦ થાય, અ=૨ અને મ્=૦ એટલે ૨૦.

**અનુવાદ**– પ્રસ્તુત પદ્યનો અનુવાદ હું નીચે મુજબ કરું છું :–

૧, ૩, ૬, ૧, ૧ અને ૧૨ એ સંખ્યાના અનુક્રમથી ૧, ૪, ૫, ૬, ૯, ૮ અને ૧૦ અને ઊર્ધ્વ આકાશમાં એટલે ૧૦ની ઉપર રાશિ અર્થાત્ ૧૨ વગેરે અંકો સ્થાપવાથી જે યંત્ર બને છે તેના ઐશ્વર્યથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, શત્રુ મરકી અને સર્વે ભયોથી તેમ જ હૃદયના ક્ષોભ, અન્તરાય અને વિષથી રક્ષણ થાય છે. વળી ગુરુ (બૃહસ્પતિ)ના મુખની ભારતી (વાણી) થાય છે તેથી હે (પદ્માવતી) દેવી ! આ મંત્રોને ગુરુમુખથી (નિશ્ચય કરીને ધ્યાન કરે).

આ **પદ્માવતીસ્તોત્ર**માનું પદ્ય છે. પૃ. ૭૨માં કહ્યું છે કે ભગવતી **પદ્માવતી** દેવીએ સ્વપ્નમાં કહેલા યંત્રના સંવાદાર્થે વાચક **મેઘવિજયે** આ યંત્રનું વિવરણ કર્યું. P. ૨૫૫

'ભૂવિશ્વ'થી શરૂ થતા પદ્ય ઉપરથી નીચે મુજબનું યંત્ર તૈયાર કરી એ યંત્રના કોઠાઓમાંના અંકોને છૂટા પાડ્યા વિના અથવા છૂટા પાડીને તેમ જ એકાદિ અંક ન્યૂન કરીને કે અધિક કરીને ૨૦ની સંખ્યા ઉત્પન્ન કરાઇ છે :–

[૧]૧ + ૧૦ + [૧]૯ = ૨૦, ૧ + ૭ + ૧ + ૧૧ = ૨૦, ૧૭ + ૧ + ૧ + ૧ = ૨૦, ૧૧ + ૯ (૧૦-૧) = ૨૦, ૧ + ૪ + ૧૫ = ૨૦, ૧ + ૭ + ૧ + ૪ + ૧ + ૬ = ૨૦, ૧૭ + ૩ = ૨૦, ૧૪ + ૧ + ૫ = ૨૦, ૧+૭+૧૨=૨૦, ૧+૩+૧૬=૨૦, ૧૩+૧+૬=૨૦, ૧૭ + ૩ (૪-૧), = ૨૦; ૧૯ એટલે ૯-૧ = ૮ + ૧ + ૧૧ = ૨૦; ૧૭ એટલે ૭-૧ = ૬ + ૧ + ૧૩ = ૨૦, ૧૧ + એક ન્યૂન ૬ + ૧ + ૩ = ૨૦.

| | ★ | પૂર્વ | ૧ | |
|---|---|---|---|---|
| ઇશાન | ૧૭ | ૧૨ | ૧૧ | અગ્નિ |
| ઉત્તર | ૧૪ | ૧૦ | ૧૬ | દક્ષિણ |
| વાયવ્ય | ૧૯<br>૧૫ | ૧૮ | ૧૩ | નૈઋત્ય |
| | | પશ્ચિમ | | |

પાઠાંતર– 'ભૂવિશ્વ'થી શરૂ થતા પદ્ય અંગે ''ત્રાણરૂપવસુદિક્દિક્ખે च राश्यादिषु'' પાઠાંતર મળે છે તે રીતે પણ આ પદ્ય વિચારાયું છે. P. ૨૫૬

પૃ. ૫૩માં 'પવનયંત્ર' નીચે પ્રમાણે અપાયું છે :–

| | | |
|---|---|---|
| ૧૧ | ૧૬ | ૩ |
| ૧૨ | ૧૦ | ૮ |
| ૭ | ૪ | ૯ |

★. આ યંત્રગત અંકો દ્વારા વીસની સંખ્યા આ રીતે ઉત્પન્ન કરાઇ છે.

અહીં ૧૬ અને ૧૨ એ બેને જરૂર પ્રમાણે ૬ અને ૨ પણ સમજાવના છે.

પૃ. ૫૭માં ઉર્દૂમાં અંક અપાયા છે.

પૃ. ૬૫માં નીચે મુજબનાં યંત્ર દ્વારા વીસ વિહરમાણ જિનેશ્વરોનો વિચાર કરાયો છે :–

| | | |
|---|---|---|
| ૮ | ૯ | ૩ |
| ૨ | ૭ | ૧૧ |
| ૧૦ | ૪ | ૫ ૬ |

આ પૂર્વે વિંશતિયન્ત્રનો નવ ગ્રહો તેમ જ ધરણ ઇન્દ્ર અને પદ્માવતી સાથે સંબંધ દર્શાવાયો છે.

P. ૨૫૭ પૃ. ૮૨માં પદ્માવતી-યન્ત્ર બનાવવાની રીત દર્શાવાઇ છે. આ યન્ત્ર નીચે મુજબ છે :–

| | | |
|---|---|---|
| ૧૩ | ૧૮ | ૧૬ |
| ૧૬ | ૧૦ | ૧૪ |
| ૧૧ | ૧૨ | ૧૭ |

આ યંત્ર 'ભૂવિશ્વ'થી શરૂ થતા પદ્ય ઉપરથી યોજાયું છે જેમકે ભૂ-વિશ્વ એટલે ૧૩, ક્ષણ-ચન્દ્ર એટલે ૧૬ અને ચન્દ્ર-પૃથિવી એટલે ૧૧.

આ યંત્રના અંકો અમુક રીતે ગણાતાં વીસની સંખ્યા વીસ રીતે ઉદ્ભવે છે એ બાબત નિર્દેશાઇ છે. દા.ત. ૩+૮+૯=૨૦

પૃ. ૮૯ગત ૩૭મા પદ્યમાં કહ્યું છે કે પદ્માવતી-યન્ત્રમાં ચન્દ્રની અને [1]ચક્રેશ્વરી-યન્ત્રમાં સૂર્યની પ્રધાનતા છે. પૃ. ૯૮માંના ૪૭મા પદ્યના સંસ્કૃત વિવરણમાં [2]સિંહાસન-યન્ત્રનો ઉલ્લેખ છે.

પ્રસ્તુત કૃતિમાં નિમ્નલિખિત ગ્રન્થોનો ઉલ્લેખ છે :–

**ત્રિપુરાસ્તવ** (પૃ. ૨૫), **સિદ્ધાન્તકૌમુદી** (પૃ. ૨૬), **ગંગાપ્રવાહ** (પૃ. ૨૭, ૪૦, ૬૩), **ચૂડામણિશાસ્ત્ર** (પૃ. ૨૭), **પ્રશ્નેશ્વર** (પૃ. ૪૧, ૪૨), **સમરસાર** (પૃ. ૪૧), **નષ્ટચક્ર** (પૃ. ૪૧, ૪૨), **જ્ઞાનમંજરી** (પૃ. ૪૧) અને **સૌન્દર્યલહરી** (પૃ. ૫૭).

P. ૨૫૮ કેટલાંક અવતરણો એના મૂળના નિર્દેશ વિના અપાય છે. જેમકે लहू संखिज्जं दुच्चिय(પૃ. ૨૫) तियचउक्कचच्चरचउम्मुह (પૃ. ૨૫) [3]त्र्यीव नीतङ्गगुणेन विस्तरं (પૃ. ૨૫) सम्यग्ज्ञानक्रियाभ्यां मोक्षः (પૃ. ૨૫) पानीयमप्यमृत० (પૃ. ૨૬), भुवनानि निबध्नीयात्, છે. (પૃ. ૨૬) ઇત્યાદિ.

---

૧-૨. આ બે યંત્રો પૈકી એકે સંબંધી વિશેષ માહિતી ક્યાં અપાઇ છે તે જાણવું બાકી રહે છે.

૩. આ **શ્રીહર્ષ**નું વચન છે એમ અહીં કહ્યું છે.

આ પૈકી પહેલાં બે અતરણો **પજ્જોસવણાકપ્પ**માંનાં છે. ઉપાન્ત્ય અવતરણ **કલ્યાણમન્દિરસ્તોત્ર**ના ૧૭ પદ્યનો ઉત્તરાર્ધ છે.

કેટલાંક ગ્રંથકારાદિનાં નામ આ કૃતિમાં જોવાય છે. દા. ત. **શ્રીહર્ષ** (પૃ. ૨૫), **કેશવ** (પૃ. ૨૬), **બાહુબલિ** (પૃ. ૭૪) અને **અમર** (પૃ. ૯૯).

પૃ. ૬૬-૬૮માં જે જાતનાં વિંશતિયન્ત્ર આગ્રા વગેરે સ્થળોમાં છે તે પ્રકાશક મહાશયે આપ્યાં છે. નમૂનારૂપે હું આગ્રાની જુમ્મા મસીદમાં પ્રવેશ કરતાં જમણી કબર ઉપરનું યંત્ર સાભાર રજૂ કરું છું:–




૯ + ૧૦ + ૧ = ૨૦, ૩ + ૧૦ + ૭ = ૨૦, ૮ + ૬ + ૨ + ૪ = ૨૦, P. ૨૫૯
૬ + ૧૦ + ૪ = ૨૦, ૮ + ૧૦ + ૨ = ૨૦, ૯ + ૮ + ૩ = ૨૦.

પ્રસ્તુત કૃતિનાં અંતમાં કહ્યું છે કે **ભૂવિશ્વેસ્યાદિ** કાવ્યનું 'ઉપાધ્યાય' પદ વડે પ્રસિદ્ધ **મેઘવિજયે** આ વ્યાખ્યાન કર્યું. આ ઉપરથી આ કૃતિને કેટલાક 'ભૂવિશ્વ'થી શરૂ થતા કાવ્યના વિવરણ તરીકે ઓળખાવે છે. દા.ત. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૪૯)માં તેમ કરાયું છે.

**યન્ત્રો**– પ્રસ્તુત કૃતિમાં પ્રસંગોપાત્ત વિવિધ યન્ત્રોનો ઉલ્લેખ કરાયો છે. એ યન્ત્રોનાં નામો 'યન્ત્ર' શબ્દ બાજુએ રાખતાં નીચે મુજબ છે :–

અર્જુનપતાકા કિંવા વિજય, સિદ્ધવિંશતિ, 'કમલાકૃતિ' વિંશતિં, યવન, પદ્માવતી, ચક્રેશ્વરી અને સિંહાસન.

**દેવો વગેરે**– આ કૃતિમાં નિમ્નલિખિત દેવો વગેરેનો નિર્દેશ છે :–

**કૃષ્ણ**, **પાર્શ્વ**નાથ, ચાર લોકપાલો, ચોવીસ તીર્થંકરો, **મહા**દેવ, મહાવીરસ્વામી, દસ ભવનપતિ, વિહરમાણ જિનેશ્વરો, નવ ગ્રહો, ધરણ ઇન્દ્ર અને પદ્માવતી.

**ટિપ્પનિકા**– પૃ. ૮૩, ૮૫ ઇત્યાદિગત ટિપ્પણો જોતાં જણાય છે કે આ કૃતિ ઉપર કર્તાએ કે અન્ય કોઇએ ટિપ્પનિકા રચી છે.

**ભાષાંતર**– પ્રસ્તુત કૃતિનુ ગુજરાતીમાં ભાષાંતર થયેલું છે અને એ છપાવાયું છે.[1]

૧. ''મહાવીરગ્રંથમાલા'' અને સારાભાઈ નવાબે છાપી છે.

P. ૨૬૦ [1]યન્ત્ર-મન્ત્ર-કલ્પ-સંગ્રહ– આ પુસ્તકમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં યન્ત્રો, મન્ત્રો અને કલ્પો વિષેની માહિતી શ્રી. ચંદનમલ નાગોરીએ સંકલિત કરી છે. એ મુખ્યતયા હિન્દીમાં છે. એમાં [2]દસ જાતનાં વિંશતિ-યન્ત્રોને સ્થાન અપાયું છે. સાથે સાથે ૧૫, ૧૭, ૨૧, ૨૪, ૨૯, ૩૦, ૩૨, ૩૪, ૩૬, ૪૦, ૬૦, ૬૫, ૬૮, ૭૨, ૮૦, ૮૫, ૯૧, ૯૯, ૧૦૫, ૧૦૮, ૧૩૬, ૧૭૦, ૨૦૦, ૫૦૦, ૭૨૪ અને ૧૦૦૦૦૦ (એક લાખ)ને અંગે તેમ જ ચોસઠ યોગિનીઓને લક્ષીને યંત્રો અપાયાં છે. આ ઉપરાંત અમરસુન્દરે ગુજરાતીમાં રચેલો [3]**યન્ત્રમહિમાવર્ણનછંદ** અપાયો છે. ત્યાર બાદ કેટલાંક યંત્રો અને કલ્પો રજૂ કરાયાં છે.

[**મહાપ્રભાવશાળી યન્ત્રોનો સંગ્રહ–** પ્ર. ''પારસગંગા જ્ઞાનમંદિર'' અમદાવાદ. સંકલન : જેઠાલાલ ભારમલ.

**અંકયંત્રસાર**– (કિસ્મતનો કિમિયો) પ્ર. ''મેઘરાજ પુસ્તક ભંડાર'' મુંબઈ સં. ૨૦૨૭. સંપા. નરોત્તમદાસ.

''**जैन धर्म और तान्त्रिक साधना**'' ડૉ. સાગરમલજૈન પ્ર. પાર્શ્વનાથ શોધપીઠ.

**મલયસુંદરીચરિત્ર–** શાંતિસૂરિ- જર્મન અનુવાદ

**ચિત્રસેન પદ્માવતી ચરિત્ર–** રાજવલ્લભ રચના ૧૫૨૪-હી. હં. ૧૯૨૪

**ચિત્રસેન પદ્માવતી–** બુદ્ધિવિજય-૧૬૬૦ જૈનવિદ્યાભવન લાહોર ૧૯૪૨ અંગ્રેજી-મુળરાજ જૈન.

**માનતુંગ માનવતી ચરિત–** ૧૭૬૦ મોહનવિજય મે. એ. એમ. એન્ડ કં પાલીતાણા.

**ચંપકમાળા કથા–** ભાવવિજય-૧૭૦૮ જૈ. આ. પ. ૧૯૭૦

**ભવિષ્યદત્ત ચરિત્ર–** ઉ. મેઘવિજય- હિમ્મત ગ્રંથમાળા-૧ ગુજરાતી– પં. મફતલાલ-અમદાવાદ.

**પોષદશમીકથા–** જિતેન્દ્રસાગર (પ. વિ. જૈ. ગ્રં. પર્વકથાસંગ્રહમાં)

**હોલિકાવ્યાખ્યાન–** રાજેન્દ્રસૂરિ (ત્રિસ્તુતિક) રાજેન્દ્ર પ્ર. કા. ખુડાલા અક્ષયતૃતીયાકથા– ક્ષમાકલ્યાણ હી. હં. ૧૯૧૭.]

शत्रुंजयवैभव, सम्पा०- मुनि कान्तिसागर, कुशलसंस्थान, पुष्प 4, जयपुर 1990 ई० ।

बाड़मेरजिले के प्राचीन जैनशिलालेख, संग्रा०-सम्पा०-चम्पालाल सालेचा, प्रकाशक-जैन श्वे०नाकोडा-पार्श्वनाथ तीर्थ, पो०मेवानगर, जिला-बाड़मेर, राजस्थान ।

गुजरातीसाहित्यकोश, भाग-1, संपादक-जयंत कोठारी तथा जयंत गाडीत, प्रका०- गुजराती साहित्य परिषद, अहमदाबाद-1989 ई० ।

૧. આ પુસ્તક ''ચંદનમલ નાગોરી જૈન પુસ્તકાલય'' તરફથી વિ.સં. ૨૦૦૮માં પ્રકાશિત કરાયું છે.
૨. આ પૈકી નવ યન્ત્રો પૃ. ૩૨-૪૦માં અને દસમું યન્ત્ર પૃ. ૧૨૩માં અપાયેલ છે.
૩. આની સંક્ષિપ્ત રૂપરેખા મેં ''ગુજરાતી જૈન સાહિત્ય : છન્દ'' (લેખાંક ૪)માં આલેખી છે. અને એ 'આ. પ્ર.' (પુ. ૬૬, અં.૮)માં છપાયો છે.

# પ્રકરણ ૪૫ : અનુષ્ઠાનવિધિ

P. ૨૬૧

[1]**નિર્વાણ-કલિકા**[2] કિંવા [3]**નિર્વાણકલિકા-પ્રતિષ્ઠાવિધિ** યાને [4]**પ્રતિષ્ઠાપદ્ધતિ** (લ. વિ. સં. ૧૫૦)– આની પ્રકાશિત આવૃત્તિની પ્રશસ્તિ પ્રમાણે આના કર્તા **સંગમસિંહના શિષ્ય મંડનગણિના શિષ્ય પાદલિપ્તસૂરિ** છે. એમણે **તરંગવઈ, પ્રશ્નપ્રકાશ** વગેરે રચ્યાં છે.[5]

**પવયણસારુદ્ધાર** (ગા. ૩૭૬)ની સિદ્ધસેનીય વૃત્તિ (પત્ર ૯૫અ)માં **નિર્વાણકલિકા**નો ઉલ્લેખ છે તેમ જ એમાંથી અવતરણો પણ અપાયાં છે. ૧૩૦૦ શ્લોક જેવડી **નિર્વાણકલિકા** જે આજે મળે છે તે જ **પાદલિપ્તસૂરિ**ની કૃતિ છે કે કેમ એમ પ્રશ્ન ઉઠાવાય છે. એમાં પ્રારંભમાં **વર્ધમાનસ્વામીને નમસ્કાર** કરી નિત્ય-કર્મ, દીક્ષા અને પ્રતિષ્ઠા જિનાગમને આધારે કહેવાની ગ્રંથકારે પ્રતિજ્ઞા કરી છે. આમ આ કૃતિ જાણે ત્રણ ખંડમાં વિભક્ત છે. એમાં નીચે મુજબનાં વિષયોને મુખ્ય સ્થાન અપાયું છે અને એ દૃષ્ટિએ એનાં ૨૦ પ્રકરણો પાડી શકાય :– P. ૨૬૨

(૧) નિત્ય કર્મની વિધિ, (૨) [6]દીક્ષાની વિધિ, (૩) આચાર્યનો અભિષેક, (૪) ભૂમિની પરીક્ષા અને ભૂમિનો પરિગ્રહ, (૫) શિલાના ન્યાસની વિધિ, (૬) પ્રતિષ્ઠા વિધિ, (૭) [7]પાદપ્રતિષ્ઠા, (૮) દ્વારપ્રતિષ્ઠા, (૯) બિમ્બપ્રતિષ્ઠા, (૧૦) [8]હૃત્પ્રતિષ્ઠા, (૧૧) [9]ચૂલિકાપ્રતિષ્ઠા, (૧૨) કળશ, ધ્વજ અને ધર્મચક્રની પ્રતિષ્ઠા, (૧૩) [10]વેદિકાનું લક્ષણ, (૧૪) જીર્ણોદ્ધારની વિધિ, (૧૫) પ્રતિષ્ઠા માટે ઉપયોગી એવી મુદ્રાવિધિ, (૧૬) પ્રાયશ્ચિત્તની વિધિ, (૧૭) ૨૪ તીર્થંકરોનાં વર્ણાદિ, (૧૮) દસ દિક્પાલનું નિરૂપણ, (૧૯) નવ ગ્રહોનું સ્વરૂપ તેમ જ (૨૦) **બ્રહ્મશાન્તિ** અને ક્ષેત્રપાલનો પરિચય.

પ્રથમ પ્રકરણમાં ઉપાસકના દેહની મૃત્તિકા વગેરેથી બાહ્ય શુદ્ધિની વાત દર્શાવાઈ છે અને જાતજાતના ન્યાસ તેમજ વિવિધ પૂજાની હકીકત અપાઈ છે. એમાં [11]અષ્ટમૂર્તિની પૂજાનો ઉલ્લેખ છે. વળી સિદ્ધચક્રનું સ્મરણ કરાવે એ જાતનું 'નિત્યપૂજા' યંત્રનું પત્ર ૩આ-માં નિરૂપણ છે.

---

૧. આ પ્રકાશિત છે. જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૧, પૃ. ૨૦૩).

૨-૪. જિ.ર.કો. (વિ. ૧, પૃ. ૨૧૪)માં આ કૃતિનું નામ **નિર્વાણકલિકા-પ્રતિષ્ઠાવિધિ** અપાયું છે અને પૃ. ૨૬૧માં **પ્રતિષ્ઠાપદ્ધતિ** અપાયું છે.

પૃ. ૨૧૪માં **નિર્વાણકલિકા** નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિની તેમ જ **નિર્વાણકલિકા-પ્રતિષ્ઠાપદ્ધતિ** નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિની પણ નોંધ છે.

૫. વિશેષ માહિતી માટે જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૧, પૃ. ૨૦૨-૨૦૪)

૬. આમાં હોમનો ઉલ્લેખ છે.

૭. પાયાની પ્રતિષ્ઠા. આના નિરૂપણને પ્રસંગે 'દેશિક' શબ્દ વપરાયો છે. એનો અર્થ 'ક્રિયા કરાવનાર આચાર્ય' થાય છે.

૮. હૃદયની પ્રતિષ્ઠા એ મધ્ય ભાગને લગતી છે.

૯. આને 'શંકુપ્રતિષ્ઠા' પણ કહે છે.

૧૦. આના આઠ પ્રકાર દર્શાવાયા છે.

૧૧. આનો અર્થ શું ''પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચન્દ્ર અને ઋત્વિજ, એવાં આઠ રૂપવાળા મહાદેવ'' એમ કરવાનો છે ?

P. ૨૬૩ પ્ર. ૨માં 'સર્વતોભદ્ર' મંડલનું નિરૂપણ છે.

પ્ર. ૩માં મંડપ, વેદિકા, કુંભ અને શંખના વર્ણનો છે. આચાર્યના [1]અભિષેક વેળા એમને છત્ર, ચામર, હાથી, અશ્વ, શિબિકા વગેરે રાજાંગનું તેમ જ યોગપટ્ટક, ખડી, પુસ્તક, અક્ષસૂત્ર, પાદુકા ઇત્યાદિના દાનની વાત છે.

પ્ર. ૪માં બ્રાહ્મણ વગેરે ચાર વર્ણોની ભૂમિ કેવી હોય તે દર્શાવાયું છે. વળી અહીં નિમિત્તશાસ્ત્રની હકીકત પણ અપાઇ છે.

પ્ર.૫માં બ્રહ્મા, રુદ્ર, મહેન્દ્ર, સ્કન્દ, પૂતના તેમ જ રાક્ષસોની પૂજાનો અધિકાર છે.

પ્ર. ૬ વાસ્તુપૂજન સંબંધી છે. એમાં જિંનાલયને અંગે ૬૪ પદિકા અને ઇતર મકાનોને અંગે ૮૧ પદિકાનો ઉલ્લેખ છે.

પ્ર. ૧૦માં 'નન્દાવર્ત' મંડલનું નિરૂપણ છે. અહીં પ્રસંગવશાત્ આગમોની ગાથાઓ અપાઇ છે.

પ્ર. ૧૭માં પાંચ પ્રકારના નિર્માલ્યની હકીકત છે તેમ જ [2]દેવ-દ્રવ્યનું નિરૂપણ છે.

પ્ર. ૧૮માં ઋષભદેવાદિ ૨૪ તીર્થંકરોનાં વર્ણ, લાંછન, જન્મ-રાશિ, જન્મ-નક્ષત્ર તેમ જ એમનાં યક્ષ અને યક્ષિણીઓનાં આયુધ વગેરેનો ઉલ્લેખ છે. વળી અહીં શ્રુતદેવતા, શાન્તિદેવતા અને સોળ વિદ્યાદેવીઓનો પણ આ પ્રમાણે પરિચય અપાયો છે.

P. ૨૬૪ **અવતરણો–** આ **નિર્વાણકલિકા**માં લગભગ ૭૦ ગાથા છે અને એ આગમમાંથી ઉદ્ધૃત કરાઇ હોય એમ લાગે છે આ સંબંધમાં એના સંપાદકનું એ સૂચન છે કે એ આગમ તે ''વિદ્યાપાહુડ'નો અંશ હશે અને ''પ્રતિષ્ઠાપાહુડ''માંથી એ ઉદ્ધૃત કરાયાં હશે. એવી રીતે મંત્રનો વિભાગ ''વિદ્યાપાહુડ''માંથી લેવાયો હશે.

**સન્તુલન–** પ્ર. ૧નો વિષય વિવિધ ગ્રંથોમાં જોવાય છે જેમકે કેટલાક આગમો, **ભદ્ર**બાહુસ્વામીએ રચેલું મનાતું **પૂજાપ્રકરણ, શ્રા**વકપ્રજ્ઞપ્તિ, **જિ**નપ્રભસૂરિકૃત **પૂ**જાવિધિ અને **વિ**હિમગ્ગપવા (વિધિમાર્ગપ્રપા), **આ**ચારદિનકર, **આ**ચારપ્રદીપ અને **સ**દ્ધવિહિ. તાંત્રિક વિચારો તેમ જ [3]સાંખ્ય દર્શનને અનુકૂળ એવી કેટલીક બાબતો અહીં આલેખાઇ છે. આ ઉપરાંત રાગ, ચન્દ્ર, આદિત્ય વગેરેની બાબત પણ અહીં અપાઇ છે. એ કોઇ ત્રીજી જ પરંપરાનું સૂચન કરે છે.

દીક્ષાવિધિનો અધિકાર **આચારદિકર**માં જોવાય છે.

**પંચાસગમાં**નું 'બિંબપઇટ્ઠાવિહિ' નામનું આઠમું પંચાસગ **નિર્વાણકલિકા**ને આધારે યોજાયું છે એમ એ નિર્વાણકલિકાના સંપાદકનું માનવું છે.

'સર્વતોભદ્ર' મંડલ, 'વસ્તુ' મંડળ અને મંડપનાં વર્ણનો **સ**મરાંગણ, **રા**જવલ્લભ, **વિશ્વકર્મપ્રકાશ** અને **શિલ્પદીપક**નું સ્મરણ કરાવે છે.

૧. પુત્ર માટે તેમ જ ગુમાવેલા રાજ્યની પ્રાપ્તિ માટે અભિષેકનો ઉપયોગ દર્શાવાયો છે.

૨. પ્ર. ૧માં પણ આનો ઉલ્લેખ છે.

૩. જુઓ પૃ. ૨૮ આ.

વાસ્તુવિધિની હકીકત **જંબુદીવપણ્ણત્તિ** (પત્ર ૨૦૭અ-૨૧૦અ)માં જોવાય છે.

**નન્દિસૂત્રનો** ઉલ્લેખ– પત્ર ૯અ-માં **નન્દિસૂત્ર**નો ઉલ્લેખ છે (આ બૃહન્નન્દિ હશે) સાથે સાથે પુસ્તકનાં પણ છે.

**વિવિધતીર્થકલ્પ** (શત્રુંજયકલ્પ, શ્લો. ૧૨૨, પૃ. ૫)માં જિનપ્રભસૂરિએ કહ્યું છે કે **ભદ્રબાહુએ** **કલ્પપ્રાભૃત**માંથી **વજ્રસ્વામીએ** એમાંથી અને **પાદલિપ્તસૂરિએ** એમાંથી અને મેં એમાંથી **શત્રુંજયકલ્પ** ઉદ્ધૃત કરી સંક્ષેપ કર્યો છે. P. ૨૬૫

[1]**પ્રતિષ્ઠાસારસંગ્રહ** કિંવા **પ્રતિષ્ઠા** (ઉ. વિ. સં. ૧૨૮૫)– આ આશરે ૭૦૦ શ્લોક જેવડી અને છ વિભાગમાં વિભક્ત કૃતિના કર્તા દિ. **વસુનન્દિ** છે એમની આ કૃતિનો ઉલ્લેખ **આશાધરે** વિ. સં. ૧૨૮૫માં રચેલા **પ્રતિષ્ઠાકલ્પ**માં કર્યો છે.

[2]**પ્રતિષ્ઠાકલ્પ**– આના કર્તા તરીકે **ભદ્રબાહુસ્વામીનું નામ** [3]કેટલાક રજૂ કરે છે અને કહે છે કે એમણે **વિજ્જપ્પવાય** પુવ્વમાંથી આ કૃતિ ઉદ્ધૃત કરી છે. આ કૃતિ સંસ્કૃતમાં છે કે પાઇયમાં એ જાણવું બાકી રહે છે. જો એ સંસ્કૃતમાં હોય તો પ્રતિષ્ઠાકલ્પ નામની કૃતિઓમાં સૌથી પ્રથમ ગણાય.

**પ્રતિષ્ઠાકલ્પ**– આના કર્તા **શ્યામાચાર્ય** છે એમ કેટલાક કહે છે. આ કૃતિ સંસ્કૃતમાં છે કે કેમ તે જાણવું બાકી રહે છે.

**પ્રતિષ્ઠાકલ્પ**– વાચકવર્ય ઉમાસ્વાતિએ આ રચ્યાનું કહેવાય છે. આ કથન સાચું જ હોય તો આ વિષયની આ લગભગ સૌથી પ્રથમ કૃતિ હોવાનું મનાય.

**પ્રતિષ્ઠાકલ્પ**– આનું એક પદ્ય **પદ્મમન્દિરગણિએ** **ગણહરસદ્ધસયગ** ઉપર વિ.સં. ૧૬૪૬માં રચેલી [4]ટીકામાં[5] આપ્યું છે. આ પદ્ય વાચકવર્ય ઉમાસ્વાતિકૃત **પ્રતિષ્ઠાકલ્પ**માંથી ઉદ્ધૃત કરાયાનો અહીં ઉલ્લેખ છે. P. ૨૬૬

આ ટીકા (પત્ર ૫૬અ-૫૬આ)માં આર્ય**સમુદ્રસૂરિ**ના **પ્રતિષ્ઠાકલ્પ**માંથી ચાર પદ્યો અપાયાં છે. એ જ. મ. માં છે. આથી આ સમગ્ર કૃતિ પાઇયમાં હશે એમ લાગે છે.

**પ્રતિષ્ઠાકલ્પ**– આના કર્તા મહત્તરા **યાકિની**ના ધર્મપુત્ર હરિભદ્રસૂરિ છે એમ મનાય છે.

**પ્રતિષ્ઠાકલ્પ**– આના કર્તા 'કલિ.' **હેમચન્દ્રસૂરિ** હોવાનું કેટલાક કહે છે.

**પ્રતિષ્ઠાકલ્પ** કિંવા **પ્રતિષ્ઠાવિધિ** (લ. વિ. સં. ૧૨૦૦)– "અથાત: પ્રવક્ષ્યામિ"થી શરૂ થતી આ કૃતિના કર્તા [6]શ્રીચન્દ્રસૂરિ છે. એઓ સૂરિ થયા તે પૂર્વે **પાર્શ્વચન્દ્રગણિ** તરીકે ઓળખાતા હતા. એઓ

૧. ફત્તેલાલે પણ આ નામની એક કૃતિ રચી છે.

૨. "'પ્રતિષ્ઠાકલ્પ' નામની કૃતિઓ" એ નામનો મારો લેખ "આ.પ્ર." (પુ. ૫૦, અં. ૭, પૃ. ૧૦૬-૧૦૮)માં છપાયો છે.

૩. જુઓ **સકલચન્દ્ર**કૃત **પ્રતિષ્ઠાકલ્પ**નો ગુજરાતી અનુવાદ.

૪. આ ટીકા **સુમતિગણિ**એ વિ.સં. ૧૨૯૫માં રચેલી વૃત્તિના સંક્ષેપરૂપ છે.

૫. આ ટીકા "જિનદત્તસૂરિ-પ્રાચીન-પુસ્તકોદ્ધાર-ફંડ" તરફથી ઇ.સ. ૧૯૧૪માં છપાવાઇ છે.

૬. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૨૬૦)માં ચન્દ્રસૂરિએઓ ઉલ્લેખ છે તે ભૂલ ભરેલો છે.

શીલભદ્રસૂરિના શિષ્ય ધનેશ્વરસૂરિના શિષ્ય થાય છે એમણે વિ.સં. ૧૧૬૯થી વિ.સં. ૧૨૨૮ના ગાળામાં વિવિધ [1]કૃતિઓ રચી છે. એનાં નામ વગેરે નીચે મુજબ છે :–

P. ૨૬૭ **પ્રતિષ્ઠાકલ્પ–** આ કૃતિ વિષે આપણે આગળના પૃષ્ઠમાં વિચારી ગયા.

[2]**સુખબોધાસામાચારી–** આને **સુબોધસામાચારી** પણ કહે છે.

આ ઉપરાંત એમણે નીચે મુજબની વિવરણાત્મક કૃતિઓ રચી છે :–

(૧) **ન્યાયપ્રવેશકવૃત્તિ-[3]પંજિકા–** બૌદ્ધ આચાર્ય **દિઙ્નાગે** જે **ન્યાયપ્રવેશક** નામની કૃતિ રચી છે એના ઉપર સમભાવભાવી હરિભદ્રસૂરિએ વૃત્તિ રચી છે એના ઉપર આ **શ્રીચન્દ્રસૂરિએ** વિ.સં. ૧૧૬૯માં પંજિકા રચી છે અને એ છપાઇ છે.

(૨) **નિશીથચૂર્ણિવિંશોદ્દેશક-વ્યાખ્યા-**જિનદાસગણિએ **નિસીહ**ના ઉપરની **વિસેસનિસીહચુણ્ણિ** તરીકે ઓળખાવાતી ચુણ્ણિ રચી છે. આ **નિસીહ**ના વીસમા ઉદ્દેશકને લગતી ચુણ્ણિની વ્યાખ્યા વિ.સં. ૧૧૭૪માં આ **શ્રીચન્દ્રસૂરિએ** રચી છે. અહીં એમણે પોતાને **શીલભદ્રસૂરિના** શિષ્ય કહ્યા છે.

(૩) **શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર– વન્દિતુસુત્ત** 'શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર' તરીકે પ્રસિદ્ધ છે. એના ઉપર આ **શ્રીચન્દ્રસૂરિએ** વિ.સં. ૧૨૨૨માં ૨૦૦૦ શ્લોક જેવડી વૃત્તિ રચી છે.

(૪) **નન્દીટીકા-દુર્ગપદ-વ્યાખ્યા– નન્દીસુત્ત** નામના આગમ ઉપર હરિભદ્રસૂરિની ટીકા છે.
P. ૨૬૮ એમાંનાં દુર્બોધ સ્થળોની આ વ્યાખ્યા **શ્રીચન્દ્રસૂરિએ** ૩૩૦૦ શ્લોક જેવડી રચી છે. એની વિ.સં. ૧૨૨૬માં લખાયેલી એક હાથપોથી જેસલમેરના ભંડારમાં છે.

(૫) **જીતકલ્પ-બૃહચ્ચુર્ણિ-વ્યાખ્યા– જિ**નભદ્રગણિ ક્ષમાશ્રમણે રચેલ જીયકપ્પ એ આગમ ગણાય છે. એને સંસ્કૃતમાં 'જીતકલ્પ' કહે છે. એના ઉપરની બૃહચ્ચૂર્ણિ ઉપર **શ્રીચન્દ્રસૂરિએ** ૧૧૨૦ શ્લોક જેવડી વ્યાખ્યા વિ. સં. ૧૨૨૭માં રચી છે. આ વ્યાખ્યાને 'ટિપ્પણ' પણ કહે છે.

(૬) **નિરયાવલિકા-શ્રુતસ્કન્ધ-વૃત્તિ– નિ**રયાવલિયા કિંવા **કપ્પિયા**, **કપ્પવડિંસિયા**, **પુપ્ફિયા**, **પુપ્ફચૂલિયા** અને વણ્હિદસા એ પાંચ ઉવંગ (ઉપાંગ)ને 'નિરયાવલિકા-શ્રુતસ્કન્ધ' કહે છે. એના ઉપર **શ્રીચન્દ્રસૂરિએ** વિ. સં. ૧૨૨૮માં વૃત્તિ રચી છે અને એ છપાયેલી છે.

(૭) **ચૈત્યવન્દનસૂત્ર-વૃત્તિ–** આ **ચેઇયવન્દણસુત્ત** (સં. ચૈત્ય-વન્દનસૂત્ર)ની **શ્રીચન્દ્રસૂરિએ** રચેલી વૃત્તિ છે.

(૮) **સર્વસિદ્ધાન્તવિષમપદ-પર્યાય–** આ કૃતિ વિવિધ આગમોમાંનાં દુર્ગમ સ્થળોના પર્યાયરૂપે **શ્રીચન્દ્રસૂરિએ** ૨૨૬૪ શ્લોક જેવડી રચી છે.

---

૧. **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૨૪૩-૨૪૪)માં આની નોંધ છે.

૨. આ "દે. લા. જૈ. પુ. સંસ્થા" તરફથી ઇ.સ. ૧૯૨૨માં છપાવાઇ છે.

૩. **ન્યાયપ્રવેશક** તેમ જ એના ઉપરની હરિભદ્રસૂરિકૃત વૃત્તિ સહિત આ પંજિકા "ગા. પૌ. ગ્રં."માં ઇ.સ. ૧૯૩૦માં પ્રકાશિત થયેલી છે.

આ ઉપરાંત **ઉવસગ્ગહરથોત્ત** ઉપરની ટીકા રચનાર દ્વિજ **પાર્શ્વ**દેવગણિ તે આ કદાચ હશે પરંતુ [1]**પદ્માવત્યષ્ટક** અને એની [2]વૃત્તિના[3] કર્તા **પાર્શ્વ**દેવગણિ આ જ શ્રીચન્દ્રસૂરિ હોવાનો વિશેષ સંભવ છે એમ મનાય છે. P. ૨૬૯

[4]**પ્રતિષ્ઠાકલ્પ. પ્રતિષ્ઠાસારોદ્ધાર** કિંવા [5]**જિનયજ્ઞકલ્પ** (વિ.સં. ૧૨૮૫)– આના કર્તા દિ. આશાધર છે. એમણે આ કૃતિ ૯૫૪ શ્લોકમાં વિ.સં. ૧૨૮૫માં રચી છે. એ છ વિભાગમાં વિભક્ત છે. આ કૃતિમા **વસુનન્દિ**કૃત **પ્રતિષ્ઠાસારસંગ્રહ**નો ઉલ્લેખ છે.

**કલ્પદીપિકા**– આ પ્રતિષ્ઠાકલ્પ ઉપરની **આશાધરે** રચેલી સ્વોપજ્ઞ વૃત્તિ છે. એનો ઉલ્લેખ એમણે **ધર્મામૃત**ની પ્રશસ્તિ (શ્લો. ૧૬)માં કર્યો છે.

આ **પ્રતિષ્ઠાકલ્પ** ઉપર બીજી પણ ત્રણ વૃત્તિઓ છે :–

(૧) [6]**શુભચન્દ્ર**કૃત, (૨) **પરશુરામ**કૃત અવ (૩) અજ્ઞાતકર્તૃક.

**પ્રતિષ્ઠાકલ્પ** (લ. વિ. સં. ૧૨૯૦)– આના કર્તા **જગચ્ચન્દ્રસૂરિ** છે. એમણે પોતાની આ કૃતિ **ભદ્રબાહુસ્વામીએ** રચેલા **પ્રતિષ્ઠાકલ્પ** ઉપરથી તૈયાર કરી છે એમ કહેવાય છે.[7]

**પ્રતિષ્ઠાકલ્પ**– આ ૩૦૦ શ્લોક જેવડી કૃતિના કર્તા **ગુણરત્નસૂરિ** છે.

એમણે **હરિભદ્રસૂરિકૃત પ્રતિષ્ઠાકલ્પ**નો ઉપયોગ કર્યો છે એવો આ કૃતિમાં ઉલ્લેખ હોવાનું કહેવાય છે. એ વાત સાચી હોય તો પણ આ **હરિભદ્રસૂરિ** તે ક્યા એ પ્રશ્ન વિચારવો બાકી રહે છે.

**પ્રતિષ્ઠાકલ્પ**– આના કર્તા **ગુણરત્નાકરસૂરિ** હોવાનું કહેવાય છે. P. ૨૭૦

**પ્રતિષ્ઠાકલ્પ** (લ. વિ. સં. ૧૬૫૦)– આના કર્તા દિ. **અકલંક** છે. એમને વિષે **સોમસેને** વિ.સં. ૧૬૬૯માં રચેલા **ત્રિવર્ણાચાર**માં ઉલ્લેખ કર્યો છે. આ અકલંકે ભટ્ટારક **એકસન્ધિ**ની **જિનસંહિતા** ( ૭, ૧૬, ૧૦, ૬)માંથી તેમ જ **નેમિચન્દ્ર**કૃત **પ્રતિષ્ઠાપાઠ** (૧, ૩)માંથી અવતરણો આપ્યાં છે એમ શ્રી જુગલકિશોર મુખ્તારનું કહેવું છે.

[8]**પ્રતિષ્ઠાકલ્પ** (વિ. સં. ૧૬૬૦)– આ કૃતિ ઉપાધ્યાય **સકલચન્દ્રે** વિજયદાનસૂરિની વિદ્યમાનતામાં વિ.સં. ૧૬૬૦માં રચી છે. એમણે જગચ્ચન્દ્રસૂરિકૃત **પ્રતિષ્ઠાકલ્પ**નો ઉપયોગ કર્યો છે એમ કહેવાય છે.

---

૧. આનાં કેટલાક પદ્યો મેં D C G C M (Vol. XIX, sec, I, pt. I, pp. 319-322)માં આપ્યા છે. એનાં પૃ. ૩૨૩-૩૨૪માં પાર્શ્વદેવગણિની કૃતિઓની સૂચી છે.

૨. આની એક હાથપોથી વિ.સં. ૧૨૦૩માં લખાયેલી છે.

૩. આ વૃત્તિ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧)માં ઈ.સ. ૧૯૨૩માં છપાયેલી છે.

૪. આ કૃતિ મનોહરશાસ્ત્રી મલીકે મુંબઈથી વિ.સં. ૧૯૭૪માં છપાવી છે.

૫. આ નામની એક કૃતિ **ભાવશર્માએ** પણ રચી છે.

૬. શુભચન્દ્રે **પાંડવપુરાણ**ની પ્રશસ્તિમાં આનો ઉલ્લેખ કર્યો છે.

૭. જુઓ **સકલચન્દ્ર**કૃત **પ્રતિષ્ઠાકલ્પ**નો ગુજરાતી અનુવાદ.

૮. આનો ગુજરાતી અનુવાદ છપાયેલો છે પરનું એમાં અનુવાદક, મુદ્રક અને પ્રકાશક પૈકી એકેનું નામ અપાયેલું નથી.

**પ્રતિષ્ઠાકલ્પ**– આના કર્તા વિદ્યાવિજય છે અને આની એક હાથપોથી પંજાબના ભંડારમાં છે.

**પ્રતિષ્ઠાકલ્પ**– આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

**પ્રતિષ્ઠાકલ્પવિધિ**– આ નામની બે કૃતિ છે : (૧) **પદ્મવિજય**કૃત અને (૨) અજ્ઞાતકર્તૃક.

**પ્રતિષ્ઠાતિલક**– આ નામની ત્રણ કૃતિ છે. એના કર્તાનાં નામ અનુક્રમે **નરેન્દ્રસેન**, **નેમિચન્દ્ર** અને [1]બ્રહ્મસૂરિ (લ. વિ. સં. ૧૬૨૫) છે. નરેન્દ્રસેનની કૃતિને **પ્રતિષ્ઠાસારદીપક** પણ કહે છે. એવી રીતે
P. ૨૭૧ નેમિચન્દ્રની કૃતિને **અર્હત્-પ્રતિષ્ઠાસારસંગ્રહ** અને **નેમિચન્દ્રસંહિતા** તથા બ્રહ્મસૂરિની કૃતિને **જિનસંહિતાસારોદ્ધાર**, **ત્રિવર્ણાચાર** અને **ત્રૈવર્ણાચાર** પણ કહે છે.

**પ્રતિષ્ઠા દીક્ષા-કુંડલિકા**– આના કર્તા **નરચન્દ્ર** છે.

**અવચૂરિ**– આ નામની સાત કૃતિઓ છે. તેમાં બે અજ્ઞાતકર્તૃક છે અને એકના ઉપર દિ. **શ્રુતસાગર**ની ટીકા છે. બીજીને **પ્રતિમાલક્ષણ** પણ કહે છે. બાકીની કૃતિઓના કર્તાનાં નામ નીચે મુજબ છે :– **ઇન્દ્રનન્દિ**, **કુમુદચન્દ્ર**, **જયસેન**, **વસુનન્દિ** અને **હસ્તિમલ્લ**.

**પ્રતિષ્ઠાવિધિ**– આ નામની પાંચ કૃતિઓ છે. એ પૈકી એક અજ્ઞાતકર્તૃક છે જ્યારે બાકીની કૃતિઓના કર્તાનાં નામ નીચે પ્રમાણે છે :–

**તિલકસૂરિ**, **નરેશ્વર**, **વર્ધમાનસૂરિ** અને **હેમસૂરિ**.

**પ્રતિષ્ઠાવિધિવિચાર**– આ નામની કૃતિ કોઇકે રચી છે.

**પ્રતિષ્ઠાવિધાન**– આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

**પ્રતિષ્ઠાસાર** (વિ.સં.૧૪૯૧)– આ નામની બે કૃતિ છે. એમાંની એક **કુમારસેને** વિ.સં. ૧૪૯૧માં રચી છે બીજીના કર્તાનું નામ **અપ્પય્યાર્ય** છે. અને એ કૃતિને **જૈનેન્દ્રકલ્યાણાભ્યુદય** પણ કહે છે.

P. ૨૭૨ [2]**આચારદિનકર** (વિ.સં. ૧૪૬૮)– આના કર્તા **અભયદેવસૂરિ**ના શિષ્ય અને **જયાનન્દસૂરિ**ના પટ્ટધર **વર્ધમાનસૂરિ** છે. એમણે આ કૃતિ મુદ્રિત આવૃત્તિ પ્રમાણે વિ.સં. ૧૪૬૮માં રચી છે.[3] એમાં એકંદર [4]૧+૪૦=૪૧ ઉદયો છે. એના પછી મહાદ્યોત અને પ્રશસ્તિ છે. એનું પરિમાણ ૧૫૫૦૦ શ્લોક જેવડું છે. ગ્રંથકારની ૩૧ પદ્યોની પ્રશસ્તિ પછી **હર્ષનન્દગણિ**કૃત પ્રશસ્તિનાં ૧૬ પદ્યો છે.

---

૧. ઇ.સ. ૧૫૯૯માં **શૃંગારકથા** રચનારા કન્નડ કવિ પદ્મસર એ આ બ્રહ્મસૂરિના વંશજ થાય છે. જુઓ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૩૭).

૨. આ કૃતિ "ખરતર ગચ્છ ગ્રન્થમાલા" તરફથી બે વિભાગમાં અનુક્રમે ઇ.સ. ૧૯૨૨ અને ઇ.સ. ૧૯૨૩માં પ્રકાશિત થઇ છે. પહેલા ભાગમાં 'અરુણોદય' નામના પ્રથમ ઉદયને તેમ જ ઉદય ૧-૨૨ને સ્થાન અપાયું છે. જ્યારે બીજા ભાગમાં ઉદય ૨૩-૪૦, મહાદ્યોત અને પ્રશસ્તિ માટે તેમ કરાયું છે. [પં. જિતેન્દ્ર બી. શાહે આનો હિન્દી અનુવાદ કરાવ્યો છે. મુનિ રત્નત્રયવિજય આનું સંશોધન કરે છે.]

૩. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૨૨)માં નોંધાયેલી એક હાથપોથી પ્રમાણે આ રચના વિ.સં. ૧૪૬૩માં થઇ છે.

૪. અરુણોદયને પ્રથમ ઉદય કહ્યો છે. ત્યાર બાદ ૧-૪૦ ઉદયો ગણાવતી વેળા 'ગર્ભાધાનસંસ્કારકીર્તન' નામના ઉદયનો પ્રથમ ઉદય તરીકે ઉલ્લેખ છે.

**વિષય**– 'અરુણ' નામના પ્રથમ ઉદયમાં ગૃહસ્થધર્મ, શ્રમણનો આચાર અને ગૃહસ્થ તેમ જ શ્રમણને સમાન એવી બાબતો એમ વિષયના ત્રણ વર્ગ સૂચવી ગૃહસ્થધર્મના નિમ્નલિખિત સોળ સંસ્કારો ગણાવાયા છે :–

(૧) ગર્ભાધાન, (૨) પુંસવન, (૩) જન્મ, (૪) ચન્દ્ર અને સૂર્યનાં દર્શન, (૫) ક્ષીરાસન, (૬) ષષ્ઠનું જાગરણ, (૭) શુચિકર્મ, (૮) નામકરણ, (૯) અવપ્રાશન, (૧૦) કર્ણવેધ, (૧૧) મુંડન, (૧૨) ઉપનયન, (૧૩) પાઠારંભ, (૧૪) વિવાહ, (૧૫) વ્રતારોપણ અને (૧૬) અંતકર્મ.[1]

(૧) શ્રમણોના આચાર તરીકે નીચે મુજબ સોળ બીના ગણાવાઈ છે :– P. ૨૭૩

(૧) બ્રહ્મચર્ય, (૨) ક્ષુલ્લકત્વ, (૩) પ્રવ્રજ્યા, (૪) ઉત્થાપના, (૫) યોગોદ્વહન, (૬) વાચનાગ્રહણ, (૭) વાચનાની અનુજ્ઞા, (૮) 'ઉપાધ્યાય' પદની સ્થિતિ (૯) 'આચાર્ય' પદ, (૧૦) પ્રતિમાનું વહન, (૧૧) વ્રતિનીને વ્રતનું દાન, (૧૨) 'પ્રવર્તિની' પદ, (૧૩) 'મહત્તરા' પદ, (૧૪) પ્રવર્તિની અને મહત્તરા એ બંનેની દિનની અને રાતની સ્થિતિ, (૧૫) ઋતુની સ્થિતિ અને (૧૬) મરણવિધિ.

ત્રીજા વર્ગ તરીકે (૧) બિંબાદિની પ્રતિષ્ઠા, (૨) શાન્તિક, (૩) પૌષ્ટિક, (૪) બલિ, (૫) પ્રાયશ્ચિત્તની વિધિ, (૬) આવશ્યકની વિધિ (૭) તપની વિધિ અને (૮) પદારોપણ એમ આઠ બાબતોનું નિરૂપણ છે.

આ ગ્રન્થ જૈન વિધિવિધાનની દૃષ્ટિએ મહત્ત્વનો છે એટલું જ નહિ પરંતુ કેટલીક વાર એ કાવ્યરસિકોને આનંદદાયક પદ્યો પણ પૂરાં પાડે છે. દા. ત. એમાં (ભા. ૨, પત્ર ૧૮૫આ-૧૯૪અ)માં ૨૫ [2]કુસુમાંજલિઓ વગેરેને અંગે જે ૧૫૧ પદ્યો સંસ્કૃતમાં છે તે યમકની દૃષ્ટિએ પણ વિચારવા જેવાં છે.[3] આ હકીકત હું અહીં જરા વિસ્તારથી વિચારીશ :–

**પચ્ચીસ [4]કુસુમાંજલિ**– 'કુસુમાંજલિ' એટલે '**ફૂલનો ખોબો**' બે હાથનો ખોબો કરી એમાં ફૂલો P. ૨૭૪ રાખી જિનેશ્વરને વધાવવા તે 'કુસુમાંજલિ' કહેવાય છે. એમના જન્માભિષેક વેળા ઈન્દ્રો આ કાર્ય કરે છે. આ **આચારદિનકર**માં એકંદર ૨૫ કુસુમાંજલિઓ પૈકી પ્રત્યેકને અંગે પાંચ પાંચ ભાવવાહી પદ્યો અપાયાં છે. વળી જુદી જુદી પુજાને અંગે ૨૫ પદ્યો અને 'ધૂપ' પૂજાને ઉદ્દેશીને સર્વત્ર સમાન એવું એક

---

૧. આ સોળ સંસ્કારના સંસ્કૃત નામો પૈકી પ્રત્યેકના અંતમાં 'કીર્તન' શબ્દ જોડતાં એ ઉદય ૧-૧૬નાં નામો બને છે. એવી રીતે બ્રહ્મચર્યથી માંડીને મરણવિધિ પર્યંતની સોળ બીનાઓ વિચારતાં ઉદય ૧૭-૩૨ સુધીના ઉદયોનાં નામ બને છે. ત્રીજા વર્ગગત આઠ બાબતો માટે પણ આ જ રીતે વિચાર કરતાં ઉદય ૩૩-૪૦નાં નામ બને છે.

૨. **કુસુમાંજલિ** નામની એક કૃતિ કે જેનાં આઠ પદ્યો પૈકી કેવળ આદ્ય પદ્ય સંસ્કૃતમાં છે તેની નોંધ મેં D C G C M (Vol. XVII, pt. 4, p. 185)માં લીધી છે. એ આદ્ય પદ્ય **વાદિવેતાલકૃત અર્હદભિષેકવિધિ**ના તૃતીય પર્વનું પહેલું પદ્ય છે.

૩. આ સંબંધમાં પં. **ધુરંધરવિજયગણિ**નો "પચીસ કુસુમાંજલિ મહાકાવ્ય" નામનો લેખ "જૈ. સ. પ્ર." (વ. ૧૭, અં. ૭, પૃ. ૧૪૦-૧૪૨)માં છપાયો છે.

૪. **સ્નાત્રવિધિ** ઉપર સમુદ્રાચાર્યે ૨૫૦ શ્લોક જેવડી રચેલી વૃત્તિનું પણ આ નામ છે. જુઓ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૯૫).

જ પદ્ય છે. આમ ૧૫૧ પદ્યો છે. પ્રત્યેક કુસુમાંજલિ ભિન્ન ભિન્ન છંદમાં રચાયેલી છે અને એ યમકથી વિભૂષિત છે. યમકના જે [1]૧૧ભેદ ગણાવાય છે તેમાંના ઘણાખરાને આ કુસુમાંજલિઓમાં સ્થાન આપ્યું છે. આથી આ નાનકડા મનોરમ કાવ્યની ગરજ સારે છે.

**આચારદિનકર** (ભા. ૨, પત્ર ૧૯૭આ-૧૯૮અ)માં આઠ મંગલનું તાત્પર્ય સમજાયું છે. પ્રસ્તુત કૃતિમાં કેટલાક મંત્રો પણ અપાયા છે.

**આચારદિનકર** (ભા. ૨, પત્ર ૨૦૭આ-૨૦૯અ)માં "ભગવતી-મંડલ" અપાયું છે. એમાં ૬૪ યોગિનીઓ, 'બાવન વીર' તરીકે ઓળખાવાતી ૫૨ વ્યક્તિઓ અને ૮ ભૈરવ વગેરેનો ઉલ્લેખ છે.

**આચારદિનકર** (ઉદય ૩૩, પત્ર ૧૮૪અ)માં સુવર્ણની શલાકા લઈને જિનપ્રતિમાના નેત્રના ઉન્મીલનનો ઉલ્લેખ છે. આમ આ અંજનશલાકાનું દ્યોતન કરે છે.

P. ૨૭૫ [2]**અર્હદભિષેકવિધિ** કિંવા [3]**જિનાભિષેકવિધિ** (ઉ. વિક્રમની ૧૧મી સદી)– આ સંસ્કૃત કૃતિ પાંચ પર્વમાં વિભક્ત છે. એમાં અનુક્રમે ૧૦, ૧૬, ૩૦, ૧૮ અને ૨૪ પદ્યો છે. આમ કુલ્લે ૯૮ પદ્યો છે
P. ૨૭૬ જ્યારે અન્યત્ર ૯૯ પદ્યો છે.[4] એ વિવિધ વૃત્તોમાં રચાયેલાં છે.

---

૧. આનાં નામ શ્રીધુરન્ધરવિજયગણિએ (હાલ સૂરિએ) પૃ. 148, ટિ. 3માં નિર્દેશાયેલા લેખમાં આપ્યાં છે.

૨. આ કૃતિ પં. શ્રીકલ્યાણવિજયગણિએ રચેલી અને "શ્રીકલ્યાણવિજયજી શાસ્ત્રસંગ્રહ સમિતિ" તરફથી વિ.સં. ૨૦૧૨માં પ્રકાશિત કરાયેલી **કલ્યાણકલિકા** (ભા..૨)માં છપાવાઈ છે. એમાં ૯૯ પદ્યો છે અને પ્રસ્તાવના છે પરંતુ આ કૃતિ માટે કઈ હાથપોથીનો ઉપયોગ કરાયો છે તેનો ઉલ્લેખ નથી. ત્યાર બાદ લાંબે ગાળે વિ.સં. ૨૦૨૧માં "જૈન સાહિત્ય વિકાસ મંડલે" નિમ્નલિખિત નામથી પ્રકાશિત કરેલા પુસ્તકમાં આ **અર્હદભિષેકવિધિ** (૯૮ પદ્યો)ને **શીલાચાર્યકૃત** પંજિકા, જીવદેવસૂરિએ પાઇયમાં ૫૪ પદ્યોમાં રચેલ **જિણન્હવણવિહિ (જિનસ્નપનવિધિ)** તથા **ગોગ્ગટસૂરિ**ના શિષ્ય સમુદ્રસૂરિએ છથી અધિક સંવત્સરોમાં અર્થાત્ વિ.સં. ૧૦૦૬માં ધવલપુરીમાં રચેલી પંજિકા સહિત સ્થાન અપાવું છે :–

"(પંજિકા સહિત) **જિનસ્નાત્રવિધિ** તથા (પંજિકા સહિત) અર્હદભિષેકવિધિ."

આ પુસ્તકના સંશોધનાર્થે છાણીના ભંડારની એક તાડપત્રીય પ્રતિનો ઉપયોગ કરાયો છે. આ પુસ્તકના પ્રારંભમાં પં. **લાલચન્દ્ર** ભગવાન ગાંધીની ગુજરાતીમાં પ્રસ્તાવના અને ત્યારબાદ **જિનસ્નાત્રવિધિ** તથા અર્હદભિષેકવિધિનું સંસ્કૃતમાં વિષયપ્રદર્શન છે. ત્યાર પછી બંને કૃતિઓ કટકે કટકે પંજિકાપૂર્વક ગુજરાતીમાં અનુવાદ સહિત અપાઈ છે. અંતમાં પાંચ પરિશિષ્ટો છે. આ પૈકી પ્રથમ પરિશિષ્ટમાં બંને કૃતિઓનાં અને એની પંજિકાઓમાંનાં પદ્યોની ભેગી અકારાદિ ક્રમે સૂચી અપાઈ છે. એવી રીતે તૃતીય પરિશિષ્ટમાં વૃત્તોની સૂચી છે. પાંચમાં પરિશિષ્ટ તરીકે જિનપ્રભસૂરિકૃત **વિહિમગ્ગપવા**ના પરિશિષ્ટરૂપે એમાં પ્રકાશિત અને એ સૂરિએ રચેલ **દેવાહિદેવપૂયાવિહિ** આપી એમાં પ્રસ્તુત કૃતિમાંથી અપાયેલાં અવતરણોનાં મૂળ વિષે નોંધ કરાઈ છે. [વીરશેખરસૂરિ સંપાદિત "અર્હદભિષેકવિધિ" પ્રકા. ભારતીય પ્રાચ્ય. પીંડવાડાથી પ્રસિદ્ધ થઈ છે. 'વિધિમાર્ગપ્રપા'નું પુનર્મુદ્રણ પ્રાકૃત ભા. અ. જયપુરથી થયું છે. ઈ.સ. ૨૦૦૦માં.]

૩. જુઓ પર્વ ૫, શ્લો. ૨૩.

૪. જુઓ **કલ્યાણકલિકા** ભા. ૨ પ્ર. "કલ્યાણવિજયજી શાસ્ત્રસંગ્રહસમિતિ"

પ્રથમ પર્વમાં જિનાભિષેકનું ફળ દર્શાવી ઋષભદેવના જન્મસમયના અને રાજાધિરાજ્યપ્રસંગના એમ બે અભિષેકનો નિર્દેશ કરાયો છે.

દ્વિતીય પર્વમાં જિનબિમ્બ માટેની વેદી, જિનસ્નાત્રના અધિકારી શ્રાવક અને દસ દિક્પાલોને આહ્વાન એ બાબતો રજૂ કરાઇ છે.

તૃતીય પર્વમાં [1]ધૂમાવલીનું અને જિનબિમ્બનું વર્ણન, 'ગંગા' વગેરે ચૌદ નદીઓનું આહ્વાન તેમ જ પદ્માદિ મહાહ્રદોમાં વસનારી છ દેવીઓને તથા પ્રભાસાદિ તીર્થોના અધિપતિઓને આમંત્રણ એમ વિવિધ બાબતો આલેખાઇ છે.

ચતુર્થ પર્વમાં જિનને સર્વ ઔષધિઓ દ્વારા કરાતા સ્નાનનું વર્ણન છે. જિનપ્રતમિાને આભૂષણોથી વિભૂષિત કરવામાં વાંધો નથી એમ અહીં કહ્યું છે[2] કેમકે એ તીર્થંકરની પૂર્વાવસ્થા સાથે સંબંધ ધરાવે છે.

પંચમ પર્વમાં ધાન્યાદિ દ્વારા બલિ, [3]મંગલપ્રદીપ, [4]આરાત્રિક [5]લૂણઉતારણ, દસ દિક્પાલોનું સન્માનપૂર્વક વિસર્જન તેમ જ નવ ગ્રહોના વર્ણ વગેરે વિષે માહિતી અપાઇ છે. P. ૨૭૭

**ઉદ્ધરણો**– પ્રસ્તુત **અર્હદભિષેકવિધિમાં**ના પદ્યો કેટલીક કૃતિઓમાં ન્યૂનાધિક પ્રમાણમાં પણ એ જ સ્વરૂપે ઉદ્ધૃત કરાયેલાં જણાય છે. દા. ત. **યોગશાસ્ત્ર** (પ્ર. ૩, શ્લો. ૧૨૪)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૨૧૧આ)માં તૃતીય પર્વનું "मीनकुरङ्ग"થી શરૂ થતું સાતમું પદ્ય જોવાય છે. **જિનપ્રભસૂરિએ દેવાહિદેવપૂયાવિહિ**માં જે વિવિધ અવતરણો આપ્યાં છે તેમાંનાં પચ્ચીસેક પદ્યો આ **અ. વિ.** માં છે. **રત્નશેખરસૂરિએ સડ્ઢવિહિ** ઉપર વિ. સં. ૧૫૦૬માં જે **વિધિકૌમુદી** રચી છે તેમાં એમણે 'વાદિતેતાલ' **શાન્તિસૂરીએ** કહ્યું છે એવા ઉલ્લેખફૂર્વક તૃતીય પર્વનું ચોથું પદ્ય રજૂ કર્યું છે. વળી એમણે નામનિર્દેશ વિના તૃતીય પર્વનાં પહેલા અને બારમા પદ્ય એમાં આપ્યાં છે. "मुक्तालङ्कार"થી શરૂ થતાં કેટલાંક પદ્યો હરિભદ્રસૂરિએ રચેલાં સંભવે છે એમ કહી એ પણ ઉદ્ધૃત કરાયાં છે. આ मुक्तालङ्कारથી શરૂ થતું પદ્ય તે તૃતીય પર્વનું આદ્ય પદ્ય છે.

**પાઠાન્તર**– **અ. વિ.** (પર્વ ૩)નું ૧૨મું પદ્ય પાઠભેદપૂર્વક **અભિષેક**માં છે. જુઓ D C G C M (Vol XVII, pt. 4, p. 164)

**કર્તા**– **અ. વિ.**ના આદ્ય પદ્યની પંજિકામાં આ કૃતિના કર્તા તરીકે વાદિવેતાલનો સ્પષ્ટ ઉલ્લેખ છે. બાકી **અ. વિ.**ના પ્રણેતાએ તો પોતાનો સંક્ષિપ્ત પરિચય તો શું નામ પણ દર્શાવ્યું નથી. કલ્યાણવિજયજી ગણિએ આ પંજિકાના અંત ભાગનો ઉલ્લેખ કર્યો છે. તેમાં **અ. વિ.** માટે 'શાન્તિવાદિવેતાલીય' વિશેષણ જોવાય છે. એ ઉપરથી પ્રસ્તુત **અ. વિ.**ના કર્તા 'વાદિવેતાલ શાન્તિ' છે એમ જાણી શકાય છે.

---

૧. આ નામની ૧૪ પદ્યોની એક પાઇય કૃતિને લગતી માહિતી મેં D C G C M (Vol. XVII, pt. 4, pp. 189-190)માં આપી છે.

૨. આ બાબતની ચર્ચા **વાદમહાર્ણવ** (પૃ. ૭૫૪)માં છે.

૩. D C G C M (Vol. XVII, pt. 4, No. 1378)નું આદ્ય પદ્ય કંઇક પાઠભેદપૂર્વક જીવદેવસૂરિકૃત **જિણન્હવણવિહિ**ના ૪૯મા પદ્ય સાથે મળતું આવે છે.

૪. **જિણન્હવણવિહિ**નાં પદ્યો ૪૭-૪૮ આરાત્રિકમાં જોવાય છે. જુઓ D C G C M (Vol. XVII, pt. 4, No. 1343)

૫. સરખાવો D C G C M (Vol XVII, pt. 4, No. 1400)

P. ૨૭૮ **ઉત્તરજ્ઝયણ**ની **પાઈયટીકા** રચનારા અને વિ.સં. ૧૦૯૬માં સ્વર્ગે સંચરનારા વાદિવેતાલ **'શાન્તિસૂરિ'** તરીકે સુપ્રસિદ્ધ છે. એઓ જ **અ. વિ.**ના કર્તા હશે એમ માનવામાં એક વાંધો આવે છે કેમકે **શીલાચાર્ય** ઉર્ફે **તત્ત્વાદિત્યે** **આયાર**ની ટીકા શકસંવત્ ૭૮૪માં અર્થાત્ વિ. સં. ૯૧૯માં રચી છે તેઓ **અ. વિ.**ના પંજિકાના પ્રણેતા હોઇ શકે નહિ એટલે વાદિવેતાલ કે પછી આ **શીલાચાર્ય** અન્ય કોઇ હોવા જોઇએ. જો પંજિકાકાર જ **આયાર**ના ટીકાકાર હોય તો વાદિવેતાલ **વિક્રમ**ની નવમી સદી જેટલા તો પ્રાચીન હશે જ. માથુરી તથા વાલભી વાચનાઓના સમન્વયાર્થે વલભીમાં મળેલી સભામાં જે 'ગન્ધર્વ-વાદિવેતાલ' **શાન્તિસૂરિ** હતા તેઓ **અ. વિ.**ના કર્તા હશે એમ કલ્યાણવિજયજીનું કહેવું છે.

**અ. વિ.**માંની કોઇ કોઇ પંક્તિ ઇત્યાદિ **બૃહચ્છાન્તિસ્તવ**માં જોવાય છે. દા. ત. વિચારો પર્વ ૧, શ્લો. ૯ અને પર્વ ૫, શ્લો. ૧૦ અને ૧૩ એ ઉપરથી તેમ જ કોઇ કોઇ હાથપોથીમાં **બૃહચ્છાન્તિસ્તવ**નો **અ. વિ.**ના સાતમા પર્વ તરીકે **શાન્તિપર્વ**ના નામે ઉલ્લેખ જોવાય છે એથી આ બંનેના કર્તા એક હોવાનું કેટલાક માને છે. વિશેષમાં ચતુર્થ પર્વના સોળમા પદ્ય સાથે **શાન્તિસૂરિકૃત** **ચેઇયવન્દણભાસ** (પૃ. ૨૬)માં **भणियं च**ના ઉલ્લેખપૂર્વકની ''**चेईहरेण केई**'' ગાથા ભાવની દૃષ્ટિએ સર્વાંશે મળતી આવે છે. એથી એ ગાથા **અ. વિ.**ના આધારે યોજાયેલી લાગે. કોઇક તો એ બંનેના કર્તા એક હોવાની પણ કલ્પના કરે છે પરંતુ એ વાત તો મને પ્રતીતિજનક જણાતી નથી.

P. ૨૭૯ **હાથપોથી**– **અ. વિ.**ની વિ.સં. ૧૩૫૮માં લખાયેલી એક હાથપોથી પાટણના ભંડારમાં છે.

**પંજિકા**– આ **શીલાચાર્યે** રચી છે અને એ છપાયેલી છે. (પ્ર. ''જૈન સાહિત્યવિકાસ મંડલ.'') પંજિકાકારે પોતાનો પરિચય આપ્યો નથી.

**અનુવાદ**– **પં** લાલચન્દ્ર ભ. ગાંધીએ **અ. વિ.**નો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે અને એ પ્રકાશિત છે. જુઓ પૃ. ૨૭૫, ટિ. ૧.

**સ્ખલન**– **જૈ. ગ્રં.** (પૃ. ૧૪૯)માં જયભૂષણે **ધૂમાવલિકા** રચ્યાનો જે ઉલ્લેખ છે તે ભ્રાન્ત છે. એ તો જીવદેવસૂરિકૃત **જિણન્હવણવિહિ**ના અંતિમ પદ્યગત ''જય ભૂષણં'' જોઇ એનો અર્થ સમજવાની ભૂલને આભારી જણાય છે. **જિ. ર. કો.** (વિ. ૧, ૫-. ૧૯૮)માં તો કહ્યું છે કે **જૈ. ગ્રં.** ગત ઉલ્લેખ **બૃહટ્ટિપ્પનિકા** ક્રમાંક ૬૩૭-૬૩૮ ગત વાક્યોના ખોટા છેદ (splitting)નું પરિણામ છે.

**શાન્તિપર્વ**– આને કેટલાક **અ. વિ.**નું સાતમું પર્વ ગણે છે અને એમાં [1]**બૃહચ્છાન્તિસ્તવ**નો અંતર્ભાવ કરાયાનું કહે છે. આ સ્તવ ઉપર હર્ષકીર્તિસૂરિની વિ.સં. ૧૬૫૫માં રચાયેલી ટીકાનો તથા ધનપાલની ટીકા હોવાનો ઉલ્લેખ **જિ. ર. કો.** (વિ ૧, પૃ. ૨૮૫)માં કરાયો છે. આ સ્તવનો વિષય બ્રાહ્મણોના સ્વસ્તિકવાચનાનું તેમ જ **બૃહત્પુણ્યાહવાચન** (Pet. VI No. 602)નું સ્મરણ કરાવે છે.

---

૧. આના પરિચય માટે જુઓ D C G C M (Vol. XVII, pt. 4, pp. 114-221). આ કૃતિનો પદ્યાત્મક અનુવાદ નવસ્મરણ સચિત્ર (પૃ. ૧૩૮-૧૫૭)માં છપાયો છે.

**અર્હદભિષેકવિધિ– જૈ. ગ્રં.** (પૃ. ૧૫૩)માં આ નામની એક કૃતિની નોંધ છે તે કઇ તે જાણવું બાકી રહે છે.

**અભિષેકવિધિ** કિંવા **બૃહચ્છાન્તિકાભિષેક–** આ દિ. આશાધરની કૃતિ છે એમ **જિ. ર. કો.** (વિ. ૧)નાં પૃ. ૧૪ અને ૨૮૫માં ઉલ્લેખ છે. P. ૨૮૦

**અભિષેકવિધિ** નામની એક અજ્ઞાતકર્તૃક રચના પણ છે.

[1]**નિત્યમહોદ્દ્યોત** કિંવા [2]**મહાભિષેક–** આ કૃતિ **આશાધરે** રચી છે અને એનો ઉલ્લેખ એમણે **ધર્મામૃત**ની સ્વોપજ્ઞ વૃત્તિ નામે **ભવ્યકુમુદચન્દ્રિકા**ની પ્રશસ્તિ (શ્લો. ૧૭)માં કર્યો છે. એનો વિષય જિનાભિષેકની વિધિ છે. એથી આ કૃતિ તે જ ઉપર્યુક્ત **અભિષેકવિધિ** તો નથી એવો પ્રશ્ન મને સ્ફુરે છે.

**મહાભિષેક–** આ નામની બીજી ચાર કૃતિઓ છે. તે પૈકી એકના કર્તાનું નામ જાણવામાં નથી. બાકીના ત્રણનાં નામ ગુણભદ્ર, **જિનસેન** અને **પૂજ્યપાદ** છે.

**સ્નાત્ર-વિધિ–** આ નામની ચાર કૃતિની નોંધ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૪૫૭)માં છે. એ પૈકી જીવદેવસૂરિની [3]રચના તો જ. મ. માં છે અને એના ઉપર 'ચન્દ્ર' કુળના **ગોગ્ગટસૂરિના** શિષ્ય સમુદ્રસૂરિની **ધૂમાવલિકા** નામની [4]વૃત્તિ છે. આ વૃત્તિનું બીજું નામ **કુસુમાવલી** છે અને એ ૨૫૦ શ્લોક જેવડી છે. દેવચન્દ્રે [5]**સ્નાત્ર-વિધિ** નામની એક કૃતિ રચી છે. વળી 'વાદિવેતાલ' **શાન્તિસૂરિએ** પણ તેમ કર્યું છે એ સૂરિની આ કૃતિને [6]**પર્વપંચાશિકા**, [7]**પર્વપંજિકા** તેમ જ **સ્નપનવિધિ** પણ કહે છે. એ શું પૃ. ૨૭૫માં નિર્દેશાયલી **અ. વિ.** તો નથી એવો પ્રશ્ન કોઇક કરે છે. એક અજ્ઞાતકર્તૃક **સ્નાત્રવિધિ** છે અને એ સટીક છે. P. ૨૮૧

[8]**જન્માભિસેય** (જન્માભિષેક)– આ નામની એક કૃતિ અપભ્રંશમાં છે. જુઓ **પત્તન.સૂચી** (પૃ. ૧૮૪).

**રત્નત્રયવિધાન–** આ દિ. **આશાધરની** કૃતિ છે. એનો ઉલ્લેખ એમણે **ધર્મામૃત**ની સ્વોપજ્ઞ વૃત્તિ નામે **ભવ્યકુમુદચન્દ્રિકા**ની પ્રશસ્તિ (શ્લો. ૧૮)માં કર્યો છે.

---

૧. આને શ્રુતસાગરની ટીકા સહિત પન્નાલાલ સોનીએ **અભિષેકપાઠસંગ્રહ**માં સ્થાન આપ્યું છે. આ ટીકાની એક હાથપોથી વિ. સં. ૧૫૮૨માં લખાયેલી છે.

૨. આ નામાંતર માટે જુઓ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૦૫).

૩. આ પૃ. ૨૭૫, ટિ. ૧માં મેં નોંધેલી **જિણન્હવણવિહિ** (જિનસ્નપનવિધિ) છે અને એ "જૈ. સા. વિ."માં પ્રકાશિત છે.

૪. આ "જૈન સાહિત્યવિકાસમંડલ" તરફથી છપાયેલી છે અને એને 'પંજિકા' કહે છે.

૫. આ ગુજરાતી જ કૃતિ હશે એમ લાગે છે.

૬. આ કૃતિ તે **અ. વિ.** છે એમ કેટલાક માને છે.

૭. આ **પર્વપંચાશિકાની શીલાચાર્યકૃતિ** વૃત્તિનું પણ નામ છે એમ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૨૪૦) જોતાં જણાય છે.

૮. "જન્માભિસેય અને મહાવીરકલશ" નામનો મારો લેખ "જૈ. સ. પ્ર." (વ. ૧૪, અં ૩-૪)માં છપાયો છે.

**ઋષભતર્પણ–** આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ છે. એ ક્રિયાકાંડને અંગેની છે.

**બંભચેરપરિકરણ–** આના કર્તા કપૂરમલ્લ છે. એમણે આ કૃતિ ૪૬ પદ્યોમાં રચી છે. એ "મણિધારી શ્રીજિનચન્દ્રસૂરિ" નામના પુસ્તકમાં છપાઇ છે પરંતુ મારા જોવામાં આવી નથી. એ પ્રાકૃતમાં છે.

[**અંજનશલાકા પ્રતિષ્ઠાકલ્પ–** સં. આ. કલ્યાણસાગરસૂરિ. પ્ર. "સિમંધર જૈન મંદિર ખાતું" મહેસાણા સં. ૨૦૩૫

**અંજનશલાકા પ્રતિષ્ઠાકલ્પવિધિ–** સં. અમૃતલાલ ભારમવ. પ્ર. જૈન પેઢી દ્વારા.]

**જિનસ્નાત્રવિધિ તથા અર્હદ્ અભિષેકવિધિ–** પ્ર. "જૈન સાહિત્ય વિકાસમંડલ."

**પ્રતિષ્ઠાકલ્પ અંજનશલાકા-પ્રતિષ્ઠાદિવિધિ–** સં.આ. અશોકચંદ્રસૂરિ.

जिनदत्तसूरिज्ञान भंडार, जैसलमेर के हस्तलिखित ग्रन्थों का सूचीपत्र, द्वितीय खण्ड, संकलनकर्ता-श्री जौद्ररीमल पारेख एवं अन्य, प्रका०-सेवा मंदिर, रावटी, जोधपुर 1988 ई०.

जिनशासननांश्रमणीरत्नो, संपा०-नन्दलाल देवलुक, प्रका०-अरिहन्त प्रकाशन, भावनगर 1994 ई०.

जैनऐतिद्रासिकगूर्जरकाव्यसंयय, संपा०-मुनि जिनविजय, प्रका०-प्रवर्तक श्री कांतिविजय जैनऐतिहासिक ग्रन्थमाला, भावनगर 1926 ई०.

जैनतीर्थसर्वसंग्रह, भाग 1, खंड 1-2, भाग 2, लेखक-पं० अम्बालाल प्रेमचन्द शाह, प्रका०-आनन्दजी कल्याणजी की पेढ़ी, अहमदाबाद 1963 ई०.

जैनप्रतिभादर्शन, संपा०-नन्दलाल देवलुक, प्रका०-श्री अरिहन्त प्रकाशन, भावनगर 2000 ई०.

तपागच्छवंशवृक्ष, लेखक-जयन्तीलाल छोटालाल शाह, प्रका०- जयन्तीलाल छोटालाल शाह, सातभाईनी हवेली, झवेरीवाड़, अहमदाबाद वीर संवत् 2462.

पट्टावलीपराग संग्रह, संपा०-मुनि कल्याविजय गणि, प्रका०-श्री कल्याणविजय शास्त्र संग्रह समिति, जालोर 1966 ई०.

पट्टावलीसमुच्चय, भा.1-2 संपा०- मुनि दर्शनविजय, प्रका०- श्री चारित्र स्मारक ग्रन्थमाला, वीरमगाम 1933 ई० પુનર્મુદ્રણ જિનશાસન આરાધના ટ્રસ્ટ.

**अर्बुदपरिमंडल की जैनधातुप्रतिमाएँ एवं मंदिरावली** ડૉ. સોહનલાલ પટની સિરોહી.

प्रतिष्ठालेखसंग्रह, संपा०- विनय सागर, प्रका०- सुमति सदन, कोटा 1953 ई०.

प्रायीनजैनामेखसंग्रह, भाग 2, संपा०- मुनि जिनविजय, प्रका०- श्री जैन आत्मानन्द सभा, भावनगर 1921 ई०.

प्राचीनतीर्थमालासंग्रह, संशोधक-विजयधर्मसूरि, प्रका०- यशोविजय जैन ग्रन्थमाला भावनगर वि०सं० 1978.

# પ્રકરણ ૪૬ : સ્વમતસમર્થન કિંવા ખંડનમંડન

શબ્દો એના એ જ વપરાય તેમ છતાં કેટલીક વાર એના અર્થ પરત્વે–એનાં વિશિષ્ટ લક્ષણ બાબત ભિન્નતા પ્રવર્તે છે. દા. ત. દેવ, ગુરુ અને ધર્મ એ શબ્દો વિવિધ ધર્મના અનુયાયીઓ વાપરે છે પરંતુ એના સ્વરૂપ સંબંધી એકવાક્યતા નથી. એક જ સંપ્રદાયના માનવીઓમાં પણ કોઈ કોઈ વાર એ સંબંધમાં મતભેદ જોવાય છે. આને લઈને તો જૈન ગ્રંથકારોએ પણ પોતપોતાના પંથને–ગચ્છને અનુકૂળ મંતવ્યો રજૂ કરતી વેળા ખંડન-મંડનના ગ્રંથો યોજ્યા છે. આ જાતના ગ્રંથો પૈકી કેટલાકની હું અહીં નોંધ લઉં છું અને એમ કરતી વેળા જૈન દાર્શનિક કૃતિઓને જતી કરું છું કેમકે એમાં તો અજૈન મંતવ્યોની આલોચનાને સહજ સ્થાન અપાયું છે.

[1]**સ્ત્રીનિર્વાણ-કેવલિભુક્તિ-પ્રકરણ**[2]– આ 'આર્યા' છંદમાં રચાયેલા પ્રકરણના કર્તા 'યાપનીય' વૈયાકરણ **શાકટાયન** છે. એમાં સ્ત્રીની મુક્તિનું પ્રતિપાદન કરનારી ૫૫ કારિકા છે અને કેવલજ્ઞાનીના કવલાહારને અંગે ૩૪ કારિકા છે. આમ એકંદર ૮૯ કારિકા છે. આ કૃતિની એક હાથપોથી પ્રમાણે તો ૪૬ અને ૩૭ એટલે કે કુલ્લે ૮૩ કારિકા છે. આ દ્વારા શ્વેતાંબરોની માન્યતાને અનુકૂળ એવી બે બાબતો P. ૨૮૩
રજૂ કરાઈ છે.

**ઉત્તરજ્ઝયણ** (અ. ૩૬, ગા. ૪૯)ની 'વાદિવેતાલ' **શાન્તિસૂરિ**એ રચેલી **પાઈય ટીકા** (પત્ર [3]૬૭૯અ, [4]૬૭૯આ, [5]૬૮૦અ [6]૬૮૦આ, [7]૬૮૧આમાં, અને [8]૬૮૨અ)માં, **પ્રમાણનયતત્ત્વાલોક** (પરિ. ૭, સૂ. ૫૭)ની **રત્નપ્રભસૂરિ**એ રચેલી ટીકા નામે **રત્નાકરાવતારિકા** (પૃ. [9]૧૬૩ અને [10]૧૬૫)માં, 'ન્યાયાચાર્ય' **યશોવિજયગણિ**એ રચેલી **અજ્ઝપ્પમયપરિક્ખા** (ગા. ૧૬૪ અને ૧૬૯)ની વૃત્તિ (પત્ર [11]૯૧અ અને [12]૯૫આ)માં તેમ જ હારિભદ્રીય **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** (સ્ત. ૧૧, શ્લો. ૫૪) ઉપરની **સ્યાદ્વાદકલ્પલતા** નામની ટીકા (પત્ર [13]૪૨૮અ અને [14]૪૩૦અ)માં આ પ્રકરણની કારિકાઓ ઉદ્ધૃત કરાઈ છે. જેમ આ શ્વેતાંબર મુનિવરોએ પ્રાયઃ સ્ત્રીની મુક્તિરૂપ પોતાના પક્ષની માન્યતાને સિદ્ધ કરવા આ પ્રકરણનો ઉપયોગ કર્યો છે તેમ દિ. **પ્રભાચન્દ્રે** **પ્રમેયકમલ માર્તંડ** (પૃ. ૩૦૦, ૩૦૨ અને ૩૦૭)માં અને **ન્યાયકુમુદચન્દ્ર** (ભા. ૨, પૃ. [15]૮૬૯)માં પૂર્વ પક્ષ રજૂ કરવા માટે એનો એક યા બીજી રીતે ઉપયોગ

---

૧. આ ઈ. સ. ૧૯૨૫માં પ્રકાશિત કરાયું છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૬ અને ૪૫૭). [વિદ્વદ્વર્ય મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.એ અનેક પ્રાચીન પ્રતિઓના આધારે સંપાદિત કરેલ આ ગ્રંથ સ્વોપજ્ઞવૃત્તિ સાથે સં. ૨૦૩૦ માં "જૈન આત્માનંદસભા" દ્વારા પ્રસિદ્ધ થયેલ છે.]

૨. **જિ. ૨. કો.** (વિ. ૧)માં આ નામથી આ કૃતિની નોંધ નથી એમાં પૃ. ૨૬માં **કેવલિભુક્તિપ્રકરણ** તરીકે અને પૃ. ૪૫૪માં **સ્ત્રીનિર્વાણપ્રકરણ** તરીકે પ્રસ્તુત કૃતિનો બે કટકે ઉલ્લેખ છે.

૩. वस्त्रं०. अर्शो०. ४. ब्राह्मी०, जानीते जिनवचनं०. ५. विषम०. ६. संवर०. ७. स्तन०. ८. सा स्वक०(ઉત્તરાર્ધ) ९. यत् संयमोप०. १०. संवर०. ११. संवर०. १२. जिनबचनं जानीते०. १३. वाद०, जिनवचनं जानीते०. १४. संवर०. १५. गार्हस्थेऽपि०.

કર્યો છે અને એમાં અપાયેલી વિવિધ દલીલોનું ખંડન કર્યું છે.[1]

P. ૨૮૪ **તપોટમતકુટ્ટન** કિંવા [2]**તપોટમતકુટ્ટનશત** (લ. વિ. સં. ૧૩૫૦)– આના કર્તા 'ખરતર' ગચ્છના **જિનપ્રભસૂરિ** છે. એમણે આ ૧૦૨ પદ્યોની કૃતિ દ્વારા 'તપા' ગચ્છના કેટલાંક મંતવ્યોનું ખંડન કર્યું છે. **વિશાલરાજગણિ**ના શિષ્યના કથન મુજબ તો આ સૂરિએ 'તપા' ગચ્છના **સોમતિલકસૂરિ**ને ૭૦૦ સ્તોત્રો રચી એ અર્પણ કર્યાં હતાં.[3] જો આ વાત સાચી જ હોય તો પછી તેમણે આ ખંડનાત્મક કૃતિ કેમ રચી એવો સહજ પ્રશ્ન ઉદ્‌ભવે. આનો ઉત્તર એમ સંભવે છે કે આવું કાર્ય એમણે યુવાવસ્થામાં 'ખરતર'
P. ૨૮૫ ગચ્છના તાજા અનુયાયી બન્યા તેવામાં કર્યું હશે પરંતુ પાછળથી એ અનુચિત જણાતાં 'તપા' ગચ્છની નિન્દા કે ઝાટકણી કરવાનું એમણે માંડી વાળ્યું હશે.

પ્રસ્તુત કૃતિ અપ્રકાશિત છે એટલે એનાં આદ્ય ત્રણ પદ્યો ઇત્યાદિ પૃ. ૨૮૪ના ટિ. ૧માં નોંધેલી એક હાથપોથીના આધારે હું રજૂ કરું તે પૂર્વે કહીશ કે સમગ્ર કૃતિ સુબોધ સંસ્કૃતમાં મુખ્યતયા 'અનુષ્ટુભ્' છંદમાં રચાઇ છે અને એનું પરિમાણ ૧૧૦ શ્લોકો જેટલું છે. એના પ્રારંભમાં નિમ્નલિખિત ત્રણ પદ્યો છે :–

''निर्ल्लोठितशठकमठं त्रैलोक्ये प्रथितचारुकारुण्यम् ।
प्रणिपत्य श्रीपार्श्वं 'तपोटमतकुट्टनं' वक्ष्ये ॥१॥

बाह्यक्रियादर्शनेन मोहयन्तो जगज्जनम् ।
तपोभूता अटन्तीति ''तपोटा:' परिकीर्तिता: ॥२॥

तपोटानां मतं चैव मुद्गलानां मतं तथा ।
शाकिनीनां मतं चैक प्रायस्तुल्यानि वक्ष्यन्ते ॥३॥''

---

૧. આ દલીલોના સ્પષ્ટીકરણાર્થે ''ન્યાયાચાર્ય'' મહેન્દ્રકુમારે ટિપ્પણરૂપે **કેવલિભુક્તિ** પ્રકરણમાંથી અવતરણો આપ્યાં છે અને સાથે સાથે એ અવતરણો જે શ્વેતામ્બરીય ગ્રન્થોમાં એમને જોયાજાણ્યાં તેનાં નામો પૃ. ૮૫૨-૮૫૫ અને પૃ. ૮૫૮માં આપ્યાં છે. આવું કાર્ય **સ્ત્રીમુક્તિપ્રકરણ** અંગે પણ એમણે પૃ. ૮૬૫-૮૭૦ અને પૃ. ૮૭૪માં કર્યું છે.

આ ટિપ્પણોમાં મેં નોંધેલા શ્વેતાંબરીય ગ્રન્થો ઉપરાંતના પણ કેટલાક ગ્રન્થોનો ઉલ્લેખ છે. દા.ત. **વાદમહાર્ણવ** (પૃ. ૬૧૨, ૬૧૩, ૭૫૨, ૭૫૩), **સૂયગડ**ની **શીલાંકસૂરિ**કૃત ટીકા (પત્ર ૩૪૬આ), **સ્યાદ્વાવાદરત્નાકર** (પૃ. ૪૭૩, ૪૭૪, ૪૮૦), **નન્દીસુત્ત**ની **મલયગિરીય** વૃત્તિ (પત્ર ૧૩૨આ), **પણ્ણવણા**ની **મલયગિરીય** વૃત્તિ (પત્ર ૨૦ આ, ૨૧અ), **ષડ્દર્શનસમુચ્ચય** (શ્લો. ૫૨)ની ટીકા નામે **તર્કરહસ્યદીપિકા** અને **યુક્તિપ્રબોધ** (પૃ. ૧૧૫).

૨. આ નામ એની અહીંના ''શ્રીજિનદત્તસૂરિ જ્ઞાનભંડારની એક હાથપોથીના અંતમાં પુષ્પિકારૂપે જોવાય છે. એમાં ૧૦૨ પદ્યો છે એટલે આ નામ પદ્યોની દૃષ્ટિએ સાર્થક ઠરે છે.

૩. જુઓ ''કાવ્યમાલા'' (ગુ. ૭)માં છપાયેલા **સિદ્ધાન્તાગમસ્તવ**ની અવચૂરિ કે જે આ શિષ્યે રચી છે. એમણે પ્રથમ પદ્યમાં પોતાના ગુરુનું નામ ગુપ્ત રીતે ગૂંથ્યું છે અને એનો નિર્દેશ અંતમા એક પદ્ય આપી કર્યો છે. આથી એ વાત સ્પષ્ટ થાય છે. કે **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૫૮)માં આ અવચૂરિના કર્તા તરીકે **વિશાલરાજ**નું જે નામ અપાયું છે તે ખોટું છે.

પ્રથમ પદ્ય આ કૃતિનું નામ દર્શાવે છે. બીજું પદ્ય 'તપોટ' કહેવાનું કારણ પૂરું પાડે છે. ત્રીજું પદ્ય 'તપોટ' મતને મુદ્ગલોના તથા શાકિનીના મતની લગભગ સમાન હોવાનું સૂચવે છે.

૨૪મા પદ્યમાં 'પૂર્ણિમા' પક્ષનો ઉલ્લેખ છે. ૩૪મા પદ્યમાં **હરિભદ્ર** મુનીન્દ્રના વચનની અવગણના તપોટ કરે છે એમ કહ્યું છે.

અંતિમ પદ્ય નીચે મુજબ છે :–

''इति जिनप्रभसूरिकृतं 'तपोटमत्रकुट्टन' शास्त्रममत्सरः ।
भवति सूक्ष्मधिया परिभावयत्बुधजनो विधिपक्षविचक्षणः ॥१०२॥''

[1]**ગુરુતત્ત્વપ્રદીપ** કિંવા **ઉત્સૂત્રકન્દકુદ્દાલ** (વિક્રમની ચૌદમી સદી)– આ કૃતિના પ્રણેતાએ આમાં P. ૨૮૬
કે એના સ્વોપજ્ઞ વિવરણમાં પોતાનો પરિચય જરા જેટલો પણ આપ્યો નથી. પ્રસ્તુત કૃતિ આઠ વિશ્રામમાં વિભક્ત છે. એમાં પદ્યોની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :–

૪૦, ૪૦, ૨૦, ૪૦, ૨૦, ૩૦, ૩૦ અને ૨૧. આમ એકંદરે ૨૪૧ પદ્યો છે.

**કર્તા**– આ કૃતિ **ક્ષેમકીર્તિસૂરિ**ના શિષ્ય **નયપ્રભે** રચી છે.[2]

**વિષય**– આ કૃતિમાં 'તપ' ગચ્છનું સ્થાપન છે જ્યારે દિગંબર, ચૈત્યપાક્ષિક, પૂર્ણિમીયક, ઔષ્ટ્રિક અને [3]ત્રિસ્તુતિક અને પાંચ મતોનું નિરસન છે. દ્વિતીય વિશ્રામ (શ્લો. ૩૮)માં **આર્દ્રગુપ્ત**ના શિષ્ય 'યાપનીય' હોવાનો ઉલ્લેખ છે. પંચમ વિશ્રામ (શ્લો. ૧૪)માં કહ્યું છે કે તીર્થંકરે આપેલી ક્રિયાનો છેદ **જિનદત્તે** કર્યો. મને સંઘ કંઇ કહેશે એવા ભયથી એઓ ઊંટ ઉપર બેસી પલાયન કરી ગયા. આના વિવરણ (પૃ. ૮૮)માં એવો ઉલ્લેખ છે કે રાત્રે ઊંટ ઉપર બેસી પત્તનથી જાવાલિપુર **જિનદત્તસૂરિ** નાસી ગયા એથી લોકોએ એમનું ''ઔષ્ટ્રિક નામ પાડ્યું. P. ૨૮૭

**રચના સમય**– આઠમા વિશ્રામના શ્લો. ૧૪માં **ક્ષેમકીર્તિ** વગેરેના ચારિત્રને 'આગમાનુસારી' કહ્યું છે. એ ઉપરથી તેમ જ એના સ્વોપજ્ઞ વિવરણ (પૃ. ૧૩૪)માં **ક્ષેમકીર્તિસૂરિ**નો અને સાથે સાથે એમના ગુરુ **વિજયચન્દ્રસૂરિ**નો ઉલ્લેખ છે એ ઉપરથી જાણી શકાય છે કે આ **ક્ષેમકીર્તિસૂરિ** 'બૃહત્ તપા' ગચ્છના છે અને એમણે જ **કપ્પ**ના ભાસ અને ચુણ્ણિ ઉપર વિ. સં. ૧૩૩૨માં વૃત્તિ રચી છે. આમ પ્રસ્તુત કૃતિ એ અરસામાં રચાયેલી ગણાય.

**સ્વોપજ્ઞ વિવરણ**– આમાં કેટલાંક અવતરણો છે. એમાં એક **અભિ. ચિ.**માંથી છે. પૃ. ૧૦૦માં વર્ધમાનસૂરિકૃત **મુહપત્તિકુલય** ઉદ્ધૃત કરાયું છે. એમાં ૨૮ ગાથા છે. વિ. ૨, શ્લો. ૩૭ના વિવરણમાં દેવસૂરિએ દિ. **કુમુદચન્દ્ર**ને વાદમાં **સિદ્ધરાજ**ની સમક્ષ પરાજિત કર્યાનો વૃત્તાન્ત છે.

---

૧. આ કૃતિ સ્વોપજ્ઞ વિવરણ, એના ઉદ્ધારકની પ્રશસ્તિ તેમ જ **ગુરુતત્ત્વ વ્યવસ્થાપનવાદસ્થલ** સહિત ''આગમોદ્ધારક ગ્રન્થમાલા''ના વીસમા રત્ન તરીકે વિ. સં. ૨૦૧૮માં પ્રકાશિત કરાઇ છે. એમાં **ગુરુતત્ત્વપ્રદીપ**નો સંક્ષિપ્ત વિષયાનુક્રમ સંસ્કૃતમાં અપાયો છે.

૨. જુઓ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૨, પૃ. ૭૩૪).

૩. આ મતની ઉત્પત્તિ વિ. સં. ૧૨૫૦માં થઇ છે.

ઉદ્ધરણો– **ગુરુતત્ત્વપ્રદીપ**નાં કેટલાંક પદ્યો **ધર્મસાગરગણિ**એ પોતાની વિવિધ કૃતિઓ નામે **તત્ત્વતરંગિણી, પવયણપરિક્ખા** ઇત્યાદિમાં ઉદ્ધૃત કર્યાં છે. **ગુરુતત્ત્વપ્રદીપ**ના વિ. ૧નો શ્લો. ૨૧ **શ્રાદ્ધવિધિવિનિશ્ચય**માં ચતુર્થ ચરણ પૂરતા પાઠભેદપૂર્વક જોવાય છે.

**બે હાથપોથીઓ**– નારદપુરીમાં **ધર્મસાગરગણિ**એ **તત્ત્વતરંગિણી** રચી એ જોઈ અમને 'નિહ્નવ'
P. ૨૮૮ કહ્યા છે એમ ખરતરોએ કજીયો ઊભો કર્યો. એ ઉપરથી એ ગણિએ **વિનયસાગરગણિ**ને ઠાકુર **સદય** વચ્છને ઘેર જીર્ણ તાડપત્રીય પ્રતિની શોધ માટે મોકલ્યા. એ પ્રતિ એમણે મેળવી. એવામાં આ પ્રતિનો પ્રચાર થશે એવી બીકથી ખરતરોએ બૃહચ્છાલિક લિંગીઓ (લૈંગિકો)ને પ્રેરણા કરી એટલે તેમણે કહ્યું કે અમારું પુસ્તક જલદી પાછું આપો, નહિ તો કજીયો થશે. તે ઉપરથી વિ. સં. ૧૬૦૬માં જલદી પ્રતિ ઉતારી લેવાઇ. એ કાર્ય પત્તનમાં રહીને **વિમલસાગરગણિ**એ, **જ્ઞાનવિમલગણિ**એ, **વિનયસાગરગણિ**એ તેમ જ **વિવેકવિમલગણિ**એ જેવું જણાયું છે પ્રમાણે કર્યું. કોઇક સ્થળે લિપિ નહિ સમજાવાથી તેમ જ કોઈ કોઈ પત્ર નહિ મળ્યાથી આ ઉદ્ધરણ અન્ય પ્રતિ દ્વારા સુધારી લેવાનું પ્રશસ્તિના અંતમાં **વિવેકસાગરગણિ**એ સૂચન કર્યું છે. આની બીજી એક હાથપોથી વિ. સં.. ૧૬૮૩માં લખાયેલી છે. આ **ગુરુતત્ત્વપ્રદીપ** ઉપરથી **ધર્મસાગરે ગુરુતત્ત્વપ્રદીપિકા** રચી છે. એનો **ષોડશશ્લોકી** પણ કહે છે.

[1]**ગુરુતત્ત્વવ્યવસ્થાપનવાદસ્થલ**– આ ૪૦૦ શ્લોક જેવડી કૃતિમાં શરૂઆતમાં એ કથન છે કે કેટલાક મતિવિર્પયાસને લઇને એમ બોલે છે કે સંપ્રતિ કાળને યોગ્ય યતના વડે યત્ન કરનારા જે સાધુઓ છે તેઓ વન્દ્ય નથી. એ ઉપરથી શું આ સાધુઓ પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સસક્ત કે યથાચ્છંદક છે એમ પ્રશ્ન ઉઠાવી પાર્શ્વસ્થ વગેરેનું નિરૂપણ કરાયું છે. એમ કરતી વેળા વિવિધ ગ્રન્થોમાંથી મહત્ત્વનાં અવતરણો અપાયાં છે. પૃ. ૧૪૫-૧૪૬માં **પંચકલ્પ**ની પાંચ ગાથાઓ રજૂ કરાઇ છે.

P. ૨૮૯ [2]**અંચલમતદલન** કિંવા **અવિધિમતવિપોષધ** (વિ. સં. ૧૪૮૦)– આના કર્તા **હર્ષભૂષણ** છે. એઓ **મુનિસુન્દરસૂરિ**ના ભક્ત છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪)માં એમને **હર્ષસેન**ના શિષ્ય ગણ્યા છે. એમણે ૧૦૦૦ શ્લોક જેવડી આ કૃતિ ચાર અધિકારમાં વિભક્ત કરી છે. એ દ્વારા પ્રથમ અધિકારમાં મુખવસ્ત્રિકાની, બીજામાં પ્રતિક્રમણને અંગેના સ્થાપનાચાર્યની, ત્રીજામાં અનુમાનની અને એના સાધનની અને ચોથામાં દૃષ્ટાન્તની સિદ્ધિ કરાઇ છે. ટૂંકમાં કહું તો એમણે આ કૃતિ દ્વારા 'અંચલ' ગચ્છની કેટલીક માન્યતાઓનું ખંડન કર્યું છે.

[3]**શ્રાદ્ધવિધિવિનિશ્ચય** (વિ. સં. ૧૪૮૦)– આ પણ ઉપર્યુક્ત **હર્ષભૂષણ**ની કૃતિ છે. એ ચાર અધિકારમાં વિભક્ત છે. એમાં 'અંચલ' મતનું ખંડન છે.

[4]**અંચલમતનિરાકરણ** કિંવા [5]**વાસોડન્તિકાદિપ્રકરણ** (ઉ. વિ. સં. ૧૪૮૦)– આ ૫૦૦ શ્લોક

૧. આ આગમોદ્ધારક ગ્રંથમાળા પ્રકાશિત છે.

૨. આ કૃતિમાંના આદ્ય અને અંતિમ ભાગ પૂરતું લખાણ મેં D C G C M (Vol. XVIII. pt, 1, 127-130)માં આપ્યું છે.

૩. આની જે એક હાથપોથી ''જૈનાનન્દ પુસ્તકાલય''માં છે તેના પત્ર ૭અમાં ''ચરવલક શબ્દ છે. આ શબ્દ ઉપરથી ગુજરાતીમાં 'ચરવળો' શબ્દ ઉદ્ભવ્યો હશે, સિવાય કે એ બનાવટી હોય.

૪. આના સંક્ષિપ્ત પરિચય માટે જુઓ ટિ. ૨માં નિર્દેશાયેલું સૂચીપત્ર (પૃ. ૧૩૧-૧૩૩).

૫. જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૩૪૮)માં આ કૃતિનો **મુખવસ્ત્રિકા** તરીકે જે ઉલ્લેખ છે તે વિચારણીય છે.

જેવડી કૃતિના પ્રણેતા ગુણરત્ન છે. એઓ દેવસુન્દરસૂરિના શિષ્ય થાય છે. આ પણ 'અંચલ' મતની P. ૨૯૦
કેટલીક માન્યતાના ખંડનરૂપ કૃતિ છે. એમાં પરંપરાના પ્રામાણ્યનો વિચાર કરાયો છે. એ ઉપરાંત પાક્ષિક, 'પર્યુષણ પર્વ, મુખવસ્ત્રિકા, ચરવલક (ચરવાળા) ઇત્યાદિ લગતી પણ હકીકત વિચારાઈ છે.

**તત્ત્વબોધ પ્રકરણ**– જિ. ર. કો. (વિ. ૧, પૃ. ૧૫૨) પ્રમાણે આના કર્તા **શાન્તિસૂરિ**ના શિષ્ય **અમરચન્દ્ર**ના શિષ્ય છે. એમણે આ કૃતિ દ્વારા 'અંચલ' ગચ્છની કેટલીક માન્યતાઓનું ખંડન કર્યું છે.

**સમાનનામક કૃતિ**– આના કર્તા હરિભદ્ર બીજા છે અને એ કૃતિનું અપર નામ **નિજતીર્થકકલ્પિતકુમતનિરાસ** છે એમ બૃ. ટિ. માં ઉલ્લેખ છે એટલું જ નહિ પણ અહીં આ કૃતિને "आंचलिकपौर्णमतछिद्रं" એમ કહ્યું છે. એથી એમ જણાય છે કે એ અંચલ અને પૌર્ણિમિક એ બે ગચ્છના કેટલાક વિચારોના ખંડનરૂપ હશે.

**અંચલમતસ્થાપન**– **જૈ. ગ્રં.** (પૃ. ૧૫૮)માં આની જે નોંધ છે એ પ્રમાણે અમદાવાદના **ચંચલબાઈ**ના ભંડારમાં આની એક હાથપોથી છે એ તપાસાય તો આ કૃતિ વિષે વિશેષ પ્રકાશ પડે, બાકી નામ ઉપરથી જ કહેવાનું હોય તો એ 'અંચલ મતની જે માન્યતાઓ સામે અન્ય ગચ્છના અનુયાયીઓએ જે આક્ષેપો કર્યા છે તેના અહીં ઉત્તર આપી પોતાનો પક્ષ સ્થાપવામાં આવ્યો હોવો જોઈએ.

**સંશયિ-વદન-વિદારણ** (ઉ. વિ. સં. ૧૫૮૨)– આ દિ. [1]શુભચન્દ્રની કૃતિ છે. આ કૃતિનો ઉલ્લેખ એમણે પોતાના **પાણ્ડવપુરાણ**ની પ્રશસ્તિમાં કર્યો છે. આ કૃતિમાં શ્વેતાંબરોની સ્ત્રીની મુક્તિ P. ૨૯૧
ઇત્યાદિ માન્યતાઓનું ખંડન છે. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૪૦૭)માં આકૃતિ **સંશય-વદન-વિદારણ** એ નામે નોંધાયેલી છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૯૨માં લખાયાનો તેમ જ આ કૃતિ ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ હોવાનો અહીં ઉલ્લેખ છે.

**વૃત્તિ**– આ સ્વોપજ્ઞ છે.

[2]**ચામુણ્ડિકમતોત્સૂત્રદીપિકા** કિંવા [3]**ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા** (વિ. સં. ૧૬૧૭)– આ વિજયદાનસૂરિના વિનેય **ધર્મસાગરગણિ**એ વિ. સં. ૧૬૧૭માં શોભાલયપુરમાં રચેલી કૃતિ છે. આના પ્રારંભમાં ચાર પદ્યો અને અંતમાં ત્રણ પદ્યો છે : (૧) 'ઔષ્ટ્રિક' મતના નામનું સ્થાપન, (૨) 'ઔષ્ટ્રીક' મતનાં ઉત્સૂત્રોને નિર્દેશ અને એનું નિરાકરણ, (૩) સમ્યક્ત્વનો ત્યાગ કરેલાઓનું ફરીથી સમ્યક્ત્વારોપણ અને (૪) ઔષ્ટ્રિક મતોત્સૂત્રનો ઔષ્ટ્રિકના જ મુખે આવિષ્કાર.

પ્રથમ અધિકારમાં કહ્યું છે કે પોતાનો મત વિસ્તારવા માટે જિનદત્તે ચામુંડાનું આરાધન કર્યું હોવાથી આ મતને ચામુંડિક નામ અપાયું. ઔષ્ટ્રિક અને ખરતર એ બે એનાં નામાંતર છે. અહીં (પૃ. ૨માં) કહ્યું છે કે ઔષ્ટ્રિકોએ રચેલા આધુનિક ગ્રન્થોમાં એવો ઉલ્લેખ છે કે ક્વચિત ૮૪ મઠાધિકારીઓને દુર્લભરાજની સમક્ષ **જિનેશ્વરસૂરિ**એ વિ. સં. ૧૦૨૪માં કે પછી વિ. સં. ૧૦૮૦ જીતીને 'ખરતર' બિરુદ P. ૨૯૨
મેળવ્યું હતું તો આ ઉલ્લેખ ખોટો છે કેમકે દુર્લભરાજને તો વિ. સં. ૧૦૬૬માં પત્તનમાં રાજ્ય મળ્યું હતું અને વિ.સં. ૧૦૭૭માં તો એનું નિધન થયું હતું એમ **કુમારપાલપ્રબન્ધ** વગેરેમાં કથન છે. પૃ. ૪માં કહ્યું છે કે **જિનદત્તસૂરિ**થી વિ.સં. ૧૨૦૪માં 'ખરતર' મત ઉદ્ભવ્યો.

૧. જૈ. ગ્રં. (પૃ. ૯૪)માં આને બદલે 'શુભચન્દ્રશિષ્ય' એવો ઉલ્લેખ છે તે ભ્રાન્ત છે.

૨. આ નામ પ્રસ્તુત કૃતિના પ્રારંભમાંના ચતુર્થ પદ્યમાં જોવાય છે.

૩. આ નામથી આ કૃતિ "આગમોદ્ધારક ગ્રન્થમાલા"માં ૧૬મા રત્ન તરીકે વિ. સં. ૨૦૧૮માં પ્રસિદ્ધ કરાઈ છે.

દ્વિતીય અધિકારમાં જિનેશ્વરની પૂજાનો સ્ત્રીને નિષેધ ઇત્યાદિ ૨૫ (૧૧+૩+૫+૬) ઉત્સૂત્રોનો ઉલ્લેખ કરી એની ચર્ચા કરાઇ છે. આ કૃતિમાં તિથિચર્ચા, 'પર્યુષણ'પર્વ ક્યારે કરવું ઇત્યાદિ બાબતો પણ વિચારાઇ છે. એકંદરે આ કૃતિ 'સંવાદ' શૈલીમાં રચાઇ છે.

[1]**કુમતાહિવિષજાંગુલીમન્ત્ર**[2] કિંવા **હિતોપદેશ** (વિ. સં. [3]૧૬૭૭)– ૫૧૮ શ્લોક જેવડી કૃતિના કર્તા **શાન્તિચન્દ્રગણિ**ના શિષ્ય **રત્નચન્દ્રગણિ** છે. **અધ્યાત્મકલ્પદ્રુમ**ની ટીકાની પ્રશસ્તિમાં એમણે પોતાની
P. ૨૯૩ આ કૃતિનો ઉલ્લેખ કર્યો છે. એમ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૯૨)માં ઉલ્લેખ છે પરંતુ મુદ્રિત વૃત્તિમાં તો આ કૃતિનું નામ જણાતું નથી.

આ કૃતિના નામનો અર્થ એ છે કે 'કુમતરૂપી સર્પના ઝેરનો નાશ કરનારાનો મન્ત્ર'.

[4]**કુમતાહિવિષજાંગુલીમન્ત્રતિમિરતરણિ** (પત્ર ૨)માં સૂચવાયા મુજબ આ કૃતિના અંતમાં ૬૬ શ્લોક જેવડી પ્રશસ્તિ છે પણ એ પ્રશસ્તિ મુદ્રિત કૃતિમાં અપાઇ નથી અને લખાણમાં ઘાલમેલ કરાઇ છે. પ્રથમ પત્રમાં કહ્યું છે કે **ભક્તિસાગરગણિ**એ જે ''ઉપાધ્યાય **સોમવિજયગણિ**ને ૧૮ પ્રશ્નો''ના નામથી લખાણ લખ્યું હતું તેના પ્રતિકારરૂપે આ કૃતિ યોજાઇ છે. ઉપાધ્યાય **ધર્મસાગરગણિ**એ વિ.સં. ૧૬૫૦માં રચેલા **સવ્વણ્ણુસયગ** (સર્વજ્ઞશતક) આ **કુમતાહિવિષજાંગુલીમન્ત્ર**ની ઉત્પત્તિમાં નિમિત્તરૂપ બની છે. આ **કુમતાહિવિષજાંગુલીમન્ત્ર**માં વિ.સં. ૧૬૪૯નો અને વિ. સં. ૧૬૭૧નો એમ બે પટ્ટક અપાયા છે.

**ષટ્ત્રિંશન્મતખંડન**– આ **હીરવિજયસૂરિ**ની રચના છે. એમાં એના નામ પ્રમાણે ૩૬ મતોનું ખંડન હશે.

**ષટ્ત્રિંશજ્જલ્પસંગ્રહ ષટ્ત્રિંશજ્જલ્પનિર્ણય** કિંવા **જલ્પસંગ્રહ** (વિ. સં. ૧૬૭૯)– આના કર્તા **ભાવવિજય** છે. એઓ ઉપાધ્યાય [5]**મુનિવિમલ**ના શિષ્ય થાય છે. એમણે **ઉત્તરજ્ઝયણ** ઉપર વિ.સં. ૧૬૮૯માં રોહિણીપુરમાં વૃત્તિ રચી છે. એમાં એમણે કથાઓ પદ્યમાં રચી છે. એમણે વિ. સં. ૧૭૦૮માં
P. ૨૯૪ **ચંપકમાલાકથા** રચી છે. વળી એમણે **કલ્પસૂત્રદીપિકા, સુબોધિકા** અને **લોકપ્રકાશ**નું સંશોધન કર્યું હતું. એમણે પ્રસ્તુત કૃતિ વિ. સં. ૧૬૭૯માં કર્પટવાણિજ્ય (કપડવંજ)માં રચી છે. આ કૃતિ દ્વારા એમણે એ સમયની શાસનની સ્થિતિ વર્ણવી છે.

**રચના**– પ્રસ્તુત કૃતિમાં પ્રારંભમાં ત્રણ પદ્યો દ્વારા 'શંખેશ્વર પાર્શ્વનાથ, વાણી અને **હીરવિજયસૂરિ**ની સ્તુતિ કરાઇ છે. અંતમાં ૧૧ પદ્યોની પ્રશસ્તિ છે. બાકીની કૃતિ ગદ્યમાં છે.

---

૧. આ કૃતિ વિ. સં. ૨૦૦૮ના જેઠ માસની આસપાસમાં પ્રકાશિત કરાઇ છે. તેમ છતાં પ્રકાશનવર્ષ ૨૦૦૭નું છે એમ **કુમતાહિન્તરણિ** (પત્ર ૨)માં ઉલ્લેખ છે.

૨. આને કેટલાક **કુમતિવિષોત્તારણજાંગુલીમન્ત્ર** તેમ જ **કુમતાહિવિષમવિષોત્તરજાંગુલીમન્ત્ર** પણ કહે છે.

૩. આ કૃતિની અન્ય પ્રશસ્તિ પ્રમાણે એ વિ. સં. ૧૬૮૨માં પૂર્ણ કરાઇ છે.

૪. આ ગુજરાતી કૃતિ 'શાસનકંટકોદ્ધારક' **હંસસાગરજી**એ રચી છે અને એ **મોતીચન્દ દીપચંદે** ઠળિયાથી વિ. સં. ૨૦૦૯માં પ્રકાશિત કરી છે.

૫. એઓ **વિજયદાનસૂરિ**ના શિષ્ય **વિમલહર્ષ**ના શિષ્ય થાય છે.

**વિષય**– આ કૃતિની શરૂઆતમાં કહ્યું છે કે મિથ્યાત્વરૂપ સમુદ્ર તરી જવા માટે જિનપ્રવચનરૂપ વહાણનો આશ્રય લેવો જોઈએ. અહીં સમુદ્ર અને વહાણનું રૂપકોની પરંપરા દ્વારા' વર્ણન કરાયું છે. **સોમ**વિજયે [1]**ધર્મ**સાગરગણિના ગ્રંથોમાંથી શાસ્ત્રવિરુદ્ધ જણાતા જે ૩૬ જલ્પો એકત્રિત કર્યા તેનું ખંડન એ આ કૃતિનો મુખ્ય વિષય છે.

**જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૪૦૦) પ્રમાણે આ કૃતિ તે **ધર્મ**સાગરગણિએ 'તપા' ગચ્છના ગ્રંથોના બચાવરૂપે કરેલી રચના છે એમ "DA. Note"ના આધારે જે કથન કરાયું છે તે વિચારણીય જણાય છે. આ કૃતિનો ગદ્યાત્મક સારાંશ ઉપાધ્યાય **વિનયવિજય**ગણિએ રચ્યો છે.

**ષટ્ત્રિંશજ્જલ્પવિચાર**– **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૪૦૦) પ્રમાણે આના કર્તા **ભીમ**ભાવવિજય છે.

**વિનયભુજંગમયૂરી** (લ. વિ. સં. ૧૭૦૦)– **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૫૭) પ્રમાણે આ કૃતિ P. ૨૯૫
**અમૃત**સાગરગણિએ રચી છે જ્યારે **જૈ. ગ્રં.** (પૃ. ૧૬૩)માં એવો ઉલ્લેખ છે કે ૧૨૨ શ્લોક જેવડી આ કૃતિ સાંભળવા મુજબ ઉપાધ્યાય **ધર્મ**સાગરગણિના શિષ્ય **પદ્મ**સાગરે રચી છે અને એ દ્વારા એમણે **વિનયવિજય**ગણિએ રજૂ કરેલા કેટલાક વિચારોનું ખંડન કર્યું છે. મેં એમ સાંભળ્યું છે કે **વિનયવિજય**ગણિએ **સુબોધિકા**માં **ધર્મ**સાગરગણિકૃત **કલ્પકિરણાવલી**ને અંગે જે આક્ષેપો કર્યા છે તેના રદિયારૂપે આ કૃતિ એ **ધર્મ**સાગરગણિના શિષ્યે રચી છે.

[2]**પ્રતિમાશતક**[3] (લ. વિ. સં. ૧૭૧૦)– આના કર્તા ન્યાયાચાર્ય **યશો**વિજયગણિ છે. એમની આ એક ખંડનાત્મક કૃતિ છે. એમાં ૧૦૪ પદ્યો છે. એ પૈકી પ્રશસ્તિરૂપ અંતિમ પદ્ય માલિનીમાં છે જ્યારે બાકીનાં શાર્દૂલવિક્રીડિતમાં છે. પ્રથમ પદ્ય પ્રતિમાની સ્તુતિરૂપ છે અને એનો પ્રારંભ 'ઐન્દ્ર'થી કરાયો છે. પહેલાં ૬૯ પદ્યો 'લૉંકા' ગચ્છના અનુયાયીઓની તેમ જ સ્થાનકવાસીઓની એટલે કે મૂર્તિને નહિ P. ૨૯૬
માનનારની ઝાટકણીરૂપ છે.[4] આ વિષય આ ગ્રંથકારે **દેવધર્મપરીક્ષા,** ગુજરાતીમાં રચેલાં **મહાવીરસ્વામીસ્તવન** અને **સીમન્ધરસ્વામીસ્તવન** વગેરેમાં ચર્ચ્યો છે. અહીં એમણે મૂર્તિપૂજાના વિરોધી તરફથી જે જે શંકા ઉઠાવી શકાય તે બધીનું નિરસન કર્યું છે. ૬૦મા પદ્યમાં કૂવાના દૃષ્ટાન્તનો ઉલ્લેખ છે. એને અંગેનું **વિસેસા.**માંનું અવતરણ સ્વોપજ્ઞ વૃત્તિમાં છે.

---

૧. એમના જલ્પો માટે જુઓ **વિનયસૌરભ** (પૃ. ૭૫).

૨. આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિના સારાંશરૂપ **ભાવપ્રભ**સૂરિકૃત વૃત્તિ સહિત "જૈ. આ. સ." તરફથી વિ. સં. ૧૯૭૧માં પ્રસિદ્ધ કરાઈ છે. આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત તો "મુ. ક. જૈ. મો. મા."માં ઈ.સ. ૧૯૨૦માં પ્રકાશિત કરાઈ છે. પણ એમાં અશુદ્ધિઓ છે તેમ જ અવતરણો, ગ્રંથો વગેરેની સૂચી અપાઈ નથી. ગ્રંથો માટેની સૂચી તૈયાર કરી મેં **યશોદોહન**માં આપી છે. એ પૃ. ૨૬૨-૨૬૫માં છપાઈ છે ખરી પરંતુ એનાં મુદ્રણપત્રો જોનારાએ ગ્રંથોનાં નામો મારી મુદ્રણાલયપુસ્તિકા અનુસાર નહિ રજૂ કરતાં સ્વેચ્છા પ્રમાણે ગ્રંથના નામોમાં વૃત્તિ, સૂત્ર જેવા શબ્દો કેટલીયે વાર ભિન્ન રાખ્યાં છે એટલે આ અશુદ્ધિઓ માટે હું જોખમદાર નથી. [સ્વોપજ્ઞટીકા સાથે પ્રતિમાશતક પં. અજિતશેખર વિ. ગણીના ગુજરાતી અનુવાદ સાથે દિવ્યદર્શનથી પ્રસિદ્ધ થયું છે.]

૩. સ્વોપજ્ઞ વૃત્તિના આદ્ય પદ્યમાં "પ્રતિમાશતક-ગ્રંથ" એવો ઉલ્લેખ છે.

૪. આ સંબંધમાં શ્લો. ૯૭ની સ્વોપજ્ઞ વૃતિ અને એમાં ઉદયનાચાર્યકૃત **ન્યાયકુસુમાંજલિ**નું ઉદાહરણ વિચારવાં ઘટે.

પદ્ય ૭૦-૭૮ દ્વારા વિધિ ઉપર ભાર મૂકનાર **ધર્મસાગરગણિ**ના વિચારોની ન્યાયાચાર્યે આલોચના કરી છે. એનાં પછીનાં બે પદ્યો રચી એમણે તીર્થંકરની પ્રતિમાની સ્તુતિ કરી છે. આના પછી બાર પદ્યો દ્વારા **પાશચન્દ્ર** (પાયચન્દ)મતનું ખંડન કર્યું છે. જિનપૂજા ઇત્યાદિ કૃત્યથી જે પુણ્ય ઉપાર્જન થાય તેનું શું એ વાતની ચર્ચા ત્રણ પદ્યો દ્વારા કરી છે. પછીનાં બે પદ્યો 'શંખેશ્વર' પાર્શ્વનાથને ઉદ્દેશીને રચી એમણે નયોની સમજણ આપી છે. ૯૭માં પદ્યમાં એમણે વ્યવહારનયને ઉચિત ભક્તિ તેમ જ નિશ્ચયનયને ઉચિત ભક્તિનો ભેદ દર્શાવ્યો છે. ત્યાર બાદ એમણે છ પદ્યો દ્વારા સર્વજ્ઞની અને એની પૂજાની પ્રશંસા કરી છે અને અંતિમ પદ્ય (શ્લો. ૧૦૪) પ્રશસ્તિરૂપે રચ્યું છે.

[1]**સ્વોપજ્ઞ વૃત્તિ–** શિષ્યની અભ્યર્થનાથી યોજાયેલી આ વૃત્તિમાં પ્રારંભમાં ચાર પદ્યો છે અને
P. ૨૯૭ અંતમાં ૧૮ પદ્યો છે. એમાં વૃત્તિકારનાં 'ન્યાયવિશારદ' અને 'ન્યાયાચાર્ય' એ બે બિરુદોનો ઉલ્લેખ છે. આ વૃત્તિમાં અનેક [2]આગમોમાંથી અવતરણો અપાયાં છે. **હરિભદ્રસૂરિ**એ **પંચવત્થુગ**ની સ્વોપજ્ઞ ટીકામાં જે 'થયપરિણ્ણા' (સ્તવપરિજ્ઞા)નો અધિકાર આપ્યો છે તેને શ્લો. ૬૭ની વૃત્તિમાં સ્થાન અપાયું છે. વળી **સમ્મઇપયરણ**ની કેટલીક કેટલીક ગાથાઓ અવતરણરૂપે અપાઈ છે. તેમાં શ્લો. ૯૫ની વૃત્તિમાં એક ગાથા આપતી વેળા ''ગન્ધહસ્તી'' એવો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરથી એ ફલિત થાય છે કે **સિદ્ધસેન** દિવાકરને ન્યાયાચાર્ય 'ગન્ધહસ્તી' ગણે છે પરંતુ એમની પૂર્વે આમ કોઇએ કર્યાનું જણાતું નથી એટલું જ નહિ પણ સભાષ્ય **ત. સૂ.**ના ટીકાકાર **સિદ્ધસેન**ગણિ તે જ ગન્ધહસ્તી છે એમ આધુનિક વિદ્વાનોનો મોટો ભાગ માને છે એટલે આ વાત વિચારવા જેવી ગણાય.

'શત્રુંજયગિરિ એ અનન્ત સિદ્ધોની સ્થાપનારૂપ તીર્થ છે એ સિદ્ધ કરવા માટે શ્લો. ૨ની વૃત્તિ (પત્ર ૧૦)માં એવો ઉલ્લેખ કરાયો છે કે મનુષ્યલોકમાં અન્યત્ર અનન્ત જીવો સિદ્ધ થયા છે છતાં એ જાતનો સ્પષ્ટ પ્રતિભાસ થાય છે. આ ગિરિને વિષે અનન્ત સિદ્ધોની સ્થાપનારૂપ તીર્થની સ્થાપના થયેલી હોવાથી અર્થાત્ 'આ તીર્થ છે, આ તીર્થ છે' એવી ભાવના અનેક મહાપુરુષોએ ભાવેલી હોવાથી આ તીર્થ ઉત્કૃષ્ટ છે.

P. ૨૯૮ **પૌર્વાપર્ય–** શ્લો. ૯ની સ્વોપજ્ઞ વૃત્તિમાં પત્ર ૩૦માં **અલંકારચૂડામણિ**ની વૃત્તિનો અને પત્ર ૨૯૮માં **અષ્ટસહસ્રીવિવરણ**નો ઉલ્લેખ કરી એનાં બે પદ્યો અપાયાં છે. શ્લો. ૯૫ વૃત્તિમાં **ષોડશક** ઉપર ન્યાયાચાર્યે રચેલી **યોગદીપિકા** નામની વૃત્તિનો અને શ્લો. ૫૯ની વૃત્તિમાં **ધર્મપરીક્ષા**નો ઉલ્લેખ છે. આવી રીતે બીજા ઉલ્લેખો તરીકે **અધ્યાત્મમતપરીક્ષા** (પત્ર ૨૯૦), **ગુરુતત્ત્વવિનિશ્ચય** (પત્ર ૭), **દેવધર્મપરીક્ષા** (પત્ર ૬૭) અને **ભાષારહસ્ય** (પત્ર ૨૬૫)નો નિર્દેશ થઇ શકે તેમ છે.

---

૧. આ ''મ. ક. જૈ. મો.''માં પ્રકાશિત છે આની એક હાથપોથી જે વિ. સં. ૧૭૧૩માં લખાયેલી છે તે મળે છે.

૨. ન્યાયાચાર્યે **સીમંધરસ્વામીનું** જે **દોઢસો ગાથાનું સ્તવન** રચ્યું છે તેમાં **પ્રતિમાશતક**નો આશય ઉતારાયો છે. આ સ્તવન ઉપર **જ્ઞાનવિમલસૂરિ**એ બાલાવબોધ રચ્યો છે અને એમાં એમણે આ સ્વોપજ્ઞ વૃત્તિમાંના આગમિક પાઠો રજૂ કર્યા છે.

[1]**વૃત્તિ**– આ વિ. સં. ૧૭૯૩માં રચાયેલી વૃત્તિના કર્તા **મહિમપ્રભસૂરિ**ના શિષ્ય **ભાવપ્રભસૂરિ** છે.

**અનુવાદ**– **પ્રતિમાશતક**નો ગુજરાતીમાં [2]અનુવાદ થયેલો છે. **સીમન્ધરસ્વામીનું** જે **દોઢસો ગાથાનું સ્તવન** રચાયું છે તે **પ્રતિમાશતક**ની છાયારૂપ છે. **ભાવપ્રભસૂરિ**કૃત વૃત્તિનો પણ [3]અનુવાદ થયેલો છે. આ બંને અનુવાદ (ભાષાંતર)ના કર્તા મુળચંદ નથુભાઈ વકીલ છે. [પં. અજિતશેખરવિ. ગણિનો ગુજ. અનુવાદ દિવ્યદર્શન દ્વારા પ્રસિદ્ધ થયો છે.]

**પ્રતિમાશતક** અને એની બે વૃત્તિઓ ઇત્યાદિ વિષે મેં **યશોદોહન** (પૃ. ૧૨, ૧૪, ૫૩, ૫૮, ૭૮, ૮૧, ૮, ૧૬૨, ૧૯૬, ૨૨૫, ૨૪૨, ૨૪૫, ૨૪૭, ૨૫૦-૨૫૨, ૨૫૫ અને ૨૬૧)માં માહિતી આપી છે.

[4]**પ્રતિમા-સ્થાપન-ન્યાય**– આના કર્તા તરીકે ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**નો ઉલ્લેખ કરાય છે. P. ૨૯૯
આ મુદ્રિત કૃતિની શરૂઆત "**પૂજાં**"એવા પ્રતીકથી કરાઈ છે. પ્રારંભમાં **અસુમતાં, સતાં, સૂત્રોક્તમર્યાદયા** ઇત્યાદિના પર્યાયો અપાયા છે. એ જોતાં આ કાંઈક કૃતિનું વિવરણ છે એ વાત ફલિત થાય છે. પત્ર ૧અમાં નામમાલામાંથી [5]એક અવતરણ અપાયું છે. સમગ્ર વિવરણ તાર્કિક વિચારસરણીતી ઓતપ્રોત છે. જિનપૂજા–મૂર્તિપૂજા સિદ્ધ કરવા માટે આ કૃતિ રચાઈ હોય એમ લાગે છે. એનું આ વિવરણ અપૂર્ણ મળ્યું છે. એની શરૂઆતનો પણ થોડોક ભાગ નાશ પામ્યો હોય એમ લાગે છે કેમકે પ્રારંભમાં મંગલશ્લોક જેવું કશું નથી. તેમ છતાં "સુધાલવોऽपि श्रेयान्" અર્થાત્ અમૃતનો અંશ પણ શ્રેયસ્કર છે એ ન્યાયનો અવલંબી આનું પ્રકાશન કરાયું છે તે સમુચિત ગણાય.

**જૈ. ગ્રં.** (પૃ. ૧૦૫)માં આ વિવરણની નોંધ છે. એ ઉપરાંત આની કોઈ હાથપોથી વિષે **જિ. ર. કો.** (વિ. ૧)માં ઉલ્લેખ નથી.

કમલશેખરગણિએ **પ્રતિમા-સ્થાપના-વિચાર** નામની કૃતિ રચી છે અને એની વિ. સં. ૧૬૦૮માં P. ૩૦૦
લખાયેલી હાથપોથી મળે છે.

[6]**આધ્યાત્મિકમતખંડન** કિંવા **આધ્યાત્મિકમતપરીક્ષા** (લ. વિ. સં. ૧૭૪૦)– આ ૧૮ પદ્યની ખંડનાત્મક કૃતિના કર્તા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** છે. આ કૃતિનું આ નામ એની **સ્વોપજ્ઞ ટીકા**ના પ્રારંભમાં જોવાય છે. ૧૮મા (અંતિમ) પદ્યમાં 'આધ્યાત્મિકમતનિર્દલન' એવો શબ્દપ્રયોગ છે. એ ઉપરથી એનું આ બીજું નામ હશે એવી સંભાવના કરાય છે. આ કૃતિને **ન્યા. ય. ગ્રં.**ની ગુજરાતી પ્રસ્તાવના ૯પત્ર

૧. આ "જૈ. આ. સ."માં પ્રસિદ્ધ થયેલી છે.

૨-૩. આ બંને અનુવાદ એક જ પુસ્તકરૂપે **ભીમસી** માણેક તરફથી મૂળ સહિત વિ. સં. ૧૯૫૯માં છપાવાયો છે.

૪. આ નામથી આ કૃતિ **પરમજ્યોતિઃ પંચવિંશતિકા** અને **પરમાત્મપંચવિંશતિકા** સહિત "મુ. ક. જૈ. મો. મા."માં વીરસંવત્ ૨૪૪૬માં છપાયેલી છે. આ નામ શાના આધારે યોજાયું છે તે જાણવું બાકી રહે છે.

૫. આ "विवर्णस्तु... वर्वरश्च स०"રૂપ અવતરણ **અભિ. ચિં.** (કાંડ ૩)ના અંતિમ ભાગમાં શ્લો. ૫૯૬માં નજરે પડે છે. એથી **નામમાલા** તે **હૈમ નામમાલા** છે એમ અનુમનાય.

૬. આ કૃતિ અન્ય નવ કૃતિઓ સહિત 'જૈ. ધ. પ્ર. સ." તરફથી વિ. સં. ૧૯૬૫માં પ્રકાશિત કરાઈ છે.

૪ અ)માં [1]**આધ્યાત્મિકપરીક્ષા** કહી છે તો તેમ કરવા માટે શો આધાર છે તે જાણવું બાકી રહે છે. કેવલજ્ઞાનીને કવલાહાર ન હોઇ શકે એવી દિગંબરોની માન્યતાનું અહીં નિરસન કરાયું છે. એમ કરતી વેળા તીર્થંકરના ૩૪ અતિશયો પૈકી આહાર-નીહારની અદશ્યતારૂપ અતિશયની ઉપપત્તિ અન્યથા નહિ ઘટી શકે એમ કહેવાયું છે. દિગંબરોની પરમ ઔદારિક શરીરની કલ્પના અસંગત છે એમ સિદ્ધ કરાયું
P. ૩૦૧ છે. વળી કેવલજ્ઞાનીને ૧૧ પરીષહ હોઇ તે પણ એમને કવલાહાર માનવાથી જ ઘટી શકે એ વાત વિચારાઇ છે.[2]

**સ્વોપજ્ઞ ટીકા–** ઉપર્યુક્ત કૃતિ ઉપરની આ ન્યાયાચાર્યની ટીકા છે. શ્લો. ૨ની ટીકામાં કર્મની આઠ મૂળ પ્રકૃતિ અને ૧૫૮ ઉત્તર પ્રકૃતિઓ ગણાવાઇ છે. શ્લો. ૪ની ટીકામાં ૩૪ અતિશયોને લગતાં જે આઠ પદ્યો છે તે **અભિ. ચિં.** (કાંડ ૧)ના શ્લો. ૫૭-૬૪ છે. શ્લો. ૬ની ટીકામાં દિગંબર માટે 'નગ્નાટ' શબ્દ વપરાયો છે. શ્લો. ૧૬ની ટીકામાં દિગંબરોની ઉત્પત્તિ ઉપર પ્રકાશ પડાયો છે.[3]

**હિન્દી કૃતિ–** **હેમરાજ** પાંડેએ શ્વેતાંબરોનાં ૮૪ મંતવ્યોની ઝાટકણી કાઢી હશે એમ આ ન્યાયાચાર્યે રચેલી [4]**દિક્પટ ચૌરાસી બોલ પ્રત્યુક્તિ**નો અંતિમ ભાગ જોતાં જણાય છે. આ પ્રત્યુક્તિમાં દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે ૮૪ બાબતોમાં મતભેદ છે તેનો ઉલ્લેખ છે અને સાથે સાથે શ્વેતાંબરીય માન્યતાઓનું સમર્થન છે.

P. ૩૦૨ [5]**દેવધર્મપરીક્ષા** (ઉ. વિ. સં. ૧૭૪૩)– આ ૪૨૫ શ્લોક જેવડી અને મુખ્યતયા ગદ્યાત્મક કૃતિના કર્તા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** છે. આના પ્રારંભમાં એક પદ્ય અને અંતમાં બે પદ્યો છે. અંતિમ પદ્યમાં આ કૃતિનું પરિમાણ ૪૨૫ શ્લોકનું છે એ વાત કહેવાઇ છે. જ્યારે ઉપાંત્ય પદ્યમાં કર્તાના નામનો અને પ્રસ્તુત કૃતિ રચાયાનો ઉલ્લેખ છે.

પ્રારંભમાંના પ્રથમ પદ્યમાં એમણે વિષયનું સૂચન કરતાં કહ્યું છે કે કેટલાક જનો દેવોને 'અધર્મી' માનવાનો જે ભ્રમ સેવે છે તેનું હું નિરાકરણ કરું છું. દેવોને 'અધર્મી' કહેવા એ સમુચિત નથી કેમકે એમને 'અસંયત' ન કહેતાં 'નોસંયત' કહેવા જોઇએ એમ **વિયાહપણ્ણત્તિ** (શ. ૫, ઉ. ૪)માં ઉલ્લેખ છે. દેવોને 'નોધર્મી' કહેવા એ પણ બરાબર નથી. કારણ કે ધર્મના શ્રુતધર્મ અને ચારિત્રધર્મ એવા બે ભેદ

---

૧. **અજ્ઝપ્પમયપરિક્ખા** નામની પાઇય કૃતિ ન્યાયાચાર્યે સ્વોપજ્ઞ વૃત્તિ સહિત રચી છે. એમાં પણ દિગંબરોની કેવલજ્ઞાનીને અંગેની કેટલીક માન્યતાઓનું ખંડન કરાયું છે.

૨-૩. વિશેષ માહિતી માટે જુઓ **યશોદોહન** (પૃ. ૨૪૩-૨૪૫).

૪. આની લગભગ શરૂઆતમાં ''એકતીસા''માં રચાયેલું એક પદ્ય **જૈનધર્મવરસ્તોત્ર** (શ્લો. ૩૦)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૯૫)માં ઉદ્ધૃત કરાયું છે. એવી રીતે બીજું એક પદ્ય શ્લો. ૨૮ની વૃત્તિ (પૃ. ૯૧)માં અને એક અન્ય પદ્ય શ્લો. ૩૬ની વૃત્તિ (પૃ. ૧૧૦)માં ઉદ્ધૃત કરાયાં છે. સમગ્ર કૃતિ **પ્રકરણ રત્નાકર** (ભા. ૧, પૃ. ૭૬૬-૭૭૫, પ્રથમ આવૃત્તિ)માં ઇ.સ. ૧૮૭૬માં પ્રસિદ્ધ કરાઇ છે. ત્યાર બાદ આ સંપૂર્ણ કૃતિ ગુર્જર સાહિત્ય સંગ્રહના પ્રથમ વિભાગ ( પૃ. ૫૭૨-૫૯૭)માં ઇ.સ. ૧૯૩૬માં પ્રકાશિત કરાયેલી છે, આ કૃતિની વિશેષ માહિતી માટે જુઓ **યશોદોહન** (પૃ. ૨૩૦-૨૩૫).

૫. આ કૃતિ અન્ય નવ કૃતિઓની સાથે ''જૈ. ધ. પ્ર. સ.'' તરફથી વિ. સં. ૧૯૬૫માં પ્રકાશિત ન્યા. ય. ગ્રં.માં અપાઇ છે.

છે અને શ્રુત-શ્રુતધર્મ અને અર્થ-શ્રુતધર્મ એવા બે પેટાભેદ છે. સમ્યગ્દૃષ્ટિમાં શ્રુતધર્મનો સદ્ભાવ હોયજ દેવો શ્રુતધર્મી છે. ઈન્દ્ર નિરવદ્ય ભાષા બોલે છે અને સાધુઓને અવગ્રહ દે છે, ચમર ઈન્દ્ર વગેરે વિનયરૂપ ધર્મ સાચવે છે ઈત્યાદિ બાબતોનો નિર્દેશ કરાયો છે.[1]

આ ખંડનાત્મક કૃતિમાં જાલ્મ (પત્ર ૩૭આ), ધર્મશૃગાલ (પત્ર ૩૬આ) અને સૂત્રપશુ (પત્ર ૪૦અ) એવા શબ્દો નજરે પડે છે. P. 303

અવતરણો– આ કૃતિમાં આગમોમાંથી– ખાસ કરીને **વિયાહપણ્ણત્તિ**માંથી વિવિધ પાઠો અવતરણરૂપે અપાયા છે અને એ દેવના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડે છે. પત્ર ૩૮અમાં હરિભદ્રસૂરિના નામોલ્લેખપૂર્વક એમની એક કૃતિમાંથી અવતરણ અપાયું છે. વળી આ પત્ર ૪૧આમાં સંઘદાસગણિ (ઉવએસપય)નો ઉલ્લેખ છે. વળી આ પત્ર ૪૧આમાં સંઘદાસગણિ ક્ષમાશ્રમણના અને એમણે રચેલા **કલ્પભાષ્ય**ના નામોલ્લેખપૂર્વક એમના આ ભાષ્યમાંથી એક અવતરણ અપાયું છે.

**પૌર્વાપર્ય**– પત્ર ૪૧ આમાં પર-હિંસાની જેમ આત્મ-હિંસાનો પણ નિષેધ છે એ બાબત દર્શાવતી વેળા **જ્ઞાનબિન્દુ**માં આ હકીકત વિચારાયાનું કહ્યું છે. આથી જ્ઞાનબિન્દુ કરતાં **દેવધર્મપરીક્ષા** પહેલી રચાઈ નથી એમ ફલિત થાય છે.

[2]**બે ચાર્ચિક ગ્રન્થો**– આશાપલ્લીમાં જે **ઉદયનકૃત** જૈન મૂર્તિઓ છે તે વન્દનીય છે કે કેમ એ બાબતની આ [3]બે ગ્રન્થોમાં ચર્ચા છે. એકના કર્તા પ્રદ્યુમ્નસૂરિ છે તો બીજાના જિનપતિસૂરિ છે. પ્રદ્યુમ્નસૂરિએ આ મૂર્તિઓને વન્દનીય હોવાનું સાહિત કર્યું છે જ્યારે જિનપતિસૂરિએ એથી ઊલટી વાત પુરવાર કરી છે.[4]

૧. આગમિક પ્રકરણોનો ઉદ્ભવ અને વિકાસ. ૨. આગમસાર અને દ્રવ્યાનુયોગ.
૩. ધર્મોપદેશ. ૪. યોગ અને અધ્યાત્મ
૫. અનગાર અને સાગારના આચાર. ૬. વિધિવિધાન, કલ્પ, મન્ત્ર, તન્ત્ર, પર્વ અને તીર્થ.

અંતમાં એ ઉમેરીશ કે जैन साहित्य का बृहद् इतिहास ([5]ભા.૪)માં "આગમિક પ્રકરણ"ના નામથી મારા નિમ્નલિખિત પ્રકરણો અંગેના મારા વર્ષો પૂર્વેના ગુજરાતી લખાણનો પ્રા. શાન્તિલાલ મ. વોરાએ હિંદીમાં કરેલો અનુવાદ પૃ. ૧૪૩-૩૨૪માં છપાયો છે :–

આ પ્રકરણોમાં સંસ્કૃત ઉપરાંત પાઈયમાં પણ રચાયેલા ગ્રંથોનો પરિચય અપાયો છે. એ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૨) ગત લખાણ સાથે વિચારતાં કોઈ કાંઈ નવીન બાબત કે વાત જાણવા મળશે.

૧. વિશેષ માહિતી માટે જુઓ ન્યા. ય. ગ્ર.નો ઉપોદ્ઘાત (પત્ર ૧૩અ - ૧૩આ)

૨. આનાં નામ જાણવાં બાકી રહે છે.

૩. આ બંને ગ્રન્થો જેસલમેરના ભંડારમાં છે.

૪. જુઓ વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીની "જેસલમેર. પત્રધારા" નામની લેખમાળા (લેખાંક ૧) એ "જૈન"ના તા. ૩૮-૪-'૫૦ના અંકમાં છપાયેલ છે.

૫. આ "પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન જૈનાશ્રમ" તરફથી ઈ.સ. ૧૯૬૮માં વારાણસીથી પ્રસિદ્ધ કરાયો છે. [આનું બીજું સંસ્કરણ ઇ.સ. ૧૯૯૧માં પ્રગટ થયું છે.]

**ધર્મમંજૂષા** (વિક્રમની ૧૭મી સદી)– આના કર્તા **ચન્દ્રપ્રભા** વગેરેના પ્રણેતા **મેઘવિજયગણિ** છે. એમણે આ કૃતિ દ્વારા સ્થાનકવાસીઓનાં મંતવ્યોનું નિરસન કર્યું છે.

**પાણ્ડિત્ય-દર્પણ** (વિ. સં. ૧૭૩૧)– આ કૃતિ રાજા **અનૂપસિંહ**ની આજ્ઞાથી ઉદયચન્દ્રે વિ. સં. ૧૭૩૧માં રચી છે. એમાં એમણે કેટલીક બાબતોનું ખંડન કર્યું છે. આ નવ વિભાગમાં વિભક્ત કૃતિની નોંધ જેસલ.સૂચી (પૃ. ૫૬)માં અને એની પ્રસ્તાવના (પૃ. ૨૯)માં લેવાઇ છે.

प्राचीनतीर्थमालासंग्रह, संपा०-मुनि विद्याविजय, प्रका०-यशोविजय जैन ग्रन्थमाला, भावनगर 1929 ई०.

मालवांचल के जैन लेख, संग्रा०- श्रीं नन्दलाल लोढ़ा-प्रका०-कावेरी राधि संस्थान, उज्जैन 1994 ई०.

लींबडीजैनज्ञानभंडारनी हस्तलिखितप्रतिओनुं सूचीपत्र, संपा०- प्रवर्तक कांतिविजय के शिष्य चतुरविजय, प्रका०-आगमोदय समिति, मुम्बई 1929 ई०.

**પ્રમાણસાર** મુનિશ્વરસૂરિ - (જૈનદર્શનપ્રકરણ સંગ્રહ અંતર્ગત), પ્ર. લા. દ.
**રસાવતર** - માણિક્યચન્દ્ર + આશ્ચર્યયોગમાલા - નાગાર્જુન (ગુણાકરકૃત ગુર્જરટીકા)ની હ. લિ. પ્રત ભાંડારકર ઈ. પુનામાં છે.
**પાર્શ્વનાથચરિત** - વાદિરાજ, પ્ર. મા. દિ.
**પંચસન્ધાનકાવ્ય** - શાન્તિરાજકૃત સ્વોપજ્ઞટીકા સાથે-હસ્તલિ. પ્રત જૈનમઠ કારનલ(સા.ક.)માં છે.
શ્રીધરના અપભ્રંશ ગ્રંથો - **વડ્ઢમાણચરિઉ** સં. રાજારામ જૈન, પ્ર. ભા. જ્ઞા.,
**ભવિસયત્તચરિઉ, સુકુમાલચરિઉ** હ.લિ.પ્રત આમેર શાસ્ત્ર ભંડાર, જયપુર
**સિરિવાલચરિઉ** - નરસેનદેવ, સં. ડૉ. દેવેન્દ્રકુમાર જૈન, પ્ર. ભા. જ્ઞા. (હિન્દી અનુ. સાથે)
**સંધિકાવ્યસમુચ્ચય** - વિવિધકર્તાઓ - સં. ર. મ. શાહ, પ્ર. લા.દ.વિ. (૧૬સંધિનો સંગ્રહ)
**પ્રાચીનગૂર્જરકાવ્યસંચય** - સં. ભાયાણી અને અગરચંદ નાહટા, પ્ર.લા.દ. સંધિ-વસ્તુ-રાસ-ભાસ-ફાગ આદિ ૪૦કૃતિનો સંગ્રહ
**ભુવનભાનુકેવલીચરિયં** - ઈન્દ્રહંસગણી, સં. ર. મ. શાહ, પ્ર. લા. દ.
**ગ્રંથાનાં નૂતના સૂચી** - સં. પુણ્યવિ.(જેંસલમેર કેટલોગ), પ્ર. લા. દ.
**લિંબડીના જ્ઞાનભંડારની હ. લિ. પ્રતિઓનું સૂચીપત્ર** - સં. ચતુરવિ., પ્ર. આ. સ.
**સૂરિમન્ત્રકલ્પસમુચ્ચય ભા. ૧-૨,** પ્ર.. જૈન સાહિત્ય વિકાસ મંડલ (વિવિધ સૂરિમંત્ર)
**પ્રતિષ્ઠાલેખસંગ્રહ** - સં. વિનયસાગર ભા.૧ પ્ર. સુમતિસદન ભા. ૨ પ્રાકૃત ભા.
**સૂરિમંત્રકલ્પસંદોહ** - સં. અંબાલાલ પ્રે. શાહ, પ્ર. સારાભાઈ નવાબ.
**જિનરત્નકોશ** - એચ.ડી. વેલણકર *(૫૫ જેટલા હસ્તલિખિત જ્ઞાન ભંડારોની સંકલિત સૂચી),* પ્ર. ભાંડારકર ઓ ઈન્સ્ટી. પુના.
**अपभ्रंशभाषा का पारिभाषिक कोष** ડૉ. આદિત્ય

## "उपखंड ४ : अवशिष्ट साहित्य" P. ૩૦૪

# પ્રકરણ ૪૭ : પ્રકીર્ણક વિષયો

**પાંચ ભક્તિ** (પૂ. વિક્રમની છઠ્ઠી સદી)–**જૈનેન્દ્ર વ્યાકરણ** વગેરે રચનારા **પૂજ્યપાદે** નિમ્નલિખિત બાર કૃતિઓ પૈકી પહેલી પાંચ રચ્યાનું મનાય છે :–

(૧) સિદ્ધભક્તિ, (૨) શ્રુતભક્તિ, (૩) ચારિત્રભક્તિ, (૪) યોગિભક્તિ, (૫) આચાર્યભક્તિ, (૬) પંચગુરુભક્તિ, (૭) તીર્થંકરભક્તિ, (૮) શાન્તિભક્તિ., (૯) સમાધિભક્તિ, (૧૦) નિર્વાણભક્તિ, (૧૧) નન્દીશ્વરભક્તિ અને (૧૨) ચૈત્યભક્તિ[1].

આની પદ્યસંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :–

૧૦ (૯+૧), ૩૦, ૧૦, [2]૮, ૧૧, ૧૧, [3]૫, ૧૫, ૧૮, ૩૨, ૬૦ અને ૩૫. P. ૩૦૫

(૧) **સિદ્ધભક્તિ**–આમાં સિદ્ધના ગુણો, મુક્તિનું સ્વરૂપ, જૈન દૃષ્ટિએ આત્માને સ્વયંભૂ બનવાનો અને સિદ્ધ થવાનો માર્ગ, સિદ્ધોનું સુખ, સિદ્ધ આત્મનું પરિમાણ અને સિદ્ધોને વન્દન એમ વિવિધ બાબત તાર્કિક દૃષ્ટિએ રજૂ કરાઇ છે.

(૨) **શ્રુતભક્તિ**–આમાં પાંચ જ્ઞાનોની સ્તુતિ, મતિજ્ઞાનના ભેદ, વિવિધ જાતના બુદ્ધિ, શ્રુતજ્ઞાનના વીસ તેમજ બાર પ્રકારો, **દૃષ્ટિવાદ**ના પ્રકારો અને ઉપપ્રકારો, [4]કર્મપ્રકૃતિના ૨૪ અનુયોગો, તેમજ ૧૪ પ્રકીર્ણકોને સ્થાન અપાયું છે.

(૩) **ચારિત્રભક્તિ**–આમાં જ્ઞાનાચારાદિ પાંચ આચારોનું સ્વરૂપ વર્ણવી એ પાળનારા મુનિઓને વંદન કરાયું છે. ચારિત્રપાલનને અંગેની દોષોની આલોચના કરાઇ છે. અને સુતપશ્ચર્યાથી ઉદ્ભવતી સાત ઋદ્ધિનો બાંધે ભારે ઉલ્લેખ કરાયો છે.

(૪) **યોગિભક્તિ**–આમાં મુનિઓનો વનવાસ, ગ્રીષ્મમાં તીવ્ર તાપનું સહન તેમજ વર્ષા ઋતુમાં વૃક્ષ નીચે અને શિયાળામાં ચતુષ્પથ ઉપર બેસવું એમ ત્રણ યોગનું મુનિઓએ ધારણ કરવું એ બાબતો P. ૩૦૬ નિર્દેશાઇ છે.

(૫) **આચાર્યભક્તિ**–આમાં આચાર્યના વિવિધ ગુણો ગણાવી એમને પ્રણામ કરાયા છે.

---

૧. આ બારે ભક્તિ (પ્રાકૃત કંડિકા અને ક્ષેપક શ્લોક સહિત અથવા એ વિના) અન્વય તેમજ હિન્દી અન્વયાર્થ અને ભાવાર્થ સહિત **દશભક્ત્યાદિસંગ્રહ**માં પૃ. ૯૬-૧૪૩માં છપાઇ છે. સંસ્કૃત ભક્તિની સાથે સાથે આઠ પાઇય ભત્તિ (ભક્તિ) પણ છે. આ પુસ્તક "અખિલ વિશ્વ જૈન મિશન" તરફથી સલાલ (સાબરકાંઠા)થી **વીરસંવત્** ૨૪૮૧માં પ્રસિદ્ધ કરાયું છે. વિશેષમાં મૂળ કૃતિ **પ્રભાચન્દ્ર**ની સંસ્કૃત ટીકા નામે **ક્રિયાકલાપ** તેમજ પં. જિનદાસના મરાઠી અનુવાદ સહિત સોલાપુરથી ઇ. સ. ૧૯૨૧માં છપાવાઇ છે. એ **ક્રિયાકલાપ** (પૃ. ૬૧)માં સંસ્કૃત ભક્તિઓ **પૂજ્યપાદે** અને પ્રાકૃત ભક્તિઓ **કુન્દકુન્દાચાર્યે** રચ્યાનો ઉલ્લેખ છે.

૨. શ્લો. ૧ અને ૭ 'દ્વિપદી' છંદમાં અને શ્લો. ૨ અને ૬ 'ભદ્રિકા' છંદમાં છે.

૩. પ્રથમ પદ્ય પાઇયમાં છે.

૪. આ બીજા પુવ્વના 'ચ્યવનલબ્ધિ" નામના પાંચમા અધિકારનો ચોથો અધ્યાય છે.

(૬) **પંચગુરુભક્તિ**–આમાં પાંચ પરમેષ્ઠીઓનું સંક્ષિપ્ત સ્વરૂપ આલેખી તેમની વંદનપૂર્વક સ્તુતિ કરાઇ છે.

(૭) **તીર્થંકરભક્તિ**–આમાં ઋષભદેવથી માંડીને **મહાવીરસ્વામી** સુધીના તીર્થંકરોનાં નામ ગણાવી એમને પ્રણામ કરાયા છે.

(૮) **શાન્તિભક્તિ**–આમાં પ્રભુના ચરણકમળના શરણથી મળતી શાન્તિ, એમને પ્રણામ કરવાનું ફળ, એમની સ્તુતિ કરવાથી લાભ, **શાન્તિનાથ**ને વંદન, આઠ પ્રાતિહાર્યોનાં નામ, સર્વ પ્રજાની કુશળતાદિની શુભેચ્છા ઇત્યાદિ બાબતો રજૂ કરાઇ છે.

(૯) **સમાધિભક્તિ**– આમાં કેવલજ્ઞાની પ્રભુનું શ્રુતજ્ઞાન દ્વારા દર્શન, ગુણો માટે યાચના, સંન્યાસપૂર્વકના મરણની વાંછા, સિદ્ધચક્રને વંદન, પરમાત્માના શરણની અને એમની ભક્તિની અભિલાષા ઇત્યાદિ બાબતોનું નિરૂપણ છે.

(૧૦) **નિર્વાણભક્તિ**–આમાં સન્મતિના અર્થાત્ **મહાવીરસ્વામી**ના પાંચ કલ્યાણકોનું વર્ણન છે.

(૧૧) **નન્દીશ્વરભક્તિ**–આમાં ચારે નિકાયના દેવોનાં અકૃત્રિમ ચૈત્યાલયો, મનુષ્ય-ક્ષેત્રનાં
P. ૩૦૭ ચૈત્યાલયોની સંખ્યા, 'નન્દીશ્વર' દ્વીપના ચૈત્યાલયો અને પ્રતિમાઓ, દેવો દ્વારા અષ્ટાહ્નિક મહોત્સવ, ચોત્રીસ અતિશયો, આઠ પ્રાતિહાર્યો ઇત્યાદિની માહિતી અપાઇ છે.

(૧૨) **ચૈત્યભક્તિ**–આમાં જિનેશ્વર અને જિનવાણીની સ્તુતિ, સ્તુતિનું ફળ, કૃત્રિમ તથા અકૃત્રિમ જિનપ્રતિમાઓને વંદન, ત્રૈલોક્યનાં ચૈત્યાલયોનું કીર્તન, જિનેશ્વરને મહાનદની અપાયેલી સાંગોપાંગ ઉપમા અને એમના રૂપનું વર્ણન એમ વિવિધ બાબતો રજૂ કરાઇ છે.

**સન્તુલન**–જ. સો.માં આઠ ભત્તિ છે એટલે કે એ ભાષામાં નિમ્નલિખિત સંસ્કૃત ભાષાઓ સાથે વિશેષતઃ સરખાવાય એવી ચાર ભત્તિ નથી.

શાન્તિભક્તિ, **સમા**ધિભક્તિ, **ન**ન્દીશ્વરભક્તિ અને **ચૈ**ત્યભક્તિ.

**જૈ. સા. ઇ.** (પૃ. ૨૩૩ અને ૨૩૫)માં જે દશભક્ત્યાદિ મહાશાસ્ત્રના કર્તા તરીકે મુનિ **વર્ધમાન**નો ઉલ્લેખ છે તેથી કઇ દસ ભક્તિ અભિપ્રેત છે તે જાણવું બાકી રહે છે.

[2]**ઇષ્ટોપદેશ**– આ ૫૧ પદ્યની સુંદર રચના છે. એનો વિષય ઉપદેશ છે. એના કર્તા દિ. **પૂજ્યપાદ** છે. આ કૃતિને લક્ષીને ત્રણ ટીકા રચાઈ છે :-

(૧) આ ટીકાનું મુખ્ય કાર્ય દરેક પદ્યની સંગતિ દર્શાવવાનું છે. કેટલાકને મતે એ સ્વોપજ્ઞ છે.

(૨) આ આશાધરે રચી છે. એમાં એમણે ઉપર્યુક્ત ટીકાને ગૂંથી લીધી છે.[3] એમણે **જિનયજ્ઞકલ્પ**ની પ્રશસ્તિમાં **ઇષ્ટોપદેશ**ની પોતે કરેલી ટીકાનો ઉલ્લેખ કર્યો છે.

(૩) એક ટીકા મેઘચન્દ્રે રચી છે.

૨. આ કૃતિ આશાધરની ટીકા સહિત "મા. દિ. ગ્રં."માં છપાઈ છે.

૩. ડૉ. ઉપાધ્યેએ ABORI (Vol. XIII)માં આ સંબંધમાં ચર્ચા કરી છે.

પૃ. ૩૮૦માં નિર્દેશાયેલી ધર્મપ્રમોદગણિકૃત ટીકા **ભૈ. પ. ક.** માં પૃ. ૧૨૯-૧૩૬માં છપાઈ છે.

[1]**અષ્ટકપ્રકરણ** (ઉ. વિ. સં. ૮૧૦) –આના કર્તા સુપ્રસિદ્ધ **હરિભદ્રસૂરિ** છે. એમણે નાનાં નાનાં બત્રીસ પ્રકરણો ભિન્ન-ભિન્ન વિષયને ઉદ્દેશીને લખ્યાં છે. એનાં નામ 'અષ્ટક' શબ્દને બાજુએ રાખતાં નીચે મુજબ છે :–

મહાદેવ, સ્નાન, પૂજા, અગ્નિકારિકા, ભિક્ષા, સર્વસમ્પત્કરી ભિક્ષા, પ્રચ્છન્ન ભોજન, પ્રત્યાખ્યાન, જ્ઞાન, વૈરાગ્ય, તપસ્, વાદ, ધર્મવાદ, એકાન્તનિત્યપક્ષખંડન, એકાન્તાનિત્યપક્ષખંડન, નિત્યાનિત્યપક્ષમંડન, માંસભક્ષણ- દૂષણ, માંસભક્ષકમતદૂષણ, મદ્યપાનદૂષણ, મૈથુનદૂષણ, ધર્મવિચારોમાં સૂક્ષ્મબુદ્ધ્યાશ્રયણ, P. ૩૦૮ ભાવશુદ્ધિવિચાર, શાસનમાલિન્યનિષેધ, પુણ્યાનુબન્ધિપુણ્ય, પુણ્યાનુબન્ધિપુણ્યપ્રધાનફલ, તીર્થકૃદ્દાન-મહત્ત્વસિદ્ધિ, તીર્થકૃદ્દાનનિષ્ફલતાપરિહાર, રાજ્યાદિનું દાન કરવા છતાં તીર્થંકરમાં દોષના અભાવનું પ્રતિપાદન, **સામાયિકસ્વરૂપનિરૂપણ**, કેવલજ્ઞાન, તીર્થકૃદ્દેશના અને મોક્ષસ્વરૂપનિરૂપણ.

[2]**ટીકા**–આના ઉપર **જિનેશ્વરસૂરિ**ની ટીકા છે. એ વિ. સં. ૧૦૮૦માં રચાઇ છે. ૧૭માં અષ્ટકમાં બૌદ્ધોના [3]**લંકાવતારસૂત્ર**નો ઉલ્લેખ છે. એમાંથી એક અવતરણ આ ટીકા (પત્ર ૬૫-અ)માં અપાયું છે. સાથે સાથે [4]**શીલપટલ** નામના કોઇ બૌદ્ધ ગ્રંથનો ઉલ્લેખ છે.

[5]**બાલાવબોધ**–મૂળ કૃતિ ઉપર કોઇકે આ રચ્યો છે.

**ભાષાન્તર**–મૂળ કૃતિનું ભાષાન્તર અને ટીકાનો સારાંશ જે **હીરાલાલ હંસરાજે** તૈયાર કરેલાં તે છપાયાં છે.

**અષ્ટકપ્રકરણ**ને અંગે કેટલીક બાબાતો મેં શ્રી **હરિભદ્રસૂરિ** (પૃ. ૭૧-૮૦)માં આપી છે.

[6]**દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા**[7]–આના કર્તા ન્યાયાચાર્ય **યશોવિજયગણિ** છે. આને સામાન્ય જનતા 'બત્રીસ P. ૩૦૯

---

૧. આ કૃતિ જિનેશ્વરસૂરિની ટીકા સહિત શેઠ મનસુખભાઇ ભગુભાઇ તરફથી વિ. સં. ૧૯૬૩માં છપાવાઇ છે.
૨. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.
૩-૪. આ ગ્રંથ વિષે મેં કેટલીક માહિતી "લંકાવતારસૂત્ર અને શીલપટલ" નામના મારા લેખમાં આપી છે. આ લેખ "જૈ. ધ. પ્ર." (પુ. ૭૪, અં. ૧૦ અને ૧૧)માં બે કટકે છપાયો છે. વળી **શીલપટલ** સંબંધી મારો અંગ્રેજી લેખ **"A Note on S'ilapatala" ABORI (Vol. XXXVIII, pts. 3-4)**માં છપાયો છે.
૫. મૂળ કૃતિ બાલાવબોધ સહિત ભીમસી માણેક તરફથી ઇં. સં. ૧૯૦૦માં પ્રસિદ્ધ કરાઇ છે.
૬. આ સ્વોપજ્ઞ વિવૃત્તિ સહિત "જૈ. ધ.પ્ર.સ."તરફથી વિ. સં. ૧૯૬૬માં પ્રસિદ્ધ કરાઇ છે. પ્રારંભમાં સંસ્કૃતમાં પ્રસ્તાવના છે. એમાં પ્રત્યેક દ્વાત્રિંશિકાનો વિષય સંક્ષેપમાં રજૂ કરાયો છે. આ પુસ્તકની જૈનાનંદપુસ્તકાલયમાં જે એક નકલ (ક્રમાંક ૭૩૦૮) છે. તેમાં પ્રથમ દ્વાત્રિંશિકા પરત્વે આગમોદ્ધારકે ટિપ્પણ લખ્યાં છે. મુદ્રિત આવૃત્તિમાં સ્વોપજ્ઞ વિવૃત્તિમાં છપાયેલાં વિવિધ અવતરણો પૈકી બહુ જ થોડાનાં મૂળ સ્થાન દર્શાવાયાં છે એથી તેમજ આજે આ પુસ્તક પ્રાયઃ મળતુ નથી એથી એનું સમુચિત સંસ્કરણ પ્રસિદ્ધ થવું ઘટે. મૂળ કૃતિનો છાયાત્મક ગુજરાતી અને અંગ્રેજી અનુવાદ પણ કરાય અને છપાવાય તો વિશેષલાભ થાય તેમ છે. [આનું પુનર્મુદ્રણ થયું છે. આ અભયશેખરસૂરિના વિવેચન સાથે આઠ બત્રીસી "દિવ્યદર્શન" દ્વારા પ્રગટ થઈ છે. મુનિયશોવિજયજીએ સ્વોપજ્ઞટીકા સાથે દ્વા. દ્વી.નું સંશોધન કર્યું છે. એ ટીકા ઉપર અતિવિસ્તૃત સંસ્કૃત ટીકા રચી છે. એમાં બે હજાર જેટલા ગ્રંથોની સાક્ષી અપાઈ છે. ગુજરાતી વિવેચન પણ છે. આ સંસ્કરણ ૮ ભાગમાં દિવ્યદર્શનટ્રસ્ટ દ્વારા તાજેતરમાં પ્રગટ થઈ રહ્યું છે.]
૭. **જૈ. ગ્રં.** (પૃ. ૧૮૦)માં આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિની નોંધી છે. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૮૪)માં **દ્વાત્રિંશિકાસંગ્રહ** નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિની નોંધ છે.

બત્રીસી' કહે છે. પ્રત્યેક [1]દ્વાત્રિંશિકા અનુષ્ટુભ્માં રચાયેલી છે અને એ દરેકમાં બત્રીસ બત્રીસ પદ્યો છે. કર્તાએ એના ઉપર **તત્ત્વદીપિકા** નામની સ્વોપજ્ઞ વિવૃતિ રચીને એ દ્વારા દ્વાત્રિંશિકાઓનો પરસ્પર સંબંધ રજૂ કર્યો છે અહીં જે વિષય ચર્ચાયો છે તે કંઇ નવીન નથી પરંતુ એ સંક્ષેપમાં અને સચોટ રીતે અને કુશળ કવિને છાજે તેવી શૈલીમાં રજૂ કરાયો છે એ એની વિશેષતા છે. પ્રત્યેક દ્વાત્રિંશિકાનું સાન્વર્થ નામ છે. એ ઉપરથી એના વિષયનો ખ્યાલ આવે છે. આ નામોમાં દ્વાત્રિંશિકા એવો જે અંતિમ અંશ છે તે બાજુએ રાખતાં એ નામો નીચે મુજબ દર્શાવાય :–

P. ૩૧૦ (૧) દાન, (૨) દેશના, (૩) માર્ગ, (૪) જિનમહત્ત્વ, (૫) ભક્તિ, (૬) સાધુસામગ્ર્ય, (૭) ધર્મવ્યવસ્થા, (૮) વાદ, (૯) કથા, (૧૦) યોગ, (૧૧) પાતંજલ-યોગ, (૧૨) પૂર્વસેવા, (૧૩) મુક્ત્યદ્વેષપ્રાધાન્ય, (૧૪) અપુનર્બન્ધક, (૧૫) સમ્યગ્દૃષ્ટિ, (૧૬) ઇશાનુગ્રહ, (૧૭) દૈવપુરુષકાર, (૧૮) યોગભેદ, (૧૯) યોગવિવેક, (૨૦) યોગાવતાર, (૨૧) મિત્રા, (૨૨) તારાદિત્રય, (૨૩) કુતર્કગ્રહનિવૃત્તિ, (૨૪) સદ્દૃષ્ટિ, (૨૫) ક્લેશહાનોપાય, (૨૬) યોગમાહાત્મ્ય, (૨૭) ભિક્ષુ, (૨૮) દીક્ષા, (૨૯) વિનય, (૩૦) કેવલિભુક્તિ, (૩૧) મુક્તિ અને (૩૨) સજ્જનસ્તુતિ.

દ્વાત્રિંશિકા ૨૧, ૨૨ અને ૨૪માં આઠ દૃષ્ટિઓનું નિરૂપણ છે.

[2]**તત્ત્વદીપિકા**–આ ઉપર્યુક્ત કૃતિની સ્વોપજ્ઞ વિવૃતિ છે. આ નામ એની પ્રશસ્તિ (શ્લો-૬)માં છે તેમ છતાં કેટલાક એને **અર્થદીપિકા** કહે છે.

[3]**યશોદોહન (પૃ. ૧૧, ૧૪, ૪૦, ૫૪, ૫૯, ૬૦, ૮૫, ૨૬, ૩૧૬, ૩૨૯** અને **૩૩૦)**માં મેં આ મૂળ કૃતિ અને એની સ્વોપજ્ઞ વિવૃતિ વગેરે અંગે કેટલીક બાબતો રજૂ કરી છે.

**પ્રશ્નશત** કિંવા–**પ્રશ્નોત્તરૈકષષ્ટિશતક** (ઉ. વિ. સં.૧૧૬૭)–આ કૃતિના કર્તા 'ખરતર' ગચ્છના

P. ૩૧૧ જિનવલ્લભસૂરિ છે. એમણે **ભાવારિવારણસ્તોત્ર** વગેરે રચ્યાં છે. પ્રસ્તુત કૃતિને કેટલાક **પ્રશ્નષષ્ટિશતક** તેમજ [4]**પ્રશ્નાવલી** પણ કહે છે. એમાં ૧૬૧ પદ્યો છે. ૭૯મા પદ્યનો ઉત્તરાર્ધ પાઇયમાં છે. આ કૃતિમાં વિવિધ પ્રશ્નો રજૂ કારાય છે. [5]છઠ્ઠા, ૬૩મા અને ૭૧મા પદ્યોના ઉત્તર શૃંખલાજાતિમાં છે. પદ્ય ૧૦, ૧૨, ૬૧, ૧૩૨, ૧૩૮, ૧૩૯ અને ૧૫૨ના મન્થાન-જાતિમાં ઉત્તર છે. એવી રીતે કેટલાક ઉત્તરો મન્થાનાન્તર-જાતિ, પદ્મ-જાતિ, અષ્ટદલ-કમલ, વિપરીત-અષ્ટદલ-કમલ, દ્વાદશ-પત્ર-કમલ, ષોડશ-દલ-કમલ, વિપરીત-કમલ તરીકે પણ જોવાય છે[6].

---

૧. એક અજ્ઞાતકર્તૃક દ્વાત્રિંશિકા "મા. દિ. ગ્રં"માં વિ. સં. ૧૯૭૫માં પ્રકાશિત કરાઇ છે. એને **દ્વાત્રિંશીભાવના** પણ કહે છે. **દેવભદ્રે** પણ એક દ્વાત્રિંશિકા રચી છે. જુઓ **પત્તન૦સૂચી** (ભા. ૧, પૃ.૬૪).

૨. આ "જૈ. ધ. પ્ર. સ." વગેરેથી પ્રકાશિત છે.

૩. આ પ્રકાશિત છે. જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ-૨, ઉપખંડ-૧, પૃ. ૩૩૮).

૪. આ નામની એક કૃતિ **સર્વદેવે** રચી છે.

૫. **વી-વીરા-રાજ્ઞા-જ્ઞાવિ.**

૬. આને અંગેનાં પદ્યો અને ચિત્રો માટે જુઓ **I L D (instal. 1, pp. 73-74 & 84-86).**

**વૃત્તિઓ**–આના ઉપર કોઈકે વિ. સં. [1]૧૪૮૩ કરતાં પહેલાં વૃત્તિ રચી છે. આ ઉપરાંત વિ. સં. ૧૬૪૦માં **પુણ્યસાગરગણિએ** અને વિ સં. ૧૬૭૮માં 'ખરતર' ગચ્છના **કમલમન્દિરગણિએ** એકેક વૃત્તિ રચી છે. વિશેષમાં **મુનિચન્દ્રસૂરિના** શિષ્યવાદી **દેવસૂરિએ** અવચૂરિ રચી છે.

[2]**પ્રશ્નાવલિ** ( )–"**મદ્રૂસ્ત્રી**"થી શરૂ થતી પંદર પદ્યોની આ કૃતિ **મુનિચન્દ્રસૂરિએ** રચ્યાનું કેટલાક માને છે. એમાં પુછાયેલા પ્રશ્નોના ઉત્તર **ક, ગ, ત, ન** વગેરેની બારાખડીરૂપ છે.

[3]**સંઘપટ્ટક** (ઉ. વિ. સં. ૧૧૬૭)–આ ૪૦ પદ્યોની કૃતિ ઉપર્યુક્ત **જિનવલ્લભસૂરિએ** રચી છે. એ દ્વારા એમણે મુનિવરો વગેરેને સદ્બોધનો ખ્યાલ કરાવ્યો છે. આમ આ જૈન નીતિને અંગેની કૃતિ છે. એ **ધર્મશિક્ષાપ્રકરણ**ની જેમ ચિત્તોડમાંના **મહાવીર-જિનાલય**ના સ્તંભ ઉપર કોતરાવાઈ હતી. આનું ૩૮મું પદ્ય [4]ચક્ર-બન્ધથી વિભૂષિત છે. એનું ચિત્ર મારા એક લેખ સહિત છપાયું છે[5]. P. ૩૧૨

**વિવરણો**–પ્રસ્તુત કૃતિ ઉપર 'ખરતર' ગચ્છના **જિનપતિસૂરિએ** ૩૬૦૦ શ્લોક જેવડી [6]વૃત્તિ રચી છે. વળી **હમ્મીરના** પુત્ર **લક્ષ્મીસેને** ૫૦૦ શ્લોક જેવડી લઘુ ટીકા વિ. સં. ૧૩૩૩માં રચી છે. આ ઉપરાંત 'ખરતર' ગચ્છના ઉપાધ્યાય **સાધુકીર્તિએ** વિ. સં. ૧૬૧૯માં એક ટીકા રચી છે. 'ખરતર' ગચ્છના ઉપાધ્યાય **અભયસોમના** શિષ્ય **હર્ષરાજગણિએ** પણ એક વૃત્તિ રચી છે. વિશેષમાં **દેવરાજે** વિ. સં. ૧૭૧૫માં પંજિકા, જિનવલ્લભ(?)ના શિષ્યે વિવૃતિ અને **વિવેકરત્નસૂરિએ** તેમજ અન્ય કોઈએ વૃત્તિ રચી છે.

**ભાષાન્તર**–આ કોઈકે રચ્યું છે અને એ પ્રકાશિત છે.

[7]**ધર્મશિક્ષાપ્રકરણ** (ઉ. વિ. સં. ૧૧૬૭) –આના કર્તા પણ ઉપર્યુક્ત **જિનવલ્લભસૂરિ** છે એમણે આ ૪૦ પદ્યોની કૃતિ દ્વારા ધાર્મિક ઉપદેશ આપ્યો છે અને એ દ્વારા [8]૧૮ બાબતો ઉપર પ્રકાશ પાડ્યો P. ૩૧૩

---

૧. આ વર્ષમાં લખાયેલી હાથપોથી મળે છે.

૨. આ કૃતિ કોઈની અવચૂરિ સહિત **સ્તોત્રરત્નાકર** (ભા. ૨, પત્ર ૫૫-અ-૫૮-આ)માં પ્રસિદ્ધ કરાઈ છે.

૩. આ કૃતિ "ગા. પૌ. ગ્રં."માં ઈ. સ. ૧૯૨૭માં પ્રકાશિત કરાઈ છે. આ પૂર્વે આ કૃતિ 'ખરતર' ગચ્છના જિનપતિસૂરિની વૃત્તિ તેમજ ગુજરાતી ભાષાન્તર સહિત **બાલાભાઈ** છગનલાલ શાહે અમદાવાદથી ઈ. સ. ૧૯૦૭માં છપાવી હતી.

૪. **શિશુપાલવધ** (સ.૧૯)નું ૧૨૦મું-અંતિમ પદ્ય 'ચક્રબન્ધ'થી વિભૂષિત છે.

૫. જુઓ **ABORI (VOL. XVII, pt. 1)**ના ૮૫મા પૃષ્ઠ સામેનું પૃષ્ઠ.

૬. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૩.

૭. આ પ્રકાશિત છે. જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ-૨, ઉપખંડ-૧, પૃ. ૩૩૯)

૮. ત્રીજા પદ્યમાં આ બાબતો દર્શાવાઈ છે. આ રહ્યું એ પદ્ય :–

"**भक्तिश्चैत्येषु सक्तिस्तपसि गुणिजने गक्तिरर्थे विरक्तिः ।**
***प्रीतिस्तत्त्वे प्रतीतिः शुभगुरुषु भवाद् भीतिरुद्भ्रान्त्यनीतिः ।***
**क्षान्तिर्दान्तिः स्वशान्तिमु[ सु ]खहतिरबलावान्तिरभ्रान्तिराप्ते ।**
**ज्ञीप्सा दित्सा विधित्सा श्रुतिधनविनयेष्वस्त्र ( ? स्तु ) धीः पुस्तके च ॥३॥**"

છે જેમકે ચૈત્યોની ભક્તિ, તપશ્ચર્યાની આસક્તિ, ગુણી જનોની પ્રીતિ, ઈત્યાદિ. આ લઘુ કૃતિની બીજી ખૂબી એ છે કે એનું આદ્ય પદ્ય તેમજ અંતિમ પદ્ય પણ છ છ આરાના [1]ચક્રબંધથી વિભૂષિત છે અને એ બંનેમાં ''**गणिजिनवल्लभवचनमद:**''ની ગૂંથણી કરાઈ છે.

[2]**શૃંગાર-વૈરાગ્ય-તરંગિણી**–આના કર્તા 'જ્ઞાતાર્થિક' **સોમપ્રભસૂરિ** છે. આ વિવિધ છંદમાં ગુંથાયેલી ૪૬ પદ્યની કૃતિની રચના એવી છે કે બાહ્ય દૃષ્ટિએ કામોદ્દીપક જણાતાં કામિનીનાં અવયવો અન્ય રીતે વિચારતાં વૈરાગ્યનાં બોધક બને છે. આ કાર્ય એમણે શબ્દોની રમત દ્વારા સિદ્ધ કર્યું છે. દા. ત. 'લસિત કેશ' એટલે 'ક્લેશ'. અહીં 'લસિત'ના બે અર્થ છે : ચળકતા અને 'લ'થી બંધાયેલા–યુક્ત, આમ અહીં
P. ૩૧૪ શૃંગાર અને વૈરાગ્ય એ બે વિષયોને અનુસરતા અર્થવાળી આ કૃતિ છે. એ **રામચન્દ્રે** ઈ. સં. ૧૫૨૪માં રચેલી **રસિકરંજન** નામની કૃતિનું સ્મરણ કરાવે છે.

**ટીકા–શૃંગારવૈરાગ્યતરંગિણી** ઉપર આગ્રાના જૈન ગૃહસ્થ **નન્દલાલની** તેમજ અન્ય કોઈકની ટીકા છે. એ **નન્દલાલે** આ [3]ટીકા **જિનભક્તિસૂરિના** રાજ્યમાં **દાનવિશાલના** શિષ્યના અનુરોધથી વિ સં. ૧૭૮૫માં રચી છે. એક અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે.

[4]**અનુવાદ** અને [5]**સ્પષ્ટીકરણ**–આ બંને મેં ગુજરાતીમાં તૈયાર કર્યા છે.

**સમાનનામક કૃતિ** (ઉ. વિ. સં. ૧૬૫૦) –ઉપર્યુક્ત નામની એક [6]બીજી પણ કૃતિ છે. એમાં ૫૨ પદ્યો છે. કામિનીનાં વિવિધ અવયવોની બાહ્ય દૃષ્ટિએ દેખાતી મનોમોહકતાનું વર્ણન કરી એમાં આસક્ત ન થવાનો ઉપદેશ આપે છે. એના કર્તા **સંઘતિલકના** ભક્ત **દિવાકર મુનિ** છે. [કનુભાઈ શેઠ સંપાદિત જયવંતસૂરિકૃત **શૃંગારમંજરી** એલ.ડી.સિરિઝ ૬૫માં છપાઈ છે.]

[7]**અનુવાદ**– આ ગુજરાતી અનુવાદ કોઈકે કર્યો છે.

P. ૩૧૫ [8]**વિવેકવિલાસ** (લ. વિ. સં. ૧૨૫૦)–આના કર્તા '[9]વાયડ' ગચ્છના જિનદત્તસૂરિ છે. એઓ **પદ્માનન્દમહાકાવ્ય** વગેરે **રચનારા અમરચન્દ્રસૂરિના** તેમજ ચમત્કારી યોગવિદ્યાવાળા [10]જીવદેવસૂરિના

---

૧. આ બંનેનાં ચિત્રો **ધર્મશિક્ષાપ્રકરણ**વાળી આવૃત્તિમાં અપાયા છે.

૨. આ કૃતિ પ્રકાશિત છે. જુઓ જૈ. સં. સા. ઈ. (ખંડ-૧, પૃ.૨૪૭).

૩. આ પ્રકાશિત છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ-૧, પૃ. ૨૪૭).

૪-૫. આ છપાયેલ છે. એજન, પૃ. ૨૪૭.

૬. આ કૃતિ શ્રી અભયચંદ ભગવાનદાસે ઈ. સ. ૧૯૧૬માં છપાવી છે. એ માટે વિ. સં. ૧૬૭૨માં લખાયેલી હાથપોથીનો ઉપયોગ કરાયો છે. આ કૃતિનો ગુજરાતી અનુવાદ છપાયો છે. મેં ઘણાં વર્ષો ઉપર એનો જે ગુજરાતી અનુવાદ કર્યો હતો તે હજી અપ્રસિદ્ધ છે.

૭. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૬.

૮. આ ''ડાયમન્ડ જ્યુબિલિ પ્રેસ''ના વ્યવસ્થાપક તરફથી ઈ. સ. ૧૮૯૮માં અને ''સરસ્વતી ગ્રંથમાલા''માં વિ. સં. ૧૯૭૬માં છપાયો છે.

૯. 'વાયડ' ગામ ઉપરથી 'વાયડા' બ્રાહ્મણો અને એને 'વાયડા' વાણિયા થયા છે. વળી જૈનોમાં 'વાયડ' (વાયટીય) ગચ્છ પણ નીકળ્યો છે.

૧૦. એમણે એક ગામમાં બ્રાહ્મણો અને શ્રાવકોને એક બીજાના પરમ સ્નેહી બનાવ્યા હતા.

ગુરુ થય છે. એમણે અનેક જનોને જૈન બનાવ્યા હતા. **સુકૃતસંકીર્તન** પ્રમાણે આ જિનદત્તસૂરિ વસ્તુપાલની સાથે શત્રુંજયની યત્રાર્થે ગયેલા સૂરિઓ પૈકી એક હતા. વિ. સં. ૧૨૬૫માં વિદ્યમાન આ જિનદત્તસૂરિએ **વિવેકવિલાસ** નામનો ગ્રન્થ ૧૩૨૩ પદ્યોમાં રચ્યો છે અને એને બાર ઉલ્લાસમાં વિભક્ત કર્યો છે. એ દ્વારા એમણે વિવિધ વિષયો આલેખ્યા છે. દા. ત. ગૃહસ્થનો ધર્મ, જૈન અને અજૈન દર્શનો ઈત્યાદિ, વિસ્તારથી કહું તો દિનચર્યા, ઋતુ-ચર્ચા, વર્ષ-ચર્ચા, જન્મ-ચર્ચા, પાપની ઉત્પત્તિનું કારણ, ધર્મની ઉત્પત્તિનું કારણ, દયાનું સ્વરૂપ અને પરમ પદનું નિરૂપણ. તૃતીય ઉલ્લાસના શ્લો. ૭૨-૯૨માં અન્નમાં વિષ હોય તો તે કેમ પારખવું તે એમણે દર્શાવ્યું છે અને એ પૈકી શ્લો. ૮૫-૮૯માં વિષની પક્ષીઓ અને જાનવરો ઉપર થતી અસર વર્ણવી છે[1].

**ઉલ્લેખ–માધવાચાર્યે સર્વદર્શનસંગ્રહ**માં આ **વિવેકવિલાસ**નો ઉલ્લેખ કર્યો છે. P. ૩૧૬

**વૃત્તિ–ભાનુચન્દ્ર**ગણિએ વિ. સં. ૧૬૭૧માં આ **વિવેકવિલાસ** ઉપર વૃત્તિ રચી છે. અને એનું સંશોધન [2]જયવિજયે કર્યું છે. એની એક હાથપોથી વિ. સં. ૧૬૭૮માં લખાયેલી મળે છે.

[3]**અનુવાદ–વિવેકવિલાસ**નો ગુજરાતીમાં સ્વ. **ભગુભાઈ ફતેહચંદ** કારભારીએ અનુવાદ કર્યો છે અને એ પ્રકાશિત છે[4].

[5]**ખરતરગચ્છાલંકાર–યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી** (લ. વિ. સં. ૧૪૦૦)–આ મુખ્યતયા ગદ્યમાં રચાયેલી અને લગભગ ૪૦૦૦ શ્લોક જેવડી કૃતિ લ. વિ. સં. ૧૦૫૦થી વિ. સં. ૧૩૯૩ના ગાળામાં વિદ્યમાન 'ખરતર' ગચ્છના અલંકારરૂપ મનાતા નિમ્નલિખિત તેર આચાર્યો પૈકી ઘણાખરાનું વિસ્તૃત ચરિત્ર પૂરું પાડે છે :–

વર્ધમાનસૂરિ, જિનેશ્વર, જિનચન્દ્રસૂરિ, અભયદેવસૂરિ, જિનવલ્લભસૂરિ, જિનદત્તસૂરિ, જિનચન્દ્રસૂરિ, જિનપતિસૂરિ, જિનેશ્વરસૂરિ, જિનપ્રબોધસૂરિ, જિનચન્દ્રસૂરિ, જિનકુશલસૂરિ અને જિનપદ્મસૂરિ. P. ૩૧૭

આ પૈકી પહેલાં આઠ આચાર્યોનું વિ. સં. ૧૩૦૫ સુધીનું ઈતિવૃત્ત ઉપાધ્યાય **જિનપાલે સાહુલી**ના પુત્ર **હેમચન્દ્ર**ની અભ્યર્થનાથી સંકલિત કર્યું છે. એમાંની વિ. સં. [6]૧૨૧૧ પર્યંતની હકીક્ત તો

૧. આ સંબંધમાં જુઓ મારો લેખ નામે **"Detection of poison in Food (By noting its Effects on Beasts)"**. આ લેખ **J U B (Vol. XXII, pt. 2)**માં છપાયો છે. અર્થશાસ્ત્ર (અધિ. ૧. અ. ૨૦. પ્રક. ૧૭, પૃ. ૪૦-૪૧)માં વિષ પરીક્ષા છે.

૨. કેટલાક આ જયવિજયને **વિવેકવિલાસ**ના વૃત્તિકાર ગણે છે તો એ તેમની ભૂલ છે.

૩. આ અનુવાદ સહિત મૂળની ત્રીજી આવૃત્તિ "મેસર્સ મેઘજી હીરજીની કંપની બુકસેલર્સ અને પબ્લિસર્સ" તરફથી ઈ. સ. ૧૯૧૬માં છપાવાયેલી છે.

૪. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૫. આ કૃતિને "ખરતરગચ્છબૃહદ્ગુર્વાવલિ"ના નામથી "સિં. જૈ. ગ્રં."માં ઈ. સ. ૧૯૫૬માં પ્રકાશિત ગ્રંથમાં પ્રારંભમાં પૃ. ૧-૮૮માં સ્થાન અપાયું છે. એના પછી એમાં **વુઢ્ઢાયરિયપબન્ધાવલિ** (વૃદ્ધાચાર્યપ્રબન્ધાવલિ) મુદ્રિત કરાઈ છે એને એનું સંકલન જિનપ્રભસૂરિના કોઈ સંતાનીયે કર્યું છે. એમાં જિનપ્રભસૂરિનો પ્રબંધ છે.

૬. આ વર્ષમાં **જિનદત્તસૂરિ**નો **સ્વર્ગવાસ** થયો હતો.

**ગણહરસદ્ધસયગ**ની **સુમતિગણિ**કૃત બૃહદ્વૃત્તિની જેમ આલેખાઇ છે જ્યારે ત્યાર પછીની બાબતોની રજૂઆત સાલવાર શૃંખલાબદ્ધ છે.

પ્રસ્તુત કૃતિમાં નિમ્નલિખિત વિષયોને સ્થાન અપાયું છે :–

દીક્ષાવર્ષ, સૂરિપદવીનું વર્ષ, વિહારનાં સ્થળો, ચાતુર્માસો, [1]ધાર્મિક પ્રવૃત્તિઓ, શિષ્યાદિની નામાવલી, વાદવિવાદ, નૃપતિઓ દ્વારા સન્માન તેમજ ગુજરાત વગેરે વિવિધ પ્રાંતોના ધાર્મિક અને ધનિક શ્રાવક-શ્રાવિકાઓનો ઉલ્લેખ.

આ કૃતિ આમ વિવિધ દૃષ્ટિએ મહત્ત્વની છે પરંતુ એમાં **જિનપ્રભસૂરિ**નું નામસરખું પણ નથી એ તો ઠીક પણ 'ઉપકેશ' ગચ્છના **પદ્મપ્રભસૂરિ** અને 'બૃહદ્' ગચ્છના **પ્રદ્યુમ્નસૂરિ** સાથે **જિનપતિસૂરિ**નો વાદવિવાદ જે રીતે વર્ણવાયો છે તે સમુચિત નથી[2].

P. ૩૧૮ [3]**ખરતર-ગચ્છ-પટ્ટાવલિ-સંગ્રહ** (   )–આ કૃતિના સંગ્રાહક અને સંપાદક જિનવિજયજી છે.

**ખરતરગચ્છપટ્ટાવલિ**–આ નામની ત્રણ કૃતિ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૦૧)માં નોંધાયેલી છે. એ પૈકી એક કૃતિ **જિનચન્દ્રે** ૪૦ ગાથામાં રચી છે. [4]બીજી 'ખરતર' ગચ્છના **ક્ષમાકલ્યાણે** વિ. સં. ૧૮૩૦માં રચી છે અને ત્રીજીના કર્તાનું નામ જાણવામાં નથી.

**ખરતર-ગચ્છગુર્વાવલિ**–આ આજ્ઞાતકર્તૃક રચના છે.

**તપાગચ્છપટ્ટાવલી**–આ વિ. સં. ૧૮૮૪ સુધીની 'તપા'ગચ્છ સંબંધી હકીકત પૂરી પાડે છે. એના કર્તા વિષે ખબર નથી.

**ઉપકેશગચ્છપટ્ટાવલિ**–આ અજ્ઞાતકર્તૃક છે. એમાં 'ઉપકેશ' ગચ્છને અંગેની હકીકત છે.

[5]**કલ્પપ્રદીપ, તીર્થકલ્પ** કિંવા **વિવિધતીર્થકલ્પ** (લ. વિ. સં. ૧૩૬૫-(લ. વિ. સં. ૧૪૦૦)–આ

---

૧. દા.ત. પૂજા, પ્રતિષ્ઠા અને સંઘોત્સવ.

૨. જુઓ **ખરતરગચ્છબૃહદ્ગુર્વાવલિ**ના પ્રકાશકનું "પ્રાસ્તાવિક વક્તવ્ય" (પૃ. ૨).

૩. આ કૃતિ પૂરણચંદ નાહરે કલકત્તાથી વિ. સં. ૧૯૮૭(?)માં પ્રકાશિત કરી છે. એ પૂર્વે એ "જૈન સાહિત્ય સંશોધક" (ખંડ-૩. અં.  )માં છપાઇ છે.

૪. આ કૃતિ જિનવિજયજીએ ઇ. સ. ૧૯૩૨માં છપાવી છે.

૫. આ ગ્રન્થ **વિવિધતીર્થકલ્પ**ના નામથી "સિં. જૈ. ગ્રં."માં ઇ. સ. ૧૯૩૪માં પ્રકાશિત કરાયો છે. [આનું પુનર્મુદ્રણ "પ્રાચીન સાહિત્ય પુનઃપ્ર. શ્રેણિમાં આ. મુક્તિચન્દ્રસૂરિજીના પ્રયાસથી થયું છે."] એમાં ૬૨ કૃતિ છે. એ પૈકી ૧૮મી કૃતિ તે **ધર્મઘોષસૂરિ**એ રચેલો 'અષ્ટાપદમહાતીર્થકલ્પ' છે. ત્રીજી અને ૪૪મી કૃતિ તે એકેક સ્તવ છે. અને ૫૨મી કૃતિ તે સ્તુતિ છે. ૩૪મી કૃતિ તે **સાતવાહન**નું ચરિત્ર છે. ૫૫મી કૃતિ તીર્થંકરોના અતિશયોને લગતી છે. ૫૦મી કૃતિ **હસ્તિનાપુરતીર્થ**નું સ્તવન છે. ૫૬મી કૃતિ **સોમસૂરિ**એ રચી છે અને એ પંચકલ્યાણકનું સ્તવન છે. આ પ્રકાશન પૂર્વે આ ગ્રન્થનો થોડો ભાગ-આ સમગ્ર સંપાદનનાં ૩૦ પૃષ્ઠ જેટલો અંશ "એશિયાટિક સોસાયટી ઓફ બેંગોલ" તરફથી પ્રસિદ્ધ કરાયો હતો. એ વાતને ઘણાં વર્ષ થઇ ગયાં છે છતાં આ કાર્ય સંપૂર્ણ થયાનું જાણવામાં નથી. [**વિવિધતીર્થકલ્પ**નો સંપૂર્ણ ગુજ. અનુવાદ મુનિ **રત્નત્રયવિ.** અને મુનિ **રત્નજયંતવિ.** એ કર્યો છે. "રંજનવિ. લાયબ્રેરી" માલવાડાથી પ્રસિદ્ધ થયેલ છે.
ડૉ. શિવપ્રસાદલિખિત "જૈન તીર્થોંકા ઐતિહાસિક અધ્યયન વિવિધતીર્થ કે સંદર્ભમેં" પાર્શ્વનાથવિદ્યાપીઠ વારાણસીથી પ્રગટ થયું છે.]

'ખરતર' ગચ્છના **જિનપ્રભસૂરિની** કૃતિ છે. એમાં ૬૨-૮=૫૪ કલ્પો છે. એ પૈકી કેટલાક સંસ્કૃતમાં તો કેટલાક પાઇયમાં અને તેમાં પણ કેટલાક ગદ્યમાં તો કેટલાક પદ્યમાં છે. P. ૩૧૯

અત્ર મેં આ કૃતિનાં ત્રણ નામો નોંધ્યાં છે. એ પૈકી પ્રથમ નામ ગ્રન્થકારે વિ. સં. ૧૩૮૯માં આ કૃતિની પૂર્ણાહુતિરૂપે રચેલી [1]પ્રશસ્તિના અંતિમ-ચતુર્થ પદ્યમાં છે. 'તીર્થકલ્પ' નામ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૧૬૦)માં અપાયું છે. ત્રીજું નામ મેં એના સંપૂર્ણ પ્રકાશનના આધારે દર્શાવ્યું છે. સમગ્ર કૃતિનો પરિચય તો અત્ર અપાય તેમ નથી કેમકે એમાંના ૧૯ સંસ્કૃત કલ્પો જ અત્ર પ્રસ્તુત છે. એનાં નામો નીચે મુજબ છે :–

| | **નામ** | **શૈલી** | **પૃષ્ઠાંક** | |
|---|---|---|---|---|
| ૧ | શત્રુંજયતીર્થકલ્પ | પદ્ય | ૧-૫ | |
| ૮ | અર્બુદાદ્રિકલ્પ | પદ્ય | ૧૫-૧૬ | |
| ૧૧ | વૈભારગિરિકલ્પ | પદ્ય | ૨૨-૨૩ | |
| ૧૪ | અપાપાપુરી (સંક્ષિપ્ત) કલ્પ | પદ્ય | ૨૫ | |
| ૨૦ | રત્નવાહપુરકલ્પ | [2]ગદ્યપ્રધાન | ૩૩ | |
| ૨૩ | પ્રતિષ્ઠાનપત્તનકલ્પ (૧) | પદ્ય | ૪૭ | |
| ૨૪ | નન્દીશ્વરદ્વીપકલ્પ | પદ્ય | ૪૮-૪૯ | |
| ૩૨ | અભિનન્દનકલ્પ, અવન્તિદેશસ્થ | ગદ્યપ્રધાન | ૫૭-૫૮ | |
| ૩૩ | પ્રતિષ્ઠાનપુરકલ્પ (૨) | ગદ્યપ્રધાન | ૫૯-૬૦ | |
| ૩૫ | ચંપાપુરીકલ્પ | ગદ્યપ્રધાન | ૬૫-૬૬ | P. ૩૨૦ |
| ૩૬ | પાટલિપુત્રનગરકલ્પ | ગદ્યપ્રધાન | ૬૭-૭૦ | |
| ૩૮ | વારાણસીનગરીકલ્પ | ગદ્યપ્રધાન | ૭૨-૭૪ | |
| ૪૨ | વસ્તુપાલ-તેજપાલ-કલ્પ | ગદ્યપ્રધાન | ૭૯-૮૦ | |
| ૪૩ | [3]ઢિપુરીતીર્થકલ્પ | ગદ્યપ્રધાન | ૮૧-૮૩ | |
| ૪૫ | ચતુરશીતિમહાતીર્થનામસંગ્રહકલ્પ | ગદ્યપ્રધાન | ૮૫-૮૬ | |
| ૪૭ | નાભેયદેવકલ્પ, કુડંગેશ્વર | ગદ્યપ્રધાન | ૮૮-૮૯ | |
| ૪૮ | વ્યાઘ્રીકલ્પ | પદ્ય | ૯૦ | |
| ૫૩ | પદ્માવતીદેવીકલ્પ, આમરકુંડસ્થ | ગદ્યપ્રધાન | ૯૮-૯૯ | |
| ૬૨ | પંચપરમેષ્ઠિનમસ્કારકલ્પ | પદ્ય | ૧૦૮ | |

૧. આના પ્રથમ પદ્યમાં ગ્રંથનું પરિમાણ ૩૫૬૦ શ્લોક જેટલું હોવાનું દર્શાવાયું છે. દ્વિતીય પદ્ય પ્રહેલિકારૂપ છે. એ દ્વારા એના પ્રણેતાએ પોતાનું નામ ગૂંથ્યું છે. ત્રીજા પદ્યમાં આ ગ્રન્થ વિ. સં. ૧૩૮૯માં પૂર્ણ કરાયાનો ઉલ્લેખ છે.

૨. આદિ અને અંતમાં એકેક પદ્ય છે.

૩. આ જ કલ્પ આદ્ય પદ્ય તેમજ અંતિમ ત્રણેક પંક્તિ સિવાય **ચતુર્વિંશતિપ્રબન્ધ**માં સોળમાં પ્રબન્ધ તરીકે જોવાય છે તેમ છતાં એ ઉદ્ધૃત કરાયાનો ઉલ્લેખ નથી.

આ કલ્પોમાં કેટલાંક સ્થળો વિષે પૌરાણિક તો કેટલાંક વિષે ઐતિહાસિક બિનાઓ રજૂ કરાઈ છે.

[1]**વિચારસંગ્રહ, વિચારામૃતસંગ્રહ,** કિંવા **સિદ્ધાન્તાલાપકોદ્ધાર** (વિ. સં. ૧૪૪૩)–આ કૃતિના રચનાર **દેવસુન્દરસૂરિ**ના શિષ્ય **કુલમંડનસૂરિ** છે. એમણે ૨૨૦૦ શ્લોક જેવડી આ કૃતિ વિ. સં. ૧૪૪૩માં રચી છે. આની આ જ વર્ષમાં રચાયેલી એક હાથપોથી મળે છે.

P. ૩૨૧ **સમાનનામક કૃતિઓ–વિચારસંગ્રહ** એ નામની એક કૃતિ **સોમપ્રભસૂરિ**એ રચી છે અને એ ૨૨૦૦૦ શ્લોક જેવડી છે. એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૫૨)માં ઉલ્લેખ છે પણ આ ગ્રંથાગ્ર વિષે મને શંકા રહે છે. આ નામની બીજી એક કૃતિ **સમયમાણિક્ય**ગણિએ રચી છે. વળી આ નામની બીજી એક અજ્ઞાતકર્તૃક કૃતિ પણ છે.

જેમ **કુલમંડનસૂરિ**એ **વિચારામૃતસંગ્રહ** રચ્યો છે. તેમ જિનહર્ષે[2] આ નામની કૃતિ રચી છે. એનું બીજું નામ [3]**વિંશતિસ્થાનકવિચારામૃતસંગ્રહ**[4] છે. એ ૨૮૦૦ શ્લોક જેવડી કૃતિ વિ. સં. ૧૫૦૨માં રચાઈ છે. એમાં વીસ સ્થાનકો યાને પદોનું સ્વરૂપ વિસ્તારથી અપાયું છે અને સાથે સાથે પ્રત્યેક પદ અને પદ્યાત્મક કથા પણ અપાઈ છે. એમાં ૨૨ પદ્યની પ્રશસ્તિ છે.[5]

[6]**ત્રૈવિદ્ય-ગોષ્ઠી**[7] (વિ. સં. ૧૪૫૫)–આ કૃતિ 'સહસ્રાવધાની' **મુનિસુન્દરસૂરિ**એ બાળપણમાં

P. ૩૨૨ બાર-ચૌદ વર્ષની વયે જીભની પટુતા કેળવવા અર્થે વિ. સં. ૧૪૫૫માં મુખ્યતયા ગદ્યમાં રચી છે. આના પ્રારંભમાં અને અંતમાં એકેક પદ્ય છે. આ કૃતિ 'જયશ્રી'થી શરૂ કરાઈ છે. એમાં વચ્ચે વચ્ચે સંસ્કૃત પદ્યો અવતરણરૂપે અપાયાં છે.

**વિષય**–આ કૃતિનું નામ જ સૂચવે છે તેમ આમાં લક્ષણ અર્થાત્ વ્યાકરણ, છંદ, કાવ્ય અને પ્રમાણ અર્થાત્ તર્ક એમ ચાર વિદ્યાનું નિરૂપણ છે. પ્રથમ ભૂમિકા (પત્ર-૩અ)માં એ વિદ્યાનાં વિવિધ સાધનો ગણાવાયાં છે. જેમકે (૧) વિશુદ્ધ બુદ્ધિનો આભોગ (વિસ્તાર), (૨) સદ્‌ગુરુનો સમાયોગ, (૩) સદ્‌ગુરુના વિનયનો પ્રયોગ, (૪) પુસ્તકોની પ્રાપ્તિનો યોગ, (૫) પ્રમત્તતાનો વિયોગ, (૬) અવિચ્છિન્ન ઉપયોગ, (૭) શુભ અભિયોગ, (૮) શરીરનું આરોગ્ય, (૯) ભાગ્ય ઇત્યાદિ. આ સર્વ સાધનો એકસાથે મળવાં મુશ્કેલ છે છતાં એવા મહાપુરુષો થયા છે કે જેમને એ મળ્યાં હતાં. દા. ત. **સિદ્ધસેન દિવાકર, મલ્લવાદી, હરિભદ્રસૂરિ,** 'વાદી' **દેવસૂરિ, હેમચન્દ્રસૂરિ** વગેરે.

---

૧. આ સંસ્કૃત કૃતિ હશે એમ માની મેં એની અહીં નોંધ લીધી છે.

૨. આ નામ 'ખરતર'ગચ્છના શાન્તિહર્ષના શિષ્ય જિનહર્ષે વિ. સં. ૧૭૪૮માં રચેલા "વીસ સ્થાનકનો રાસ"ના અંતમાં અપાયું છે.

૩. આ કૃતિ "દે. લા. જૈ. પુ. સ." તરફથી ઇ. સ. ૧૯૨૨માં પ્રકાશિત થયેલી છે.

૪. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૫૩).

૫. વિશેષ માટે જુઓ **શ્રીતીર્થંકર-પદવીસોપાનનું** મારું પ્રાસ્તાવિક (પૃ. ૭-૧૧).

૬. આ પ્રકાશિત છે. જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ-૧, પૃ. ૩૦૧).

૭. *આનું બીજું નામ **પંચદર્શનસ્વરૂપ** છે. એવો **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૬૫)માં ઉલ્લેખ છે તે ભ્રાન્ત છે.* આ નામની એક કૃતિનો પરિચય મેં **ઉપદેશરત્નાકર**ની ભૂમિકા (પૃ. ૬૮ ને ૯૨)માં આપ્યો છે.

'લક્ષણ-ગોષ્ઠી'માં **જૈનેન્દ્ર** ઇત્યાદિ વ્યાકરણોનાં નામ ગણાવાયાં છે. વળી એનો અભ્યાસ કરવાની રીત અને એનાથી થતો લાભ જણાવેલ છે. 'છંદ-ગોષ્ઠી'માં છંદના પ્રકાર અને 'કાવ્ય-ગોષ્ઠી'માં કાવ્યના પ્રકાર દર્શાવાયા છે. 'પ્રમાણ-ગોષ્ઠી'માં પ્રમાણના પ્રકારોનું કથન છે. અંતમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વોનાં લક્ષણો વગેરેનું નિરૂપણ છે.

**વિજ્ઞપ્તિત્રિવેણી**ની પ્રસ્તાવના (પૃ. ૩૦)માં આ કૃતિના વિષય તરીકે ન્યાય, વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, છંદ અને અલંકારનો સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે.

પ્રસ્તુત કૃતિના વિશેષ પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ-૧, પૃ. ૩૦૧-૩૦૨, ૩૦૪- P. ૩૨૩
૩૦૫ તેમજ ઉપોદ્ઘાતનાં પૃ. ૨૬, ૪૮ અને ૪૯).

[1]**પ્રશ્નોત્તરસમુચ્ચય**[2] કિંવા **હીરપ્રશ્ન** (લ. વિ. સં. ૧૬૫૦)–આ સંકલનાત્મક કૃતિના પ્રણેતા **કીર્તિ**વિજયગણિ છે. એઓ **હીરવિજયસૂરિ**ના શિષ્ય થાય છે. એમણે વિ. સં. ૧૬૯૦માં **વિચારરત્નાકર** રચ્યો છે. એમણે પોતાના ગુરુને ગુરુભાઇઓ તરફથી તેમજ કેટલાંક નગરોનાં સંઘ તરફથી જૈન ધર્મને અંગે જે ઉત્તરો એમના ગુરુ તરફથી અપાયા હતા તે એકત્રિત કરી આ **પ્રશ્નોત્તરસમુચ્ચય** નામની કૃતિ યોજી છે. કેટલાક એને **હીરપ્રશ્ન** પણ કહે છે.[3] એ ચાર પ્રકાશમાં વિભક્ત છે. પ્રથમ પ્રકાશમાં ચાર પ્રશ્નકારના ૪૬ પ્રશ્નોને ઉત્તર સહિત સ્થાન અપાયું છે.

બીજામાં [4]ચૌદ પ્રશ્નકારના ૫૮ પ્રશ્નોની ઉત્તરપૂર્વક નોંધ છે. ત્રીજામાં ચૌદ પ્રશ્કારો તરફથી P. ૩૨૪
રજૂ થયેલા ૧૨૬ પ્રશ્નો અને એના ઉત્તરો અપાયા છે. ચોથામાં છ નગરના સંઘ જે પ્રશ્નકાર છે એમના ૭૬ પ્રશ્નો ઉત્તર સહિત અપાયા છે. આમ આ કૃતિમાં એકંદર ૪+૧૪+૧૪+૬=૩૮ પ્રશ્નકારો અને ૪૬+૫૮+૧૨૬+૭૬=૩૦૬ પ્રશ્નો અને એના ઉત્તર છે.

પ્રકાશદીઠ પ્રશ્નકારોનાં નામ એમના પ્રશ્નોની સંખ્યા સહિત હું નોંધું છું :–

પ્ર. ૧–**કલ્યાણકુશલગણિ** (૭), **કલ્યાણવિજયગણિ** (૬), જગમાલગણિ (૧૩) અને **વિમલ-હર્ષગણિ** (૨૦).

પ્ર. ૨–**આનન્દવિજયગણિ** (૨), **કાન્હજીગણિ** (૨), **કાન્હર્ષિગણિ** (૩), [5]**ગુણવિજયગણિ** (૪),

---

૧. આ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી જામનગરથી ઇ. સં. ૧૯૧૭માં છપાવાઇ છે. ત્યાર બાદ આ કૃતિ "હંસવિજય જૈન ફ્રી લાઇબ્રેરી" તરફથી છપાવાઇ છે. વળી **ચંદુલાલ** જમનાદાસે છાણીથી **વિજયલબ્ધિસૂરિ** દ્વારા સંપાદિત અને મુનિશ્રી **ચિદાનન્દવિજય**ના ગુજરાતી અનુવાદ સહિત આ કૃતિ ઇ. સ. ૧૯૪૩માં પ્રકાશિત કરી છે. આ કૃતિની વિ. સં. ૧૬૫૨માં લખાયેલી એક હાથપોથી મળે છે. આ તેમજ વિ. સં. ૧૬૫૫માં લખાયેલી અન્ય હાથપોથીનો ઉપયોગ કરી આ કૃતિનું વિશિષ્ટ સંપાદન થવું ઘટે.

૨. આ નામની એક કૃતિ **દીપવિજયે** વિ. સં. ૧૮૮૬માં રચી છે.

૩. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪૬૧).

૪. **નગર્ષિગણિ**એ બે વાર પ્રશ્ન પૂછ્યા છે. એ હિસાબે ચૌદ છે, નહિ તો તેર ગણાય.

૫. એઓ **સુમતિવિજય**ના શિષ્ય થાય છે.

જિનાનન્દગણિ (૨), ડાહર્ષિગણિ (૧), દેવવિજયગણિ (૩), [1]નગર્ષિગણિ (૮+૬), [2]પદ્મવિજયગણિ (૬), યશોવિજયગણિ (૨), રવિસાગરગણિ (૬), વિવેકહર્ષગણિ (૫) અને હાનર્ષિગણિ (૮).

પ્ર. ૩–આનંદસાગરગણિ (૫), કલ્યાણકુશલગણિ (૩), કલ્યાણવિજયગણિ (૧૧), [3]કાન્હર્ષિગણિ
P. ૩૨૫ (૯), કીર્તિહર્ષગણિ (૪), ગુણવિજયગણિ (૧૦), જગમાલગણિ (૧૩), જિનદાસગણિ (૫), [4]દેવવિજયગણિ (૧૧), નગર્ષિગણિ (૧૯), વિવેકહર્ષગણિ (૪), વિષ્ણર્ષિગણિ (૨૦), વેલર્ષિગણિ (૩) અને [5]સૂરવિજયગણિ (૯).

પ્ર. ૪–ડુંગરપુરનો સંઘ (૩), દ્વિ(દ્વી)પબંદરનો સંઘ (૪૫), ધાયતાગ્રામનો સંઘ (૩), જેસલમેરનો સંઘ (૧૮), દેવગિરિનો સંઘ (૪) અને સિદ્ધપુરનો સંઘ (૩).

આ કૃતિમાં જાતજાતના પ્રશ્નો છે. જેમકે વંદિત્તુસત્તના કર્તા કોણ ? (પ્ર. ૨૮), છઠ્ઠો કર્મગ્રંથ કોણે રચ્યો છે? (પ્ર. ૨૯), કાકુત્સ્થની વ્યુત્પત્તિ શી છે એને એ કોનું નામ છે ? (પ્ર. ૩૪), મહાવિદેહમાં વિજયોમાં તીર્થંકરોની હયાતીમાં અન્ય તીર્થંકરનો જન્મ થાય ? (પ્ર. ૭૪), [6]ઇદના દિવસે અસજ્ઝાય તરીકે ગણાય ? (પ્ર. ૧૧૫), 'અનુત્તર' વિમાનમાં કુંભનું પ્રમાણ કેવી રીતે સંગત ગણાય ? (પ્ર. ૧૬૪), મહાવીરસ્વામીનું ૭૨ વર્ષનું આયુષ્ય કેવી રીતે સિદ્ધ થઇ શકે? (પ્ર. ૨૦૬) અને મોતીનાં વલયો શાસ્ત્રોક્ત છે ? (પ્ર. ૨૪૭).

૧૬૪મા પ્રશ્નના ઉત્તરમાં **લીલાવતી**માંથી કોષ્ટક અપાયું છે. વળી સાંપ્રત કાળે (વિક્રમની સત્તરની સદીમાં) નેપાલમાં ૩૬ પઇસા બારબર એક 'કુટપ' ગણાય છે એ બાબત દર્શાવાઇ છે. આ ઉપરાંત **ભુનવભાનુકેવલિચરિત્ર**નો ઉલ્લેખ કરાયો છે. પૃ. ૨૪૭ના ઉત્તરમાં દસ ગાથા અપાઇ છે.

P. ૩૨૬ [7]**અનુવાદ-હીરપ્રશ્ન**નો ગુજરાતીમાં ચિદાનન્દવિજયે અનુવાદ કર્યો છે. સાથે સાથે કેટલાંક ટિપ્પણો પણ ગુજરાતીમાં અપાયાં છે. એમાં તિથિચર્ચાને લગતી બાબત છે. મહાવીરસ્વામીનું આયુષ્ય ૭૨ વર્ષનું કેવી રીતે ગણાવાય એ બાબત વિજયદાનસૂરિજીકૃત **વિવિધ પ્રશ્નોત્તર** (ભા. ૧, પૃ. ૧૧૫)ને આધારે અપાઇ છે.

---

૧. એમણે બે વાર પ્રશ્ન પૂછ્યા છે તે એકસાથે ન નોંધતાં અન્ય પ્રશ્નકારના પ્રશ્ન નોંધ્યા બાદ નોંધાયા છે તો તેનું શું કારણ હશે ?

૨. આ વટપલ્લીય છે.

૩. આ પૂર્વના પ્રકાશમાં પણ એમના પ્રશ્ન છે. આ હકીકત કાન્હર્ષિગણિ તેમજ જગમાલગણિને અંગે પણ ઘટ છે.

૪. એઓ જયવંતગણિના શિષ્ય થાય છે.

૫. એઓ નાકર્ષિગણિના શિષ્ય થાય છે.

૬. મૂળમાં ઈદ શબ્દ છે, એવી રીતે ૨૭૨માં પ્રશ્નમાં 'કેરી' એ અર્થમાં કયરી શબ્દ છે.

૭. આ અનુવાદ મૂળ કૃતિ સહતિ "શ્રીહીરપ્રશ્નોત્તરાનુવાદ તેમજ **શ્રી હીરપ્રશ્નાનુવાદ** એમ બે નામથી "મુક્તાબાઇ જ્ઞાનમન્દિર" તરફથી ડભોઇથી ઇ. સ. ૧૯૪૩માં પ્રસિદ્ધ કરાયો છે. ગુજરાતી આદિવચનમાં સૂતક અને વિધિને અંગેની ચર્ચાની નોંધ લેવાઇ છે. આ આદિવચન (પૃ. ૧૩) ઉપરથી જાણી શકાય છે. કે આ પૂર્વે **હીરપ્રશ્ન**નો ગુજરાતી અનુવાદ "જી. એમ. ગેકટીવાળા એન્ડ બ્રધર્સ" તરફથી ઇ. સ. ૧૯૧૩માં પ્રકાશિત કરાયો હતો.

[1]**પ્રશ્નચિન્તામણિ**–કિંવા [2]**પ્રશ્નોત્તર**–આ ૨૨૦૦ શ્લોક જેવડી કૃતિ શુભવિજયગણિના શિષ્ય વીરવિજયગણિએ રચી છે. એ **હીરપ્રશ્નગત** પ્રશ્નો અને ઉત્તરો અંગે છે. **પ્રશ્નોત્તર** નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ પણ છે.

[3]**પ્રશ્નોત્તરરત્નાકર**[4], [5]**પ્રશ્નોત્તરસંગ્રહ** કિંવા **સેનપ્રશ્ન** (લ. વિ. સં. ૧૬૭૦) – આ સંગ્રહાત્મક કૃતિના રચનાર શુભવિજયગણિ છે. એઓ હીરવિજયસૂરિના શિષ્ય થાય છે. એમની જે અન્ય કૃતિઓનાં P. ૩૨૭
સ્પષ્ટ ઉલ્લેખ એમણે આ કૃતિના અંતમાંની [6]પુષ્પિકામાં કર્યા છે તે નીચે મુજબ છે :–

(૧) **તર્કભાષાવાર્તિક** (વિ. સં. ૧૬૬૩), **કાવ્યકલ્પલતામકરન્દ** (વિ. સં. ૧૬૬૫), **સ્યાદ્વાદભાષાસૂત્ર** (વિ. સં. ૧૬૬૭) અને એની વૃત્તિ અને **કાવ્યકલ્પલતાવૃત્તિ**[7].

આ ઉપરાંત શુભવિજયગણિએ વિ. સં. ૧૬૬૧માં [8]**હૈમનામમાલાબીજક** અને વિ. સં. ૧૬૭૧માં **પજ્જોસવણકપ્પ** ઉપર સંસ્કૃતમાં ટીકા રચ્યાં છે. આ ટીકાનો અહીં સ્પષ્ટ ઉલ્લેખ નથી એટલે એ પૂર્વે પ્રસ્તુત કૃતિ રચાઇ હશે એમ લાગે છે. [9]**જૈ. સા. સં. ઇ.** (પૃ.૫૯૫) પ્રમાણે તો આ કૃતિ વિ. સં. ૧૬૫૭ અને વિ. સં. ૧૬૭૧ના ગાળામાં યોજાઇ છે.

'સેનપ્રશ્ન' નામ સૂચવે છે તેમ આમાં **વિજયસેનસૂરિ**ને એમના રાજ્ય દરમ્યાન [10]કેટલાક P. ૩૨૮
મુનિવરો તરફથી પૂછાયેલા [11]પ્રશ્નોને સ્થાન અપાયું છે. સાથે સાથે એમણે આપેલા ઉત્તરોની પણ અહીં નોંધ લેવાઇ છે.

---

૧. આ કૃતિ મુંબઇથી ઇ. સ. ૧૯૧૯માં છપાવાઇ છે.

૨. આ નામની કૃતિ વિવિધ વ્યક્તિઓએ રચી છે. જેમકે **ખ.** જયસોમ, **જિનચન્દ્ર, દેવચન્દ્ર, દેવભદ્ર, રૂપજિયગણિ** અને **વિમલહર્ષગણિ.**

૩. આ કૃતિ "પ્રશ્નરત્નાકરાભિધઃ શ્રીસેનપ્રશ્નઃ"ના નામથી **"દે. લા. જૈ. પુ. સં."** તરફથી ઇ. સ. ૧૯૧૯માં પ્રસિદ્ધ કરાઇ છે. એમાં આશરે બસો ગ્રન્થોની સાક્ષી અપાઇ છે. [જિ. આ. ટ્ર. દ્વારા છપાયું છે.]

૪. આ નામ આ કૃતિના અંતમાંની પુષ્પિકામાં જોવાય છે.

૫. આ નામ પ્રશસ્તિના શ્લો. ૧૩ તેમજ ૧૫માં અપાયેલું છે.

૬. અહીં શુભવિજયના નામની આગળ 'પંડિત' શબ્દ છે. એ શું કર્તાની પદવી છે. કે જેથી એમણે જાતે એનો ઉલ્લેખ કર્યો છે ? આ પુષ્પિકા એમના કોઇ શિષ્યની તો રચના નથી ? [પંડિત=પંન્યાસ પદ.]

૭. આ નામો રચનાવર્ષના ક્રમને અનુસરીને અપાયાં હોય એમ લાગે છે. [**સ્યાદ્વાદભાષા** દે.લા. તરફથી વિ.સં. ૧૯૬૭માં પ્રસિદ્ધ છે. જિનશાસન આરાધના ટ્રસ્ટે આનું પુનર્મુદ્રણ કર્યું છે.]

૮. આને **અભિધાનચિંતામણિબીજક** પણ કહે છે. જુઓ **જૈ સં. સા. ઇ.** (ખંડ-૧, પૃ.૧૧૬).

૯. અહીં **પ્રશ્નોત્તરસંગ્રહ**ને **સેનપ્રશ્ન**થી ભિન્ન ગણ્યો છે તો એ વાત વિચારણીય જણાય છે.

૧૦. આ પૈકી પત્ર ૪૦માં વૃદ્ધ પંડિત **શુભવિજયગણિ**ના નામથી પ્રશ્ન અપાયા છે. એ શું આ કૃતિના કર્તાએ જ પૂછેલા પ્રશ્ન છે? આવો કોઇ પ્રશ્ન કરે તો તેનો ઉત્તર નકારમાં છે કેમકે 'વૃદ્ધ પંડિત' એમ શુભવિજય પોતાને માટે લખે એ કેમ બને ?

૧૧. ૨૮ નગરના સંઘો તરફના પ્રશ્નો પણ આ કૃતિમાં અપાયા છે. એ નગરોનાં નામ નીચે મુજબ છે :– અમદાવાદ, આગરા, ઉજ્જૈન, ઉણીઆર, ઉદયપુર, કાકનગર, ખંભાત (સ્તંભતીર્થ), જાલોર, જેસલમેર, ડુંગરપુર, દીવબંદર, દેવગિરિ, નવાનગર, પાટણ, પાલી, ફત્તેહપુર, બિભીતક, ભિન્નમાલ, મહેમદાવાદ, માલપુર, મુલતાન, મેદિનીપુર, રાજપુર, વટપલ્લી, વષા, સાચોર, સીસાંગ અને સુરત.

આમાં નાના-મોટા ચાર ઉલ્લાસ છે. પ્રારંભમાં ત્રણ પદ્યો છે અને તેમાંનાં બીજા અને ત્રીજા પદ્યમાં વિષયનો નિર્દેશ છે.

પ્રથમ ઉલ્લાસમાં નવ પ્રશ્નકારના ૧૩૬ પ્રશ્નો ઉત્તર સહિત અપાયા છે. એવી રીતે બીજા, ત્રીજા અને ચોથા ઉલ્લાસમાં પ્રશ્નકારોની સંખ્યા અનુક્રમે ૧૭, ૪૫ અને ૨૮ છે જ્યારે પ્રશ્નોની સંખ્યા ૨૧૩, ૪૯૭ અને ૧૭૧ છે. ચોથા ઉલ્લાસના પ્રશ્નકાર વિવિધ નગરના સંઘ છે. આમ એકંદર પ્રશ્નકારોની સંખ્યા ૯૯ની છે અને પ્રશ્નોની સંખ્યા ૧૦૧૭ની છે.

P. ૩૨૯ અહીં અપાયેલા પ્રશ્નો [1]ચારે અનુયોગને સ્પર્શે છે. ગચ્છની મર્યાદા ઉપર આ કૃતિ પ્રકાશ પાડે છે. વ્યાકરણને અંગે પણ એમાં કેટલાક પ્રશ્નો વિચારાયા છે. અંતમાં ૧૭ પદ્યોની પ્રશસ્તિ છે. ઉ. ૩ (પત્ર ૬૩-અ)માં **મ**હાવીરસ્વામીની [2]જન્મકુંડલીને અંગે નીચે મુજબની મતલબનો ૧૫૪મો પ્રશ્ન છે :—

છૂટા પાનામાં **વીર** ભગવાનની જન્મોત્રી તરીકે એવો ઉલ્લેખ છે તે ચૈત્ર સુદ તેરસને મંગળવારે 'ઉત્તરા ફાલ્ગુની' નક્ષત્રમાં 'સિદ્ધિ' યોગમાં રાત્રિની પંદર ઘડીએ 'મકર' લગ્નમાં સિદ્ધાર્થ ભૂપતિને ત્યાં પુત્ર જન્મ્યો. આ જન્મોત્રી **સ્કંદપુરાણ**માંથી ઉદ્ધરેલી છે એમ લખ્યું છે તો તે જ આ જન્મોત્રી જાણવી

P. ૩૩૦ કે બીજી ? આનો ઉત્તર એમ અપાયો છે કે **સ્કંદપુરાણ**ને નામે છૂટા પાનામાં આ જન્મોત્રી જોવામાં આવે છે પરંતુ કોઇ ગ્રંથમાં જોવામાં આવી નથી.

**અનુવાદ–સેનપ્રશ્ન**નો ગુજરાતીમાં [3]અનુવાદ **વિજયકુમુદસૂરિ**જીએ કર્યો છે અને એનું નામ "ગુર્જરભાષા પર્યાયાત્મક સારસંગ્રહ" રાખ્યું છે.

[4]**તાત્ત્વિકપ્રશ્નોત્તર**—આના કર્તા **આ**ગમોદ્ધારક છે. એઓ જાતે જ પ્રશ્નકાર તેમજ ઉત્તરકાર છે. એમણે ૧૪૪૬ પ્રશ્નો અને ઉત્તરો તેમજ કેટલીક કંડિકાઓ રચ્યાં છે. વિશેષમાં એ સંસ્કૃતવિભાગ ઉપરાંત

૧. "પં. મણિવિજયજી ગ્રંથમાલા"માં "સેનપ્રશ્ન" એ નામથી મૂળ કૃતિનો સારસંગ્રહ જે **વિજયકુમુદસૂરિ**એ ગુજરાતી અનુવાદરૂપે તૈયાર કર્યો હતો તે ઇ. સ. ૧૯૪૦માં છપાયો છે. એમાં અંતમાં દ્રવ્યાનુયોગ, ગણિત, જ્યોતિષ, દેવદેવી અને દેવલોક ઇત્યાદિ ઉલ્લેખપૂર્વક પ્રશ્નોની સંખ્યા નોંધાઇ છે. આનો ૭૭ પૃષ્ઠ જેવો ઉપોદ્ઘાત પં. **પ્રભુદાસ** બેચરદાસ પારેખ લખ્યો છે. એમણે **સેનપ્રશ્ન**ને **હીરપ્રશ્ન**ની પૂર્તિરૂપે ઓળખાવ્યો છે. એમણે **વિજયસેનસૂરિ**નો જીવનવૃત્તાન્ત આપ્યો છે. ત્યાર બાદ પૃ. ૨૬-૭૭માં આજકાલની ધાર્મિક, રાજકીય અને સામાજિક પરિસ્થિતિ વિષેના વિચારો એમણે રજૂ કર્યા છે પરંતુ એને બદલે ગ્રંથગત મુદ્દાઓ છણ્યા હોત તો તે વધારે લાભદાયક થાત.

૨. આની નોંધ મેં "Horoscopic Data in the Jaina Literature" "Journal of Oriental Institue" નામના મારા લેખમાં લીધી છે. એ લેખ (Vol. II No. 1, pp. 42-49)માં ઇ. સ. ૧૯૫૨માં છપાયો છે.

૩. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.

૪. આ કૃતિનાં ૭૭ પ્રશ્ન પૂરતો ભાગ આગમોદ્ધારકનાં અવતરણો અને એમના પટ્ટધર શ્રી**માણિક્યસાગરસૂરિ**ના ગુજરાતી શબ્દાર્થ સાથે "જૈન પુસ્તક પ્રચારક સંસ્થા" તરફથી ઇ. સ. ૧૯૪૯માં પ્રકાશિત થયેલો છે. ત્યાર બાદ આ વિદ્વદ્ભોગ્ય કૃતિનો કેટલીક કંડિકાઓ સિવાયનો ૧૪૪૬ પ્રશ્નો અને ઉત્તરોને લગતો વિભાગ "તાત્ત્વિકપ્રશ્નોત્તરાણિ"ના નામથી શ્રી **પાના**ચંદ **સાક**રચંદ મદ્રાસીએ વિ. સં. ૨૦૧૪માં પ્રકાશિત કર્યો છે. અલગ કરાયેલી કંડિકાઓના સમૂહને **તાત્ત્વિકવિમર્શ** નામ અપાયું છે.

૭૭ પ્રશ્નને અંગે એમણે ગુજરાતીમાં વિવેચન કર્યું છે. એને 'અવતરણ' તરીકે ઓળખાવાયું છે. આ કૃતિ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત **વિસેસણવઈ**નું સ્મરણ કરાવે છે.

[1]**વિચારરત્નાકર** કિંવા [2]**વિશેષસમુચ્ચય** (વિ. સં. ૧૬૯૦) – આ મુખ્યતયા ગદ્યાત્મક કૃતિ P. ૩૩૧
'જગદ્ગુરુ' **હીરવિજયસૂરિ**ના શિષ્ય **કીર્તિવિજયગણિ**એ વિ સં. ૧૬૯૦માં રચી છે. આ ગણિની બીજી કૃતિ તે **પ્રશ્નોત્તરસમુચ્ચય** કિંવા **હીરપ્રશ્ન** છે. પ્રસ્તુત કૃતિના પ્રારંભમાં પાંચ પદ્યો છે અને અંતમાં છત્રીસ પદ્યોની પ્રશસ્તિ છે. આ કૃતિની શરૂઆતના ચોથા પદ્યમાં સૂચવાયા મુજબ આ અંગ, ઉવંગ ઇત્યાદિ આગમો, એની વિવૃત્તિ, પ્રકરણો વગેરેમાં દૃષ્ટિગોચર થયેલા રુચિર વિચારોના સમૂહરૂપ કૃતિ છે. એ પ્રાચ્ય તટ, મધ્યમ ભાગ અને અપર તટ એમ ત્રણ ખંડમાં વિભક્ત છે. પત્ર ૧અ-પત્ર ૮૧-અ જેવડા પ્રાચ્ય તટમાં ૧૧ તરંગો છે અને એ અનુક્રમે **આયાર, સૂયગડ** એમ **વિવાગસુય** સુધીનાં છે. ત્યાર પછીનું પદ્ય મધ્યમ ભાગના મંગલાચરણરૂપ હોય એમ લાગે છે, જો કે સંપાદકે તો એનો અંક ચાલુ આપ્યો છે. આ મધ્યમ ભાગ પત્ર ૮૧-અથી પત્ર ૧૪૧-અ સુધીનો છે. એમાં દસ તરંગ, એક આવર્ત અને એક કલિકા છે. પ્રારંભમાં **ઓવવાઇય** વગેરે ૧૨ ઉવંગોમાંના વિચારો રજૂ કરાયા છે અને એ માટે આઠ તરંગોની યોજના કરાઇ છે. આઠમો તરંગ **નિરયાવલિયા** વગેરે પાંચ ઉવંગોને લગતો છે. એના પછી **નન્દીસુત્ત**ને અંગે નવમો અને **અણુઓગદ્દાર**ને અંગે દસમો તરંગ છે. ત્યારે બાદ વિવિધ જૈન શાસ્ત્રોમાં જે મતાંતરો જોવાય છે તેને અંગે 'મતાન્તર-સમુચ્ચય' નામનો આવર્ત રજૂ કરાયો છે. એ પત્ર ૧૨૦-આથી પત્ર ૧૨૫-અ સુધીનો છે. આના પછી મૂલસુત્તમાંથી કેટલાક વિચારો ઉપસ્થિત કરાયા છે અને એટલા વિભાગને 'કલિકા' તરીકે ઓળખાવાયો છે. એ પૂર્ણ થતાં એક પદ્ય દ્વારા આ મધ્યભાગની પૂર્ણાહૂતિ કરાઇ છે.

પત્ર ૧૪૧-અથી અપર તટની શરૂઆત થાય છે. એમાં છ તરંગ છે અને અંતમાં 'વેલા' છે.
સૌથી પ્રથમ એમાં **નિસીહ, મહાનિસીહ, દસાસુયક્ખન્ધ, કપ્પ, વવહાર** અને **પંચકપ્પ** એ છ છેયસુત્તને P. ૩૩૨
લગતી વિચારણા કરાઇ છે અને એ પ્રત્યેકને અંગે એકેક તરંગ યોજાયો છે. એ પૂર્ણ થતાં પત્ર ૧૭૭-આ ઉપર અપર તટ પૂર્ણ થાય છે. એના પછી 'સંકીર્ણકવિચારસમુચ્ચય' નામની 'વેલા' શરૂ કરાઇ છે. પ્રારંભમાં **ચઉસરણ** વગેરે પઇણ્ણગમાંના વિચારો રજૂ કરી પ્રકરણોમાંથી **પવયણસારુદ્ધાર**ની વૃત્તિ, **સડ્ઢવિહિ** વગેરે ગ્રંથોમાંથી કેટલીક બાબતો આપી આ 'વેલા' પૂર્ણ કરાઇ છે અને તેમ થતાં આ કૃતિ પૂર્ણ થાય છે.

અંતમાં પ્રશસ્તિ છે. એ ઉપરથી આ કૃતિ "દર્શન-હિમકર-ગગન-ગ્રૈવેયક'થી સૂચિત વર્ષમાં એટલે કે વિ. સં. ૧૬૯૦માં **વિજયતિલકસૂરિ**ના પટ્ટાલંકાર **વિજયાનન્દસૂરિ**ના સામ્રાજ્યમાં અને તે પણ

૧. આ કૃતિ "**દે. લા. જૈ. પુ. સં.**" તરફથી ઇ. સ. ૧૯૨૭માં પ્રકાશિત થયેલી છે. પત્ર ૧૬૦-અ તેમજ ૧૬૮-અ ઉપરના પાઠ ખંડિત છે. આ પ્રકાશનમાં સાક્ષીરૂપ પાઠોનાં મૂળ સ્થળોની સૂચી અને મતાંતરોના શક્ય સમન્વય અપાયાં હોત તો આ વિશેષ દીપી ઊઠતે.

૨. જુઓ પ્રાચ્ય તટની પુષ્પિકા (પત્ર ૮૧ અ.)

એમના આદેશથી રચાયાનો ઉલ્લેખ છે. વળી આ કૃતિનું સંશોધન **રામવિજય**ના શિષ્ય **દેવવિજય** વાચકે તેમજ કર્તાના શિષ્ય **વિનયવિજયે** પણ કર્યું છે. એ બાબત પણ નિર્દેશાઇ છે. વિશેષમાં આ **વિનયવિજયે** આ કૃતિનો પ્રથમાદર્શ લખ્યો છે એનો પણ અહીં ઉલ્લેખ છે.

**સ્વોપજ્ઞ ટીકા**–**જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૫૧)માં આ કૃતિ ઉપર ૭૧૫૫ શ્લોક જેવડી સ્વોપજ્ઞ ટીકા હોવાનો ઉલ્લેખ છે એટલું જ નહિ પણ એની એક હાથપોથી પાટણના ભંડારમાં છે એમ કહ્યું છે પરંતુ આ વાત ગલત હોય એમ લાગે છે કેમકે આવી કોઇ ટીકા રચાયાનો કોઈ સ્થળે ઉલ્લેખ જોવાતો નથી. વળી **જૈ. ગ્રં.** (પૃ. ૧૩૦) પ્રમાણે તો મૂળ કૃતિ જ ૯૬૧૦ શ્લોક જેવડી છે.

[1]**વસ્તુવિજ્ઞાનરત્નકોશ**–આ અજ્ઞાતકર્તૃક કૃતિની નોંધ પ્રો. **પિટર્સને** પોતાના ત્રીજા અને છઠ્ઠા હેવાલમાં લીધી છે.

P. 333 **વ્યાખ્યા**–કોઈકે રચેલી આ વ્યાખ્યાની પણ ત્રીજા હેવાલમાં નોંધ છે.

[2]**વૃદ્ધપ્રસ્તાવોક્તિરત્નાકર** (વિક્રમની ૧૭મી સદી)–આના કર્તા શતાવધાની **સિદ્ધિચન્દ્રગણિ** છે. આ કૃતિનો ઉલ્લેખ **ભક્તામરસ્તોત્ર**ની વૃત્તિમાં **સિદ્ધિચન્દ્રગણિએ** પોતે કર્યો છે એટલું જ નહિ પણ એનું એક પદ્ય **ભક્તામરસ્તોત્ર** (શ્લો.૬)ની પોતાની વૃત્તિમાં અને બીજાં બે પદ્ય આ સ્તોત્રનાં અંતિમ પદ્યની વૃત્તિમાં એમણે રજૂ કર્યાં છે. આ કૃતિનું નામ જોતાં એમ ભાસે છે કે **સિદ્ધિચન્દ્રગણિ**ના પુરોગામી જે પ્રસંગોચિત પદ્યો ઉચ્ચારતાં હતાં તેના સંગ્રહરૂપે આ કૃતિ યોજાઇ છે. આની એક હાથપોથી **જિ. ર. કો.**માં નોંધાયેલી નથી તો શું આ કૃતિ લુપ્ત થઇ છે?

**મધ્યાહ્નવ્યાખ્યાનપદ્ધતિ** (વિ. સં. ૧૬૭૩)–આ વાદી **હર્ષનન્દ**ને વિ. સં. ૧૬૭૩માં રચેલી અને અઢાર અધ્યાયમાં વિભક્ત કરેલી પદ્યાત્મક કૃતિ છે. આનો ઉદ્દેશ મધ્યાહ્નના સમયે જનતાના મનોરંજનની સાથે સાથે ઉપદેશ આપવાનો છે એટલે વક્તા ગમે તેવા હોય તો પણ તેમણે આ કાર્ય કરવું જોઇએ.

આ **હર્ષનન્દન** **સમયસુન્દરગણિ**ના એક મુખ્ય શિષ્ય થાય છે. એમણે [3]**કાવ્યકલ્પલતા**નું સંશોધન કર્યું હતું એમ **સમયસુન્દરગણિએ** એની પ્રશસ્તિમાં જણાવ્યું છે. સાથે સાથે એ ગણિએ અહીં **હર્ષનન્દન**ને
P. 334 [4]**ચિન્તામણિ**માં વિશારદ કહ્યા છે. **હર્ષનન્દને** એ ગણિને **સામાચારીશતક**ની રચનામાં સહાય કરી હતી. વિશેષમાં **હર્ષનન્દને** **ઇસિમંડલથોત્ત** ઉપર વિ. સં. ૧૭૦૪માં અનેક કથાઓથી અલંકૃત ટીકા નામે **પ્રભાતવ્યાખ્યાપદ્ધતિ**, **ઠાણ**ની અભયદેવસૂરિકૃત વૃત્તિગત પાઇય અવતરણોની વિ. સં. ૧૭૦૫માં વૃત્તિ, **ઉત્તરજ્ઝયણ**ની વિ. સં. ૧૭૧૧માં વૃત્તિ ઇત્યાદિ રચ્યાં છે[5].

---

૧. આ સંબંધમાં જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ-૧, પૃ. ૧૩૩).

૨. આની સામાન્ય નોંધ મેં **જૈ. સં. સા. ઇ.** (ખંડ-૧, પૃ. ૫૪ અને ૨૫૫)માં લીધી છે.

૩. આ વિ. સં. ૧૬૯૯માં સ્વર્ગે સંચરેલા જિનરાજસૂરિના રાજ્યમાં રચાઇ છે.

૪. આ ગંગેશકૃત **તત્ત્વચિન્તામણિ** છે.

૫. જુઓ **સ. કૃ. કુ.** (મહોપાધ્યાય **સમયસુન્દર**, પૃ. ૪૦). અહીં બાર કૃતિઓ ગણાવાઇ છે.

**દીક્ષાપ્રતિષ્ઠાશુદ્ધિ** (વિ. સં. ૧૬૮૫)–આ 'ખરતર' ગચ્છના **સમયસુન્દરગણિએ** 'જ્યોતિષવિશારદ' વાચક જયકીર્તિની સહાયતાથી 'લૂર્ણકર્ણસરસ્'માં વિ.સં. ૧૬૫૮માં રચી છે'. આ નામથી કોઇ હાથપોથી **જિ. ર. કો.**માં નોંધાયેલી નથી.

[**નવપદપ્રકરણ**– કર્તા દેવગુપ્તસૂરિ. સ્વોપજ્ઞટીકા સાથે અને **યશોદેવોપાધ્યાય**ની બૃહટ્ટીકા સાથે ''જિનશાસન આ. ટ્રસ્ટે'' વિ. સં. ૨૦૪૫માં પ્રસિદ્ધ થયેલ છે. બૃહટ્ટીકાનો ગુજરાતી અનુવાદ આ. રાજશેખરસૂરિએ કર્યો છે. અરિહંતપ્રકાશન ભીવંડીથી પ્રગટ થયેલ છે.]

[**સંદેહસમુચ્ચય**– આ. જ્ઞાનકલશસૂરિ. પ્ર. ''રમણલાલ. કપડવંજ'' સં. ૨૦૧૫

**પ્રશ્નોત્તરચત્વારિંશત્ શતક**– પં. બુદ્ધિસાગરગણી પ્ર. ''મહાવીરસ્વામિ જૈન દેરાસર'' મુંબઈ સં. ૨૦૧૨.

**खरतरगच्छदीक्षानन्दीसूची**— ભંવરલાલ નાહટા, **વિનયસાગર**. પ્રાકૃત ભારતી અ. જયપુર.

**देवता-मूर्तिप्रकरणम्**—**મં**ડનસૂત્રધાર. પ્રાકૃતભા. **स्वर्णगिरि जालोर**-ભંવરલાલ નાહટા. પ્ર. પ્રા. ભા.]

**જૈનલક્ષણાવલી ભા.૧-૨-૩** - સંપા. બાલચંદ્ર, સિદ્ધાન્તશાસ્ત્રી, પ્ર. વીરસેવામંદિર

**આગમશબ્દકોશ** - (૧૧ અંગ શબ્દસૂચી) પ્ર. વિશ્વભારતી પ્ર.

**જૈનેન્દ્રસિદ્ધાન્તકોષ ભા.૧-૨-૩-૪** - સંપા. જિનેન્દ્રવર્ણી, પ્ર. ભારતીય જ્ઞાનપીઠ

**અલ્પપરિચિત સૈદ્ધાન્તિક શબ્દકોષ** - આ. આનંદસાગરસૂરિ, પ્ર. દે. લા.

**નિરુક્તકોશ** - પ્ર. વિશ્વભારતી પ્ર.

**Studies in Jain Art** - ઉમાકાંત પ્રે. શાહ, પ્ર. પાર્શ્વનાથ વિ.

**પાટણની અસ્મિતા** - પ્ર. પાટણ જૈન મંડળ (પાટણના જિનાલયોની સચિત્ર વિગત)

**પ્રશસ્તિસંગ્રહ** - સં. અમૃતલાલ, પ્ર. દેશવિરતિ ધ. સ.

ખ. ઉપા. મતિસાગરના અપ્રગટ ગ્રંથો - **દશાશ્રુતસ્કંધટીકા** (ર.સં.૧૬૯૭ ગ્રં. ૧૮૦૦૦ જૈનશાસ્ત્રમાળા લુધિયાણામાં વિ. સં. ૧૭૩૭ની પત્ર છે. (મુનિ રત્નત્રય વિ. આની મુદ્રણ યોગ્યપ્રતિ લખે છે.)

**નિર્યુક્તિસ્થાપન, પ્રશ્નોત્તર, ગુણકિત્વષોડશિકા** (પ્રેસકોપી મ. વિનયસાગર પાસે છે.)

શ્રાવક વાડવકૃત વૃત્તરત્નાકર અવચૂરિ (અપૂર્ણ)ની પ્રેસકોપી મ. વિનયસાગર પાસે છે. એમાં વાડવે કુમારસંભવ વગેરે ૧૭ ગ્રંથો પર અવચૂરિ લખ્યાનો ઉલ્લેખ છે. (આર્યકલ્યાણ ગૌતમસ્મૃતિગ્રંથ હિન્દી વિભાગ, પૃ. ૭૫ ઉપર વિનયસાગરનો લેખ.)

**વાગ્ભટાલંકાર** ઉપર જૈન ટીકાઓ - જિનવર્દ્ધનસૂરિટીકા (પ્ર.મુંબઈથી) સિંહદેવગણિટીકા (પ્ર. મુંબઈથી) રાજહંસ ઉપાધ્યાય ટીકા, સમયસુંદર ટીકા, ક્ષેમહંસગણિ ટીકા (અપ્રગટ)

**નાગકુમારચરિત** - મલ્લિષેણ - હ.લિ. પ્રત આમર શાસ્ત્ર ભંડાર, જયપુર.

---

૧. જુઓ **સ. કૃ. કુ.** (મહોપાધ્યાય **સમયસુન્દર**, પૃ. ૫૩).

P. ૩૩૫

# પ્રકરણ : ૪૮ જૈન [1]પાઇય કૃતિઓનાં સંસ્કૃત વિવરણો

જૈનોએ પાલી સિવાયની જાતજાતની મુખ્ય પાઇય ભાષાઓમાં કૃતિઓ રચી છે. તેમાં અદ્ધમાગહી ભાષા તરફ એમનો સહજ પક્ષપાત છે કેમકે એ એમના પ્રાણરૂપ આગમોની ભાષા છે. આથી આ ભાષામાં રચાયેલા આગમોનાં વિવરણોને હું પ્રથમ સ્થાન આપીશ અને ત્યાર બાદ આગમેતર યાને અનાગમિક સાહિત્યનો વિચાર કરીશ. આમ કરતી વેળા મૂળ કૃતિના રચનાસમય પ્રમાણે તે તે કૃતિનાં વિવરણોનો હું ઉલ્લેખ કરીશ.

આ પુસ્તકનું કલેવર વધી જવાના ભયને લઇને હું પાઇય કૃતિઓનો પરિચય આપવાનું માંડી વાળું છું, સિવાય કે એ કૃતિ વિષે મેં **પા. ભા. સા.**માં કોઇ કારણસર વિચાર ન કર્યો હોય.

જૈન આગમોમાં **આયાર**થી માંડીને **દિટ્ઠિવાય** સુધીનાં બાર અંગો મુખ્ય સ્થાન ભોગવે છે. આ પૈકી **આયાર**ના ઉપર ગન્ધહસ્તીની ટીકા હતી. એ સંસ્કૃતમાં રચાઇ હોય તો પણ આજે તો મળતી નથી.

P. ૩૩૬ આ **આયાર** ઉપર તેમ જ **સૂયગડ** ઉપર [2]**શીલાંકસૂરિ**એ ટીકા રચી છે. **આયાર** (સુય. ૧)ની ટીકાના રચનાવર્ષ તરીકે ભિન્ન ભિન્ન ઉલ્લેખ જોવાય છે : શકસંવત્ ૭૭૨, શકસંવત્ ૭૮૮, શકસંવત્ ૭૯૮ અને ગુપ્તસંવત્ ૭૭૨. આ બંને ટીકાની રચનામાં **વાહરિગણિ**એ **શીલાંકસૂરિ**ને સહાય કરી હતી.

પૃથ્વી ફરે છે કે સૂર્ય એ બાબત મતભેદ ઘણા લાંબા સમયથી પ્રવર્ત છે. યુરોપીય ખગોળશાસ્ત્રીઓ પૈકી ઇ.સ. ૧૪૭૩માં જન્મેલા અને ઇ.સ. ૧૫૪૩માં અવસાન પામેલા **નિકોલસ કોપર્નિક્સે** (Nicholus Copernicus) પૃથ્વી ફરે છે એમ જેમ કહ્યું છે તેમ આપણા દેશમાં **આર્યભટ્ટ** પહેલા (ઇ.સ. ૪૯૯)એ કહ્યું છે. એમને કે અન્યને ઉદ્દેશીને **શીલાંકસૂરિ**એ **આયાર** (સુય ૧, અ. ૮, ઉ. ૧, સુત્ત ૧૯૯)ની ટીકા (પત્ર ૨૬૬આ)માં નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે :–

"भूगोल: केषाञ्चिन्मतेन नित्यं चलन्नेवास्ते, आदित्यस्तु व्यवस्थि एव । तत्रादित्यमण्डलं दूरत्वाद ये पूर्वत: पश्यन्ति तेषामादित्योदय:, आदित्यमण्डलाधो व्यवस्थितानां मध्याह्न:, ये तु दूरातिक्रान्तत्वान्नपश्यन्ति तेषामस्त इति ।"

અહીં 'ભૂગોલ' શબ્દ વપરાયો છે. તેનો અર્થ 'પૃથ્વીનો ગોળો' થાય છે તો એ પ્રશ્ન સ્ફુરે છે કે શું **શીલાંકસૂરિ** પૃથ્વીના આધુનિક ખગોળશાસ્ત્રીઓની જેમ પૃથ્વીને નારંગી કે સફરજન જેવા આકારની માને છે કે જૈન ઉલ્લેખો અનુસાર થાળીના આકારની ?

---

૧. કેટલીક પાઇય કૃતિઓની સંસ્કૃત છાયા થયેલી નજરે પડે છે. આ છાયાને 'પ્રતિસંસ્કૃત' કહે છે. આવી પ્રતિસંસ્કૃતથી અલંકૃત કેટલીક કૃતિની નોંધ મેં "પ્રતિસંસ્કૃતથી અલંકૃત પાઇય કૃતિઓ" નામના મારા લેખમાં લીધી છે અને એ લેખ "જૈ. સ. પ્ર" (વ. ૧૬, અં. ૬, પૃ. ૧૪૩-૧૪૭)માં છપાયો છે. બાકી આ જાતના સંસ્કૃત સાહિત્યને આ પુસ્તકમાં સ્થાન આપી શકાય તેમ નથી કેમકે એની એ જાતની મર્યાદા છે.

૨. એમનો પરિચય મેં "શ્રીશીલાંકસૂરિ તે કોણ ?" નામના મારા લેખમાં આપ્યો છે. આ લેખ "જૈ. સ. પ્ર." (વ. ૭, અં ૧-૩)માં છપાયો છે.

ઠાણથી માંડીને **વિવાગસુય** સુધીનાં નવ અંગો ઉપર [1]**અભયદેવસૂરિએ** ટીકા રચી છે. તેમાં **ઠાણ, સમવાય** અને **નાયાધમ્મકહાની** ટીકા વિ.સં. ૧૧૨૦માં અને **વિવાહપણ્ણત્તિની** ટીકા વિ. સં. ૧૧૨૮માં એમણે રચી છે. બાકીનાં અંગોની ટીકા માટે રચનાવર્ષનો ઉલ્લેખ નથી. આ હકીકત એમણે **ઓવવાઈય** નામના એક ઉવંગ ઉપર જે ટીકા રચી છે તેને પણ લાગુ પડે છે. આ નવાંગીવૃત્તિકાર **અભયદેવસૂરિએ** પણ્ણવણાતઈયપયસંગહણી, **પંચાસગની** વૃત્તિ (વિ. સં. ૧૧૨૪), જયતિહુયણથોત્ત, **પંચનિયંઠી** અને **સત્તરિયાભાસ** રચ્યાં છે. એકંદરે સાઠેક હજાર શ્લોક જેવડું એમનું લખાણ છે. એમણે **પણ્હાવાગરણ** (આસવદાર ૪)ની ટીકામાં વાસુદેવ કૃષ્ણનું ચરિત્ર આલેખ્યું છે. શ્વેતાંબરીય સંસ્કૃત રચનાઓમાં એ પહેલવહેલું હોય એમ ભાસે છે. P. ૩૩૭

[2]**મલયગિરિસૂરિએ** એક અંગ, [3]છ ઉવંગો, બે છેયસુત્ત અને ત્રણ મૂલસુત્ત ઉપર એકેક વૃત્તિ રચી છે. જુઓ પૃ. ૨૮. વળી એમણે **નંદીસુત્ત, જોઈસકરંડગ** અને **વિસેસા.** ઉપર વૃત્તિ રચી છે. આ ઉપરાંત એમણે શિવશર્મસૂરિકૃત **કમ્મપયડિ, છાંસીઈ, સત્તરિયા, પંચસંગહ,** ઉમાસ્વાતિકૃત **ત. સૂ., દેવિન્દનરઈન્દપયરણ,** હરિભદ્રસૂરિકૃત **ધમ્મસંગહણી** તથા **ધર્મસાર** તેમ જ જિનભદ્રીય **સંગહણી** અને [4]**ખેત્તસમાસ** ઉપર પણ વૃત્તિ રચી છે.[5] જુઓ પૃ. ૨૯. ઉપરાંત એમણે **શબ્દાનુશાસન** પણ રચ્યું છે. **નન્દીસુત્તના** પ્રારંભિક ભાગ ઉપરની એમની વૃત્તિ દર્શનશાસ્ત્રના અભ્યાસ માટે મહત્ત્વનું સાધન પૂરું પાડે છે. P. ૩૩૮

**આવસ્સય** ઉપર જિનભટસૂરિએ ટીકા રચી હતી પરંતુ એ મળી આવી નથી. એ સંસ્કૃતમાં હશે એમ માની મેં એની અહીં નોંધ લીધી છે. આ ટીકા વગેરેના આધારે **હરિભદ્રસૂરિએ** આ આગમ ઉપર બે વૃત્તિ રચી છે. વિશેષમાં એમણે **પણ્ણવણા,** જીવાજીવાભિગમ, **અણુઓગદાર** અને **નન્દીસુત્ત** તેમ જ **ચેઈયવન્દણસુત્ત** ઉપર એકેક વૃત્તિ રચી છે. એમણે **દસવેયાલિય** ઉપર બે વૃત્તિઓ રચી છે. આ બધી વૃત્તિઓ વિષે મેં **"શ્રીહરિભદ્રસૂરિ"**માં કેટલીક બાબતો દર્શાવી છે.

[6]જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે પાઈયમાં ૩૬૦૩ પદ્યોમાં મોડામાં મોડા શકસંવત્ ૫૩૧ (વિ. સં.

---

૧. એમનો વિસ્તૃત પરિચય અ. બેચરદાસ જી. દોશીએ "નવાંગીવૃત્તિકાર શ્રી. અભયદેવસૂરિ"માં આપ્યો છે. આ પુસ્તિકા શ્રી. વાડીલાલ એમ. પારેખે કપડવણજથી વિ.સં. ૨૦૧૦માં પ્રસિદ્ધ કરી છે.

૨. એમનો પરિચય સટીક **શતક** અને **સપ્તતિકા** નામના પાંચમા અને છઠ્ઠા કર્મગ્રન્થોની પ્રસ્તાવના (પૃ. ૧૫-૨૧)માં વિદ્વદ્વલ્લભ મુનિશ્રી **પુણ્યવિજયજીએ** આપ્યો છે.

૩. આ પૈકી **જમ્બૂદીવપણ્ણત્તિની** એમણે રચેલી વૃત્તિ **પુણ્યસાગરને** અને શાન્તિચન્દ્રને નહિ મળવાથી નહિ મળવાથી બંનેએ આ નાશ પામ્યાનો ઉલ્લેખ કર્યો છે પણ સદ્ભાગ્યે આજે એ જેસલમેરના ભંડારમાં છે.

૪. જુઓ **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ. ૨૭૧).

૫. **જોઈસકરંડગની** વૃત્તિ (પત્ર ૫૭, ૧૦૧, અને ૧૦૭)માં **ક્ષેત્રસમાસ** ઉપર વૃત્તિ રચ્યાનું **મલયગિરિસૂરિએ** કહ્યું છે.

૬. એમની કૃતિઓ ઇત્યાદિ વિષે મેં **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ. ૨૭૦-૨૭૩)માં નોંધ લીધી છે. આ ક્ષમાશ્રમણના કેટલાક વિચારો વગેરે અંગે "લા. દ. વિદ્યામન્દિર" તરફથી ઈ.સ. ૧૯૬૭માં પ્રકાશિત નિમ્નલિખિત પુસ્તકમાં રજૂ કરાયા છે :–

Akalanka's Criticism of Dharmakirti's Philosophy A Study (પૃ. ૨૩-૨૯, ૩૬, ૧૪૭ અને ૨૩૨) આમાં પૃ. ૨૬માં જિનભદ્રગણિના એક મંતવ્યનું અકલંકે **રાજવાર્તિકમાં** ખંડન કર્યાનો ઉલ્લેખ છે.

P. 339 ૬૬૫) સુધીમાં એક મનનીય કૃતિ નામે [1]**વિસેસા.** રચી છે. એના ઉપર એમણે જાતે સંસ્કૃતમાં [2]ટીકા રચી છે. આ છઠ્ઠા ગણધરની સંપૂર્ણ વક્તવ્યતા સુધીની અર્થાત્ ગાથા ૨૩૧૮ (**આ. નિ.**ની ગા. ૪૬૪) સુધીની જ છે. એમાં **દિઙ્નાગકૃત પ્રમાણસમુચ્ચય**ના દ્વિતીય સ્વાર્થાનુમાન પરિચ્છેદની "आप्तवादाविसंवादसामान्यादनुमानता"રૂપ અડધી કારિકા ઉદ્ધૃત કરાઇ છે એટલું જ નહિ પણ **દિઙ્નાગે** યોજેલી **ન્યાયપરિભાષા** પણ કેટલેક સ્થળે દષ્ટિગોચર થાય છે. ક્ષમાશ્રમણના સ્વર્ગવાસને લઇને આ અપૂર્ણ રહેલી સ્વોપજ્ઞ ટીકા [3]**કોટ્ટાર્યવાદિગણિ મહત્તરે** પોતાના તરફથી પૂર્ણ કરી છે. એ **વિસેસા.**ની ગા. ૨૩૧૯-૨૬૦૩ને અંગેની છે પ્રારંભમાં ત્રણ પદ્યો સંસ્કૃતમાં છે. એ ટીકામાં **પ્રમાણસમુચ્ચય** તેમ જ **દિઙ્નાગ**ની અન્ય કૃતિ નામે **ન્યાયમુખ**માંથી અવતરણો અપાયાં છે પરંતુ **કુમારિલ** કે **ધર્મકીર્તિ**ના મંતવ્યનો કોઇ ઇસારો જણાતો નથી.

વિશેષમાં **કોટ્યાચાર્યે** પણ એક વૃત્તિ રચી છે. એમણે **ધર્મકીર્તિકૃત પ્રમાણવાર્તિક**માંથી અવતરણો આપ્યાં છે. એ હિસાબે એઓ કોટ્ટાર્યવાદિગણિ પછી થયા છે. આ ઉપરાંત 'મલધારી' **હેમચન્દ્રસૂરિ**એ પણ એક ટીકા વિ.સં. ૧૧૭૫માં રચી છે. એમાં એમને [4]પાંચ શ્રમણોએ અને [5]બે સાધ્વીઓએ સહાય કરી
P. 340 હતી. આ **હેમચન્દ્રસૂરિ** 'હર્ષપુરીય' (મલધાર) ગચ્છના **મુનિચન્દ્રસૂરિ**ના શિષ્ય **અભયદેવસૂરિ**ના શિષ્ય થાય છે.

**પ્રાકૃત દ્વ્યાશ્રય** ઉપર વિ. સં. ૧૩૮૭માં રચાયેલી 'મલધારી' **રાજશેખરસૂરિ**કૃત વૃત્તિની પ્રશસ્તિમાં સૂચવાયા મુજબ એઓ **પ્રદ્યુમ્ન** નામના રાજસચિવ હતા અને એમણે ચાર પત્નીઓ હતી.[6] આ પદવી અને પત્નીનો મોહ જતો કરી એમણે **અભયદેવસૂરિ** પાસે દીક્ષા લીધી હતી. એમણે **જીવસમાસ** ઉપર વિ.સં. ૧૧૬૪માં વૃત્તિ રચી છે. વળી એમણે **અણુઓગદાર** ઉપર વૃત્તિ, **નન્દીસુત્ત** ઉપર અને હારિભદ્રીય **આવશ્યકવૃત્તિ** ઉપર ટિપ્પનક તેમ જ **સયગ** ઉપર વિવરણ રચ્યાં છે. આ ઉપરાંત એમણે **ઉવએસમાલા** રચી એને સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કરી છે. એવી રીતે **ભવભાવણા** રચી એ ઉપર પણ એમણે સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે. આ વિ. સં. ૧૧૭૦માં રચાયેલી વૃત્તિમાં **નેમિનાથ**નું અને સાથે સાથે કૃષ્ણનું ચરિત્ર વિસ્તારથી જ. મ. માં પદ્યમાં આલેખાયું છે જ્યારે **ભુવનભાનુકેવલિચરિત્ર** સંસ્કૃતમાં પ્રાયઃ ગદ્યમાં રચાયું છે. આ 'મલધારી' **હેમચન્દ્રસૂરિ**ના શિષ્ય **વિજયસિંહ**ના કથન મુજબ એક લાખ શ્લોક જેવડું એમના ગ્રંથોનું પૂર છે.

---

૧. આ ટીકા સહિત "લા. દ. વિદ્યામંદિર" તરફથી ત્રણ ભાગમાં અનુક્રમે ઇ.સ. ૧૯૬૬ ઇ. સ. ૧૯૬૮ અને ઇ.સ. ૧૯૬૯માં છપાવાઇ છે. એમાં અનુક્રમે ગા.. ૧-૧૫૨૮, ગા. ૧૫૨૯-૨૩૧૮, ગા. ૨૩૧૯-૩૧૬૧ અને ગા. ૩૧૬૨-૩૬૦૩ છે.

૨. આ ભા. ૧-૨માં છપાઇ છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૩. એમની ટીકા ભા. ૨ના ઉત્તરાર્ધમાં તેમ જ ભા. ૩માં છપાઇ છે. જુઓ ટિ. ૧.

૪. એમનાં મુબારક નામ નીચે મુજબ છે :–

*અભયકુમારગણિ, જિનભદ્રગણિ, ધનદેવગણિ, લક્ષ્મણગણિ અને વિબુધચન્દ્ર.*

૫. **આનંદશ્રી** મહત્તરા અને **વીરમતી** *ગણિની.*

૬. જુઓ **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૨૪૫).

**ન્યાયાચાર્યની ટીકાઓ**– એમણે અન્યકર્તૃક તથા કેટલીક સ્વરચિત પાઈય કૃતિઓ ઉપર સંસ્કૃતમાં ટીકા રચી છે. જેમકે શિવશર્મસૂરિકૃત **કમ્મપયડિ** ઉપર એમણે બે ટીકા રચી છે. આ પૈકી [1]બૃહત્ ટીકા તો પૂરેપૂરી મળે છે જ્યારે [2]લઘુટીકા અંશતઃ મળે છે. હરિભદ્રસૂરિએ જે **વીસવીસિયા** રચી છે એ પૈકી **જોગવીસિયા** ઉપર ન્યાયાચાર્યની [3]ટીકા મળે છે. આ તો અન્યકર્તૃક કૃતિઓની ટીકાઓની વાત થઈ. P. ૩૪૧ ન્યાયાચાર્યે નિમ્નલિખિત સ્વરચિત પાઈય કૃતિઓ ઉપર પણ સંસ્કૃતમાં એકેક ટીકા રચી છે :–

[4]**અજ્ઝપ્પમયપરિક્ખા**, [5]**ઉવએસરહસ્સ**, [6]**કૂવદિટ્ઠંત**, [7]**ગુરુતત્ત-વિણિચ્છય**, [8]**ધમ્મપરિક્ખા**. [9]**ભાસરહસ્સ** અને [10]**સામાયારીપયરણ**.

આ તમામ કૃતિઓનો પરિચય મેં **યશોદોહન**માં આપ્યો છે.

**સમ્મઈપયરણની ટીકાઓ**–

(૧) **સ્વોપજ્ઞ વિવરણ**– સિદ્ધસેન દિવાકરે ૧૬૬ પદ્યમાં **સમ્મઈપયરણ** રચ્યું છે એ ત્રણ કાંડમાં વિભક્ત છે. આ પાઈય કૃતિનું મહત્ત્વ જોતાં એમ ભાસે છે કે **સિદ્ધસેને** જાતે આના ઉપર સંસ્કૃતમાં P. ૩૪૨ વિવરણ રચ્યું હશે. આ પૂર્વે પ્રો. લોયમેને સ્વોપજ્ઞ વિવરણ હોવાથી સંભાવના કરી છે.[11]

૧. આ ટીકા અજ્ઞાતકર્તૃક ચુણ્ણિ તેમ જ **મલયગિરિસૂરિ**કૃત ટીકા સહિત ખૂબચંદ પાનાચંદ તરફથી ડભોઈથી ઈ.સ. ૧૯૩૭માં છપાવાઈ છે. [આ. પ્રેમસૂરિમ. રચિત **'પ્રેમપ્રભા'** ટીકા સાથે **કમ્મપયડિ** ભારતીય પ્રા. પીંડવાડાથી પ્રસિદ્ધ થઈ છે.]

૨. આ "ગુરુતત્ત્વવિનિશ્ચય"ના અંતમાં છપાયેલી છે.

૩. આ ટીકા મૂળ કૃતિ અને પાતંજલ **યોગદર્શન** તેમ જ એ **યોગદર્શન** ઉપરની ન્યાયાચાર્યની ટીકા સહિત ઈ.સ. ૧૯૨૨માં છપાવાઈ છે. [યોગવિંશિકા સટીક આ. અભયશેખરસૂરિના વિવેચન સાથે દિ. દ. તરફથી તથા આ. ચન્દ્રગુપ્તસૂરિ અને મુનિ યુગભૂષણ વિ.ના વિવેચનો પ્રસિદ્ધ થયા છે.]

૪. આ મૂળ કૃતિ સ્વોપજ્ઞ વિવરણ સહિત દે. લા. તરફથી પ્રકાશિત છે.

૫. આ સ્વોપજ્ઞ વિવરણ સહિત પ્રકાશિત છે. જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૨૮). [પં. **ચન્દ્રશેખરવિ. સંપાદિત** કમલપ્ર. દ્વારા પ્રગટ થયેલ છે. આ જયસુન્દરસૂરિજીના વિવેચન સાથે દિવ્ય.દ. દ્વારા પ્રસિદ્ધ છે.]

૬. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૯૫)માં **કૂપદૃષ્ટાંત** નામની ન્યાયાચાર્યની સંસ્કૃત કૃતિની એક હાથપોથી **પત્તન.સૂચી** (પૃ. ૧૦૭)માં નોંધાયેલાનો ઉલ્લેખ છે. [આ. અભયશેખરસૂરિના ગુજ. અનુવાદ સાથે દિ.દ. તરફથી અને પં. પ્રવીણભાઈ મોતાના વિવેચન સાથે ગીતાર્થગંગા દ્વારા પ્રગટ છે.]

૭. આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત છપાયેલી છે. જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૫૪). [આ. રાજશેખરસૂરિના ગુજ. અનુવાદ સાથે જૈ. સા. વિ. તરફથી બે ભાગમાં પ્રસિદ્ધ છે.]

૮. આ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત "હેમચન્દ્રાચાર્ય સભા" તરફથી વિ. સં. ૧૯૭૮માં છપાવાઈ છે. [આ. અભયશેખરસૂરિના ગુજ.અનુવાદ સાથે "દિ.દ." દ્વારા પ્રગટ થયેલ છે.]

૯. આ પ્રકાશિત છે (જુઓ **પા. ભા. સા.**નું પૃ. ૨૪૨) આની સ્વોપજ્ઞ વૃત્તિ છપાવાઈ છે. જુઓ **યશોદોહન** (પૃ. ૩૪૮) [મુનિયશોવિ.એ **ભાષારહસ્ય** ઉપર રચેલી વિસ્તૃતટીકા "દિ.દ." દ્વારા પ્રગટ છે.]

૧૦. આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત "જૈ. આ. સ." તરફથી વિ. સં. ૧૯૭૩માં છપાવાઈ છે. [ગુજ. અનુવાદ સાથે "દિ.દ." દ્વારા પ્રસિદ્ધ છે. મુનિ ગુણહંસ વિ. એ **સામાચારી** પ્ર. ઉપર "ચાન્દ્રશેખરીયા" સરળ લઘુ ટીકા રચી છે. આ અપ્રગટ છે.]

૧૧. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૧૧૩).

(૨) **મલ્લવાદીએ રચેલી ટીકા**– 'વાદિમુખ્ય' **મલ્લવાદીએ સમ્મઈપયરણ** ઉપર સંસ્કૃતમાં ટીકા રચી હતી એમ [1]હરિભદ્રસૂરિકૃત **અનેકાન્તજયપતાકા**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (ખંડ ૧, પૃ. ૫૮ ને ૧૧૬) જોતાં જણાય છે. **યશોવિજયગણિએ અષ્ટસહસ્રી**ની ટીકામાં **મલ્લવાદી**નો **સમ્મઈપયરણ**ના ટીકાકાર તરીકે ઉલ્લેખ કર્યો છે. વિશેષમાં **મલ્લવાદી**એ આ ટીકામાં કોટિશઃ ભંગો દર્શાવ્યા છે એમ પણ એમણે કહ્યું છે. **બૃ. ટિ.**માં આ ટીકાનું પરિમાણ ૭૦૦ શ્લોકનું નોંધાયું છે. આ ટીકાની હાથપોથી હજી સુધી તો કોઈ સ્થળેથી મળી આવી નથી એટલે વિશેષ તપાસ થવી ઘટે. એમ લાગે છે કે યશોવિજયગણિએ તો આ ટીકા જોઈ હતી. એ જો લુપ્ત હોય તો **સમ્મઈપયરણ**ના અભ્યાસ માટેનું એક ઉત્તમ સાધન આપણે ગુમાવ્યું છે એમ કહેવાય.

(૩) **સુમતિકૃત ટીકા**– હરિભદ્રસૂરિએ શાન્તરક્ષિતનો ઉલ્લેખ કર્યો છે.[2] આ **શાન્તરક્ષિત** બૌદ્ધ ગ્રંથકાર છે. એમણે **તત્ત્વસંગ્રહ** રચ્યો છે. આમાં **"સ્યાદ્વાદપરીક્ષા"** (કારકિા ૧૨૬૨ ઇ.) અને
P. ૩૪૩ "બહિરર્થપરીક્ષા" (કારિકા ૧૯૮૦ ઇ.)માં **સુમતિ**નું ખંડન કર્યું છે. આ દિગંબર **સુમતિ**એ **સમ્મઈપયરણ** ઉપર ટીકા રચી છે એ વાત **વાદિરાજસૂરિ**કૃત **પાર્શ્વનાથચરિત્ર**ના પ્રારંભ ઉપરથી અને શ્રવણ બેલ્ગોલાની **મલ્લિષેણપ્રશસ્તિ** ઉપરથી જાણી શકાય છે. આ સુમતિનું બીજું નામ **સન્મતિ** પણ છે. એમણે રચેલી ટીકાની કોઈ હાથપોથી મળતી હોય એમ જણાતું નથી.

(૪) [3]**તત્ત્વબોધવિધાયિની** કિંવા **વાદમહાર્ણવ**– **પ્રદ્યુમ્નસૂરિ**ના શિષ્ય 'તર્કપંચાનન' **અભયદેવસૂરિ**એ ૨૫૦૦૦ શ્લોક જેવડી અને પોતાના સમય સુધીની વિવિધ દાર્શનિક ચર્ચાઓને રજૂ કરનારી **તત્ત્બોધવિધાયિની** નામની અને **વાદમહાર્ણવ** તરીકે પ્રખ્યાતિ પામેલી વિવૃતિ રચી છે. **સમ્મઈપયરણના** દ્વિતીય કાંડની ૪૦મી ગાથાની વિવૃત્તિ (પૃ. ૪૪૭)માં એમણે કહ્યું છે કે એ આદ્ય બે ભંગોના ત્રણ ત્રણ પ્રકારો, તૃતીય અને ચતુર્થના દસ દસ અને પાંચમા વગેરેના ૧૩૦ પ્રકારો છે તે **મલ્લવાદી**એ દર્શાવ્યા છે. વળી એ **મલ્લવાદી**એ કહ્યું છે કે એ ૧૪૨૬ પ્રકારો દ્વિ. આદિ સંયોગની કલ્પના કરતાં કરોડ થાય છે.[4] **સમ્મઈપયરણ**ના ત્રીજા કાંડની ૬૫મી ગાથાની વિવૃત્તિમાં પૃ. ૭૫૪માં મૂર્તિને
P. ૩૪૪ આભરણો વડે ભૂષિત કરવી કે નહિ એ બાબતની ચર્ચા કરે છે. આ મહાકાય વિવૃતિની પ્રશસ્તિમાં

૧. એમણે **સમ્મઈ-પયરણ**ની ટીકા રચી હોય એમ જણાતું નથી અને 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિ માટે પણ આમ જ ભાસે છે ખરું પણ એમ જ હોય તો એ નવાઈ જેવી હકીકત ગણાય.

૨. જુઓ **અ. જ. પ.** (ખંડ ૨)નો મારો અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૯૬).

૩. આનું અંશતઃ પ્રકાશન **વીરસંવત્** ૨૪૩૬માં "યશોવિજય જૈન ગ્રંથમાલા" તરફથી કરાયું હતું. એ અપૂર્ણ કાર્ય "પુરાતત્ત્વ મંદિર" તરફથી પૂર્ણ કરાયું છે. જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૫૬-૧૫૭). એનું આ સંપાદન તેર પરિશિષ્ટો સહિત પં. **સુખલાલ** સંઘવી અને પં. **બેચરદાસ** દોશીને હાથે થયું છે. સંપાદનના પ્રમાણમાં કાગળ સારા વપરાયા નથી એ વાત ખટકે છે. આ સંસ્કરણમાં જે મહત્ત્વની ભૂલો રહી ગઈ છે તેનું **તત્ત્વસંગ્રહ** સટીકના પરામર્શપૂર્વક પરિમાર્જન થવું ઘટે. [દિવ્યદર્શનટ્રસ્ટ તરફથી હિંદી વિવેચન સાથે ૩ ભાગમાં આનું પ્રકાશન થયું છે.]

૪. **ન્યાયાચાર્યે અષ્ટસહસ્રીવિવરણ** (પૃ. ૨૧૦)માં આ કરોડ પ્રકારો મલ્લવાદીએ **સમ્મતિ**ની ટીકામાં દર્શાવ્યાનું કહ્યું છે.

**અભયદેવસૂરિ**એ કહ્યું છે કે આ રીતે (**સમ્મઈપયરણ**નાં) કેટલાંક સૂત્રોની વ્યાખ્યા વડે જે પુષ્કળ પુણ્ય મેં ઉપાર્જન કર્યું છે તેના વડે ભવ્ય જીવોનો સંસારનો ભય દૂર થઇ તેઓ જ્ઞાનગર્ભિત, નિર્મળ અને આનંદપૂર્ણ એવા **અભયદેવ** (?) અર્થાત્ મોક્ષને પામો. આમ જો કે અહીં 'કેટલાંક સૂત્રો' એમ કહ્યું છે છતાં એમણે વ્યાખ્યા કરતી વેળા એકે પદ્યને કે એના મુખ્ય અંશને છોડી દીધેલ નથી. **સમ્મઈપયરણ**નો સાંગોપાગ અભ્યાસ કરનારે **વાદમહાર્ણવ**નું પરિશીલન કરવું જોઇએ પરંતુ આ મહાસાગરમાં પ્રવેશ કરવો એ કંઇ સાધારણ વાત નથી. આને લક્ષમાં રાખીને જૈનાચાર્ય શ્રી**વિજયલબ્ધિસૂરિ**એ [1]**સમ્મતિતત્ત્વસોપાન**ની યોજના કરી છે.

(૫) **ન્યાયાચાર્યકૃત ટીકા**– ન્યાયાચાર્ય **યશોવિજયગણિ**એ **સમ્મઈપયરણ**નું આકંઠ પાન કર્યું છે. એમણે પોતાની વિવિધ કૃતિઓને આ અમૂલ્ય કૃતિમાંથી અવતરણો આપી એનું મૂલ્ય વધાર્યું છે. વિશેષમાં એ અવતરણો ઉપર પોતે વિવરણ પણ રચ્યું છે. કેટલીક વાર તો એ સ્વતંત્ર છે કેમકે એ **વાદમહાર્ણવ**ને અનુસરતું નથી કઇ કઇ કૃતિમાં **સમ્મઈપયરણ**ની ગાથાઓ આવે છે એ બાબત ઉપર્યુક્ત સંસ્કરણમાં પાંચમાં ભાગમાં ત્રીજા પરિશિષ્ટરૂપે રજૂ થઈ છે એટલે હવે તે તે સ્થળો તેમ જ ત્યાર પછી પ્રકાશિત [2]કેટલીક કૃતિઓ જોઇ ફક્ત સંકલના જ કરવાની બાકી રહે છે. એ થતાં આપણને આ મહત્ત્વપૂર્ણ કૃતિ ઉપર **યશોવિજયગણિ** જેવા પ્રતિભાશાળીને હાથે રચાયેલી લઘુ ટીકા મેળવવાનો લાભ થશે. P. ૩૪૫

(૬) **અજ્ઞાતકર્તૃક ટીકા– સમ્મઈપયરણ** ઉપર કોઇકની ટીકા હોવાનો ઉલ્લેખ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૪૨૩)માં છે.

[3]**કવિદપ્પણ**– કોઇક જૈને [4]આ પાંચ પ્રકરણોમાં રચ્યું છે. એમણે હૈમ **છન્દોડનુશાસન**માંથી અવતરણ આપ્યું છે તેમ જ ધત્તા અને કડવનાં ઉદાહરણોમાં કુમારપાલનો ઉલ્લેખ કર્યો છે. આના ઉપર કોઈ જૈને [5]વૃત્તિ રચી છે. એમાં **ત્રિલોચનદાસ**, **ગિલ**, **મનોરથ**, **સૂર** અને **સ્વયંભૂ** એ છંદશાસ્ત્રીઓનો તેમ જ પાઈય **છંદકંદલી**નો ઉલ્લેખ કર્યો છે. વળી એમણે **પાદલિપ્તસૂરિ**ને અંગેનું એક પદ્ય ઉદ્ધૃત કર્યું છે.

**છન્દોડણુસાસણ**– **જિનેશ્વરસૂરિ**એ પાઈયમાં ૨૩ ગાથામાં ગાથાને અંગે **છન્દોડણુસાસણ** રચ્યું છે. એના ઉપર ૨૪૩ શ્લોક જેવડી વૃત્તિ **મુનિચન્દ્રસૂરિ**એ રચી છે.

[6]**ઇસિમંડલથોત્ત** કિંવા **મહરિસિકુલ**– પ્રાચીન ઋષીઓના ગુણોત્કીર્તનરૂપે **ધર્મઘોષસૂરિ**એ ૨૦૮ ગાથાનું જ. મ. માં સ્તોત્ર રચ્યું છે. એને **મહર્ષિકુલ** તેમ જ **મહર્ષિગુણસંસ્તવ** પણ કહે છે.

---

૧. આ કૃતિ ''શ્રીલબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા''ના પંદરમા મણિ તરીકે છાણીથી ઈ.સ. ૧૯૦૬માં પ્રકાશિત થઇ છે.

૨. દા. ત. **અનેકાતન્તવ્યવસ્થા**

૩. આ વૃત્તિ સહિત ABORIમાં ઇ. સ. ૧૯૩૫માં છપાયેલ છે.

૪. આના પરિચય માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૬૪-૬૫).

૫. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.

૬. મૂળ કૃતિ **કથાર્ણવાંક** સહિત ''આત્મવલ્લભ ગ્રંથમાલા''માં ઇ. સ. ૧૯૩૯માં અને એ મૂળ કૃતિ કોઇકની અવચૂરિ સહિત ''શ્રુતજ્ઞાન અમીધારા ગ્રંથમાલા''માં ઇ.સ. ૧૯૫૦માં છપાઇ છે. [વિદ્યાશાળાથી ભાષાંતર છપાયું છે.]

P. ૩૪૬ એ મૂળ સ્તોત્ર અવચૂરિ સહિત **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૨૭૩[1])માં છપાયું છે. એ મૂળ સ્તોત્ર વિવિધ વૃત્તિઓથી વિભૂષિત છે. એમાંની એક જ. મ. માં છે. બાકીની નિમ્નલિખિત વૃત્તિઓ સંસ્કૃતમાં છે :–

(૧) [2]**કથાર્ણવાંક**– આ ટીકા 'ખરતર' ગચ્છના ગુણરત્નસૂરિના શિષ્ય **પદ્મમન્દિરગણિ**એ વિ. સં. ૧૫૫૩માં રચી છે.

(૨) **વૃત્તિ**– **સાધુવિજયગણિ**ના શિષ્ય **શુભવર્ધનગણિ**ની આ વૃત્તિ ૧૮૦૦૦ શ્લોક જેવડી છે.

(૩) **પ્રભાતવ્યાખ્યાપદ્ધતિ**– આ 'ખરતર' ગચ્છના હર્ષનંદને વિ.સં. ૧૭૦૪માં ૪૨૦૦૦ શ્લોક જેવડી રચેલી ટીકા છે.

(૪) **વૃત્તિ**– 'અંચલ' ગચ્છના **મહેન્દ્રસૂરિ**ના શિષ્ય **ભુવનતુંગસૂરિ**ની આ ૪૦૦૦ શ્લોક જેવડી રચી છે.

આ ઉપરાંત **કીર્તિરત્ને**, 'ખરતર' ગચ્છના **જિનસાગરસૂરિએ**, લક્ષ્મીસૂરિએ અને **શીલરત્ને** એકેક વૃત્તિ રચી છે. વળી મૂળ કૃતિ ઉપર કોઇકની [3]અવચૂરિ છે. **ધર્મસાગરગણિ**ના શિષ્ય **શ્રુતસાગરગણિ**એ વિ. સં. ૧૬૭૦માં બાલાવબોધ રચ્યો છે.

**ઇસિમંડલથવ**– ૨૭૧ ગાથામાં રચાયેલો અને ૪૬૧૪ શ્લોક જેવડી કોઇકની સંસ્કૃત વૃત્તિથી વિભૂષિત એવો એક સ્તવ જ. મ. માં છે.

P. ૩૪૭ [4]**સિદ્ધાન્તસાર**– આ ૭૯ ગાથાની કૃતિના રચનાર દિ. **જિનચન્દ્રસૂરિ** છે. આના ઉપર **સુમતિકીર્તિ**નું ભાષ્ય છે. એનું સંશોધન **વીરચન્દ્ર**ના શિષ્ય **જ્ઞાનભૂષણે** કર્યું હતું. આ પ્રમાણે **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪૪૦)માં ઉલ્લેખ છે. **જૈ. સા. ઇ.** (પૃ. ૫૨૭)માં તો ભાષ્યના કર્તા તરીકે ગુજરાતના રહીશ અને બહુશ્રુત **જ્ઞાનભૂષણ**નું નામ અપાયું છે. વળી એમણે લક્ષ્મીચન્દ્ર અને **વીરચન્દ્ર** એ બે શિષ્યને કે પછી પ્રશિષ્યને ભણાવા માટે આ ભાષ્ય રચ્યું હતું એમ પણ અહીં કહેવાયું છે. આ જ **જ્ઞાનભૂષણ**ના શિષ્ય **વિજયકીર્તિ**ના શિષ્ય તરીકે અનેક ગ્રંથોના કર્તા **શુભચન્દ્ર** (વિ. સં. ૧૬૦૮)નો ઉલ્લેખ કરાયો છે. એમની ગુરુપરંપરાનો પ્રારંભ **પદ્મનન્દિ**થી કરી **સકલકીર્તિ**નો અને **ભુવનકીર્તિ**નો નિર્દેશ કરાયો છે. આ **જ્ઞાનભૂષણ**ની અન્ય કૃતિ તે [5]**તત્ત્વજ્ઞાનતરંગિણી** છે. એની પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે **સિદ્ધાન્તસાર**નું ભાષ્ય એમણે વિ.સં. ૧૫૬૦માં રચ્યું છે.

[6]**દાણાઇકુલય** (ઉ. વિ. સં. ૧૩૨૭)– આ વિ. સં. ૧૩૨૭માં સ્વર્ગે સંચરેલા **દેવેન્દ્રસૂરિ**ની ૮૦
P. ૩૪૮ પદ્યોની કૃતિ છે. એમાં દાન, શીલ, તપ અને ભાવ એ ચારને અંગે વીસ વીસ પદ્યો છે. એના ઉપર

૧. જુઓ. જૈ. સં. સા. ઇ. (ખંડ ૨, ઉપખંડ ૧, પૃ. ૩૭૩, ટિ. ૧)

૨. આ "આત્મવલ્લભ ગ્રંથમાલા"માં પ્રકાશિત છે.

૩. આ માટે જુઓ આ પૃ. ૧૮૮

૪. આ કૃતિ અજ્ઞાતકર્તૃક ટીકા સહિત "મા. દિ. ગ્રં."માં કેટલાક ગ્રંથો સહિત સિદ્ધાંતસારાદિસંગ્રહના નામથી ગ્રંથાંક ૨૧ તરીકે વિ.સં. ૧૯૭૯માં છપાઇ છે.

૫. આ કૃતિ **હીરાલાલ** હંસરાજ તરફથી ઇ.સ. ૧૯૨૨માં છપાવાઇ છે.

૬. આ લઘુ કૃતિ **ધર્મરત્નમંજૂષા** તેમ જ લાભકુસલગણિકૃત ટીકા સહિત હીરાલાલ હંસરાજ તરફથી ત્રણ ભાગમાં ઇ.સ. ૧૯૧૫માં છપાવાઇ છે.

[1]**ધર્મરત્નમંજૂષા** નામની અને ૧૨૦૧૬ શ્લોક જેવડી વૃત્તિ વિ. સં. ૧૬૬૬માં **દેવવિજયગણિએ** રચી છે. એઓ **વિજયદાનસૂરિ**ના શિષ્ય **વિજયરાજસૂરિ** (રાજવિજયસૂરિ)ના શિષ્ય થાય છે. એમણે **રામચરિત્ર** તેમ જ **પાંડવચરિત્ર** પણ રચ્યાં છે. વળી એમણે **સત્તરિસ્સયઠાણ**ની વૃત્તિ રચી છે. આ **દાણાદિકુલય** ઉપર લાભકુશલગણિએ ૫૫૦૦ શ્લોક જેવડી [2]ટીકા રચી છે.

[3]**ઠિઈ-બન્ધ**– આ **બન્ધવિહાણ** (બન્ધવિધાન)ના પ્રકૃતિબન્ધ, સ્થિતિ-બન્ધ, રસ-બન્ધ અને પ્રદેશ-બન્ધ એમ ચાર ખંડો પૈકી દ્વિતીય ખંડ છે. એમાં ૮૭૬ ગાથા છે એ શ્રીવિજયપ્રેમસૂરિજીના સંતાનીય **વીર**શેખરવિજયજીએ પાઇયમાં રચી છે. એ ન્યૂનાધિક દ્વારવાળા છ અધિકારોમાં વિભક્ત છે. આ સંપૂર્ણ કૃતિ ઉપર ઉપર્યુક્ત સૂરિજીના સંતાનીય જગચ્ચન્દ્રવિજયજીએ **વીરસંવત્** ૨૪૮૮માં **સંસ્કૃત**માં ૨૦૦૦૦ શ્લોક જેવડી ટીકા રચી એનું નામ **પ્રેમપ્રભા** રાખ્યું છે. આ કૃતિમાં ૭૮ યન્ત્રો છે અને સંસ્કૃતમાં વિષયાનુક્રમ છે મિત્રાનંદ **વિજય**જીએ ગુજરાતીમાં **વીરસંવત્** ૨૪૯૨માં પ્રસ્તાવના લખી છે. ગુજરાતીમાં વિષયપરિચય અપાયો છે. અંતમાં ત્રણ પરિશિષ્ટો છે. પિંડવાડાના **વીરવિક્રમપ્રાસાદ**માંના મૂળ નાયક મહાવીરસ્વામી વગેરેની પ્રતિકૃતિઓથી પ્રસ્તુત કૃતિ વિભૂષિત કરાઇ છે.

[4]**રસબંધ**– આ ૭૮૫ પદ્યોમાં પાઇયમાં **વીર**શેખરવિજયજીએ રચેલી કૃતિ છે. એમાં મૂળ P. ૩૪૯
પ્રકૃતિના રસબંધ વિષે નિરૂપણ છે. આને અંગે જયશેખરવિજયજીએ 'પ્રેમપ્રભા' નામની સંસ્કૃતમાં લગભગ ૧૭૦૦૦ શ્લોક જેવડી વિસ્તૃત ટીકા વીરસંવત્ ૨૪૯૨માં રચી છે અને એ છપાયેલી છે.[5] [આના બીજા પણ ઘણાં ગ્રંથો પિંડવાડાથી પ્રગટ થયા છે.]

[**પ્રવચનસારોદ્ધાર**– કર્તા **નેમિચન્દ્રસૂરિ**. ટીકા. **સિદ્ધસેનસૂરી** સાગરજી મ. દ્વારા સંપાદિત આ ગ્રંથનું પુનઃ સંપાદન પં. પદ્મસેન વિ. અને મુનિ**મુનિ**ચન્દ્રવિ.એ કર્યું છે. પ્રકાશ ભારતીય પ્રાચ્ય. પિંડવાડાથી થયું છે. **વિષમપદાર્થાવબોધ** નામની આ. ઉદયપ્રભસૂરિ રચિત લઘુ ટીકાનું તાડપત્રીય આદિ પ્રતોના આધારે સંપાદન મુનિમુનિચન્દ્રવિ એ કર્યું છે. પ્રકા. ૐકારસૂરિ જ્ઞાનમંદિર સૂરત.]

[**વિંશતિવિંશિકા**– આ. હરિભદ્રસૂરિ. ટીકા-આ. કુલચન્દ્રસૂરિ પ્ર. જૈન સંઘ સિહોર સં. ૨૦૫૩]

[પિંડવાડા ભારતીયપ્રાચ્યતત્ત્વ.માંથી નીચે મુજબ ગ્રંથો પ્રગટ થયા છે.]

[1] 'ખવગસેઢી' અને [2] 'મૂલપયડિઠિઈબંધો' [3] મૂલ પયડિરસબંધ [4] મૂલપયડિપએસબંધો [5] ઉત્તરપયડિરસબંધો [પૂર્વાર્ધ] [6] ઉત્તરપયડિઠિઇબંધો [પૂર્વાર્ધ] [7] ઉત્તર પયડિબંધો [પૂર્વાર્ધ] [8] ઉત્તરપયડિપઅએસંબંધો [પૂર્વાર્ધ] [9] મૂલપયડિબંધો [10] ઉત્તરપયડિએસબંધો [ઉત્તરાર્ધ] [11-12] [13] ઉત્તરપયડિરસબંધો [ઉત્તરાર્ધ] [14] ઉત્તરપયડિબંધો [ઉત્તરાર્ધ] બીજો અંશ] [15] ઉત્તરપયડિબંધો [ઉત્તરાર્ધ = પ્રથમાંશ] [16] ઉત્તરપયડિઠિઇબંધો[ઉત્તરાર્ધ]. (બન્ધવિધાન મહાગ્રંથ પ્રશસ્તિના આધારે]

---

૧-૨. આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૩૪૭, ટિ. ૩.

૩. આ કૃતિ પ્રેમસભા સહિત "ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિ" તરફથી પિંડવાડાથી વિ. સં. ૨૦૨૨માં પ્રકાશિત કરાઇ છે.

૪. આ કૃતિ જયશેખરવિજયજીની ટીકા, ગુજરાતીમાં વિષયપરિચય (પૃ. ૧૭-૬૮), ત્રણ પરિશિષ્ટો, ૭૨ યન્ત્રો (પૃ. ૮૧-૮૬) તથા ચિત્રો સહિત "ભારતીય પ્રાચ્યત્તત્ત્વપ્રકાશ સમિતિ" તરફથી ઇ.સ. ૧૯૬૭માં પ્રકાશિત કરાઇ છે. તૃતીય પરિશિષ્ટ તરીકે 'ખેત્તફુસણા' નામની ૩૨ ગાથાની પાઇય કૃતિ સ્વોપજ્ઞ ટીકા સહિત અપાઇ છે.

૫. જુઓ ઉપરનું ટિપ્પણ.

P. ૩૫૦ 

# પ્રકરણ ૪૯ : અજૈન દાર્શનિક કૃતિઓનાં સંસ્કૃત વિવરણો

## [૧] સાંખ્યદર્શન (૧)

**લક્ષ્મસંગ્રહ**– આના કર્તા ભટ્ટ નરોત્તમ છે. આના ઉપર **રત્નશેખરસૂરિ**એ ટીકા રચી છે.[1]

## [૨] યોગદર્શન (૧)

[2]**યોગસૂત્ર** (ઉ. વિક્રમની ચોથી સદી)– આના કર્તા **પ**તંજલિ છે. એમનો સમય ઇ.સ. પૂર્વે બીજી સદીથી ઇ.સ.ની ચોથી સદીનો ગાળો છે. આ **યોગસૂત્ર**માં 'સાંખ્ય' દર્શન અનુસાર યોગની પ્રક્રિયાનું સાંગોપાંગ વર્ણન છે.

આ [3]ચાર પાદમાં કુલ્લે ૧૯૫ સૂત્રમાં વિભક્ત છે. આ સુપ્રસિદ્ધ ગ્રન્થ ઉપર ન્યાયાચાર્ય **ય**શોવિજયગણિએ [4]વૃત્તિ રચી છે.

## [૩] વૈશેષિક દર્શન (૫)

**સપ્તપદાર્થી**– આના કર્તા **શિ**વાદિત્ય છે. એમની બીજી કૃતિ તે લક્ષણમાલા છે. કેટલાક **શિ**વાદિત્યને જ **વ્યોમવતી**ના કર્તા વ્યોમશિવ તરીકે ઓળખાવે છે. એ ગમે તે હો પણ એમણે વૈશેષિક દર્શનની અને
P. ૩૫૧ ન્યાયદર્શનની સરિતાઓને એક તંત્રરૂપે આ **સપ્તપદાર્થી** દ્વારા યોજી છે. આ કૃતિ વિ. સં. ૧૦૦૦ની આસપાસમાં રચાઇ છે. એમાં ૩૨૨ સૂત્રો છે. પછી નિમ્નલિખિત પદ્ય છે. :–

''सप्तद्वीपा धरा यावद् यावत् सप्त धराधरा : ।
तावत् सप्तपदार्थीयमस्तु वस्तुप्रकाशिनी ॥''

વૈશેષિકોને 'પટ્પદાર્થવાદી' તરીકે સામાન્ય રીતે પ્રાચીન સમયમાં ઓળખાવાતા હતા પરંતુ કાલાંતરે તેમણે 'અભાવ' નામનો સાતમો પદાર્થ સ્વીકાર્યો હતો. આ સ્વીકાર સ્પષ્ટપણે પ્રસ્તુત **સપ્તપદાર્થી**માં દૃષ્ટિગોચર થાય છે.

**વ્યાખ્યા**– [5]**સ**પ્તપદાર્થી ઉપર છ જૈન વિવરણો રચાયાં છે. તેમાં **જિ**નવર્ધમાનસૂરિકૃત સંસ્કૃત વ્યાખ્યા પ્રાચીનતમ છે અને એ મહત્વનું સ્થાન ભોગવે છે. એઓ 'ખરતર' ગચ્છના **જિ**નરાજસૂરિના પટ્ટધર અને 'ખરતર'ની 'પિપ્પલક' શાખાના સ્થાપનાર અને **વાગ્ભટાલંકાર**ના વૃત્તિકાર થાય છે. એઓ ઇ.સ. ૧૪૦૬થી ઇ. સ. ૧૪૧૯ સુધી 'સૂરિ' પદથી વિભૂષિત હતા. એમણે જેસલમેરના ધર્મપ્રેમી નૃપતિ

---

૧. આવો ઉલ્લેખ પં. **સુ**ખલાલે કર્યાનો અને આ ટીકાની એક હાથપોથી ''ભાં. પ્રા. સં. મં.''માં છે એમ શ્રી**અ**ગરચંદ નાહટાએ પોતાના એક લેખ (પૃ. ૨૮૮)માં કહ્યું છે. પરંતુ **જિ. ૨. કો.** (વિ. ૧)માં તો આ નામે એની નોંધ નથી.

૨. આ કૃતિ ન્યાયાચાર્ય **ય**શોવિજયગણિની વૃત્તિ સહિત **''જૈ. આ. સ.''** તરફથી ઇ. સ. ૧૯૨૨માં છપાવાઇ છે.

૩. આનાં નામ સમાધિ, સાધન, વિભૂતિ અને કૈવલ્ય છે.

૪. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૨

૫. આ કૃતિ જિનવર્ધનસૂરિકૃત વ્યાખ્યા, સંક્ષિપ્ત અંગ્રેજી પ્રસ્તાવના તેમ જ મૂળ કૃતિનાં સૂત્રોની અકારાદિ ક્રમે સૂચી સહિત '' લા. દ. વિદ્યામંદિર'' તરફથી અમદાવાદથી ઇ. સ. ૧૯૬૩ માં પ્રકાશિત કરાઇ છે. અને એનું સંપાદન ડૉ. જિતેન્દ્ર સું. જેટલીએ કર્યું છે. મૂળ કૃતિ તેમજ એનાં અન્ય વિવરણો આ પૂર્વે છપાયાં છે. [બીજી આવૃત્તિ ૨૦૦૩માં છપાઇ છે.]

લક્ષ્મણના નામથી બંધાવાયેલા "લક્ષ્મણવિહાર" નામનું પાર્શ્વનાથ-જિનાલય વિ. સં. ૧૪૭૩માં પ્રતિષ્ઠિત કર્યું હતું એમણે આ વ્યાખ્યા વિ. સં. [1]૧૪૭૪માં રચી છે એમ **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૪૭૪)માં ઉલ્લેખ છે. આ વ્યાખ્યા લગભગ ૧૮૫૦ શ્લોક જેવડી છે. જો કે વ્યાખ્યાકાર જૈન હોઈ એઓ જગતના કર્તા તરીકે ઈશ્વર છે એ મંતવ્યને નહિ સ્વીકારનાર ગણાય તેમ છતાં આ અજૈન મંતવ્યની સિદ્ધિ કરતાં એઓ ખંચાયા નથી અને એ રીતે મૂળ કૃતિને વફાદાર રહી એમણે આ સ્પષ્ટીકરણ યોજ્યું છે. બૌદ્ધ **ધર્મકીર્તિ**કૃત **હેતુબિન્દુ** ઉપર **દુર્વેકમિશ્રે** અને **અર્ચટે** બ્રાહ્મણ હોવા છતાં ટીકા રચી છે તેમ કેટલા યે જૈન મુનિઓએ અજૈન કૃતિઓ માટે કર્યું છે. P. ૩૫૨

(૨) **ટીકા**– 'ખરતર' ગચ્છના **ભાવસાગરે** વિ. સં. ૧૭૩૦માં આ રચી છે. **જિ. ર. કો.** (વિ. ૧)માં આની નોંધ નથી.

(૩) **ટીકા**– આના કર્તા **સિદ્ધિચન્દ્રગણિ** છે. આ ગણિએ ચાર પત્ર પૂરતો મંગલવાદ તેમ જ શ્રીચૂડામણિ ભટ્ટાચાર્યકૃત **ન્યાયસિદ્ધાન્તમંજરી** ઉપર ટીકા રચી છે. [અનુસંધાન ૧૪ જુઓ.]

(૪) **ટીકા**– આ [2]**બાલચન્દ્ર**ની રચના છે. **જિ. ર. કો.** (વિ. ૧)માં આની નોંધ નથી.

(૫) **ટીકા**– આ ભાવસેન ત્રૈવિદ્યે રચી છે.

(૬) **ટીકા**– આના કર્તા **દેવસાધુ** છે.

**ન્યાયકન્દલી** (લ. વિ. સં. ૧૦૪૦)– આ **વૈશેષિકસૂત્ર** ઉપરના પ્રશસ્તપાદના ભાષ્ય ઉપરની વિસ્તૃત ટીકા છે. આના કર્તા **શ્રીધર** (ઇ.સ. ૯૯૧) છે. એમની આ ટીકા ઉપલબ્ધ ટીકાઓમાં સૌથી મોટી છે. એમની આ ટીકા ઉપર 'હર્ષપુરીય' ગચ્છના 'મલધારી' **દેવપ્રભસૂરિ**ના શિષ્ય **નરચન્દ્રસૂરિ**એ ૨૫૦૦ શ્લોક જેવડું ટિપ્પણ રચ્યું છે [ન્યાયકુસુમોદ્‌ગમટિપ્પણ "પ્રાચ્યવિદ્યામંદિર" વડોદરાથી છપાયું છે. ] જ્યારે એમની પરંપરામાં થયેલા અને **ષડ્‌દર્શનસમુચ્ચય**ના પ્રણેતા **રાજશેખરસૂરિ**એ વિ.સં. ૧૩૮૫માં ૪૦૦૦ શ્લોક જેવડી પંજિકા રચી છે. એમાં કહ્યું છે કે **વત્સાચાર્ય**કૃત **લીલાવતી** નામની એક ટીકા **પ્રશસ્તપાદભાષ્ય** ઉપર છે. P. ૩૫૩

[3]**ન્યાયસાર** કિંવા **ન્યાયભૂષણ** (વિક્રમની દસમી સદી)– **ન્યાયસારનો** બૃ. ટિ.માં **ન્યાયભૂષણ** તરીકે નિર્દેશ છે. આના કર્તા **ભાસર્વજ્ઞ** છે. એઓ ઇ.સ.ની દસમી સદીના પૂર્વાર્ધમાં થાય છે. એમણે 'પાશુપત'સંપ્રદાયનો [4]**ગણકારિકા** નામનો ગ્રંથ રચ્યો છે.

**ન્યાયસાર** ઉપર નીચે મુજબનું જૈન વિવરણાત્મક સાહિત્ય છે :–

(૧) **ટીકા**– આના કર્તા **વિજયહંસગણિ** છે.

(૨) **ન્યાયતાત્પર્યદીપિકા**– આ ૨૯૦૦ શ્લોક જેવડી [5]ટીકાના કર્તા 'કૃષ્ણર્ષિ' ગચ્છના **જયસિંહસૂરિ** છે.

૧. **હિન્દ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ** (પૂર્વાધ, પૃ. ૨૩૨)માં ઇ. સ. ૧૪૧૫નો ઉલ્લેખ છે. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૪૧૫)માં આના રચનાવર્ષની નોંધ નથી.

૨. જુઓ **જૈનસપ્તપદાર્થી** (પૃ. ૧૩).

૩. આ કૃતિ જયસિંહસૂરિની ટીકા સહિત "બિબ્લિઓથેકા ઇન્ડિકા"માં ઇ.સ. ૧૯૧૦માં છપાવાઇ છે. એનું સંપાદન ડૉ. **સતીશચન્દ્ર** વિદ્યાભૂષણે કર્યું છે.

૪. આ "ગા. પૌ. ગ્રં."માં ઇ. ૧૯૨૧માં છપાયેલ છે.

૫. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૩.

(૩) **ટીકા**– આના કર્તા વિજયસિંહ (? વિજયહંસ) સૂરિ છે.

(૪) **પંજિકા**– આના કર્તા વાસુદેવસૂરિ છે. શું એઓ જૈન છે ?

(૫) **પર્યાય**– આ અવચૂરિરૂપ પર્યાયના કર્તા હર્ષકીર્તિસૂરિ છે. એની એક હાથપોથી વિ.સં. ૧૬૩૨માં લખાયેલી છે.

(૬) **અવચૂરિ**– આના કર્તાનું નામ જાણવામાં નથી.

P. ૩૫૪ [1]**મહાવિદ્યાવિડંબન** કિંવા **શ્રીમહાદેવવાદીન્દ્ર (વિક્રમની તેરમી સદી)**– આના કર્તા ભટ્ટ **વાદીન્દ્ર** છે. એમનું વાસ્તવિક નામ **મ**હાદેવ હોવાનું મનાય છે. એઓ **ન્યાયસાર** ઉપર ટીકા રચનાર ભટ્ટ **રાઘવ**ના ગુરુ થાય છે. એઓ ઈ. સ. ૧૨૨૫ના અરસામાં વિદ્યમાન હશે એમ લાગે છે.

મહાવિદ્યાનો સામાન્ય અર્થ 'મોટી વિદ્યા' એટલે કે 'મોટું શાસ્ત્ર' એમ થાય છે. કાલી વગેરે દસ દેવીઓ પૈકી પ્રત્યેકને પણ 'મહાવિદ્યા' કહે છે. મંત્ર અને વિદ્યાનો ભેદ વિચારીએ તો વિદ્યાનો સંબંધ દેવી સાથે છે. એ દૃષ્ટિએ મહાવિદ્યા એટલે દેવીનું મહત્ત્વની આહ્વાન એમ થાય પરંતુ આ પૈકી એકે અર્થ સીધી રીતે તો અહીં પ્રસ્તુત નથી. અહીં તો ભટ્ટ **વાદીન્દ્રે મહાવિદ્યાવિડંબન** (પૃ. ૩)માં કરેલો નિમ્નલિખિત અર્થ કરવાનો છે :–

કેવલાન્વયી એવા વ્યાપકમાં પ્રવર્તતો જે હેતુ પક્ષમાં હોઇ વ્યાપક સિદ્ધ નહિ થઇ શકે એવા બળને લઈને અન્વયવ્યતિરેકી સાધ્યને કે જે વાદીને અભિમત છે તેને સિદ્ધ કરે છે તે હેતુને 'મહાવિદ્યા' કહે છે. મહાવિદ્યાનો આ અર્થ તાન્ત્રિક કુલાર્કની ષોડશી તરફની ભક્તિને આભારી હોવાનું કહેવાય છે. મહાવિદ્યાને અંગે ઈ.સ.ની બારમી સદીની પહેલાં વિચાર કરાયો હોય એમ લાગે છે.

P. ૩૫૫ ઉપર્યુક્ત વાદીન્દ્રે પંડિત [2]**કુલાર્ક** અને **શિવાદિત્યમિશ્ર**નો ઉલ્લેખ કર્યો છે. એમની આ ત્રણ પરિચ્છેદમાં વિભક્ત કૃતિ **શ્રીમહાદેવવાદીન્દ્ર** પણ કહેવાય છે. એના ઉપર બે ટીકા છે :–

(૧) આનન્દપૂર્ણકૃત **મહાવિદ્યાવિડંબનવ્યાખ્યાન**[3].

(૨) ભુવનસુન્દરસુરિકૃત **વ્યાખ્યાનદીપિકા**[4].

આ **ભુવનસુન્દરસૂરિની**– **સો**મસુન્દરસૂરિના શિષ્યની ટીકાનું સંશોધન **ચા**રિત્રરાજે અને **રા**જશેખરે કર્યું છે. આ ટીકાને 'દીપિકાવૃત્તિ' તેમ જ ટિપ્પણ પણ કહે છે. જુઓ **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૦૬).

---

૧. આ કૃતિ **આનંદપૂર્ણ**કૃત તથા ભુવનસુન્દરસૂરિકૃત ટીકા તેમ જ **કુલાર્ક**ની **દશ્શ્લોકી** તથા એનાં વિવરણ અને ટિપ્પણ સહિત "ગા. પૌ. ગ્રં."માં ઈ.સ. ૧૯૨૦માં છપાઇ છે. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૦૬)માં મૂળ કૃતિનો **મહાવિદ્યા** તરીકે ઉલ્લેખ છે. વળી અજૈન **કુલાર્કે** શબ્દની નિત્યતા સિદ્ધ કરવા માટે સોળ દલીલો દસ પદ્યમાં રજૂ કરતી **મહાવિદ્યા** નામની કૃતિ રચી છે અને એના ઉપર કોઇક અજૈને જે **દીપિકા** રચી છે તેના ઉપર ભુવનસુન્દરસૂરિએ વૃત્તિ (ટિપ્પણ) રચેલ છે એમ અહીં કહ્યું છે.

૨. એમણે **દશશ્લોકીમહાવિદ્યાસૂત્ર** રચ્યું છે. એમાં દસ પદ્યો છે. નવમું પદ્ય ઉપજાતિમાં છે જ્યારે બાકીનાં અનુષ્ટુભ્‌માં છે એ સોળ પ્રકારના અનુમાન ઉપર પ્રકાશ પાડે છે. સાથે સાથે આ પ્રત્યેક પદ્યની પછીનું ગદ્યાત્મક લખાણ તે તે જાતનું ઉદાહરણ રજૂ કરે છે.

૩-૪. આ બંને "ગા. પ્રૌ. ગ્રં."માં ગ્રંથાક ૧૨ તરીકે ઈ.સ. ૧૯૨૦માં છપાયાં છે.

**મહાવિદ્યાદશશ્લોકીવિવરણ**– **મહાવિદ્યાદશશ્લોકી** ઉપર કોઈકે વિવરણ રચ્યું છે અને એને અંગે **ભુવનસુન્દરસૂરિ**એ ટિપ્પણ રચ્યું છે. આ ટિપ્પણ (પૃ. ૧૮૯)માં કોઈકે બૃહદ્વૃત્તિ રચ્યાનો ઉલ્લેખ છે. વિશેષમાં મૂળ કૃતિને અહીં 'મહાવિદ્યા' કહી છે. ટિપ્પણ (પૃ. ૧૫૭)માં કહ્યું છે કે મે **વિડંબન**ની ટીકામાં **મહાવિદ્યાબૃહદ્વૃત્તિ**ની વ્યાખ્યા કરી છે. **વાદીન્દ્ર**કૃત **મહાવિદ્યા** ઉપર **સોમસુન્દરસૂરિ**ના શિષ્ય **ભુવનસુન્દરસૂરિ**ની [1]ટીકા છે. **જિ. ર. કો.** (વિ. ૧, પૃ. ૩૦૬)માં **ભુવનસુન્દરસૂરિ**નો (લઘુ) **મહાવિદ્યાવિડંબન**ના કર્તા તરીકે ઉલ્લેખ છે.

## [૪] ન્યાયદર્શન (૧) P. ૩૫૬

**ન્યાયસૂત્ર**– આના રચનાર ગૌતમ અક્ષપાદ છે. એમની આ કૃતિ ઉપર [2]**શ્રીકંઠે** વૃત્તિ રચી છે. એને **ન્યાયાલંકાર** તેમ જ **તાત્પર્ય-પરિશુદ્ધિ** કહે છે. આ **ન્યાયાલંકાર** ઉપર જિનેશ્વરસૂરિના શિષ્ય ઉપાધ્યાય **અભયતિલકગણિ**એ વિ. સં. ૧૩૧૨ની આસપાસમાં ૧૨૦૦ શ્લોક જેવડું ટિપ્પણ રચ્યું છે. એનો **પંચપ્રસ્થન્યાયતર્કવ્યાખ્યા** તરીકે **જિ. ર. કો.** (વિ ૧, પૃ. ૨૨૧)માં ઉલ્લેખ છે. ઉપર્યુક્ત ટિપ્પણ ન્યાયસૂત્ર એનું ભાષ્ય, ભાષ્યનું વાર્તિક અને એ વાર્તિકની **તાત્પર્યટીકા** અને એ ટીકા ઉપરની **તાત્પર્યપરિશુદ્ધિ** એમ પાંચને સ્પર્શે છે. ખાસ કરીને તો એ **તાત્પર્યપરિશુદ્ધિ** ઉપર જ છે.

[3]**તર્કભાષા** (ઉ. વિ. સં. ૧૩૫૦)– આ **કેશવમિશ્ર**ની કૃતિ છે. એઓ ઈ.સ. ૧૩૦૦ની પહેલાં થયાનું અનુમનાય છે. આ **તર્કભાષા** ઉપર **શુભવિજયગણિ**એ વિ. સં. ૧૬૬૫માં વાર્તિક[4] રચ્યું છે અને **સિદ્ધિચન્દ્રગણિ**એ ૨૬૦૦ શ્લોક જેવડી ટીકા રચી છે, વળી આ **તર્કભાષા** ઉપર અજૈન ગોવર્ધન ગૌરીકાન્તની પણ **તર્કભાષા પ્રકાશિના** નામની [5]ટીકા છે અને એ ટીકા ઉપર **વિનયસમુદ્ર**ના શિષ્ય ગુણરત્નગણિએ **તર્કતરંગિણી** નામની વૃત્તિ રચી છે. એ લગભગ ૭૦૦૦ શ્લોક જેવડી છે અને એ નવ્ય ન્યાયથી પુષ્ટ છે.

[6]**તર્કસંગ્રહ** (વિક્રમની ૧૭મી સદી)– આના કર્તા **અન્નંભટ્ટ** છે. એમણે આ કૃતિ ઉપર **દીપિકા** રચી છે. એમણે **રઘુનાથ**ની **દીધિતિ**નો ઉપયોગ કર્યો છે અને ગદાધરથી એઓ પરિચિત હતા. એ વિચારતાં એઓ ઈ.સ. ૧૬૦૦ પછી થયા જણાય છે. P. ૩૫૭

આ **તર્કસંગ્રહ** ઉપર 'ખરતર' ગચ્છના **દીપચન્દ્ર**ના શિષ્ય **કર્મચન્દ્રે** વિ.સં. ૧૮૨૪માં નાગપુરમાં **પદાર્થબોધિની** નામની ટીકા રચી છે.

---

૧. આ ગા. પૌ. ગ્રં. માં. પ્રકાશિત છે.

૨. **શ્રીકંઠે** રચેલું ટિપ્પણ જેસલમેરના ભંડારમાં છે.

૩. આ પ્રકાશિત છે. **યશોવિજયગણિ**એ તેમ જ **યશસ્વત્સાગરે** પણ **તર્કભાષા** નામની એકેક જૈન કૃતિ રચી છે.

૪. આ **વાર્તિક** સાથે **તર્કભાષા** મુનિ રત્નજ્યોત વિ. ના અનુવાદ સાથે રંજનવિ. લાયબ્રેરી માલવાડાથી બે વાર છપાયું છે. આની પ્રસ્તાવનામાં પં.જિતેન્દ્ર બી. શાહે તર્કભાષા ઉપરની ૧૬ ટીકાની વિગત આપી છે.]

૫. આની રચના ઈ.સ. ૧૫૭૮થી ઈ.સ. ૧૬૮૧ના ગાળામાં થઈ છે.

૬. અભયદેવસૂરિએ **દીપિકા** સહિત જે **તર્કસંગ્રહ** રચ્યો છે તે જૈન કૃતિ છે કે ઉપર્યુક્ત **અન્નંભટ્ટ**ની કૃતિ ?

[1]**ફક્કિકા**– આ ઉપર્યુક્ત સ્વોપજ્ઞ દીપિકાની ક્ષમાકલ્યાણે રચેલી સરળ ટીકા છે. જો કે પ્રારંભમાં મંગલવાદ અંગેની ટીકા જટિલ છે. એમાં નવ્ય-ન્યાયની છાંટ છે. એ વિ.સં. ૧૮૨૮માં નહિ પરંતુ વિ.સં. ૧૮૫૪માં રચાયાનું જિનવિજયજીનું કહેવું છે.

**ટીકા**– **કર્મ** યતિએ આ રચી છે પણ એની નોંધ **જિ. ર. કો.** (વિ. ૧)માં નથી. આ ટીકા **તર્કસંગ્રહ** ઉપરની સ્વતંત્ર ટીકા છે.

P. ૩૫૮ **ટીકા**– આની અપૂર્ણ હાથપોથી મળે છે. એમાં કર્તાનું નામ નથી. એનો પ્રારંભ "प्रणिपत्य जिनं पार्श्वं" થી કરાયો છે. આની એક હાથપોથી લીંબડીના ભંડારમાં છે.

## [૧] બૌદ્ધ દર્શન (૨)

[2]**ન્યાયપ્રવેશ** (ઉ. વિ. સં. ૪૮૦)– આ બૌદ્ધ **આચાર્ય દિઙ્નાગ**ની ન્યાયને લગતી કૃતિ છે. એમના જીવન અને કૃતિકલાપ વિષે મેં **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ. ૨૭૩-૨૮૧)માં નોંધ લીધી છે. [3]**હસ્તવાલપ્રકરણ** એમની કૃતિ હોવાનું કેટલાક માને છે. એમના સમય વિષે મતભેદ પ્રવર્તે છે. કલ્યાણવિજયજી એઓ ઈ.સ. ૩૨૦માં થઇ ગયાનું માને છે જ્યારે અન્ય કેટલાક વિદ્વાનો ઈ.સ. ૩૪૫થી ઈ.સ. ૪૨૫નાં સમય જણાવે છે. દિઙ્નાગકૃત **પ્રમાણસમુચ્ચયમાં વાક્યપદીય**નું અવતરણ હોવાનું જંબૂવિજયજીએ કહ્યું છે.

**ટીકા ઈત્યાદિ**– **ન્યાયપ્રવેશ** ઉપર હરિભદ્રસૂરિએ ૫૦૦ શ્લોક જેવડી [4]**શિષ્યહિતા** નામની [5]ટીકા રચી છે અને **પાર્શ્વદેવે (શ્રીચન્દ્રસૂરિએ)** વિ.સં. ૧૧૬૯માં એના ઉપર [6]પંજિકા રચી છે. એક અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે.

---

૧. આ **તર્કસંગ્રહ-ફક્કિકા** **તર્કસંગ્રહ** અને એની **તર્કસંગ્રહદીપિકા** નામની સ્વોપજ્ઞ ટીકા સહિત "રાજસ્થાન પુરાતન ગ્રંથમાલા"માં ગ્રંથાંક ૯ તરીકે "રાજસ્થાન પુરાતત્ત્વાન્વેષણ મંદિર" તરફથી જયપુરથી ઈ.સ. ૧૯૫૬માં પ્રકાશિત કરાઈ છે. એના અંતમાં (પૃ. ૭૩માં) એક હાથપોથીમાંથી જે ચાર પદ્યો અપાયાં છે તેમાં ફક્કિકાના રચનાવર્ષ તરીકે "વસુ-નેત્ર-સિદ્ધિ-ચન્દ્ર"નો અર્થાત્ ૧૮૨૮નો ઉલ્લેખ છે અને આ પુસ્તકના સંપાદક ડૉ. જિતેન્દ્ર જેટલીએ એ સ્વીકાર્યો છે પરંતુ એને અંગેના "વિશિષ્ટ સંશોધન" નામના લખાણમાં એ ભ્રાન્ત હોવાનો અને વિ.સં. ૧૮૫૪ સાચો હોવાનો ઉલ્લેખ છે.

૨. આ કૃતિ **હારિભદ્રીય** ટીકા તેમ જ **પાર્શ્વચન્દ્રીય** પંજિકા સહિત "ગા. પૌ. ગ્રં."માં ઈ.સ. ૧૯૩૦માં છપાઈ છે. જ્યારે તિબેટી મૂળ (Text) "ગા.પૌ. ગ્રં."માં પૂર્વે ઈ.સ. ૧૯૨૭માં છપાવાયું છે.

૩. આ કૃતિના તિબેટી અને ચીની રૂપાંતર ઉપરથી એનું સંસ્કૃતિકરણ કરી એ બંને રૂપાંતર અંગ્રેજી ભાષાંતર સહિત ડૉ. એફ. ડબલ્યુ થોમસે "Royal Asiatic Society of London" ના સામાયિકમાં ઈ.સ. ૧૯૧૮માં છપાવ્યું છે. ડૉ. થોમસે આ ભાષાંતર કર્યું છે.

૪. આનો પરિચય મેં **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ. ૨૨૯-૨૩૦)માં આપ્યો છે.

૫-૬. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.

[1]**ન્યાયબિન્દુ**– આના કર્તા **ધર્મકીર્તિ** છે. આ કૃતિ ઉપર બૌદ્ધ **ધર્મોત્તર** (ઇ.સ. ૬૫૦-૭૨૦)ની [2]ટીકા છે અને એના ઉપર **મલ્લવાદીનું** [3]ટિપ્પણ છે. **ધર્મકીર્તિનો** પરિચયમેં શ્રી **હરિભદ્રસૂરિ** (પૃ. ૨૮૨-૨૯૩)માં આપ્યો છે. **અકલંકે ધર્મકીર્તિનાં** મંતવ્યોની આલોચના કરી છે. જુઓ "Akalanka's Criticism of Dharmakirti's Philosophy a Study" P. ૩૫૯

|**ન્યાયસિદ્ધાન્તમંજરી શબ્દખંડટીકા**– ઉપા. યશોવિજયજી પ્ર. યશોભારતી પ્રકાશન. 'નવગ્રન્થિ'માં છઠ્ઠો ગ્રંથ.

**વ્યાપ્તિ રહસ્ય વિવરણમ્**– આ. ચન્દ્રગુપ્તસૂરિ પ્ર. મોક્ષૈકલક્ષી પ્રકાશન.|

**જિનદત્તકથાનકમ્** - ગુણસમુદ્રસૂરિ (પૂર્ણિમા પક્ષીય), સં. સાધ્વી ૐકારશ્રી, પ્ર. જૈ. આ. સ.

**શ્રેયાંસનાથચરિત્ર** (ગુજ.ભાષા), માનતુંગસૂરિ, પ્ર. જૈ. આ. સ.

**ખરતરગચ્છબૃહદ્ગુર્વાવલી** - જિનપાલઉપાધ્યાય સં. જિનવિજય, વિનયસાગર, પ્ર. પ્રાકૃતભારતી

**લિપિવિષયક મનનીય મુદ્દા** - લે. મુનિ હિતવિજય, પ્ર. અંબાલાલ રતનચંદ

**પ્રમેયરત્નકોષ** - સં. એલ. સ્વેલી, પ્ર. જિ. આ. ટ્ર.

**પ્રમાણપરિભાષા** - આ. ધર્મસૂરિ + ન્યાયવિ. કૃત ન્યાયાલંકાર, પ્ર. જિ. આ. ટ્ર.

**શ્રાવકધર્મવિધિપ્ર.** હરિભદ્રસૂરિ + માનદેવસૂરિટીકા + આ. રાજશેખરસૂરિકૃત ભાવાનુવાદ, પ્ર. અરિહંત આ. ટ્રસ્ટ

**કવિસમયસુન્દર એક અભ્યાસ** - વસંતરાય બી. દવે, પ્ર. શા. ચી. એ.

**પં. વીરવિજય સ્વાધ્યાયગ્રંથ,** પ્ર. શ્રુતજ્ઞાન પ્ર. સભા

**પટ્ટાવલીપરાગ સંગ્રહ** - લે. પં. કલ્યાણવિજય, પ્ર. કલ્યાણવિજયશાસ્ત્ર સંગ્રહ

**The Jain Image Inscription of Ahmadabad,** પ્ર. બી. જે. ઈન્સ્ટી. ઓફ લર્નીંગ

**હસ્તપ્રેતોનું સંરક્ષણ** - લે. ડૉ. નરેશ શાહ, પ્ર. યુનિ ગ્રં. નિ. બોર્ડ.

**અમદાવાદની ચૈત્યપરિપાટીઓ** - ડૉ. રમણલાલ ના. મહેતા

**સ્તુતિનંદિની** - સંપા. મુનિ હિતવર્ધન વિ., પ્ર. કુસુમ અમૃત ટ્રસ્ટ, વાપી. (૪૦૦ ગ્રંથોના મંગલાચરણ- સ્તુતિનો સંગહ)

